गिरीकान्त

સ.શ. ભટ્ટ

ॐ श्री तत्सत्

पर्श–का[illegible]

(प्रथम ध्वनि)

(प्रहर्ष–धर्म परिशीलन)

પ્રકાશક.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

(પ્રથમાવૃત્તિ)

શ્રી ' સત્યવિજય ' પ્રિન્ટિંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરિલાલે છાપ્યું. પાંચકૂવા નવા દરવાજા—અમદાવાદ.

કીંમત. રૂ. ૨—૮—૦.

ॐ श्री

प्रेमतरंगपुष्पांजलि

श्रीइष्ट सद्गुरुपरमात्मन्

आपश्री आ शीशुना परापूर्वना इष्टश्री सद्गुरु छो अने आ शीशु पण आप इष्टश्रीनो परापूर्वनो अनन्य दासानुदास छे. आप इष्टश्री आपना अनवधि कृपाबलवडेकरीने तेने अणेकाळमां आपनी निःशंक अने निर्भय रक्षकसत्तातळे राखी, योगक्षेमथी वहन करावी, तेना व्यवहार तथा परमार्थ उभयनी सिद्धि करवा निरंतर सद्-प्रयत्नमां प्रेरो छो, जेथी अनुभवपूर्वक जे वास्तविक ज्ञानरूपि प्रसादि तेने प्राप्त थाय छे, ते प्रमसादिथी तेनुं, तेना आप्तवर्गनुं, अने जनसमाजनुं परमहित साधवाना साधनरूप आ 'स्पर्श—कान्त' नो धर्म नामनो प्रथम ध्वनिरूप पहेलोग्रंथ लखीने आप इष्टश्रीना चरणकमळमां पुनःपुनः साष्टांगदंडवत्सह सप्रेम अर्पण करुं छुं.

—ॐश्री—

—ઉપોદ્ઘાત—

भोगामेघवितान मध्य विलसत्सौदामिनी चञ्चला,
आयुर्वायुविघट्टिताभ्रपटली लिनाम्बुवद्भंगुरं;
लोला यौवनलालना तनुभृतामित्याकलय्यद्रुतं,
योगे धैर्य समाधि सिद्धि सुलभे बुद्धि विदध्वं बुधाः (भर्तृहरि)

જેમ મેઘમંડલમાં ચમકતી વિદ્યુત ચંચલ અને અસ્થિર છે જેમ વાયુથી ધસડાઈ આવેલી વાદળીઓમાં ભરાયલું જળ ચંચલ અને અસ્થિર છે તેવીજ રીતે આ સંસારના ભોગો, આયુષ્ય તથા મનુષ્યમાં રહેલી યૌવનની લાલસા અસ્થિર અને ચંચલ છે તો હે પ્રાજ્ઞ જેમાં ધૈર્ય રાખવાથી સહેલાઈથી સમાધિ સિદ્ધ થાય છે તેવા પરમ યોગમાં નિરંતર તારી બુદ્ધિને દૃઢ કર ? અર્થાત આ આગમાપાયી સંસારના અસ્થિર સુખનો ત્યાગ કરી ધૈર્યધારી સત્‌ચિદ્ અને આનંદસ્વરૂપ પરમાત્માના વાસ્તવિકસ્વરૂપની અભિમુખ થા '

શ્રી ઈષ્ટની સંપુર્ણ ભક્તિદ્વારા તત્વજ્ઞાનને પ્રાપ્ત કરી આત્માનંદરૂપિ પ્રસાદિ લેવાની જીજ્ઞાસા આબાલવૃદ્ધ સર્વ મનુષ્યોમાં એક સરખીરીતે રહેલી છે, કારણ કે પરમાત્મતત્વ સર્વત્ર વ્યાપક હોવાથી પ્રાણીમાત્રમાં રહેલી તે શુભ જીજ્ઞાસા અંતરાત્માની અંશરૂપ પ્રેરાએલી એક શકિત છે, અને તેથી તે આત્મસ્વરૂપ છે એમ જે આત્મદર્શીસત્પુરૂષોનું માનવું છે તે લેશપણ અસત્ય નથી. આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવાની જીજ્ઞાસા તે પરમાત્માની અનંત શક્તિઓ પૈકીમાંની એક શક્તિ છે, તેથી જેમ પરમાત્માસર્વત્ર સમાન રહે છે તેવીજ રીતે આ જીજ્ઞાસારૂપ તેની શક્તિ પણ સર્વમાં સમાન છે એ વાર્ત્તા પણ સિદ્ધ થાય છે. યદ્યપિ તે જેટલે અંશે પ્રાણીમાં જાગ્રત હોય છે તેટલેજ અંશે તે પ્રાણીને અધિકાર અને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. આ સ્થળે એમ કેહેવું નથી કે જ્યારે આત્મજ્ઞાનની પ્રાપ્તિઅર્થે સર્વને સરખી જીજ્ઞાસા રહેલી છે ત્યારે સર્વકોઇ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષના અધિકારિ બને છે. પણ તાત્પર્ય એટલુંજ છે કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ અને દુઃખ માત્રની નિવૃત્તિની ઇચ્છા સર્વ કોઇના અંતરમાં જોકે રહેલી છે છતાં પૂર્વરચિત અનેક શુભસંસ્કારોવડે કિંવા પ્રાપ્તજન્મના શુભકર્મોવડેકરીને જેનામાં તે જીજ્ઞાસા દૃઢ અને જાગ્રત થએલી હોય છે તેજ મુ-

મુક્ષુ અને અધિકારી ગણાય છે. જેનામાં આ જીજ્ઞાસા સંપૂર્ણપણે જાગ્રત થએલી હોય છે તેનો તો એવો દૃઢ નિશ્ચય હોય છે કે 'આ અસાર સંસારની રાગદ્વેષ અને ક્લેશમય સ્થિતિનો યથાસ્થિત પરિત્યાગ અને પરમાનંદની પ્રાપ્તિ એ બે વસ્તુ પ્રાણીને પ્રાપ્ત ન થાય ત્યાંસુધી આ અમુલ્યમનુષ્યદેહની કોડીની પણ કિમત નથી. મનુષ્ય જીવન ત્યાં સુધી વૃથા છે' આ પ્રકારના દૃઢ નિશ્ચયપૂર્વક ઉચ્ચસ્થિતિ પ્રાપ્ત કરવા માટે જેના હૃદયમાં સંપુર્ણપણે ઉત્કંઠા જાગ્રત થએલી છે, અને તેથી કરીને શ્રી- સદ્ગુરૂએ અને સત્શાસ્ત્રોએ પ્રતિપાદન કરેલા વિહિત સાધનો સિદ્ધ કરવા જે નિરંતર પ્રયત્ન સેવેછે, તેજ મુમુક્ષુ અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાના યથાર્થ અધિકારિ છે. આજકાલ આત્મજ્ઞાનના સાધનરૂપ સરસ અને સરળ શૈલિવાળા અનેક ગ્રંથો પ્રકટ થયા છે અને થાય છે પણ તે ગ્રંથો વિશેષ ગુઢાર્થવાળા હોવાથી, અને સાધારણમતિના સ્ત્રીપુરૂષ આબાલ વૃદ્ધને સરખી રીતે સરળતાથી સમજાય તેવા નહીં હોવાથી આ **સ્પર્શકાન્ત** ચારધ્વનિરૂપ ચાર ભાગમાં પ્રકટ કરી તે ઉદ્દેશ સાચવવાપ્રવૃતિ સેવી છે. વાસ્તવિક રીતે જોતાં આ **સ્પર્શકાન્ત** જેવા ગ્રંથોને સર્વ સ્થળે અનુમોદન અને સમર્થન મળે એમાં આશ્ચર્ય સરખુ કશુંજ નથી; તેનું કારણ કે તેઓ આપણા પૂર્વજોના અને વ્યાસ, વાલ્મિક, પારાશર ઇત્યાદિ તત્વવિદ્પુરૂષોના એકખુણે અદૃશ્ય અને ગુપ્તપણે ભરાઈરહેલા પવિત્ર ગહન અને ગંભીર વિચારો તથા આપણા સનાતન વેદધર્મના રક્ષણાર્થે સ્થાપન કરેલા તેમના સત્ય અને રસિક દૃષ્ટાંતસિદ્ધાંતો પ્રકટ કરે છે. તેમજ આવા ગ્રંથોના અધ્યયનથી કિંવા પઠન પાઠનથી અધિકારિના, હૃદયબળ અધ્યાત્મબળ અને માનસબળમાં નિરંતર વૃદ્ધિ થાય છે. આથી આવા ગ્રંથોનોજ સ્વિકાર થતો આપણે જ્યાંત્યાં અનુભવીએ છીએ અને ભવિષ્યમાં પણ અનુભવીશું. વળી પાશ્ચાત્ય પ્રજા પણ આવા આત્મોન્નતિ કરનારા ગ્રંથોનો પ્રેમપૂર્વક આદરસત્કાર કરે છે તેનું કારણ એ છે કે આ **સ્પર્શકાન્ત** જેવા ગ્રંથોદ્વારા પ્રકટ થયેલા સાધનોની સરળતાની દિન પ્રતિદિન ખાત્રી થવા લાગી છે; તેઓને હવે સારી પેઠે સમજાયું છે કે આવા ગ્રંથો તે એક મહાત્માની પ્રસાદીરૂપ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનું પરમ શ્રેયસ્કર સાધન છે.

તાત્પર્યમાં એટલુંજ કે આવા ગ્રંથો જનસમુદાયનું પરિણામે શ્રેય સાધનારા હોવાથી, વાસ્તવિક અધિકારિને શુભ ફલની પ્રાપ્તિ કરાવ્યા વગર રહેતા નથી એ નિસંશય છે. છતાં પણ અનધિકારિને કોઇ પ્રકારની હાની કરતા નથી એતો સ્પષ્ટજ છે.

જેની પાસે સ્પર્શમણિ હોય અને તે જેમ લોઢાને સુવર્ણ બનાવવા શકિતમાન થાય છે, તેવીજરીતે આ **સ્પર્શકાન્ત** સત્પુરૂષની પ્રસાદિરૂપ હોવાથી અધીકારીના નેત્રોને તેનો સ્પર્શ-થતાં વર્ણાશ્રમની અને ચતુર્વિર્ધ પુરૂષાર્થની, સિદ્ધિ પ્રાપ્ત કરવાના યથાર્થમાર્ગને સત્વર સુજાડે છે, એટલુંજ નહીં પણ અજ્ઞાની અને મૂઢપુરૂષોને જ્ઞાન પ્રાપ્ત કરવાના સરળમાર્ગને સત્વર દેખાડી, વિહિત માર્ગે ચડાવવા સમર્થ કરે છે. તે સિવાય સ્રિપુરૂષ આબાલવૃદ્ધને પોતાના કલ્યાણના માર્ગો પ્રેરે છે. તાત્પર્યમાં એટલુંજ કે 'આ **સ્પર્શકાન્ત**' સ્પર્શમણિરૂપ સર્વને અસર કર્યાવગર રહે તેમ નથી એમ સમજી તેમાં સર્વને તત્વજ્ઞાનની પ્રાપ્ત કરવા યોગ્ય પોતાને જોઇતી સામગ્રીઓ આપી આ ધર્મનો ધ્વનિરૂપ પ્રથમ ગ્રંથ પ્રકટ કરવામાં આવ્યો છે, તો મારા મુમુક્ષુ વાંચકવૃંદ તેનો પ્રેમપૂર્વક અંગિકાર કરશે તેવી તેના પ્રકટ કરનારના અને લખનારના હૃદયમાં આશા છે.

આ એકજ પુસ્તકમાં એકીવખતે આત્મજ્ઞાનની સામટી સામગ્રીઓ આપવી અનુચિત જણાયાથી તે સર્વ સામગ્રીઓને '**સ્પર્શકાન્ત**' ના ચાર ધ્વનિરૂપ ચાર ભાગમાં પ્રકટ કરવી અત્યંત યોગ્ય ધારી છે. કારણ કે જેમ ચાર દિવસ ચાલે તેટલો અહાર એકીવખતે લઈ શકાતો નથી અને કદાચિત્ લેવામાં આવે છે તો તે પચવી શકાતો નથી, તેવીજરીતે સઘળીસામગ્રીઓ એ-કદમ ગ્રહણ કરવામાં આવેતો, તે મગજ કપાટમાં બધી એકી વખતે સમાઇ શકતી નથી, અગર કદાચ સમાય છે તો યથા-સ્થિત તે જોઈએ ત્યારે ઉપયોગમાં લેવાય તેવીરીતે નિયમીત ગોઠવી શકાતી નથી માટે-થોડી થોડી સર્વ પ્રકારની અનુકુળ સામગ્રીઓ આ **સ્પર્શકાન્ત** ના **ધર્મ** નામના પ્રથમધ્વનિરૂપ પેહેલા ભાગમાં આપી સજ્જન મુમુક્ષુ વાંચકવૃંદની અનુકુળતા સાચવાનો ઉદ્દેશ રાખ્યો છે તે આથી સહજમાં સ્પષ્ટ થશે.

विषयानुक्रमणिका.

प्रकरण ९ मुं.

प्रकरण १० मुं.

प्रकरण ११ मुं.

प्रकरण १२ मुं.

प्रकरण १३ मुं.

☞ ઉપરની વિષયાનુક્રમણિકામાં આપેલા તરંગોના આંક અને હેડીંગ પ્રમાણે તે તે તરંગોના આંક અને હેડીંગ ગ્રંથમાં પણ સમજવાં.

ॐ श्री नम्मत ।



स्पर्श—कान्त

(प्रथम ध्वनि.)

[प्रहर्ष—धर्मपरिशीलन.]

—अथ मंगलम्—

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञान मूर्त्तिम्
द्वन्द्वातीत त्रिगुणरहित तत्त्वमस्यादि लक्षम्
एकं नित्यं विमल मचलं सर्वाधि साक्षी भूतम् ॥
भावातीत गगन सदृशं सद्गुरुं तं नमामि

અજર અમર તથા અવિનાશી, આદિ અંતરહિત, સતચિદ અને આનંદસ્વરૂપ જ્યોતિર્મય અંતર્યામિ પરમાત્માને વારંવાર સપ્રેમ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂં છું તથા અનાદિ છતાં **અ**નંતવાન શુદ્ધસત્વા મહામાયા શક્તિને પણ પુન પુન પ્રણામ કરૂં છું તથા તે આદ્ય મહામાયા શક્તિમાં લય થનાર જગતના હેતુરૂપ ત્રિગુણાત્મક ઈશ્વરને પણ પ્રણામ કરૂં છું આ સમગ્ર વિશ્વના પાલક અને સ્થિતિસ્થાપક વિષ્ણુભગવાનને તેમજ આ જગતના ઉત્પત્તિરૂપ શ્રી વિરંચિ બ્રહ્મા ભગવાનને પણ વારંવાર પ્રણામ કરૂં છું આ જગતના લયના હેતુરૂપ વ્યાપારના કર્તા શ્રીરૂદ્ર ભગવાનને પણ વારંવાર નમસ્કાર કરૂં છું આ સર્વ પ્રાણીમાત્રના સમગ્ર વ્યવહારોની સિદ્ધિ કરાવનાર તથા અંતર્બહિર્ વસ્તા સર્વ દેવતાઓને પણ વારંવાર નમસ્કાર કરૂં છું. સર્વ જીવોના અંતઃકરણદ્વારા સ્ફુરનાર, મુલાધાર રૂપ જ્ઞાનશક્તિને પણ વારંવાર સપ્રેમ પ્રણામ કરૂં છું. આરંભમાં ધર્મ, અર્થ, કામ તથા મોક્ષરૂપ શ્રેષ્ઠ ફલોને પ્રકટાવનાર આ સર્વોપરિ નમસ્કારાત્મક મંગલાચરણને હૃદયમાં સ્થાપિને આ **સ્પર્શકાન્ત** નામના અપૂર્વ ગ્રંથનો પ્રારંભ કરૂં છું

प्रकरण १ लुं.

ब्रह्मविद्या महाविद्या सर्वदुःख प्रणाशिनि
अविच्छिन्न सुखा नित्यं धार्यते आत्मयोगिभिः

બ્રહ્મવિદ્યા તેજ મહાવિદ્યા છે, કારણ કે તે સમગ્ર દુખોનો નાશ કરનારી અને અવિચ્છિન્ન સુખને આપનારી છે, એ બ્રહ્મવિદ્યાને આત્મયોગિ પુરૂષોજ ધારણ કરી શકે છે

—તરંગ ૧ લો.—

-મનુષ્યને તત્વજ્ઞાનની પ્રાપ્તિ એજ કર્તવ્ય છે—

તત્વજ્ઞાનની પ્રાપ્તિ એજ પ્રાણીનું કર્તવ્ય છે. પણ આ કાળમાં ઘણા મનુષ્યો તે કર્તવ્યને જાણવા છતાં તત્વજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્નવાન થતા નથી જેથી મનુષ્યજીવનનો પરમાનંદની પ્રાપ્તિ અને દુઃખમાત્રની નિવૃત્તિપૂર્વક જીવન મુક્તિના પરમપદે સ્થિત થવાનો તેમનો મુળ હેતુ તે પાર પડી શકતો નથી. કેટલાક તો તત્વજ્ઞાનને પ્રાપ્ત કરવા અર્થે કેવા પ્રયત્નની જરૂર છે તે તેઓને જ્ઞાત છતાં પ્રયત્ન કરવામાં કેવલ પ્રમાદ તથા આલસ્યને સેવે છે અને તેથીજ તેઓ આ સંસારચક્રમાં જન્મમરણના બંધનથી અનેક યુગયુગાન્તરે પણ મુક્ત થવા પામતા નથી. વળી કેટલાક કદી તત્વજ્ઞાન પ્રાપ્ત કરવાઅર્થે પ્રયત્ન કરે છે તો સદગુરૂ અને સત્શાસ્ત્રે વિધાન કરેલા વિહિતમાર્ગે તેઓ પ્રયત્ન કરતા નથી. અને કદાચ વિહિતમાર્ગે પ્રયત્ન કરતા હોય છે તો કર્મ તથા ભક્તિયોગરહિત પ્રયત્ન કરે છે જેથી મીઠા--સબરસ વિનાના મોળા ભોજન સમાન તેમને તત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે, જે પરિણામે કશુંજ ફલને આપતું નથી. ખરી રીતે જોતાં ભક્તિ વગરનું જ્ઞાન લવણ વગરના ભોજન જેવું મોળું છે. ઘણી જાતની ભાષા શીખવાથી કે શાસ્ત્રોના અર્થ કરવાથી વા જાણવાથી કિંવા વ્યહવારિક કુશ-

ળતાથી કે શબ્દાદિક જ્ઞાનથી, તત્વજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. જો તત્વજ્ઞાન એમ જાણવા માત્રથીજ થતું હોય તો અઢાર પુરાણના કર્ત્તા તથા ચારે વેદના જ્ઞાતા શ્રી ભગવાન વેદ વ્યાસજીને દેવર્ષિ નારદદ્વારા તત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની ફરજ ન પડત. વેદાંતની ઉચ્ચ ભુમિકાપર ચઢતાંજ તત્વજ્ઞાનની પ્રાપ્તિની શરૂઆત થાય છે. અને સંપુર્ણ અંશે જ્યાં તત્વ-જ્ઞાનની મનુષ્યને પ્રાપ્તિ થાયછે એટલે પુર્વના સર્વ જ્ઞાનો વિલાઈ જાય છે. સર્વોત્તમ હિતને સાધનાર અને પરિણામે મનુષ્યને પરમપદે સ્થાપનાર, તથા જન્મમરણના બંધનથી મુક્ત કરનાર તે તત્વજ્ઞાનજ છે. ॥ **नास्ति सांख्य सम ज्ञान नास्ति योग सम बलम** ॥ અર્થાત તત્વજ્ઞાનના જેવું બીજું જ્ઞાન નથી અને યોગના જેવું બીજું બલ નથી. કર્મ, ભક્તિ અને જ્ઞાન આ ત્રણ માર્ગો જે સદ્દગુરૂ અને સત્શાસ્ત્રોએ સ્થાપેલા છે તે પરિણામે ત-ત્વજ્ઞાનનીજ પ્રાપ્તી કરાવે છે. સમર્થ સદ્દગુરૂ પ્રાપ્ત કર્યા વગર યથાર્થ તત્વજ્ઞાન પ્રાપ્ત થઇશકતું નથી. તેમજ તત્વજ્ઞાનની અવધિએ મનુષ્ય સ્થિતપ્રજ્ઞ થાય છે. અને મનુષ્ય સ્થિતપ્રજ્ઞ જ્યાં સુધી થયો હોતો નથી ત્યાં સુધી સંપુર્ણ તત્વજ્ઞાન તેને પ્રાપ્ત થએલું કહેવાતું નથી. આ સંબંધિ મારા મુમુક્ષુ વાંચકવર્ગને સતિ ગાં-ગિનું શરૂઆતમાં એક રસિક, આ સ્થળે દૃષ્ટાંત આપી સમજાવીશ. પશ્ચાત મારા ગ્રંથના પ્રકરણનો પ્રારંભ કરીશ.

જનક યજ્ઞમંડપમાં યોગિની.

જ્યારે જનક રાજા પોતાના સદ્દગુરૂ દ્વારા યથાર્થ જ્ઞાન મેળવી તત્વજ્ઞાની થયા હતા, તે વારે પોતાના સદ્દગુરૂએ યજ્ઞ કરવા આજ્ઞા કરી તે પરથી રાજાએ મહાન યજ્ઞ આરંભ્યો હતો અને સર્વ રૂષિ મુનિઓને આમંત્રણ કર્યું હતું. યજ્ઞ જે દિવસે પુરો થવાનો હતો, અર્થાત્ જે દિવસે યજ્ઞની પૂર્ણાહુતિ હતી, તે દિવસે યજ્ઞમંડપ અનેક રૂષિ મુનિવરો, સિદ્ધો અને યોગી

પુરૂષોથી અત્યંત ભરાઇ ગયો હતો. તેવે સમયે તેવી મહાન સભાની વચમાં, સર્વને આંજી નાંખે તેવી બ્રહ્મકુમારિ સતિ યોગિનિ ગાર્ગિ, બિલકુલ વસ્ત્ર પરિધાન કર્યા વગર નગ્ન અવસ્થામાં આવીને ઉભી રહી. યથાર્થ બ્રહ્મીભૂત સ્થિતિને પોહોચેલી, બ્રહ્મ સ્વરૂપમાં લીન બનેલી, યોગિની ગાર્ગિએ અનેક રૂષિમુનીઓને મુખેથી શ્રવણ કર્યું હતું કે “ રાજા જનક દીવ્યજ્ઞાની બન્યો છે. અને તેણે તત્વમસિનો ઉપદેશ બરાબર પ્રાપ્ત કરી તે તત્સત્‌નીજ નિરંતર ઉપાસના કરે છે; સત્ય સિવાય અન્ય કશામાં કદી તે લક્ષ આપતો નથી, અને સત્ય વસ્તુ સિવાય કંઈ પણ અન્ય તે બોલતો નથી. ” આથી કરીને જનકની પરીક્ષા કરવાના હેતુથી તે દિગંબરી ગાર્ગિ, જનકના યજ્ઞમંડપમાં આવી ઉભી રહી. તેણે હાથમાં દંડ કમંડલ ધારણ કરયાં હતાં. સભાવર્ગ તથા રૂષિવર્ગ તેને નિરખતાંજ ઝાંખો થઇ વિચારગ્રસ્ત બની ગયો, અને કેટલાક અધમ જીવો તથા અજ્ઞાની મનુષ્યો તો તેને જોઇ હસવા લાગ્યા; કેટલાક દિગમૂઢ બની ગયા, કેટલાક મોહાંધ બની ગયા અને કેટલાકતો તે બ્રહ્મકુમારી પ્રતિ કુદૃષ્ટિએ પણ જોવા લાગ્યા; છતાં આ પરમાનંદમાં મસ્ત બનેલી આપણી દિગંબર યોગિની ગાર્ગિએ, તેની લેશ પણ દરકાર કર્યા વગર ચોતરફ દૃષ્ટિ ફેરવવા માંડી; તેની તદ્રૂપ દૃષ્ટિની સાથે કોઈપણ એક નિમિષમાત્ર પણ દૃષ્ટિ મેળવી શકતું ન હતું, કારણ કે તેની કાંતિમાં તેના તપોબલવડે કરીને તેને એવું અદ્ભૂત અને અલૌકિક તેજ પ્રાપ્ત થયું હતું કે કોઇની પણ તેના પર દૃષ્ટિ ઠરી શકતી નહિં. તેણે એવું પણ લીધું હતું કે જે મને જોઇને સ્થિતપ્રજ્ઞ રહે અર્થાત્ વૃત્તિમાં અને જ્ઞાનમાં સદૃઢ રહે તેનીજ સાથે લગ્ન કરવું. જનકની સભામાં આ વખતે પરમસિદ્ધ અને યોગીંદ્ર ચક્રચુડામણિ મુનિ યાજ્ઞવલક્ય સિવાય અન્ય કોઇ પણ સ્થિતપ્રજ્ઞ રહ્યું નોહોતું; તેમના સિવાય સર્વને મનમાં અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ થયા હતા. આ જોઇ મુનિ યાજ્ઞવલકયને તેણે પોતાના પતિ બનાવવાનો નિશ્ચય કરી, અન્ય

સર્વને અંધ અને પશુ સમ માની યાજ્ઞવલ્કય મુનિ પાસે તેણે પેહેરવાનું વસ્ત્ર માંગ્યું. મુનિએ વસ્ત્ર કાઢી આપ્યું અને તે લેઈ પ્હેરી પછી સ્થિર થઇ ઉભી રહી. આ સર્વ જોઇ રાજા જનક તેની પ્રત્યે કહેવા લાગ્યા "હે સતિ બ્રહ્મચારિણી, તું આ યજ્ઞમંડપમાં આવા વિચિત્ર વેશે નગ્નાવસ્થામાં સભા સમીપ કેમ આવી ? તું કોણ છે ? અને કોની સ્ત્રી છે, તે કહે ? તું જો જાણતી ન હોય તો જાણજે કે મેં આ છત્ર ચામરાદિ રાજ્યચિન્હોને ધારણ કરેલા છે છતાં પણ હું તેનાથી મુક્ત છું. તત્વજ્ઞાન રૂપિ અગ્નિથી મારૂં વાસનાબીજ બળી ગયું છે; મને શત્રુઓનો નાશ કરવાની ઇચ્છા હવે રહી નથી. તેમ ધન ધામ ધરા આદિનો સ્વિકાર કરવામાં પણ મને હવે પ્રિતિ રહી નથી. મને મલ્યાગિરી ચંદનનો લેપ કોઇ કરે વા મારા રહૃયમાં સોયો પરોવે એ બંને સમાન છે; સુવર્ણ અને માટીને હું સમદૃષ્ટિએજ જોઉંછું. હે તપસ્વિનિ ! મને બંધનના કારણભુત કોઇપણ પદાર્થમાં આસક્તિ નથી. મને સર્વ દિગંબર, શ્વેતાંબર, કે ચિદમ્બર અવસ્થા સમભાવેજ ભાસી રહેલી છે. પણ માત્ર એટલુંજ વીચારૂં છું કે આવા વિચિત્ર વેશે નગ્નાવસ્થામાં મારા રાજભુવનમાં પ્રવેશ કરી આ યજ્ઞમંડપમાં ભરાયેલી સભામાં આવી તું અવિવેકથી ઉભી રહી અને તને કોઇની પણ લજ્જા ના આવી, તે તારા સ્ત્રિધર્મથી ઉલટું વર્તન ચલાવ્યું છે. વળી તેં મારા સદ્‌ગુરૂ યાજ્ઞવલ્કય મુનિ પાસેથી વસ્ત્ર લેઇ પેહેર્યું અને તેમનેજ ખરા જ્ઞાની અને દેખતા ગણી અમને બધાને અંધ અને પશુવત્ ગણ્યા તેનું કારણ શું તે કૃપા કરીને મને કહે.!"

તપસ્વિનિ ગાર્ગિએ જનક રાજાના આ વચનો સાંભળી ઉત્તર આપ્યો કે "આ જગતમાં વિદેહી મનાતા હે રાજન ! બુદ્ધિમાન, તત્વવિદ અને આત્મદર્શિ તેજ કહેવાય છે કે જે અક્ષર બ્રહ્મને ઓળખી, અક્ષર શબ્દ અને વાકય કેવલ દોષ રહિત બોલે છે; બુદ્ધિવાન આત્મદર્શિ પુરૂષ નિષ્પ્રયોજન અર્થ વિનાના વાકયનો કદી પણ ઉચ્ચાર કરતો નથી. તેમ તે કઠોર તથા

ધર્મ અર્થ કામ અને મોક્ષથી વિરૂદ્ધ કોઇપણ વર્ત્તન ચલાવતો નથી. અસત્ય અને અશુદ્ધ સંસ્કારને પ્રકટાવનાર વાકયોનો ઉચ્ચાર પણ કદી કરતો નથી. આખું જગત ભલે તને આત્મદર્શિ વિદેહી, અગરતો જીવનમુક્ત માને પણ મારૂં માનવું તેથી તદન વિરૂદ્ધ છે; તું તે ત્રણમાંથી એક પણ પદવી પામ્યો હોય એમ લાગતું નથી. માત્ર દેહદર્શિ અલ્પ પ્રાણી જેવો છું અને સાથે કેટલીક રીતે મુર્ખપણ છું એમ મને લાગે છે. વિદેહિ પરબ્રહ્મની જે પુરૂષે પ્રાપ્તી કરી છે તે પુરૂષતો સદા તદરૂપેજ રહે છે. તેને બ્રહ્મ સિવાય અન્ય પદાર્થ દૃષ્ટિએ દેખાતોજ નથી. નાટકના પાત્રો જેમ વેશ લે ત્યારે પણ પુરૂષ છે અને નથી લેતા ત્યારે પણ પુરૂષ છે; વેશ લેવાથી કીંવા ન લે છતાં એમના પુરૂષત્વમાં કાંઇ ન્યુનાધિક થતું નથી તેવીજ રીતે તત્ત્વવિદ્ પુરૂષ દિગંબર હોય કે સામ્બર હોય છતાં પણ તે તત્વવિદજ છે. જ્યારે તારા જેવા વિદેહિને આ પ્રમાણે ન્યુનાધિક સમજાય ત્યારે તે અજ્ઞાન અને મુર્ખતા સિવાય બીજું શું કહેવાય. જેનામાં અખંડિત તદરૂપતા હોય છે તેજ વિદેહી કહેવાય છે. મુર્ખ અને અજ્ઞાનિ મનુષ્યો સિવાય તારા જેવાને વિદેહી બીજું કોણ કહે. જ્યાં તદરૂપતા નથી ત્યાં સદેહીપણું રહેલું છે. તેં મને નગ્ન જોઇ તથી તું વીદેહી નથી. જે સ્થિતપ્રજ્ઞ અને સમાનદૃષ્ટિ વાળા છે તેજ વિદેહી અને બ્રહ્મસ્વરૂપને જોનારા છે. મારી અત્યાર સુધી એવી પ્રતિજ્ઞા હતી કે જે સ્થિતપ્રજ્ઞ હોય તેજ મારો પતિ થવાને યોગ્ય છે બાકીના અન્ય પશુ સમાન છે અને તેથી પશુની લજ્જા શા માટે ધરવી જોઇએ. માત્ર આ ઉચ્ચ કોટિના મહામુનિ યાજ્ઞવલ્કય તેજ સ્થિતપ્રજ્ઞ અને બ્રહ્મસ્વરૂપ છે એવી મારી ખાતરી થવાથી તેનીજ માત્ર મેં લજ્જા રાખી છે. માટે હે રાજન તું સ્થિતપ્રજ્ઞ નથી એમ તારી મેળેજ તારે કબુલ કરવું જોઇએ; કારણ કે તેં મને નગ્ન જોઇ, જેથી તને કૌતક થયું, અને તેથી કરીને મારી નગ્નાવસ્થા તે એક તેં દુષણ ગણ્યું. વળી તું પૂછે છે કે હું કોણ છું એ પણ એક

તારૂં અજ્ઞાન સુચવે છે. માટી અને જળ જેમ સ્વભાવથી એકજ છે તેમ આદેહ અને ચૈતન્યતત્વ પણ એકજ છે. અને એજ ચૈતન્યના સંયોગથી હું, તું અને સમગ્ર જગત પેદા થયેલાં છીએ. એ જડ તથા ચૈતન્ય મારામાં, તારામાં અને સર્વમાં છે; માટે તું કોને પ્રશ્ન કરે છે કે તું કોણ છું? જો જડને કરતો હોય તો સમજ કે જેમ રેતના રજકણો એક બીજા સાથે મળે છે છતાં એક બીજાને પરસ્પર જાણી શકતાં નથી, તેવીજ રીતે આંખ નાક, કાન એકબીજાને ભેગા થયા છતાં જાણી શકતાં નથી. અને જો ચૈતન્યને પ્રશ્ન કરતો હોય તો જે ચૈતન્ય મારામાં છે તેજ તારામાં પણ રહેલું છે તો હરેક વ્યક્તિને પ્રથક જ્ઞાન થવું કદી સંભવતુંજ નથી. માટે હે રાજન્ એમ નિશ્ચય કરીને જાણ કે જે અવ્યક્ત પ્રકૃતિ, ત્રીસ કળાથી વ્યક્તપણાને પામી છે તેની હું છું, તેનો તું છે અને તેનુંજ આખું જગત છે. વળી તું કોની સ્ત્રી છું એવો હે રાજન્ જે તેં પ્રશ્ન કર્યો તે પણ કેવળ તારી અજ્ઞાનતા સુચવે છે. માટે જેનો તું છે તેનુંજ સર્વ છે તો પછી તું બીજું શું જુએ છે? જો સ્ત્રીઓના ગર્ભાશયમાં વિર્ય અને રૂધીરના મિશ્રણથી દેહ બંધાય છે. નવમે મહીને પ્રસવ થાય છે. અને તે દેહના ચિન્હ ઉપરથી સ્ત્રી અગર તો પુરૂષ કહેવાય છે. બાલ્યાવસ્થામાંથી ક્રમે કરીને યુવાન બને છે અને યુવાનમાંથી ક્રમે કરીને વૃદ્ધ થાય છે; છેવટે વૃદ્ધાવસ્થામાંથી મરણ પામે છે. આમ ક્રમવાર આગળના રૂપો અર્થાત્ જુના રૂપો નાશ પામતાં જાય છે, અને નવાં નવાં રૂપોને જીવાત્મા ધારણ કરે છે. આમ જીવાત્માનું રૂપાંતર અને સ્થિત્યાંતર થતું જાય છે; આ પ્રમાણે બધા વિકારો દેહને ધરવા પડે છે, આત્માને તેની સાથે કંઇ પણ સંબંધ નથી. તેથીજ આત્મા અવિકારી છે અને દેહ વિકારી છે. આમ છે તો પછી કોણ કોનું અને કયાંથી આવ્યું એનો ઉત્તર મારે તને શો

આપવો? યથાર્થ તત્વજ્ઞાન જેને છે તેને કદી તારા જેવો પ્રશ્ન થવા ત્રિકાળમાં પણ સંભવ નથી. જ્યારે મનુષ્યને પોતાના દેહ અસ્થિ ત્વચા તથા માંસ ઇત્યાદિ સાથે સંબંધ હોતો નથી તો પછી બીજા સાથે શેનો સંબંધ હોવો સંભવે? કોઇની સાથે નહીંજ. જીવને જ્યારે એક સ્થિતિ અને એકજ સ્વરૂપમાં રહેવાનું હોતુ નથી તો પછી હું કોની સ્ત્રી છું તે તને શું કહું? તો પછી હું કોણ છું, કોની છું ક્યાંથી આવી તે તને શી રીતે સમજાવી શકું? હેશંકાશિલ રાજન્! જો તું સ્થિર વૃત્તિવાળો અને સમદૃષ્ટિથી જોનારો અનુભવી હોત અને અદ્વૈત એવા પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપમાં તલ્લીન રહી સર્વદા મસ્ત અને મગ્ન રહેતો હોત તો આ પ્રશ્નો ઉઠવાનો તારા અંતરાત્મામાં લેશ પણ સંભવ નોહોતો. પણ જ્યારે તે પ્રશ્નો તારા અંતરમાં ઉઠયા ત્યારે મારી સંપુર્ણ ખાત્રી થઇ કે જગત તને ભલે બહારથી વિદેહી અને પરમ તત્વજ્ઞાની માનતું હોય પણ યથાર્થ રીતે જોતાં હજી પણ જ્ઞાનની કંઇક અંશે તારામાં ખામી છે. અને તે ખામીને લીધેજ તેં આવા પ્રશ્નો કર્યા છે. હે મુમુક્ષુ રાજન્! જેને યથાર્થ તત્વજ્ઞાન પ્રાપ્ત થયું છે તે જ્ઞાની તો સર્વને પરમતત્વથી અભિન્નજ જુએ છે. જરા દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીશ તો તને સત્વર માલમ પડશે કે જ્યાંથી તું આવ્યો છે ત્યાંથી હું પણ આવી છું, જે સ્થાન તારૂં છે તેજ મારૂં છે અને તેજ સર્વનું છે. તને એમ લાગતું હશે કે નગ્ન સ્થિતિમાં હું સભામાં કેમ આવી, પણ હે જનકરાજા, વિચાર કરી જો? કોની સભા અને કોનું મંદીર? કોનો યજ્ઞ અને કોનો યજ્ઞમંડપ? યજ્ઞ કરનાર તે કોણ અને કરાવનાર તે કોણ છે? એ બીજું કોઇજ નથી એક માત્ર બ્રહ્મ તત્વજ વિલસિ રહ્યું છે. અને તેની સત્તાથીજ આ અનેક બ્રહ્માંડો સ્થિતિ કરી રહ્યાં છે. આ તું જાણતો નથી એટલે જરા અભિમાનને વશવર્તી પ્રશ્નો કરે છે. આ મંદિર ભૂતકાળમાં તારૂં

હતું પણ નહિ, ભવિષ્યમાં તારૂં છે પણ નહીં અને વર્ત્તમાન કાળમાં પણ તું નિશ્ચે જાણ કે એ તારૂં નથી. મંદીરના જે ભાગમાં તું બેસે ઉઠે છે તે ભાગ પણ તારો નથી. જ્યાં સુધી તને ઉપશમની[1] પ્રાપ્તિ થઈ નથી, ત્યાં સુધી તારામાંથી મમત્વ અને જીવભાવ દુર થયો નથી. મનુષ્યત્વના જેવી અર્થ વગરની તારી વૈખરી એમ સુચવે છે કે, તું વયોવૃદ્ધ થયો છે પણ જ્ઞાનવૃદ્ધ થયો નથી. અને જ્યાં સુધી જ્ઞાનવૃદ્ધ થયો નથી ત્યાં સુધીજ તને દ્વૈતપણું દેખાય છે. તારૂં મન તથા ઇંદ્રિયો વિષયોથી હજી રહીત થયાં નથી. અને તેજ કારણથી હું તને નગ્ન દેખાઈ છું; ને મને જોઇ તને આશ્ચર્ય લાગ્યું છે. પણ તું જો અંતરમાં ઉડો વિચાર કરી જોઇશ, અને તેં તારા સદગુરૂ અને સત્શાસ્ત્રોદ્વારા યથાર્થ તત્વજ્ઞાનને પ્રાપ્ત કર્યું હશે તો સહજમાં તારા અંતઃકરણમાં સ્પષ્ટ રીતે જણાઇ આવશે કે હું કેવળ બ્રહ્મસ્વરૂપ છું; અને તું પણ તેજ છે. આમ છે તો પછી બ્રહ્મ બ્રહ્મને નગ્ન કોઇ પ્રકારે જોઈ શકતોજ નથી" આ પ્રકારનો તત્વબોધ શ્રવણ કરી, જનક રાજાનું તમામ અભિમાન નષ્ટ થઇ ગયું. અને પોતે જાણે નવો દેહ ધારણ કરી નવી દુનિયામાં ઉત્પન્ન થયા હોય તેમ સજળનેત્રે પશ્ચાતાપ કરતા આપણી અંબરધારિણી યોગિની ગાર્ગિના ચરણમા ઢળી પડયા. અને તેને સવિનય કહેવા લાગ્યા કે "હે તપસ્વીની, હે માતુશ્રી, મને યથાર્થ જ્ઞાન આપો ? હું આપની પાસે રંક માગણ તરીકે ભિક્ષા માગુંછું માટે જ્ઞાનરૂપિ મને ભીક્ષા આપો ? અને મારા થએલા અપરાધની ક્ષમા આપો!" યોગિની બોલી "હે રાજા, ! આ તારા સદગુરૂ સમર્થ છે અને તેમની સમક્ષ તને જ્ઞાનદાન આપવાનો મારો અધિકાર નથી. એજ તને યથાર્થ જ્ઞાન આપનાર છે. એજ તને વિદેહી બનાવવાને સમર્થ છે. હું નથી. પણ રાજન્, એટલું નિશ્ચે સમજ કે સૂક્ષ્મ અને કારણનો નાશ કરી જે પુરૂષ સમચિત્તે વહન કરે છે તેજ સર્વથી શ્રેષ્ટ છે. જ્ઞાનીએ ગમે તેવું અને ગમે

---

૧ ઉપશમ—અર્થાત્ ઇંદ્રિયનિગ્રહ, control over senses.

તેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય છતાં જ્યાંસુધી અટલ પુરૂષાર્થ-કરી સ્થિતપ્રજ્ઞ રહેવા માટે, તે સુક્ષ્મ અને કારણનો ત્યાગ નથી કરતો ત્યાંસુધી તે યથાર્થ તત્વજ્ઞાની કહેવાતો નથી. એ ત્યાગ તો અચલ કેફ જેવો છે. જેને એ અજર અ-મર પરબ્રહ્મના રસનો અચલ નિશો ચઢેલો છે તેને કોઇ પણ ઔષધીથી તે નિશો ઉતરી શકનાર નથી. ત્યારેજ એ પુરૂષ સૂક્ષ્મ અને કારણનો ત્યાગ યથાર્થ રીતે કરી શકે છે. જેની અને-કાગ્રહી[1] બુદ્ધિ હોય છે તે અદ્વૈત આત્મસ્વરૂપને જાણી શકવા સમર્થ નથી. તે અવ્યકતનો જ્ઞાતા નથી. તે અનેક પ્રકારે તપ યજ્ઞ દાન આદિ વિવિધ સત્કર્મ કરતો હોય છતાં કાલને વશ થાય છે. અને પુનઃ નવીન દેહ ધારણ કરે છે. અને દેહ ધારણ કરી એટલે તે જન્મમરણથી મુક્ત કહેવાતો નથી. [2]। अनेक जन्म संसिद्धि ततो याती परांगतिम् । (श्री. म. भ. गी. अ. ६) માટે ધીરેધીરે તારા સદ્‌ગુરૂ અને મારા ભવિષ્યમાં થનાર પતિ યોગિંદ્ર ચક્રચુડામણિ યાજ્ઞવલ્કય પાસેથી સુક્ષ્મ અને કારણનો નાશ કરવાનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરીશ ત્યારબાદ જાણવા યોગ્ય પરમ વિશુદ્ધ જ્ઞાન જે મેં તને સંક્ષેપમાં કહી સંભળાવ્યું તે તને સંપૂર્ણ પ્રાપ્ત થએલું ગણાશે. અને ત્યારબાદ તું વિદેહમુક્ત થઇ શકીશ એમાં કોઈ પણ પ્રકારનો સંશય નથી. પછી તારામાં પરમતત્વમય બનેલી વૃત્તિનો અખંડ પ્રવાહ વેહેશે અને અંતકાલે પરમાત્માના યથાર્થ સ્વરૂપને અનુભવથી જાણીને કૈવલ્યગતિને પ્રાપ્ત કરીશ. હે રાજન્ ! પછી ગૃહસ્થાશ્રમમાંરહેવા છતાં તારી સ્થિતિ અપ્રતિમ અને અલૌ-કિક બનીજશે. પછી અનંત કાળો વહીજશે છતાં તારી રહેણી કરણી ત્રણે લોકમાં પુજાશે; અને સર્વ તારા ચરણકમલમાં આવી પડશે. આટલું છતાં તું તને પોતાને સર્વદા મુક્ત થએલો જોઇશ; નિરંતર પરમાત્માનો હૃદયમાં સાક્ષાત્કાર કરીશ. સર્વ પદાર્થોને આત્મસ્વ-રૂપે નિરખીશ, અને બ્રહ્મધામનું અખંડ સુખ પ્રાપ્ત કરી આ

---

૧ અનેકાગ્રહી બુદ્ધિ—અનેક પદાર્થો પ્રતિ આગ્રહ ધરાવનારી બુદ્ધિ.

૨ એમ અનેક જન્મો પછી તે જીવ પરાંગતિ અર્થાત્ મોક્ષને પામે છે.

દુસ્તર ભવસિંધુને તરી જઇશ.” આટલું કહી તપસ્વિનિ ગાર્ગિ, મુનિયાજ્ઞવલ્કયને પોતાના સ્વામિ બનાવવાનો નિશ્ચય કરી યજ્ઞ મંડપમાંથી ચાલતી થઇ.

માટે મારા પ્રિય મુમુક્ષુ વાંચકવર્ગ, તમને હવે યથાર્થ રીતે સમજાયું તો હશે કે તત્વજ્ઞાન તે શું છે ? અને મનુષ્યને જીવપદથી દુર કરી કેવી રીતે બ્રહ્મસ્વરૂપ બનાવી આ સંસારના ત્રિવિધી તાપોમાંથી તે મુક્ત કરે છે. બ્રહ્મમાં સમગ્ર વિશ્વનો વિલય છે એવી પ્રતિતિ કરાવનાર, તથા પ્રપંચ દૃષ્ટિનો સંપુર્ણ રીતે ત્યાગ કરાવનાર આશય તેજ તત્વજ્ઞાનનો આશય છે. અને તે પ્રમાણે થતાં યથાર્થ તત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. બ્રહ્મ સર્વજ્ઞ છે, સર્વવિદ્ છે અને વિશ્વના કારણરૂપ છે તેમાં હું એ કોઇ અન્ય નથી પણ તેજ પરમાત્મતત્વ તે હું છું. એ પ્રકારનું દૃઢ જ્ઞાન તેજ તત્વજ્ઞાન છે. ઉપર પ્રમાણે યોગિની ગાર્ગિનો સદુપદેશ શ્રવણ કરી રાજા જનક સમજ્યા કે યથાર્થ તત્વજ્ઞાન તે શું અને કેવા પ્રકારનું હોવું જોઇએ. વેદે પ્રતિપાદન કરેલું જ્ઞાન પણ તેજ છે અને તેજ જ્ઞાન तत्वमासि, अयं आत्मा ब्रह्म ઇત્યાદિ વેદોના મહાવાકયો સુચવે છે. જીવ શિવની ઐકયતાનું જે જ્ઞાન તેજ યથાર્થ તત્વજ્ઞાન છે. અને તે પ્રાપ્ત કરવાની સરળ કુંચી ફક્ત એજ છે કે જીવે પોતે પોતાને ઓળખવો. મનુષ્યે પરમતત્વની પ્રાપ્તિ અર્થે પોતે પોતાને પ્રથમ ઓળખવાની જરૂર છે. આપણા નાગર ભક્તશિરોમણી નરસિંહ મેહેતાનું વાકય પણ સર્વને જ્ઞાતજ છે કેઃ—

જ્યાં સુધી આતમા તત્વ ચિન્યો નહિં, ત્યાં સુધી સાધના સર્વ જુઠી.

અર્થાત જ્યાં સુધી જીવે પોતાના હૃદયમાં રહેલા આત્મ તત્વને ઓળખ્યું નથી ત્યાં સુધી સર્વ સાધનો તથા ઉપાસના વૃથા છે. માટે સદ્‌ગુરૂ અને સત્શાસ્ત્રોદ્વારા મનુષ્યે પ્રથમ પોતે પોતાની ઓળખાણ કરવી જરૂરની છે. જે પોતે પોતાના સ્વરૂપનો જ્ઞાતા થાય છે તે પછી પરમાત્મસ્વરૂપને ઓળખવાને સમર્થ થઇ શકે છે એમ તત્વવિદ પુરૂષો કહે છે. આપણે કોણ છીએ ? મનુષ્ય નથી, સ્ત્રી નથી, બાલક નથી, પશુ નથી, પક્ષી નથી, આંખ, કાન, નાક વા

મુખ નથી, અસ્તિ, મજ્જા, મેદ લાળ, માંસ કે ત્વચા નથી, રક્ત નથી, કોઈ નથી પણ માત્ર ચૈતન્યસ્વરૂપ જીવાત્મા, છીએ. જે પ્રાણ જીવત્વથી તદન ન્યારો છે. તે શરીર પેઠે નાશવાન નથી પણ અખંડ અને અવિનાશી છે. અને એજ અખંડ અવિનાશી તે સર્વ શક્તિમાન સવત્ર વ્યાપક પરમાત્મા છે. આપણે એક દિવાનુ દૃષ્ટાંત લેઇશું તો તરત સમજાશે કે આ જીવ તે શિવ છે; સર્વથી અભિન્ન છતાં ન્યારો છે; અને અત્યંત સુક્ષમમાં સુક્ષમ સ્વરૂપ ધારણ કરી અંતરમાં પ્રકાશી રહ્યો છે. આ સ્થૂલ શરીર તે એક દીપક સમાન છે; તેમાં ચતુષ્ટય અંતઃકરણ તે એક વાટ સમાન છે; પ્રાણ તે એક તેમાં અગ્નિરૂપ છે; અને ચૈતન્યતત્વરૂપિ તેની અંદર પ્રકાશ છે. જેમ દીવાથી દિવાનો[1] પ્રકાશ સૂક્ષ્મ છે. તેવીજ રીતે પ્રાણથી ચૈતન્ય તત્વ અત્યંત સૂક્ષ્મ છે. દિવાની વિશેષતા જેમ દિવાના પ્રકાશથી છે તેવીજ રીતે આપણા શરીરની વિશેષતા ચૈતન્યથીછે. એ ચૈતન્ય તત્વને ઓળખવા માટે પ્રથમ પોતે પોતાના સ્વરૂપને જાણવાની આવશ્યકતા છે ખરી પણ યથાર્થ અને સમર્થ સદ્ગુરૂ પ્રાપ્ત કર્યા વગર પોતાની ઓળખાણ પોતાથી થઇ શકતી નથી. જેમ પારકીમા કાન વીંધેછે તેમ કોઇ તત્વદર્શિ સમર્થ મહાત્માજ પોતાની પોતાને ઓળખાણ કરાવી શકે છે. સદ્ગુરૂ સત્શાસ્ત્રો વગર પોતાને ઓળખવાનો જો પોતે કદી શ્રમ કરે છે તો તે વ્યર્થ જાય છે; અને ત્રિશંકુવત અર્ધ દગ્ધ રહી પોતે આ લોક અને પરલોક બંન્ને બગાડે છે.

—તરંગ ૨ જો—

સર્વથી મનુષ્ય દેહ શ્રેષ્ટ છે.

શ્રી કલિમલહરણી યમુનાજીના દક્ષિણ તટ ઉપર વર્ચસ્-ત્તમા નામના એક તત્વવિદ્ મહાત્માનો આશ્રમ હતો. તે વર્ચસ્-ત્તમા પોતાના શિષ્યોને વેદાધ્યયન તથા ધનુર્વેદનું અધ્યયન કરાવતા હતા. અને શિષ્યોના ઉત્તમોત્તમ પ્રશ્નોનું પ્રેમ પુર્વક સમાધાન

૧ દીવાનો—દીવાની જ્યોતનો.

કરતા હતા. તેમના શિષ્યો પૈકી એક તેમનો મુખ્ય શિષ્ય પ્રહર્ષશર્મા નામનો બ્રાહ્મણ હતો. તે અધ્યાત્મ વિદ્યાનો ઉપાસક હતો તેણે અનુકુળ સમય જોઇને એક દિવસ પોતાના સદ્‌ગુરૂને પ્રશ્ન કર્યો કે "હે ભગવન્? મનુષ્યનામાં અન્ય સર્વ પ્રાણીઓ કરતાં શ્રેષ્ટપણું શાથી જોવામાં આવે છે. કયા તત્વને લીધે મનુષ્ય દેહ આટલો બધો સર્વોપરી અને ઉત્તમ ગણાય છે?" આવા તેના સવિનય ભરેલા પ્રશ્નો સાંભળી વર્ચસૂતમા મુની નીચે પ્રમાણે તેનું સમાધાન કરવા લાગ્યા.

તેઓ કહેવા લાગ્યા કે "હે વત્સ ! જગતના પ્રત્યેક પ્રાણી પદાર્થનો દેહ જે આપણને દેખાય છે તે તેવડોજ રહેતો નથી તેનું તો અનેક રૂપાંતર અને સ્થિત્યાંતર થાય છે. અને તેમાં ઘણા ભેદો છે. જેને આપણે નજરે જોઇએ છીએ તેને તત્વવેત્તાઓ સ્થૂળ એટલે મોટું જાડું દેખાય તે શરીર કહે છે. એ શરીરતો પ્રાણીને રહેવાના મકાન જેવું છે. અને તે હરતું ફરતું છે. જેમ દરિયાની છીપ, તે છીપમાં રહેનાર જીવાત્માનું ઘર છે અને તે જ્યાં જ્યાં ફરે છે ત્યાં ત્યાં છીપ તેની સાથે ફરે છે તેમ આ શરીર પણ પ્રાણી જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ફરે છે. આ સ્થુલ શરીરતો એક મૃતિકાની પૂતળી જેવું છે અને એને સચેત કરનાર તથા હલાવનાર ચલાવનાર તો તેની માંહે રહેલું એક બીજું શરીર છે. જેને તત્વજ્ઞ પુરૂષો સૂક્ષ્મ શરીર કહે છે. એ સૂક્ષ્મ અર્થાત ઝીણું શરીર સક્ષ્મ તત્વોનું બનેલું છે. અને તે સ્વતંત્ર સતારૂપે છે. આપણા સ્થૂળ શરીરને વિષે સર્વત્ર તે વ્યાપી રહેલું છે એટલે તે શરીર જેવડું છે એમ આપણને લાગે છે. તેનું મુખ્ય સ્થાન રદય છે કે જેને આપણે અંતઃકરણ કહીએ છીએ. અને તે સ્થૂલ દેહ મારફતે અંદર રહ્યું રહ્યું સઘળા વ્યહવાર કરાવે છે. સઘળી સત્તા એ રદયમાંજ છે. એ રદમ કહેતાં અંતઃકરણ જેટલું દઢ, જેટલું સ્થિર જેટલું પવિત્ર અને શુદ્ધ હોય છે તેટલોજ તે પ્રાણી પોતાના સ્વરૂપને જાણવાની યોગ્યતાવાળો ગણાય છે. પ્રત્યેક પ્રાણીના

અંતઃકરણ ઉપર [1]અંધકારનો એક પડદો રહે છે. સુર્યપર વાદળાનો જેમ જેટલો પડદો આછો હોય છે તેટલો પ્રકાશ પડે છે તેમ અંતઃકરણ ઉપર અજ્ઞાનરૂપિ અંધકારનો પડદો જેટલો ઓછો હોય છે તેટલો તે પ્રાણીમાં જ્ઞાનનો પ્રકાશ ઉદભવે છે. પ્રાણીમાત્રના સ્થૂળ અને સુક્ષ્મ શરીરો તે અંતકરણને આધીન છે. અંતઃકરણ જેમ જેમ પ્રેરે છે તેમ તેમ શરીરો પ્રવૃત્તિ કરે છે. અંતઃકરણના મુખ્ય ગુણો, હું પણાનું અભિમાન ધરવું, સારાસારનો વિચાર કરવો, ઓળખવું વિગેરે છે. એ ઉપરથી તત્વવિદ સત્પુરૂષો એ અંતઃકરણના ગુણોને ચાર વિભાગમાં કલ્પે છે. તે ચાર વિભાગ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. માટે પ્રથમ તું તને પોતાને, અને પછી પરમાત્માના સ્વરૂપને ઓળખવાની સત્તા જે તારા અંતઃકરણમાં છે તે સત્તાને, તારૂ અંતકરણ શુભ સંસ્કારવાળું બનાવી, પ્રાપ્તકર એટલે સઘળું પ્રાપ્ત થશે.”આ પ્રકારે પોતાના સદગુરૂ મહાત્મા વર્ચસ્તમા મુનિનો સદબોધ સાંભળી પ્રહર્ષશર્મા બોલ્યો કે “હે કૃપાસિંધુ મનુષ્યોનું શ્રેષ્ટપણું તેના અંતઃકરણને લીધે છે. તેના ઉપર અજ્ઞાન રૂપી પડદો શાથી આવેલો છે ? અને કેવી રીતે તે દુર થઇ શકે ? તેમ એ પડદો આપણી દૃષ્ટિએ પણ દેખાતો નથી તેનું શું કારણ તે કૃપા કરીને કહો ?” વર્ચસ્તમા મુની કહેવા લાગ્યા; “ હે પવિત્ર શિષ્ય ! તારા પ્રશ્નોના સમાધાન અર્થે ઉત્તરમાં જે હું કહું છું તે એકાગ્રચિત્તે શ્રવણ કર?એ રદય અર્થાત જેને અંતઃકરણ સંજ્ઞાથી આપણે જાણીએ છીએ તે શું છે અને કયે સ્થળે રહે છે તે પ્રથમ તારે જાણવું જોઇએ. પ્રત્યેક પ્રાણીનું શરીર, હાડ, માંસ, મજ્જા, મેદ, લાળ, રકત ઇત્યાદિ વસ્તુઓનું બનેલું છે. અને તેમાં તેનું રદય પણ તેવીજ વસ્તુઓનું બનેલું છે. પેટથી ઉપર, કંઠથી નિચે અને બંન્ને સ્તનોના વચ્ચે ડાબી બાજુએ મનુષ્યનું રદયસ્થાન આવેલું છે કે જે છાતી ચિરીને કહાડવામાં આવે તો દૃષ્ટિએ પડતાંજ ચિતરી ચઢયા વગર રહે નહિં. જોતાંતો તે એક આળા અને કુમળા માંસની નાની સરખી કોથળી

---

૧ અંધકાર—અજ્ઞાન.

જેવું જણાય છે. એ કોથળી પોલી હોય છે, અને તેને રૂધિ
વાહિની તથા વાયુવાહિની અનેક નાડીઓ જોડાએલી છે. એ હૃદ
યની કોથળીના પોલાભાગમાં કોઇ એવા અદભુત પદાર્થનો પડદો
આવેલો છે કે તેથી તેમાં બીજા ભાગો પડે છે; તેમાં એક ભાગ
છેક અંદર મધ્યમાં આવેલો છે, અને બીજો તેની આસપાસ
હોય છે. એ બહારનો ભાગ તે અંતઃકરણનું સ્થાન છે. અને
સ્થાનમાં અંતઃકરણ પોતાના ચારે વિભાગો સહીત રહેલું છે. અ
જેમ પોતાની રાજ્યધાનીના શહેરમાં રહ્યા રહ્યા રાજા પોતાના
વિશાળ રાજ્ય ઉપર રાજ કરે છે તેવીજ રીતે અંતઃકરણ
પણ આખા શરીરરૂપિ દેશ ઉપર રાજ્ય કરે છે. વળી જે
રાજ્યકર્ત્તાની ગાદી ગમે ત્યાં હોય પણ આખા રાજ્ય ઉપ
તેની દેખેરેખ રહે તેવે સ્થળે ન્યાયાદિક રાજકાજ સા
કચેરીઓ કરવામાં આવે છે; તેવીજ રીતે અંતઃકરણરૂપી રાજ
દરબારની ન્યાયાન્યાયનોવિચાર કરવા માટેની કચેરીઓ શરી
રૂપિ પ્રદેશમાં માથામાં ઉંચે સ્થળે રાખવામાં આવેલી છે. અ
ત્યાં અંતઃકરણમાંના સર્વ અમલદારોની સભા એકત્ર થઇ વિચા
દિનો નિશ્ચય કરે છે. જો નીચ વસ્તુઓના બનેલા હૃદય પ્રદેશમ
એ અંતઃકરણ રહેલું હોય છે તો તેને અત્યંત મલિન બ
નાવે છે, અર્થાત તેનાપર મલનું આવણ ઘણું આવે છે;
મલરૂપિ પડદાથી હૃદયસ્થાન ઢંકાઈ જાય છે. તેથી પરમ પવિ
પરમાત્મતત્વ પણ અંદર દબાઇ જાય છે. જેથી પોતે સત્ય સ્વરૂપ
ન પ્રકાશતાં અજ્ઞાનરૂપી જીવને અંધારામાં ભટકાવે છે. એમ કા
કરી ાણી અજ્ઞાનના સંગથી પોતાનું સત્યસ્વરૂપ ભુલી જ
પોતે પોતાની મેળે અધમ બની જાય છે. આત્મતત્વનો
પ્રદેશ છે તેનાપર બે આવણો છે એક સ્થુળને બીજું સુક્ષ્મ. સ્
ળનું આવણ રદય ઉપર અને સુક્ષ્મનું આવણ અંતઃકર
ઉપર થાય છે. એ બંન્ને આવણો એક બીજાને મળે છે અ
સંબંધ રાખે છે. અને આ બન્ને આવણોનો નાશ કરવા સ
મનુષ્યે બહિર તેમ અંદર શુદ્ધિ રાખવાની જરૂર છે. પાંચ કર્

ન્દ્રીયો હસ્ત પાદ વીગેરેને સ્નાનાદિક ક્રીયાઓથી શુદ્ધ રાખવી તે બહિરશુદ્ધિ કહેવાય છે. અને નેત્ર કર્ણ. નાક, જીભ, ત્વચા એ જે જ્ઞાનેન્દ્રીયો છે તેને દુષ્ટવાસનાથી અને માયીક પદાર્થોની પ્રિતી કરતાં દુર રાખવી તેનું નામ અંતરશુદ્ધિ છે. એ પ્રમાણે અંતરબહિરશુદ્ધિ રાખવાથી પ્રાણી ઉત્તરોત્તર શુદ્ધ સંસ્કારી બની તત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની યોગ્યતાવાળો થાય છે. અને તે તું થયો છે."

આ પ્રમાણે શ્રવણ કરી રહ્યા પછી પ્રહર્ષશર્મા કહેવા લાગ્યો; "હે ભગવન્ જોકે અંતરબહિરશુદ્ધિ રાખવા, જેવીકે સંધ્યાવંદન અગ્નિ હોત્ર, શમદમાદિ અનેક ક્રીયાઓ હું નિરંતર કરૂં છું છતાં દરેક ક્રીયા વખતે મને એજ વાતનું સ્મરણ થઈ આવે છે કે મારૂં સ્વરૂપ કેવું છે, કારણકે તે વાત હજી પુરેપુરી મારા સમજવામાં આવી ન હોય તેવું મને જણાય છે. માટે હે ગુરો આપની આજ્ઞાહોયતો મારા અંતરમાં એક શંકા થઇ છે તે સમાધાન અર્થે નિવેદન કરૂં." વર્ચસતમા મુનિ આ સાંભળી બોલ્યા, "હે પવિત્ર વિપ્ર ખુશીથી બેલાશક કહે ! મને એવી જ્ઞાન ચર્ચાથી કદી કંટાળો આવે છે તેવું તું સ્વપ્ને પણ સમજીશ નહિં. પરમવિશુદ્ધ અને સદ્દભાગી પુરૂષોનું તેજ કર્ત્તવ્ય છે. અંતઃકરણનું નિરંતર બ્રહ્મ વિચારમાં તલ્લીન અને મગ્ન રહેવું એ પરમ સદ્દભાગ્યની વાત છે. માટે હે વત્સ, સુખેથી જે તારા અંતઃકરણમાં પ્રશ્ન ઉઠયો હોય તે નિવેદન કર?" આ સાંભળી પ્રહર્ષશર્મા બોલ્યો, "હે પ્રભો, વેદાદિક શાસ્ત્રોનું આપે મને અધ્યયન કરાવ્યું તેમાં તો એવું આવ્યું કે આ શરીર અને આખું વિશ્વ, પૃથ્વી, પાણી, આકાશ, તેજ અને વાયુ એ પાંચ તત્વોનું બનેલું છે અને તેમાં [1]ચતુષ્ટયઅંતઃકરણ મળી એકંદર નવ તત્વો થાય છે. આજે વળી આપ એમ કહો છો કે પ્રાણીનું શરીર અસ્થિ, માંસ, મજ્જાદિ વસ્તુઓનું બનેલું છે. ત્યારે તેમાં ખરૂં શું તે કહેવા કૃપા કરો." આ સાંભળી મુનિ

---

૧ ચતુષ્ટય અંતઃકરણ—મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકાર એ ચારે વિભાગો સહીત હૃદયમાં રહેલું અંતઃકરણ—હૃદયસ્થાન.

કહેવા લાગ્યા, "હે પ્રાણાત્મન્, પૃથ્વી પ્રાણી, આકાશ, તેજ તથા વાયુ એ પાંચે તત્વો આ શરીરમાં કયાં કયાં રહેલાં છે અને શું શું ગુણ ઉપજાવે છે તે તને પ્રથમ કહી સંભળાવું તે શ્રવણ કર ? જો પ્રથમ પૃથ્વીતત્વનો ભાગ શરીરમાં કયો છે તે આપણે જોઇએ. શરીર ઉપરની ત્વચા, આ રોમ અર્થાત રૂવાંટા, અને અંદરના ભાગમાં રહેલી નાડીઓ, માંસ, તથા હાંડકાં તે પૃથ્વીતત્વથી નીપજેલાં છે. બીજું જલતત્વ છે. શરિર ઉપર જે પ્રસ્વેદ અર્થાત પરસેવો છુટેછે, તેમજ થુંક, લાળ, મુત્ર શુક્ર ઇત્યાદિ પ્રવાહિ પદાર્થ જેટલો શરીરમાંથી નીકળે છે તે સઘળો જલતત્વમાંથી બનેલો છે ત્રીજું તેજતત્વ છેઃ નિદ્રા, આલસ્ય, પ્રમાદ તૃષા ક્ષુધા અને શરિરની કાન્તિ એ સઘળું તેજતત્વમાંથી બનેલું છે. ચોથુ વાયુતત્વ છે. આપણું શરીર હરે છે ફરે છે, દોડે છે અને શ્વાસોશ્વાસ લે છે એ સઘળું વા યુતત્વથી થાય છે. પાંચમું આકાશતત્વ છે. શરીરમાં ક્રોધ, લોભ, મોહ, ભ્રમ હર્ષ શોક, ઇત્યાદિ જે થાય છે તે સઘળા શરીરમાં પોલાણ રૂપે રહેલા આકાશતત્વના વિકારો છે. ઉપર મુજબ પાંચે તત્વોની જુદી જુદી ક્રિયાઓ થાય છે અને તે પાંચે એક બીજા સાથે થોડે વા વધારે અંશે મિશ્રિત થઈ રહેલા છે. પૃથ્વિતત્વમાં બીજા તત્વો મળવાથી અસ્થિ બન્યાં છે; જળતત્વના મિશ્રણથી માંસ બન્યું છે; વાયુતત્વના મિશ્રણથી ચામડી બની છે; તેજ તત્વના મિશ્રણથી નાડીઓ બની છે, અને આકાશતત્વ મળવાથી રૂંવાટા થયાં છે; વળી જળતત્વમાં જળતત્વનો ભાગ મળવાથી વિર્ય બને છે, પૃથ્વિતત્વ મળવાથી રૂધીર બને છે, આકાશતત્વ મળવાથી લાળ બને છે, તેજનો ભાગ મળવાથી મૂત્ર બને છે અને વાયુનો ભાગ મળવાથી પરસેવો થાય છે; તેવીજ રીતે તેજ તત્વમાં મુખ્ય તેજનો ભાગ હોવાથી ક્ષુધા ઉત્પન્ન થાય છે, વાયુનો ભાગ હોવાથી તૃષા ઉત્પન્ન થાય છે, પૃથ્વિતત્વના મળવાથી આલસ્ય ઉપજે છે, આકાશતત્વ મળવાથી નિદ્રા ઉત્પન્ન થાય છે અને જળનું મિશ્રણ થવાથી કાન્તિ પ્રકટે છે. એવીજ

રીતે વાયુતત્વ છે તેમાં વાયુનો વીશેષ ભાગ હોવાથી દોડવાની અને શ્વાસ લેવાની ક્રિયા બને છે; આકાશતત્વ મળવાથી શરીરનું હલનચલન થાય છે; પૃથ્વીતત્વથી સંકોચપણું ઉત્પન્ન થાય છે. તેજનો ભાગ મળવાથી શરીરનું વલન થાય છે અને જળનો ભાગ મળવાથી હાલવાચાલવાની ક્રિયા થાય છે. એજ પ્રમાણે આકાશતત્વમાં પણ આકાશતત્વનું પ્રમાણ વીશેષ હોય છે તો શોક પ્રકટે છે. તેજતત્વ મળવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે, વાયુ મળવાથી કામ પ્રકટે છે; પૃથ્વિતત્વના મિશ્રણથી ભય ઉત્પન્ન થાય છે અને જળતત્વના મળવાથી મોહ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે પાંચે તત્વના એક બીજાના મિશ્રણ થકી ઉત્પત્તિ અર્થાત જન્મ, અસ્તિત્વ એટલે સ્થીતી, તથા વૃદ્ધિ, વિપરિણામ, અપક્ષય અને અંતે વિનાશ એવા છ વિકારો આ પ્રત્યક્ષ દેખાતા સ્થૂળ દેહની અંદર પ્રકટ થઈ વ્યવસ્થા કર્યા કરે છે. જેવી રીતે સ્થૂળ દેહ પાંચ તત્વોનો બનેલો છે તેવીજ રીતે શરીરની માંહે રહેલો સૂક્ષ્મ દેહ પણ તેજ તત્વોના સૂક્ષ્મ અંશોનો બનેલો છે. અને તેઓના એક બીજાની સાથે મળવાથી જ અંતઃકરણમાં ક્રિયા વિક્રીયા બને છે. શરીરના હૃદયસ્થાનમાં મુખ્યત્વે કરીને જે પોલાણ વ્યાપિ રહ્યું છે તે આકાશનું સૂક્ષ્મ તત્વ છે. અને તે પોલાણ અંતઃકરણ છે. તેમાં અનુક્રમે બીજા સૂક્ષ્મ તત્વો ન્યુનાધિક અંશે મળવાથી વિભાગો પડી જુદી જુદી ક્રિયાઓને ઉત્પન્ન કરે છે. અંતઃકરણ આકાશ તત્વનું બનેલું છે તેમાં જીવને કોઇ પણ બાબત સ્ફુરે છે અને તેમાં સૂક્ષ્મ વાયુતત્વ મળે છે ત્યારે તે મન બને છે. એ મન, અંતઃકરણમાં સ્ફુરેલી વૃત્તિ બાબત અનેક તર્કવિતર્ક કરે છે. આકાશતત્વમાં તેજનું સૂક્ષ્મતત્વ મળતાં બુદ્ધિ બને છે અને મનના તર્કવિતર્કોનો એ બુદ્ધિ નિશ્ચય કરે છે. આકાશરૂપ અંતઃકરણમાં [1]અપનું સુક્ષ્મતત્વ મળતાં ચિત્ત બને છે કે જે ચિત્ત, બુદ્ધિના નિશ્ચયનું ચિંતન કરે છે? પૃથ્વીતત્વનુ સુક્ષ્મ-

૧ અપ–જળ–પાણી.

તત્વ મળતાં અહંકાર ઉત્પન્ન થાય છે કે જે અહંકાર, જીવને હું-પણાનો અભિમાની બનાવે છે.

હે પ્રિય પૂત્રતુલ્ય શિષ્ય, વળીને બીજુ કહ્યું તે તેજ અને વાયુનું સૂક્ષ્મતત્વ છે. વાયુના સૂક્ષ્મતત્વમાં બીજા તત્વોનું મિશ્રણ થવાથી જુદી જુદી ક્રિયા કરનારા પંચ પ્રાણ ઉત્પન્ન થયા છે; તે વ્યાન, સમાન, ઉદાન, પ્રાણ અને અપાન એમ પાંચે, પાંચ નામથી ઓળખાય છે. સૂક્ષ્મ વાયુતત્વમાં આકાશ તત્વનુ સુક્ષ્મતત્વ મળવાથી વ્યાન નામનો પ્રાણ ઉત્પન્ન થયો છે, કે જે શરીરના તમામ સાંધાઓને અને અવયવોને વાળવાની ક્રીયા કરે છે. વાયુમાં વાયુનુ સુક્ષ્મતત્વ મળવાથી સમાન નામે પ્રાણ ઉત્પન્ન થયો છે કે જે અન્ન પચન ઇત્યાદિ ક્રીયા કરી નાડીયો દ્વારા શરીરમાં અન્નરસ પોચાડે છે. વાયુતત્વમાં તેજ તત્વોનો સુક્ષ્મ ભાગ મળવાથી ઉદાન નામનો પ્રાણ ઉત્પન્ન થયો છે અને તે કંઠમાં રહી અન્ન અને જળને જુદા પાડે છે અને પ્રસંગાવશાત્ સ્વપ્નાઓ લાવવાની ક્રીયા કરે છે. અપતત્વનો ભાગ મળવાથી પ્રાણ નામે પ્રાણ ઉત્પન્ન થયો છે અને તે હ્રદયમાં રહી શ્વાસોશ્વાસ લેવાની ક્રીયા કરે છે. પૃથ્વી તત્વનો સૂક્ષ્મ ભાગ વાયુના સૂક્ષ્મતત્વમાં ભળવાથી અપાન નામનો પ્રાણ ઉત્પન્ન થયો છે કે જે શરીરમાંનો મળ (મેલ) બહાર કહાડવાની ક્રીયા કરે છે. ત્યાર પછી ત્રીજું તેજનું સુક્ષ્મ-તત્વ છે કે જેમાં બીજા સુક્ષ્મતત્વો મળવાથી પાંચ જ્ઞાને-ન્દ્રિય ઉત્પન્ન થએલી છે. અને તે આ દેહ નગરના દરવા-જાઓ જેવી છે. તેમના સુક્ષ્મતત્વમાં આકાશનું સુક્ષ્મતત્વ મળવાથી, કર્ણેન્દ્રિય એટલે કાનની ઇંદ્રિ ઉત્પન્ન થઇ છે ને તે સાંભળવાની ક્રીયા કરે છે. તેજમાં વાયુતત્વ મળવાથી સ્પર્શે-ન્દ્રિય ઉત્પન્ન થઇ છે કે જે શરીર વિશે રહી માત્ર સ્પર્શ કરવાથી ઠંડું, ગરમ, મૃદુ, કઠણ ઇત્યાદિ ઓળખવાની ક્રીયાઓ કરે છે. અને સુક્ષ્મતેજતત્વમાં અધિક તેજતત્વ મળવાથી ચક્ષુની ઇંદ્રિ ઉત્પન્ન થઇ છે જે જોવાની ક્રીયા કરે છે. અપતત્વ મળ-

વાથી રસનેન્દ્રિય (જીભ) થઇ છે કે જે મધુર, તિકતાદિ આદિ સ્વાદને ઓળખવાની ક્રીયા કરે છે. અને સુક્ષ્મ પૃથ્વીતત્વનું તેજતત્વમાં મિશ્રણ થવાથી ઘ્રાણેન્દ્રિય (નાક) ઉત્પન્ન થઇ છે જે સુગંધ દુર્ગંધની પરિક્ષા કરવાનું કામ કરે છે. તેવીજ રીતે ચોથું અપતત્વ છે જેનો સુક્ષ્મ ભાગ બીજા તત્વોની સાથે મળતાં પાંચ કર્મેન્દ્રિય ઉત્પન્ન થઈ છે. જે સર્વે, સુક્ષ્મ શરીરના ગુમાસ્તાઓ રૂપે છે. તે સઘળી બાહરની ક્રિયાઓ કરે છે. અપમાં આકાશ તત્વ ભળતાં, વાચ્યેન્દ્રિય ઉત્પન્ન થઇ છે અને તે વાણી બોલવાની ક્રીયા કરે છે; અપના સુક્ષ્મતત્વમાં વાયુ તત્વ મળવાથી હસ્તેન્દ્રિય (હાથ) ઉત્પન્ન થઈ છે જે બંન્ને હસ્ત દ્વારા લેવડદેવડનું, પકડવાનું, ફેંકવાનું, ઝીલવાનું ઇત્યાદિ કાર્ય કર્યા કરે છે. અપમાં તેજતત્વનું મિશ્રણ થવાથી પાદેન્દ્રિય (પગ) બનેલી છે જે જવાઆવવા અને બેસવા ઉઠવાની ક્રિયા કરે છે. અપને અપ તત્વ મળવાથી મુત્રેન્દ્રિય થઇ છે જે મૂત્રને બહાર કાઢવાની અને મૈથુનની ક્રિયા કરે છે. અને અપમાં પૃથ્વીતત્વ મળવાથી ગુદેન્દ્રિય ઉત્પન્ન થઇ છે જે મળદ્વાર વિશે રહી મળત્યાગ કરવાની ક્રીયા કરે છે. એ રીતે પૃથ્વીના સૂક્ષ્મતત્વમાં બીજા તત્વો ભળવાથી, ઉપર જે સંક્ષેપે વર્ણન કરી બતાવી તે પાંચ જ્ઞાનેન્દ્રિય તથા પાંચ કર્મેન્દ્રિય ને ગ્રહણ કરવાના, તથા ભોગવવાના વિષયો ઉત્પન્ન થયા છે. પૃથ્વીમાં આકાશતત્વનો સુક્ષ્મ ભાગ મળવાથી શબ્દ નામનો વિષય ઉત્પન્ન થયો છે. વાયુ તત્વ મળવાથી, સ્પર્શ નામનો વિષય ઉત્પન્ન થયો છે. તેજ તત્વના મિશ્રણથી રૂપ ઉપજેલું છે. અપતત્વના ભળવાથી રસ અને પૃથ્વીતત્વના ભળવાથી ગંધનામનો વિષય પેદા થયો છે. આપ્રકારે પંચતત્વની વ્યવસ્થાથી સ્થૂલદેહ અને સૂક્ષ્મ તત્વોની વ્યવસ્થાથી સૂક્ષ્મદેહ ઉત્પન્ન થયેલો છે. આ સિવાય આ દેહમાં બીજી અનેક ક્રીયાઓ થાય છે તે પણ તત્વોના મિશ્રણથીજ થાય છે. માટે હે વત્સ, ઉપર કહ્યું તે બધું જીવસેન રાજાનું સૈન્ય છે. આ વિવેચન શ્રવણ કરી મહર્ષશર્મા બોલ્યો

" ભગવન્, ત્યારે આ સ્થૂલશરીરને સૂક્ષ્મશરીરથી હું તો તદન ન્યારોજ છું એમ આથી સ્પષ્ટ થયું. " રૂષિવર વર્ચસતમા બોલ્યા, "હા પણ તે હું તે કોણ છે તેની તને સમજ પડી કે નહી ?" પ્રહર્ષશર્મા બોલ્યો; "ગુરૂમહારાજ હું તે આ હું" એમ કહી છાતીએ પ્રહર્ષે હાથ દીધો એટલે ગુરૂ બોલ્યા " વત્સ એતો જેતું હાથ દઇને બતાવે છે તેતો તારી છાતી છે " પ્રહર્ષ બોલ્યો "આ હું પોતેજ છું ને છાતી ક્યાં છે ?" એમ કહી આખા શરીરપર હાથ ફેરવી બતાવે છે એટલે વર્ચસૂતમા બોલ્યા " એતો તારા હસ્ત પાદાદિ છે " આ સાંભળી પ્રહર્ષશર્મા પાછો ગભરાઇ સવિનય બોલ્યો, " હે ભગવાન ત્યારે શું હું ભ્રમણામાં પડીગયો તેથી ભુલી ગયો ? હા, હા, હવે મને સ્મરણ થયું કે હસ્ત પાદાદી સ્થૂલ અંગોવાળું તે મારૂં સ્થૂલ શરીર છે હું નથી; તેમ આ મારા સ્થૂલ દેહમાં રહેલો સૂક્ષ્મદેહ પણ હું નથી. હું, તો એ સ્થૂલ અને સુક્ષ્મ બન્ને દેહોથી ન્યારો છું એ મને સ્પષ્ટ થયુ. પણ હે સદ્ગુરો, સ્થૂલ અને સૂક્ષ્મ એ બન્ને શરીરમાં એક બીજા સાથે મિશ્ર થએલા પાંચ તત્વો એની મેળે સઘળી ક્રીયાઓ સ્વતંત્રતાથી કર્યા કરે છે છતાં તેમાં કોઇ પણ પ્રકારની કદી અવ્યવસ્થા થતી નથી તેનું શું કારણ હશે તે જાણવાની ઉત્કંઠા થઈ છે તો તે કૃપાકરી મને સમજાવો ?" તત્વવિદ મહાત્મા રૂષિવર્ય વર્ચસૂતમા બોલ્યા, "હે પૂત્ર, તારી શંકા યોગ્ય છે અને તેના સમાધાનઅર્થે જે હું કહું તે એકાગ્રચિત્તે શ્રવણ કર ? જો એ તત્વો, ઉપર બતાવી તે ક્રિયા કરે છે ખરા, પણ પોતાની મેળે કરતા નથી; કારણ કે તે તો સર્વ જડ છે. તેઓનાથી કોઇ પણ કાર્ય સ્વતંત્રતાથી થઇ શકતું નથી. જો કે તેમનામાં નીયમીત ગુણો તથા બળ છે છતાં, કોઈ નિયામક અર્થાત નિયમમાં રાખનાર સિવાય, તેઓ રહી શકે તેમ નથી. આપણે આ સ્થળે દ્દષ્ટાંત તરીકે અગ્નિને લઈએ; તો અગ્નિનું સ્થૂલ સ્વરૂપ શું છે ? તેજ તત્વ છે. તેમાં બાળવાનો, ગરમ કરવાનો વીગેરે ગુણ રહેલો છે અને તે સત્તા વ્યાપ્ત છે;

તથાપિ તેને નિયમમાં લાવી તેનો ઉપયોગ કર્યા વગર બરાબર ઉપયોગ થઈ શકતો નથી. જેમકે ચુલામાં અગ્નિ સળગાવી ઉપર અન્ન પકવવા મુકયું હોય અને તેની બરાબર સંભાળ ન રાખવાથી તે અન્ન કાચુંપાકું રહે છે અગર દાઝી જાય છે; તેવીજ રીતે અંન્ય તત્વોનું મિશ્રણ થવાથી ઉત્પન્ન થતું પરિણામ, પણ કાચુંપાકું રહે છે એમ સમજવું. આટલા માટે તે સ્થૂલ તથા સૂક્ષ્મતત્વોને નિયમમાં રાખવાને દેહની અંદર પ્રત્યેક સ્થાને તે તે તત્વોના જુદા જુદા અધિષ્ઠાતા દેવો સ્થાપિને, વિશ્વપતિએ સર્વોપરિ વ્યવસ્થા કરેલી છે. અને તેથી તે પરમાત્મા નિયંતા કહેવાય છે. હે અધ્યાત્મ શાસ્ત્રના અભ્યાસિ પ્રહર્ષ, હવેતને પ્રત્યેક સ્થુલ અને સુક્ષ્મ શરીરના અંગોનું વર્ણન કર્યું, પ્રત્યેકના અધિષ્ઠાતા દેવતાઓ કહું તે શ્રવણ કર ? પ્રથમ તને આ સ્થૂલ શરીરની આધારભુત જે પંચ કર્મેન્દ્રિય છે તેના દેવતાઓ બતાવું. પ્રથમ વાચ્યેન્દ્રિય જે બોલવાની શક્તિ છે તેને નિયમમાં રાખનાર તેના અધિષ્ઠાતા અગ્નિદેવતા છે; અને તેની સતાથીજ આપણાથી બોલી શકાય છે. બીજી કર્મેન્દ્રિય હાથ છે, તેના અધિષ્ઠાતા દેવતા સુરપતિ ઈંદ્ર છે, અને તેની સત્તાથીજ આપલેની ક્રીયા તે કરી શકે છે. ત્રીજી પાદ (પગ) છે તેના દેવતા ઉપેંદ્રપ્રભુ છે, કે જેની સત્તાથી જવા આવવાની ક્રીયા, તે ઇંદ્રિ કરી શકે છે. ચોથી મુત્રેન્દ્રિય છે તેના દેવતા પ્રજાપતિ અર્થાત બ્રહ્માં છે, જેની સત્તાથી તે મૂત્ર, મૈથુનાદિ કરી, મળત્યાગ અને ઉત્પત્તિની ક્રીયા કરી શકે છે. પાંચમી ઇંદ્રિ, ગુદા છે; તેના દેવતા યમ છે જેની સત્તાથી તે મલ બહાર કાઢવાની ક્રીયા કરી શકે છે. એવીજ રીતે પંચ જ્ઞાનેન્દ્રિયના પણ અધિષ્ઠાતા દેવતાઓ છે કે, તે તેની સત્તાથી તે તે ઈંદ્રિ, પોતપોતાની ક્રિયા કરી શકે છે. શ્રોત્ર અર્થાત કર્ણોના દેવતા દીકપાળો છે કે જે દીગ્પાળોની સત્તાથી કાન શ્રવણ કરી શકે છે. બીજી ત્વચા છે અને તેના અધિષ્ઠાતા દેવતા મરૂતદેવ અર્થાત વાયુ છે. અને તે વાયુની સતાથીજ સ્પર્શાદિ ક્રીયા થાય છે.

ત્રીજી ચક્ષુ છે અને તેના અધિષ્ઠાતા સૂર્યદેવતા છે, કે જેની સત્તાથીજ આંખ જોવાની ક્રીયા કરી શકે છે. ચોથી રસનેન્દ્રિય છે, અને તેના દેવતા વરૂણ છે. તે વરૂણની સત્તાથીજ તે ઇંદ્રિ સ્વાદ જાણી શકે છે. પાંચમી ઘ્રાણેન્દ્રિય સુંઘવાની ઇંદ્રિ છે અને તેના અધિષ્ઠાતા દેવતા અશ્વનિકુમાર છે, કે જેની સત્તાવડે નાક, ગંધ, વા દુર્ગંધ ગ્રહણ કરી તેનું નિરિક્ષણ કરી શકે છે. વળી કર્મેન્દ્રિયોના પ્રેરક અંતઃકરણના પણ દરેક વીભાગો ઉપર પૃથક્ પૃથક્ દેવતાઓ અધિષ્ઠાતા તરીકે રહેલા છે. આકાશના અને પોલાણરૂપી હૃદયમાં રહેલા અંતઃકરણના અધિષ્ઠાતા દેવતા સાક્ષાત વિશ્નુ ભગવાન છે, અને તેમની સત્તાથીજ અંતઃકરણમાં સ્ફુરણો ઉત્પન્ન થાય છે. તે અંતઃકરણના ચાર વિભાગો મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર છે. મનના દેવતા ચંદ્રમા, બૂદ્ધિના બ્રહ્મા, ચિત્તના દેવતા નારાયણ અને અહંકારના દેવતા રૂદ્ર ભગવાન છે. ચંદ્રમાની સત્તાથી મન તર્કવિતર્ક કરી શકે છે. બ્રહ્માની સત્તાવડે બુદ્ધિ નિશ્ચય કરે છે. શ્રીનારાયણની સત્તાથી ચિત્ત તે નિશ્ચયાત્મક વસ્તુનું ચિંતન કરે છે. અને રૂદ્રભગવાનની સત્તાવડે અભિમાની, હુંપણાનું અભિમાન ધરે છે. આથીજ જીવને સત્શાસ્ત્રોમાં અભિમાની કહેલો છે. એ અભિમાની જેવાસ્તવિક રીતે જોતાં જીવ નથી પણ શીવ છે અને તે આ દેહપુરીનો રાજા છે; અને ઉપર બધાં વર્ણવ્યાં તે તેની નિરંતર સેવા બજાવે છે. આવા પ્રકારની વિશ્વપતિએ સર્વોપરિ વ્યવસ્થા કરેલી છે; માટે હે પુત્ર, મેં જે દેહના સ્થુળ તથા સુક્ષ્મ તત્વોનું વર્ણન તને કહી સંભળાવ્યું, તેથી તારા અંતરમાં હવે સ્પષ્ટ થયું હશે કે એ સ્થૂલ અને સુક્ષ્મ બંન્ને દેહો કરતાં તારૂં શીવસ્વરૂપ તેથી તદન ન્યારૂં છે. માટે તેને સમજી અનુભવે કરીને જાણ ? જેમ કોઈ અંધને ચક્ષુ પ્રાપ્ત થાય, નિધર્નને ધન મળે, અપૂત્રને પુત્રમળે અને દરદથી પીડાતો દરદી જેમ નિરામય બની જાય; અને તેથી તેને અનવધિ આનંદ મળે તેવીજરીતે પૂર્વજન્મના શુભ સંસ્કારિ જીવને, પોતાનું વાસ્તવિક સ્વરૂપ સદ્દગુરૂ અને સત્શાસ્ત્રોદ્વારા

જાણ્યા પછી મનુષ્ય દેહની કીમત સમજાય છે. ત્યારેજ તેના શ્રેષ્ટપણાનું ભાન થાય છે અને પરીણામે જીવનને કૃત્યકૃત્ય કરી અપૂર્વ આનંદને તે પ્રાપ્તકરે છે. તેમાંપણ કેટલાક હર્ષવાયુ થવાથી સત્કર્મ કરી શકતા નથી અને નવા શુભસંસ્કારોના બીજકો રોપ્યાસિવાય આયુષ્ય વિતાવી ભવટાવીમાં અથડાય છે. કેટલાક માયાના આવ્રણમાં ફસાઈ જાય છે, અને કેટલાક પૂર્વજન્મથી જે સત્કર્મના સૂત્રે બંધાયલા હોય છે તેઓ આ અમુલ્ય મનુષ્ય દેહને સર્વોત્કૃષ્ટ સમજી, પરમતત્વની પ્રાપ્તિ અર્થે, નિરંતર પ્રયત્ન શીલ રહે છે અને અમુક કાળે પરમ પદમાં અવસ્ય મળી જાય છે. તેને પરમપદની પ્રાપ્તી અર્થે પ્રયત્નશીલ થવામાં પ્રથમ સદગુરૂનું શરણુ લેવું પડે છે. તેમાં પણ સદભાગ્યે જો યથાર્થ અને સમર્થ સદગુરૂનું શરણુ પ્રાપ્ત કરે છે તો તેનો મનુષ્યદેહ સર્વશઃ કૃત્યકૃત્ય થાય છે." આ પ્રમાણે પોતાના સદગુરૂનો સદુપદેશ શ્રવણ કરી પ્રહર્ષશર્મા બોલ્યો "હે ભગવાન, હવે મને શરીરની શ્રેષ્ટતા સમજાઈ છે. અને આપ સદગુરૂનુ પણ શરણ મેં યથાર્થ રીતે પ્રાપ્ત કર્યું છે. માટે હવે આ સંસારના કલેશ દુઃખાદિના ભયથી મુક્ત થવા માટે, તથા કર્મોનો ક્ષય થવા માટે મને સન્યાસની દિક્ષા આપોતો કેવું સારૂં; હવે આયુષ્ય વિતે ત્યાં સુધી ત્યાગાશ્રમ ગ્રહણ કરી, પરમાત્માના ચિંતનમાં કાલવ્યતિત કરવો એ યોગ્ય છે. હે ગુરો, હું સ્થૂળ અને સૂક્ષ્મ દેહથી કેવલ ન્યારો છું, અને એ સ્થૂલ તથા સૂક્ષ્મ શરીરો તો એક જ્યોતિસ્વરૂપ પરમાત્માને રેહેવાના મહાલયો છે, અને તેથી તે સર્વોત્કૃષ્ટ છે. સર્વોત્તમ છે. સર્વોપરી છે એમ મને સ્પષ્ટ સમજાયું છે તો પછી આ દુઃખરૂપ સંસારમાં તે સર્વોપરી મહાલયોને ત્રિવિધીતાપથી યુક્ત બનાવી મલાદિક આવર્ણોથી શું કામ બગાડું ! કર્મ કરી કરીને આભવચક્રમાં શું કામ ફસાયેલો રહું ? નહીજ । प्राप्य चानुत्तमं जन्म लब्ध्वा चेन्द्रिय सौष्ठवं ! नवेत्यात्महितं यस्तु सलव ह्यात्मघातक ॥ મનુષ્ય જેવો અનુપમ જન્મ પ્રાપ્ત કરી, શાંત ઇંદ્રિયો પામી, જે આત્મ-

હિત અર્થાત પોતાના શ્રેયસૂને જાણતો નથી તે આત્મઘાતી છે એમ મહાભારતમાં પણ કહેલુ છે; તો પછી હે ગુરો કર્મ કરવાં એ કેવલ મનેતો આયોગ્ય લાગે છે; પછી જેવી આપની આજ્ઞા. હે ભગવાન આપ મારા સદગુરૂશ્રીછો તો જે મારા કલ્યાણનો માર્ગ હોય તે બતાવા કૃપા કરો ? ”

આ વચનો સાંભળી મુનિવર્યસૂતમા પ્રહર્ષને કહેવા લાગ્યા; “ હે પવિત્ર બ્રહ્મચારિ, તું તારા કલ્યાણના માર્ગને જાણતો નથી તેથી તું કર્મત્યાગથી મનુષ્યજીવનની સાફલ્યતા છે એમ માની બેઠો છે; તેમ કર્મત્યાગથી જીવનમુક્તિ પ્રાપ્ત થવાનો નિશ્ચય સેવી બેઠો છે. પણ હે વત્સ ! એ સર્વ તારો મિથ્યા દુરાગ્રહ છે. કર્મત્યાગ કેવા પ્રકારનો અને કયારે કરવાનો છે તે શ્રીસદગુરૂ અને વેદશાસ્ત્રોદ્વારા તારે રૂડે પ્રકારે પ્રથમ જાણવાની જરૂર છે અને પશ્ચાત્ ચતુર્વિધ પુરૂષાર્થની સિદ્ધિ પ્રાપ્ત કરવા અર્થે પ્રયત્ન કરજે ? એટલે જીવનમુક્તીના નિર્તિશયસુખને પ્રાપ્ત કરવાનો તું અધિકારી બનીશ. માટે સંસારનો ત્યાગ કરી સંન્યાસ ગ્રહણ કરવાના તારા દુરાગ્રહને હમણાં કોરાણે મુકી પ્રથમ તારો ધર્મ એ છે કે ગૃહી થવું. અને સર્વ આશ્રમોને પાળી પશ્ચાત પરમપદે સ્થિત થવું. કર્મનો ત્યાગ કેવલ દુઃખરૂપ છે એ વિષય ઉપર દૃષ્ટાંત આપી એક વ્યાખ્યાન તને કાલે શ્રવણ કરાવીશ, તે તું એક ચિત્તે શ્રવણ કરજે ? હે વત્સ ! આજે હવે જા ? રાત્રિ ઘણી વીતી ગઇ છે તો જઇ વિશ્રાંતિ લે ” ? એમ કહી મુનિ પોતાની સંયમશાળામાં પધારી ગયા અને પ્રહર્ષશર્મા સહીત બધું શીષ્યમંડળ પોતપોતાના સ્થાને નિદ્રાવશ થવા અર્થે વિસર્જન થયું.

—તરંગ ૩ જો.—

—કર્મનો ત્યાગ કેવલ દુઃખરૂપ છે.—

બીજે દીવસે મુનિ વર્ચસ્નમા પોતાના શિષ્ય પ્રહર્ષશર્માને સદુપદેશ દેવાઅર્થે નિત્યનિયમાનુસાર પોતાના આસને બીરાજ્યા એટલે પ્રહર્ષ સહિત સર્વ શિષ્યમંડળે ઉભા થઈ પોતપોતાના અધિકાર પ્રમાણે મુનિને સાષ્ટાંગ કર્યા અને તરતજ પ્રહર્ષને સંબોધીને બધું શીષ્યમંડળ શ્રવણ કરે તેવી રીતે મુનિ નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

"હે વત્સ પ્રહર્ષ ! 'કર્મનો ત્યાગ કેવલ દુઃખરૂપ છે, એ સદ્ગુરૂ અને સત્શાસ્ત્રોના વચનનો, પ્રથમ યથાર્થ અનુભવ કર. પશ્ચાત કર્મનો ત્યાગ સુખરૂપ છે કે દુઃખરૂપ તેનો મનથી નિશ્ચય કર? હે અધિકારિ શિષ્ય, સાધારણ બુદ્ધિથી વિચારી જોતાં તને સ્પષ્ટ રીતે સમજાશે કે જ્યાં સુધી પ્રાણી, ગૃહી અર્થાત સંસારી થઇ કર્મો કરતો નથી, ત્યાં સુધી તે કર્મોનો ત્યાગ શી રીતે કરી શકે ? કોઇ વસ્તુ આપણે ગ્રહણ કરેલી ન હોય ત્યાં પછી તે વસ્તુને ત્યાગવાનું કદી પણ શી રીતે બને ? તેમ કર્મ જો ન કરવામાં આવે તો કર્મત્યાગ શી રીતે સંભવે ? **अनाश्रितः कर्म फलं कार्यं कर्म करोतिय । स सन्यासि च योगी च न निरग्निर्न चाक्रियः** । હે પુત્ર, કર્મનો ત્યાગ દુઃખરૂપ છે પણ કર્મના ફલનો ત્યાગ સુખરૂપ છે. જો ! શ્રીકૃષ્ણ પરમાત્મા પણ ભગવદ્ગીતામાં અર્જુનને એજ વચનથી પ્રબોધે છે કે કર્મફલનો આશ્રય કર્યા વગર જે કર્મો કરે છે તેજ સંન્યાસિ છે; તેજ યોગી છે; બાકી અગ્નિનો ત્યાગ કરનાર કે [1]નિષ્ક્રીય રહેનાર ખરો સંન્યાસિ કે યોગી નથી.

માટે હે બેટા ! ગૃહસ્થાશ્રમને ગ્રહણ કરનાર જ્યાં સુધી તું ગૃહી થયો નથી ત્યાં સુધી શી વસ્તુ ત્યાગી શકીશ ? હે બાપ, સુખની ઇચ્છાએ ત્યાગી થનાર સુખી થતો નથી. કારણકે વાસના-ઇચ્છા-લાલસા કિંવા આસક્તિ માત્રનો ત્યાગ

---

૧ નિષ્ક્રીય-અક્રિય-કર્મરહિત.

કરવાથીજ કૈવલ્યપદનું સૂખ, પ્રાણીને મળે છે. માટે તું પણ સંસારી અર્થાત્ ગૃહસ્થાશ્રમી થા ? ગૃહસ્થાશ્રમને ભોગવીને તે પ્રથમ સિદ્ધ કર ? પશ્ચાત્ કૈવલ્યપદનાઅખંડસુખની પ્રાપ્તિ અર્થે યથાવિધિ '**सर्वकर्मान परितज्य**' એ શ્રીમદ્ ભગવત્ ગીતાંના વચનાનુસાર, સર્વ કર્મનો ત્યાગ કર ? હે બેટા! ચતુર્વિધ પુરૂષાર્થ (ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ) સિદ્ધ થયા પછીજ પ્રાણી તે અખંડ સુખનો યથાર્થ અધિકારિ બને છે. યથાવિધિ વિહિતકર્મો આચરવાથીજ સર્વ આશ્રમ સિદ્ધ થાય છે. માટે યથાવિધી વીહીતકર્મો કરીને પ્રથમ આ તારા મનુષ્યજીવનનું કર્તવ્ય, એટલે તારા જીવનનો ધર્મ, તારી ફરજો, તારા જીવનની સાફલ્યતા, કેવા પ્રકારના સદ્પુરૂષાર્થમાં છે, તેને અંતરમાં અનુભવે કરીને જાણ ? ત્યાર પછી શ્રીસદ્ગુરૂ અને સત્શાસ્ત્રની આજ્ઞાનુસાર સ્વધર્માચરણથી ચાલીને દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ એ જે મનુષ્યજીવનનો પરમ હેતુ છે તેને સિદ્ધ કરવાના સાધનો પ્રાપ્ત કર ? એટલે તારો અર્થ સિદ્ધ થશે. પશ્ચાત્ કામ એટલે ઇચ્છા, પણ તે ઇચ્છા બીજી નહીં પણ શ્રીસદ્ગુરૂ અને સત્શાસ્ત્રોદ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની કામના છે; તે કામના વિહિત પ્રયત્નથી પૂર્ણ થતાંજ મુક્તિ અર્થાત મોક્ષ પ્રાપ્ત થશે. હે વત્સ ! આ પ્રકારે ચારે પદારથને સિદ્ધ કરી વાસ્તવિક અખંડાનંદના પદે બિરાજેલા આ કાળમાં કરોડોમાં કોકજ હોય છે. આ કાળમાં સદ્ગુરૂ અને સત્શાસ્ત્રોદ્વારા યથાવિધિ એ ચારે પદારથ અર્થાત્ ચતુર્વિધ પુરૂષાર્થની સિદ્ધિ પ્રાપ્ત કર્યા વગર પ્રાણીયો કૈવલ્યપદના અખંડ સુખને પ્રાપ્ત કરવાની તિવ્રેચ્છા સેવે છે અને તેથીજ તેમના જીવનનો પરમ હેતુ સિદ્ધ થઇ શકતો નથી. હે બેટા ! આ કાળમાં પ્રાણીઓ જેમાં સુખ ઇચ્છે છે તેમાં સુખને બદલે અત્યંત દુઃખ દેખે છે; માટે તું જો વાસ્તવિક સુખની ઇચ્છા રાખતો હોય તો સર્વ આશ્રમોને પાળી ચતુર્વિધ પુરૂષાર્થને સિદ્ધ કર ? હે વત્સ, પ્રથમ આ સ્પર્શકાન્તરૂપીમણિના ચાર

કીરણોરૂપ ચાર ભાગમાં તને ધર્મ, અર્થ કામ અને મોક્ષ એ ચા
પદારથોના સ્વરૂપ, અને તેને સિદ્ધ કરવાના સાધનો, સરલતાર
સંક્ષેપમાં સમજાવાની ખાતર હું પ્રવૃત્તિ કરીશ. પશ્ચાત્
પ્રસન્ન થઇ ગૃહી થઇશ તોજ તારૂં કલ્યાણ થશે. અને એ
તારા કલ્યાણનો સુગમ માર્ગ છે. હમણાં તને એકદમ ગૃહસ્થ
શ્રમમાં જોડવામાં આવે તો તું અપ્રસન્નતાપૂર્વક નાછૂટકે મા
આજ્ઞાનું પાલન કરે તેથી કશુંજ ફળ નથી. માટે હે બેટા
પ્રથમ આ સ્પર્શકાન્તરૂપી મણીના પ્રથમ કિર્ણરૂપ, ધર્મ, નામ
પેહેલો ગ્રંથ, તારા પ્રતિ સંક્ષેપમાં કથન કરવામાં આવે તે
એકાગ્રચિત્ત શ્રવણ કર ? પશ્ચાત્ તારી ઇચ્છામાં આવે તે પ્રમા
પ્રસન્નતાથી તારા કલ્યાણના માર્ગે વહન કરજે."

પોતાના સદગુરૂ મુનિ વર્ચસૂતમાના આ પ્રકારના વ
સાંભળી પ્રહર્ષ બે હાથ જોડી બોલ્યો, "હે ગુરો, આ
મન ધન અને સર્વસ્વ મારૂં આપજ છો ? માટે આપની ઇચ્
સિવાય મારી ઇચ્છાથી હું કંઇ પણ કરી શકવા અસમર્થ છુ
હે ભવોભવના પિતા ! આપ જેમ કહેશો તેમ કરવામાંજ
મારૂં શ્રેય સમજું છું. પોતાના સદગુરૂની આજ્ઞા પ્રમાણે
પગલું ભરનાર શિષ્યને, ત્રિકાળમાં પણ કોઇ વિઘ્ન કરવા સમ
નથી. એમ આપને મુખે મેં પણ અનેકવાર શ્રવણ કર્યું
તો હે ભગવન્ ! આપ જે યથાસ્થિત મારા કલ્યાણનો મ
બતાવશો, તેજ માર્ગે સદા આપની ઇચ્છાનુસાર વહન કર
તત્પર રહીશ. પણ કર્મત્યાગ એ કેવલ દુઃખરૂપ છે એ વિ
ઉપર આપશ્રીએ એકાદ દૃષ્ટાંત શ્રવણ કરાવા કહ્યું હતું તે શ્રવ
કરાવા કૃપા કરો ?"

આ પ્રમાણે પ્રહર્ષનું કહેવું સાંભળી મુનિ કહે છે, "
પવિત્ર બ્રહ્મચારિન્ ! તારી તીવ્ર ઇચ્છા છે તો તને કર્મનો ત્ય
એ દુઃખરૂપ છે કે નહિં તેનું આજે એકાદ રસિક દૃષ્ટાંત આ
સમજાવું છું, તે તું લક્ષપૂર્વક શ્રવણ કરજે ? હે અધિકારિન્
તું મારી પાસે વીશ વર્ષપર્યંત રહી વેદશાસ્ત્ર ભણ્યો ગણ્યો

સંપૂર્ણ રીતે જ્ઞાનને પામ્યો પણ શ્રીમદ્ ભગવાને ગીતામાં કહ્યું છે કે "**स्वेस्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः**" અર્થાત ગમે તેવું જ્ઞાન પ્રાપ્ત થયું હોય તોપણ જો જીવ પોતાના કર્ત્તવ્યપરાયણ રહે છે તોજ પરિણામે મોક્ષ પામે છે; માટે સર્વે પ્રાણીઓએ પોતપોતાને પ્રાપ્તકર્મ હોય તે કરવામાં નિરંતર પ્રયત્નશીલ રહેવું ઘટે છે. પછી તે ફલદાતા હોય કિંવા ન હોય પરંતુ વિધીપૂર્વક કર્મત્યાગ સિદ્ધ ન થાય ત્યાં સુધી મુમુક્ષુએ પોતાને પ્રાપ્ત થએલા કર્મો અવશ્ય કરવા ઘટે છે. નહિં તો તે નરાધમ બની અંતે અધોગતિને પ્રાપ્ત થાય છે. આ લોક અને પરલોક બન્ને બગાડે છે; અને પરીણામે રાજા ત્રિશંકુવત અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થાય છે. માટે હે બેટા ! પ્રહર્ષ, હવે કર્મનો ત્યાગ કેવલ દુ:ખરૂપ છે એ વિષય ઉપર આજે તને એક રસિક દૃષ્ટાંત શ્રવણ કરાવું, તે તુ પ્રસન્નતાપૂર્વક એકાગ્રચિત્તે શ્રવણ કર ! પશ્ચાત તારા મનને સમાધાનમાં લાવવાનો પ્રયત્ન કર !

પૂર્વે પતિતપાવની સર્યુનદીના એક પવિત્ર કિનારા ઉપર શિવપુર કરીને એક અતિ સુંદર અને વિશાળ નગર હતું. તેની ગાદી ઉપર શુભ્રકેતુ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. હે પ્રહર્ષ, તે શૂભ્ર કેતુ અત્યંત આત્મજ્ઞાની અને જનકવિદેહી જેવો ગુરૂમૂખી રાજા હતો. તે સર્વદા પોતાના સદગુરૂ સિદ્ધેશ્વરાચાર્યને નિરંતર પોતાની સમીપ રાખતો હતો. અને પ્રત્યેક ક્રિયામાં સદ્ગુરૂને આગળ રાખી વ્યવહાર અને પરમાર્થના સર્વ કર્તવ્ય કરતો હતો. તે કોઇ પણ કાર્યમાં ગુરૂઆજ્ઞા વગર કદી પણ પ્રવૃત્ત થતો નહિં. તેને શુભ્રમતિ નામની એક સ્ત્રી હતી. તે કેવલ પતિપરાયણ રહેનારી એક સાધવી સતી હતી. આ ગુરૂપરાયણ વૃત્તિવાળું દંપતીનું જોડું, ગુરૂસેવામાં સર્વદા તત્પર રહેતું; સદ્ગુરૂદ્વારા પ્રાપ્ત થયેલા અનેક કષ્ટકારી સાધનો યથાવિધી સાધી, સ્વાર્થ અને પરમાર્થ ઉભયની સિદ્ધી કરવા સદોદીત પ્રવૃત્ત રહેતું. આ સ્વધર્મપરાયણ દંપતિ આ પ્રકારે યથાવીધી કર્મો કરતા હતાં છતાં, તેઓને પ્રજાનુ સુખ લેશપણ નોહોતું; જેથી તેમના સદગુરૂ સિદ્ધેશ્વરાચાર્ય

તેમને એકાદ સંતતિ, પ્રાપ્ત થવાના આંદોલનો યોગબલવડે નિરંતર આપ્યા કરતા હતા; ' सत्पुरुष वाक्यं न चलंति धर्मे ' સત્પુરૂષનું વાક્ય કદી કાળે ચલાયમાન થતું નથી તે નિયમાનુસાર આપણા તત્વવિદયોગી સીદ્ધેશ્વરાચાર્યની શુદ્ધ સત્ય અને દઢ સંકલ્પવાળી ભાવના સત્વર ફલિભુત થઈ, અને તે રાજાને એક પૂત્રની પ્રાપ્તિ થઈ. તે પૂત્રનું નામ ભગવાનસિંહ પાડયું. તે લાયક ઉમરનો થતાં સુધી, ઉછેરવા માટે પોતાના સદગુરૂને સોંપવાનો તે દંપતિએ નિશ્ચય કર્યો. હે પ્રહર્ષ, આવો નિશ્ચય કરીને તે રાજારાણી, પોતાના કુંવરને સદ્દગુરૂ સિદ્ધેશ્વરાચાર્યના હાથમાં સોંપવા જાય છે કે સત્વર તેમને રોકીને તે મહાન પુરૂષ તે દંપતિને કહેવા લાગ્યા " હે પવિત્ર તથા સ્વધર્માચરણી રાજકુલ ભૂષણ દંપતિ, તમે મને આ બાળક ઉછેરવા સોંપો છો પણ તે પેહેલાં મારે કહેવું જોઇએ કે તે મારી પાસે ઉછરી મોટો થવાથી ત્યાગને ઇચ્છશે; કારણ કે ઉછેરવામાં શરૂઆતના સાધનો તથા કેળવણી જે તેને યોગ્ય જોઇએ, તે મારાદ્વારા પ્રાપ્ત થવાનો અભાવ છે. જેથી કરીને પરિણામે તે સમજ્યા વગર ત્યાગ ગ્રહણ કરવાની હઠ કરી, રાજપાટ તજી દેઇ ત્યાગી થઇ જશે. એમ થવાથી હે રાજન્, તે પોતાના જીવનને અને મને ઉછેરનારને ઉભયને ભ્રષ્ટ બનાવશે. તે ઉપરાંત તમારી વૃદ્ધાવસ્થા પણ બગડશે અને પરિણામે આપણને સર્વને શોક અને ગ્લાનિ પ્રાપ્ત થશે. માટે હે મુમુક્ષુ નૃપતિ, તમે તમારૂ પ્રાપ્ત કર્મ કરો. બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય કે શૂદ્રજાતિ જો પોતાને પ્રાપ્તકર્મોનો પરિત્યાગ કરે છે તો અવશ્ય અધોગતિનેપ્રાપ્ત થાય છે; જેનું એક નિચે પ્રમાણે દૃષ્ટાંત કહું તે શ્રવણ કર ?

આ પ્રકારના વચન શ્રવણ કરી, હે પ્રહર્ષ તે બાળક રાણીને આપીને, તે શૂભ્રકેતુ રાજા બે હાથ જોડી પોતાના ગુરૂ સિદ્ધેશ્વરાચાર્ય પ્રતિ કહેવા લાગ્યો " હે ભગવન્ આપનું કહેવું સર્વશઃ સત્ય છે, યદ્યપિ તેનું દૃષ્ટાંત શ્રવણ કરાવા દાસ ઉપર અનુગ્રહ કરો, ?

હે પ્રહર્ષ, મહાત્મા સિદ્ધેશ્વરાચાર્ય પોતાના શીષ્ય શુભ્રકેતુ રાજાની આ પ્રકારની જીજ્ઞાસા જોઇ રાજાને નીચે પ્રમાણે કેહેવા લાગ્યા.

" સિદ્ધેશ્વરાચાર્ય કહે છે, " હે રાજન, પૂર્વે એક હિમાલયની તળેટીમાં વિમળપુરી નામની નગરી હતી. ત્યાં એક દિગંબર નામના પવિત્ર તત્વવિદ્વરિષ્ઠ તેમજ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ એવા મહાત્મા વસતા હતા. તેમની પાસે અનેક વિદ્યાર્થિઓ દેશપરદેશથી આવી વેદશાસ્ત્રના અધ્યયનઅર્થે રહેતા હતા. આ વિદ્યાર્થિઓમાં એક ભાનુદેવ નામનો બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારિ ષટ્શાસ્ત્ર સંપન્ન થવા માટે તે દિગંબર સ્વામિ પાસે બાળપણથી આવીને રહ્યો હતો. તેને ગુરૂકુલ નિવાસ કરે અત્યારે લગભગ અઢાર વર્ષ થવા આવ્યાં હતાં. ભાનુદેવની ઉમર અત્યારે લગભગ ત્રવીસ વર્ષની થવા આવી હતી. આ સમયે તે ચારેવેદ તથા ષટ્શાસ્ત્ર ભણી પારંગત થયો હતો; હવે તેને માત્ર અનુભવજ્ઞાન મેળવવાનું બાકી રહ્યું હતું. સર્વ શાસ્ત્ર અને ચારે વેદો તેને કંઠાગ્ર હતા, તેથી પોતાના દિગંબર ગુરૂને નિવૃત્તિ આપી, અન્ય વિદ્યાર્થીઓને પોતે યથાસ્થિત શિક્ષણ આપતો હતો. આથી કરીને તેના ઉપર સદા તેના ગુરૂ દીગંબર યોગિ અતિ પ્રસન્ન રેહેતા. ભણીગણી પારંગત થયો જાણી એક દિવસ ભાનુદેવને દીગંબરરૂષિ નીચે પ્રમાણે કેહેવા લાગ્યા, કે " હે પ્રિય શિષ્ય ભાનુ, તું ભણીગણી પારંગત થયો તેમજ તારે જે જે જ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરનું હતું તે સઘળું અત્યાર સુધીમાં તેં પ્રાપ્ત કર્યું છે માટે હવે સ્વદેશે જા ? અને ગૃહી થઇ તારા કર્ત્તવ્યને કર ? " આ વચન સાંભળી પેલો બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારિ ભાનુદેવ કહેવા લાગ્યો " હે ગુરો હવે મારે સ્વદેશ જવું અને ગૃહસ્થાશ્રમી થવું એમ આપ આજ્ઞા કરો છો, પણ વીચારી જોતાં, તેથી કંઇ પણ મારા કલ્યાણનો માર્ગ સધાય એમ મને લાગતું નથી. કારણ કે સંસારીને સદોદિત ખટપટ અને પ્રપંચયુક્ત રહેવું પડે છે. અત્યંત

કષ્ટ સહન કરી સંસાર ખેડવાને સાધનો પ્રાપ્ત કરવાં પડે છે. માટે હે ભગવન્, જો સંસારમાં પ્રવેશવાનું કહેશો તો સંસારમાં પ્રવેશ કરી પ્રથમ તો મારે, કોઈ મારાલાયક સદગુણી પત્નિ શોધી, તેની સાથે યથાવિધિ લગ્ન કરવું પડશે. અને જો તેવા પ્રકારની સ્રી પ્રાપ્ત ન થાય તો, જ્યાં સુધી લગ્ન ન થાય ત્યાં સુધી ઘર હાથે ચલાવવાની, અતિ દુઃખદાયક પ્રવૃત્તિ સેવવી પડશે. અને કદાચ મારા સદભાગ્યે જો સદગુણી સ્રી પ્રાપ્ત થઇ તો અમારા ઉભયવડે ઉત્પન્ન થએલી પુત્ર પુત્રી આદિ પ્રજાને, અતિ કષ્ટ વેઠીને પણ રૂડીરીતે પાલન કરવાની મોટી ઉપાધી વેઠવી પડશે. અને કદાચ દુર્ભાગ્યે પ્રજા ન થઇ તો અમારા ઉભયના અંતઃકરણ, પૂત્ર વિના પિંડ દાન કોણ આપશે ઇત્યાદિ ચિંતાઓથી સતત બળ્યાં કરશે. અને તેમ થવાથી અમને બન્નેને અંતકાલે પૂત્રૈષણા રહી જશે, અને તેથી અસદગતિ થશે. એમ સંસારચક્રમાં અટવાયાં કરવું પડશે. હે પ્રભુ, વળી કદાચ સંતતિ થઇ તો તેનું રૂડીરીતે પાલન કરવાસારૂ દ્રવ્ય પ્રાપ્ત કરવાની ઉપાધી કરવી પડશે. દ્રવ્યપ્રાપ્તિઅર્થે અત્યંત શ્રમ કરતાં છતાં કદી દ્રવ્ય પ્રાપ્ત ન થયું તો દારિદ્રાવસ્થાના દુખમાં જીંદગી વ્યતિત કરવી પડશે; અને કદાચ દ્રવ્ય મળશે તો દેવ, ગુરૂ, પિતૃ ઇત્યાદિના સંસારીને માથે જે રૂણો રહેલાં છે તે સદગુરૂ તથા વેદશાસ્ત્રે પ્રતિપાદન કરેલા વિહિત માર્ગે પતવવાં પડશે. વળી તે વિહિતમાર્ગે વર્ત્તન ચલાવતાં સર્વ સંબંધીઓ અને ન્યાતજાત ઇત્યાદિ સાથે હળીમળીને ચાલવું પડશે. હે ગુરો, આ સઘળી ઉપાધીઓ વળગશે અને તેથી કરીને મારા જેવા જ્ઞાનીને ચિત્તમાં નિરંતર ક્લેશ થશે. કારણ હું જાણું છું કે સંસાર અસાર છે, આગમાપાયી છે; અને તેથી કર્મનો ત્યાગ એજ સર્વ સંસારીઓ માટે કેવલ સુખકર છે. વળી મેં આપશ્રીના મુખે અને વેદશાસ્રદ્વારા પણ એ વાત જાણી છે છતાં એવી દુઃખપ્રદ ઉપાધીને વ્હોરીને હું સંસારી બની રહું તો પછી મને ચિત્તમાં ક્લેશ થયા વગર કેમ રહે?

શાંતિ શેની મળે? શ્રીપરમાત્માનું સ્મરણ કરવા એક ક્ષણ પણ પછી શેની પામું? વળી વેદશાસ્ત્રદ્વારા અને આપશ્રીના મૂખે એમ ઘણીવાર મેં શ્રવણ કર્યું છે કે આ શરીર એ પરમાત્માને રહેવાનું મંદીર છે, તો તે મંદીરને જાણી જોઇને સત્વગુણરૂપિ સુવર્ણથી મઢવાનું મુકીને રાજસતમસ્ ઇત્યાદિ મિશ્રિતગુણોરૂપ ગારાથી મુર્ખ અને અજ્ઞાની બની શું કામ લીંપુ? વળી આપ વારંવાર શ્રી પરમાત્માનો સાક્ષાત્કાર કરવારૂપી, શરીરનો અને તેના અવયવોનો સદુદ્યમજ સ્તુતિપાત્ર છે, અને તેમાંજ જીવનનો વ્યય તેજ સદવ્યય છે એમ કહો છો, તો તેવા સદવ્યય કરવાને બદલે આ જગત, તેની માયા, અને આ સર્વ દૃષ્યપ્રપંચ જે અનિત્ય અને જૂઠાં છે તેમાં પવિત્ર અને અધીકારી બનેલા મારા જીવનનો વ્યય કરી હાથમાં દીવો લેઈ કુવે પડવા જેવું શું કામ કરૂં? ગુરૂકુલનિવાસ કરી યથાવિધિ બ્રહ્મચર્યનું પાલન કરી વેદપારંગત બની, વેદશાસ્ત્રદ્વારા અને આપ શ્રીસદગુરૂના મુખથી સર્વપ્રકારે રૂડીરીતે સંપુર્ણજ્ઞાન પ્રાપ્તકર્યું, છતાં પછી જાણી જોઇને એવો શું કામ મૂર્ખ બનું કે, 'આવ કુહાડા પગ ઉપર' એ કહેવત પ્રમાણે હાથે કરી આ દુખરૂપ સંસારમાં પ્રવેશ કરૂં. માટે હે ભગવન્, મારા કલ્યાણનો માર્ગ મને તો સર્વથી સરળ અને શ્રેષ્ટ એજ જણાય છે, કે સર્વ કર્મોનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કરી તપશ્ચર્યાઅર્થે કોઇ નિર્જનપ્રદેશે જઇ નિવાસ કરૂં? અને જીવનમુક્ત બની અંતે પરમપદને પ્રાપ્ત કરૂં. હે ગુરો, મારી તો જીજ્ઞાસાનું તાત્પર્ય માત્ર એટલુંજ છે કે જે આશ્રમમાં કિંચિત પણ કષ્ટ ન પડે, અને સર્વદા સૂખનીજ પ્રાપ્તિ રહે, તે આશ્રમનો અંગીકાર કરવા મારી ઇચ્છા છે. માટે મને ત્યાગાશ્રમ ગૃહણ કરવાની આજ્ઞા આપો?"

ઉપર પ્રમાણેના ભાનુદેવ બ્રહ્મચારિના વચનો શ્રવણ કરી દિગંબર મુનિ કહેવા લાગ્યા "હે વત્સ! ત્યાગાશ્રમની અયોગ્ય આજ્ઞા તને આપવાની મારી ઈચ્છા નથી. હે બેટા! સંસારીની

જે જે ઉપાધીઓ તેં નીવેદન કરી તે તે સર્વ તને અનુમાન-સિદ્ધ છે પણ તે હજી અનુભવે તેં જાણી નથી. હે પુત્ર અનુમાનમાં સત્યાસત્ય રહેલું છે, અને અનુભવમાં માત્ર સત્યજ છે. પ્રાણીએ જે અનુભવથી જોયું જાણ્યું છે તેજ તેના અંતરમાં સત્ય અને સ્પષ્ટ સમજાય છે. અનુમાનથી સર્વ જોએલું જાણેલું કલ્પનામાત્ર છે અને તેથી તે અસત્ય પણ હોઇ શકે છે. હે પવિત્ર બ્રહ્મચારિન્, માટે તું અનુમાન કરવાને બદલે તે તે ઉપાધિના સ્વરૂપોને અનુભવે કરીને પ્રથમ જાણ, પશ્ચાત તે તે સર્વ ઉપાધિનો યથાવિધિ ત્યાગ કરી ત્યાગાશ્રમને ગૃહણ કર ? જો હજી તારૂં વય ત્રેવીશ વર્ષનું છે, અને આ તારી ઉમર ગૃહી થવાનેજ લાયક છે. આ તારી યુવાવસ્થા અન્ય આશ્રમ ગૃહણ કરવા યોગ્ય નથી. હે બેટા ! તું આ ક્ષણપર્યંત મારી પાસે રહી એકાંતવાસને સેવે છે, જેથી સંસાર શું અને સંસારનો વા કેવો છે, તેનો તને યત્કિંચિત પણ હજી અનુભવ થયો નથી. હજી કોઇ સંસારીનો તને સ્પર્શ કે સંબંધ પણ થયો નથી. તેમજ કોઈ સંસારીની જોડે અત્યાર સુધી તું રહ્યો પણ નથી; એટલે હે બાપ, સંસારના સ્વરૂપથી તું કેવળ અજ્ઞાત છે. હે વત્સ, શાસ્ત્રોદ્વારા આ સંસાર અસાર અને મિથ્યા છે એમ જાણી સંસારનો ત્યાગ કરવો, તેને બદલે આ સંસાર અસાર અને મિથ્યા છે એ અનુભવથી સિદ્ધ કરી, પશ્ચાત તેનો ત્યાગ કરવો એજ અત્યંત તારે માટે સુગમ અને યોગ્ય છે. હે પવિત્ર વિપ્ર, ગૃહસ્થાશ્રમનો અંગીકાર કરી ગૃહસ્થાશ્રમને સિદ્ધ કરવો તેનેજ સંસારનું યથાર્થ સ્વરૂપ જાણ્યું કહેવાય છે. માટે તું મારૂં કહ્યું માની ગૃહસ્થાશ્રમનો પ્રથમ અંગીકાર કર ?" હે પ્રહર્ષ, આ પ્રમાણેનું તે દીગંબર ગુરૂનું કહેવું ભાનુદેવે ન માનીને, સ્વેચ્છાથી ત્યાગાશ્રમ ધારણ કરી, દીગંબરનો આશ્રમ ત્યાગી ત્યાંથી ચાલી નીકળ્યો. દીગંબરે પણ પછી આગ્રહ કર્યા વગર જવા દીધો. તેના ગયા પછી દીગંબર યોગીએ મન સાથે એવો નિશ્ચય કર્યો કે તે ઘણીએ ઠોકર ખાઇ સમજશે ત્યારે પાછો આવશે.

આ પ્રમાણે ભાનુદેવ પોતાની સ્વેચ્છાથી ત્યાગી થઇ જઇ આશ્રમ છોડી ચાલી નીકળ્યો; અને બદ્રિનારાયણ આગળ આવેલી ગંગાજીના પવિત્ર ઘાટ સમીપ એક સુંદર કામોપશમન નામનું ઉપવન હતું, ત્યાં જઈ યોગ્ય સ્થળ શોધી, તેણે પોતાનું આસન રચ્યું. આ પ્રમાણે બે ત્રણ વર્ષ વીતી ગયાં, અને તે ઉપવનના મોટા તપસ્વિ તરીકે તેનું નામ સર્વ સ્થળે ઓળખાવા લાગ્યું. એક દીવસના સમાયોગે તે પોતાના આસન ઉપર બેઠો હતો, અને ઉંચે આકાશ તરફ દૃષ્ટિ ફેરવતો હતો એટલામાં એક વેન નામનો ગંધર્વ એક નગ્ન અપ્સરાને લેઇ, તે ઉપવનમાં ક્રિડા કરવાઅર્થે આકાશમાંથી ઉતર્યો. તે અનેક સ્થળ જોઈ વળ્યો પણ આ આશ્રમ સમાન એકાંત અને રમણિય સ્થળ તેને કોઇ પણ જણાયું નહિં. જેથી ભાનુદેવના આશ્રમે આવી, ભાનુદેવને કહેવા લાગ્યો. “ હે તરૂણ વિપ્ર, આ ઉપવન તો અમારા ગંધર્વકિન્નરાદિ લોકોને વિહાર કરવાનું સ્થાન છે; તેથી તમે તમારી તપશ્ચર્યા અત્રે બરાબર જાળવી શકવાના નહિં, માટે કોઇ અન્ય ઉપવનમાં જાઓ ” ? વેન ગંધર્વનાં આવાં વચન શ્રવણ કરી ભાનુદેવ કહેવા લાગ્યો. “ હે ગંધર્વરાજ અમારે યોગિઓને તો સર્વસ્થળ સરખાં છે. અમારે અમૃત અને ઝેર બંન્ને સમાન છે. અમે સૂવર્ણ અને લોહને એક કરી જાણીએ છીએ. માટે આ ઉપવન કદાચ તમારા ગંધર્વકિન્નરાદિને વિહાર કરવાનું સ્થળ હોય તોપણ તે અમારે મન મૃતિકા સમાન છે. માટે મારી કોઈપણ અડચણ રાખ્યા વગર તમારે વિહાર ક્રીડા કરવી હોય તે સુખેથી કરો ? ” આવું ભાનુદેવ બ્રહ્મચારિનું કહેવું સાંભળી વેન ગંધર્વ બોલ્યો. “ હે બ્રહ્મચારિન્, ત્યારે તમારા નેત્રો તમારા હૃદયમાં વાળેલાં રાખજો, અમારા લોકોના રંગવિલાસ અને મોજશોખ તરફ જો તમે ખરા યોગી અને બ્રહ્મચારિ હો તો લેશપણ દૃષ્ટિ ફેરવશો નહિં. અને જો કદાચ ભૂલેચૂકે અમારા લોકોના વીહાર તેમજ અમારા લોકોની કામક્રિડા તરફ દૃષ્ટિ ફેરવશો, તો પછી તમને અમે સર્વ મળી, શું કરીશું તે

કહી શકતા નથી. નહિં તો આ સ્થળેથી ગમે ત્યાં ચાલ્યા જાઓ ? ” આવાં ગંધર્વરાજ વેનનાં વચન શ્રવણ કરી ભાનુદેવ બોલ્યો. “ ગંધર્વરાજ તમે તમારે જે કરતા હોય તે સુખેથી કરો; હું તમારી ક્રિડા તરફ લેશ પણ દૃષ્ટિ ફેરવનાર નથી. અને ફેરવું તો પછી તમારે જે શીક્ષા કરવી હોય તે કરજો. પણ હું ખરો બ્રહ્મચારિ અને યોગિ છું, એટલે જરા પણ વિષયવાસનાનો હૃદયમાં અંગીકાર થવાનો મારામાં સંભવ નથી. પછી ભાવિ બલવાન છે. ” વેન ગંધર્વ આ પ્રકારના ભાનુદેવના વચન શ્રવણ કરી, પેલી અપ્સરાને લેઈ સામે એક કમળવાળું સુંદર સરોવર હતું તેમાં ક્રિડા કરવાઅર્થે ગયો. તે સરોવરની પૂર્વ દિશાએ બરાબર સન્મુખ ભાનુદેવે એક આસોપાલવના વૃક્ષ નીચે પોતાનું આસન રચ્યું હતું, અને પાસે એક ધુણી સળગાવી હતી. ભાનુદેવ બેઠો બેઠો અંતરમુખ થઇ આંખો બંધ કરી ગાયત્રી મંત્રનો જાપ કરતો હતો. વેન ગંધર્વ કામક્રિડાથી પરવારિ, સ્નાન કરી સરોવરની બહાર અપ્સરાને લેઇને આવ્યો ત્યાં સુધી શાપની બીકે ભાનુદેવે આંખ લેશ પણ ઉઘાડી ન હતી. જેથી વેન ગંધર્વને ખાત્રી થઇ કે આ બ્રહ્મચારિ પરમયોગિ પુરૂષ છે અને જીતેન્દ્રિય છે; માટે તેની કોઇપ્રકારે સેવા કરવી, પશ્ચાત મારે સ્થળે જવું. એવો વિચાર કરી વેન ગંધર્વ ભાનુદેવનું જ્યાં આસન હતું ત્યાં આગળ આવી તેને કહેવા લાગ્યો “ હે ભુદેવ, તમારી જે ઇચ્છા હોય તે મને નિવેદન કરો; હું દેવરાજ ઈન્દ્રની કૃપાથી તે તમારી ઈચ્છા પરિપૂર્ણ કરવા સમર્થ છું. ” આ પ્રમાણે વેન ગંધર્વના વચનો શ્રવણ કરી ભાનુદેવે આંખ ઉઘાડી અને કહ્યું “ હે ગંધર્વરાજ અમે યોગિલોકો નિરંતર નિષ્કામ ક્રિયાઓ કરીએ છીએ. અમારે કોઇપણ પ્રકારની ઇચ્છા, આસક્તિ કે ઇષણા હોવી નથી; જેથી અમે ઇચ્છારહિત હોવાથી તમને શું નિવેદન કરીએ ? અમારે માટે પરમતત્વના દર્શન સિવાય અન્ય કોઇપણ ઈચ્છા કરવાની વેદશાસ્ત્રમાં કહેલી નથી.

માટે જો પરમતત્વના દર્શન કરાવા તમે સમર્થ હો તો કૃપા કરી કરાવો ?" વેનગંધર્વ આ સાંભળી કહેવા લાગ્યો, "હે પવિત્ર વિપ્ર, જો પરમતત્વના દર્શન કરાવા હું સમર્થ હોત તો પછી આ ઉપાધિને હું શું કામ કરત ? અરે પરમતત્વના દર્શનનો સાક્ષાત્કાર દેવરાજઇન્દ્ર પણ કરાવવાને સમર્થ નથી તો હું તે કોણ માત્ર. માટે તેના સિવાય ગમે તે અન્ય ઇચ્છા તમારા અંતરમાં હોય તે નિવેદન કરો તો તે ઇચ્છા પરિપૂર્ણ કરવા હું તૈયાર છું. બાકી તો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા પરિપૂર્ણ કરવા લાચાર છું." આવું તે વેનગંધર્વનું બોલવું સાંભળી ભાનુદેવ બોલ્યો, "હે ગંધર્વરાજ; મારે તો પરમાત્મદર્શન સિવાય અન્ય કંઇજ ઇચ્છા નથી; અને તે ઇચ્છા પરિપૂર્ણ કરવા અર્થેજ આ યોગ સાધુચ્છું. આપ તે મારી ઇચ્છા પરિપૂર્ણ કરવા અશક્ત છો તો ફિકર નહિં હું યોગદ્વારા પરિશ્રમ કરી સાક્ષાત્કારને કરીશ." આ પ્રમાણે ભાનુદેવના વચનો શ્રવણ કરી વેનગંધર્વ તો અપ્સરાને લેઇ ચાલતો થયો; અને આપણો ભાનુદેવ પાછો પોતાના આસન ઉપર પરમાત્મચિંતન કરતો કાલને વ્યતિત કરવા લાગ્યો. વેનગંધર્વ રસ્તામાં ભાનુદેવના યોગીપણા વીશે વિચાર કરવા લાગ્યો કે "આ બ્રાહ્મણ કોઈપણ આશ્રમ સિદ્ધ કર્યા વગર અંતરંગ સાધનો સિદ્ધ કરવા અર્થે બેઠો છે, અને મારા શાપના ભયથી કદાચ તેણે મારી વિહાર ક્રિડા તરફ દૃષ્ટિ ફેરવી નથી. પણ આ કામોપશમન માટેનું ઉપવન હોવાથી, કોઇને કોઇ દીવસે તે કોઇ દેવગણને કામ ક્રિડા કરતાં જોશે, કિંવા કોઈ અપ્સરા તેના સુંદરરૂપથી મોહિત થઇ વિષયવાસના તૃપ્ત કરવાને ઇરાદે, તેની પાસે આવી યત્કિંચીત સ્પર્શ કરશે, તો સત્વર તેનો આ યોગ અને સર્વે જીતેન્દ્રિયપણું છુટી જશે. માટે જો તેને યથાસ્થિત યોગ સાધવો હોય તો આ કામોપશમન નામના ઉપવનમાં નિવાસ કરવો એ ઉચિત નથી." એમ પોતાના મન સાથે વિચાર કરતો કરતો વેનગંધર્વ ત્યાંથી ચાલ્યો ગયો. અને તે અપ્સરા પણ ત્યાંથી કિન્નર લોકમાં વિ-

હાય થઈ ગઇ; તે અપ્સરાનું નામ કૈટભિ હતું. તે કૈટભિને એક વિભાવરિ કરીને બ્હેન હતી. અને તે તદન તરલિકા એ-ટલે તેર વરસની મુગ્ધા કુમારિકા હતી. તે વિભાવરિ મૃત્યુ લોકના એકાદ પવિત્ર બ્રાહ્મણ જોડે પરણવાનો દૃઢ નિશ્ચય કરી શ્રી સદાશિવ ભગવાનનું તપ કરતી હતી. એક દીવસે તેની બ્હેન કૈટભિએ વિચાર કર્યો કે કામોપશમન ઉપવનમાં જે પેલો જીતેન્દ્રિય વિપ્રયોગી તપ કરે છે તેની સાથે જો મારી બ્હેનના લગ્ન કરૂં, તો તેની પ્રતિજ્ઞા સફલ થાય અને તેનો મનોરથ પાર પડે; માટે લાવ તેને કહું કે તારા લાયક પતિ કામોપશ-મનના ઉપવનમાં તપશ્ચર્યા કરે છે; પણ તે અતિ જીતેન્દ્રિય અને ઉગ્ર તપસ્વિ છે જેથી તેને વિહ્વળ બનાવી મોહજાળમાં નાંખી પછી લગ્ન કરીશ તોજ તારી ઇચ્છા પાર પડે તેવું છે, નહિં તો એ વાત બનવાનો અસંભવ છે. કૈટભિ અપ્સરાએ આ પ્રકારનો વિચાર કરી તે પોતાની બ્હેન વિભાવરી અપ્સરા જે શંકરના ધ્યાનમાં બેઠી હતી તેની સમીપ જઇ તેને કહેવા લા-ગી કે, "બ્હેન વિભાવરિ, હિમાલયની તળેટીમાં આવેલા કા મોપશમન નામના ઉપવનમાં એક પવિત્ર વિપ્ર જાતિનો તરૂણ યોગિ ઉગ્ર તપશ્ચર્યા કરે છે, તેને તું જો તારા મોહપાશમાં સપડાવી શકે, તો તે રૂપ, ગુણ અને તપમાં યત્કીંચિત પણ ખામી વગરનો લગ્ન કરવા લાયક છે. માટે તેનું જીતેન્દ્રિ યપણું છુટી જાય અને વિહ્વળ બની તારી મોહજાળમાં તે સપડાય, તો તારી પ્રતિજ્ઞા સફલ થાય." વિભાવરિ આ પ્રકારના પોતાની બ્હેનના વચનો શ્રવણ કરી તત્કાળ શંકર ભ-ગવાનના ધ્યાનમાં બેઠેલી તે ચોંકી ઉઠી અને કૈટભિને કહેવા લાગી "મોટિ બ્હેન, એમ છે તો શંકરકૃપાથી હું તેને મારા નૃત્યગાન અને હાવભાવથી માયાલૂબ્ધ બનાવી, મારી સાથે લગ્ન કરવા તેની વૃત્તિ દૃઢ બનાવી દઇશ. હે બહેન, તે કામોપશ-મનનું ઉપવન મેં દીઠું છે; કારણ કે ગંધર્વ વેનરાજે તેજ ઉપ-વનમાં મને કૈરવનૃત્ય શીખવ્યું હતું; માટે હું ત્યાં જઇ તે

પ્રમાણે કરવા સત્વર યત્ન કરૂં છું. ” આમ કહી વેનરાજ જે પોતાની મોટી બ્હેનનો પતિ હતો તેને વીણા ઇત્યાદિ સાજ વગાડવા સારૂ જોડે લેઇ, તે વિભાવરી કામોપશમનના ઉપવન તરફ ચાલતી થઇ.

મુનિ વર્ચસૂતમા કહે છે, “ હે પ્રહર્ષ, મુની સિદ્ધેશ્વરાચાર્યે પેલા શુભકેતુ રાજાપ્રતિ, ભાનુદેવ પોતાના ગુરૂની આજ્ઞાનો ભંગ કરી તિવ્ર વૈરાગ્ય ધારણ કરી ત્યાગી બની કામોપશમનના ઉપ-વનમાં આસન રચી તપ કરતો હતો; ત્યાં તેની પશ્ચાત કેવી સ્થિતિ થઇ તેની જે હકીગત કહી સંભળાવી, તે હું તને કહું છું તે લક્ષપૂર્વક શ્રવણ કર ? સિદ્ધેશ્વરાચાર્ય કહે છે, “ હે રાજન્ તે ભાનુદેવ તિવ્ર વૈરાગી બનેલો છતાં સંસારના સ્વરૂપથી તદન અજ્ઞાત અને પૂર્ણ યુવાવસ્થાએ પોહોં-ચેલો હોવાથી તેને સ્ત્રી શું અને કામ શું એનું સ્વપ્ને પણ જ્ઞાન ન હતું; જેથી અત્યારસુધી તો તે સ્થિતપ્રજ્ઞ અને જીતેન્દ્રિય રહ્યો હતો. તેનું વય લગભગ અત્યારે પચીશ વર્ષનું થવા આવ્યું હતું. તોપણ સ્રીનું મ્હોડું અત્યાર સુધી તેણે જોયેલું નહીં જેથી વિષયવાંચ્છનાનો અંકુર તેનામાં ફૂટયો ન હતો. એક દિવસ તે કામોપશમન ઉપવનમાં પોતાની સમીપ આવેલા સુંદર સરોવરમાં, કે જ્યાં, વેનગંધર્વ કૈટભિની સાથે ક્રિડા કરવા આવ્યો હતો, ત્યાં જઈ શંકર ભગવાનને ચ-ડાવવાઅર્થે કમળ પુષ્પ તોડતો હતો; દરમ્યાન એક અપ્સરા-ઓનું ટોળું ગંધર્વોસહિત હિમાલયપરથી ઉતરી, નગ્ન થઇ તેમાં ક્રિડા કરવા અર્થે પડયું. ભાનુદેવ આ બનાવ જોઈ વિસ્મય પામી, પુષ્પ તોડવાનું કામ પડતું મૂકી, પેલી અપ્સરા અને ગં-ધર્વોની વિહારક્રિડાને એકાગ્રદૃષ્ટિથી જોવા લાગ્યો. વિષયાસક્ત અને વિહ્વળ દશામાં ગંધર્વો અને અપ્સરાઓ, મસ્તપણે ક્રિડા કરતાં હતાં તેથી પેલો તરૂણ યોગિ ભાનુદેવ તેમની સન્મૂખ છતાં, કામાંધ સ્થિતિમાં તેઓ તેને જોઇ શકયાં ન હતાં. ભાનુદેવ વિહાર-ક્રિડા પુર્ણ થતાં સુધી ઉભો રહ્યો અને વિચાર કરવા લાગ્યો “ ઓહો

વિષયસુખની પણ કેવી બહાર છે. જેમ સમાધીસ્થ પુરૂષને વસ્તુ પાસે હોય છતાં જણાતી નથી; તેવીજ રીતે આ કામાંધ અને વિષયસુખની સમાધિવાળાં સ્ત્રી પુરૂષોને પણ અન્ય કશું જણાતું નથી. આ નવયૌવનાઓમાંથી એકાદ અપ્સરા કદી મારી સાથે ક્રીડા કરે તો મને પણ તેવીજ સમાધી ચઢી જાય એમાં સંશય નથી. અરે પણ એવું મારૂં પ્રારબ્ધ કયાંથી હોય કે આવી લાવણ્યવાળી લલનાઓમાંથી એકાદ જોડે મારો સંબંધ થાય. એમાં હું યોગભ્રષ્ટ થવાનો નથી. કારણ કે મન ઇંદ્રિ આદિ તે તેના ધર્મો બજાવે તેમાં મને શું છે. હું તો સુક્ષ્મ અને સ્થૂળ દેહથી તદન ન્યારો છું. હું તો પરઃબ્રહ્મ સ્વરૂપ કેવલ નિષ્ક્રીય મનાએલો છું, એટલે ખરી રીતે જોતાં કંઇપણ કરતોજ નથી. એજ સિદ્ધાંત સાચો છે અને તેજ આપણે તો આપણા મનમાં દૃઢ રાખવો યોગ્ય છે. તેમ છતાં કદાચ યોગભ્રષ્ટ થવાશે અને તપશ્ચર્યાનો ભંગ થશે તો પુનઃતપ કરીશ." આ પ્રકારે તે તરૂણ યોગિ ભાનુદેવ સરોવરની પાળ ઉપર ઉભો ઉભો અંતરમાં તર્કવિતર્કો કર્યા કરતો હતો એટલામાં તો તે અપ્સરા અને ગંધર્વોનું ટોળું કામ ક્રીડાથી પરવારી, સ્નાનાદિક કરી, વસ્ત્રાભૂષણ સજી, પોતપોતાને સ્થાને ચાલતું થયું. તે જોઇ, ભાનુદેવને તો મનની મનમાં રહ્યા જેવું થયું; અને વિહ્‌વળ દશામાં પડયો. વિષયસુખની વાંચ્છના તેના હૃદયમાં ગંધર્વટોળાની ક્રીડાથી સંપુર્ણ વિકાસને પામેલી હોવાથી, પોતાની તપશ્ચર્યા ભૂલી જઈ કામોપશમનના ઉપવનમાં ઉન્મત બની વિષયાસક્ત દશામાં આમતેમ અવલોકન કરવા લાગ્યો; કામાતુર બની ગાંડાઘેલાજેવો બનીગયો. તે ઘડીમાં વૃક્ષો તરફ, તો ઘડીમાં પક્ષીઓ તરફ, ઘડીમાં આકાશ તરફ તો ઘડીમાં જમીન તરફ, વિષય તૃપ્તિના ઉપાયો ખોળવાનો પ્રયત્ન કરવા લાગ્યો. અને તેથી તે ઉપવનમાં આમતેમ આથડવા લાગ્યો. ભાનુદેવ જેટલો પ્રથમ શાંત યોગિ હતો તેટલોજ વિષયવાસનાથી આ વખતે ક્રોધી અને

નરપિશાચ જેવો કામાંધ બની ગયો હતો. તેનામાંથી વૈરાગ્ય વિવેક ઇત્યાદિ સર્વ આ સમયે વિલાઈ ગયાં હતાં. પરિણામે વિહ્વળ દશાથી તે એવી ઉન્માદ અવસ્થાએ પોંચ્યો કે તે કામોપશમનના ઉપવનમાં, વૃક્ષોને, પક્ષીઓને અને જીવજંતુઓને અત્યંત ત્રાસ આપવા લાગ્યો. તે ઘડીમાં તેમનો નાશ કરતો તો ઘડીમાં તેમનાપ્રતિ દયા બતાવતો; ઘડીમાં તેમના તરફ શોકોદગાર કાઢતો હતો તો ઘડીમાં મોટે અવાજે પોકે પાડી રડતો હતો. ઘડીમાં અત્યંત ખડખડાટ હસતો તો ઘડીમાં પોતાની જટાના વાળ વીંખી નાંખતો હતો. આ પ્રમાણે ભાનુદેવ વિકળ દશાને પ્રાપ્ત થયો હતો. આ પ્રકારની ઉન્મત અવસ્થાને પ્રાપ્ત થએલો ભાનુદેવ, પછી તો કામોપશમનના ઉપવનમાં ભટકતો ભટકતો ઠેઠ હિમાલયના શ્રૃંગ ઉપર જવાને ઇરાદે ગીરી ઉપર ચડવા લાગ્યો; એમ ચડતાં ચડતાં બારેક કોશ ચડયો એટલે એક પવનેશ્વરી માતાનું મંદિર આવ્યું. તે મંદિરની આગળ પવનાસર કરીને સરોવર હતું. સિદ્ધ, સાધુ, સન્યાસિ, ગંધર્વ, કિન્નર ઇત્યાદિ જે કોઇ હિમાલયની સર્વથી ઊંચી ટોચ ઉપર આવેલા કૈલાસ પર્વત ઉપર ગિરજાપતિના દર્શન અર્થે જતા હતા, તેઓ આ પવનાસરમાં સ્નાન કરી પવનેશ્વરી માતાનું પૂજન કરી પશ્ચાત કૈલાસશીખર ઉપર ચડતા જેથી નિર્વિઘ્ને જઈ શકતા હતા. પવનાસરમાં સ્નાન કર્યા વગર અને પવનેશ્વરી માતાનું પૂજન કર્યા વગર કોઇથી જઇ શકાતું નહતું. કારણકે પવનાસરના પાણીમાં એવો ચમત્કાર હતો. કે તેમાં સ્નાન કર્યા પછી, જરાપણ તાઢ કે બરફ, તે ઉપર જનાર પ્રાણીને, લાગતાં ન હતાં. અને પવનેશ્વરિ માતાનું એવું સત્ય હતું કે તેનું પૂજન કરવાથી, યાત્રાળુઓને કોઇપ્રકારે વિઘ્ન નડતાં નહતાં. પેલો ભાનુદેવ આ પવનેશ્વરી માતાના મંદિર આગળ આવેલા પવનાસર સરોવરની પાળ ઉપર આવી, વિહ્વળ દશામાં છતાં થાક લાગવાથી વિશ્રાંતિ લેવા બેઠો, અને વિચાર કરવા લાગ્યો કે 'શ્રમથી અત્યંત શરીર થાકી ગયું છે માટે લાવ આ સરોવરમાં સ્નાન

કરૂં જેથી હલકું થશે અને થાક ઉતરી જશે. ' એવો વીચાર કરી ભાનુદેવે પવનાસરમાં સ્નાન કર્યું. સ્નાન કરી બહાર આવી થોડીવાર પાછો પાળ ઉપર બેસી વિષયતૃપ્તિઅર્થે વિચાર કરવા લાગ્યો કે "હવે મારે શો ઉપાય કરવો કે જેથી સ્રીસુખ-મળે. આ અઘોર હિમાલયમાં સ્રી ન મળેતો એવું કોઇ પશુ પક્ષી પણ નથી મળતું કે જેના સ્પર્શથી મારો કામ તૃપ્ત થાય. અરે નહિં નહિં ! હું મનુષ્ય જાતિ તેને વળી પશુસ્પર્શથી કામ તૃપ્ત થાય એમ કદી પણ સંભવે ખરૂં કે ? નહીંજ. મનુ-ષ્યજાતિને સ્રી સ્પર્શથીજ તૃપ્તિ થવી સંભવે છે. પછી ગમે તે જાતની (બ્રાહ્મણ ક્ષત્રિ વૈશ્ય કે શૂદ્ર) સ્રી હોય પણ મનુષ્યને મનુષ્યજાતી જોડેજ સંબંધ બાંધવો યોગ્ય ગણાય. અરેરે પણ આ નિર્જન પ્રદેશમાં મને કયાંથી કોઇ સ્રી મળે કે મારા વિષ-યને તૃપ્ત કરે. અરેરે આ મારા ચિતનેશું થઇ ગયું કે તે એક-દમ કામાતુર અને છેક આવું મૂર્ખ વિષયા સકત બની ગયું. શું હવે કામની તૃપ્તિ થયા સિવાય મારૂં ચિત્ત શાંત થવાનું નથી." આ પ્રમાણે ભાનુદેવ પોતાના મન સાથે વિચાર કરે છે તે દરમ્યાન એક હોલોહોલીનું, જોડું તે બેઠો છે તેની સમીપ આવી વિહારક્રીડા કરવા લાગ્યું; એટલે ભાનુદેવની નજ-ર તે ઉપર પડી જેથી પોતે વ્યાકુળ બન્યો હતો તેના કરતાં અધિક વીહ્વળ બનવા લાગ્યો. અને મન સાથે નિશ્ચય કરવા લાગ્યો કે " લાવ બસ આખો હિમાલય શોધી વળું ને જોઉં કે કોઇ ઠેકાણે મારો વિષય તૃપ્ત થાય એવું સાધન છે; નહિંતો પછી કામોપશમનમાં જ્યાં આસન રચ્યું છે ત્યાં પાછો જઇ એક સુંદર નવયૌવના પ્રાપ્ત કરવાઅર્થેજ તપનો આરંભ કરૂં. પછી કદાચ તેમ કરતાં પ્રાણ જશે તો બ્હેતર પણ કોઇ સુંદર સ્રી પ્રાપ્ત કર્યા વગર જરાપણ તપશ્ચર્યામાંથી ડગીશ નહીં. **अर्थं साधयामि वा देहं पातयामि** અર્થ પછી કાંતો સધાયછે વા દેહ જાય છે."આ પ્રમાણે પોતાના મનસાથે નિશ્ચય કરી ભાનુદેવ હિ-મગીરી ઉપર એમને એમ આગળ ચડવા લાગ્યો; પવનાસરમાં

તેણે સ્નાન કરેલું હોવાથી તેને શીત કે બરફ કશું લાગતું ન હતું, પણ પવનેશ્વરી માતાનું પૂજન નહીં કરેલું જેથી તેનામાં ચડવાની શક્તિ રહી ન હતી એટલું તેને વિઘ્ન નડયું. આમ છતાં પણ વિકળ દશાની ધૂનમાંને ધૂનમાં તે કૈલાસશિખર ઉપર ચડી આગળ ચાલ્યો; પણ છેકજ થાકી ગએલો હોવાથી એક બીલીના વૃક્ષ નીચે લાંબો થઇ સૂતો, એટલે થોડીવારમાં ગાઢ નિદ્રાવશ થઈ ગયો.

વર્ચસૂતમા કહે છે “ હે મહર્ષ, મુનિ સીદ્ધેશ્વરાચાર્ય પોતાના શીષ્ય શુભ્રકેતુ રાજાને કહે છે “હે રાજન્, પછી પેલી વિભાવરિ આપણા તરૂણયોગિ ભાનુદેવને, પોતાની માયા જાળમાં સપડાવી, પરણવાઅર્થે વેનગંર્ધવને લેઇ પેલા કામોપશમન ઉપવનમાં, મધુર સ્વરથી આલાપ કરતી કરતી જ્યાં ભાનુદેવનું આસન હતું ત્યાં આવી; અને જુએ છે તો એકલું તેનું આસન દીઠું, પણ યોગી દીઠો નહિં; જેથી વેનરાજ ગંર્ધવને કહેવા લાગી ‘ હે વેનરાજ આ સ્થળે તો તે તરૂણ વિપ્રયોગી કંઇ દેખાતો નથી. માત્ર આસન જ તેનું જણાય છે. ’ વેનરાજે પ્રત્યુત્તર વાળ્યો “ તે કંઇ આ ઉપવનમાંજ રખડતો હશે. પછી કોણ જાણે તે આ ઉપવનમાંથી નીકળી બીજે કંઇ જઈ રહ્યો હોય તો મને ખબર નથી. પણ ચાલો એકવાર આ ઉપવન તો જોઈ વળીએ. ” એ પ્રકારનું વેનગંધર્વનું બોલવું સાંભળી, વિભાવરિ અપ્સરા અધીરી અને બ્હાવરી બની આખા ઉપવનમાં તેની શોધઅર્થે ફરવા લાગી. અને એકેએક વૃક્ષ સરોવર, લતા, ઝાડી ગુફા ઇત્યાદિ સર્વ સ્થળો જોઇ વળી, પણ તે તરૂણવિપ્ર હોય કયાંથી કે તેનો પતો લાગે. એમ કરતાં કરતાં ખોળમાં ને ખોળમાં રાત્રી વીતી ગઈ જેથી વેનગંધર્વ તેણીને કહેવા લાગ્યો કે “ વિભાવરી, જો હવે રાત્રી થવા આવી માટે ઘેર ચાલ, અને કાલે પાછાં આપણે તેની તપાસ કરીશું ” વિભાવરિ કહેવા લાગી “તમારે જવું હોય તો જાઓ. હું તો તે તરૂણયોગિને શોધી કાઢી તેને પરણ્યા સિવાય હવે પા-

છી આવવાની નથી. પછી આ દેહનું મ્હાય તે થાઓ પણ મારા નિશ્ચયથી હવે હું ચલાયમાન થનારી નથી." આ વિશ્વમાં સ્ત્રી હઠ જેવી કોઇ હઠ નથી જેથી વેને તેને ઘેર પાછી લેઇ જવા સારૂ ઘણીએ સમજાવી છતાં તેણે લેશ પણ માન્યું નહીં., એટલે છેવટે થાકી વેન ગંધર્વ પોતાના આશ્રમ તરફ ચાલતો થયો; અને વિભાવરિ ભાનુદેવની ખોળમાં તે ઉપવનમાં ભટકવા લાગી. રાત્રિ શૂકલ પક્ષની હોવાથી અત્યંત શાંત અને ચંદ્રના તેજથી રમ્ય બનેલી હતી. આખી રાત તે વિભાવરિ અપ્સરા ભાનુદેવની ખોળમાંને ખોળમાં રખડી, પણ કંઈ તેનો પતો લાગ્યો નહીં, એટલે છેવટે થાકીને ભાનુદેવના રચેલા આસન ઉપર બેઠી અને વિચાર કરવા લાગી. "અરે શું તે યોગબળથી મારા આગમનને જાણી ભ્રષ્ટ થવાની બીકને લીધે અહીંથી કંઇ બીજે સ્થળે તો ચાલ્યો નહીં ગયો હોય અથવા તો અંતરધ્યાન તો નહીં થઈ ગયો હોય ? હવે ક્યાં તેનો પતો લાગે. નહિં નહિં પણ પરણવું તો એનેજ, નહિં તો દેહનો ત્યાગ કરવો એજ ઉચિત છે. અરે તે જીતેન્દ્રિય યોગિ અને ઉગ્રતપસ્વિ છે, તેથી ભ્રષ્ટ નહીં થવાની ખાતર મારો અનાદરતો કરશેજ; પણ તેને એક વાર મારા નિશ્ચયને જણાવું પછી અનાદર કરે તો મારી હત્યારૂપ વરમાળ તેના ગળામાં પ્હેરાવું. તેની સમક્ષજ આત્મઘાત કરૂં. એટલે મારી પ્રતિજ્ઞા ભંગ થએલી કહેવાશે નહીં અને મારો છુટકો થશે. અરે પણ તે ક્યાં હશે ? શું હિમાલય ઉપર ચઢી ગુપ્તપણે કોઇ ગુફામાં તો તપશ્ચર્યા નહિં કરતો હોય. લાવો આખો હિમાલય એકવાર ફરી વળું. જોઉં કંઇ પતો લાગે છે. શૃંગ, ગિરી, ગુફા, ઝાડી બધે પ્રથમ શોધી જોઉં, પશ્ચાત મારી ઇચ્છાનુસાર વર્તન કરૂં. બરાબર તપાસ કર્યા વગર આત્મહત્યા કરવાનું સાહસ એકાએક કરવું ઉચિત નથી." આ પ્રકારનો નિશ્ચય કરી પ્રભાત થયું, એટલે તે વિભાવરિ અપ્સરા ભાનુદેવના આસન ઉપરથી ઉઠી હિમાલય પર્વત ઉપર ચડવા માટે ત્યાંથી ચાલતી થઈ; આ-

લતે ચાલતે પવનેશ્વરી માતાના મંદીર આગળ આવી પોહોંચી. એટલે તેને પુરૂષનું પગલું માલમ પડયું, જેથી ખચકાઇ ઉભી રહી અને તે પગલું કયાં જાય છે તેની બારીકાઇથી તપાસ કરવા લાગી. તપાસ કરતાં તેને ખાત્રી થઇ કે પગલું હીમાલય પર્વત ઉપર કૈલાસ શિખરના રસ્તા તરફ જાય છે, જેથી પવનાસરમાં સ્નાન કરી પવનેશ્વરી માતાનું પુજન યજન કરી, કૈલાસશિખરના રસ્તે પેલા પુરૂષના પડેલા પગલે પગલે ચાલવા માંડી. ચાલતાં ચાલતાં રસ્તામાં તેને શિખંડી નામનો એક દૈત્ય મળ્યો; તેણે તે વિભાવરિનુરૂપલાવણ્ય જોઇ સ્રી કરવાના ઇરાદાથી તેને જોર જુલમથી ઉચકી ખાંધે બેસાડી, તેનું હરણ કરી ચાલતો થયો. વિભાવરિએ ઘણુંએ બુમરાણ કર્યું. ઘણુંએ આક્રંદ કર્યું; ઘણીએ બૂમો પાડી; ઘણાએ પોકારો કર્યા, પણ તેનું કંઇ વળ્યું નહિં, એને તે શીખંડીદૈત્ય તો તેને ખાંધ ઉપર નાંખી, એકદમ પવનવેગે દોડતો નાસી ગયો. આ શીખંડીની ગુફા કૈલાસ શિખર ઉપરજ હતી, ત્યાં લઇ જઈ તેને મુકી દીધી ને પશ્ચાત પોતે માંસમદિરા પ્રાપ્ત કરવાઅર્થે અન્ય દુર પ્રદેશમાં ચાલ્યો ગયો. પેલી બીચારી વિભાવરિ અપ્સરા ગુફામાં એકલી ભયભીત થએલી અત્યંત આક્રંદ કરે છે, છાતી માથાં કુટે છે અને પોતાના છુટકારાઅર્થે અનેક ફાંફાંઓ મારી રહી છે. ગુફામાંથી બહાર નીકળે ને વળી અંદર જાય છે, પણ તેને છેક બહાર આવવાનો રસ્તો તેમજ છૂટવાનો એકપણ માર્ગ સૂઝતો નથી; જેથી આખરે થાકી મોટી બૂમો પાડી રડવાલાગી.

આ બૂમો સાંભળી પેલા બીલીના વૃક્ષની નીચે શ્રમીત થઇ સૂતેલો ભાનુદેવ, એકદમ નિદ્રામાંથી જાગી ઉઠયો; અને પેલી આક્રંદ કરતી નવયૌવનાના કરૂણાજનક પોકારને એકાગ્રચિત્તે શ્રવણ કરવા લાગ્યો. આવો દયાજનક પોકાર સાંભળી ત્યાંથી તે એકદમ ઉઠયો, અને ચોતરફ જોવા લાગ્યો. પણ કોઇ મનુષ્ય તેની દ્રષ્ટિએ પડયું નહિં જેથી ફરિ તે કાનમાંડી તે અવાજ કઈ દીશા તરફથી આવે છે તેનો તપાસ કરવા લાગ્યો. તપાસ

કરતાં તેને જણાયું કે "આ કૈલાસશિખર ઉપરજ કોઇ અનાથ દુઃખથી ત્રાસ પામેલી, બાળા રડે છે એમાં શક નથી. જે દીશા તરફથી અવાજ આવે છે, તે દિશામાં જઇ તપાસ કરવાથી, જે હશે તે માલમ પડયા વગર રહેનાર નથી. માટે લાવ જઈ તપાસ કરૂં." આવો મન સાથે નિશ્ચય કરી, તે અવાજ પૂર્વ દિશામાંથી આવતો હોવાથી, તે પૂર્વદિશા તરફ ચાલ્યો, અને તપાસ કરવા લાગ્યો તપાસ કરતાં કરતાં જરા આગળ વધ્યો એટલે તેને આક્રંદની બૂમો, છેક નજદીક સંભળાવા લાગી. આથી અધીરો બની તે અવાજ તદફ લક્ષદેતોદેતો ચાલવા લાગ્યો. જ્યાં થોડેક દુર ગયો, એટલે તરતજ એક ગુફાની અંદર એક બાળા બેસી મોટે અવાજે બૂમો પાડી રડયા કરતી હોય તેમ તેને જણાયું. જેથી તેણે તે ગુફાના દ્વારની શીલા ધીરે રહી ખસેડી ગુફામાં પ્રવેશ કર્યો; જઇને જુએ છે તો એક સુંદર તેરવરસની નવયૌવના, આક્રંદ કરી રહી હતી. ભાનુદેવ ઉન્મત દશામાં કામાતુર અને ગાંડા જેવો બની ગયો હતો, છતાં તેનુ અનૂપમ રૂપ લાવણ્ય જોઇ, એકદમ સ્તબ્ધ બની ગયો અને પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો, " ખરેખર કામોપશમન ઉપવનમાં વેનગંધર્વની જોડે વિહાર કરવા, જે અપ્સરા આવી હતી, તેના જેવીજ આ બાળાની પણ આકૃતિ અને રૂપરંગરેષા જણાય છે. માન ન માન પણ જરૂર આ પણ કોઈ અપ્સરા છે ને વળી કુમારી લાગે છે. તેમજ નવયૌવના અને કેવળ મુગ્ધા છે. અરે પણ તે આટલી બધી શું કામ રડે છે, લાવ તેનું દુઃખ પૂછી તેને દુઃખમાંથી મુક્ત કરૂ; તેના ઉપર ઉપકાર કદાચ કરીશ, તો જરૂર તે મારો પાણી ગ્રહણ કરશે. અને તેના પ્રાપ્ત થવાથી, વિષય સુખ પણ સંપુર્ણ રીતે પ્રાપ્ત થશે." આવો મનસાથે નિશ્ચય કરી, ભાનુદેવ તે બાળા બેઠી બેઠી, રડતી હતી તેના સમીપ આવી કહેવા લાગ્યો, " હે બાળા, સાવધ થા, અને તારા આક્રંદનું કારણ જે હોય તે સત્વર કહે? એકદમ એકાએક આવાં પ્રેમાળ વચનો સાંભળી, વીણાવરિ એકદમ ઉભી

થઇ તેની કોટે બાઝીપડી, પશ્ચાત પોતાના ઉપર વિતેલી વાત કેહેવા લાગી. છેવટમાં તત્કાળ ત્યાંથી પલાયમાન્ કરી જવાને ભાનુદેવને વળી આગ્રહપૂર્વક વિનવવા લાગી; કારણ કે કદાચ પેલો દૈત્ય શિખંડી આવી પોહોચે, અને બન્નેને નાસી જતાં જુએ, તો સત્વર બન્નેનો નાશ કરે, એવો તેણીના મનમાં ભય હતો. ' આ સર્વ વાત સાંભળી, ભાનુદેવ અત્યંત તે દૈત્ય ઉપર ક્રોધાયમાન થઈ ગયો, અને શાપ દેવા લાગ્યો કે જો મારૂં અત્યાર સુધીનું તપ યથર્થ હોય, તો મૃત્યુ લોકના મનુષ્યને હાથે તે અસુરનો કાળ થજો અને પાછો આવશોજ નહીં.' આશાપ તેણે જેવો દીધો કે તરતજ આકાશવાણીથી તેને પ્રત્યુત્તર મળ્યો કે " હે વિપ્ર, જા તેમ થશે પણ તું હવે તે સુંદરિને લેઈ અહીંથી મૃત્યુ લોકમાં ચાલ્યો જા અને વીધી પૂર્વક તેની સાથે લગ્ન કર ? કીંવા ગમે તેમ કર હવે પણ એક ક્ષણ આ દેવ લોકોને નિવાસ કરવાના પર્વત ઉપર શોભીશ નહિ. " આ પ્રમાણે આકાશવાણી શ્રવણ કરી ભાનુદેવ તથા વિભાવરી બન્ને ત્યાંથી ચાલી નીકળ્યાં, અને હિમાલય ઉતરી, કામોપશમનના ઉપવનમાં જયાં ભાનુદેવનું આસન હતું, ત્યાં આવી પોહોચ્યાં, વિભાવરિ તે આશ્રમે આવી એટલે તેને ખાત્રી થઇ કે ' મારી બ્હેન જે પુરૂષની વાત કરતી હતી, તેજ આ વિપ્રયોગિ અને તેનીજ શોધઅર્થે આવું કષ્ટ મેં વેઠયું, તોપણ દુઃખ વેઠયા છતાં અંતે પોતાની મનોકામના સફલ થઈ જેથી વિભાવરી પ્રસન્ન વદને મંદહાસ્ય પૂર્વક, લજ્યાથી ભાનુદેવને કહેવા લાગી, " હે વિર વિપ્રયોગી, આપની સાથે લગ્ન કરવાની આશાએ આપની ખોળમાં આ ઉપવનમાં એક રાત્રિ હું આવી તેમાં છેવટે તે ઉપવનમાં આપનો પતો ન લાગવાથી શોધતાં શોધતી આ હિમગીરી ઉપર ગઈ જ્યાં દૈત્યે મારૂં હરણ કર્યું છતાં પણ શંકર ભગવાને મારા સામું જોઈ, મારી ભાવના સાચી હતી, તો મારા મન્વાંચ્છિત પતિરૂપ આપ ભગવાનને, પ્રાપ્ત કરી; જેથી આજે આનંદ સહ આપની સાથે, યથાવિધિ ગંધર્વલગ્ન કરી મારા વિરહાનળની

શાંતિ કરવા અત્યંત ઉત્સુકછું" આ પ્રકારના વચન શ્રવણ કરી ભાનુદેવ કેવલ ઉન્માદ અવસ્થાથી પીડીત હતો, તે જરા શાંત ચિત બન્યો; અને ધૈર્યતાપૂર્વક વિભાવરિને કેહેવા લાગ્યો, "હે તરૂણિ તું કોણ છે, શી જાતિ છે. અને મારી સાથે લગ્ન વિધિ કરવાનું શું કારણ છે તે મને નીવેદન કર ?" આવા ભાનુદેવના પ્રશ્નો સાંભળી વિભાવરી કેહેવા લાગી "હે વિપ્રવર, હું કેટભિ નામની અપ્સરાની બ્હેન થાઉ છું, મારૂં નામ વિભાવરિ છે; મારી માતાનું નામ સુરૂચિ છે; અને પિતાનું નામ બ્રહસ્પતિ છે. બ્રહસ્પતિ બ્રાહ્મણ જ્ઞાતીના છે; અને તેથી હું બ્રામણથી ઉત્પન્ન થએલી કન્યા છું. મૃત્યુ લોકના મનુષ્ય પૈકીમાંથી મારા લાયક કોઈ વિપ્રપતિ શોધીને પરણવાની મેં પ્રતિજ્ઞા કીધી છે, અને તે પ્રતિજ્ઞા પરિપૂર્ણ થવાઅર્થે આજકાલ કરતાં એકહજાર દિવસથી, શ્રી શંકરભગવાનની ઉપાસના કરૂંછું. મારી બ્હેન કૈટભિ, તેના પતિ વેનગધર્વ સાથે, આ કામોપશમન નામના ઉપવનમાં ક્રીડાઅર્થે આવી હતી, તેણે આપને અહીં જોયા હતા, અને તેથી તેને એમ લાગ્યું, કે આપ મારા લાયક પતિ છો; પછી તેણે આવી મને આપની વાત કહી. વાત સાંભળી હું આપના મોહ પાશમાં પડી, અને તેથી આપની ખોળ કરતી આટલે સુધી કષ્ટ વેઠીને આવી ત્યારે છેવટે આપ જે મારા હૃદયવલ્લભ તેને પ્રાપ્ત થઈ છું. માટે આપ મારો પાણીગ્રહણ કરો અને આજે સહધર્મચારિણી અર્ધાંગના તરીકે આ દાસીનો સ્વીકાર કરો ?" આટલું બોલી વિભાવરી ચુપ થઇ, પશ્ચાત ભાનુદેવ તેના મન સાથે નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યો.

મુનિવર્યસૂતમા કહે છે "હે પ્રહર્ષ, મહાત્મા સિદ્ધેશ્વરાચાર્ય પોતાના શીષ્ય શુભકેતુ રાજાપ્રતિ કહે છે કે "હેરાજન્ ! પશ્ચાત પોતાના સદ્ગુરૂ દિગંબર તપસ્વિની આજ્ઞાનું ઉલંઘન કરી, કર્મ ત્યાગની તિવ્રેચ્છાએ ત્યાગી થઇ જતો રહેલો ભાનુદેવ, વિભાવરીનું વૃતાંત શ્રવણ કરી, પોતાના મન સાથે, જે વિચાર કરવા

લાગ્યો, તેને સંક્ષેપમાં કહું છું તે તું એકચિત્તે શ્રવણ કર !"

સિદ્ધેશ્વરાચાર્ય બોલ્યા ' હે રાજન્ પછી તે ભાનુદેવ મનમાં વિચાર કરવા લાગ્યો "કે આ કન્યા બ્રહસ્પતિ જેવા દેવની છે એટલે મારે પાણી ગ્રહણ કરવાની કંઇ અડચણ નથી. પણ તેને પરણી તેનું રૂડીરીતે પાલન કરવા સારૂ અને કદાચ અમારા બન્નેથી પ્રજા ઉત્પન્ન થશે તો તે પ્રજાને ઉછેરવા સારૂ મારે અવશ્ય દ્રવ્ય ઉપાર્જીત કરવું પડશે. દ્રવ્ય ઉપાર્જીત કરવા સારૂ સંસારમાં પ્રવેશ કરી ગૃહસ્થાશ્રમના સર્વ કર્મો કરવાં પડશે. ગૃહસ્થાશ્રમીને પડતાં સુખ દુઃખ સહન કરી અનેક ખટપટ પ્રપંચ કરવાં પડશે, અને એથી કરીને જે દીગંબરગુરૂએ કર્મત્યાગ નહીં કરતાં ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાની આજ્ઞા કરી છે, તેનું જખમારીને યથાર્થ રીતે પાલન કરવું પડશે." જ્ઞાનદૃષ્ટિથી જરા વધારે વિચાર ગ્રસ્ત થઇને પોતાના અંતરમાં પસ્તાવો કરી કેહેવા લાગ્યો "અરેરે મેં મુર્ખાએ પ્રથમથીજ તેમનું કેહેવું માની કર્મનો ત્યાગ ન કર્યો હોત, અને તેમની આજ્ઞા પ્રમાણે સંસારમાં પ્રવેશ કર્યો હોતતો અત્યારે મારે આવી દુઃખી અને વિકળ સ્થિતિનો અનુભવ કરવો ન પડત. મારી કર્મ ત્યાગની પ્રતિજ્ઞાનો ભંગ થયો ગણાત; તોપણ ગુરૂ દ્રોહી ન ઠરત; ખેર ! હવે જે થયું તે થયું. માટે ચાલ આ કન્યાને લેઈમારા સદ્દગુરૂ દિગંબર સમીપ જઇ સર્વ હકીગત તેમને નીવેદન કરી પશ્ચાત તે જેમ આજ્ઞા કરે તે પ્રમાણે કરૂં. " આવો વિચાર કરી ભાનુદેવ વિભાવરિને કેહેવા લાગ્યો કે, " હે સ્ત્રી પ્રથમ તું મારા ગુરૂ સમીપ ચાલ, અને તે જે પમાણે લગ્નવિધિ કરી સંસારમાં પ્રવેશ કરવાનું આપણને કહેશે તે પ્રમાણે કરીશું. " વિભાવરિ કહે છે, " હે સ્વામિન્, તે તમારા દિગંબર ગુરૂતો કદાચ મને અપ્સરા અર્થાત ગણિકા–વારાંગનાની પુત્રિ સમજી મારી સાથે લગ્ન કરવા ના કહેતો પછી મારી પ્રતિજ્ઞાનો ભંગ થાય અને એમ થવાથી પછી તમને સ્ત્રિ હત્યા આપ્યા સિવાય મારો છુટકો ન થાય; કારણકે હું તમને તનમન અને ધન અર્પણ

કરી વરી ચુકી છું; અને ગંધર્વલગ્ન કરીને અગર કર્યાવગર હવે જલ્દીથી તમારા સંબંધની મને તિવ્રેચ્છા હોવાથી વ્યાકુળ બનેલી છું. માટે આ સ્થળેજ ગંધર્વલગ્ન કરી મારી મનોકામના પુર્ણ કરો; આપણે બંન્ને પરસ્પર માનસિક લગ્ન કરેલું છે જેથી પતિપત્નિ તરીકે વર્તવામાં હવે કંઈ દોષ હોય એમ મને લાગતુ નથી. પણ દિગંબરગુરૂની સમીપ જઈ તે કહે તે પ્રમાણે કરતાં સુધી હું થોભી શકનારી નથી. હે પ્રાણેશ, આ મારૂં કહેવું નજરમાં ન આવતું હોયતો મારિ હત્યા લેઈ સુખે-થી આપ આપના ગુરૂ દિગંબર પાસે પધારો, એટલે આપને પછાડી મારી સર્વ ખટખટ મટી જાય, અને મને પણ મારાપતિ સમક્ષ પ્રાણ છોડયા છે એમ સંતોષ થાય. તેમ નહિતો આપ મારો પાણી ગૃહણ કરી ચુકયા છો એમ માની મને વિરહી-ણીને સત્વર શાંત કરો ?'' આ પ્રકારના વિભાવરિના વચનો શ્રવણ કરી ભાનુદેવ તો અતિ ધર્મસંકટમાં આવી પડયો, અને કામવશને બદલે જ્ઞાનવશ બની સ્તબ્ધ થઇ, અતિ શોક અને ગ્લાની યુક્ત પસ્તાઇને, અંતરમાં વિચારવા લાગ્યો કે, “ હે ગુરો ! હવે આ ધર્મસંકટમાંથી બચાવનાર તમે છો. જો આપને પુછયા વગર આની સાથે લગ્ન કરી કર્મ કરૂં છું તો કદાચ સર્વથી શ્રેષ્ટ જે વિપ્રજ્ઞાતીનો હું, તેનો અપ્સરાથી અર્થાત ગુણિકાની પુત્રિની જોડે સંબંધ તે શાસ્ત્ર નિષેદ્ધ કર્મ કેમના સંભવે ? ખરે-ખર પેલા અપ્સરાઓના ટોળાની કામક્રીડા જ્યારથી મેં જોઈ છે, ત્યારથી યોગભ્રષ્ટ તો બની ગયો છું ને અવિહિત કર્મથી પાછો કર્મભ્રષ્ટ થાઉં એટલે મારા જીવનની બલિહારિનો તો પારજ ન રહ્યો. ધોબીનો શ્વાન ન ઘરનો કે ઘાટનો એના જેવી મારી સ્થિતી થઈ. અને આમતો કદાચ આ કન્યાને લેઇ, તેમ-ની અવજ્ઞારૂપી થએલા મારા દોષની ક્ષમા માગી, તેમની પુનઃ ઇચ્છાનુસાર વર્ત્તન ચલાવી, સંસારમાં પ્રવેશ કરૂં, તો પરિણામે સદગતિને પ્રાપ્ત કરૂં. બાકી જો આ કન્યાના કહેવા પ્રમાણે, માની લેઇ તેની જીજ્ઞાસાને તૃપ્ત કરૂં, અને એવું એકદમ

સાહસ કરૂં, તો પછી તેનું પરિણામ આખરે કેવું ભયંકર નીવડે તે કહી શકાય નહિં. માટે ગુરૂ દિગંબર સ્વામિને પુછ્યા વગર હવે એક પગલુંએ ન ભરવું, તે, હવે કર્મત્યાગ કરવારૂપિ તેમની અવજ્ઞાથી, મને નિશ્ચય પૂર્વક સમજાયું છે. ખરેખર તેમનું વચન સત્ય છે કે 'કર્મનોત્યાગ કેવલ દુઃખકર છે. હે ગુરો, કર્મનોત્યાગ દુઃખકર છે તે મને આજ સંપૂર્ણ રીતે અનુભવ સિદ્ધ થયું છે. અરેરે હવે મારે આ ધર્મસંકટ દુર કરવા શો ઉપાય કરવો ? વિભાવરિ અત્યારે ને અત્યારે તેની સાથે સંબંધ જોડવા માગે છે, પણ તે ગુરૂ આજ્ઞાવગર યથાવિધિ લગ્ન કર્યાપેહેલાં શી રીતે બનીશકે ? યોગભ્રષ્ટતાની સાથે ધર્મકર્મથી પણ ભ્રષ્ટ થવું, એતો દુકાળમાં અધિક માસ જેવું નહિંતો બીજું શું ગણાય. ? યોગથી ભ્રષ્ટ થયા પછી પણ અધિકારિને શુભસંસ્કારવશાત કદાચને યોગભ્રષ્ટ થવાના કારણોનું સ્વરૂપ યથાર્થ રીતે સમજાય, અને તેથી તે વીઘ્નરૂપ કારણોનો નાશ કરવાના સાધનોરૂપ પુનઃ શ્રી ગુરૂઇષ્ટની કૃપા મેળવવામાં આવે, અને તે કૃપાદ્વારા તે અધિકારી સુધરવા પ્રયત્ન કરેતો, અવશ્ય તે પુનઃ યોગયુક્ત થઈ પરીણામે જીવનમુક્ત બને છે એમ વેદશાસ્ત્રે પ્રતિપાદન કરેલું છે; માટે યોગભ્રષ્ટ થયા છતાં મારા ઉપર પણ જો, શ્રીગુરૂ દિગંબર સ્વામિ ક્ષમા આપી, મારા કલ્યાણના માર્ગે ચઢાવા કૃપા કરશે, તો પુનઃ હું પણ યોગયુક્ત થઇ શકીશ. બાકી યોગભ્રષ્ટતો થયો છું, અને તેમા યોગ ભ્રષ્ટની સાથે એકાએક આવું સાહસિક કૃત્ય કરી કદાચ અવિહિત ધર્મકર્મ કરીશ તો ધર્મકર્મથી ભ્રષ્ટ થઇ, છેક નરાધમ બની જઇશ, અને ગુરૂઇષ્ટ વડીલ ઇત્યાદિ પણ કલ્યાણનો માર્ગ બતાવવામાં સહાય કરતા હશે તે પછી નહિં કરે. આમ પરિણામે અધોગતિને પ્રાપ્ત થઈશ. માટે નહિં, નહીં; એવું અનુચિત સાહસ તો કદી નહિં કરૂં. વિભાવરિને ગુરૂ સન્મુખ લેઇ તેમની આજ્ઞાલીધા વગરતો નહીંજ પરણું; અને પરણ્યા પછી સંબંધ જોડવાની વાત કરૂં, તેજ વીહીત આચરણ ગણાય; કારણ કે મુમુક્ષુ

અધિકારિને મોક્ષદ્વારે રહેલા ચાર દ્વારપાલો (શમ, વિચાર, સંતોષ અને સાધુસંગમ)ઉપર જય મેળવવો પડે છે અને પ્રત્યેક ક્ષણે સાધકે તેઓને સાધી રાખવા પડે છે. । **मोक्षद्वारे द्वारपालाश्चत्वारः परिकीर्तिताः । शमो विचारः सन्तोष श्चतुर्थः साधुसंगमः** । માટે સાહસ કરતાં પહેલાં મુમુક્ષુએ વિચાર કરવો ઘટે છે; પ્રથમ વિભાવરિને અનેક રીતે સમજાવી ગુરૂ સન્મુખ લઇજવા પ્રયત્ન કરૂં. અને તે ન આવે તો છેવટે હું એકલો જઇ ગુરૂ આજ્ઞા લેઇ આવુ; પશ્ચાત તેની સાથે પરણું." આ પ્રમાણે ભાનુદેવ પોતાના મન સાથે વિચાર કર્યા કરે છે, અને પૂર્વોકત બેમાંની એક રીતે, ધર્મસંકટ દૂર કરવારૂપી વાતનું, સમાધાન કરવાનો અંતરમાં નિશ્ચય કરી, પોતે વીભાવરિને કહેવા જાય છે એટલામાં તો વિભાવરિ બોલી ઉઠી કે "કેમ સ્વામિન્, શા નિશ્ચય ઉપર આવ્યા તે મને કૃપા કરી જણાવો જેથી મને મારો રસ્તો લેવો સુઝે? હું મારી પ્રતિજ્ઞાનો કદાપિ કાળે ભંગ કરનારી નથી, તેમજ આ જગતમાં આપના સિવાય, હવે અન્યને પ્રાણુજતાં પણ વરનારી નથી. માટે આપ દાસી ઉપર કૃપા કરી વાતનો નિકાલ લાવો?" આ પ્રકારના વચનો શ્રવણ કરી ભાનુદેવ તેણીને પૂર્વે કહ્યા તે બે પ્રકારે સમજાવવા લાગ્યો. અંતમાં વિભાવરિ કબુલ થઇ કે "તમારે એક અઠવાડીયામાં જઈ, ગુરૂઆજ્ઞા લેઈ કિન્નર લોકમાં આવી મને પરણી લેઇ જવી; અને એક અઠવાડીયા ઉપર એક ક્ષણ પણ જો વિતશે તો આત્મઘાત કરી સ્ત્રિહત્યા આપીશ." ભાનુદેવે કહ્યું કે "જા મારે તે વાત કબુલ છે; પણ કિન્નરલોકમાં હું મૃત્યુલોકનો મનુષ્ય તે કેમ આવીશકીશ"? વિભાવરિએ પ્રત્યુત્તર વાળ્યો કે, "હે સ્વામિન્, આ એક સુવર્ણહંસા નામની મારીપાસે વનસ્પતિ છે તે હું તમને આપું છું; તે વનસ્પતિના રસનો લેપ તમારા પગની બન્ને પાનીએ લગાવી દેજો, પછી જ્યાં આપ ઇચ્છા કરશો, ત્યાં ઉડીને અંતરિક્ષ માર્ગે જઈ શકશો: હે નાથ પછી સર્વ લોકમાં ફરી શકશો, અને કોઇ ઠેકાણે તમારો અનાદર નહીં થાય.

નિર્વિઘ્ને સર્વ કાર્ય સિદ્ધ કરશો. માત્ર એટલુ સંભાળજો કે પાણીનો તેને સ્પર્શ ન થાય. જો પાણીનો યત્કીંચિત પણ સ્પર્શ થશે તો તે વનસ્પતિનો રસ સત્વર ઉડી જશે, અને તમે જેમ પાંખવગરનું પક્ષી થઈ જાય તેવા બની જશો." આ પ્રકારનું વિભાવરિ અપ્સરાનું બોલવુ સાંભળી ભાનુદેવ કહેવા લાગ્યો. "સુંદરિ તે વનસ્પતિ લાવો બતાવો? હું તે રસનો ધોવાઇ ન જાય તેવી કાળજી પૂર્વક ઉપયોગ કરીશ. અને બરાબર આઠે દીવસે આવી કીન્નર લોકમાં મળીશ; લ્યો હું હવે આક્ષણેજ મારા ગુરૂ પાસે જઈ, મારી ઇચ્છાનુસાર બધુ તેમને પુછી લઇ, જેમ બને તેમ જલ્દીથી તમારા કીન્નર લોકમાં આવી, તમારૂ વ્રત પરિપુર્ણ કરૂં છું; તમે સુખેથી કીન્નર લોકમાં સીધાવો?" વિભાવરિએ તેજ ક્ષણે સુવર્ણહંસા નામની વનસ્પતિનો છોડ ભાનુદેવને બરાબર બતાવી ઓળખાવી દીધો. ભાનુદેવે તે છોડ બરાબર ઓળખી લીધો, પશ્ચાત વીભાવરીએ તેને બહાર કાઢી તેના મૂળ લઇ, તેને સ્વચ્છ ધોઇ નાંખી, પછી થોડાં ઝોલીમાં ભરી લઇ, થોડા મુળીયાંનો રસ કાઢી, ભાનુદેવ પાસે એક નાનુ તુંબિ પાત્ર હતું તેમાં ભરી દીધો. અને વિભાવરીએ તે તુંબીપાત્રમાંથી લઈ થોડો થોડો પોતાના પગે અને તેના પગે તેનો લેપ લગાવી દીધો; જ્યાં લેપ બન્નેના પગે સૂકાયો એટલે બન્ને ત્યાંથી અંતરિક્ષમાર્ગે પોતપોતાના સ્થાને અર્થાત વિભાવરિ કિન્નરલોક તરફ વળી, અને ભાનુદેવ પોતાના ગુરૂ દિગંબર પાસે વિમળપુરી તરફ ઉડી ચાલતો થયો.

મુનિવર્યસુતમા કહે છે હે "પ્રહર્ષ, પશ્ચાત મહાત્મા સિદ્ધેશ્વરાચાર્ય પોતાના શિષ્ય શુભ્રકેતુ રાજા પ્રત્યે, પેલા શીખંડી દૈત્યનું શું થયું તેની સવિસ્તર હકીગત, નીચે પ્રમાણે કહેવા લાગ્યા. સિદ્ધેશ્વરાચાર્ય બોલ્યા " હે રાજન્, પછી પેલા દૈત્ય શિખંડીનું શું થયું તે શ્રવણ કર? દૈત્યતો ભક્ષ પ્રાપ્ત કરવા અર્થે મૃત્યુ લોકમાં ઉતરી પડયો અને પેલી વિમળપુરીના તરૂણ બાળકોને એક પછી એક દરરોજ ખોરાક નિમિતે લાવી મારી

મારી, એક સ્થાને એકઠા કરવા લાગ્યો. તેણે તેનું સ્થાન અર્થાત રેહેઠાણ હીમગીરીની તળેટીમાં વિમળપુરીથી બારયોજનને અંતરે એક પથરની કરાડમાં શિલા કોરીને કર્યું હતું; ત્યાં તેણે આ ખોરાક એકઠો કરવા માંડયો. વિમળપુરીનો રાજા આ પ્રમાણેનો નગર ઉપર વર્ત્તતો ત્રાસ જોઈ, તેણે પોતાના વડા સેનાધીપતિ ઉગ્રસેનને બે લાખ ફોજ આપી, તે શીખંડી દૈત્યને શોધી, તેનો પરાજય કરવાનો હુકમ કર્યો. સેનાધીપતિ એ ચારે દીશાએ પચીસ પચીસ હજાર ફોજ, બાર યોજનના ઘેરાવામાં છુટી છવાઇ ગોઠવી દીધી. અને એક લાખ ખાસા ઘોડેસ્વારનું લશકર પોતાની સાથે રાખી, હીમાલયની તળેટીમાં ચોતરફ તે દૈત્યની ખોળ કરવા લાગ્યો. આ દૈત્યે પોતાનું રેહેઠાણ જમીનની અંદર ભોંયરા જેવું બનાવી રાખેલું હોવાથી, સેનાધીપતિ ઉગ્રસેનને તેનો કે તેના ઠેકાણાનો પત્તા લાગ્યો નહિ; અને તમામ લશકર પણ ખોળી, છેવટે થાકી ઉગ્રસેન પાસે આવી, એકઠું થવા લાગ્યું. ઉગ્રસેન અન્નજળ વગર રખડી થાકી લોટ પોટ થઇ ગએલો હતો, છતાં જાતે અટંકિ સૂર્યવંશી ક્ષત્રિ બીજ હોવાથી જરાપણ હિમત હાર્યાવગર પૃથ્વીના પડમાંથી તે દુશ્મનને શોધી લાવી, કિંવા મારી લાવી, ફતેહ કર્યા વગર પાછા નહિ ફરવાની, તમામ ફોજને આજ્ઞા કરી; અને પોતે પણ બધી ફોજની સમક્ષ તેનો પતો મેળવી તેને માર્યાસીવાય, રાજાને મોહું ન બતાવવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી. ઉગ્રસેને તમામ સૈન્યસહ એક સ્થળે જરા વિશ્રાંતિ લેઇ, નાસ્તો પાણી કર્યા; અને અશ્વોને પણ ફુટકડી, ગોળ, ઘાસદાણો મશાલો ઇત્યાદિ પોષક દ્રવ્ય પણ જોઇએ તેટલું આપ્યું. આ પ્રમાણે બે ત્રણ ઘડી વિશ્રાંતિ લેવાથી સૈન્ય અને અશ્વ ઇત્યાદિ વાહનો જરા તાજાં થયાં એટલે અંધારિ રાત્રિ છતાં પોતપોતાની નિર્માણ કરેલી દિશાએ, દૈત્યની ખોળઅર્થે સર્વ સૈન્ય નીકળી પડયું. ઉગ્રસેને પોતાના એક લાખ ખાસા ઘોડેસ્વારોના લશકરને હીમાલયની તળેટી ચોતરફથી ઘેરી, ત્યાં છાવણી રાખવાનો હુકમ કર્યો; અને પોતે પણ

માત્ર પોતાની ખાસ દશ ઘોડેસ્વારની ટુકડી લેઇ હિમાલયની તળેટીથી માંડીને વિમળપુરી સુધીના માર્ગનો, બન્ને બાજુએ ચોકસાઇથી તપાસ કરતો કરતો અંધારી ઘોર રાત્રિને વિષે તે ભયાનક અરણ્યમાં ગુપચુપ ચાલવા લાગ્યો. હે મહર્ષિ, આ બે લાખ ફોજમાં પ્રાણાંત સુધી પણ પોતાના સ્વામિપ્રત્યેના, પોતાના ધર્મનું યથાવિધિ પાલન કરનાર, આ વિમળપુરીના રાજાનો સેનાધિપતિ ઉગ્રસેન એકજ હતો. જેથી પોતાના સ્વામીની આજ્ઞાથી શિખંડી દૈત્યને ખોળી, મારી નાંખવાનો તેનો સત્ય, શુભ અને દૃઢ સંકલ્પ થયો કે જે સંકલ્પ વાસ્તવિક અને શાસ્ત્ર વિહિત હતો. હે બેટા એજ પ્રમાણે દરેક મનુષ્યે પોતાના શ્રી સદ્ગુરૂ, માતપિતા, વડિલ, તેમજ સ્ત્રી પુત્રાદિ અને સંસાર વ્યહવાર પ્રત્યેનો પોતાનો ધર્મ, શ્રી સદગુરૂ અને સત્શાસ્ત્રો એ પ્રતિપાદન કરેલા સિદ્ધાંતોઅનુસાર, યથાવિધિ પાળવો ઘટે છે. હે પવિત્ર બ્રહ્મચારિન્, એ રીતે પેલો ઉગ્રસેન અંધારી રાત્રીએ તે ભયાનક માર્ગે ધીરેધીરે ગુપચુપ સંચરતો હતો; એટલામાં આકાશમાં અંતરીક્ષ માર્ગે જતા ભાનુદેવના પગના તળીયાં, સુવર્ણહંસા નામની વનસ્પતિના લેપને લીધે અંધારામાં સૂર્યના પ્રકાશ જેવાં ચળકી રહ્યા હતાં; તે પ્રકાશનુ પ્રતિબીંબ, ઉગ્રસેનના અશ્વના માથા ઉપરની મોરપિંછની કલગી ઉપર પડતું હતું. જેથી ઉગ્રસેન આકાશ તરફ દૃષ્ટિ કરી નિરીક્ષણ કરતો કરતો ચાલતો હતો. તે વનસ્પતિના રસનો પ્રકાશ મંગળના તારાના જેવો પૃથ્વી ઉપર લાગતો હતો. તો તેને એવી કલ્પના થઇ કે આકાશના સૂર્ય મંડળમાંથી મંગળનો તારો ખર્યો હશે, પણ જ્યારે મંગળનો તારો ખરે તો પૃથ્વીનો પ્રલય થાય એવું શાસ્ત્રોક્ત વચન તેને યાદ આવ્યું અને કેટલીકવાર બારીકાઈથી તેણે આકાશમાં દૃષ્ટિ કરી, તો તે પ્રકાશ ઠીક તેની વિમળપુરી નજદીક ઉતરતો હોય તેમ જણાયું. જેથી તેને શંકા થઇ કે જરૂર તે કોઇ દેવ છે તારો નથી. અને વિમળપુરી તરફજ તેણે ગતિ કરી છે. કદાચ

તે દેવ નહિ હોય તો નિશ્ચે કોઇ પરમ સિદ્ધકે યોગીપુરૂષ હશે પણ જરૂર કોઈ મનુષ્ય આકૃતિ વાળી વ્યક્તિ છે એમાં શક નહીં; લાવ ખાત્રી પૂર્વક તપાસ કરૂં જોઇએ કે તે શું છે? કદાચ તેજ દૈત્ય માયિક સિદ્ધીવડે, એ પ્રમાણે અંતરીક્ષ માર્ગે નગરમાં ઉતરી, બાળકોનો સંહાર કરતો હશે તોયે કોને ખબર? માટે લાવ, મારો ઘોડો તે પ્રકાશીત વ્યક્તિ ઉતરે છે તેના તરફજ મારી મુકું પછી જે થવાનું હશે તે થશે.” એવો મન સાથે નિશ્ચય કરી તેણે ભાનુદેવના પ્રકાશની ગતિ અનુસારજ અશ્વ મારી મુકયો; એટલે તે જોઇ તેની પાછળના દશે ઘોડે સ્વારોએ પોતાના અશ્વો મારી મુકયા. એકાદ યોજન અશ્વો દોડયા એટલે ભાનુદેવ જમીન ઉપર ઉતર્યો. આ વખતે પ્હો ફાટવાનો સમય થયો હતો. ભાનુદેવ, પોતાના શ્રી સદગુરૂ દિગંબર સ્વામી પાસે જવાનુ હોવાથી, પાતાના વાળતથા વસ્ત્ર જે વાયુમાં અંતરીક્ષ માર્ગે ઉડવાથી વીખેરાઈ ગયા હતા, તેને ત્યાં ઉભો રહી ઠીક કરવા લાગ્યો; એટલામાં તો દશે ઘોડેસ્વારની સાથે ઉગ્રસેન તેના સમીપ આવી પોહોચ્યો. જોતાંજ ઉગ્રસેને દીગંબર સ્વામિના શીષ્યતરીકે ભાનુદેવને ઓળખી કાઢયો; અને ભાનુદેવ ઉગ્રસેનને જોતાં વેતજ જાણી ગયો. ભાનુદેવ તે સ્થળે જે સમયે ઉતર્યો, તે સમયે ઉગ્રસેન આવી પોહોચ્યો, ત્યારે પ્રાતકાળ થવા આવ્યો હતો; પણ માણસનું મ્હોં, જોઈ શકાય તેવું અજવાળું થઇ ગયું હતું. તે દીવસે અમાવાસ્યા હોવાથી અંધારૂ છેક પ્હોફાટતાં સુધી જો કે રહ્યું હતું પણ આ ઉગ્રસેન જ્યાં ભાનુદેવના સમીપ આવી ઉભો રહ્યો તે વખતે અરૂણોદયને લીધે અંધારૂં કેવલ જતું રહ્યું હતું; ભાનુદેવે જ્યાં ઉગ્રસેનને ઓળખ્યો એટલે તરતજ તેના પ્રતિ બોલી ઉઠયો, ‘ કેમ વીરનર ઉગ્રસેનજી, કયાં ચડાઈ લઇ ગયા હતા? ફતેહ કરી આવ્યા કે નહિં ? ’ આ સાંભળી ઉગ્રસેન કહેવા લાગ્યોઃ “ અરે ભાઈ મંત્રશાસ્ત્ર, યોગશાસ્ત્ર ઇત્યાદિ સર્વ શાસ્ત્રો તમે ભણ્યા ગણ્યા પણ એથી કંઈ મારી પ્રતિજ્ઞા પરિપૂર્ણ કરવા સમર્થ થઇ શકો એમ

છો ? મારે મનતો તમે ચતુર્વેદસંપન્ન અને ચમત્કારિક ભુદેવ છતાં નકામા છો. તમારી વિદ્યા કાંઈ મારૂ દુઃખ દુર કરી શકે તેમ નથી. તો પછી હું તમને શો ઉત્તર આપુ કે કયાંથી આવું છું; ” આ સાંભળી ભાનુદેવ કહેવા લાગ્યો “ હે વીરનર ! એ તમારૂં કહેવું વાસ્તવિક હશે પણ તમારૂં દુઃખ તમે નિવેદન નહીં કરો ત્યાં સુધી હું શી રીતે તમને ખાત્રીથી કહી શકું કે તે દુઃખ હું તમારૂં ટાળી શકીશ વા નહીં. જો કોઇ વસ્તુ અગર પ્રાણી પદાર્થની ખોળ કરી લાવવા જેવું તમારૂં કાર્ય હશે અને તે તમે મને સોંપશો તો હું તે કરી લાવીશ; પણ અન્ય કંઇ પ્રપંચ ખટપટનું રાજકિય કાર્ય તમારૂં હશે તો તે કરવા હું લાચાર છું.” આ સાંભળી ઉગ્રસેન વિચાર કરવા લાગ્યો કે જરૂર આનામાં કોઇ પ્રકારની મંત્રવિદ્યા સાધ્ય છે. તે પોતાના પગના તળીયાના પ્રકાશથી જ્યાં ત્યાં અંતરિક્ષ જઇ શકે છે, એ મેં નજરે જોયું છે; માટે લાવ કહી તે દૈત્યને શોધી આપવામાં સહાય કરે તો મારી પ્રતિજ્ઞાનો ભંગ ન થાય, અને કાર્ય ફતેહ કરી ઘેર જવાય. માટે લાવ તેને સર્વ વૃત્તાંત નિવેદન કરૂં પછી જોઉં શું થાય છે. ” આવો પોતાના મન સાથે નિશ્ચય કરી ઉગ્રસેને ભાનુદેવને સર્વ વૃત્તાંત કહ્યું, અને દૈત્યને શોધી કાઢવાઅર્થે સહાય કરવા માટે તેને વિજ્ઞપ્તિ કરી. ભાનુદેવે શોધી આપવા વચન આપ્યું અને કહ્યું કે “ ઉગ્રસેનજી જેમ મારા પ્રકાશને આધારે મારી સાથે તમે અહીં સુધી ચાલ્યા આવ્યા તેવી રીતે હું જાઉં ત્યાં ચાલ્યા આવો અને હું જ્યાં ઉતરી ઉભો રહું ત્યાં તે રાક્ષસને શોધશો તો જરૂર જડશે.” આવાં વાક્ય શ્રવણ કરતાંની સાથે ઉગ્રસેન ઉત્સાહપૂર્વક અતિ આતુર બની, નમ્રપણે ભાનુદેવને કહેવા લાગ્યો “ ત્યારે તો વિપ્રર્ષિ સત્વર ચાલો તેમ કરીએ. માત્ર તે દૈત્યને દેખાડી આપ આપને સ્થાને વિચરી જજો. પછી અમે સહુ છીએ અને તે છે જોઈ લઈશું.” ભાનુદેવના પગના તળીયા ઉપરનો લેપ સુકાઇ વજ્ર જેવો થઈ ગયો હતો, અને જળનો તેને જરી પણ સ્પર્શ

ગેલો નહિં જેથી એમને એમ જેની તે સ્થિતિમાં હતો,
ી ભાનુદેવ, "ચાલ જીવ શિખંડી દૈત્ય જ્યાં હોય ત્યાં"
લા શબ્દો બોલતાંની સાથે તે આકાશમાં ઉડ્યો, અને
મની માફક ઉગ્રસેનના અશ્વના માથા ઉપરની મોરપિંછની
ગી ઉપર પોતાનો સૂર્યકાંતમણિના જેવો દિવ્યપ્રકાશ નાં-
તો નાંખતો, ઉગ્રસેનના અશ્વની ગતિ જેટલી પોતાની ગતિ
ી ચાલવા લાગ્યો. ઉગ્રસેન પણ તેની ગતિ પ્રમાણેજ અશ્વને
જતો હતો, અને તેની પાછળ દશે તેના ઘોડેસ્વારો ઘડ-
ઘડબડ દોડયા આવતા હતા. ઉગ્રસેનના ઘોડાઓ અત્યંત
ી ગયેલા છતાં વિજય પ્રાપ્ત થવાના પ્રસંગના ઉત્સાહમાં ને
ાહમાં જેમ હાંકે તેમ ચાલતા હતા; જેથી નિર્વિઘ્ને હિમગીરીની
ટીમાં આવી, ભાનુદેવ, દૈત્યના રેહેઠાણ વાળી પથ્થરની કરાડ
ર ઉતરી જમીનથી ત્રીસ ફીટ ઉંચે એક સમચોરસ શિલા
ર ઉભો રહ્યો. એટલે ઉગ્રસેન અને સર્વ ઘોડેસ્વારો તરત ત્યાં
ચ્યા. ભાનુદેવ ઉતરીને પછી ઉગ્રસેનને કહેવા લાગ્યો "ઉગ્રસે-
, આ જે શિલાપર હું ઉભો રહ્યો છું ત્યાંજ આસપાસ તપાસ
શો તો તે દૈત્યનું રેહેઠાણ જડી આવશે; માટે સર્વ કોઇ પોત
ાના અશ્વોને વૃક્ષોએ બાંધી તપાસ કરો અને તે તમને
ાય કે પછી હું ચાલ્યો જઇશ. કારણ કે પ્રાતઃકા-
ી સ્નાનસંધ્યા કરવાનો મારો સમય થયેલો જોઇ હું
ંબી મુસાફરીએથી આવ્યો હતો છતાં વીમળપુરીમાં ન
તાં તેની ભાગોળના જંગલમાંજ ઉતરી પડચો, પણ
ાપને દીઠા, અને યોગાનુયોગે આપની સાથે અહીં આવવા-
જરૂર પડી, માટે એમનેએમ નિત્યકર્મ કર્યાવગર ચાલ્યો
ાવ્યો છું. હવે જેમ બને તેમ જલ્દીથી તપાસ કરી મને કહો
તે છે કે નહીં. તમને તે માલમ પડે એટલે હું મારે સ્થળે
ાલ્યો જાઉં, મારે વ્યવસાય ઘણો છે." આ પ્રકારનું ભાનુદેવનું
કહેવું માન્ય કરી, ઉગ્રસેન ચડપ પોતાના અશ્વઉપરથી ઉતરી,
અશ્વને એક ઝાડના મૂળમાં બાંધી, ભાનુદેવ જે કરાડ ઉપર ઉભો

હતો ત્યાં ચઢી ગયો એટલે હશે ઘોડેસ્વારો પણ તેની પાછળ ચડીને જોવા લાગ્યા. આ સમયે બીજા દિવસના મધ્યાન્હ થવાનો વખત થયો હતો. પક્ષીઓ વૈશાખ માસના પ્રખર તાપને લીધે અને તેમાંએ મધ્યાન્હ સમય થવા આવેલો જાણી, ચારો ચરવા ગયેલાં ત્યાંથી પાછાંવળી પોતપોતાના માળાપ્રતિ ઉડીને જતાં હતાં. વાઘવરૂ સિંહ ન્હાર ચિત્તા ઈત્યાદિ હિંસકપ્રાણીઓ પણ હીમગીરિમાંથી જોશભેર નિકળતિ વૈતરણિગંગા નદીમાં, પ્રખર ગ્રિષ્મઋતુના તાપથી તૃષિત થએલાં, તે પાણી પીવાઅર્થે આવતાં હતાં. પણ તળેટીમાં બે લાખ લશ્કર એકઠું થઈ દૈત્યને શોધવાની ધાંધલ મચાવી રહેલું હોવાથી, તેઓ પેટભરીને પાણી પીશકતાં નહતાં. ભય પામી અડધું પીધુંના પિધું ને નાસી બોડમાં ભરાઈ જતા હતાં. આ પ્રમાણે મધ્યાન્હ સમયે હિમગીરિની તળેટીમાં શિખંડી દૈત્યની શોધઅર્થે રમખાણ મચી રહ્યું હતું. ભાનુદેવ જે શીલા ઉપર ઉભો હતો તે શિલા ઉપર પગ ઠોકીને તે ઉગ્રસેનને કહેવા લાગ્યો, " ઉગ્રસેનજી ! મારી ઔષધિના ચમત્કારવડે એટલું હું નકી કહીશકું છું કે આ શિલાજ તે દૈત્યની ગુફાનું ઢાંકણું હોવું જોઇએ. કદાચ તે ઉઘાડી શકાય તો ખબર પડે. પણ ઉભા રહો જોઉ મારી ઔષધિના ચમત્કારવડે તે ઉઘડી શકે છે, મને સહજ અજમાવી જોવા દો ? એટલું કહી તે કોરાણે ઉભો રહી ' ચાલ જીવ શિખંડી દૈત્યના રહેઠાણની અંદર ' એટલા શબ્દો બોલતાંની સાથે તરતજ શીલા ઉઘડી ગઇ અને મોટું ભોંયરા જેવું ઉગ્રસેનને માલમ પડયું. ઉગ્રસેનને ખાત્રી થઇ કે ભુદેવનો પરચો સત્ય છે. તેમની વિદ્યા, ઔષધી કે ચમત્કાર જે નામ આપું તે પણ સર્વથા સત્ય છે. અંદર ડોકિયું કરી ઉગ્રસેને જોયું તો અસુરને ઘોર નિદ્રાવશ દીઠો, એટલે ભાનુદેવને ધીરે રહી તેણે કહ્યું કે ' મહારાજ હવે સુખેથી સિધાવો. દુશમન અંદર નિદ્રાવશ થએલો છે ને ઘોર ઉંઘમાં છે. હવે અમે છીએ ને તે છે. આપે, મારા ઉપર મહદ્ ઉપકારનું કાર્ય કર્યું છે તેને માટે જીંદગી

પર્યંત આપનો આભારી છું. આપને આજથી મારા ગુરૂ તરીકે માનું છું. વિમળપુરીમાં જો ફતેહ કરી પાછો આવીશ તો આપને અવશ્ય મળીશ અને કહેશો તે મુજબ સેવા કરીશ.” આ પ્રમાણેના ઉગ્રસેનના નમ્ર વચનો સાંભળી ભાનુદેવે કહ્યું “વિરનર! સર્વદા વિજય પ્રાપ્ત કરો એજ મારી આશીશ છે. અમારે બ્રહ્મચારિઓને સેવા કરાવારૂપ કંઇજ હોતું નથી. હજી તો અમારે જાતે કર્મ–સેવા–સત્ક્રીયા–શુદ્ધાચરણ-સ્વધર્મનું પાલન કરવાનું છે, તો અન્ય પાસે કરાવાના અમે લોકો શીરીતે અધિકારિ હોઇ શકીયે.” આટલું બોલી ‘ ચાલ જીવ દિગંબર ગુરૂના આશ્રમે ’ એટલા શબ્દો બોલતાંની સાથે ભાનુદેવ અંતરિક્ષ માર્ગે વિમળપુરી તરફ ઉડી ચાલતો થયો. તેના ગયા પછી ઉગ્રસેન તથા તે દશ ઘોડેસ્વારો તે દૈત્યની ગુફાનાદ્વાર આગળ ઉભા રહી વિચાર કરવા લાગ્યા, કે તે અસુર ઘોર નિદ્રામાં છે તો તેને કેવી રીતે જગાડી મારવો. આ કામ સમયસૂચકતા અને ત્વરાનું હોવાથી, ઉગ્રેસન સર્વેજણના મત લેઇ, એક નિશ્ચય ઉપર આવ્યો, કે તેને પ્રથમ કોઇપ્રકારે જગાડવો, પ્રશ્ચાત મારવો. નિદ્રાવશ થએલાને મારતાં ક્ષત્રીબીજને કલંક લાગે, માટે તેને ચેતાવી પછી મારવો એજ ક્ષત્રીવીરોનો ધર્મ છે. આ પ્રકારનો નિશ્ચય કરી દશે જણા એક પછી એક તેની છાતી ઉપર પથરા ફેંકવા લાગ્યા; પણ કોઇના પ્રહારથી તે જાગી શકયો નહિં; છેવટે ઉગ્રેસેન હોંકારો કરી પથર કે કોઈ વસ્તુના ઇશારા વગર તેને બૂમ મારી કેહેવા લાગ્યો ‘ અરે ચંડાલ તારે માથે કાળ ભમે છે અને ગાફેલ બની તું શું સુઈ રહ્યો છે ? સાવધાન થા નહિંતો આ ક્ષણેજ સ્વધામ પહોંચી જઇશ ? ’ આ પ્રકારના મેઘના જેવી ગર્જના ભરેલા ઉગ્રસેનના શબ્દો સાંભળી, એકદમ તે દૈત્ય જાગી ઉઠયો અને ભોંયરાનાં દ્વાર સામું જુએ છે તો માણસો તેને ઘેરી અસ્ત્રશસ્ત્રોથી તૈયાર ઉભેલાં જોયાં. જેથી તરતજ તે હોંકારો કરી બહાર નીકળી આવ્યો. બહાર જ્યાં નિકળ્યો કે તરતજ તેનાપર અસંખ્ય માણસ તુટી

પડયાં અને અસંખ્ય શસ્ત્રોના ઘા પડયા. જેથી તરતજ ઘાયલ થઇ પગ તરફડાવતો જમીન ઉપર પડયો, અને તરતજ રામ શરણુ પોહોંચી ગયો. પછી ઉગ્રસેન થોડા માણુસ સાથે તેના રેહેઠાણુની અંદર પેઠો અને એકઠાં કરેલાં નગરીનાં બાળકોનાં શબોને બહાર કાઢી ખચ્ચરો ઉપર ગુણો ભરાવી તે તેના માબાપોને યથાવિધિ અગ્નિદાહ કરવાઅર્થે સોંપવા વિમળપુરી લેઇ ગયો. અને દૈત્યના શબને તોપોની પાછળ બાંધી ઘસડતું વીમળપુરીએ લેઇ લીધું. ઉગ્રસેન અસુરને મારી વિજય કરી પોતાની વિમળપુરી તરફ હર્ષભેર લશકર લઇ પાછો ફર્યો તે સઘળો પ્રતાપ, ભાનુદેવ બ્રહ્મચારિનો હતો; અને તેથી વિમળપુરી પોહોંચતાંજ ભાનુદેવની ખોળ કરી તેને ગુરૂ તરીકે સ્થાપિ તેની નિરંતર સેવા કરવાનો તેણે નિશ્ચય કર્યો. જેથી વિમળપુરીના દરવાજામાં પેસતાંજ તેણે પોતાના ખાસ બે ત્રણ સૈનીકોને ભાનુ દેવની શોધઅર્થે નગરીમાં મોકલી દીધા. પશ્ચાત તે રાજા પાસે તે દૈત્યનું શબ લેઈ ગયો. રાજાએ તેને ઘણા સન્માનપૂર્વક વધાવી લીધો; બાદ પેલા દૈત્યના શબને અવલમંજલે પોંચાડવાનો હુકમ કર્યો. રાજાએ સેનાધિપતિ ઉગ્રસેનને તેની બ્હાદુરી બદલ શાલદુશાલા હીરાપન્ના ઇત્યાદિનો સરપાવ આપ્યો. ઉગ્રસેન ઘેર ગયો અને ભાનુદેવની તપાસ કરવામાં ગુંથાયો. ભાનુદેવ આ વખત પોતાના શ્રી સદ્ગુરૂ દિગંબરસ્વામિના આશ્રમે જઈ રહ્યો હતો. દિગંબર સ્વામિનો આશ્રમ વિમળપુરીથી આસરે પાંચેક માઇલ છેટે જંગલમાં હતો. આ આશ્રમની વાતનું તેને સ્મરણ રહ્યું નહીં જેથી ઉગ્રસેન તેનો પત્તો મેળવી શકયો નહિં. અને ભાનુદેવને પ્રાપ્ત કરવાની ચિંતામાં ને ચિંતામાં દીવસ વ્યતિત કરતો, ઉદાસિનપણે પોતાનું કર્ત્તવ્ય કરવા લાગ્યો.

મુનિવર્યસૂતમા બોલ્યા, "હે પ્રહર્ષ, સિદ્ધેશ્વરાચાર્ય, શુભકેતુ રાજાપ્રતી કહે છે. હે રાજન્, " પછી તે ભાનુદેવતો અસુરને દેખાડી પોતાના ગુરૂ દીગંબર સ્વામિના આશ્રમે આવ્યો હતો; ગુરૂસમીપ જઇ યથાવિધિ સાષ્ટાંગ તથા પુજન કરી તેમની

પાસે બેસી, સર્વ હકીકત નીવેદન કરી, તેણે પોતાના સદ્ગુરૂની અવજ્ઞાની ક્ષમા માગી; જેથી દયાના સાગર એવા તે દીગંબર તપસ્વીએ કૃપા કરી તેના સર્વ દોષોની ક્ષમા આપી; પશ્ચાત્ નિચે પ્રમાણે ભાનુદેવને કહેવા લાગ્યા.

દિગંબરયોગિ, શરણે આવેલા પોતાના યોગભ્રષ્ટ શિષ્ય ભાનુદેવને કહે છે. " હે વત્સ કર્મનો ત્યાગ દુઃખકર છે એવા મારા વાકયનો તને બરાબર હવે અનુભવ થયો હોય તેમ લાગે છે; અને તેથીજ તેં હવે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી કર્મ કરવા ઇચ્છા કરી છે. હે બ્રહ્મચારિન્, જો પુરૂષાર્થજ સર્વ ઠેકાણે સર્વ કાર્ય કરી શકે છે. આ કાળમાં પુરૂષાર્થ વડેજ પ્રાણી સર્વ વસ્તુની પ્રાપ્તિ અને ઉપભોગ કરી શકે છે. હે બેટા, પુરૂષાર્થ વગરનું પ્રારબ્ધ પાંગળું છે. કાર્યો કરવામાં અને તેનો ઉપભોગ કરવામાં પ્રારબ્ધ-ભાવિ-દૈવ ઇત્યાદિ શબ્દો કારણભૂત હોય છે એમ પ્રાણીનો મોટો સમુદાય માને છે. પણ પ્રારબ્ધ-ભાવિ કે દૈવ જે કહો તે કાંઇજ કરી શકતું નથી. કર્મ કરવામાં અને તેનું ફલ ભોગવવામાં પ્રારબ્ધ કાંઈ કારણ નથી; તે કાંઈ કરતું નથી. તે વિદ્યમાન પણ નથી તેમ દૃશ્ય અર્થાત્ દેખાતું પણ નથી; માટે વિદ્વાન પુરૂષો તો સર્વદા તેનો અનાદરજ કરે છે. હે તરૂણવિપ્ર, કર્મ અર્થાત પુરૂષાર્થ જ્યાં સુધી કરવામાં ન આવે ત્યાં સુધી કર્મનો ત્યાગ થઇ શકે નહીં, તે તું અનુભવે કરીને હવે જાણ ? હે બ્રહ્મચારિન્, જેઓ પ્રારબ્ધનો વાસ્તવિક અર્થ સમજતા નથી તેઓએ પ્રારબ્ધ કલ્પનાથી માત્ર ઉભું કરેલું છે. હે શિષ્ય, પ્રારબ્ધ એટલે પૂર્વે કરેલાં શૂભાશૂભ કર્મોવડે ઉત્પન્ન થએલા, શૂભાશૂભ ફલની પ્રાપ્તીથી બંધાએલુ સંચિત; જેમાં મનચિત બુદ્ધિ અહંકારાદિનો સમાવેશ થએલો છે. જે પુરૂષાર્થ, વિહિત હોય છે, તે વિહિત ફલને આપે છે, અને જે નિષેધ હોય છે તે નિષેધ ફલને આપે છે. આ સંસારના સમગ્ર પ્રાણી પદાર્થની ઉત્પત્તિ, શૂભાશૂભ મિશ્રિત કર્મોવડે થએલી છે, અને તેથી સર્વને સંચિતજ લાગુ પડેલું છે. હે વત્સ ! ઇષ્ટ ફળ

મેળવવાની ધારણાએ પુરૂષાર્થ કરવામાં આવે, છતાં તેમાંથી અનિષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે; અને અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિમાંથી કોઈવાર ઇષ્ટવસ્તુ પ્રાપ્ત થઈ જાય છે; તેનું કારણ એ છે કે આ કાલમાં પ્રાણીઓ પુરૂષાર્થનું વાસ્તવિક સ્વરૂપ જાણતા નથી ! अपि पौरुषमादेयं शास्त्रं चे युक्ति बोधकम् । अन्यत्त्वार्ष मवित्याज्यं माय्यं न्याय्येक सेविना । પૌરૂષનુંજ ગ્રહણ કરવું અને જેટલું યુક્તિબોધક શાસ્ત્ર હોય તેટલુંજ ગ્રહણ કરવું, બાકી આર્ષ માત્રનો ત્યાગ કરી ન્યાયનીજ માત્ર સેવા કરવી. આ પ્રમાણે જો પુરૂષાર્થ કરવામાં આવે તોજ તે ફલિભૂત થાય છે. હે ભાનુદેવ! વળી માત્ર ભ્રાંતિવાળા અવિવેકી મનુષ્યો, પોતાના કાર્યની સિદ્ધિ થતાં, પ્રારબ્ધને પ્રાધાન્ય માને છે. પણ વિવેકી અને વિદ્વાન મનુષ્યો તો પુરૂષાર્થ અર્થાત્ કર્મને પ્રાધાન્ય માની પ્રારબ્ધને ગૌણ માને છે. કારણકે પ્રારબ્ધ વિવેકી પુરૂષોનું કોઇ પણ કાર્ય કરવા સમર્થ નથી. તેઓ તો નિરંતર પુરૂષાર્થનેજ સત્ય માની તેમાંજ મચ્યા રહે છે. હે વત્સ, પ્રાણીનું જે મન છે તે અનેક વાસના–કામના–લાલસા–આસક્તિથી ભરપુર છે; અને તે વાસના કામના–લાલસા–આસક્તિ ઇત્યાદિ મનુષ્યને એક કર્મરૂપે પરીણામે પ્રાપ્ત થાય છે. જે પ્રાણીને જે સમયે જેવી વાસના ઉત્પન્ન થાય છે, તે સમયે તે પ્રાણી તે પ્રમાણે કર્મ કરે છે, અર્થાત્ પુરૂષાર્થ કરે છે. અંતરમાં ઇચ્છા બીજી હોય ને કર્મ બીજું કરે એમ કોઇને પણ કદી બનતું નથી. મનુષ્યને જેવી વાસના હોય તેવો તે સર્વદા પ્રયત્ન કરે છે. પ્રયત્ન પુરૂષાર્થ વા કર્મ જે શબ્દથી ઓળખીએ તે શબ્દ સીવાય અન્ય આ સમગ્ર સંસારમાં એક પણ વસ્તુ કિંવા વ્યક્તિ નથી. સર્વ પ્રાણી પદાર્થ કર્મને આધીન છે. આ અનેક બ્રહ્માંડના નાયક સત્ ચિદ અને આનંદ સ્વરૂપ પરમાત્માએ પ્રાણીમાત્રને શીરે કર્મ નિર્માણ કરેલું છે; જેથી સર્વ કોઇ, તે તેની વાસના અનુસાર કર્મો કર્યા કરે છે. હે વત્સ! કર્મ છે તે વૃદ્ધિ પામેલી ઇષણા–આસક્તિ–ઇચ્છા–લાલસા–વાસનાઓનો એક સમુહ છે. જે વા-

સનાઓનો સમુહ કારણભૂત મનથી યત્કીંચિત્ પણ વ્યતિરેક નથી, પણ તે રૂપજ છે. અને મન પરમાત્માને વિવર્ત હોવાથી પરમાત્મ સ્વરૂપ છે એમ વેદશાસ્ત્રે સિદ્ધ કરેલું છે; આ ઉપરથી કર્મ છે, તે વાસના છે, વાસના છે તે મન છે, અને મન છે તેજ પરમાત્મા છે. પ્રારબ્ધને કોઈ સ્થળે અવકાશ મળી શકતો નથી. મનરૂપે રહેલો પ્રાણીઓનો અંતરાત્મા, શ્રી સદ્ગુરૂ અને સત્શાસ્ત્રોદ્વારા પોતાના હિતકારક કર્મોને જાણીને, યથા વિધિ તે કર્મોને કરે છે, તો તે ઇપ્સિત ફલને અવશ્ય પ્રાપ્ત થઈ પરમાત્મ સ્વરૂપ બન્યા સીવાય રેહેતો નથી. આ રીતે હે બેટા, પ્રાપ્ત કર્મો વિહિતમાર્ગે કરવાથી, અર્થાત્ સદ્પુરૂષાર્થથીજ પ્રાણીના સર્વ કાર્ય સધાય છે. અને તેથી પરીણામે સંસારમાં જીવન મુક્તિનું સૂખ પ્રાણીને પ્રાપ્ત થાય છે. અંતકાલે તે પ્રાણી પરમ પદે સ્થિત થાય છે. હે વત્સ, જા હવે મારો સ્નાન સંધ્યાનો સમય થયો છે, જેથી હું કેટલોક વખત મારી નિત્યનૈમિતિક સત્ક્રીયામાં પ્રવૃત્ત થઈશ, અને તું પણ તારા ષટ્કર્મને કર? વળી પ્રસંગાવશાત આગળઉપર તારા કલ્યાણનો માર્ગ દર્શાવીશ." એમ કહી દીગંબર સ્વામિ તો પોતાના મધ્યાન્હની સંયમ ક્રીયામાં પ્રવૃત્ત થયા, અને ભાનુદેવ શૌચ સ્નાનાદિ અને ષટકર્મમાં પ્રવૃત્ત થયો.

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે, " હે શૂભ્રકેતુ રાજા! તેથી કરીને જો એકાએક સાહસ કરી તારા બાળકને મને ઉછેરવા માટે હઠ કરી, તેં સોંપ્યો હોત, અને તેથી કદાચ તુ તારા કર્તવ્યથી ભ્રષ્ટ થયો હોત, તો એ બાળક અને તું, તેમજ તમારી સાથે હું પણ કર્તવ્યભ્રષ્ટ બની, અનિષ્ટ દશાને પ્રાપ્ત થાત; અને પરિણામે દુઃખકર સ્થિતિને ભોગવત્. માટે હે રાજન્! કર્મનો ત્યાગ કેવલ દુઃખરૂપ છે એ મારા વચનનો નિશ્ચયપૂર્વક આ દૃષ્ટાંતથી અનુભવ કરી, તે બાળક પ્રત્યે તારે અને તારી સ્ત્રીએ કરવાના કર્મોને યથાવિધિ કર? અને તેથી પરીણામે જે શૂભ ફલ ઉત્પન્ન થાય તેનો રૂડી રીતે ઉપભોગ કર? તે પુખ્ત ઉમરનો અને રાજકાજને લાયક થયો

એવી મારી સંપૂર્ણ ખાત્રી થશે એટલે, હું તેને અધ્યાત્મવિદ્યા સંપાદન કરવાઅર્થે ઉચિત સમય મારી સમીપ રાખીશ. તેથી તે વ્યહવાર અને પરમાર્થ બન્નેની સિદ્ધિ કરી વાસ્તવિક સુખનો અધીકારી થશે. હે રાજન્! ગૃહસ્થાશ્રમ એજ સંસાર છે. અને સંસારનુ સત્યસ્વરૂપ સમજાયાથીજ જીવ તેના વ્યહવાર અને પરમાર્થ ઉભયની સિદ્ધિ કરી શકે છે. આ પ્રમાણે સિદ્ધેશ્વરાચાર્યના વચનો શ્રવણ કરી, રાજાએ પોતાના મનને સમાધાનમાં લાવી, રાણી શૂભ્રમતિને બાળક ઉછેરવા આજ્ઞા કરી. પશ્ચાત બે હાથ જોડી સાષ્ટાંગ કરી, ગુરૂઆજ્ઞા લેઇ રાજા દરબારમાં જઈ રાજકાજમાં ગુંથાયો; ગુરૂ પણ પોતાની સંયમક્રીયામાં પ્રવૃત થયા. અને રાણી પણ સાષ્ટાંગ કરી બાળકને લઇ અંતઃપુરમાં ચાલી ગઈ.

મુનિવર્ચસૂતમા કહે છે " હે બેટા પ્રહર્ષ, પછી તે સિદ્ધેશ્વરાચાર્યે, ભાનુદેવ અને દીગંબરનું આગળ આખ્યાન, શુભ્રકેતુ રાજાપ્રતિ કેવીરીતે કથન કર્યું તેનું વીવેચન કાલે શ્રવણ કરાવીશ. હે મુમુક્ષુ શિષ્ય, આજે હવે સમય ઘણો થયો છે માટે જા, અને નિરામય નિદ્રાને પ્રાપ્ત થા ? " મુનિના આ વચન શ્રવણ કરતાંની સાથે સર્વ વિદ્યાર્થીઓ, એકપછીએક સાષ્ટાંગ દંડવત્‌સહ પ્રેમપૂર્વક જયગુરૂ અભિવંદન કરી, પોતપોતાને સ્થાને જતા રહ્યા; અને છેલ્લે પ્રહર્ષ પણ વિવેક પુરઃસર તેજ પ્રમાણે સાષ્ટાંગ કરી, ત્યાંથી ઉઠીને પોતાના સદ્‌ગુરૂ શ્રી વર્ચસૂતમાનું શૈયાસન સાફ કરી બીછાવા ચાલ્યો ગયો.

—प्रकरण २ जुं.—

नमे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि

(श्री. भ. गी.)

હે પાર્થ, જો કે મને ત્રણે લોકમાં કંઇ કર્ત્તવ્ય નથી તેમજ કંઈ અપ્રાપ્ત વસ્તુમારે પ્રાપ્ત કરવાની નથી છતાં હુ કર્મ કરૂ છું.

—તરંગ ૧ લો—

—ગૃહસ્થાશ્રમ એજ સસાર છે—

મુનિવર્યસૂતમા બીજે દિવસે રાત્રીએ સમય થયો એટલે પોતાની નિત્યનૈમિત્તિક ક્રિયાઓથી પરવાર્યા, એટલે કથા કેહેવાના આસન ઉપર આવી બેઠા. પશ્ચાત એક પછી એક વિદ્યાર્થીઓ પણ સવિનય સાષ્ટાંગ કરી, પોતપોતાના આસને કથા શ્રવણ કરવાઅર્થે મર્યાદાપૂર્વક બેસી ગયા; અને પ્રહર્ષ પણ નિત્યનિયમ પ્રમાણે, મુનિનુ પૂજન અર્ચન કર્યા બાદ સપ્રેમ સાષ્ટાંગ કરી, પોતાના ગુરૂ સમિપ નાખેલા આસન ઉપર બેઠો. મુનિએ થોડી વાર ઇષ્ટચિંતન કરી, પશ્ચાત કથાનો આરંભકર્યો.

મુનિ કહે છે "હે પ્રહર્ષ ! પછી પેલા સિદ્ધેશ્વરાચાર્યે પોતાના શીષ્ય શુભ્રકેતુ રાજાપ્રતિ બીજે દીવસે ભાનુદેવે ગૃહસ્થાશ્રમ કેવી રીતે માંડયો, તેમજ વીભાવરિનુ શું થયુ વીગેરે હકીકત જે કહી સંભળાવી, તે હું આજે તને શ્રવણ કરાવું છું તે પ્રસન્નતાપૂર્વક શ્રવણ કરજે ? દીવસના સર્વ કાર્યો કર્યા પછી રાત્રિએ વાળુ ઈત્યાદિથી પરવારી, પોતાના સદ્ગુરૂ સમીપ કથાનો સમય થયો, એટલે રાજા, પેલા ભાનુદેવનું બાકી રહેલું આખ્યાન શ્રવણ કરવાને ઇરાદે પોતાના ગુરૂ સિદ્ધેશ્વરાચાર્ય સ્વસ્થ

થયા એટલે હાથ જોડી નમ્રતાથી કહેવા લાગ્યો. "હે ગુરો ગૃહસ્થાશ્રમ એજ સંસાર છે તે શી રીતે? અને પેલા ભાનુદેવે ગૃહસ્થાશ્રમમાં શી રીતે પ્રવેશ કર્યો? પેલી વિભાવરિ અપ્સરાનું શું થયું? અને વિમળપુરીના સેનાધિપતિ, ઉગ્રસેનની ભાનુદેવને ગુરૂ કરવાની ચિંતાનુ શું પરીણામ આવ્યું તે સવિસ્તર વૃત્તાંત કૃપા કરીને કહો? હે મહર્ષ, આવાં શુભ્રકેતુ રાજાના પ્રશ્નો સાંભળી, કૃપાના સાગર એવા શ્રીસિદ્ધેશ્વરાચાર્ય તે વૃત્તાંત્તને નીચે પ્રમાણે રાજાને શ્રવણ કરાવતા હવા.

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે 'હે રાજન્ પછી તે ભાનુદેવ પોતાના ગુરૂ દિગંબર સ્વામિની અજ્ઞાનુસાર સ્નાન સંધ્યા આદી ષટ્કર્મમાં નિરંતર પ્રવૃત્ત રહેવા લાગ્યો, અને ગુરૂ આજ્ઞાનુ યથાવિધિ પાલન કરવા લાગ્યો. એમ કરતાં બે ચાર દિવસ થયા એટલે એક દીવસે રાત્રિના સમયે દિગંબરગુરૂ તેને પાસે બોલાવી નીચે પ્રમાણે સદુપદેશ દેવા લાગ્યા.

દિગંબર તપસ્વિ કહે છે "હે મુમુક્ષુ વિપ્ર, કર્મનો ત્યાગ કેવલ દુઃખકર છે એ મારા વચનનો યથાર્થ તેં અનુભવ કર્યો અને તેથી પસ્તાવાની સાથે ગૃહસ્થાશ્રમનો સ્વિકાર કરવાને હવે તું તત્પર થયો છે; અર્થાત તારૂં કર્ત્તવ્ય શું છે, તે તને પોતાને ઘણા ખત્તા વાગવાથી હવે સમજાયું છે; તેથી હું અતિ પ્રસન્ન થયો છું. હે તાત, હવે તું સમજ્યો હઇશ કે ગૃહસ્થાશ્રમ સિદ્ધ કર્યા વગર, સંસારનું સત્યસ્વરૂપ પ્રાણીને સમજી શકાય નહિ. ગૃહસ્થાશ્રમ એજ સંસાર છે. સંસારના સુખ દુઃખો ગૃહી થવાથીજ સમજાય છે. સંસારનું આગમાપાયી અનિત્યસ્વરૂપ ત્યારેજ અંતરમાં અનુભવાય છે. વિભાવરિની જોડે લગ્નવિધિ કરીને ગૃહી થવું, તેને બદલે ગુરૂ કહે તે રીતે સંસારમાં પ્રવેશ કરીને, ગૃહી થવાના નિશ્ચય ઉપર જે હવે તું આવ્યો છે તે કેવલ તારા શુભસંસ્કાર સૂચવે છે. જેથી હજી બાજી હાથથી ગઇ નથી પણ તે સુધરશે, અને પરીણામે જીવન સફળ થશે એમ તું સ્પષ્ટપણે હવે માન? એકવાર પ્રથમ કેટલોક સમય

તારે પાછાં તારાં નિત્યનૈમિતિક ષટ્કર્મો યથાવિધિ કરવાં પડશે; પછી થોડો વખત અંતરશુદ્ધિઅર્થે અને અંતરના મળાદિ દોષોની નિવૃત્તિઅર્થે, ઇષ્ટમંત્રના યથાવિધિ જાપ કરવા પડશે. પશ્ચાત અંતર તથા બહિરશુદ્ધિ થઈ જશે એટલે સર્વ દોષને નિવારણ કરવાઅર્થે વેદશાસ્ત્રે વિધાન કરેલી વિધિયુક્ત, દેહપ્રાયશ્ચિત આદિ ક્રિયાઓ પણ કરવી પડશે. આટલું બધું કર્યા પછી હું તને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવીશ; માટે હમણાં તો તું તારી નિત્યનૈમિતિક ષટ્કર્માદિ ક્રિયાઓ કરવામાં સદા અભ્યાસિ રહે ? અન્ય પ્રવૃતિ મને પુછયા સિવાય કરીશ નહિં" ? આ પ્રકારનુ પોતાના ગુરૂનુ બોલવું સાંભળી, ભાનુદેવ સ્નાન સંધ્યા આદિ નિત્ય કર્મમાં પ્રવૃત્ત રેહેવા લાગ્યો. એમ કરતાં કરતાં સાત દિવસ થયા એટલે, તેને પેલા પગપર લગાડેલા લેપને જળ સ્પર્શ કરતાં, તેની અસર ઉડી જાય છે તે વાત યાદ આવી. પણ દરરોજ સ્નાનાદિકથી જળનો પગના તળીયાને સ્પર્શ થતો હોવાથી, યત્કીંચિત પણ લેપની અસર તેને અત્યારે રહી ન હતી, જેથી મન સાથે વિચારવા લાગ્યો કે " લેપ તો જતો રહ્યો, હવે કિન્નર લોકમાં જવું અશકય છે, અને તુંબી પાત્રમાં ભરી મુકેલો રસ પણ સુકાઇ ગયો આજે મને સાત દિવસ ગુરૂ આશ્રમમાં આવે થયા અને કાલે આઠ થશે. હવે વીભાવરિ પાસે જવાશે નહિં, એટલે તે પ્રાણુ ત્યાગ કરશે. અને સ્ત્રીહત્યા આપશે એ નિસંશય છે. પણ કદાચ ગુરૂ દિગંબર સ્વામિ સ્ત્રિહત્યાથી મુક્ત થવાનો ઉપાય બતાવે તેટલા માટે સ્ત્રિહત્યાની વાત તો તેમને નીવેદન કરૂં." એવો મન સાથે નિશ્ચય કરી ભાનુદેવ પોતાના ગુરૂ દિગંબર સ્વામિને કહેવા લાગ્યો. " હે ગુરો, મેં આપને મારૂં સર્વ વૃત્તાંત કહ્યું પણ એક કહેવાનું બાકી રહી ગયું છે, તેથી કહેવા આજ્ઞા માગું છું. " દિગંબરે કહ્યું. " હે વત્સ સુખેથી કહે "? ભાનુદેવે કહ્યું " મહારાજ આજે સાત દીવસ પુરા થાય છે. અને કાલે આઠ દીવસ પુરા થશે એટલે તે વિભાવરી પ્રાણત્યાગી, મને

સ્ત્રીહત્યા આપશે એ નિસંશય વાત છે માટે મને કાલે સ્ત્રીહત્યા જરૂર પ્રાપ્ત થવાની. તો મારે તેના નિવારણાર્થે શું કરવું ઘટિત છે તે મને બતાવવા કૃપા કરશો?" આ પ્રમાણેના ભાનુદેવના દયાજનક નમ્ર વચનો સાંભળી કૃપાના સાગર, અને ભાનુદેવના પરમકલ્યાણના હેતુ, એવા દિગંબર સ્વામિ પ્રત્યુતરમાં કહેવા લાગ્યા, "હે વત્સ, તારી કિન્નર લોકમાં જવાની શક્તિ તે તો હવે જતી રહી છે, કારણ કે સુવર્ણહંસા વનસ્પતિના લેપની અસર, સ્નાનાદિક ક્રીયાઓથી થએલા જળના સ્પર્શવડે, બધી જતી રહી છે. એટલે હવે તારે તે સ્ત્રીહત્યાનું પાપ ભોગવ્યા સિવાય છુટકો નથી. જ્યારે તું દેહપ્રાયશ્ચિતાદિ કર્મો કરે, ત્યારે મને આ વાતનું સ્મરણ આપજે, એટલે હું સ્ત્રીહત્યાના નિવારણાર્થે તને પ્રાયશ્ચિત કરાવીશ; માટે હે તાત, તું નિશ્ચિંત રહી '**बलियसि केवल इष्ट इच्छा**' એ વેદશાસ્ત્રના વચનાનુસાર ઇષ્ટ ઇચ્છા બળવાન સમજ ? અને તારા દર્શાવેલા માર્ગે હમણાં તો તું પ્રસન્નતાથી વહનકર, પશ્ચાત સર્વ જોઇ લેવાશે" આ પ્રમાણેના ગુરૂ વચનોનું પાલન કરી, ભાનુદેવ પોતાના કર્ત્તવ્યમાં નિરંતર પ્રવૃત્ત રહીને, પોતાના નિત્યકર્મનો સતત અભ્યાસી થયો; અને ગુરૂ પણ દીનપ્રતિદીન તેની ગુરૂભક્તી જોઇ અત્યંત પ્રસન્ન રેહેવા લાગ્યા. હે રાજન, કિન્નર લોકમાં પેલી વિભાવરિ આઠ દિવસની મુદત આપી ચાલી ગઇ હતી, તે આઠમો દિવસ પુરો થયો, અને છેક આઠમા દિવસની મધરાત્રિ સુધી ભાનુદેવની રાહ જોઇ થાકી, પણ ન આવ્યો એટલે તેણે નવમા દિવસના પ્રાતઃકાલમાં 'ભવોભવ ભાનુદેવજ પતિમળજો અને તે જ્યાં હોય ત્યાં તેને મારી હત્યા ચોટજો' આટલા શબ્દોના ઉચ્ચારપૂર્વક પ્રાણ છોડચા, અને ભાનુદેવને સ્રિહત્યા ચોટાડી. સ્ત્રીહત્યા ચોટવાથી તેના લલાટ ઉપરનું બ્રહ્મતેજ ક્ષીણ થઈ ગયું. વર્ણ કંઇક ગૌર હતો તે શ્યામ પડી ગયો, અને બુદ્ધિમાં સ્વાર્થપરાયણતાએ પ્રવેશ કર્યો. પણ તેના ઉપર તે દોષની વધારે અસર થઇ નહીં; તેનું કારણ કે તે ભાનુદેવે અષ્ટાંગયોગને તથા બ્રહ્મનિષ્ઠત્વને સિદ્ધ કરવામાં ઘણો

કાળ ગુજાર્યો હતો; અને તેના સદગુરૂ પણ તેવા દયાળુ અને અનુભવી મહાત્મા હતા; જેથી તેની થએલી અવજ્ઞાની ક્ષમા આપી તેને પાછો શરણુ રાખ્યો હતો. ક્ષમા માગી પાછો શરણે આવી રહેલો ભાનુદેવ, ગુરૂ આજ્ઞાનુ સર્વથા પાલન કરતો હોવાથી, તેના આંતરજ્ઞાન ચક્ષુઉપર પાપરૂપી પડળ, છેક ફરી વળ્યાં ન હતા. જેથી રાતદિવસ પાછું વળી અંતરમાં વીવેક અને ધૈર્યથી વિચારતો હતો કે " ગુરૂ મહારાજને શરણે છું તો પછી સ્ત્રિહત્યાનું પાપ નિવારણ કરવાઅર્થે, અનુકુળસાધન પ્રાપ્ત થયા વગર રેહેનાર નથી. માટે હરકત નહીં, કદાચ તે સ્ત્રીનું ધાર્યું ન થયું, અને એથી કરીને તેની હત્યાનું પાપ શિરે લેવું પડયું; પરંતુ સદ્ગુરૂની સલાહ અને આજ્ઞા મુજબજ અનુસરવું એમાંજ મારૂં પરમ કલ્યાણ છે. એજ મારા કલ્યાણનો હેતુ છે. એથીજ મારા જીવનની સાફલ્યતા છે. એજ માત્ર સંસાર સાગર તરવાની મારે માટે નોકા છે. ' शिवे रूष्टे गुरो त्राता गुरू रूष्टे न शंकरः ' એ વચન મુજબ સ્ત્રી હત્યા તો શું પણ એક સમયે સાક્ષાત શ્રી શંકર પરમાત્મા કોપ્યા હોય અર્થાત રૂઠયા હોય તો ગુરૂમહારાજ બચાવી શકેછે, પણ ગુરૂ જો રૂઠે તો પછી વિધિ હરિહર સુદ્ધાં પણ, ત્રણ કાળમાં તેને બચાવી શકવા સમર્થ નથી. માટે ગુરૂ મહારાજની કૃપા મેળવી, તેઓ જે પ્રમાણે કહે, તે પ્રમાણે અનુસરવુ અને આજ્ઞા કરે તેજ પ્રમાણે મારે વર્તવું એજ માત્ર મારૂં કર્ત્તવ્ય છે. ખેર ! વિભાવરિ તેં પ્રાણત્યાગ કર્યો હોય તો તારી સાચીભાવના અને મારી તારાપ્રત્યે સાચીભાવના હશે તો ગમે તે જન્મમાં મારોતારો ભેટો થશે. " આ પ્રમાણે વિચાર કરતો ભાનુદેવ, નવમા દીવસના બપોરના સમયે પોતાના આસન ઉપર બેઠો છે, એટલામાં સ્વામિ તેમના સંયમના ઓરડામાંથી બહાર નીકળી, તેના આસનની છેક નજીક આવીને ઉભા રહ્યા, અને કહેવા લાગ્યા, " હે વત્સ, આજે મને મારા યોગબળે જણાયું છે, કે તે વિભાવરી અપ્સરાએ પ્રાણ છોડી દીધા છે. અને તને સ્ત્રીહત્યા પ્રાપ્તથઈ છે. તારા મુખપર બ્રહ્મતેજ સહેજ ઘટેલું છે અને મુખ ઉપર શ્યામતા

લાગે છે તેનું કારણ પણ તેજ હત્યારૂપ પાપ છે. હે તાત, પણ તેથી યત્કીંચિત ભય કે ચિંતા તું સેવીશ નહિ. એ હત્યાનું યોગ્યકાલે, યોગ્યક્રિયાદ્વારા ઇષ્ટ ઇચ્છાથી નીવારણ થશે. હે વત્સ આ સમયે જો તું મારી સંનિધ ન હોત, તો અતિ દારૂણ દુઃખને ભોગવત; કારણ કે સ્ત્રિ હત્યાનુ પાપ મનુષ્યને શીરે નાનુંસુનું નથી. હે તાત, બ્રહ્મહત્યા કરતાં પણ સ્ત્રિહત્યાનું પાપ સત્શાસ્ત્રોએ અધિક ગણેલું છે; હે બાપ, એ મહદ પાપના નિવારણાર્થે બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય તેમજ કર્મકાંડી એવા સમર્થસદ્‌ગુરૂનો પ્રાણીને આશ્રય કરવો પડે છે. હે વત્સ, તને તો જો કે તેવા સદ્‌ગુરૂ પ્રાપ્ત છે એટલે તારૂં પ્રાયશ્ચિત તો નિર્વિઘ્ને નીવારણ થઇ શકે એમ છે; પણ જેને એવા સદ્‌ગુરૂ પ્રાપ્ત નથી તેને તો તે પાપ નિવારણાર્થે અનેક જન્મ લેઇ અનેક શુભકર્મોને કરવાં પડે છે. ખરેખર તું શુભ સંસ્કારિ અને પુન્યશાળી છે એમ આજે મારી ખાત્રી થઈ છે. હે વત્સ, હવે તારા પ્રાયશ્ચિતઅર્થે સત્શાસ્ત્રોએ વિધાન કરેલી ક્રીયા, તને બતાવું તે પ્રમાણે તું કર એટલે સર્વ પાપથી મુક્ત થઇશ અને ગૃહી થવાનો યથાર્થ અધિકારી બનીશ. હે બેટા, ગૃહી થવું એટલે સંસારી થવું. સંસારી થવાથીજ સંસારનો ત્યાગ થઇ શકે છે. સંસાર ગ્રહણ જેણે કર્યો હોતો નથી તેને ત્યાગ કરવાપણું કશું છેજ નહીં. માટે સંસારમાં જન્મ ધારણ કરી, સંસારના સુખદુઃખોને ભોગવી તેને અનુભવથી અનિત્ય અને આગમાપાયી જાણીને, પશ્ચાત જીવનમુક્તિના સૂખનેઅર્થે પ્રયત્ન કરવાનો છે. માટે હું બતાવું તેટલી વિધિયુક્ત સર્વ પ્રાયશ્ચિતોનું નીવારણ કરીને પશ્ચાત તને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવીશ. હે બેટા, પ્રથમતો તારે, એક હજારપ્રહર એટલે સવાસો દીવસ પર્યંત સ્નાનસંધ્યા આદિ નિત્યનૈમિતિક ક્રીયાઓથી પરવારી, વૈશ્વદેવ બ્રહ્મયજ્ઞ અને પિતૃતર્પણ ઇત્યાદિ ક્રીયાઓ કરવી પડશે. પછી એક હજાર પ્રહર, યજ્ઞ યાગાદિક હું જે જે બતાવું તે તે કરવાં પડશે. ત્યાર પછી એક હજાર પ્રહર પ્રણવ સહીત લોમવિલોમ પ્રાણાયામ

પૂર્વક ઇષ્ટમંત્રના જાપ કરવા પડશે; અને છેવટે પછી એક હજાર દીવસ અર્થાત્ ત્રણ વરસ સુધી સંસારમાં પ્રાપ્ત કરવાના તમામ અનુકુળ સાધનો પરિશ્રમ લેઇ પ્રાપ્ત કરવા પડશે. તાત્પર્યમાં હે વત્સ, ઉપર કહ્યો તેટલો સમય તારે બરાબર શ્રમ લેઇ સદ્પુરૂષાર્થ કરવો પડશે આથી પરિણામે તું યથાર્થ ગૃહસ્થાશ્રમી થઇશ. હે બેટા, ગૃહસ્થાશ્રમ એજ સંસાર છે તે અભ્યાસે તને સમજાશે. હે વત્સ જો તું પ્રથમ મારા ઉપદેશને માનીને ગૃહસ્થાશ્રમી થયો હોત તો અત્યારે યથાસ્થિત ગૃહસ્થાશ્રમી બન્યો હોત, અને સુખપૂર્વક તારો સંસાર ખેડવા તું સમર્થ થયો હોત. પણ તું મારી આજ્ઞાનું ઉલંઘન કરી ત્યાગાશ્રમ ધારણ કરી, કર્મનો ત્યાગ સુખકર માની, મારી અવજ્ઞા કરી ચાલ્યો ગયો, તેજ ક્ષણથી, ગુરૂદ્રોહિ, અને યોગભ્રષ્ટ બન્યો અને પરીણામે અવિહિત કર્મ કરવાની અણી ઉપર આવ્યો. પણ પૂર્વના કોઇ શુભસંસ્કારવડે અને દયાનાસાગર એવા શ્રીસદ્ગુરૂની કૃપા વડે માત્ર બ્રિહત્યા શિરપર લઇને નિષેધ કર્મ કરતાં બચી ગયો એ તારૂ સદભાગ્ય સૂચવે છે. હે વત્સ હજીએ મેં કહ્યો તેટલો સમય યથાર્થ પુરૂષાર્થ કરીશ, તો અંતે ત્યાગાશ્રમનો અધીકારી થઇશ. માટે હે વત્સ, તે પ્રમાણે કરવા પ્રવૃત્ત થા ? પણ તે પેહેલાં, મારી સમક્ષ, મારે પગે હાથ મુકી પ્રતિજ્ઞા લે કે, મારી આજ્ઞા સિવાય પ્રાણાંતે પણ આશ્રમ બહાર તારે કદી પગ મુકવો નહીં. બહારનું કામકાજ હોય તે અન્ય વિદ્યાર્થિને ભળાવવું અને તારે તો આશ્રમાંજ રેહેવું; અને જેજે પ્રમાણે હું બતાવું તેતે પ્રમાણે સત્ક્રીયાઓને કર્યા કરવી. આવાં પોતાના ગુરૂ દીગંબર સ્વામિના વચનો શ્રવણ કરી ભાનુદેવે બેહાથ જોડી કહ્યું "બહુ સારૂ ગુરૂમહારાજ, આપની આજ્ઞાનુસાર આપ કહેશો તેટલો કાળ આશ્રમમાં રહીને સહુ સત્ક્રીયાઓ કરીશ. બહાર કદીપણ પગ નહિં મુકું, આપ મને આવતી કાલથી પ્રવૃત કરવા કૃપા કરજો" ભાનુદેવના આ વચન શ્રવણ કરતાંજ મુનિ દીગંબર જે ભાનુદેવના આસન સમીપ ઉભા હતા ત્યાંથી ચાલતા થયા, અને ગંગાએ

સ્નાનાદિક નિમિતે પધાર્યા, એટલે ભાનુદેવ પાછો વિચાર કરવા લાગ્યો "વિભાવરિએ મારા પાછળ પ્રાણુ અર્પણ કર્યા જેથી તેનું વૈર રાખીને તેની બ્હેન કૈટભિ પોતાના પતિ વેન ગંધર્વને લેઇ અત્રે આવશે, ને કદાચ અન્ય શાપ આપશે. તો વળી તેના નિવારણાર્થે બીજો અમુક વખત રોકવો જોઇશે એટલે ભાનુદેવ તારી તો જીંદગી એમને એમ ગૃહી થવાની લાલસામાં ને લાલસામાં કામ આવી જશે, અને મનની મનમાં રહી જશે, સઘળી ઉમેદ પાર પડયા વીના આખું આયુષ્ય ગૃહસ્થાશ્રમીના માત્ર અધિકારી થવામાંજ વહી જશે અને તું વૃદ્ધ થઈશ. વળી સ્રી પરણ્યા એટલે ગૃહાસ્થાશ્રમી થયા બીજું શું ? ગૃહસ્થાશ્રમી થવા માટે માત્ર એક સ્રિ પરણવાની જરૂર છે તો વળી આટલો બધો કાળ તે અર્થે• પરિશ્રમ શા માટે કરવો. નહિં નહિં, ગુરૂ દિગંબર સ્વામિનો આટલા બધા લાંબા સમય પછી મને ગૃહસ્થાશ્રમી બનાવવો તેમાં કંઇક ભેદ હોવો જોઇયે. અત્યારે મારી ઉમર પચીસ સતાવીશ વર્ષની છે તો તે વખતે ત્રીશ કે પાંત્રીસ વર્ષની થશે. તો શું ત્રીશ વર્ષની ઉમર પછી મારૂં લગ્ન કરવું, એમ આ ઉપરથી ગુરૂ મહારાજનું ધારવું તો નહીં હોય. નહિં નહિં તેમની બુદ્ધિમાં કંઇક મારા કલ્યાણનો હેતુ હશે એમ હું નિસંશયપણે માનું છું. ખેર હમણાં તે જેમ કહે તેમજ કરવામાં લાભ છે. તેમની વાતના ભેદનો સંદેહ, કોઇવાર પ્રસંગાવશાત્ વાત કાઢી નિવારણ કરીશ. **मौन्य सर्वार्थ साधयेत्** મૌન્ય સર્વ અર્થને સાધે છે જેથી હમણાં મૌન્ય રેહેવું, અને તેઓશ્રી જેમ આજ્ઞા કરે તેમ કરવું એજ મારે માટે સર્વોતમ ઉપાય છે." આ પ્રમાણે પોતાના મન સાથે દ્દઢ નિશ્ચય કરી ભાનુદેવ ગુરૂ આજ્ઞાનું પાલન કરવામાં પ્રવૃત રેહેવા લાગ્યો. અને ગુરૂ દિગંબર સ્વામિ પણ તેને અનુકુળ પડે તેવી, તેના કલ્યાણના હેતુરૂપ સત્ક્રિયાઓ ક્રમે ક્રમે તેની પાસે કરાવવા લાગ્યા."

હે મહર્ષ, પશ્ચાત તે મુનિ સિદ્ધેશ્વરાચાર્ય, વિભાવરિનું

વૃતાંત, પોતાના શિષ્ય શૂભ્રકેતુ રાજાને નીચે પ્રમાણે કહેતા હવા તે તને કહું તે એકાગ્રચિત્તે શ્રવણ કર ?

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે "હે રાજન્, ગૃહસ્થાશ્રમ છે એજ સંસાર છે એ વાતનું તને આ ભાનુદેવના દૃષ્ટાંતથી અંતરમાં સ્પષ્ટિકરણ થશે. હે રાજા, તે ભાનુદેવતો પોતાની ગુરૂ આજ્ઞાનું સર્વ પ્રકારે આશ્રમમાં પાલન કરે છે અને સદગુરૂની સેવા કર્યા કરે છે. પેલી વિભાવરિ અપ્સરાએ તેની દૃઢ પ્રતિજ્ઞા પ્રમાણે નવમે દિવસે 'ભવભવો તેજ પતિ મળજો' એ શબ્દના ઉચ્ચારણ પૂર્વક પ્રાણ છોડયા હતા. જેથી मरणे या मति सा गति એ નીયમ પ્રમાણે તે કન્યાની દૃઢ સૂક્ષ્મ વાસના ભાનુદેવ વિષે બંધાએલી હતી; તેના જીવાત્માએ મૃત્યુ લોકમાં એજ વીમળપુરીમાં ભાનુદેવનીજ ન્યાતમાં એક પવિત્ર વિપ્રને ત્યાં જન્મ લીધો. મૂળતો તે બ્રહસ્પતિના વિર્યથી ઉત્પન્ન થએલી અપ્સરા સુરૂચિની કન્યા અને વાસનાવડે કરીને '**क्षीणे पुण्ये मृत्यु लोका वसान्ति**' એ શ્રીમદ ભગવદ્‌ગિતાના સિદ્ધાંત અનુસાર, પૂન્ય ક્ષીણ થવાથી મૃત્યુલોકને પ્રાપ્ત થઈ; યદ્યપિ તેના રૂપ સૌંદર્ય અને સદગુણ સર્વોપરિ હતાં. તેના અવયવો, કાંતિ અને શરીરનું બંધારણ અલૌકિક અને ચિત્તાકર્ષક હતાં. તેનું નામ ચારૂશીલા હતું અને તેના પિતાનું નામ સુજ્ઞશર્મા હતું. તે સુજ્ઞશર્માને આ પુત્રિ તેતાળીશ વર્ષની વયે શંકરની ભક્તિથી પ્રાપ્ત થઇ હતી. તેથી પાછલી અવસ્થામાં શંકરની પ્રસાદરૂપ એકની એક પૂત્રિ, જેથી તેને અધિક લાડથી પાળી પોષી ઉછેરવા તેણે અને તેની પત્નિ રમાદેવીએ રાત દિવસ કષ્ટ વેઠયું હતું. સુજ્ઞશર્મા વીમળપુરીના રાજાના પુરોહિત અને રાજ્યગોર હતા. જેથી બે ત્રણ ગામના ધણી અને સુખી સ્થિતિના તેમ વિમળપુરીના પ્રતિષ્ઠિત અને સંપૂર્ણ કર્મકાંડ જાણનારા પૂજ્ય અને પવિત્ર વિપ્રમૂર્તિ પુરૂષ હતા. સ્વધર્માચરણી અને નિરંતર વિહિત કર્મોને કરનારા હોવાથી, રાજા અને પ્રજા સર્વ તેમની સલાહ મુજબ વ્રતદાનાદિ યથાશક્તિ સત્ક્રીયાઓ કરતા. અને

વૃદ્ધ ડોશીઓ વીગેરે એકાદશી ક્યારે છે વૈષ્ણવી ક્યારે પાળવાની છે અને શૈવી ક્યારે પાળવાની છે એવા પોતાના મનના અનેક સંદેહ પણ નિરંતર સુજ્ઞશર્માને પુછી ટાળતી હતી.

આ પ્રમાણે વિમળપુરીના વિમળસેન રાજાના પુરોહિત સૂજ્ઞશર્માને ઘેર પેલી વિભાવરી જન્મી અને ચારૂશીલાના નામથી ઉછરી પાછરી મોટી થઇ. આશરે સાતેક વર્ષની થઈ એટલે તેને તેના પીતાએ વિદ્યાભ્યાસમાં જોડી દીધી; અને તેણી પણ વિદ્યા સંપાદન કરવાઅર્થે અત્યંત પરિશ્રમ લેવા લાગી. તેણીની મા રમાદેવી પણ તેને રાંધવા ભરવા શીવવા ઇત્યાદિ ઘરકામમાં કુશળ બનાવવા અર્થે મેહેનત લેવા લાગી. હે રાજન્, હવે પેલા ઉગ્રસેનનું શૂં થયું તે શ્રવણ કર ? ભાનુદેવ તો વિમળપુરીની બહાર આવેલા નજીકના અરણ્યમાં સ્વામિ દીગંબર ગુરૂના આશ્રમમાં રહી ગુરૂઆજ્ઞા પ્રમાણે વર્ત્તન કરતો હતો. તેને આ વખતે ગુરૂદ્વારા મળેલી ક્રમપૂર્વક ક્રિયાઓમાં પ્રવૃતિ સેવતાં સાતવર્ષ વિતિ ગયાં હતાં ? અને આઠમા વર્ષના આરંભમાં આ વખતે તે લોમવિલોમ પ્રાણાયામ સહીત ઇષ્ટમંત્રના જાપ, દ્દઢ આસન પુર્વક આશ્રમમાં કર્યા કરતો હતો. પહેલેથી દાઢી જટા ઇત્યાદિ પંચકેશ તો તેને હતા જેથી કોઇ દિવ્ય તપસ્વિની માફક લાગતો હતો; ઉગ્રસેનને જે વખતે તે મળ્યો હતો, તેને ઉપર કહી તેટલી મુદત થઈ ગયલી હોવાથી ઉગ્રસેને તેને પ્રથમ જેવો જોયો હતો, તે વખતના અને હમણાંના ભાનુદેવના ચ્હેરામાં, આસમાન જમીનનો ફેરફાર થઇ ગયો હતો. કારણકે સદ્‌ગુરૂની સમીપતા શિષ્યને અધીક બલ, તેજ આપનારી છે. ઉગ્રસેનના શરીરમાં પણ ફેરફાર થઇ ગયો હતો. કારણકે ભાનુદેવને ગુરૂ કરવાની દ્દઢ જીજ્ઞાસાવડે કરીને નિરંતર ચિંતા સેવ્યાં કરતો હતો અને તે ચિંતાને લીધે આ વખતે કૃષ અને નીસ્તેજ બની ગયો હતો. તે આખી વીમળપુરી અને દેશપરદેશ ભાનુદેવની ખોળ કરાવી થાક્યો, પણ ભાનુદેવનો પતો ન લાગવાથી નિરાશામાં અને ઉદાસિન

પણ આ વખતે તે ઉગ્રસેન જીવન ગુજારતો હતો. એક દીવસ તેના મનમાં એમ વીચારવા લાગ્યો કે "પરમેશ્વરે તે દિવ્ય અને સમર્થગુરૂ ભાનુદેવશર્માને, મારા આ જન્મે પ્રાપ્ત ન કર્યા, તો આવતે જન્મે કરશે પણ તે ભાનુદેવને ગુરૂ કર્યા વગર મારૂં કોઇ કાલે કલ્યાણ નથી. આ વિશ્વમાં અનેક સમર્થ સત્પુરૂષો ગુરૂ કરવા યોગ્ય હશે, પરંતુ મારા અનુકુળ તો એજ ગુરૂ છે. એથીજ મારૂં જીવન સફળ થનાર છે. એની સેવાથીજ મારો મોક્ષ છે. માટે તેજ ગુરૂ જો પ્રાપ્ત થાય તોજ મારે ગુરૂ કરવા, નહિંતો ગુરૂ વગરની જીંદગી ગુજારવી બ્હેતર છે. હવે મારી ગૃહસ્થાશ્રમની અવધ પુરી થઇ છે, જેથી વાનપ્રસ્થાશ્રમનો અંગિકાર કરવો હવે યોગ્ય છે. કારણકે તે મહાત્મા ભાનુદેવશર્મા મને મળ્યા, ત્યારે મારી ઊમર લગભગ ઓગણસાઠ વર્ષની થઈ હતી. તે વાતને આજે સાતઆઠ વર્ષ થવા આવ્યાં. એટલે નિદાન હવે છાસઠ વર્ષ થયાં અને મારા ગૃહસ્થાશ્રમની સમાપ્તિ થઇ. સેનાધિપતિની જોખમવાળી નોકરીની ઉપાધિ પણ હવે મારા પુત્ર પૂષ્પસેનને રાજાએ કૃપા કરી સોંપી છે. એટલે શાંતિથી આ વિમળપુરીની બહાર, નજીકમાં આવેલા દિગંબર સ્વામિના આશ્રમમાં જઈ, એકાંતવાસ સેવી પરમાત્માનું ભજન કરૂં, અને એજ ભાનુદેવશર્માને મારા ગુરૂ, જો આ જન્મે નહિં તો ઇતર જન્મે પણ પ્રાપ્ત થાય તે માટે તપશ્ચર્યા કરૂં; બસ હવે એજ દૃઢ ભાવનાપૂર્વક વિહિત તપશ્ચર્યાને સાધુ પછી ગમેતો દેહ તપશ્ચર્યામાં પડે, અગરતો ગુરૂસેવા કરતાં પડે, તેની મને ચિંતા નથી. ચાલીસ વર્ષ પર્યંત રાજસેવા કરી, તેનું ફલ રાજા વિમળસેને મને ઘણું ઉત્તમ આપ્યું છે. આજકાલ કરતાં દશવર્ષથી બાર ગામોની ઉપજ ખાવાનો ત્રાંબાપત્ર ઉપર વંશપરંપરાનો લેખ કરી આપ્યો છે. તેની સાથે દ્રવ્ય પણ સાત પેઢી ખાય અને વળી હમેશ પ્રાપ્ત થયા કરે એટલું પ્રભુએ શું વંશજોને થોડું આપ્યું છે, ઘણું છેઃ માત્ર એક ગુરૂ સિવાય અન્ય આ સમગ્ર જગતના પદાર્થો મને સર્વ પ્રાપ્ત છે; કંઇ ન્યુનતા નથી.

લાડી, વાડી, ગાડી ઈત્યાદિ સર્વ વૈભવયુક્ત મારી સ્થીતિ ઘણી સુખી છે. પણ હું તે સર્વને શું કરૂં ? એથી કંઇ તે મને સમર્થ સદગુરૂ ભાનુદેવ પ્રાપ્ત થનાર છે ? નહીં. અરે જો તે ગુરૂ મને કોઇ લાવી આપે તો આ ગરાસ આ સહુ વૈભવ અને મારૂં સર્વસ્વ તેને અર્પણ કરી દઉં. અરે જો કે મને છાસઠ વર્ષ થયાં છે અને વૃદ્ધ થયોછું તોપણ તે ગુરૂ હજી જો પ્રાપ્ત થાય તો તે મોક્ષના માર્ગે મને ચડાવી મારી સદગતિ કરે એમાં જરા પણ સંદેહ નથી. પણ તે આ દુર્ભાગિ જીવને કયાંથી મળે. અરે તે ભાનુદેવ, કે જેને મારા મનથી મેં ગુરૂ કરી સ્થાપ્યા છે, તે જો મળે તો ઉગ્રસેન તારા મનનો મનોરથ પાર પડે, તારી સદગતિ થાય અને કદાચ જીવનમુક્ત થઇ પરીણામે પરમ પદમાં પણ શમાય. આ અસાર સંસાર તરી જાય, આ અનિત્ય જગત જીતી જાય, ભવબંધનથી છૂટી જાય પશ્ચાત જન્મમરણની પેઢીનું તારૂં સઘળું દેવું પતિ જાય અને નિરંતર તારી સ્વસ્વરૂપમાં સ્થિતિ થાય. અરે પણ ઉગ્રસેન એવાં તારાં સદભાગ્ય કયાંથી હોય કે તે સિદ્ધપુરૂષ ભાનુદેવ પુનઃ તને પ્રાપ્ત થાય ? અરે મેં તેમના પિતા દિવ્યશર્માને પુછયું ત્યારે એવો ઉત્તર મળ્યો કે દિગંબર સ્વામિના આશ્રમેથી ત્યાગી થઈ જંગલમાં તેઓ જતા રહ્યા છે ત્યાર પછી આવ્યાજ નથી, અને મને હીમગીરીની તળેટીમાં અસુર બતાવી ચાલ્યા ગયા છે ત્યારથી બીલકુલ પછીં પતો લાગ્યોજ નથી. જ્યાં તપાસ કરૂં છું ત્યાં તો ભાનુદેવ છેજ નહીં એમ જે તે કહે છે. તો હવે એ કયાં રમણ કરી ગયા તેની કંઈ ખબર પડતી નથી. અરે મૃત્યુ લોક છોડી, શું અન્યલોકમાં તો નહીં ચાલ્યા ગયા હોય ? શહેરેશહેર નગરેનગર, ગામેગામ, જંગલેજંગલ, પર્વતેપર્વત અને સમુદ્રપારનાં દેશોમાં પણ કાસદો મોકલી શોધ કરાવી કરાવી હું થાકયો, પણ તે પુરૂષ કયાંઇ પણ મળ્યા નહીં. કેવી આશ્ચર્યની વાત ? શો અજબ બનાવ ! શી તેમની ચમત્કારિક સિદ્ધિ. બસ; આખા પૃથ્વિના ગોળા ઉપરથી એકદમ ગેબ ? હે

પ્રભુ, આ શો ચમત્કાર. હે પ્રભુ ગુરૂ કર્યા વગર આખું જીવન એળે જાય છે, માટે ઘડપણમાં હવે આ દીન સામું જો ? અને તે ગુરૂ પ્રાપ્ત કરાવ ? હે નાથ, પાછલી અવસ્થાતો કૃપા કરી સુધારો ? તે સમર્થ સદ્ગુરૂનું શરણું અપાવી એટલો તો આ પાપીને પાવન કરો ? નહિંતો આપના પતિત પાવન નામને કલંક લાગશે. હે પ્રભુ આ રંક ભણી હવે કંઈ નજર કરો; અને તેની ઈચ્છા સફલ કરવા કૃપાળુ થાઓ ? ”

આ પ્રમાણે ઉગ્રસેન ગુરૂવિનાના દુઃખી અને તપ્ત અંતઃકરણ પૂર્વક અંતરમાં નીરાશાના તથા શોકના વિચારો કરતો હતો, અહીંઆં દીગંબર ગુરૂએ ભાનુદેવને આશ્રમમાં ગુપ્ત રાખ્યો હતો અને આશ્રમ બહાર બીલકુલ જવાની તેને મના કરી હતી. કોઇ આશ્રમમાં આવતું તે વખતે ભાનુદેવને ભોંયરામાં જઇ કર્તવ્ય કરવાની આજ્ઞા હતી. ભાનુદેવ ગુરૂ આજ્ઞાનું ઉલંઘન કરી ત્યાગી થઈ, વનમાં ભટકી પાછો આવેલો, અને તેના શીરપર સ્રીહત્યા આવેલી હોવાથી, તેનો ચહેરો વિરૂપ બની ગયો હતો તે અત્યારે જો કે સુધરી ગયો હતો તોપણ પંચકેશને લીધે આશ્રમમાં આવનારૂ કદાચ કોઇ તેને દેખતું, તો ઓળખવા સમર્થ થઇ શકતું નહતું, ભાનુદેવ પશ્ચાતાપ પૂર્વક પાછો દીગંબર સ્વામીના શરણમાં, યોગભ્રષ્ટ થઇ આવી રહ્યા પછી, તેને ગુપ્ત રાખી વિધાન કરેલી તમામ, કષ્ટસાધ્ય તપ, જપ, યજ્ઞયાગાદિક સત્કીયાઓ વિધિપૂર્વક કરાવી, પ્રથમનું બ્રહ્મવર્ચસ્ પ્રાપ્ત કરાવી, ગૃહસ્થાશ્રમનો અધિકારિ બનાવવાનો તેના ગુરૂ દિગંબરસ્વામિનો નિશ્ચય થયો હતો; જેથી ભાનુદેવના માતપિતાને કે નગરીમાંના કોઇપણ સ્રી પુરૂષને, ભાનુદેવ પાછો આશ્રમમાં આવી રહ્યો છે અને સત્કીયાઓ કરે છે તે વાતની, જાણ થવા ન દેતાં, ગુરૂશિષ્ય બન્ને સદ્પુરૂષાર્થમાં ગુપ્તપણે યત્નવાન રહ્યા હતા. દિગંબર ગુરૂ પણ ભાનુદેવની કથા, પુરવાસીઓને મોઢે કાઢતા નહતા; અને ભાનુદેવ નિર્વિઘ્ને આટલા લાંબા કાળ સુધી ગુપ્તપણે ગુરૂ મૂખે મળેલાં સાધનો સાધ્યા કરતો હતો.

હે મહર્ષ ! હવે પેલો વિમળપુરીનો વૃદ્ધ સેનાધિપતિ ઉગ્રસેન નિરંતર ચીંતાતુર રહેતો. ભાનુદેવને સદગુરૂ સ્થાપવા માટે તે રાત દિવસ ચિંતન કર્યા કરતો હતો, અને ઉપર કહ્યા તે પ્રકારના વિચારો કરી ભાનુદેવ ગુરૂને પ્રાપ્ત કરવાની દૃઢ ભાવનાનું રાત દિવસ સેવન કરતો હતો. એમ કરતાં એક દિવસના સમાયોગે તેની સત્ય શુદ્ધ અને દૃઢ સંકલ્પરૂપ ભાવનાનો અમલ કરવાઅર્થે વિમળસેનની આજ્ઞા લેઈ, સપત્નિવર્તમાન વાનપ્રસ્થાશ્રમનો અંગિકાર કરી તે ઉગ્રસેન યાત્રાઅર્થે ચાલી નીકળ્યો. પ્રથમતો તે ઉગ્રસેન અને તેની પત્નિએ પતિતપાવની શ્રી નર્મદાનદીની પ્રદિક્ષીણા કરવાનો નિશ્ચય કરી રેવા માતા તરફ પ્રયાણ કર્યું.

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે ‘ હે રાજન્ પછી પેલો ભાનુદેવ જે સ્ત્રી હત્યા નિવારણાર્થે, અને ક્ષીણ થઈ ગએલું બ્રહ્મવર્ચસ્ પ્રાપ્ત કરી, ગૃહસ્થાશ્રમનો યથાર્થ અધિકારિ થવા માટે, ગુરૂ દ્વારા પ્રાપ્ત થએલી વિહિત સત્કીયાઓમાં, સર્વ અંતરબહિર વૃત્તિઓના સંયમ પૂર્વક ગુંથાયો હતો, જેથી વિભાવરિનું અને ઉગ્રસેનનું તેને ભાન રહ્યું ન હતું. એમ કરતાં કરતાં અગીયારમા વર્ષની સમાપ્તિ થવા આવી, એટલે એક દીવસે તેના ગુરૂ દિગંબર સ્વામીએ ઉજ્જનમાં આવેલી, પવિત્ર ક્ષીપ્રાનદીના મહાકાલેશ્વર જે ૐકારેશ્વર કહેવાય છે, તેના પવિત્ર તીર્થ ઉપર જઇ, સહસ્રમૂખયજ્ઞ કરી ભાનુદેવને લાગેલી સ્ત્રિહત્યાનું- નીવારણ કરવા મોકલવા માટે પોતાના મનસાથે નિશ્ચય કરી ભાનુદેવને કહેવા લાગ્યા; “ હે પ્રિયશિષ્ય હવે તું આ અગીયારમું વર્ષ પુરૂં થતાં પહેલાં ષટ્કર્મ ઇત્યાદિ સત્કીયાની પુર્ણાહુતિ કરવાનો છે. અને તેઅર્થે તને અન્ય સર્વ પાપોથી મુક્ત કરવા માટે જો કે તારાપરથી ગએલું બ્રહ્મવર્ચસ્ હવે તને પુનઃ પ્રાપ્ત થયું છે છતાં હજી કાંઈક વધારે પુરૂષાર્થ તારે કરવાનું છે ? ” આવાં ગુરૂનાં વચન શ્રવણ કરી ભાનુદેવે પ્રત્યુત્તર વાળ્યો “ હે ભગવન્ તે સ્ત્રિહત્યાનુ જ્યાં સુધી નિવા-

રણુ નથી થયું ત્યાં સુધી હું કેવલ પાપમુક્ત થયો નથી. માટે તેના નિવારણાર્થે જે કંઈ આથી અધિક પુરૂષાર્થ મારે કર્તવ્ય હોય તે કૃપા કરી બતાવો એટલે આપની કૃપાએ તે પુરૂષાર્થને કરી હું દોષમુક્ત થઇ પશ્ચાત આપની આજ્ઞાનુસાર ગૃહી બનુ." દીગંબર કહે છે "હે શિષ્ય, તે સદ્પુરૂષાર્થ ને સાધવાના સાધનો, તને મારી યોગસિદ્ધિથી પ્રાપ્ત કરી આપ્યા પછી, તને તે હત્યાને નિવારણ કરવાનો ઉપાય કહેવાનો મારો નિશ્ચય છે, જેથી મેં તને હજી સુધી દર્શાવ્યો નથી. પણ ધર્મસ્ય ત્વરિતાગતિ જો તે સાધનો તું સત્વર તારા બાહુબલ અને પુરૂષાર્થથી પ્રાપ્ત કરી શકે તેમ હોયતો તને તે ઉપાય હમણાં કહેવાને હું હરકત ધારતો નથી." આ સાંભળી ભાનુદેવ કહેવા લાગ્યો "હે ગુરો આ શીશુને તે ઉપાય જણાવા કૃપા કરો ? જો મારાથી તેના સાધનો પ્રાપ્ત થઇ શકે તેવાં હશે તો હું હિમત કરીશ, અને આપશ્રીને તસ્દી નહીં આપું. અને તે પ્રાપ્ત કરી શકવા જો અસમર્થ હઇશ,તો આપને સ્પષ્ટ પણે નીવેદન કરીશ કે "ભગવન્ મારાથી પ્રાપ્ત થઈ શકે એમ નથી, અને આપજ શિશુઅર્થે આપની યોગબલની સિદ્ધિવડે તે સાધનોની પ્રાપ્તિ માટે પરિશ્રમ લેવા અનુગ્રહ કરો ?" આવી સત્ય વીવેકી અને પ્રિયકરવાણી સાંભળી, દિગંબર ગુરૂ પ્રસન્ન વદને તેને કહેવા લાગ્યા કે, "હે શિષ્ય, તે ઉપાય બીજો કાંઇ નથી પણ ક્ષીપ્રાનદીના પવિત્ર તટ ઉપર આવેલા ૐકારેશ્વર નામના પ્રવિત્ર તિર્થમાં જઇ, ત્યાં સહસ્રમૂખયજ્ઞની ક્રિયા કરવામાં આવે તો તત્કાળ તે તારી હત્યાનું નિવારણ થાય, અને તું કેવલ પાપથી મુક્ત થઇ, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો વાસ્તવિક અધીકારી થાય. પણ તે સહસ્રમૂખયજ્ઞ હજી પૃથ્વિઉપર આ કાળમાં કોઇએ કર્યો નથી. અને તે કરવા માટે એટલું બધું દ્રવ્યઅન્ન વસ્ત્ર સુવર્ણ ઈત્યાદિ જોઇએ છીએ કે જેને આ મૃત્યુલોકમાં કોઇપણ પ્રાપ્ત કરી આપવા સમર્થ નથી. તેથી હે વત્સ, યોગસિદ્ધિથી પ્રાપ્ત કરવા સિવાય અન્ય કોઇપણ ઉપાય તારો કે મારો તે યજ્ઞમાં આ-

હે તેમ નથી. હે વત્સ, સહસ્રમુખયજ્ઞ એટલે યજ્ઞનારાયણની એક વેદી તેના સહસ્રમૂખ કરેલાં હોય છે; તે દરેક મુખ ઉપર દશ દશ પવિત્ર અને કર્મકાંડિ વિપ્રો, આહુતિઅર્થે રાખવામાં આવે છે; અને મુખ્ય યજ્ઞનારાયણની વેદી ઉપર એવા શત વિદ્વાન બ્રાહ્મણો રાખવામાં આવે છે. એમ દશ હજાર એકસો ને એક બ્રાહ્મણોને, એકી વખતે યજ્ઞનારાયણને તલ જવ ઘી ઇત્યાદિની આહુતી સંપુર્ણ રીતે આપવાની હોય છે; એ પ્રમાણે એકવીશ દીવસ તે સહસ્રમૂખયજ્ઞની ક્રીયા થાય છે. એકવીશે દીવસ તેટલા વિપ્રોના ભોજન પૂજન અને રહેવા વીગેરેના સ્થળની, તેમજ જોઇતા સામાન સરંજામની, સઘળી વ્યવસ્થા તે યજ્ઞ કરનારને કરવી પડે છે; પુર્ણાહુતિને દીવસે યજ્ઞ સમાપ્ત થએ, તે સર્વ વિપ્રોને દાનદક્ષણા વસ્ત્રાભૂષણ ઇત્યાદિ યથાશક્તિ આપી, સન્માન પૂર્વક પ્રત્યેકને પોતાને સ્થળે પોચાડવા પડે છે. આ રીતે જેની પાસે અસંખ્ય દ્રવ્ય હોય તેજ પુરૂષ આ સહસ્રમૂખયજ્ઞ કરી શકે છે. હે વત્સ ! આવો મહાન યજ્ઞ આ અવનિમાં ભાગ્યેજ કોઇ અનર્ગળ શ્રીમાન, કિંવા અષ્ટ સિદ્ધિ જેણે પ્રાપ્ત કરી હોય, તેવો યોગી પુરૂષ કરી શકે છે. બાકી કોઈ કરી શકતું નથી. કારણકે તેમાં દ્રવ્યના વ્યયની અને પરિશ્રમની સિમાજ હોતી નથીઃ આમ હોવાથીજ હે શિષ્ય, મોટા મોટા ભૂપાળો અને ચક્રવર્તિ નૃપતિઓ પણ, આ યજ્ઞ કરવાની હામ ભીડતા નથી. જવ તલ ઘી ઇત્યાદી આહુતિની સામગ્રીનો સમુદાય, પ્રત્યેક યજ્ઞનારાયણના મુખમાં, દરરોજ પ્રાતઃકાળથી તે સંધ્યા સુધીમાં, સવાસોમણને આશરે હોમવામાં આવે છે. અને તેથી કાષ્ઠાદિ સમીધા અને ઈંધન પણ યજ્ઞનારાયણની વેદીના પવિત્ર અગ્નિ માટે, પણ પુરતાં રાખવામાં આવે છે. આવા પ્રકારનો સહસ્રમુખયજ્ઞ થાય છે ત્યારે તેનું યથાર્થ ફલ પ્રાપ્ત થાય છે. હે વત્સ, આ ઉપરથીજ તારી જાતેજ વિચારીને તું કહે કે, એ યજ્ઞ કરવાના સાધન મેળવી શકવા આ વિશ્વમાં યોગિ સીવાય કોઇ સમર્થ થઇ શકે ખરો કે ?" ભાનુદેવ

આ પ્રશ્ન સાંભળી ચકિત બની વિનયપૂર્વક કહેવા લાગ્યો. "ભગવન્ નહિંજ, યોગિ સિવાય કોઇજ સમર્થ નથી. હે ગુરો આપની સેવામાં રહી, મેં યોગ સાધ્યો તો ખરો પણ પાછો યોગભ્રષ્ટ થવાથી તેની સિદ્ધિનું સર્વબલ મારામાંથી નષ્ટપાય થઇ ગયું છે, જેથી હું અત્યારે કેવલ યોગબલથી રહીત છું. આવો અપૂર્વ અને દુર્ઘટ યજ્ઞ કરવા માટે, અસંખ્ય અન્ન દ્રવ્ય વસ્ત્રાદિ પ્રાપ્ત કરવા હું છેકજ અસમર્થ, છું. માટે આપના શિશુ ઉપર કૃપા કરી, તેના કલ્યાણઅર્થે, આપને જે પ્રવૃત્તિ કરવી યોગ્ય જણાય તે કરી, તેને ગૃહસ્થાશ્રમનો વાસ્તવિક અધિકારી બનાવવા અનુગ્રહ કરો ? અને આ સંસારના સ્વરૂપનો તેને સંપુર્ણ અનુભવ કરાવી, પરીણામે પરમપદે સ્થિત કરો ? હે ભગવન્, તે સિવાય આ આપના શિશુને હવે અન્ય ઈચ્છા અંતરમાં રહી નથી." આવા ભાનુદેવના સવિનય અને આર્દ્રવચનો શ્રવણ કરી, તેના ગુરૂ દીગંબર સ્વામી તેને કહેવા લાગ્યા, "હે વત્સ, ત્યારે તેઅર્થે મારે નીદાન છ માસ પ્રવૃત્તિ કરવી પડશે અને ઇષ્ટ ઈચ્છા હશે તો કદાચ તેથી થોડો વખત પણ લાગશે. આવતી કાલે ૐકારેશ્વર તરફ પ્રાતઃકાળમાં તું પ્રયાણ કર ? અને સર્વ સામગ્રીઓ મારી યોગસિદ્ધિથી ત્યાં આવી પોહોચે, અને યજ્ઞની યોગ્ય વ્યવસ્થા થઈ ગઇ એવી તારી ખાત્રી થાય, એટલે તું મને કાસદ દ્વારા ખબર આપજે. પશ્ચાત હું ત્યાં આવી મારી સમક્ષ તને સહસ્રમુખયજ્ઞની ક્રિયા વિધિપૂર્વક કરાવીશ અને તને ગૃહી થવાની પણ આજ્ઞા આપી, તારા માતપિતા પાસે તને વદાય કરીશ. તેપછી હે ભાનુદેવ, એક ક્ષણ પણ તને મારા આશ્રમમાં રાખવામાં આવશે નહિં. માટે તું સત્વર તે પ્રવૃતિ કર અને પ્રસન્નતાપૂર્વક ગુરૂઆજ્ઞાનું પાલન કર ? હે બેટા, હવે તારાં સત્કર્મનું ત્રાજવું નીચુ નમ્યું છે, તેથી હવે થોડા સમયમાં એટલે આ યજ્ઞની સમાપ્તિ પછી, તને તે તારા સત્કર્મો શુભફલને અવશ્ય આપશે એમાં સંશય નથી. એ તારૂં ભવિષ્ય, મારા સમાધી લક્ષથી મેં જાણ્યું છે, અને તે તું

સત્ય જાણુજે ? તારી વય પણ હવે છત્રીસ સાડત્રીસ વર્ષની થવા આવી છે અને તેથી જ્યોતિષ્શાસ્ત્ર પ્રમાણે તારા જન્માક્ષરના ગ્રહો જોતાં હવે તારો ભાગ્યોદય નજીક જણાય છે. હે વત્સ, એ વાત નિશ્ચે અને નિઃસંશય જાણ ? હે બેટા, કાલે પ્રાતઃકાળમાં ૐકારેશ્વરના પ્રયાણઅર્થે જે ઘડીથી તું આશ્રમ બહાર પગ મુકીશ ત્યારથી તું તને ગૃહસ્થાશ્રમીજ અર્થાત્ સંસારીજ માનજે. હે પવિત્ર વિપ્ર, ગૃહીને એટલે સંસારીને જેટલી પોતાના ઉદરઅર્થે જોઇતાં સાધનો પ્રાપ્ત કરવામાં મેહેનત કરવી પડે છે તેટલી તારે પણ આવતી કાલથી કરવાની છે એમ નિશ્ચય પૂર્વક જાણજે. હે બેટા, ગૃહસ્થાશ્રમ એજ સંસાર છે એ વાતનો અનુભવ તારે કાલથીજ કરવાનો પ્રસંગ આવશે તે પણ નિશ્ચય પૂર્વક માનજે ? હે તાત્ ૐકારેશ્વર સુધીની મુસાફરિ, પ્રથમતો તારે કષ્ટ વેઠી કરવી પડશે. તને ગૃહસ્થાશ્રમનો નવો ઉમેદવાર અને પ્રવેશક સમજી મુસાફરીમાં જોઈતાં સાધનો વખતે કદાચ આશ્રમમાંથી પુરાં પાડવામાં આવશે પણ મુસાફરિ પુરી થયા પછી, ૐકારેશ્વર પ્હોચીશ એટલે, પ્રથમ ધર્મશાળામાં સર્વે ગૃહી મુસાફરોની પેઠે નિવાસ કરવો પડશે. પશ્ચાત સહસ્રમુખયજ્ઞઅર્થે તે ૐકારેશ્વરના તિર્થમાં કલિમલહરણી ક્ષિપ્રામાતાના પવિત્ર તટ ઉપર, એક વિશાળ મેદાન તારે શોધી કાઢવું પડશે. તે જગા પ્રાપ્ત કરી પશ્ચાત ત્યાં વેદીઅર્થે ઇંટમૃતિકા ઇત્યાદિ લાવવાં પડશે, અને તે વડે બ્રાહ્મણોને સાથે રાખી તેમની સલાહ અનુસાર શાસ્ત્રે વીધાન કરેલી આકૃતિઓવાળી બધી વેદીઓ ચણાવવી પડશે. વેદીઓ ચણાશે તેની સાથે અન્ય કાર્યમાં પ્રવૃત્તિ રાખવી પડશે; પ્રથમ તે વેદીઓને ફરતો, એક લાખ માણસ છુટથી ઉભા રહી શકે વા બેસી શકે, અને યજ્ઞનારાયણના સંપૂર્ણ દર્શન કરી શકે, તેવી સગવડવાળો એક કોટ કરી તેટલી જગામાં એક વિશાળ મંડપ બંધાવવો પડશે. તેનાથી દુર થોડે છેટે દશહજાર એકસોને એક વિપ્રમુર્તિઓને સુવા બેસવાઅર્થે એક બીજો મંડપ બંધાવવો પડશે. તે સિવાય વિપ્રો માટે ભોજનશાળા,

પૂજનશાળા, સંયમશાળા ઇત્યાદિ જોઇતાં સ્થાનો પણ બંધાવવા પડશે. અને તેમાં જોઇતી વસ્તુઓ પણ બધી પુરી પાડી આપવી પડશે. એ રીતે તમામ યજ્ઞક્રિયાના સાધનો ત્યાં રહી સંપાદન કરવાં પડશે. અને આ પ્રકારની તમામ યજ્ઞની વ્યવસ્થા તારે પ્રત્યક્ષ શ્રમ લઈ કરાવવી પડશે. અને તે યજ્ઞ કરનાર તરીકે તેમાં તારે બેસવું પડશે; એમ અષ્ટ પોહોર તારે ઉપાધિમય જીવન ગાળવૂં પડશે. જેથી આ ઉપાધિસ્વરૂપ સંસારમાં ગૃહસ્થાશ્રમની ઉપાધિના સ્વરૂપને તું અનુભવપૂર્વક જાણવા તત્કાળ સમર્થ થઇશ. હે તાત્, જે ગૃહસ્થાશ્રમ છે તેજ સંસાર છે અને જે સંસાર છે તેજ ઉપાધિ છે માટે ગૃહસ્થાશ્રમ એ સંસારનું ઉપાધિ સ્વરૂપ છે એમ તું નિશ્ચે કરીને જાણ ? તાત્પર્યમાં કહેવાનું એટલુંજ કે તારૂં જીવન ઉપાધિમય બનવાથી ગૃહસ્થાશ્રમ એજ સંસાર છે એ વાતનો યથાર્થ અનુભવ તું કરીશ. હે વત્સ, મારી યોગ્યસિદ્ધિથીતો તને સહસ્રયજ્ઞ પુરતું દરરોજ દ્રવ્ય પ્રાપ્ત થશે; પણ તે દ્રવ્યનો યથાસ્થિત વ્યય કરવાની સર્વ ઉપાધિ મેં તારે શીરે રાખી છે માટે તે ઉપાધિમાં પ્રસન્નતાથી પ્રવૃત રહી વ્યહવાર અને પરમાર્થ એ બન્નેમાં કુશળતા પ્રાપ્ત કરવી એજ તારૂં હવે કર્તવ્ય છે. અને એજ તારા કલ્યાણનામાર્ગનું પ્રથમ પગથીયું છે. પ્રાણીને દ્રવ્યાદિ પદાર્થ સંપુર્ણ મળ્યા છતાં તેનો યથાર્થ ઉપયોગ કરતાં નથી આવડતો, તો તેથી પોતાનું અને તે દ્રવ્ય આપનારનું નિરંતર અશુભ કરે છે; માટે હે તાત, સહસ્રમુખયજ્ઞ થાય તેટલું દ્રવ્ય તને મારી યોગસિદ્ધિથી જો કે પ્રાપ્ત થશે, પણ તે દ્રવ્યનો વ્યય વાસ્તવિક રીતે તારે કરી તારો અર્થ સારવાનો છે. ત્યાં કંઈ મારે કરવાપણું નથી, માટે નિર્ભય થઇ તું ગૃહી થયો છું, એવા નિશ્ચયપૂર્વક કાલે પ્રાતઃકાળમાંજ ૐકારેશ્વર તરફ જરૂરીયાતના સાધનો લઇ પ્રયાણ કર ? હે તાત, જેમ શૂભ સંસ્કારવાળા સંસારીઓ, ગૃહસ્થાશ્રમને સિદ્ધ કરવાઅર્થે, સર્વ ઉપાધીનો ભાર શીરપર લેઇને, આ સંસાર

ભુમિને ખેડે છે, અને પરિણામે આ અસારસંસારના સ્વરૂપને અનિત્ય જાણીને, એક નિત્ય અને સત્ય સ્વરૂપ પરમાત્માનો અનુભવ કરે છે તેમ તું પણ કર ? એવા શૂભસંસ્કારે સંસારીની દશાને હવે તું પ્રાપ્ત થયો છું એ ખાત્રીપૂર્વક માનજે ? હવે તારે કાલથી પ્રસન્નતા પૂર્વક સર્વ કર્તવ્યને કરવાં પડશે. મારી તારી વચમાં આજની રાત્રી છે, પછી તું મારાથી વીમુખ થઇશ, માટે જેજે શંકાઓના ખુલાસા મારી પાસે લેવા યોગ્ય તું ધારતો હોય, તેતે સત્વર આજની રાત્રીમાં લેઈ લેવા ચુકીશ નહિં ” આ પ્રમાણેનું પોતાના સદગુરૂ દીગંબર સ્વામિનું બોલવું સાંભળી ભાનુદેવ પ્રિયકર અને સવિનય વાણીવડે વિવેકથી કહેવા લાગ્યો “ હે ગુરો, જેમ એક પ્રધાનને રાજ્યની વ્યવસ્થા રૂડી રાખવા માટે, અસંખ્ય પ્રકારની ઉપાધીનો સત્કાર કરવો પડે છે, તેમ મને પણ ગૃહસ્થાશ્રમ સિદ્ધ કરવાઅર્થે તેટલી ઉપાધિનો અંગિકાર કરવા આપ આજ્ઞા કરો છો અને તેનું હું પાલન કરવા પ્રવૃત્ત થાઉં છું. તેમાં એ સૌ હું કરૂં છુ એવું કશુંજ મને દેખાતું નથી. હે ભગવન, કાલેપ્રાતઃકાળમાં આશ્રમ છોડી ૐકારેશ્વર તરફ પ્રયાણ કરીશ ‘ તેજ ક્ષણથી હું ગૃહી છું, સંસારિ છું. ’ એવો નિશ્ચય સેવવા રૂપ થએલી આપની પવિત્ર આજ્ઞાનું પાલન કરીશ. આશ્રમ બહાર પગ મુકીશ તેજ ક્ષણથી એજ દૃઢ ભાવના પૂર્વક સર્વ પ્રવૃત્તિ કરીશ. અને આપની અનવધિ કૃપાદ્વારા સહસ્રમુખ યજ્ઞની, સર્વ ઉપાધીનો ભાર વહન કરી સંતોષપૂર્વક તે યજ્ઞને પણ પરિપુર્ણ કરીશ. હે ગુરો, આપ મારા ઇષ્ટ છો તો ‘ **बलियसि केवल इष्ट इच्छा** ’ ઇષ્ટ ઇચ્છા બળવાન છે. અર્થાત આપશ્રીની ઈચ્છા થશે તો ગૃહસ્થાશ્રમીની દશાને પણ વાસ્તવિકપણે ભોગવતો થઇશ. એટલે સ્ત્રિપૂત્રાદિ સંસારનો સઘળો ભાર ખેડી, સ્વધર્માચર્ણથી વહન કરી, ક્રમે ક્રમે સર્વ આશ્રમોને સિદ્ધ કરી, સંસારના અનિત્ય અને જુઠા સ્વરૂપને અનુભવથી જાણી, અખંડાનંદના વાસ્તવિક સુખને, પરિણામે પ્રાપ્ત કરી,

સ્વસ્વરૂપાકાર થઇ રહીશ એમ પણ કદાચ બનશે; તોપણ તે સર્વ આપજ કરો છો. હું કશું કરતો નથી. કારણ કે એ સર્વનું તાત્પર્ય મારા અંતરમાં એટલુંજ સમજાયું છે કે, એ સર્વ સધાવનાર અને એ સર્વ કાર્યોના કારણરૂપ આપ સમર્થ શ્રી સદ્ગુરૂ મારે શીરે રહી આપજ સહુ કરોછો ? એ સઘળું આપેજ કર્યું છે આપની ઇચ્છાથીજ થાય છે અને થશે. એ સર્વ કાર્યોનું મૂળ રહસ્ય આપજ છો ? માટે હે ભગવન્,આપ જે જે, દાસના કલ્યાણ અર્થે જે ઇચ્છા કરશો, તે પ્રમાણે થશે એમાં કશુંજ આશ્ચર્ય જેવું મને દેખાતું નથી; પણ હે સદ્ગુરૂ, આ બધામાં એક વાતનો મને સંદેહ રહી ગયો છે; કારણકે તે વાત હજી આપને મુખેથી નીકળી નથી એમ જાણી તે વાતના ખુલાસાઅર્થે સ્હેજ કંઇ પુછવા છૂટ લઉછું તેની ક્ષમાપૂર્વક સલાહ આપી શીશુને કૃતાર્થ કરશો. હે ભગવન્, આપે કહ્યું કે આ યજ્ઞ મારે કરવાનો છે, તો આ યજ્ઞ પત્નિસહવર્તમાન કદાચ થતો હશે તો મારે પછી શી રીતે કરવું ? હજી મેં લગ્નવિધિ કરી કોઈ કન્યાનો પાણી ગ્રહણ કર્યો નથી; તેમજ આટલી ઉમર થવા આવી પણ હજી બ્રહ્મચર્ય અવસ્થાનુંજ પાલન કર્યા કર્યું છે; તો મારા જેવા બ્રહ્મચારિને, તે યજ્ઞ કરવાનો અધિકાર હશે કે કેમ તેનો ખુલાસો કરવા કૃપા કરો ? બાકી આપ કૃપાબલવડે કરીને દ્રવ્ય મળશે, સહસ્રમુખયજ્ઞ યથાવિધિ થશે અને તેથી સૌ કાર્ય સિદ્ધ થશે એમાં લેશ પણ શંકા નથી.” આવાં ભાનુદેવના શંકાશીલ દીન વચનો શ્રવણ કરી, સર્વ સદગુણ સંપન્ન અને પરમતત્વવિદ્મહાત્મા દિગંબર મુનિ બોલ્યા “હે શિષ્ય તું જ્યારે હિંમતથી એમ કહે છે કે ગુરૂકૃપાથી દ્રવ્ય મળશે અને સૌ સધાશે કોઇરીતે વાંધો આવશે નહિં, તો પછી તેજ દ્રવ્યની સહાયથી કોઇ અનુકુળ કન્યા પ્રાપ્ત થવાને પણ ગુરૂ ઇચ્છાથી વાંધો આવશે નહી. અને તેમ થતાં ગુરૂ કૃપાથી પછી સપત્નિવર્તમાન યજ્ઞ કરવામાં પણ તને હરકત નડવાની નથી.” આ વચન શ્રવણ કરી ભાનુદેવ પ્રસન્ન

વહને સ્હેજ શરમાઇને વાતનું સ્પષ્ટીકરણ વધારે કરવાની ખાતર કહેવા લાગ્યો "ત્યારે શું ગુરૂમહારાજ ઉજ્જયન નગરિમાં કોઇ મારી જ્ઞાતિની ઉચિત કન્યા પ્રાપ્ત થઇ શકે તેમ હોય તો તેનો પાણી ગ્રહણ કરવાને મને હરકત નથી ને ?" દીગંબર સ્વામીએ કહ્યું "ના, તેવો કદી યોગ બને તો ખુશીથી લગ્ન કરી સંસારમાં જોડાવું ઉચીત છે. જો કે યજ્ઞક્રિયા પછીજ સર્વ ગૃહીના ધર્મો તારે પાળવાના છે, યદ્યપિ સપત્નિવર્ત્તમાન યજ્ઞક્રીયા થવાથી યજ્ઞનારાયણ પ્રસન્ન રહે છે, અને તેથી યજ્ઞક્રિયા સપત્નિવર્ત્તમાન થાય તો ઘણુંજ ઉત્તમ જાણવું. સપત્નિવર્તમાન યજ્ઞ કરવાનું શ્રી સદ્ગુરૂ અને સત્શાસ્ત્રોએ વિધાન કરેલું છે. માટે હે તાત, તારી પાસે તું ઇચ્છિશ એટલું દ્રવ્ય આવી મળશે; પણ જે જે રીતે તેનો સદુપયોગ થવો ઘટે તે તે રીતે તેનો વ્યય કરી તારે તારો અર્થ સારવા ઉપર લક્ષ આપવાનું છે, તે તું સ્પષ્ટપણે જાણ ? સંસારીને સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણી સ્વસ્વરૂપાકાર થવાઅર્થે જે જે વિહીત ધર્મકર્મને આચરવાના સાધનો પ્રાપ્ત કરવાના વેદશાસ્ત્રે વિધાન કરેલાં છે, તે તે સઘળા સાધનો : તારે સદ્પુરૂષાર્થદ્વારા પ્રાપ્ત કરવાના છે; અને તેની પ્રાપ્તિથીજ તું પરિણામે આ સંસારસાગરને તરવા સમર્થ થઈ શકીશ. હે ભાનુદેવ તારા કલ્યાણનોમાર્ગ મેં તને ટૂંકામાં સમજાવી દીધો, માટે જે જે હજી પુછી લેવું હોય તે આજની રાત્રીમાં સૂખેથી પૂછી લે; આજની રાત્રિ પછી તારી મતિથીજ તારે ચાલવાનું છે. તારી બુદ્ધિ અનુસારજ તારે તારા ખૂલાસા કરી લેવાના છે; પછી હું કે કોઈપણ તને ખુલાસો કરવા આવનાર નથી. પછી તો તારી સમીપ નિરંતર રહેનાર માત્ર તારી જાત છે. માટે હે તાત , હજી પણ પુનઃ પુનઃ કહું છું કે જે પુછવું હોય તે તે સર્વ પુછી, તારા મનનું સમાધાન કરી, તારા કર્ત્તવ્યમાં પ્રવૃત થા ? અને નિર્ભય થઇ નિર્વિઘ્ને તારા કાર્યને સિદ્ધ કર ? **शुभस्य शीघ्रम्।** એ શ્રુતિના નિયમાનુસાર ધર્મનું કાર્ય શીઘ્ર કરવું તેમાં કદી પણ ઢીલ રાખવી નહીં; કદી કોઈનું ખોટું કરવું

હોય અગર કોઈનું અહિત થતું હોય તો તેમાં ઢીલ કરવી. અશુભમાં એકદમ ઉતાવળ કરી સાહસ કરવું નહિ, એ નીતિ છે; માટે હે મુમુક્ષુ શિષ્ય, શુભ કાર્યમાં સત્વર પ્રવૃત્તિ કરવી, એ સજ્જનોનો પરમ ધર્મ જાણી તારૂં કર્તવ્ય કરવામાં સત્વર તત્પર થા ?" આ પ્રમાણેના ગુરૂ દીગંબરના વચનો શ્રવણ કરી ભાનુદેવ પ્રસન્ન વદને નીચું માથુ નમાવી બોલ્યો, "ગુરૂ મહારાજ, ત્યારે આપની આજ્ઞાનું સર્વથા પાલન કરવા, કાલથી આ દાસ તત્પરજ છે. આપ સર્વ વાતે મારા આગેવાન છો, સહાયક છો, નેતા છો, અને સિદ્ધીદાતા છો, તોપછી મને ત્રિકાળમાં કોઇ વિઘ્ન નડવાનો સંભવજ નથી. હે ગુરો, આપની અનવધિ કૃપાદ્વારા શીશૂ તેના સર્વ કાર્યો સિદ્ધ કરી શકવા સમર્થ થશે એમાં કશુંજ આશ્ચર્ય નથી; માત્ર પુનઃ પુનઃ આપ ઇષ્ટશ્રીનો કૃપાપાત્ર જે હું તેને આપની આજ્ઞાનુસાર વર્તન કરી ઇષ્ટાનુસંધાનપૂર્વકજ પ્રસન્નતાથી કર્તવ્ય કરવાનું છે એટલુંજ જાણું છું. હે ભગવન્, આ શીશૂને અન્ય કંઇ શંકાનું પ્રયોજન રહ્યું નથી. તેમ કોઈ વાતે આપે પુછવા પણું નહિં રાખતાં તેને સર્વ વાતનું ખુલાસાપૂર્વક સ્પષ્ટિકરણ કરી દીધું છે, એટલે તેના મનના સમાધાનઅર્થે હવે કંઈપણ પુછવાનું બાકી રહ્યું નથી. હે ભગવન્, માત્ર આપ મારા હૃદય માં આપના ચરણકમલ નિરંતર સ્થિત રાખી યોગક્ષેમવહન કરાવજો, એટલીજ મારી અંતિમ પ્રાર્થના છે." દિગંબર સ્વામિ આવી દીન અને પ્રિયકર વાણી સાંભળી આશીર્વચન આપી કહેવા લાગ્યા, "બેટા તું ચતુર્વેદ સંપન્ન છું. અને ષટ્શાસ્ત્રોનો અભ્યાસ કરી પારંગત થયો છે. તેમજ સર્વ કષ્ટસાધ્ય સત્કીયાઓ કરી અંતરબહિર શુદ્ધ બન્યો છે, જેથી વાસ્તવિક જ્ઞાનરવિ તારામાં ઉદય થાય એમાં કશુંજ આશ્ચર્ય નથી. તેજ વાસ્તવિક જ્ઞાનવડે કરીને તું તારો મનોરથ સફળ કરવાના યથાર્થ સાધનરૂપ ઉપાયોને પ્રાપ્ત કરી, તારો યોગ તથા તારા સર્વ આશ્રમો સિદ્ધ કરવા સમર્થ થઈ શકીશ એમ તું નિશંકપણે જાણ ?" આટલું કહી મુનિ પોતાના શે-

ચાસન તરફ વીદાય થયા અને ભાનુદેવને બ્રાહ્મમૂહુર્તે ઉઠી શૌચ સ્નાન સંધ્યા ઇત્યાદિથી પરવારી પ્રાતઃકાળમાં ગુરૂ આજ્ઞાનુસાર, ૐકારેશ્વર તરફ પ્રયાણ કરવાનું હોવાથી, તે પણ જરા વેળાસર જઇ સુઇ ગયો.

મુની વર્ચસૂતમા બોલ્યા, "હે પ્રહર્ષ પ્રશ્ચાત્ મુનિ સિદ્ધેશ્વરાચાર્ય ભાનુદેવનું આગળનું વૃતાંત નીચે પ્રમાણે તે શુભ્રકેતુ રાજાને કહેવા લાગ્યા. સિદ્ધેશ્વરાચાર્ય કહે છે "હે રાજન્, બીજે દીવસે તેજ પ્રમાણે ભાનુદેવ બ્રાહ્મમૂહુર્તે ઉઠી, શૌચ સ્નાન સંધ્યા ઈત્યાદિ પોતાની નિત્યનૈમિતિક ક્રીયાઓથી પરવારી, દીવસના પ્રથમ પ્રહરમાંજ, ગુરૂમહારાજનું યથાવિધિ પૂજન અર્ચન આરતી ઈત્યાદિ કરી, સર્વ મુસાફરીના સાધનો એક ખડીઆમાં ભરી, ગુરૂ દિગંબર સ્વામીને સવિનય સાષ્ટાંગ કરી, તેમની આજ્ઞાનુસાર ઉજ્જયન નગરીમાં ક્ષિપ્રા નદીને કાંઠે આવેલા ૐકારેશ્વર મહાદેવના પવિત્રતિર્થમાં જઇ, કર્તવ્ય કરવાઅર્થે ચાલી નીકળ્યો; ગુરૂએ પણ તેને પ્રસન્ન વદને આશીર વચનની સાથે મસ્તક ઉપર હાથ મુકી શ્રીફળ આપી વિદાય કર્યો; પશ્ચાત્ ગુરૂ દિગંબર સ્વામિ ભાનુદેવને પોતાની યોગ સિદ્ધિદ્વારા દ્રવ્ય પુરૂં પાડવા અર્થે ઉપાસના કરવામાં પ્રવૃત થયા.

હે રાજન, આ સહસ્રમૂખયજ્ઞ એક શુભકાર્ય ગણાય છે. એવાં શુભકાર્ય કોઈ સકામ પણ કરે છે અને કોઇ નિષ્કામ પણ કરે છે. હે શૂભ્રકેતુ, આ દ્દષ્ટાંતથી તને સકામ નિષ્કામ ઉભય શુભકર્મોનુ સ્વરૂપ, અને તેના યથાસ્થિત ધર્મોના પ્રકાર વિગેરે પણ સમજાશે. હે પવિત્ર મનવાળા નૃપતિ, સહસ્રમુખયજ્ઞ કરનાર ભાનુદેવ, પાપમુક્ત થઇ ગૃહિનો યથાર્થ અધિકાર પ્રાપ્ત કરવાઅર્થે, આ સકામ શૂભકાર્યને કરનારો છે; અને તેના ગુરૂ દીગંબરસ્વામિ જે તેને ઇપ્સિત દ્રવ્ય પ્રાપ્ત કરાવી, તેના કલ્યાણના માર્ગે દોરવાઅર્થે નિષ્કામ અને નિસ્વાર્થીપણે પોતાના યોગબલનો સદ્દવ્યય કરવા સાભિમાન વૃતિથી પ્રવર્તમાન થયા છે, તે નિષ્કામ શુભકાર્ય કરનારા છે, એમ

તું સ્પષ્ટિકરણ કરી દૃષ્ટાંતના રહસ્યને સમજવા યત્ન રાખજે ? હે તાત્, એવા પરમતત્વવિદ્ યોગિજનો પોતાની યોગસિદ્ધિનો થોડોક સમય, શુભકાર્યમાં વ્યય કરવા કદાચ ઇચ્છા કરે છે, તો તે પ્રમાણે કરવામાં તેમને કોઇપણ પ્રકારનો પ્રતિબંધ નડતો નથી. તેમના અંતરાત્મામાં તે વાતનું સ્ફૂરણ થતાંજ અને તેઓ તેવૂં શૂભકાર્ય સિદ્ધ થવાઅર્થે પોતાનું યોગબલ સહજ વાપરે છે, તે પહેલાં તો તે શૂભકાર્ય સિદ્ધ થવાના તમામ સાધનો અનુકુલ માર્ગે તેઓને પ્રાપ્ત થતાજ રહે છે. અને તેમની તેવી પ્રવૃતિ સર્વાંતરયામી પરમાત્મતત્વના ચૈતન્યબલદ્વારા તેઓ ધારે છે તેનાથી અર્ધા સમયમાં પુર્ણ થઈ જાય છે; તેથી તેઓ પુનઃ પુનઃ પરમાત્માની અકળગતિ અને બલિહારિનો ધન્યવાદ માની, સતત તેમના મંત્રના જાપપૂર્વક અંતરમુખી બની, અખંડાનંદ પદેજ સ્થિતિ કરી રહેલા હોય છે. આવા વિદેહી અને પરમતત્વવિદ્ યોગી મહાત્માઓ, પરમજ્ઞાન સ્વરૂપ હોવા છતાં, પોતાને પ્રાપ્ત સર્વ વિહિત કર્મોને નિષ્કામપણે કરે છે, તો પણ જળમાં કમળવત રહે છે. હે તાત, જે સત્પુરૂષો સંસારથી સરસા રહી સ્વસ્વરૂપાકાર રહે છે, તેજ જીવનમુક્ત જાણવા. તેજ પરમતત્વવિદ્ યોગિ પુરૂષ માનવા. હે રાજા, દિગંબર સ્વામિ પણ એવાજ એક સિદ્ધ પુરૂષ અને યોગિ મહાત્મા હતા. સર્વ ઉપનિષદો અને ચારેવેદો તેમની જીંહા ઉપર નિવાસ કરી રહેલા હતા, તેથી તેઓ તે કાલમાં મહામહોપાધ્યાયની પદવિએ બિરાજી પરમ યોગિ પુરૂષ કહેવાતા હતા. તે ઉપરાંત યોગ, યોતિષશાસ્ત્ર, ખગોળ, ખનીજ, ભૂગોળ, ભૂમિતિ, ગણિત, વ્યાકરણ, ન્યાય મિમાંસા, પિંગળ સાહિત્ય, કાવ્ય, રસ, છંદ અર્થ, સંગિત, નૃત્ય, વાદ્ય, જંત્ર, તંત્ર, મંત્ર, મારણ, મોહક, વશીકરણ, સ્તંભન, ઉચ્ચાટન, ઇત્યાદિ સંસારમાં રહેલી સમગ્ર વ્યહવારિક અને અધ્યાત્મિક વિદ્યાનુ પણ સંપુર્ણ શાસ્રોક્ત જ્ઞાન તેમને પ્રાપ્ત હતું; જેથી વીમળપુરીમાં અને તેનાથી સો સો કોસના અંતરે, યોગરહસ્ય ગુરૂ દિગંબર સ્વામિનું નામ અતિ

પૂજ્ય અને ચમત્કારિક સિદ્ધ તરીકે મનાતું હતું. આથી તેઓ સર્વ દિશામાં કિર્તિના ભંડાર રૂપ હતા. અને ઇશ્વરાવતાર તરીકે તેમના સેવકોમાં અને પુરવાસિઓમાં મનાતા હતા. આવા દિગંબર યોગિ, પરાર્થ સાધવાની પારમાર્થિક વૃત્તિથી, અને પોતાનો ગુરૂધર્મ, પોતાના શિષ્ય ભાનુદેવ પ્રત્યે સંપુર્ણ રીતે બજાવી, તેનું શ્રેય કરવાની ખાતર, 'ભાનુદેવને ઈપ્સિત દ્રવ્ય પ્રાપ્ત થાઓ.' એવાં શુધ સત્ય અને દ્દઢ ભાવનારૂપિ આંદોલનો આપવાની નિરંતર પ્રવૃત્તિ સેવવા લાગ્યા. અને તે ભાવનારૂપિ આંદોલનોનું ફળ ભાનુદેવને કેવી રીતે મળ્યું તે તને સંક્ષેપમાં હવે પછી જ્યારે સમજાવું ત્યારે તે એકાગ્રચિત્તે શ્રવણ કરજે. અત્યારે તો ભાનુદેવ ગુરૂ આશ્રમથી ૐકારેશ્વર ગયો, ત્યાં ગૃહસ્થાશ્રમ એજ સંસાર છે, એ વાતનો અનુભવ તેને કેવી રીતે થયો તે આ સ્થળે તને શ્રવણ કરાવું છુ તે તું પ્રસન્નતાપૂર્વક એકાગ્રચિત્ત શ્રવણ કર?

મુનિ વર્ચસતમા કહે છે 'હે બેટા પ્રહર્ષ, એટલું કહી મુનિ સિદ્ધેશ્વરાચાર્યજી તે શુભકેતુ રાજાને પછી ભાનુદેવનું આગળ પરનું વૃત્તાંત નીચે પ્રમાણે કહેતા હવા.

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે 'હે રાજન્ પેલો ભાનુદેવબ્રહ્મચારી ગુરૂ આશ્રમથી જે ક્ષણથી ૐકારેશ્વર તરફ પ્રયાણ કરી ગયો, તેજ ક્ષણથી તેણે 'ગૃહી છું સંસારી છું અને મારે અત્યારથીજ ગૃહીના અર્થાત સંસારીના વિહિત કર્મો ધર્મોને આચરવાના છે, અને ચતુર્થાશ્રમને સાધી પરીણામે પરમપદે સ્થિત થવાનું છે' એવી સત્ય શુદ્ધ અને દ્દઢ ભાવનાને અંતરમાં સ્થાપિ હતી. અને તે ભાવનાએ જયાં અંતરમાં નિવાસ કર્યો એટલે તેને તે પ્રમાણે ફલ આપવા લાગી. હે રાજા, પછીતો તેને અંતરમાં તે ભાવના જાગ્રત રેહેવાથી, માર્ગે ચાલતાં અનેક સંસારના વિચારો એક પછી એક આવવા લાગ્યા. તેને સંસારિ ઝેરી પવન લાગવા માંડયો. તે એમ વિચાર કરવા લાગ્યો કે 'હવે હું ગૃહિ જેવો બનવાને જાઉ છું, તો પ્રથમ મારે આ

બ્રહ્મચારિ સાધુનો વેશ ત્યજી, ગૃહી જેવો વેશ ધારણ કરવાને, [1]ક્ષૌર કરાવી પંચકેશનો ત્યાગ કરવોપડશે, અને શિખાસૂત્ર પાઘડી અંગરખુ ઇત્યાદિ પવિત્ર ગૃહી વિપ્રના જેવાં વસ્ત્રો શીવડાવી ધારણ કરવા પડશે. રૂદ્રાભિષેક ઈત્યાદિ કર્મકાંડો પણ નિત્ય નૈમિતિક કરવાં પડશે; અને સહસ્રમુખયજ્ઞમાં જોઈતી સર્વ સામગ્રી એકઠી કરી વિપ્રોને યજ્ઞવિધિ કરાવવાઅર્થે આ મંત્રણ કરવું પડશે. વળી જેજે મારા સ્નેહીઓ સગાં અને પરિજનો છે તેને આ યજ્ઞનારાયણના દર્શન કરવાઅર્થે કંકોતરીઓ લખવી પડશે. અને ત્યાં જે આવશે તે સર્વની સન્માન સહિત પરોણાગત કરવી પડશે; પ્રત્યેક વિપ્રને પણ જોઇતી વસ્તુઓ સર્વ પુરી પાડી આપી તથા સંતોષ પૂર્વક દાનદક્ષિણા આપી પ્રત્યેકનું મન સંપાદન કરવું પડશે. વળી યજ્ઞનારાયણની ક્રીયા જો સપત્નિવર્તમાન કરવામાં આવતી હશે તો, આ સર્વની પહેલાં, પ્રથમતો કોઇ મારી જ્ઞાતિની મારા યોગ્ય કન્યા જોઇ, તેની સાથે લગ્નવિધિ કરવી પડશે; અને તે લગ્નવિધિ કરવામાં સંસારીને જેટલી ઉપાધિ વેઠવી પડે છે તેટલી સર્વ મારે વેઠવી પડશે. પ્રથમતો તે કન્યાના જન્માક્ષર મારા ગૃહો જોડે મેળવવા પડશે. અને બરાબર મળશે તો શ્રીફળ સુવર્ણ મોહોર ગોળ ધાણા ઇત્યાદિ મારા શ્વસુરગૃહે મોકલી સર્વ વિવાહવિધિ કરવી પડશે. તે થશે એટલે સહસ્રમૂખયજ્ઞ તરતમાંજ કરવાનો હોવાથી મારાં તે કન્યા સાથેના લગ્નનું જોતિષિ પાસે શુભમૂહુર્ત જોવરાવવું પડશે; અને મુહુર્ત નકી થશે એટલે લગ્નવિધિની સર્વ સામગ્રીઓ બધી કરવી પડશે. એમ લગ્ન ક્રીયામાં પણ થતો સર્વ વાસ્તવિક ખરચ કરવો પડશે. પશ્ચાત લગ્ન કરી સપત્નિવર્તમાન યજ્ઞ કરવા બેસવું પડશે; એમ તમામ સ્વધર્માચર્ણીગૃહીના કર્મધર્મ રૂડીરીતે મારે આજથી કરવાં પડશે. પછી સહસ્ર મુખયજ્ઞ હજી સુધી જગતમાં કોઈએ કર્યો નથી અને આ

---

1 ક્ષૌર-હજામત-કેશોત્સર્ગ.

વિશ્વમાં હું એકજ તે મહાન યજ્ઞ કરનાર વ્યક્તિ છું ' એમ દેશોદેશમાં મારૂં નામ અમર ગવાશે. આથી મારા મહિમાનો પાર નહિં રહે, અને સદગુરૂ દિગંબર સ્વામિની અનવધિ કૃપાનું યથાર્થ ફલ મળ્યું કહેવાશે. આ યજ્ઞમાં વિશેષ દ્રવ્યની જરૂર રહે છે, જેથી તે યજ્ઞ કરનાર અતિ શ્રીમાન હોવો જોઇએ, એવા અનુમાન પૂર્વક કેટલાક ધર્મિષ્ટ રાજા અને પુરવાસીઓ, યજ્ઞના રાયણના દર્શનની જોડે, મારા પણ દર્શન કરવા ઉત્સુક થઇ આવશે, અને મને માથે અને પગે પુષ્પચંદન ચડાવશે. ઓહો પ્રભુ ! માત્ર ગુરૂ સેવાથીજ આટલો બધો અનન્ય લાભ મળશે એ શું કંઈ થોડી વાત છે ? મારી નવવર્ષની વયે મેં મારા માતપિતા છોડી ગુરૂકુલમાં નિવાસ કરી સર્વ વિદ્યાભ્યાસ કર્યો છે, અને આજ સતાવીશ વર્ષથી બ્રહ્મચર્ય પાળું છુ ત્યારે છત્રીસ વર્ષની વયે ગુરૂ આજ્ઞાથી ગૃહી થવાનો અધિકારી બન્યો છું; અને તેથી હવે અનુભવ પૂર્વક મારીજાતને ગૃહી છું એમ યથાર્થરીતે નિશ્ચયપૂર્વક જાણું છું. ઓહો ખરેખર જો પ્રાણીને માથે સમર્થ સદગુરૂ હોય, અને તેની પાસેથી જો તે યથાર્થ વિદ્યા ગૃહણ કરી, ગૃહી થવાનો યથાર્થ અધિકારી બને, અને પછી તે જો આ ગૃહસ્થાશ્રમ ખેડે, તો નિશ્ચયપૂર્વક તેના સર્વ આશ્રમોને સિદ્ધ કરી પરિણામે આ સંસાર સાગરનેતરી જાય એ વેદશાસ્ત્રનું વાકય યત્કીંચિત પણ અસત્ય નથી. જો હું ગુરૂઆજ્ઞાનું પાલન કરી આજથી દશવર્ષ પૂર્વે ગૃહી થયો હોતતો અત્યારે તો સંસારની અત્યંત પ્રવૃતિમય મારૂં જીવન ચાલતું હોત, અને ઉદરનિમિત કોણ જાણે કયાં અને શૂં કરતો હોત ? કિંવા કિન્નર લોકમાં ગંધર્વ કીન્નરાદિ અને અપ્સરાદિ પ્રજામાં રહી કાલ વ્યતિત કરતો હોત, અને ' क्षिणे पुण्ये मर्त्ये लोकं विशन्ति ' એ શ્રીમદ્‌ભગવદગિતાના વચનાનુસાર કિન્નર લોકમાં એ રેહવા જેટલુ સંચિત ખુટી જતાં પાછું મૃત્યુ લોકમાં પ્રવેશ કરવાનું થાત, એટલે ' એ ભગવાન એના એ ' છેવટે મૃત્યુ લોકે આવી, તમામ વિહિત કર્મોને સાધી, ઉત્તરોત્તર સદગતિ

પ્રાપ્ત કર્યા સિવાય તો છુટકોજ નથાત. તો પ્રથમથીજ સંન્ના પ્રવેશ કરી, ચતુર્થાશ્રમને ગુરૂદ્વારા ક્રમપૂર્વક સીદ્ધ કરી શામા પરમપદના નિતિશય સૂખને પ્રાપ્ત ન કરવું ? અહા ! આ સદગુરૂ શ્રી દીગંબર સ્વામિ કેટલા દયાળુ અને ક્ષમાવાન ! જેમણે તમામ મારા દોષોની ક્ષમા આપી ' માંડા પંડયા ઘરથી એની માફક ફરીથી સર્વ નિત્યકર્મ ઇત્યાદિ સતક્રીયામાં અને યોગમ દશ અગીયાર વર્ષથી પ્રવૃત્તિ કરાવી છે; મારા પાપોથી મને સુદ્ધ કરી, ગએલા દીવ્યવર્ચસની પ્રાપ્તિ કરાવી ગૃહીનો વાસ્તવિ અધિકારી બનાવી દીધો. ધન્ય છે એવા સમર્થ સદગુરૂ દાતા કે જે આ સંસાર સાગરમાં કરોળીયાની પેઠે ગુંચાએલા પ્રાણી બહાર કાઢી તેને તેના કલ્યાણના માર્ગે ચડાવે છે. આ સંસારન સર્વ કાર્યો તેની પાસે સધાવી પરીણામે તેને વિદેહી બનાવી જીવ નમુક્તિનું અખંડ સુખ પ્રાપ્ત કરાવે છે. ખરેખર તેમને ધન્ય દે લાખોવાર ધન્ય છે, કરોડોવાર ધન્ય છે, કે સમગ્રવિશ્વ જે નામ અને કૃતિ ઉપર બલીહાર જાય છે; એજ વિરલા, એ શુરા, એજ સિદ્ધ, એજ યોગી અને એજ પરમ મહાત્મ કહેવાય છે; તેજ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ છે; તેજ તત્વવિદ્ધદિ ધ્યેય અને હેય સ્વરૂપ છે. અહા ! હે પ્રભુ એવા સદગુરૂ પ્રાણી શિરે પ્રાપ્ત ન હોય ત્યાં સુધી જીવ ઇશ્વરને જાણવા સમ થઇ શકતો નથી. તેના સત્‌ચિત્‌ અને આનંદ સ્વરૂપની ય કિંચિત્‌ લક્ષણા પણ કરવા તે અસમર્થજ રહે છે. ભવસિંધુમ ભટકયા કરે છે પણ કિનારે કદી આવી શકતો નથી એ વાત પણ મને વાસ્તવિક અનુભવ થાય છે. હશે ચાલો એવા સમ મહાન પ્રતાપિ સદગુરૂની આજ્ઞાનુસાર ગૃહી થયોછું, તો સ ધર્માચર્ણી બની પ્રાપ્ત કર્મધર્મને કરવા જલ્દી ૐકારેશ્વર પોહે ચી પ્રવૃત થાઉં ? પશ્ચાતં સર્વ કાર્ય સિદ્ધ કરી સદગુરૂના અનુગ્રહ અધિક પાત્ર બનું " હે રાજન્‌ આમ માર્ગે ચાલતાં શૂભાશુ વિચારથી પ્રવૃતિ કરતો ભાનુદેવ, વીમળપુરીથી ૐકારેશ્વ એક પખવાડીએ આવી પોહોંચ્યો અને ૐકારેશ્વર મહાદેવ

શીવાલયને ફરતી બનાવવામાં આવેલી એક મોટી ધર્મશાળામાં તેણે એક સ્થળે પોતાનું આસન રચી નિવાસ કર્યો. હે રાજન્, મુસાફરી પુર્ણ થતાં સુધીમાં તેને પુરા પાડવામાં આવેલાં સાધનોથી તે ૐકારેશ્વર આવી પોહોચ્યો તો ખરો પણ ૐકારેશ્વરમાં આવી તેણે નિવાસ કર્યો તે દીવસે તેની પાસે દ્રવ્ય યત્કીંચિત પણ રહ્યું ન હતું; તેથી પાછો તે દ્રવ્યપ્રાપ્તિ અર્થે વિચારવમળમાં પડયો કે "દ્રવ્યતો હતું તેટલું મુસાફરીમાં ખરચાઈ ગયું; હવે કાલને માટે દ્રવ્ય વિના વ્યહવાર ચલાવવો શી રીતે ? કાલે ૐકારેશ્વર મહાદેવમાં રૂદ્રાભિષેક કરવાઅર્થે દ્રવ્ય વીના સઘળો પુજાપાનો સામાન મંગાવવો શી રીતે ? અને યજ્ઞક્રિયાની સામગ્રી એક પછી એક પ્રાપ્ત કરવા અર્થે દ્રવ્ય મેળવવું પણ કયા ઉપાયથી ? ગુરૂ દિગંબર સ્વામિએ જોકે ઇપ્સિત દ્રવ્ય પ્રાપ્ત થશે એવું વચનતો કહ્યું છે પણ તે શી રીતે અને કયાંથી પ્રાપ્ત થશે એની કંઇ અત્યાર સુધી ખબર પડી નહીં; તેમ મેં મુખેં પણ તે વાતનો ખુલાસો કરી લીધો નહિં. તે સમર્થ ગુરૂના યોગ બલવડે કરીને મને દ્રવ્ય પ્રાપ્ત થશે એવી દૃઢ શ્રદ્ધા પુર્વક માત્ર ભાવના સ્થાપિ ચાલી નીકળ્યો છું; " હે રાજન્ અંતરમાં એવા સંકલ્પવિકલ્પને કરતો ભાનુદેવ તે દિવસે તો વિમળપુરીથી ચાલીને આવેલો જેથી શ્રમનો માર્યો રાત્રિના પ્રથમ પ્રહરમાંજ નિદ્રાવશ થઇ ગયો, અને બીજે દીવસે પ્રાતઃકાળમાં ઉઠી શૌચ જઇ આવી દંત ધાવન ઇત્યાદિ મલશુદ્ધિ કરી, ક્ષીપ્રામાં સ્નાન કરવા અર્થે ગયો. ત્યારે ક્ષીપ્રાનેતિરે એક વાનપ્રસ્થાશ્રમી પવિત્ર દંપતિનું વૃદ્ધ જોડું, નર્મદાની પ્રદિક્ષિણા કરી છેલ્લી યાત્રા કરવા અર્થે ૐકારેશ્વર આવેલું ને તેણે જોયું. તે પવિત્ર દંપતિના જોડામાંથી સ્રિવ્યક્તિને તો ભાનુદેવ કદી જોએલીજ નહિં જેથી ઓળખી શકયો નહીં, પણ પુરૂષ વ્યક્તિને જોઈ હોય એવો અંતરમાં તેને ભાસ થવા લાગ્યો. અને છેક નજદીક ગયો એટલે તેને ખાત્રી થઇ કે આ પુરૂષને મેં જોયો છે,

અને ઘણીવાર તેના સંબંધમાં હું આવ્યો છું. ક્ષીપ્રામાં સ્નાન કરતે કરતે તે પુરૂષ વ્યક્તિને જોઈ તે વિચાર કરવા લાગ્યો કે "માન ન માન પણ ભાનુદેવ આ જરૂર તારી વતનભૂમિ વિમળપુરીનો વડો સેનાધિપતિ ઉગ્રસેન છે; અને તેણે ગૃહસ્થાશ્રમનો હવે ત્યાગ કરી વાનપ્રસ્થાશ્રમનો અંગિકાર કર્યો હોય તેમ લાગે છે; વળી તેના અંતરમાં કોઈ ઉંડી સૂક્ષ્મવાસના રહેવાથી, તેમ વાસનાને ફલિભુત કરવાના ઉપાયો પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં, તેનું મગજ ગુંથાયું હોય તેમ તાદ્દશ તેની મુખાકૃતિ ઉપરથી માલમ પડી આવે છે. અહાહા ! જો તેજ ઉગ્રસેન હોયતો હું કેટલો ભાગ્યશાળી ? તે મારો સાચો શિષ્ય બની જઈ મારી કેટલી શુશ્રુતા અને સેવા કરે તે કહી શકતો નથી. પણ ભાનુદેવ તે તારાં સદભાગ્ય ક્યાંથી હોય કે તે ઉગ્રસેન હોય કે તને તે અત્રે પ્રાપ્ત થાય ? આવા તર્કવિર્તકને કરતો ભાનુદેવ ક્ષીપ્રામાં સ્નાન કરી રહ્યો; પશ્ચાત વસ્ત્ર બદલી પાદુકા પ્હેરી ૐકારેશ્વરના શીવલિંગ ઉપર રૂદ્રાભિષેક કરી, પુજન કરવા અર્થે ગંધ અક્ષતઆદિ સામગ્રી, તે વૃદ્ધ પરકમાવાસિ પાસેથી લેવા માટે તેના પ્રતિ વિનયથી કહેવા લાગ્યો 'હે વૃદ્ધ સજ્જન પુરૂષ, આપને હરકત ન હોય તો આપની આ ગંધ પુષ્પ ઇત્યાદિ પુજનની સામગ્રીમાંથી મને થોડી આપશો, કે જેથી હું પણ મારૂં પૂજન કરી શકું." આવાં નમ્ર વચનોપૂર્વક ભાનુદેવે ઉગ્રસેનની પાસે પૂજનસામગ્રીની માગણી કરી તેમાં તેના બે અર્થ સારવાની જીજ્ઞાસાહતી; એકતો હે રાજન્, તે એ કે ઉગ્રસેનને વાતચિત ઉપરથી ઓળખી કાઢી પોતાના અનુમાનના ખરાપણાની ખાત્રી કરવાની હતી, અને બીજી પૂજાપો પ્રાપ્ત કરવાની હતી. ઉગ્રસેન પ્રતિ પૂર્વોકત માગણી કરતાંની સાથે ભાનુદેવને ઉગ્રસેન કહે છે, 'હે મહાત્મન્ આપને જેટલી જોઇએ તેટલી સામગ્રી આ પૂજનની છાબમાંથી આપ સુખેથી લ્યો, અને પ્રસન્ન થઇ સંતોષપૂર્વક સદાશિવ ભગવાન ઉપર રૂદ્રાભિષેક કરો ?' એમ કહી ઉગ્રસેન એક વટ પત્રના પત્રાળા ઉપર સર્વ ગંધપુષ્પ અબીલ

ગુલાબ પુષ્પો શર્કરા, દીપ, ધુપ, નૈવેદ્ય એમ સર્વ થોડીથોડી સામગ્રી જુદી કાઢવા લાગ્યો; દરમ્યાન ભાનુદેવ મન સાથે વિચાર કરવા લાગ્યો કે "નિશ્ચય એજ ઉગ્રસેન, એજ મને ગુરૂ કરવાને તલસિ રહેલો મુમુક્ષુ, સેનાધિપતિ ઉગ્રસેનજ. લાઓ, તેને સત્વર પ્રગટ થઇ શાંત કરૂં. અરે પણ નહિં નહિં એકદમ સાહસની સાથે સંસારમાં ગૃહીએ પ્રવૃતિ કરવી નહિં, એવું ગુરૂ દિગંબર સ્વામિએ કહેલું છે, માટે પ્રથમ તે જોવું ઘટે છે કે, તે મને બોલીચાલી શાન શીકલ ઇત્યાદિ ચિન્હોથી કેટલીવારે અને શીરીતે ઓળખી શકે છે. હજી પંચકેશ મુક્ત થયા નથી ત્યાં સુધી મારી મુખાકૃતિ ઉપરથી તો તે મને ઓળખી કાઢે તેવો સંભવ નથી. મેંતો તેને બરાબર ઓળખી લીધો છે. હું જો હમણાં સ્હેજ પ્રગટ થાઉં તો તે સત્વર આવી, મારા ચર્ણોને બાઝી પડે અને તેનું તન.મન ધન સર્વસ્વ અર્પણ કરી દેઈ, મારી સેવારૂપ નિરંતર પ્રવૃતિ કરી પ્રસન્ન રહે. આમ થતાં કદાચ મારે કરવાની કેટલીક વ્યવસાહરૂપ ઉપાધિ તેજ બધી ઉઠાવી લે, અને મને નિવૃત્તિરૂપ સુખને પ્રાપ્ત કરે એમ પણ બને; હે ગુરો, આપણુ એક આપના યોગબળના પ્રતાપથી અને મારા પૂર્વરચિત શુભસંસ્કારથી બનાવ બન્યો નહિંતો બીજું શું ? નહિં તોઆજ દશે કે બારે વર્ષે મારે ૐકારેશ્વર તિર્થમાં યજ્ઞઅર્થે આવવું ક્યાંથી બને ? અને ઉગ્રસેન વાનપ્રસ્થાશ્રમની દશામાં પત્નિસહ અત્રે ક્ષિપ્રાને કિનારે ક્યાંથી મળે ? ખરેખર ' **बलियसि केवल इष्ट इच्छा**, એ ગુરૂ મહારાજના કથનનો પુનઃ મારા અંતરમાં અનુભવ થાય છે, અને સર્વત્ર ઈષ્ટ ઇચ્છાજ બલવાન છે એમાં લેશ પણ સંશય નથી એમ સ્પષ્ટપણે હવે સમજાય છે. અહાહા પરમાત્મા, તારી કૃતિ કેવી અકળ વિશુદ્ધ અને ગહન છે. તારી ઈચ્છા કેવી છે તે બાબત પ્રાણીને યતકિંચિત્ સ્વપ્ને પણ ભાન નથી, અને પ્રાણીને જે ઇચ્છા ઉદભવે છે તે તરફ તારીયતકિંચિત પણ લક્ષણા નથી. જો કે યોગીપુરૂષો સર્વજ્ઞ અને જીવનમુક્ત હોવાથી તારી ઇચ્છાને જાણી શકે છે, પણ આ

જીવો તો લેશ પણ જાણવા સમર્થ નથી. અહાહા તારી ખરેખર અલૌકિક માયા છે. હે શુરો તારી લીલાના પારને કોઇપણ પોચી શકવા સમર્થ નથી એમ વેદશાસ્ત્રદ્વારા અને આપશ્રીના મુખે, જે મેં વારંવાર શ્રવણ કર્યું છે, તે યથાર્થ અને સત્ય છે. ખરેખર ગૃહીની ભાવના મારા અંતરમાં સ્થપાયા પછીજ આ સંસાર અને તેનું અનિત્ય સ્વરૂપ, હવે ધીરે ધીરે મારા અંતરમાં સ્પષ્ટ થવા લાગ્યું છે. ગૃહસ્થાશ્રમ એજ સંસાર છે એ વાતનો હવે શનૈઃ શનૈઃ અનુભવ થાય છે." આ પ્રમાણે ભાનુદેવ વિચાર કરી રહ્યા છે એટલામાં ઉગ્રસેને, તે વટપત્રના પત્રાળા ઉપર બધી સામગ્રી કાઢી ભાનુદેવને આપી, એટલે ભાનુદેવ વિનય વાણીથી અને ઉપકારની સાથે કહેવા લાગ્યો "હે વૃદ્ધ સજન પુરૂષ આપનો ઉપકાર માનું છું, આપ મારા લાયક કામકાજ હોય તે સુખેથી ફરમાવશો તો હું તે બજાવીશ. હું શંકરભગવાન ઉપર રૂદ્રાભિષેક કરી મારાનિત્ય કર્મથી પરવારિ પછી આપની પાસે આવુંછું. અને નહિતો આપ બંન્ને પવિત્ર દંપતિ ૐકારેશ્વર મહાદેવના પુજનઅર્થે મારીસાથે પધારતા હોતો ચાલો. આપની તરફથી પણ એક રૂદ્રાભિષેક શંકર ઉપર વધારે કરીશ, આપ ત્યાં સંનિધ બેઠા બેઠા આપના ઇષ્ટમંત્રના જાપને કર્યા કરજો? આવી વાણી શ્રવણ કરી ઉગ્રસેન પ્રસન્ન થઇ કહેવા લાગ્યો "મહારાજ અમે ઉભય આપની પાછળ થોડીવારમાં શંકરપૂજન અર્થેજ આવીએ છીએ. આપને સહજ અત્રે થોભવા અડચણ ન હોય તો થોભો, નહિં તો સુખેથી પુજનમાં પ્રવૃત થાઓ; હે પવિત્ર વિપ્ર વળી, તે ઉપરાંત લ્યો, આ દશ સુવર્ણ મોહોરો દક્ષણા તરીકે અને પુજાપો તો જોઇએ તેટલો આપને આપેલો છે, માટે અમારો પણ એક શંકર ભગવાન ઉપર બેલાશક રૂદ્રાભિષેક કરજો. આપના ભોજન માટે પાકું સીધું આપના આશ્રમે પોંહોંચાડી પશ્ચાત અમે જઇશું. આપ નિશંકપણે આપના નિત્યનૈમિતિક ષટ્કર્મમાં પ્રવૃત થાઓ." ઉગ્રસેનનાં આવાં વચન શ્રવણ કરી, ભાનુદેવ શીવાલયમાં ગયો;

અને શંકરનાબાણુ સમીપ બેસી, પૂર્વાભિમૂખનું પદ્માસન વાળી પુજન અર્ચન આરતિ નૈવેદ્ય કરી, પશ્ચાત રૂદ્રાભિષેક કરવા લાગ્યો. થોડીવાર થઇ એટલે તે ઉગ્રસેન તથા તેની પત્નિ બન્ને જણાં, શીવાલયમાં આવી શંકર ભગવાનનું યથાવિધિ પૂજન કરવા લાગ્યાં. ભાનુદેવ એકાગ્રચિત્તે રૂદ્રાભિષેક કરતો હતો, તે જોઈ ઉગ્રસેન વિચારવા લાગ્યો "આ વિપ્રદેવની શાન્ત શીકલ બોલીચાલી અને હીલચાલ ઉપરથી એમ જણાય છે, કે તે જાણે ભાનુદેવ હોય, અને મારા પ્રત્યે અતિ પ્રેમની લાગણી દર્શાવતો હોય, અને તેથી કરી મારૂં અંતઃકરણ પણ તેના પ્રતિ અતિ જાણે તણાતું હોય, એમ સ્વાભાવિક અંતરમાં સમજાય છે. અરે પણ એવાં મારાં સદ્‌ભાગ્ય કયાંથી હોય, કે તે ભાનુદેવ એ હોય, અને મને પ્રાપ્ત થાય. અરે તેને ગુરૂ કરવા માટે તો આજકાલ દશ બાર વર્ષથી ચિંતાતુર છું. અરે જો તે પ્રાપ્ત થાય તો મને જીંદગીમાં સર્વસ્વ મળ્યું એમ હું ગણી મારા જીવનને કૃતાર્થ સમજું. અરે તે જો મળે તો તેને હવે ગુરૂ કર્યા વિના કેમ છોડું ? તેનો પલ્લો કેમ મુકું ? મારી જમીન જાગીર, તન મન ધન અને સર્વસ્વ અર્પણ કરી તેની સેવામાંથી એક ક્ષણ પણ અળગો કયમ થાઉં ? અરે પણ ઉગ્રસેન એવો તું સદભાગી કયાંથી હોય, કે તારા મનોરથો ફલિભૂત થાય. અને તે ભાનુદેવ સદગુરૂ, તને પ્રાપ્ત થાય. તો તો પછી ઉગ્રસેન તારો જન્મમર્ણનો ફેરો ટળી જાય, અને વૃદ્ધાવસ્થા સુધરી જાય. તારે આ સંસારમાં પ્રાપ્ત કરવાની વસ્તુ અન્ય પછી કોઇ ન રહે, અને તારી સદગતિ થઇ જાય. અરેરે પણ દુર્ભાગી ઉગ્રસેન એ દીવસ તને ક્યાંથી પ્રાપ્ત થાય. તે વિપ્રની મુખાકૃતિ અને બોલીચાલી જોતાંતો તાદૃશ તે જાણે ભાનુદેવ હોય એમ લાગે છે. પણ હવે મારે તેને પુછવું શી રીતે ?" આમ શંકા ભરેલી વિચારશ્રેણીમાં ઉગ્રસેન ગુંથાયો અને છેવટે એવા નિશ્ચય ઉપર આવ્યો કે તે રૂદ્રાભિષેકમાંથી પરવારે એટલે પુછી ખાત્રી કરૂં. આવો નિશ્ચય કરી ઉગ્રસેન શિવાલય-

માં પોતાનીપત્નિ સહ બેઠો છે અને ભાનુદેવ રૂદ્રાભિષેક કરે છે. મધ્યાન્હ થયા એટલે ભાનુદેવ પોતાની નિત્યનૈમિતિક ક્રીયામાંથી પરવાર્યો, એટલે શંકરના બાણુપાસેથી ઉઠી બહાર આવ્યો અને ઉગ્રસેનનો રૂદ્રાભિષેક પણ કર્યો છે તેવી ઉગ્રસેનને ખબર આપવા લાગ્યો. આ ખબરથી ઉગ્રસેન પ્રસન્ન થઇ કહેવા લાગ્યો કે "હે મહાત્મન્, અમે ઉભય આપને શરણ છીયે. આપ આપના આશ્રમે પધારો, હું સીધું લઇ સત્વર આવું છું." આ સાંભળી ભાનુદેવ તેના આસન ઉપર ગયો. અને પશ્ચાત હે રાજન્, સીધું લેઇને તે ઉગ્રસેન પોતાની પત્નિ સહ ભાનુદેવના આસને ગયો. ભાનુદેવે પોતાની પાસેની શ્વેત કાંબળ બિછાવી તે ઉપર તે :વાનપ્રસ્થાશ્રમી પવિત્ર દંપતિને આદર પૂર્વક બેસાડયાં. લાવેલું સિધું સર્વ ભાનુદેવને આપી પશ્ચાત ઉગ્રસેનનીચે પ્રમાણે ભાનુદેવને બે હાથ જોડી વિવેક અને વિનયથી શંકાયુક્ત થઇ કહેવા લાગ્યો.

સીદ્ધેશ્વરાચાર્ય કહે છે, હે રાજન, પશ્ચાત તે ઉગ્રસેન ભાનુદેવને કહેવા લાગ્યો કે "હે મહાત્મન્ મેં આપને જ્યારથી જોયા છે ત્યારથી હું શંકાશીલ બન્યો છું અને તેથી આપને તે શંકા સહજ નીવેદન કરવાની રજા લઉં છું" ભાનુદેવ કહે છે "હે મુમુક્ષુ વૃદ્ધ પુરૂષ, આપ ખુશીથી નીવેદન કરો ? ઇષ્ટ ઇચ્છાથી યથા શક્તિ આપની શંકાનું સમાધાન કરવા આ શરીર તૈયાર છે" આવાં વીનય વાક્ય સાંભળી ઉગ્રસેન કહે છે. "હે પવિત્ર વિપ્રવર્ય, મેં આજકાલ કરતાં દશ બાર વર્ષથી ભાનુદેવ નામના એક વિપ્ર મહાત્માને મારા સદગુરૂ તરીકે અંતરમાં સ્થાપેલા છે. જો કે મારા દુર્ભાગ્યને લીધે હું તેમની હજી સુધી દિક્ષા લેવા સમર્થ થઈ શકયો નથી, છતાં નિરંતર અંતરમાં તેમની મૂર્તિનું-છબીનું-પ્રતિમાનું આવાહન કરી, તેમનુંજ નામ જપ્યા કરૂં છું, અને તેમની પ્રાપ્તિઅર્થેજ રાતદિવસ પ્રયત્ન સેવું છું. પણ હજી સુધી તેઓનો મને ભેટો થયો નથી. આજે ક્ષિપ્રાને તિરે આપને જોઇ મને જાણે તાદશ તે મુર્તિ આપ છો

તેવું સ્વાભાવિક રીતે ભાન થાય છે અને વાતચિત ઉપરથી અને આટલા કલાકના સહવાસથી અંતરમાં સ્પષ્ટ સમજાય છે અને ખાતરી થાય છે કે મારા અંતરમાં જેની પ્રતિમા સ્થપાએલી છે તેજ આપશ્રી મારા સદગુરૂ છો ? નેતા છો, અને સર્વસ્વ છો માટે જે કંઇ સત્ય હોય તે કહેવા અને મારી શંકાનું સમાધાન કરવા કૃપા કરો ? ” આ પ્રકારના અતિ નમ્ર અને આતુર વચનો શ્રવણ કરી ભાનુદેવ કહે છે. “ હે સ્વધર્માચર્ણી મુમુક્ષુ વદ્ધ પુરૂષ, આપને તે ભાનુદેવની જોડે એવો કેવો પ્રસંગ આવેલો કે જેથી આપે તેને સદગુરૂ કર્યા ? એવો તે ભાનુદેવમાં શો ચમત્કાર હતો ? ” ઉગ્રસેન કહે છે “ અરે મહાત્મન્ ! ચમત્કાર હું પછી નીવેદન કરીશ; પણ એમ કહોને કે તે ભાનુદેવ આપશ્રી પોતેજ છો પણ માત્ર અજાણ્યા થઇ વાત કરો છો ? અરે આ આપના હાસાનુહાસથી તેમ કરવાનું કંઇ કારણ ? આપ કદાચ તેમ કરવાથી પ્રગટ નહીં થઈ શકો એમ સમજતા હશો, તો તે આપની એક મોટી ભૂલ થાય છે; કારણકે મેં તો મારા મન સાથે નિશ્ચય પૂર્વક આપને ઓળખી લીધા છે, કે આપ તેજ ભાનુદેવ અને મારા સદગુરૂ છો; પછી આપ મારી વિશેષ પરિક્ષા કરવાઅર્થે આડું તેડું સમજાવી મને ગમે તે પ્રકારે, ભમાવવા કિંવા ભુલાવવા માગશો તો એથી હું ભમું કિંવા ભુલું તમ નથી. હે ગુરો, મારી ઉમર પણ આશરે છાસઠ સડસઠની થવા આવી છે, અને મેં પણ કંઇ આ સંસારને જોયો છે. મારી નજર તળે પણ અનેક નાનામોટા સજ્જન અને દુર્જનો આવી ગયા છે. મારી સ્મૃતિ બુદ્ધિ અને અંતરબહિરકરણો આ સંસારની અનેક ઠોકરો રૂપી ઘાથી ટીપાઇને બરાબર ઘડાઈ રહેલાં છે અને હજી સ્મૃતિ છેક બ્હેર મારી ગએલી નથી. માટે હે તરૂણ બ્રિપર્ષિ, આપ અંતરનો પડદો દુર કરી સ્પષ્ટ કહેવા કૃપા કરો કે આપ તે ભાનુદેવ છો કે નહિં ? ” આ વચન શ્રવણ કરી ભાનુદેવને અંતરમાં નિશ્ચયપૂર્વક સમજાયું કે “ઉગ્ર-

સેને મને ખાત્રીપૂર્વક જાણી લીધો છે, માટે હવે પ્રગટ થયા સિવાય છુટકો નથી. માટે પ્રગટ થઇ તેને સત્ય કહી દઉં, અને તેની શંકાનું સમાધાન કરૂં." આવો વિચાર કરી ભાનુદેવે તરતજ પ્રત્યુત્તરમાં કહ્યું "ઉગ્રસેનજી, આપનું અનુમાન સત્ય છે. જેની સાથે તમે આ વાત કરી રહ્યા છો તેજ આપનો ભાનુદેવ છે. આપની આશા સફલ થઇ છે, અને આપની લાંબા કાળથી દૃઢ થએલી શુદ્ધ ભાવના સફળ થઈ છે. આ ૐકારેશ્વરના પવિત્ર સ્થળે અગીયારે બારે વર્ષે આજ આપણે મળીએ છીએ." ભાનુદેવના આ વચનો શ્રવણ કરતાંની સાથે ઉગ્રસેન વિશુદ્ધ પ્રેમના ઉછાળાના જોરમાં જેમ વિશ વર્ષનો તરૂણ એકદમ કુદકો મારી, પોતાની ગએલી પ્રિયકર વસ્તુને જોતાં, ઝડપ મારી ઝાલી લે, તેવી રીતે ઉગ્રસેન ભાનુદેવને બાઝી પડયો, અને તેના ચરણમાં લોટવા લાગ્યો. ભાનુદેવે આગ્રહપૂર્વક તેને રહૃદય સરસો ચાંપી ઉભો કર્યો. પશ્ચાત કહેવા લાગ્યો "ઉગ્રસેનજી, તમારી શુદ્ધ, સત્ય અને દ્રઢ ભાવના મને પ્રાપ્ત કરવાની હતી તો અગીયારે બારે વર્ષે પણ તમે પ્રાપ્ત કરી સુખી થયા છો. માટે હવે જે કંઇ આપનો મનોરથ બાકી હોય તે સુખેથી પાર પાડો, અને પ્રસન્નતાપૂર્વક મારી પાસે નિરંતર નિવાસ કરો ?" ઉગ્રસેન આ સાંભળી ગદ્દગદ્ કંઠે હર્ષાશ્રુથી કહેવા લાગ્યો. "હે ગુરો, આપને આજથી મારૂં તન મન ધન સર્વસ્વ સોંપુ છું; અને રાતદિવસ આપની સેવામાંજ કાલ વ્યતિત કરવા ચાહું છું, માટે જ્યારે યોગ્ય લાગે ત્યારે ગુરૂ દિક્ષા આપી, દાસને કૃતાર્થ કરવા કૃપા કરશો." ભાનુદેવે કહ્યું "ભલે ત્યારે તમે બન્ને પતિપત્ની અત્રે મારા સ્થળે નિવાસ કરો, અને શુદ્ધ દિવસ જોઇ તમને ઇષ્ટમંત્ર આપીશ. હું અત્રે જે અર્થે આવ્યો છું તે તમને ધીરે ધીરે સહવાસથી જણાશે, માટે પ્રસન્નતા પૂર્વક તમે તમારા કર્તવ્યને સાધો ?" આવું કહેવું શ્રવણ કરી, ઉગ્રસેન પશ્ચાત પોતાનો સર્વ સામાન લેઈ, ભાનુદેવની સંનિધ સપત્નિવર્તમાન આવીને રહ્યો, અને તે બન્ને ભાનુદેવની યથાર્થ રીતે સેવા કરવામાં સદા તત્પર રહેવા લાગ્યાં. ભાનુદેવે શુભ દિવસ

જોઇને ઉગ્રસેનને ગુરૂદિક્ષા આપી, અને પછી સહસ્રમુખયજ્ઞ અને તે યજ્ઞ કરવાનું કારણ, તેમજ પોતાના ગુરૂ દિગંબર સ્વામિની આજ્ઞાનુસાર વર્તન કરવા સંબધીની સર્વ હકીકત, તેને કહી. પશ્ચાત ઉગ્રસેને ભાનુદેવની સર્વ ઉપાધિ પોતાને માથે ઉઠાવી લીધી; અને ભાનુદેવની ગૃહી થવાની સર્વ ભાવનાઓ, એક પછી એક કેવી રીતે સફળ થવાલાગી તે સર્વ વૃત્તાંતને સંક્ષેપમાં હવે પછી હે રાજન્ તને શ્રવણ કરાવીશ.''

હે પ્રહર્ષ, આટલું કહી પછી તે સિદ્ધેશ્વરાચાર્ય પોતાના આસને સિધાવ્યા અને રાજા શુભ્રકેતુ પણ પોતાને સ્થાને ગયો.

—તરંગ ૩ જો—

જેવી ભાવના તેવી સિદ્ધિ.

હે પ્રહર્ષ, પછી બીજે દીવસે તે શુભ્રકેતુ રાજા, પોતાના રાજકાજમાંથી અને નિત્યનૈમિતિક કર્મમાંથી પરવાર્યો, એટલે પોતાના સદ્ગુરૂ સિદ્ધેશ્વરાચાર્ય સમીપ આવી કહેવા લાગ્યો, કે " હે ભગવન્, ભાનુદેવે પછી કેવીરીતે યજ્ઞ કર્યો અને તેની ભાવના કેવી રીતે સફલ થઈ ? તેમજ પેલી ચારૂશીલા નામની કન્યાનું શું થયું વીગેરે સર્વ વૃત્તાંત જાણવા આ દાસ ઘણો ઉત્સુક છે માટે શ્રવણ કરાવવા કૃપા કરો ? સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિ આ પ્રકારના તે શુભ્રકેતુ રાજાના નમ્રવચનો શ્રવણ કરી ભાનુદેવના આગળના વૃત્તાંતને કહેવા લાગ્યા.

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે " હે રાજન્ '**यादृशीर्भावना सिद्धिर्भवति तादृशी** જેવી ભાવના તેવી સિદ્ધી એ ઇશ્વરી નિયમ છે. તે નિયમાનુસાર ઉગ્રસેનની ભાવના, ભાનુદેવની ભાવના, વિભાવરીએ પ્રાણત્યાગતી વખતે કરેલી ભાવના, અને દિગંબર સ્વામિએ ભાનુદેવને સહસ્રમુખયજ્ઞ કરવા માટે દ્રવ્યપ્રાપ્તિ કરાવા કરેલી ભાવના, એ સર્વ ભાવનાઓ એકી વખતે કેવી રીતે ફલિભુત થઇ, તે તને કહું તે એકાગ્રચિત્તે શ્રવણ કર ?

ગુરૂ દિગંબર સ્વામિની ભાવના જે દ્રવ્ય પ્રાપ્ત કરાવાની હતી, તે બીજે દીવસેજ ભાનુદેવને રૂદ્રાભિષેકની દક્ષિણામાં દશ

સુવર્ણ મોહોરો પ્રાપ્ત થઇ ફલિભૂત થવા લાગી; વળી અત્રે ઉગ્રસેનની ભાવના, ભાનુદેવની પ્રાપ્તિથી સફળ થઇ હતી; અને તેથી ઉગ્રસેન પોતેજ તેના ચરણમાં તન મન ધન સર્વસ્વ અર્પણ કરી બેઠો હતો એટલે ભાનુદેવની દરેક આજ્ઞાને તે પાળવા લાગ્યો હતો. તેમજ ભાનુદેવની ભાવના જે દ્રવ્યથી સૌ કાર્ય કરવાની, ઉગ્રસેનને સર્વ ઉપાધી સોંપી પોતે ગુરૂપદે બીરાજવાની વીગેરે હતી તે પણસફળ થઇ; કેમકે ભાનુદેવે સહસ્રમુખ યજ્ઞ કરવા સંબંધની તમામ હકીકત તેને કહી હતી, જેથી તેણે પોતાને ઘેરથી અસંખ્ય દ્રવ્ય મંગાવી યજ્ઞની, તમામ ગોઠવણ કરવા માંડી હતી. દ્રવ્ય કયાંથી આવે છે, અને કયાં તેનો વ્યય થાય છે, એ બાબત ભાનુદેવ પછી જરા પણ કાળજી કરતો ન હતો. એ પ્રમાણે એકાદ માસમાં યજ્ઞનો મંડપ રચાયો, અને સર્વને કંકોતરીઓ દ્વારા યજ્ઞનારાયણના દર્શન અર્થે આમંત્રણ પણ કરી દેવામાં આવ્યું હતું. ઉજ્યન, કાશી, પ્રયાગ, અને દક્ષીણમાંથી દશહજાર એકસોને એક વિદ્વાન વિપ્રો પસંદ કરી ઉગ્રસેને યજ્ઞ ક્રીયાઅર્થે નોતર્યા હતા; જેથી ટુંક વખતમાં તે પણ એકઠા થઇ ગયા. અને સહસ્રમુખ યજ્ઞની તમામ સામગ્રીઓ પણ વખતસર ઉગ્રસેને બધી તૈયાર કરાવી દીધી. વિમળપુરીના રાજાને પણ ઉગ્રસેને આમંત્રણ કર્યું હતું; તેમજ ખુટતુંવત્તું દ્રવ્ય તેના રાજભંડારમાંથી લેવા માટે રાજાએ ઉગ્રસેનને ખુશીથી રજા આપી હતી, જેથી યજ્ઞઅર્થે ઉગ્રસેને અનર્ગળ દ્રવ્ય એકઠું કરી, યજ્ઞની ધામધુમ મોટા પાયાપર રચી હતી. યજ્ઞક્રિયામાં આમંત્રણ કરેલા, દશ હજાર એકસોને એક વિદ્વાન બ્રાહ્મણોને, અન્ય બોલાવેલા સાધુ મહાત્મા તથા સત્પુરૂષોને, અને આમંત્રણ કરેલા તેમજ પ્રેમથી યજ્ઞનારાયણના દર્શન કરવા નીમીત્તે આવેલાં રાજા રજવાડા વગેરેને, અનુકુળ પડે તેવું, સુવાનું, બેસવાનુ, જમવાનું, રેહેવાનું, વીગેરે સાહીત્ય સંપુર્ણ રીતે સંતોષ કારક પુરૂ પાડયું હતું; જેથી સર્વની આગતાસ્વાગતા સારી રીતે થવાથી બધા એકે અવાજે પ્રસન્નતાની

સાથે યજ્ઞમાં ભાગ લેતા હતા. ઉગ્રસેન આ સર્વ ગુરૂની ઉપાધિ તે પોતાની છે એમ ગણી, પોતાને માથે બધું જોખમ લઇ, બધો વિવેકપુરઃસર કારભાર કરતો હતો. ભાનુદેવ તો માત્ર ગુરૂપદે બિરાજતો હતો. કંઇપણ કાર્ય બાબત તેના સુધી વાત આવતીજ ન હતી. ઉગ્રસેન અને તેના માણસો બધું કરીલેતા હતા. અને એ પ્રમાણે પોતાના સદ્‌ગુરૂભાનુદેવની ઇચ્છા પ્રમાણે યજ્ઞઅર્થે કરવાના સર્વકાર્યો ઉગ્રસેન કરી લેતો. તેણે ભાનુદેવને યજ્ઞની બધી તૈયારી થઇ ગઇ એટલે એક દીવસે વિનયપૂર્વક ઉગ્રસેને કહ્યું " હે ભગવન્, યજ્ઞની તમામ સામગ્રી તૈયાર થઇ ગઇ છે. આમંત્રણ કરેલી તમામ વિપ્રમુર્તિઓ આવી ગઇ છે. કેટલાક રાજા રજવાડાપણ આવી ગયા છે. માટે હવે શુભદિવસ નક્કી કરી યજ્ઞનો આરંભ આપ કરો એટલીજ વાર છે. હવે કોઇ પણ કાર્ય અધુરૂં નથી માટે હે ગુરો, આપ આજ્ઞા કરો તે દીવસથી યજ્ઞનો આરંભ કરવા વિપ્રોને સુચના આપું." આવાં ઉગ્રસેનનાં વચન શ્રવણ કરી, ભાનુદેવે પ્રત્યુત્તર વાળ્યો કે " હે મુમુક્ષુ શિષ્ય, જો તમે યજ્ઞસામગ્રી સર્વ તૈયાર કરી રહ્યા હો, તો જે યજ્ઞ કરાવનાર મૂળ અધ્યક્ષ વિપ્ર હોય, તેમને પુછી જુઓ, કે યજ્ઞ મારા એકલાથી થઇ શકે તેમ છે, કે સપત્નિવર્તમાન યજ્ઞ કરવાની જરૂર છે. જો સપત્નિવર્તમાન યજ્ઞ કરવાની આવશ્યકતા હોય, તો પ્રથમ કોઇ મારા લાયક મારી જ્ઞાતિની કન્યા શોધી કાઢી, યથાવિધિ તેની સાથે લગ્ન કરવાં પડશે, પશ્ચાત યજ્ઞનો આરંભ કરવો પડશે. માટે તે વાતનો ખુલાસો કરી લાવો તો પછી યજ્ઞક્રીયાનો આરંભ કરવામાં કોઇરીતે વાંધો નથી." આ સાંભળી ઉગ્રસેન તે વિપ્રો પૈકી યજ્ઞ ક્રીયા કરાવનાર જે અધ્યક્ષો હતા, તેને પુછી સપત્નિ વર્તમાન યજ્ઞક્રિયા કરવારૂપ ખુલાસો કરી લાવ્યો, જેથી લગ્નની ઉપાધિ કરવાની બાકી છે તે માટે પ્રવૃત્તિ કરવા ભાનુદેવે ઉગ્રસેનને આજ્ઞા કરી. આથી કન્યાની શોધઅર્થે ઉગ્રસેન ગુંથાયો, અને તેની પત્નિ શશીમુખી જે શ્રીપ્રાન્તકીના પ્રદેશના રાજા સુમ-

નસિંહની રાણી શુચીદેવીની બ્હેન થતી હતી, તેને પોતાના સદગુરૂને માટે કન્યા ખોળી લાવવાની આજ્ઞા કરી. તેથી તે શશીમુખી પોતાની બહેનને, રાજમહેલમાં કન્યા બાબત પુછપરછ કરવા ગઇ. શુચીદેવીએ પોતાની બ્હેનને ચારૂશીલા કન્યા યોગ્ય છે એવી સલાહ આપી તેથી ઉગ્રસેનને તેણે તે કન્યા માટે કહ્યું. ઉગ્રસેન જાણુતો હતો કે વિમળપુરી નગરીના પુરોહિત સુજ્ઞશર્માને બે કન્યાઓ ચારૂશીલા અને શશીકલા નામે હતી. શશિકલા ઉજ્યનના રાજાના પુરોહિત પ્રજ્ઞશર્મા નામના બીજવરને આપી હતી, અને ચારૂશીલા નામની કન્યા તે કુંવારી અને નાની હતી. ચારૂશીલા ષટ્શાસ્ત્રસંપન્ન થઈ ભણી ગણીને હુંશીયાર બની હતી. તેણે પોતાના પિતાદ્વારા નાની છતાં વિદ્યાસંપુર્ણ પ્રાપ્ત કરી હતી, જેથી ઉજ્યનના રાજાએ તેને શીક્ષક અને પોતાની પુત્રીની સહીપણી તરીકે ઉજ્યનમાં પોતાને મેહેલે રાખી હતી; તેથી પોતાની બ્હેન શશીકલાને ત્યાં તે ચારૂશીલા જમતી અને રાજકુંવરિની પાસે સદા રહેતી હતી. ઉજ્યનના રાજાની કુંવરિ પદ્મની અને ચારૂશીલા બન્ને સરખી વયનાં નહતાં છતાં સરખાં ગુણુ અને સરખાં સ્વભાવવાળાં હોવાથી એક બીજાની વચમાં ગાઢ મિત્રતા બંધાઇ હતી. તેઓ બન્ને એક બીજાથી એક ક્ષણુ પણુ છુટાં થતાં નહતાં. આ ચારૂશીલા કુંવારી છે એમ જાણી તે રાજકુંવરિ પણુ પંદર વરસની છતાં કુંવારી રહી હતી. ઉગ્રસેને વીમળપુરીના પુરોહીત સુજ્ઞશર્મા કે જે આમંત્રણથી યજ્ઞવિધી કરાવા વિમળપુરીથી આવ્યા હતા, તેમની કન્યા જોડે પોતાના ગુરૂ ભાનુદેવના લગ્ન કરવાની માગણી કરી. જે ઉપરથી ઉગ્રસેનની માગણી યોગ્ય સમજી સુજ્ઞશર્માએ તેનો સ્વીકાર કરી પોતાની પુત્રીના જન્માક્ષર ભાનુદેવ જોડે મેળવવા કહ્યું. ઉગ્રસેને તેમ કરી વીવાહનું શ્રીફળ વીગેરે આપ્યું. સુજ્ઞશર્મા આમંત્રણ હોવાથી યજ્ઞક્રિયામાં ભાગ લેવા આવ્યા હતા, તેમ તેની પુત્રિ ચારૂશીલા પણુ આ વખતે ઉજ્યનમાં પોતાની બ્હેનને ઘેર હતી જેથી તેણીના લગ્નમાં કોઇ વાંધો

હતોજ નહિં. માત્ર ચારૂશીલાની માતા અને ભાનુદેવના માતપિતા અને સગાં સહોદરને બિમળપુરીથી બોલાવી લેવાના હતા તે ઉગ્રસેને સાંઢણીદ્વારા બે દીવસમા બોલાવી લીધાં. અને ભાનુદેવના ચારૂશીલા સાથે વિવાહ કરી પશ્ચાત યજ્ઞ કરવાનો હોવાથી નજીકનું લગ્ન મુહુર્ત નક્કી કર્યું. ચારૂશીલાને પણ ભાનુદેવ પતિ પસંદ પડવાથી, સુજ્ઞશર્માએ એક સ્થળ ભાડે લેઇ, ત્યાં લગ્નવિધિની સર્વ સામગ્રીઓ કરી દીધી હતી અને શુભમુહુર્ત્ત જોઈ ઉજ્યનનારાજા સુમનસીંહના વહીવટ નીચે ફરીરીતે લગ્નક્રીયા પણ કરી દીધી. પશ્ચાત સપત્નિવર્તમાન ભાનુદેવે તે સહસ્રમુખ યજ્ઞની ક્રીયા કરી. ગુરૂ દિગંબર સ્વામિ તો યજ્ઞમંડપ રચાયો અને સર્વ યજ્ઞસામગ્રી તૈયાર થઇ, એટલે પોતાના વચન મુજબ ઉજ્યનમાં ભાનુદેવ પાસે ક્યારના પધારી ચુકયા હતા. જેથી ગુરૂ સનિંધ રહી, ભાનુદેવે પોતાના સદગુરૂની આજ્ઞાનુસાર સંતોષપુર્વક યજ્ઞક્રીયા કરી. અને પુર્ણાહુતિ બાદ સર્વ અતિથી મહેમાનોને યથાશક્તિ દાન દક્ષિણા આપી, સન્માનપૂર્વક વળાવ્યા. દિગંબર સ્વામિ પણ સર્વકાર્યની સમાપ્તિ થતાં, ભાનુદેવને ફરીરીતે ગૃહસ્થાશ્રમ સાધવાની આજ્ઞા કરી તેમજ પોતાનેઆશ્રમે ભાનુદેવની તેના માતપિતાને યથાસ્થિત સુપરત કરી સીધાવ્યા. ભાનુદેવના માતપિતા પુત્રને અને પૂત્ર વધુ ચારૂશીલાને પોતાને ઘેર વીમળપુરી લેઈ જઈ તેમને યથાસ્થિત સંસારમાં પ્રવેશ કરાવાને ઇરાદે ભાનુદેવ સમીપ નિવાસ કરી હજી રહ્યાં હતાં. આ પ્રમાણે સર્વ યજ્ઞક્રિયા સંપુર્ણ થઇ અને સર્વ વેરાઇ ગયાં એટલે ભાનુદેવ પણ પોતાના શીષ્ય ઉગ્રસેન તથા પોતાના માતપિતા સહ વિમળપુરી તરફ પ્રયાણ કરી ગયો; એમ ચારૂશીલા સાથે ફરીરીતે ગૃહસ્થાશ્રમ ચલાવવા લાગ્યો. હે રાજન્, પશ્ચાત એક જાણવા જેવો ભાનુદેવને આગળ ઉપર બનાવ બન્યો તે તને શ્રવણ કરાવું તે એકાગ્રચિતે શ્રવણ કર ? મુનિવર્યસૂતમા કહે છે "હે બેટા પ્રહર્ષ, સંસારમાં પ્રવેશ કર્યા પછીજ

પ્રાણીને તેની શુભાશુભ ભાવનાનું ફલ પ્રાપ્ત થાય છે; ત્યાર પછીજ સંસારના સુખ દુઃખનું પ્રાણીને ભાન થાય છે. ત્યાર પછીજ સંસાર અનિત્ય અને જુઠો છે અને એક પરમાત્મા સાચો છે તેનો પ્રાણીને અનુભવ થાય છે. તેવા અનુભવપૂર્વક સંસારના ત્યાગનેજ ખરો વૈરાગ વેદશાસ્ત્રે ગણેલો છે. સંસારમાં પ્રવેશ કર્યા પછી પ્રાણીઅનેક પ્રકારે સુખની ભાવના કર્યા કરે છે, પણ તે ભાવનામાં શૂભાશૂભ ગુણો મિશ્રિત રહેલાં હોવાથી શુભાશુભ ફલને તે પ્રાપ્ત થાય છે. હે વત્સ, તેથી સતશાસ્ત્રોએ અને શ્રીસદગુરૂએ ભાવનાનું સ્વરૂપ સર્વોપરિ સત્ય સમજી 'यादृशी र्भावना सिद्धि र्भवतितादृशी ' એ વચન સિદ્ધ માનેલું છેઃ જેવી પ્રાણીની ભાવના તેવું તેને ફળ મળ્યા વગર રહેતું નથી. હવે એ વાત તને આ પૂર્વોકત વૃતાંત ઉપરથી સમજાઈ હશે, અને પછી પણ સમજાશે. હે વત્સ, પશ્ચાત તે સિદ્ધેશ્વરાચાર્ય આગળના વૃત્તાંતને, શુભ્રકેતુ રાજા પ્રત્યે કહેવા લાગ્યા, તે હું તને કહું તે પ્રેમ પૂર્વક શ્રવણ કર ?

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે 'હે રાજન, પશ્ચાત ભાનુદેવ અને ચારૂશીલા પોતાનો ગૃહસ્થાશ્રમ પોતાની વતન ભુમિ વીમળપુરીમાં રૂડી રીતે ચલાવી રહ્યાં છે. ઉગ્રસેન અને તેની પત્નિ પણ તે બન્ને વિપ્રદંપતિ અને તેમના માતપિતા ઇત્યાદિની સેવા કરી પ્રસન્નતાથી કાલ વ્યતિત કરે છે; એટલામાં ઉગ્રસેનની પત્નિ ક્ષયના દરદથી ગુજરી ગઈ, અને ઉગ્રસેન પશ્ચાત સ્વસ્થપણે એકલો ગુરૂસેવામાં શરીરે વૃદ્ધ છતાં પ્રવૃત્ત રહેવા લાગ્યો. એમ કરતાં કરતાં ત્રણેક વર્ષ પછી તે પણ સ્વરૂપસ્થ થઇ ગયો. એટલે ભાનુદેવ શિષ્ય વિનાનો એકલો થઇ ગયો. તેની સેવા કરનાર અત્યારે તેની સ્ત્રી ચારૂશીલા સીવાય કોઇ રહ્યું નહિં. અને ભાનુદેવેપ્રથમથી ગુરૂપદેબિરાજી ઉદ્યોગ વિનાનીજીંદગી ગાળેલી જેથી તે બેઠાખાઉ જેવો થઇ ગયો હતો. ઉગ્રસેન જીવ્યો ત્યાંસુધી પોતાની જમીન જાગીરનું દ્રવ્ય આવતું, તે વડે ભાનુદેવની સંપુર્ણ સેવા થતી; પણ હવે તો ભાનુદેવને કોઈ સાધન ન હતું.

પોતાના પિતાની આજીવિકામાંથી કુંટુંબનું ભરણપોષણ કરવું પડતું હતું; તેમજ કુંટુંબ બોહોળું હોવાથી એટલાથી પુરૂં થઇ શકતું ન હતું. ભાનુદેવના માતપિતા પણ ઉગ્રસેનના ગુજર્યાને બાર માસ પુરા થવા આવ્યા ન હતા ને દેવલોક પામ્યા; જેથી ભાનુદેવને માથે તમામ સંસારવ્યહવારનો ભાર પડયો,અને એમ થતાં હે નૃપેંદ્ર, તે અતિદરિદ્રિઅવસ્થાને પ્રાપ્ત થયો. ભાનુદેવ નિર્ધન અને કંગાલ જેવો આ સમયે બની ગયોહતો, છતાં પણ પોતાના સ્વધર્મનો કદી તેણે ત્યાગ કર્યો ન હતો. તે વારંવાર મન સાથે બિચાર કરતો હતો કે "આ નિર્ધન અવસ્થા એ કોઇ આ જન્મની કે પૂર્વ જન્મની મારી કરણી–ભાવના–વાંચ્છના–કામનાનુ ફલ હોવું જોઇએ. અરે એક ભિખારી કરતાં પણ છેક અધમ દરિદ્રાવસ્થા મને આવી પ્રાપ્ત થઇ છે ? ખરેખર આપણુ કોઇ મારી વ્યભિચારી અશૂભ કરણીનું ફળ હશે નહિંતો, બીજું શું? નહિ તોતને આ દશા પ્રાપ્ત થવાનો સંભવજ નથી.અરે પણભાનુદેવ કદાચ ગુરૂ મહારાજે તારી શ્રદ્ધા જોવા અને તારા ગુરૂભક્તિના ટેકની કસોટી કરવાની ખાતરજ, આવી દશા પ્રાપ્ત કરાવી હશે તો કોને ખબર ? તું પ્રથમથી બેઠાખાઉ થઈ ગુરૂપદે સ્થિત થયો અને જરા અયોગ્ય અને અભિમાની પ્રવૃતિ કરવા લાગ્યો, તેથીજ આ તને ફળ મળતું હશે તો પણ કોને ખબર. ઓ હરિ! હે ગુરૂદેવ ! જો તેમજ હોય તો તે સજા મને તમે યોગ્ય કરી છે." એ પ્રકારનું ભાન થવાથી ભાનુદેવ પોતાની કંગાલ હાલત જોઇ નિરંતર દુ:ખી અને તપ્ત રેહેવા લાગ્યો. તેની સાધ્વિપત્નિ ચારૂશીલા પણ પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રેહેનારી, પરમ સતિ સ્રી હતી. તેથી દળવાનું, ખાંડવાનું, શીવવાનું ઇત્યાદિ ઘેર બેઠે કરતી હતી, અને તેદ્વારા દ્રવ્યઉપાર્જન કરી, પતિને ઘર ચલાવવામાં મદદ કરતી હતી. તે સતિ, પતિની અત્યંત પ્રિતિપાત્ર બની ગઈ હતી. આ દરિદ્રિ સ્થિતિમાં ભાનુદેવ કાલ વ્યતિત કરતો હતો, તે વખતે તેની વય લગભગ ચાળીસ વર્ષની થવા આવી હતી. ભર જુવાનીમાંજ દરિદ્રાવસ્થાના દુ:ખને

ભોગવતી, તે ચારૂશીલા અત્યંત કરૂણાજનક સ્થિતિમાં દીવસો ગુજારતી હતી. તેને જોકે ઉજ્યનપતિની કુમારી પદ્મની જેવી અડધી રાતે મદદ કરનાર ખાસ સહચરી હતી, તેમ છતાં તેણે કોઇની પાસે કોઇપણ પ્રકારની મદદ રૂપ યાચના અધાપિપર્યંત કરી ન હતી; એવી તે દૃઢ ટેકીલિ અને પતિમાં વિશ્વાસવાળી સતિ સ્રી હતી. તેમ ભાનુદેવ પણ અત્યંત દુઃખી સ્થિતિને ભોગવતો હતો છતાં ઉગ્રસેનના પૂત્ર પુષ્પસેન પાસે કિંવા વિમળપુરીના રાજા પાસે કોઇ પ્રકારની યાચના કરવા કદી ગયો ન હતો. માત્ર પોતાના ગુરૂ દિગંબર સ્વામીની આજ્ઞાનુ યથાર્થ રીતે પાલન કરવા તરફજ લક્ષ રાખીને, પોતાના સ્વધર્માચરણથી સર્વ સંસારના દુઃખ સહન કરી, પોતાનો કાલ વ્યતિત કરતો હતો. એક સમયે ભાનુદેવ પોતાની સ્રી ચારૂશીલાને "જેવી ભાવના તેવી સિદ્ધિ" એ વિષય ઉપર રાજા દશરથને થએલી ભાવનાનું નીચે પ્રમાણે દૃષ્ટાંત આપવા લાગ્યો; તેને વિવેકથી સદુપદેશ દેવા લાગ્યો કે " પ્રાણી અતિ દુઃખી, દરિદ્રી, અને કંગાલ દશાને પ્રાપ્ત છતાં, ઉંચા પ્રકારની ભાવના જોતે શુધ સત્ય અને દૃઢ સંકલ્પપૂર્વક અંતરમાં નિરંતર રાખે છેતો કિટભ્રમરના ન્યાય પ્રમાણે, પરિણામે અવશ્ય તે પ્રમાણેજ ફલ મેળવે છે. મનુષ્યને ગમે તેટલું દુઃખ પડે છતાં નિરંતર શુભ ભાવનાને કરતા રહેવાથી, અંતે સુખ પ્રાપ્ત થાય છે એ નિસંશય છે. હે રાજન, આવા પ્રકારના સદુપદેશને અંતે, રાજા દશરથને થએલી ભાવનાનું દૃષ્ટાંત ભાનુદેવ, પોતાની પત્નિ ચારૂશીલાને, નીચે પ્રમાણે સંક્ષેપમાં કેહેવા લાગ્યો, તે હું તને કહું તે તું પ્રેમપૂર્વક શ્રવણ કર?

ભાનુદેવ કહે છે ".હે સહધર્મચારિણી, રાજા દશરથને થએલી ભાવનાનું દૃષ્ટાંત કહી આજે તને તે ભાવનાનું સ્વરૂપ સમજાવું તે તું સ્થિર ચીત્તે લક્ષમાં લેજે. હે સ્રી, ભગવાન શ્રી રામચંદ્રજીના માતપિતા દશરથ કૌશલ્યાની આગલા જન્મની ભાવનાનું દ્રષ્ટાંત, તેં કદી સાંભળ્યું નહિં હોય માટે શ્રવણ કર?

રાજા દશરથ તથા કૌશલ્યા માતા એ જન્મે જન્મથી સ્વયંભૂ મનુ હતાં; તેઓ પરમાત્માના પુર્ણ ભક્ત અને પુરા તત્વજ્ઞાની હતાં, તેથી તેમની ભાવના સંકલ્પ, વીગેરે અતિ દ્દઢ હતાં. તેમણે અનેક પ્રકારે પોતાના સંકલ્પો સિદ્ધ કર્યા હતા. એક સમયે બન્ને પતિપત્નિને એવો સંકલ્પ થયો કે આપણે ત્યાં વિરાટ ભગવાન પૂત્રરૂપે અવતરે, અને તેમની બાળલીલા આપણે જોઇએ, તેમને લાડલડાવીએ, અનેક પ્રકારના ભોગો ભોગવાવીએ અને તેમના યથાર્થ સ્વરૂપને જાણી લેઈ આ સંસારથી તરી જઇએ. આ પ્રકારની ભાવના તેમના અંતઃકરણમાં તે દંપતિ કરવા લાગ્યાં અને પરિણામે દિનપ્રતિદિન તે ભાવના તેમની સદ્દઢ થતી ગઇ. તેઓ બન્ને પતિપત્નિ પ્રાતઃકાળમાં વેહેલા ઉઠી હમેશાં પ્રાર્થના કરતાં હતાં કે "હે પરમાત્મન્, હે સર્વાંતરયામિ સચિદાનંદ, આપ ભક્તના કોડ પુર્ણ કરનાર કલ્પવૃક્ષ છો; અનંત કોટિ બ્રહ્માંડ આપની ઇચ્છાથીજ પેદા થયાં છે. આપ ભક્તના પ્રેમને સતત આધીન છો. આપ ભક્તોની કામના પુર્ણ કરવાને માટે વિવીધ પ્રકારે દર્શન દોછો. જે આપને આધીન વર્ત્તે છે તેને આપ સર્વદા આધીન રહો છો; તો હે દયાળુ સચરાચર સર્વેશ્વર, અમ રંક ઉપર એવી કરૂણા કરો, કે આપના શુદ્ધ સાત્વિક સ્વરૂપના અમને દર્શન થાય, અને અમ.રી ભાવના પુર્ણ થાય." આવી રીતે પ્રાર્થના કરતાં કરતાં સ્વયંભુમનુભગવાન તથા તેમની પત્નિ શતરૂપા, કંદમૂલ ફલ ફુલાદી ઇત્યાદીથી પોતાનું પોષણ કરી ઉગ્ર તપ કરવા લાગ્યાં. એવા ઉગ્ર તપોબલથી તેમનુ ધ્યાન, તેમની ધારણા, શ્રદ્ધા, અને સૂક્ષ્મ વાસના સર્વ એકસ્વરૂપ થઇ રહ્યાં. અને કાલે કરીને અત્યંત તિવ્ર તિતિક્ષા સેવવાના અભ્યાસથી, માત્ર વાયુ ભક્ષણ કરી તપારૂઢ રહેવા લાગ્યાં. તેમના ઉગ્ર તપના પ્રભાવથી તેમનો આશ્રમ તથા આજુબાજુનો પ્રદેશ અત્યંત દિવ્ય બની ગયો; સ્વર્ગ મૃત્યુ અને પાતાલ ત્રણે લોકમાં, અને ઇંદ્રાદિ અન્ય દેવોના સમૂહમાં તેમના તપોબલનું યશોગાન થવા લાગ્યું. અને પરિણામે ઇંદ્ર

અને સર્વ દેવીદેવતાઓ તે દંપતિના ઉગ્ર તપથી અતિ પ્રસન્ન થઇ અનેક શુભ વરદાનો તેમને આપવા માંડયા. પરંતુ જેની ભાવના સદ્રઢ છે, અને જેનો ઉચ્ચ સંકલ્પ, શુદ્ધ, શ્રેષ્ઠ અને પરમ પવિત્ર યોગ્યતાવાળો છે, તેમજ સંસારમાં જેને બીલકુલ પ્રિતિ નથી અગરતો કોઇપણ પ્રાણી વા પદાર્થમાં જેને એક સૂક્ષ્મ પણ વાસના રહી નથી, જેની અવિદ્યાનો નાશ થયો છે અને જે કેવલ જ્ઞાનાનંદમાંજ માત્ર મસ્ત છે એવા મનુ ભગવાનને કોઇના પણ વરદાનની ઇચ્છા થતી ન હતી જેથી તમામ દેવતાઓ થાકી પાછા વળી ગયા. આ પ્રમાણે પરમાત્માના સ્મરણમાંજ સતત રહેનાર તે પવિત્ર દંપતિ ઉગ્ર તપોબલ વડે કરીને વધારે ને વધારે સમાધિસ્થ થતાં ગયાં, અને પ્રભુમાંજ તદાકાર બની ગયાં. અંતઃકરણ, દશ પ્રાણ, દશ ઈંદ્રિ અને દેહનું ચલન વલન બધું જડવત્ બનીગયું. ભાવનાની સિદ્ધિ એજ તેમનો આશય હતો, તેથી તેમની વૃત્તિ અખંડ, અચળ અને એકાગ્ર બની રહી હતી. આમ અનંતકાળ વહીગયા છતાં તે દંપતિ તપ ભંગ થયાં નહિં; જેથી આનંદઘન કૃપાના સાગર શ્રી પરમાત્માના અનુગ્રહની તેમને પ્રાપ્તિ થઇ. પરમાત્માની તેમના ઉપર પૂર્ણ કૃપા થઇ જેથી તે દંપતિના કર્ણદ્વારા રદયમાં અ-લૌકિક ધ્વનિ સંભળાયો. આ ધ્વનીથી બંન્ને પતિ પત્નીનાં શરીર ઇંદ્રિ-યો, અંતઃકરણ વીગેરે પ્રફૂલિત થવા લાગ્યાં, અને કર્ણદ્વારા દિવ્ય-ગાન તેમને સંભળાવા લાગ્યું. વળી અંતરમાં જ્યોતિર્સ્વરૂપ પરમાત્માના દર્શન થયાં; આમ છતાં તે દંપતિને સંતોષ ન થયો તેમની જીજ્ઞાસા આથી તૃપ્ત ન થઇ; તેમનો મનોરથ ન ફળ્યો. જેથી બન્ને પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યાં કે " હે પ્રભુ, આપના મનોમય દર્શનથી કંઈ અમને તૃપ્તિ થવાની નથી માટે ભગવન્ દ્રષ્ટિગોચર થાઓ. અને અમારા મનોરથ સફલ કરો" ! આવી પોતાના તે ભક્તજનોની પ્રેમમય પુર્ણ ભાવના જોઇ, શ્રીમદ્ ભગવાને તેમને સાક્ષાત્કાર કરાવ્યો. અને પોતે ચતુર્ભૂજ સ્વરૂપે પ્રગટ થઇ મનુ ભગવાનને તથા તેમની પત્નિ શતરૂપાને

કેહેવા લાગ્યા; “ હે ઉગ્રતપેશ્વરી દંપતિ, તમે મારા અનન્ય અને એકાંતિક ભકતો છો. તમારા જેજે મનોરથો હોય તે મને નિશંક અને નિભર્ય થઈ જણાવો તો તે પૂર્ણ કરવા હું તૈયાર છું. ભક્તને નહિં આપવા જેવું મેં કંઇ પણ મારી પાસે રાખ્યું નથી. વિરાટમાં મારૂં જે જે કંઈ છે તે તે સર્વસ્વ મારા ભકતોનુંજ છે. હું પડે પણ મારા ભકતજનોનોજ છું અને આ મારી ચિતિશકિત મહામાયા, તે પણ તમારી ભક્તિથી અત્યંત આજે પ્રસન્ન થઈ છે. માટે અમો બન્ને સાત્વિક સ્વરૂપમાં તમારા કલ્યાણને સાધવા માટે, પ્રકટ થવા તત્પર છીએ. માટે બેટા, તમો બન્ને એ નિસંશય માનજો કે હું ભકતોનો છું અને ભકતો સદા મારા જ છે. ” આવી પરમ હિતકારી અત્યંત મૃદુ અને શીતળ વાણી સાંભળી તે દંપતિની આંખમાં હર્ષાશ્રુ વહેવા માંડયાં અને અત્યંત શાન્ત અને આર્જવ હૃદય જેનું બન્યું છે તેવાં તે તપેશ્વરી દંપતિ શ્રી ભગવાન પ્રત્યે કહેવા લાગ્યાં; “ હે જગન્નિવાસ, ભક્તવત્સલ, ભગવન્, આપ અનંત વરદાનના આપનારા અમારી સમીપ આવી ઉભાછો, છતાં, જેમ જન્મનો દરિદ્રી કલ્પ વૃક્ષની તળે ઊભો રહેવા છતાં, અધિક અને અચળ સંપતિ માગવાને લજ્જા પામી આંચકો ખાય છે, તેવી રીતે દિનદયાળ આપની પાસેથી શું માગવું તે અમને સુઝતું નથી. હે પ્રભો, આપની ઉદારતા આગળ અમે સંકોચ પામીએ છીએ, અને આપના અપૂર્વ પ્રેમમાં અમે તલ્લીન બની રહ્યાં છીએ. માટે હે પ્રાણ આધાર, આપના પ્રેમસિંધુમાં અમે પ્રેમબંધનથી બંધાઇ ડુબી ગયાં છીએ તેટલા માટે આપ અમારે ત્યાં જન્મ ધારણ કરો ?” હે શુભ સંસ્કારિ સાધવી, આવા સ્વયંભુ મનુ જે દશરથ તેમના વચનો સાંભળી પરમ કૃપાળુ પરમાત્મા બોલ્યા, “ હે મનુ, પૂત્રવાત્સલ્યતાનો તમારો વિશુદ્ધ પ્રેમભાવ તમારા બન્નેની ઇચ્છાનુસાર સફલ કરવા માટે, હું તમારે ત્યાં જન્મ લેઈશ. અને હે સતિ શતરૂપા, તું જુદું વરદાન તારી ઈચ્છામાં આવે તે માગીલે ? મારી આદ્યશકિત જે ચિતિશક્તિ છે તે તારાપર

અત્યંત પ્રસન્ન છે, કારણ કે જગતમાં જન્મેલી સતિઓ, તથા હવે પછી જન્મશે, તે સતિઓ, નિરંતર તે મારી ચિતિશક્તિની ભક્તિદ્વારા મારા ઐશ્વર્યને વધારે છે. જેથી તે સતિઓના ચર્ણાર્વિંદ મારા ચર્ણાર્વિંદ કરતાં હું અધિક પવિત્ર માનુ છું; તે સતિઓનું સર્વદા પ્રસન્ન ચિત રહે તોજ મને સંપુર્ણ આનંદ થાય છે માટે તું પણ તેમાંની એક સતિ છે તો ઇચ્છા હોય તે માગ " ? આ સાંભળી સ્વયંભુ મનુની તપસ્વિનિ પત્નિ સતિ શતરૂપા કેહેવા લાગી " હે વિશ્વાધાર આનંદકંદ સચરાચર જગતપતિ, મારા પતિને જે આપે અનુગ્રહ કરી વરદાન આપ્યું તેથી મારા મનોરથો સફલ થયા છે; છતાં પણ આપ પૃથક વરદાન માગવા કહો છો ત્યારે માગીલઉ છું કે હે નિયંતા, અમારી સૂક્ષ્મવાસનાનો લય થઇ નિષ્કામપણે આપની એકાંતિક ભક્તી અમે બન્ને કરીએ, આપના બાળ સૂખને ભોગવીએ અને વૈરાગ્ય, જ્ઞાનાદિ પ્રાપ્ત કરી આપની નિસિમ ભક્તિથી આ સંસારસાગરને તરી આપના ચરણ વિશે અંતે લિન થઈ જઇએ એજ પ્રભુ વરદાન આપો ? વળી તમને લાડ લડાવીએ, તમારામાંજ અમારી વૃત્તિ સદા જાગ્રત થઇ લાગી રહે તથા આપનું નિત્ય લાલન પાલન કરીએ આવી અમારી દૃઢ ભાવના છે તે પણ પૂર્ણ કરવા કૃપા કરો ? " આ પ્રમાણે સતિની મૃદુવાણી સાંભળી, નિરંજન નિરાકાર છતાં સાકાર એવા બિરાટ ભગવાન પ્રસન્ન થઇ બોલ્યા, " હે તપસ્વિનિ, જાઓ તમારા પતિપત્નિ બન્નેની ઇચ્છાનુસાર સર્વ થશે. તમે કૌશલ્યારૂપે તથા મનુભગવાન દશરથરૂપે જન્મ ધારણ કરશો અને રામસ્વરૂપે હું તમારે પેટે અવતાર લેઈશ અને તમારા સઘળા મનોરથો રામાઅવતારમાં સફલ કરીશ. વળી આદ્યમાયા ચિતિશકિત તે સિતાજીરૂપે મારી ભાર્યા થશે; વળી ત્યારપછીના યુગમાં પણ તમો બન્ને નંદયશોદા રૂપે જન્મશો અને હું કૃષ્ણરૂપે બાળક થઇ તમારે ઘેર આવીશ, જ્યાં તમે મને ઘણા લાડો લડાવી તમારા કોડ પુરણ કરશો. " આટલું

કહી શ્રીહરિ અંતરધ્યાન થઈ ગયા. માટે હે સુખી ! "યાદશી ભાવના સિદ્ધિ ભવતિ તાદશી" ! જેની જેવી ભાવના તેવીજ તે ફળે છે. પ્રાણીને જે વસ્તુની ભાવના થાય છે તે વસ્તુ પરિણામે તેને પ્રાપ્ત થાય છે. પ્રાપ્તિ અને અપ્રાપ્તિનો સવાલ જેની ભાવના શુદ્ધ નથી તેને માટે રહેલો છે. માટે સદઢ અને શુભ ભાવનાનું સ્વરૂપ એટલું બધું ફલદાયકછે, કે સ્વયં પરમાત્માને પણ તે મુજબ કરવું પડે છે; આ સંસાર એક શહેર જેવો છે. જેમ શેહેરમાં; કોઇ શ્રીમંત તો કોઈ ગરીબ, કોઇ નાનું તો કોઇ મોટું, કોઇ રાજેશ્રી તો કોઈ નર્કેશ્રી એમ અનેક નાના મોટા જીવો વસે છે; તેવીજ રીતે આ જગતમાં પણ અનેક નાના મોટા જીવો કોઇ મૃદુ, તો કોઇ કડવા, કોઇ માયામાં પચેલા, તો કોઇ માયાથી વિરકત, કોઇ ઉત્તમ ભાવનાવાળા, તો કોઇ અશુભ ભાવનાવાળા, કોઇ સ્વાર્થિ તો કોઈ કેવલ પરમાર્થિ, કોઇ યોગિ તો કોઈ ભોગી, એમ અનેક પ્રકારના નાના મોટા પ્રાણીઓ વસે છે અને એ સર્વ તેઓની ભાવનાનુંજ ફળ છે. જેવી જેની ભાવના તેવું તેને પ્રાપ્ત થાય છે. ઉત્તમ પ્રકારની શુભ, શ્રેષ્ટ અને સત્યભાવના મોક્ષ આપી જીવને સંસારસાગરથી તારે છે. તે શુદ્ધ ભાવના માત્ર કર્ત્તા ભોકતાની સૂક્ષ્મ વાસનાનો નાશ કરવા માટેની, તેમજ શરીરને વિનાશી અને અવિનાશી પરમાત્મતત્વને ઓળખવા માટેની હોય છે અને એજ સર્વોપરિ શુદ્ધ શ્રેષ્ટ અને સત્ય ભાવના કહેવાય છે; એ પ્રકારની ભાવના જન્મ મરણના બંધનથી મુક્ત કરનારી છે; એજ ભાવના જગતના ઉત્પતિ, સ્થિતિ અને લયના હેતુરૂપ શ્રીસચરાચર પરમાત્માના જ્યોતિ સ્વરૂપના દર્શન કરાવનારી છેઃ અને અંતે પ્રાણીને ચિદાનંદ અવિચલ સુખને પ્રાપ્ત કરાવી, પરમાનંદની પરમજ્યોતિમાં લીન કરનારી છે. આ ભાવના સાયુજ્ય મુક્તિને પરિણામે આપનારી છે. માટે નિરંતર ક્રમે ક્રમે એ વિશુદ્ધ ભાવનાને અંતઃકરણમાં દઢ કરતાં કરતાં, આ જન્મમાં અગર તો જન્મ જન્માંતરમાં શુદ્ધ સત્વાંશની વૃદ્ધી કરી, ઇચ્છિત મનોરથો પ્રાણીના પુર્ણ ક-

રી સાક્ષાત કૈવલ્ય પદની પ્રાપ્તિ કરાવે છે. માટે હે પવિત્ર હૃદય વાળી, જે ફળ આજે તને મળે છે તે તારી અનેક જન્મોથી દૃઢ થતી આવેલી ભાવના પ્રમાણે મળે છે. કંઇ પ્રકટ પ્રજ્ઞાથી આ ઉત્તમ જ્ઞાનની તને પ્રાપ્તિ થઇ છે અને હવે પછી થશે એમ તારે સમજવું નહીં, પણ અનેક જન્માંતરે તારી સદ્દવિચાર વાળી અને સાત્વિક ભાવના પરિપકવ દશાએ પોહચવાથી તે ભાવના વિશુદ્ધ થઈ છે, જેથી તને આવી દરીદ્રી અને દુઃખી સ્થીતીમાં પણ આવું ઉત્તમ જ્ઞાન આપે છે, અને ઉચ્ચ ભાવનાથી પૂર્વે એવા અનેક પ્રસંગો બનેલા છે, કે જેમાં માયાને આધિન રહી વર્ત્તનાર પ્રાણીઓને, પણ ક્ષણમાત્રના શુભપ્રસંગથી વિશુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થઈ છે. તને કયાં ખબર નથી કે, રહુગણ રાજાને જડભરત મુનિના પલવારના પ્રસંગથી અદભુત તત્વજ્ઞાન મળી ગયું હતું. દેવહુતિએ કપીલમુનિ પાસેથી પણ એક ક્ષણવારના પ્રસંગમાં યથાર્થ અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. શ્રીકૃષ્ણ પરમાત્માએ કુરૂક્ષેત્રના સમરાંગણમાં ભયંકર યુદ્ધ ચાલતે ચાલતે ધનંજયને ભગવતગિતાદ્વારા પરમતત્વનું જ્ઞાન એક પળમાં આપ્યું હતું. શ્રીકૃષ્ણ પરમાત્માએ દેવકીજીને તેના મરી ગયેલા પુત્રોના દર્શન કરાવી એક ક્ષણમાં જ્ઞાની બનાવી દીધા હતાં. ઋષિના કંઠમાં મરેલો સર્પ પ્હેરાવી શુકદેવજીદ્વારા પરિક્ષિત રાજાને જ્ઞાન પ્રાપ્ત થયું હતું. એ સર્વ શાથી થયું હતું. એ કંઇ એક જન્મની શુભ ભાવનાનું ફલ નોહોતું પણ અનેક જન્મ જન્માંતરથી તે ભાવના જાગ્રત હતી જેથી તે ભાવનાનું ફલ પ્રાપ્ત થયું હતું. જન્મસુધી રહુગણે દેવહુતિએ, અર્જુને, દેવકિજીએ અને પરિક્ષત રાજાએ પોતાનો શુભ સંકલ્પ દૃઢ રાખ્યો હતો, જેથી પરિણામે છેલ્લે અવતારે તેઓ તેમના શુભ સંકલ્પ પ્રમાણે અર્થાત ભાવના મુજબ એક નિમિષ માત્રમાં પરમ જ્ઞાની બની, મોક્ષના સાધનો પ્રાપ્ત કરી, છેવટે સંસાર સાગરને તરી પરમાત્મ સ્વરૂપમાં વિલિન થઈ ગયા હતા. માટે વિશુદ્ધ ભાવનાનું સ્વરૂપ અલૌકિક અને અત્યંત વિલક્ષણ છે. જે પ્રાણી,

ધ્યાનથી, સંકલ્પથી, મનોબલથી, ભાવના દૃઢ કરે છે તે જીવનો પિંડ, દશરથ રાજાની પેઠે સાત્વીક વાસનાનો બંધાય છે અને પરિણામે તે વાસના અત્યંત પવિત્ર અને કેવલ દૃઢ થતાં, તેને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. જેને જેવો જેના પર પ્રેમ હોય છે, જેવી ભાવના હોય છે, અને તે ભાવના જેટલી દૃઢ અને પવિત્ર થઈ હોય છે, તેને તે પ્રમાણે ફલદાયક નિવડેછે એમાં લેશ પણ સંશય નથી. પ્રેમ સર્વ વસ્તુઓમાં પ્રમુખ રહેલો છે; ભાવનામાં સર્વ કરતાં અધિક બલ રહેલું છે અને શુદ્ધ સંકલ્પ સર્વ કરતાં સત્વર સિદ્ધિને આપનાર છે. પરમાત્મતત્વપ્રતિ પ્રેમ ભાવના, પ્રાણીને તન્મય, તદાકાર અને તદ્દરૂપ બનાવે છે. પ્રેમ ભાવનાજ પરમાનંદનું સુખ પ્રાપ્ત કરાવે છે, કે જેનો આનંદ અવર્ણનિય અતે સર્વદા સરખો જ છે. પરબ્રહ્મનો જેને સાક્ષાત્કાર થયો છે, એવા શ્રી હરિના સમિપ રહેનારા પ્રેમીભક્તો અત્યંત શુદ્ધ અને કેવળ સાત્વિક ભાવનાવાળા હોય છે. તેથી સર્વત્ર સમભાવ તેઓને રહે છે; તેમની દૃષ્ટિમાં સર્વ પ્રિય અને હિતકર જણાય છે; જેઓ સર્વ વ્યહવારાદિક કર્મો કરવા છતાં પણ સર્વસ્વ ઇશ્વરાર્પણ કરી બેઠેલા હોય છે; અસત્યને છાંયડે પણ તેઓ જતા નથી. પ્રેમી ભક્તની ઇચ્છા ગમે તો ગમે તેવી વિચિત્ર હોય છતાં, તેની રૂચિ પ્રમાણે પરમાત્માને અનુસરવું પડે છે; તે તેની માત્ર એક વિશુદ્ધ પ્રેમી ભાવનાવડેજ થાય છે. જેવી જીવો ભાવના કરે છે તે તે મુજબ તેને પરમાત્મતત્વના સાક્ષાત્કારનો અધિકાર પ્રાપ્ત થાય છે. માટે હે સ્રી તું દુ:ખી છે છતાં સુખની વિશુદ્ધ ભાવના નિરંતર કરતી રહેજે એટલે સુખ મળ્યા વગર રહેનાર નથી; તે વિશુદ્ધ ભાવના સર્વદા જાગ્રત અને દૃઢ રાખવા બહારના ડોળનો ત્યાગ કરજે; અંતર દૃષ્ટિમાં પોતાનું લક્ષ્ય સ્થાન તે ભાવના પ્રતિજ સ્થીત રાખજે; અને "। [illegible]रिरेव जगत्, ज[illegible]व हरि ।" એ વાક્યાનુસાર નિરંતર જગતને હરિરૂપ અને હરીને જગત રૂપ જોવાનીજ ભાવના રાખજે. તારી દૃષ્ટિએ જ્યાં ત્યાં સુખનેજ જોવાના

અભ્યાસ વાળી થજે. જડ અને ચૈતન્યમાં સર્વદા સમભાવે પરમાત્માના સુખ સ્વરૂપનીજ ભાવના કરજે. આ સમગ્ર જગતના સર્વે પ્રાણી પદાર્થો સુખરૂપ પરમેશ્વરથી વ્યાપ્ત છે એમ નિરંતર મનન કરજે. સર્વમાં પરમાત્માના પુર્ણાનંદસ્વરૂપનું ભાનકરજે. અને એવી ભાવના રાખજે કે, આ પણ સંપુર્ણ છે, પેલું પણ સંપુર્ણ છે, સંપુર્ણથીજ સંપુર્ણ થાય છે અને સંપુર્ણમાથી સંપુર્ણ લેતાં સંપુર્ણજ શેષ રહે છે; માટે સર્વત્ર પ્રભુની સંપુર્ણતા છે સુખરૂપતા છે. એમ સતત સદ્વિચાર કરજે. હે સદભાગી ચારૂશીલા જો આ મારૂં તારૂં સ્થુલ નાશવાન છે, તેમજ કદાચ આપણે વૈભવ ઐશ્વર્યાદિથી યુક્ત હોત તો તે પણ અનિત્ય છે; મૃત્યુ સર્વને શિરે રહેલું છે તો તેથી સદ્ભાવનાનુજ આગ્રહ પૂર્વક સેવન, જીવને શા માટે ન કરવું કે જેથી આ જન્મે નહિં તો બીજે જન્મે, બીજે નહિં તો ત્રીજે, અગરતો અનેક જન્મે પણ સદ્ભાવના સફલ થાય અને સંસાર સાગર તરી પ્રભુપદની પ્રાપ્તિ થાય. જગતમાં કોઈ અમર રહ્યું નથી અને રહેવાનું નથી. વેહેલો મોડો કાલ સર્વનું ભક્ષણ તો કરવાનોજ એ આપણને જ્ઞાત છે; માટે પ્રાપ્ત જન્મમાં પ્રાણીએ શુભ ભાવનાદ્વારા પોતાના કલ્યાણનામાર્ગે લેઇ પરમપદની પ્રાપ્તિ કરવા પ્રયત્ન સેવવો એજ અતિ ઉત્તમ છે. સંસારના દુઃખોથી અકળાઇને, વા સુખોથી મકલાઇને, સ્વધર્મ અને શુભ ભાવનાનો ત્યાગ કરવો એ કેવલ અઘટિત છે. આ પ્રમાણે દુઃખી અવસ્થામાં પણ વિશુદ્ધ અને ઉચ્ચ ભાવના રાખવાનો ભાનુદેવનો સદુપદેશ શ્રવણ કરી, ચારૂશીલા અત્યંત પ્રસન્નતાપુર્વક પોતાના પતિને કહેવા લાગી કે “હે પ્રાણેશ આજથી મારી ભાવના ઉચ્ચ અને વિશુદ્ધજ થયેલી જાણજો, હે પવિત્ર પતિ, આપના સદુપદેશની અસર મારા અંતરમાં બરાબર થઇ છે અને તેથી, આવી કંગાલ અને દુઃખી અવસ્થા છતાં, મારી દૃષ્ટિ જ્યાં ત્યાં સુખ સ્વરૂપ શ્રી દિગંબર સદગુરૂને, અને પરમાત્માને અભિન્ન જોવાના અભ્યા-

સ વાળી હોવાથી અત્યારથી ઉચ્ચ ભાવના હૃદયમાં કાયમ રાખવા પ્રયત્નને સેવીશ. હે પ્રાણપતિ તે સુખ સ્વરૂપ શ્રી સદ્દગુરૂ કિંવા પરમાત્મા પ્રાપ્ત થશે એટલે આપણે પછી સૂખજ છે, કારણે કે તે પોતે સુખ સ્વરૂપ છે. તો તે સુખ સ્વરૂપનેજ પ્રાપ્ત શા માટે ન કરવા, કે પછી કોઇ દિવસ દુઃખજ પ્રાપ્ત ન થઇ શકે; માટે હું તો નિરંતર તે સુખ સ્વરૂપ સદ્દગુરૂ પરમાત્માની પ્રાપ્તિઅર્થે વિશુધ ભાવના અંતરમાં દ્દઢપણે આજથી સેવીશ, અને નિસંશય વાસ્તાવિક સુખને પ્રાપ્ત કરીશ. ખાતાં પિતાં હરતાં ફરતાં સર્વ સંસારનો વ્યવહાર કરતાં તેજ ભાવનાને સેવીશ, પછી દશરથરાજાની પેઠે મારી પણ ભાવના દ્દઢ અને કેવલ વિશુધ હશે તો ફલિભુત કેમ નહિં થાય ? થશેજ. આપ પણ અન્ય ભાવના તજી તે સુખ સ્વરૂપ આનંદ ઘન સદ્દગુરૂ પરમાત્માની પ્રાપ્તિ કરવાઅર્થે નિરંતર ભાવના અંતરમાં જાગ્રત રાખજો, અને સર્વ વ્યહવારને કરજો પછી જુઓ કે તે સત્ય સંકલ્પ બળથી ઉત્પન્ન થએલી આપણા બન્નેની દ્દઢ ભાવના થોડા સમયમાં કેટલો બધો ચમત્કાર દેખાડે છે અને પરિણામે આપણને કેવી અવિચળ સુખની પ્રાપ્તિ કરાવી આ સંસાર સમુદ્રથી તારે છે. હે સ્વામિન્ આ દશરથ રાજાનું મને દ્દષ્ટાંત શ્રવણ કરાવ્યું, તેથી પ્રાણીએ કેવી ભાવનાકરવી અને પ્રાણીની જેવી ભાવના તેવી તેને સિદ્ધિ થાય છે, એ વાત નિરંતર સ્પષ્ટ મારા અંતરમાં અનુભવ પૂર્વક હવે સમજાઇ છે. આ પ્રમાણે ભાનુદેવે પોતાની સ્ત્રી ચારૂશીલાના વીવેક અને તાત્પર્યવાળાં વચનો શ્રવણ કરી, તેમ કરવા સંમતિ આપી, અને પશ્ચાત બન્ને સ્ત્રી પુરૂષ આ સંસારમાં ચતુર્વિધ પુરૂષાર્થની સિદ્ધિકરી પરમાનંદની પ્રાપ્તી કરવી એમ શુધ સ્વરૂપ સદ્દગુરૂ પરમાત્માની સત્ય અને દ્દઢ સંકલ્પપૂર્વક ભાવનાને નિરંતર કરવા લાગ્યાં.

આટલું કહી સિદ્ધેશ્વરાચાર્ય પોતાનો સમય વિતિ જવાથી

કથા બંધકરી પોતાના શૈયાસનના ઓરડામાં વિદાય થઇ ગયા અને રાજા પણ પોતાને સ્થાને ગયો.

મુનિવર્યસૂતમા કહે છે "હે પ્રહર્ષ, માટે જેવી ભાવના તેવી સિદ્ધિ, એ વચનને અનુભવપૂર્વક સત્ય માની હમેશાં ગમે તેવી દુ:ખી સ્થિતી પ્રાપ્ત હોય છતાં ઉચ્ચ ભાવનાઓનું સેવન કરજે. હે તાત્ ગૃહસ્થાશ્રમ એજ સંસાર છે. સંસાર છે ત્યાંજ સૂખ દુ:ખ છે, સુખ દુ:ખ છે ત્યાંજ સત્ય વસ્તુનો અનુભવ છે, સત્ય વસ્તુનો અનુભવ છે ત્યાંજ વાસ્તવિક સત્યસ્વરૂપ પરમાત્મતત્વનું જ્ઞાન છે, અને જ્યાં તે પરમાત્મતત્વનું જ્ઞાનછે ત્યાંજ અવિચળ સુખની પ્રાપ્તિ છે. ત્યાંજ જીવનમુક્તિ છે. ત્યાંજ જીવનની સાફલ્યતા છે. અને સર્વસ્વ મનુષ્યનુ પરમ હિતકારીતત્વ, ત્યાંજ રહેલું છે. માટે હે બેટા શુદ્ધ ભાવનાજ નિરંતર કરવી એજ પ્રાણીનું કર્તવ્ય છે. હવે સિદ્ધેશ્વરાચાર્ય તે ભાનુદેવનું આગળ જે વૃતાંત શુભ્રકેતુને શ્રવણ કરાવ્યું તે હું તને કાલે કહીશ માટે આજે આસને જઈ સૂખ પૂર્વક નિદ્રાને પ્રાપ્ત થા ? એમ કહી મુનિ પોતાના આસને પધારી ગયા, અને પ્રહર્ષ પોતાને ઠેકાણે જઈ સુઈ રહ્યો.

प्रकरण ३ जुं.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात्
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः

(श्री भ. भ. गी. अ ३.)

હે અર્જુન પરાયો ધર્મ ગમે તેટલો સારો હોય અને તેને અનેક સત્પુરૂષો પાળતા હોય છતા સ્વધર્મ ગુણ રહિત હોય તોપણ પરધર્મ કરતાં ઘણો શ્રેષ્ઠ છે એમ માની તેનું પાલન કરવું એજ ઉચીત છે સ્વધર્મ પાલન કરવામાં મરણ કદાચ નીપજે તો તે બેહેતર છે પણ પરધર્મનો અંગીકાર ન કરવો કારણ કે તે ભયદાતા છે. અને સ્વધર્મ અભયને આપનાર છે.

—તરંગ ૧ લો—

—સ્વધર્મજ શ્રેય છે—

બીજે દીવસે પોતાના નિત્યકર્મમાંથી પરવાર્યા બાદ મુનિ વર્ચસૂતમા પોતાના શિષ્યમંડળને સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિએ શીવપુરના રાજા શુભ્રકેતુ પ્રતિ ભાનુદેવનું આગળનું વૃતાંત કહી સંભળાવ્યું તે શ્રવણ કરાવા અર્થે પોતાના હમેશના કથા કહેવાના આસન ઉપર આવી બિરાજ્યા, એટલે પ્રહર્ષસહિત સર્વ શિષ્યમંડળે સપ્રેમ સાષ્ટાંગ દંડવત સહ જયગુરૂ અભિવંદન કર્યું. પશ્ચાત થોડી વાર સંયમ કરી, ઇષ્ટ સ્મરણપુર્વક મંગલાચરણ કરી, નિત્ય-નિયમાનુસાર નીચે પ્રમાણે મુનિએ કથાનો આરંભ કર્યો.

મુનિવર્ચસૂતમા કહે છે " હે પ્રહર્ષ પશ્ચાત બીજે દીવસે પોતાના નિત્યનિયમ પ્રમાણે સિદ્ધેશ્વરાચાર્ય તે ભાનુદેવનું વૃ-ત્તાંત કહેવા, પોતાના હમેશના સિંહાસન ઉપર બિરાજ્યા, અને રાજારાણી પણ આવી નિત્યનિયમ પ્રમાણે વંદન કરી પોત પોતાને આસને શ્રવણ કરવા બેઠા એટલે થોડીક ક્ષણ થોભી

તરતજ તે તપસ્વિએ, વૃત્તાંત કહેવાનું શરૂ કર્યું, અને નીચે પ્રમાણે રાજા શુભકેતુ પ્રતિ કહેવા લાગ્યા.

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે " હે રાજન્, પશ્ચાત્ ભાનુદેવ અને તેની સતિ સ્ત્રી ચારૂશીલા એવી નિર્ધન અને દરિદ્રાવસ્થામાં છતાં પોતાના સ્વધર્મનું રૂડીરીતે પાલન કરતાં હતાં. તેઓ જાણતાં હતાં કે 'સ્વધર્મથીજ શ્રેય છે, સ્વધર્મનું પાલન કરતાં દુઃખ તો શું પણ પ્રાણ જાય તો હરકત નથી. આવા અસહ્ય દુઃખની અંદર મનુષ્ય સાચા ટેકથી સ્વધર્મને સેવે છે તો તેનામાં શમદમાદિ ગુણો પ્રકટે છે; અને શમદમાદિ ગુણો પ્રકટ થવાથીજ જ્ઞાનની વૃદ્ધિ થાય છે; એમ જ્ઞાનની વૃદ્ધિ થતાં પરિણામે પરમપદને તે પ્રાણી પ્રાપ્ત કરે છે; માટે સ્વધર્મનું, સદાચારનું વાસ્તવિક રીતે પ્રાણીએ સુખમાં ને દુઃખમાં અવશ્ય રૂડી રીતે પાલન કરવું ઘટે છે. માતપિતા, સદગુરૂ અને વડીલ પુરૂષોના વચનોમાં શ્રદ્ધા રાખી રૂડી રીતે તેનું પાલન કરવું એજ મનુષ્ય માત્રની ફરજ છે. એજ તેનો સ્વધર્મ છે. એજ તેનો સદાચાર અને સુવિચાર છે. ભાનુદેવ એક દીવસ પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો. 'હે સહધર્મચારિણી જો આપણો આવી કંગાલ દશામાં અંત આવશે તોપણ આપણે સ્વધર્મનું પાલન કરી સંતોષથી મરીશું. જગતમાં સ્વધર્માચર્ણી અને ગૃહસ્થાશ્રમના ધર્મોને યથાર્થ રીતે પાલન કરનારાને અંતે સદ્ગતિ પ્રાપ્ત થયા વગર રહેતી નથી. માટે આપણી ઉચ્ચ ભાવના આ ભવે ફલ નહિં આપે તો આવતે જન્મે આપશે. હે સ્ત્રિ, માટે ઉચ્ચભાવનાપૂર્વક આપણે આપણા સ્વધર્મનું અને વર્ણાશ્રમનું નિરંતર રૂડે પ્રકારે પાલન કરવું એજ આપણું કર્તવ્ય છે. એજ આપણો ધર્મ છે. હે સ્ત્રિ, બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણોને તથા બ્રહ્મચર્ય ગહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસ એ ચાર આશ્રમોવાળા સ્ત્રી પુરૂષોને ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરૂષાર્થની સિદ્ધી ધર્મવડે કરીનેજ પ્રાપ્ત થાય છે. તે ધર્મ પ્રાણીને પુરૂષાર્થના સાધનો

પણ મેળવી આપે છે. અત્યંત કઠીનમાં કઠીન કાર્ય પણ ધર્મ પાર ઉતારે છે. માટે હે સાધવિ, આપણો સ્વધર્મ છે તેજ સર્વ સુખને આપનાર છે. સ્વધર્મ એ સમગ્ર જગતની પાલક સત્તા છે. સ્વધર્મએ તો વિશ્વની પરમ સાત્વીક મુર્તિરૂપ છે. પ્રાણીથી જાણમાં કિંવા અજાણમાં થએલાં પાપ કર્મોનો નાશ પણ ધર્મથીજ થાય છે. માટે હે અર્ધાંગે, સ્વધર્મ એજ પ્રાણીના શ્રેયનો હેતુ છે. વળી હે સ્રી, ધર્મ એ એક પરમાત્માનો સાક્ષાત્કાર કરવાઅર્થે ચાર પાયાવાળી ઉતમ બાજઠરૂપ પ્રાણીનું આસન છે, તે ચાર પાયા સત્ય તપ, દયા અને દાન છે. જેમ બાજઠ ચાર પાયા વગર પૃથ્વીપર સ્થિતિ કરી શકતી નથી, તેવી રીતે સત્ય, તપ, દયા, અને દાન એ ચાર પાયાવગર ધર્મ ટકી શકતો નથી. માટે એ ચારે જ્યાં દ્દઢતા પૂર્વક નિવાસ કરી રહેલાં હોય છે ત્યાંજ ધર્મ રહી શકે છે. એ ચાર પાદવાળો ધર્મ, વર્ણ, આશ્રમ તથા અવસ્થા એ ત્રણની અપેક્ષા વિના સિદ્ધ થઈ શકતો નથી. માટે તે ધર્મને સિદ્ધ કરવા માટે સ્વવર્ણાશ્રમ ધર્મનું રૂડી રીતે પાલન કરવું ઘટે છે. હે પવિત્ર રદયવાળી, તું ધૈર્ય રાખી સર્વ સુખ દુઃખ સહન કરી તારી દુઃખિ સ્થિતિથી ગભરાઇ જઇશ નહીં. જ્યાં સુધી આપણા આ લોકના કર્મો નાશ પામ્યા નથી, ત્યાં સુધી આપણે સંસારૂ ભોગવ્યા સિવાય છુટકો નથી. પુર્વ જન્મ જન્માંતરના ભોગવવા બાકી રહેલાં આપણા કર્મોના ફલ, ભોગવ્યાવીના આપણને મોક્ષ સંભવે નહિ. સંચિત કર્મ જ્યાં સુધી પ્રાણી પુરાં ભોગવતો નથી, અને તેનાં ફલ સાક્ષાત્ અનુભવતો નથી, ત્યાં સુધી પરમપદનો અધિકારી થઇ શકતો નથી, જે પ્રાણી સંસારના સુખ દુઃખો ભોગવતો છતાં, સર્વદા સ્વધર્મનુ પાલન કરી નિરંતર શુદ્ધ ક્રિયાઓને કરે છે, અને જે મન વાણી તથા શરીરવડે શુદ્ધ ક્રીયમાણ કરવાજ સદા તત્પર રહે છે, તેજ શ્રીહરિના પરમધામની પ્રાપ્તિ કરે છે. સંસારસાગરથી પાર ઉતરે છે. પુનઃ સંસારમાં જન્મમરણ અર્થે તે સરજાતો નથી.

હે સુસ્ત્રી, જે સ્ત્રી કિંવા પુરૂષ સંસારને ભોગવતાં છતાં પોતાને શ્રી સદ્‌ગુરૂદ્વારા કિંવા સત્શાસ્ત્રોદ્વારા જે પ્રકારે સ્વસ્વરૂપનું લક્ષ મળ્યું હોય, તે લક્ષથી પોતાના સ્વધર્મનું પાલન કરી, સ્વસ્વરૂપનું વિસ્મરણ યત્કીંચિત પણ કરતાં નથી, તેજ પુરૂષ યા સ્ત્રિ પરીણામે ચતુર્વિધ પુરૂષાર્થની સિદ્ધિદ્વારા, પરમાત્માનો સાક્ષાત્કાર કરી, તે શ્રીહરિના અનંત લીલામય બ્રહ્માનંદના પરમ ધામમાં રહેવાના વાસ્તવિક અધીકારી થાય છે. હે સુરદયે, ' સ્વધર્મે નિધનંશ્રેયઃ ' સ્વધર્મનું પાલન કરતાં મરણ નીપજે તો બ્હેતર છે. આપણે જો કે અન્નવિના બબ્બે દીવસના ઉપવાસ વેઠીએ છીએ છતાં, આપણે આપણા નિત્યકર્મમાં અને શ્રીસદ્‌ગુરૂ પરમાત્માના પુજન યજનમાં એક લેશ પણ ચુકતાં નથી, જેથી આપણી દુઃખી અવસ્થા આપણા અંતરમાં બ્રહ્માનંદનું સૂખ હોવાથી જરી પણ લાગતી નથી. ઉલટી તેથી ઉતરોત્તર ઇષ્ટસ્મરણમાં વૃદ્ધિ થાય છે. એટલે આ દરિદ્રાવસ્થાનું દુઃખ તે આપણા હિત માટેજ છે એ તું નિશ્ચયપૂર્વક જાણ ? સ્વધર્મના પાલનથીજ તે દુઃખ દૂર થશે અને સ્વધર્મથીજ અવિચળ સૂખની પ્રાપ્તિ થશે. સ્વધર્મનુ પાલન તે એક કલ્પવૃક્ષ છે. સ્વધર્માચર્ણથી કરેલા સર્વ કાર્યો પરીણામે શુભફલ આપનાર છે. સ્વધર્મજ પરીણામે પ્રાણીનો જય કરે છે. ''

ઉપર પ્રમાણે ભાનુદેવ બે દીવસનો ઉપવાસિ છતાં, પોત્તાની સ્ત્રીને શાંતિ અને પ્રસન્નતાપૂર્વક સદુપદેશ આપી રહ્યો છે, તે ટલામાં ગુરૂ દિગંબર સ્વામિ, તેનો ગૃહસ્થાશ્રમ જોવાની ખાતર તેને ઘેર પધાર્યા. તે શિષ્ય સુમુક્ષુદંપતિએ સપ્રેમ અતિ માનપૂર્વક વધાવી લઇ, સાષ્ટાંગ કર્યા અને યોગ્ય ઉંચું આસન આપી બેસાર્યા; પશ્ચાત ભાનુદેવ બે હાથ જોડી વિનયપૂર્વક નીચે પ્રમાણે કહેવા લાગ્યો.

ભાનુદેવ કહે છે " હે ગુરો, ઉગ્રસેનને શિષ્ય કરી, ગુરૂપદે અધિકાર વગર હું બેઠો, અને આપની પેઠે મોટો મહંત થવા ગયો, તેમજ દ્રવ્ય અનગળ મારે હાથે યજ્ઞાદિકમાં ખરચ

કરી દેશપરદેશમાં મારી મહત્વતા વધવાની કિર્તિનો લોભી થયો, તેથી મારી વૃત્તિ અભિમાની અને અવિહિત બની જઇ વિષયસૂખને નિરંતર પ્રાધાન્ય માની ભોગવવા લાગી; અને કેટલોક કાળ એ પ્રમાણે વિષયજન્ય સૂખોને ભોગવી પરિણામે આવી નિર્ધન અને દારિદ્રાવસ્થાની દુઃખી જીંદગી મને પ્રાપ્ત થઇ છે. માટે હે ભગવન્ ત્રાહીમામ્ ત્રાહીમામ્ મને ક્ષમા કરો, અવળે માર્ગે ચડી દુષિત થતી મારી વૃત્તિને શુદ્ધ બનાવી તેને સુખનું ભાન કરાવો. સર્વ વ્યહ્વારને સધાવો અને અંતે સદગતિને અપાવો? અમોને આ દરિદ્રાવસ્થા ટાળવાનું માત્ર સ્વધર્માચરણરૂપ સાધન, જે આપની કૃપાદ્વારા અમોને પ્રાપ્ત છે તેનું નિયમીત પણે યથાશક્તિ પાલન કરી કાલ વ્યતિત કરીએ છીએ. આ અમારી દુઃખી અવસ્થા ટાળવાનું સાધન, માત્ર આપની આજ્ઞાનું પાલન, જેને બીજી રીતે સ્વધર્મ કહીએ તે છે અને તે રૂડી રીતે પાળવામાં આપ કૃપાળુ અમને ઉભયને નિરંતર સ્હાય કરવા કૃપા કરજો એ આ શીશુની નમ્ર યાચના છે. ”

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે ‘ હે રાજન, આવી ભાનુદેવની દીન અને નમ્રતા ભરેલી વાણી સાંભળી, કૃપાના સાગર એવા તેના સદગુરૂ દિગંબર સ્વામિ કહેવા લાગ્યા ‘ હે મુમુક્ષુ દંપતિ જ્યાં સુધી તમે સ્વધર્મનું રૂડી રીતે પાલન કરો છો, ત્યાં સુધી તમારી રેહેણીકરણી દુષિત ગણાવા યોગ્ય નથી. છતાં પણ જે જે કારણોથી તમારી ઉભયની આવી કરૂણાપાત્ર દુઃખી દશા થઇ છે, તે તે કારણો તમને હવે સત્ય ભાસ્યાં છે એમ જણાય છે. હે ભાનુદેવ તારૂં માનવું સત્ય છે. જો ઉગ્રસેન પાસે એવી સેવા કરાવ્યા વગર તારી જાતે કષ્ટ વેઠી બધી ઉપાધી કરવા રૂપ મારા વચનને પાળવા તેં પ્રયત્ન કર્યો હોત, તો ઠીક આવી માઠી સ્થીતિને તું અત્યારે ભોગવતો નહુત; એટલોજ તું તારા સ્વધર્મનું પાલન કરતાં ચુક્યો, અને તેથી આ સ્થીતિ તને થોડોક સમય સુધી પ્રાપ્ત થઇ છે. હવે તે સમયની આજથી અવધિ આવી ગઇછે. કારણકે તેનું ફલ જેટલો કાળ ભોગવવું નિર્માણ હતું, તેટલું તે

ભોગવ્યું છે. જેથી આ દુઃખને અંતે તને સુખ પ્રાપ્ત થશે એ તું નિસંશય જાણ ? હે બેટા, પુત્રે માતપિતાના, શિષ્યે ગુરૂના, પત્નિએ પતિના, અને પ્રાણીમાત્રે સત્પુરૂષો અને સત્શાઓના વચનોમાં સંપુર્ણ શ્રદ્ધા રાખી તેનું યથાસ્થિત પાલન કરવું ઘટે છે, અને તે વચનો સંપુર્ણ રીતે પાળવાથીજ અલક્ષ્ય વસ્તુ પ્રાપ્ત થાય છે. સર્વ અર્થ સિદ્ધ થાય છે. હે મુમુક્ષુ દંપતિ, મુનિ માર્કન્ડેય, માતપિતાના વચનોમાં શ્રદ્ધા રાખી, તે વચનોનું યથાર્થ રીતે પાલન કરવાથી, ચિરાયુ પામ્યા અને પોતાનો મનોરથ સીદ્ધ કર્યો તે વૃતાંતને કહું તે શ્રવણ કર ?

—મુનિ માર્કન્ડેય—

હે વત્સ, પૂર્વે વિશ્વપુરી નામની નગરીમાં એક પદ્મદેવ નામનો વિપ્ર વસતો હતો. તેને એક ધુરંધરિ નામની પતિવૃત્તા સાધવિ સ્ત્રી હતી. હે પ્રહર્ષ, તે વિપ્રદંપતિ પવિત્ર સ્વધર્માચરણી અને નિતિજ્ઞ હતાં, તેથી રૂડે પ્રકારે પોતાના ગૃહસ્થાશ્રમનું પાલન કરતાં હતાં. આ દંપતિનું વય ૪૫ વર્ષ ઉપરાંત થવા આવ્યું હતું, પણ તેમને પ્રજાનું સૂખ લેશ પણ નહતું. તેથી ધુરંધરિ નિરંતર પોતાના સ્વામિ પ્રત્યે, પ્રજાઅર્થે શોકોદ્ગાર કહાડયા કરતી હતી; આ શોકોદ્ગારોના પ્રત્યુત્તરમાં તે પવિત્ર બ્રાહ્મણ તેને વારંવાર કહ્યાં કરતો હતો કે " જો અત્યાર સુધીમાં આપણે શ્રીસદાશીવશંકરભગવાનની યથાર્થ રીતે સેવા કરી હશે, તો એકાદ ફળ આપણી હયાતીમાં આપણુને તે જરૂર આપશે એવી તું શ્રદ્ધા રાખ ? મહાદેવજી સૌ સારાંવાનાં કરશે. " આ વચન સાંભળી તે ધુરંધરિ પ્રત્યેક વખતે વિરામ પામતી. એક દિવસના સમાયોગે તે ભાવના રૂપ શ્રદ્ધાનું સતત સેવન કરવાથી રાત્રિએ શંકરે પ્રસન્ન થઈ તે પદ્મદેવને સ્વપ્ન આપ્યું અને કહ્યું " કે જા તને એક પુત્ર થશે; અને તે મારી ઇચ્છાના સોળ વરસ જીવશે. " આ વાત બીજે દીવસે પ્રાતઃકાળમાં પદ્મદેવે પોતાની સ્ત્રિને કહી, તે સ્ત્રિ આ વાત સાંભળી અત્યંત પ્રસન્ન થઇ પણ પાછી વિચાર કરી પોતાના સ્વામિ પ્રત્યે

કહેવા લાગી કે “ હે સ્વામિન્, મહાદેવજીનું વચન કોઇ કાળે મિથ્યા થવાનું નથી, એ વાતમાં તો મને પુર્ણ શ્રદ્ધા છે; પણ મને ૪૫ વર્ષ થયાં, રૂતુનો પણ અભાવ થઇ ગયો છે તો પછી ગર્ભ રહેવાનો સંભવ કયાં રહ્યો ? ” આ સાંભળી પદ્મદેવ કહે છે. “ હે સહધર્મચારિણી, શ્રીશંકરની ઇચ્છા હશે તેમ થશે. આપણે તો તેમના વરદાનમાં પ્રિતિ અને પુર્ણ શ્રદ્ધા રાખવી એ આપણી ફરજ છે. માટે તું નિશ્ચિંત થઇ શ્રદ્ધાને રાખ ” આ વાત પછી એકાદ માસ વ્યતિત થયો એટલે ધુરંધરિને ગએલી રૂતુ પુનઃ પ્રાપ્ત થઈ. આ ચમત્કારથી શ્રી શંકર ભગવાનના વચનમાં બન્ને પતિપત્નિને અત્યંત શ્રદ્ધા વધી. પણ તે શંકરની ઈચ્છાના સોળ વર્ષ જીવશે એવૂં બીજું વચન હોવાથી પદ્મદેવના અંતરમાં ચિંતા થવા લાગી કે પુત્ર થશે પણ અલ્પ આયુષ્યનો એટલે માત્ર સોળ વર્ષજ જીવશે; માટે એ પુત્ર બે ત્રણ વરસનો થાય કે સત્વર તેને શંકર પુજનમાં જોડી દેવો, પછી શંકર ભગવાન, તેમની ઈચ્છાનુસાર તેને જીવાડે કિંવા આયુષ્ય આપે ? આવો નિશ્ચય કરી શ્રી શંકર ભગવાનનો વરદાથી પુત્ર પ્રાપ્ત કરવાની તિવ્રઇચ્છાવાળા તે દંપતિએ શંકરનીજ આઠેપાહોર આરાધના કરવા માંડી. પશ્ચાત્ આ બન્નેની તિવ્ર ઈચ્છાના સંયોગવડે અમુક દિવસથી ધુરંધરિને પેટ ગર્ભ રહ્યો અને પુનઃ રૂતુ બંધ થઇ ગઇ. શ્રીમદ્ શંકર ભગવાને પોતાના રૂદ્રના અંશ રૂપ, ઇશકોટિના ગર્ભને ધુરંધરિ દ્વારા જન્મ અપાવી તેની વિહિત પ્રેમલક્ષણાભક્તિનુ મહદ્ ફલ આપવા નિશ્ચય કર્યો હતો; જેથી નવ માસ સુધી પોષાઇ પશ્ચાત ગર્ભ પૂત્ર રૂપે પ્રકટ થયો. ધુરંધરિએ આત કષ્ટે તેને ઉછેરી મોટો કર્યો, અને તેનુ નામ માર્કન્ડેય રાખવામાં આવ્યું. જ્યાં બે વર્ષનો થયો એટલે તેને ખોળામાં લેઇ પદ્મદેવ પછી શંકરનુ પુજન, અર્ચન, ધ્યાન ઇત્યાદિમાં દીવસ અને રાત્રિનો સઘળો સમય ગુજારવા લાગ્યો; અને ધૂરંધરિ તો ઘરકામથી પરવાર્યા બાદ નિવૃત્તિનો સમય શંકર

પુજનમાં પ્રવૃત થએલા પોતાના સ્વામિ સમીપ જઈ મર્યાદા પૂર્વક બેસી એકાગ્રચિત્તે પોતાને પતિદ્વારા પ્રાપ્ત થએલા શ્રી શંકરના વિહિત જાપ જપ્યા કરવાનો અભ્યાસ કરવા લાગી. આમ કરતાં કરતાં માર્કન્ડેય પાંચ વર્ષના થયા એટલે પુજન વિધિ, ષટકર્મ વેદોપાસના પ્રાણાયામ ષટશાસ્ત્ર અને ચતુર્વેદ સંપન્ન થયા હતા. અને એક તત્વવિદ બાળ બ્રહ્મચારિ બલ્કે શ્રી શંકરરૂપ બની રહ્યા હતા. સર્વ વિદ્યા સરળતાથી શીખી ગયા હતા. તેથી સતત તેઓ પણ વિશ્વપુરી નગરીની બહાર એક વિશાળ આંબાવાડીયામાં એક પવિત્ર અને એકાંત સ્થળે સુંદર શિવાલય હતું. ત્યાં બ્રાહ્મમુહુર્તે ઉઠી શૌચ સ્નાદિકથી પરવારી ગંગાએ ફરી સ્નાન કરી આવી, પશ્ચાત શ્રી શંકર ભગવાની એકાગ્રચિત્તે પ્રેમપૂર્વક સેવા કરતા હતા. કોઇપણ અભ્યાગત, વિપ્ર, દેવર્ષિ મહર્ષિ કે છ દર્શન પૈકીનો કોઇપણ ભેખ રસ્તે સામો મળે કિંવા આશ્રમે આવે વા તેનાપ્રતિ પોતાનુ જવાનું થાય, ત્યારે ત્યારે સત્વર તે તે પ્રત્યેકને લાંબા થઇ સાષ્ટાંગ દંડવત્ પૂર્વક અભિવંદન કરવું ' એવી તેમના પિતાની આજ્ઞા હોવાથી, પ્રાતઃકાળે અને સાયંકાળે જ્યારે જ્યારે પુજનઅર્થે શિવાલયે જવા સારૂ નીકળતા ત્યારે ત્યારે જેજે ભેખ મળે તેને સાષ્ટાંગ દંડવત સહ અભિવંદન કરતા કરતા જતા હતા. આથી આખી વિશ્વપુરીમાં માર્કન્ડેય અતિ નમ્ર અને સત્યવાદિ તેમજ ' सर्व मेलं नमस्कारं ' એ સદગુરૂ અને સત્શાસ્ત્રોના વચનનો પુર્ણ રીતે અમલ કરનારા હતા. માતાપિતા અને શ્રી ગુરૂના વચનને બરાબર કૃતિમાં મુકનારા ગણાતા હતા. તેમનું નામ આખી વિશ્વપુરીમાં આબાલવૃદ્ધને જાણીતું હતું અને વિશ્વપુરીનો રાજા પણ તેમની આરૂઢ શંકર ભક્તિથી અતિ પ્રસન્ન થયો હતો. આથી પૂજન સામગ્રી, ધુપ, દીપ નૈવેદ્ય ઈત્યાદિ રાજ્યગૃહમાંથી તેમને મળતું હતું તે ઉપરાંત તેમના પિતા પદ્મદેવને દરરોજ ત્રણ પાકાં સિધાં અને દક્ષિણામાં ત્રણ સુવર્ણ મહોરો પ્રાતઃકાળમાં

પ્રાપ્ત થાય એવો તાંબાપત્રના લેખઉપર રાજ તરફથી ઠરાવ કરી આપ્યો હતો. આથી પદ્મદેવને અન્ન યા દ્રવ્યાદિ પદાર્થોની ન્યુનતા ન હતી, પણ માત્ર તેના પુત્ર માર્કન્ડેયનું આયુષ્ય દીર્ઘ થાય તેનીજ માત્ર અંતરમાં ઉંડી વાંચ્છના રહી હતી. અને તેથીજ સર્વ ધર્મ, કર્મ, તપ, તિર્થ, વૃત ઇત્યાદિ કરીને, શ્રી શંકર ભગવાનને નિરંતર પ્રસન્ન રાખવા પ્રયત્ન સેવતો હતો. આમ કરતાં કરતાં માર્કન્ડેય દશ વર્ષના થયા અને તેમના આયુષ્ય માટેની માતા પિતાની ચિંતા વધવા લાગી. કોઇ પણ પ્રાણી અગ્નિની જ્વાલામાં પડવાથી બળ્યાવિના રહેતુંજ નથી, તેમ કોઈ પણ મનુષ્ય ચિંતાગ્રસ્ત રહેવાથી કૃષ થયા વગર રહેતુંજ નથી. આ સ્વાભાવિક નિયમથી પદ્મદેવ તથા તેની સ્ત્રી ધુરંધરિ, શરીરે કૃષ થવા લાગ્યાં; અને વારંવાર ચિંતાથી નિર્બળ થએલા હોવાથી શરીરમાં રોગોએ પ્રવેશ કરવા માંડયો, તેથી તેઓ પ્રવેશેલા રોગોથી પીડાવા લાગ્યાં. આમ છતાં અદ્યાપિ પર્યંત માર્કન્ડેયને તેમણે ક્રિયા મુળ કારણથી એ બધું બને છે તે વાત કહી ન હતી. તેથી માર્કન્ડેય એમ જાણતા કે "મારા માતપિતાએ હવે વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કર્યો છે, તેથી ઘડપણને લીધે કૃષ થયા છે અને રોગો પીડે છે. હશે! જેવી શંકરની મરજી" આ પ્રકારના વિચારથી મનનું સમાધાન કરી, પોતાના ઇષ્ટ શ્રીસદાશિવના પૂજન યજનમાંજ સદા સર્વદા પ્રવૃત્ત રહેવા લાગ્યા. આમ કરતાં કરતાં તેમને બાર વર્ષ પુરા થઇ તેરમું વર્ષ બેસવાનો દિવસ આવ્યો. તે દિવસે દહીં ઇત્યાદિથી પોતાની માતાએ ચોળી નવરાવી, આખા શરીરે રૂદ્રાક્ષ ધારણ કરાવી કહ્યું કે "બેટા જાઓ હવે જઇ આપણા ઈષ્ટશ્રી શાંબહરસદાશિવ શંકર ભગવાનનું પ્રેમથી ઉગ્ર તપ કરો, અને દીર્ઘાયુષને, પ્રાપ્ત કરો?

મુનિ વર્ચસ્વતમા કહે છે, હે બેટા પ્રહર્ષ, પશ્ચાત દીગંબર સ્વામી ભાનુદેવને કહે છે કે આ પ્રકારના માતુશ્રીના વચનો સાંભળી માર્કન્ડેય પોતાની માતાને કહેવા લા-

ગયા, " હે માતુ, કેમ એમ કહો છો. મારે દીર્ઘાયુષ પ્રાપ્ત કરવા સારૂ શંકરનું ઉગ્રતપ કરવાનું શું કારણ છે તે કૃપા કરીને કહો ? " ધુરંધરિએ કહ્યું, " બેટા, તેનું કારણ કે શંકરનું તારા પિતાને વચન થયું છે કે " આ તને એક પૂત્ર થશે અને તે મારી ઇચ્છાના સોળ વરસ જીવશે. " માટે તારૂં સોળજ વર્ષનું અલ્પ આયુષ હોવાથી, તને દીર્ઘાયુષ પ્રાપ્ત થાય અને અમે તને મુકી સ્વધામ જઇએ, એજ માત્ર તારા પિતાની અને મારી અંતિમ જીજ્ઞાસા છે; અને તેથીજ તને શ્રી શંકરભક્તિમાં બાળપણથી પ્રવૃત્ત કર્યો છે. માટે અમારા બન્નેની આજ્ઞા માની તું જઈ શ્રી શંકરનું વિશુદ્ધ પ્રેમથી આરાધન કર ".? માર્કન્ડેય આ સાંભળી પોતાની માતાને કહેવા લાગ્યા " હે માતા, દીર્ઘ આયુષ પ્રાપ્ત કરવાની ઇચ્છાએ, મારે અને તમારે શ્રી સદાશિવ મહેશની ઉપાસના કરવી તે સકામ ઉપાસના છે, એથી કાંઇ આ ભવસિંધુંથી તરી, જન્મમરણથી રહિત થવાતું નથી. કારણ કે સકામ કર્મ સર્વદા શ્રી સદ્ગુરૂ અને સત્શાસ્ત્રોએ દોષરૂપ ગણેલું છે. હે માતુશ્રી, તેને માટે બે સંતમહાત્મા પાસેથી મેં રસ્તે જતાં એક સિદ્ધાંત શ્રવણ કર્યો છે તે તને કહું તે શ્રવણ કર ?

માર્કન્ડેય પોતાની માતુશ્રીને કહે છે, " હે માતુ, એક દિવસે હું શિવાલયે જતો હતો, ત્યારે ત્યાં રસ્તામાં બે મહાત્માઓ બેઠા હતા, અને તેમની વચ્ચે પરસ્પરવાદ વિવાદ થતો હતો. એક મહાત્માએ કહ્યું, " જીવે મરતાં સુધી કર્મ કરવાં જોઇએ, કારણ કે તામ્રપાત્રને દરરોજ ઘસી માંજવામાં આવે તો, તે વિદ્યુતના જેવો પ્રકાશ આપે છે. તેવીજ રીતે અંતઃકરણરૂપ પાત્રને કર્મરૂપ માટીથી માંજવું પડે છે, ત્યારેજ અંતઃકરણ શુદ્ધ થાય છે. જીવને અંતરબહાર શુદ્ધિ કરવા અર્થે કર્મ કરવાં જરૂરનાં છે. " બીજા સંતે પ્રત્યુત્તરમાં કહ્યું, " અરે મહારાજ, સો ટચના સુવર્ણના બનેલા પાત્રને તે કદી માંજવું પડતું હશે. એતો સદા સર્વદા મંજાયલુંજ છે કારણ કે તેનો

પ્રકાશ તો નિરંતર હમેશાં જાજવલ્યમાન રહે છે. અને તે સદાય પ્રકાશ આપે છે. જેનું અંતઃકરણ આ જન્મના તેમજ પૂર્વ જન્મના અનેક શુભ સંસ્કારો વડે કેવલ શુદ્ધ થએલું છે, તેણે કર્મ કરવાની ઇચ્છા શા સારૂ રાખવી ઘટે. માટે નિત્ય કર્મ કરવાથી કશુંજ ફળ થતું નથી." આવાં બીજા મહાત્માનાં વચન સાંભળી પેહેલો મહાત્મા કહે છે, "નહિં, ફળ તો પ્રાપ્ત થાય છે જ, સુવર્ણપાત્ર કેવળ શુદ્ધ છે, તથાપિ હવાના અને આ સ્થુલ ભૌતિક તનુના સ્પર્શથી તેને મલિન રજકણો વળગે છે, અને તે મલિન રજકણોના કાલાંતરે થએલા સમુદાયના પટ અર્થાત આવરણથી તે કંચનપાત્ર મલીન બનવાનો સંભવ રહે છે, તેવીજ રીતે સંસારમાં જીવને અશુભ વાતાવરણ અને મલિન સંસ્કારોનો સ્પર્શ થવાથી, મલિનતા લાગવાનો વા અશુભ ફળ મળવાનો ભય રહે છે, એ નિઃસંશય છે. માટે ભય નિવારણાર્થે પણ કર્મ કરવું જરૂરનું છે. જન્મથી તે મર્ણ સુધીને માટે પ્રાણીએ કર્મ તો કરવાંજ જોઇએ. કારણ કે કર્મથી રહીત બહિરમુખ થએલો જીવ અધોગતિને પ્રાપ્ત થાય છે. એ શાસ્ત્રનું વચન છે." આ સાંભળી બીજા માહાત્માએ કહ્યું. "હે સાધો, તમારૂં કહેવું સત્ય છે, પણ જે પૂર્વના શુભકર્મવશાત્ શુદ્ધ અંતઃકરણ લઈને જન્મ પામેલો પ્રાણી છે, તેને તો જન્મથીજ જ્ઞાનનો આવીર્ભાવ થાય છે; તેને જ્ઞાનપ્રાપ્તીની જીજ્ઞાસા હોય છે; અને તે જીજ્ઞાસાને લીધે તેની જ્ઞાન મેળવવામાંજ નિરંતર પ્રવૃત્તિ થયા કરે છે. જ્યાં ત્યાં જ્ઞાનચર્ચા શ્રવણ કરે છે. જે-થી તેને મનનની ટેવ પડે છે. અને એમ મનન કરે છે તેથી તેને નિદિધ્યાસનની ટેવ પડે છે. એમ ક્રમપૂર્વક તે આદીથી તે અંત સુધી શાસ્ત્રેવીધાન કરેલી સર્વ ભૂમિકાઓ સાધ્ય કરે છે; અને પરીણામે નિજાનંદ પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. હે મહાત્મન્, હું એમ નથી કહેતો કે કર્મ કરવાનાં નથી, કર્મ કરવાનાં છે એ વાત સત્ય અને વાસ્તવિક છે, પણ સકામ કર્મના ભોગીને પણ કર્મના ફળના પરિત્યાગનો અર્થાત કર્મના

ફલની અસ્પૃહાનો આશ્રય કરવો પડે છે. કર્મફળ દુઃખરૂપ અને કેવળ અનિત્ય છે એવો ત્યારેજ પ્રાણીને પરીણામે અનુભવ થાય છે. ત્યારેજ તેને સત, ચિત્ અને આનંદસ્વરૂપ પરમાત્માના વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાનો અધીકાર પ્રાપ્ત થાય છે; તે અધિકાર પ્રાપ્ત થયા પછી જ તે તદરૂપ બને છે; પશ્ચાત તે અધીકારીને, કોઈપણ પ્રકારે મલિન રજકણો કે અશુભ વાતાવરણ સ્પર્શ કરી શકતાં નથી. કારણ કે તે અધિકારિ જળમાં કમળવત રહે છે. હે સાધો, એવા જ્ઞાનીનેજ કર્મની લેશ પણ જીજ્ઞાસા રહેતી નથી. માત્ર જે જીવો પરિપાક અવસ્થાને પ્રાપ્ત કરી, શુભ સંસ્કારવેષ્ઠિત થયા નથી. પણ અહંભાવથી કર્મનો પરિત્યાગ કરી બેઠા છે તેને માટે કર્મત્યાગ લેશ પણ ઉચિત નથી; તેમને તો કર્મત્યાગથી ઉલટી ચોરાશીની રેંટમાળ તૈયારજ છે." આ પ્રમાણેના તે બીજા મહાત્માના વાકયો, પ્રમાણ સિદ્ધાંતાનુસાર શ્રવણ કરી, તે પેહેલો મહાત્મા તેને નમી પડયો અને કહ્યું, મહાત્મન્, આપનું કહેવું સત્ય છે." માર્કન્ડેય કહે છે, "માટે હે માતા, મારા પૂર્વના શુભસંસ્કારોથી ઉદભવ્ પામેલી, મારી નિષ્કામ વિશુદ્ધ વૃત્તિને શા માટે સકામ બનાવું ? તો પણ શંકરની ઇચ્છાથી સોળ વર્ષ સુધી મારૂં જીવન છે તો તે ઈષ્ટની શી ઇચ્છા છે, તે જોવાની ખાતર તેમ જ આપ માતપિતાના વચનનું પાલન કરવાઅર્થે, આપની આજ્ઞાનુસાર હું શ્રી સદાશિવ ભગવાનનું તપ કરીશ. પછી ભાવી બલવાન છે."

મુનિ વર્ચસતમા પોતાના પરમપ્રિય શિષ્ય પ્રહર્ષને કહે છે, " હે વત્સ, પ્રશ્ચાત માર્કન્ડેય મુનિ.પોતાને:તેરમું વર્ષ બેઠું તેજ દિવસે અર્થાત તેમની તેરમા વર્ષની જન્મગાંઠને દિવસેજ પ્રાતઃકાળમાં, પોતાના માત પિતાની આજ્ઞાનું યથાર્થ રીતે પાલન કરવાના દૃઢ નિશ્ચયથી, અને શ્રી સદાશિવની તેમના આયુષ્ય સંબંધી નિર્માણ થએલી ઇચ્છાને જાણવાની જીજ્ઞાસાથી, માતપિતાને સવિનય સપ્રેમ સાષ્ટાંગ કરી, શિવનું ઉગ્રતપ કરવા માટે

શિવાલય તરફ ચાલતા થયા. ચાલતાં ચાલતાં વિશ્વપુરીના દરવાજા બહાર આવી પોહોચ્યા, એટલે આપણા બાળબ્રહ્મચારિ દેવર્ષિ નારદ તે રસ્તે થઇ વૈકુંઠમાં જતા હતા, તે માર્કન્ડેયને સામા મળ્યા, જ્યાં માર્કન્ડેયે તેમને જોયા કે તરતજ ઓળખી કાઢી તેમના ચરણમાં લાંબા થઇ સાષ્ટાંગ દંડવત કર્યા, અને પુનઃ પુનઃ પ્રેમથી દેવર્ષિના ચરણકમળ તેમના નેત્રોવીષે દાબી, દેવર્ષિના બન્ને પગ વચ્ચે માથુ મૂકી અભિવંદન કરવા લાગ્યા. નારદજી કે જે સાક્ષાત્ શ્રીકૃષ્ણપરમાત્માની પ્રેરક સત્તા છે તેમણે માર્કન્ડેયને ઓળખી એકદમ 'દીર્ઘાયુ ભવ' એવા આશીર્વચનથી બે હાથે ઉભા કર્યા, અને પોતાના હૃદય સાથે માર્કન્ડેયને દેવર્ષિએ ચાંપી, ફરિ આશિર્વચનની સાથે કેહેવા લાગ્યા, બેટા, માર્કન્ડેય, તમે મહા સમર્થ મુનિ છો, જાઓ હરીહર બન્ને તમારા ઉપર પ્રસન્ન છે જેથી પરીણામે તમારી જીજ્ઞાસા અને શંકરભક્તિ સફળ થશે. જાઓ હવે નિશ્ચિંત અને નિર્ભય થઇ પ્રસન્નતા પૂર્વક શ્રી સદાશિવનું અચલ તપ કરો. અંતે તમારો વિજય છે" આટલું કહી મુનિ માર્કન્ડેયના મસ્તક ઉપર દેવર્ષિ, પોતાનો જમણો હાથ મૂકી વૈકુંઠ તરફ પ્રયાણ કરવા માટે અંતરધ્યાન થઇ ગયા. મુનિ માર્કન્ડેય પ્રસન્ન થતા થતા હર્ષ અને ઉમંગભેર શિવાલયે આવી પોહોચ્યા, અને શંકર ભગવાનની અહોરાત્રિ અખંડ સમાધિ લગાવી, ઉગ્ર તપ કરવા લાગ્યા. રાત્રિ ઉપર દિવસ અને દિવસ ઉપર રાત્રિ એમ કાલ વ્યતિત થવા લાગ્યો. એમ કરતાં કરતાં ત્રણ વરસ થયાં. માર્કન્ડેયને પણ આ વખતે સોળમું વર્ષ બેસી ગયું હતું. માર્કન્ડેયે એવી તો સમાધિ લગાવી હતી કે શ્રી સદાશિવસ્વરૂપ બની ગયા હતા. તેમને દેહ જગત અને આ વિશ્વમાંના પ્રાણી પદાર્થો કે માતપિતા આદિનું યત્કીચિંત્ પણ આ વખતે ભાન રહ્યું ન હતું. ત્રિગુણાતિત નિર્વાણ પદે લીન થઈ ગયા હતા. જ્યોતિર્સ્વરૂપ અવિનાશી મહેશમાં અભિન્ન થઈ દઢાસનપૂર્વક સ્વરૂપાકાર થઇ રહ્યા હતા. નગરનાં નરનારીઓ, અને નરેશ વીગેરે તમામ તે શિવા-

હયે તેમના દર્શન કરવા આવતાં અને શંકરના પુજનની સાથે મુનિ માર્કન્ડેયનું પણ યથાવિધિ પૂજન કરતા હતાં. સોળવર્ષ પુરાં થવા આવ્યાં એટલે કાલસ્વરૂપ યમરાજ ભુલથી તેમના આયુષ્યની અવધિ જાણી, મહિષ ઉપર સ્વારિ કરી તે શિવલિંગ નજીક જ્યાં મુનિમાર્કન્ડેય પદ્માસન વાળી બેઠા છે, ત્યાં આવી ઉભો રહ્યો; અને બેઠેલા મુનિના કંઠમાં તેણે કાલપાશ સત્વર નાંખી દીધો. જ્યાં મુનિના ગળામાં કાલપાશ પડયો કે તરતજ મુનીના પ્રાણ આકર્ષાવા લાગ્યા. શંકરને ચિંતા થઇ કે હમણાં, આ મારા ભક્તના પ્રાણ કાઢી યમરાજ ચાલ્યો જશે, કારણ કે મારી ઇચ્છાથી લંબાએલી તેના આયુષ્યની અવધિને તે જાણતો નથી. તે વખતે તે શીવાલયમાંના શંકરનું લિંગ કે જેનુ માર્કન્ડેય પુજન આરાધન કરવા બેઠા હતા, તે સ્વયંભુ અને જ્યોતિર્મય ગણાતું હતું, અને અત્યંત ચમત્કારિક હતું. માર્કન્ડેય કાલપાશને લીધે પ્રાણનું આકર્ષણ થવાથી ગુંગળાઇ ગયા હતા, અને તેથી સમાધિમાંથી વ્યુત્થાન પામી, નેત્રો ઉઘાડવા પ્રયત્ન કરવા લાગ્યા. શંકરે વિચાર કર્યો કે "મારા ભક્તની સમાધી છુટી ગઇ, અને તેના પ્રાણ ગુંગળાય છે, માટે હવે મારા પ્રગટ થયા વગર આ યમરાજ પાછો વળશે નહીં; અને ભકતના પ્રાણ બચી શકશે નહિ, માટે સત્વર પ્રગટ થઇ તેને પાછો વાળી ભકતને અભય કરૂં." આ પ્રમાણે નિશ્ચય કરતાંની સાથે, ગલે રૂંડમાલ ધારણ કરી છે એવા, તથા જેના લલાટમાં ચંદ્ર બિરાજી રહ્યા છે તેવા ચંદ્રમૌલિ, કાલના પણ કાલ મહાકાલ સ્વરૂપ, ત્રિનયન સાક્ષાત શંકર ભગવાન, રૂદ્ર સ્વરૂપ ધારણ કરી ત્રિશૂળ સહ શીવલિંગના મધ્યમાંથી એકદમ કાલ સમીપ પ્રગટ થયા. એટલે મુનિમાર્કન્ડેયના પણ નેત્રો ઉઘડી ગયાં. અને તેમની દ્રષ્ટી સાક્ષાત શંકર ભગવાન ઉપર દ્રષ્ટિ પડી. દ્રષ્ટિ પડવાની સાથે શંકર ભગવાનને બે હાથે બાથ ભેરવી બાઝી પડયા. શંકર ભગવાને એક હાથ મુનિના શીરપર મુકી બીજે હાથે ત્રિશૂળ ઉગામી, મુનિના પ્રાણનું આકર્ષણ કરતા યમરાજને 'સમુર' શબ્દના હોકારા સાથે

અટકાવી કહેવા લાગ્યા. "હે યમરાજ, તું આ મારા ભક્ત માર્કન્ડેયના આયુષ્ય સંબંધી થયેલી મારી ઈચ્છાથી અજ્ઞાત છે; જેથી આવું અનુચિત કર્મ કરવા તત્પર થયો છે માટે સત્વર પાછો વળી તારે સ્થાને જા? તારા જેવા અસંખ્ય યમરાજ બદલાશે, કેટલાએ બ્રહ્મા અને કેટલાએ વિશ્નુ થઇ જશે, તેમજ મારા જેવા કેટલાએ રૂદ્ર બદલાશે તો પણ આ મુનિ માર્કન્ડેયનો સ્વેચ્છા સિવાય પ્રાણ લેનાર આ વિશ્વમાં કોઇ નથી, એ મારૂં તેને અભય વરદાન છે. માટે સત્વર તારે સ્થાને ચાલ્યો જા ? નહિંતર આ ત્રિશૂળ તારો ક્ષણમાં નાશ કરશે. " આ પ્રકારના શ્રી મહેશના વચનો સાંભળી, યમરાજના હાથમાંથી કાલપાશ છુટી ગયો અને બે હાથ જોડી સ્તબ્ધ બની શંકર સમીપ ઉભો રહ્યો અને કહેવા લાગ્યોઃ " હર ૐ સાંબહર ત્રાહીમામ્ ત્રાહીમામ્, હે શંભો, કદાચ મારાથી આ અવિહિત પગલું ભરાયું હોય તો ક્ષમા આપો. મારે ત્યાં કર્મના ચોપડામાં વિધિએ આ માર્કન્ડેય મુનિના આયુના, માત્ર સોળ વર્ષજ નોંધેલાં છે અને આજે સોળવર્ષ તેમનાં પુર્ણ થાય છે એથી કરીને તેમના પ્રાણ લેવા આવ્યો છું. વિધિના લેખ તો આપ પણ અને વિશ્નુરૂદ્રાદિ પણ પાછા ફેરવી શકતા નથી. પછી આપ ફેરવો તો ભલે, કારણ કે આપ સમથ જગતના લયના હેતુ તથા કાલના પણ કાલ મહાકાલ છો. હે ઉમાપતિ જેથી આપ મહાકાલસ્વરૂપ સર્વ વાતે સત્તાધીશ છો. વિધિના પણ લેખ એક ક્ષણમાં અન્યથા કરી શકવા કેવલ આપ આ વિશ્વમાં સમર્થ છો. " આ વચન સાંભળી, જેનો ક્ષણિક છે ક્રોધ એવા ભોળા, શંભૂ ખડખડ હસ્યા, અને નીચે પ્રમાણે યમરાજને કહેવા લાગ્યા.

શ્રી શંકર ભગવાન્ યમરાજને કહે છે, " હે યમરાજ, તેનું આયુષ્ય કેટલું છે તેની યથાસ્થિત તપાસ કર્યા વગર વિધિએ તેના કર્મના ચોપડામાં સોળ વરસનો આંક નોંધવા કહ્યું હશે અને તેથી તેવી ખોટી નોંધ થઇ હશે. માટે તારી ભૂલ નથી વિધિની ભૂલ છે. પણ હવે તે ભુલ સુધારવા-

ની ખાતર તને તેના આયુની અવધિનો આંક જણાવું છું. અને તે હીસાબે વિધિ પાસે ગણાવી બરાબર નોંધ રાખજે. જો ચાર હજાર સહસ્ર યુગ થાય ત્યારે બ્રહ્માનો એક દીવસ અને એવા ત્રણુસે સાઠ દીવસ થાય, ત્યારે વીશ્નુની એક ઘડી થાય, એમ તે ઘડીના હીસાબે પ્રહર, અને સાઠ પ્રહરના દીવસના હીસાબે ત્રણુસે સાઠ દીવસોનું એક વરસ, અને તેવા સો વરસોનું એક સંવત્સર, અને એવા શત સંવત્સર વિષ્નુના થાય ત્યારે મારી એક[1] ત્રુટી થાય છે. એવી સાઠ ત્રુટીની એક વિપળ, સાઠ વિપળની એક પળ અને સાઠ પળની એક ઘડી એમ હીસાબે ગણતાં ત્રણુસે અને સાઠ દીવસનું એક વર્ષ, તેવાં મારાં સોળ વર્ષ સુધી મારા પરમપ્રિય ભક્ત માર્કન્ડેય મુનિનું આયુષ્ય છે, અને તેનોજ અર્થ મારી ઈચ્છાના સોળ વર્ષ એવો કરેલો છે. માટે જા સત્વર જઇ વિધિને યથાર્થ હકીગત સમજાવી તેનીજ પાસે મેં ઉપર બતાવી તે ગણત્રી પ્રમાણે હીસાબ ગણાવી, મારા ભક્તની અવધિના આંકની નોંધ કર ? ” હે પ્રહર્ષ, આવાં શ્રી શંકરનાં વચન સાંભળી યમરાજ તો બીલકુલ દિગમૂઢ બની ગયો. અને પોતાનો કાલપાશ કાઢી નાંખી લજ્જીત થઇ પાછો ફર્યો; પશ્ચાત શ્રી સદાશિવ મુનિ માર્કન્ડેયના શિર્ષ ઉપર અભયવર્દ હસ્ત મુકિ નીચે પ્રમાણે બોલ્યા.

“ બેટા માર્કન્ડેય, ચિરંજીવ રહે; આજથી મારા સાક્ષાત્કારને પામી જન્મમરણથી તું મુક્ત છે ? મારા સ્વરૂપમય છે ? નિર્ભય છે ? મારા યુક્ત છે ? હવે તને કાલાદિ પણ તારા શરીરની અવધિએ તારી પાસે આવવા યત્કીંચિત્ પણ સમર્થ થનાર નથી. જો કે હું સદા તારી સમક્ષ છું છતાં શરીર પડવાની અવધિએ પણ સમક્ષજ રહીશ. અને તું મારા સ્વરૂપસ્થજ થઈશ એમ તું નિશ્ચે કરીને જાણ. વળી સર્વલોકમાં નારદજીની પેઠે વિચરી શકીશ. કૈલાસ, વૈકુંઠ ઈત્યાદિ સર્વ લોકો તારૂં પુજન કરશે, અને સર્વ રૂષિ દેવતા ઇત્યાદિમાં

[1] ત્રુટી—ચપટી.

પ્રમૂખ સ્થાનને પ્રાપ્ત કરીશ. બેટા, નિશ્ચિંતપણે અને નિર્ભય-તાથી પ્રસન્નતાપૂર્વક વિહિત વ્યહવારાદિ નિર્માણુ હશે તે સર્વ સધાશે. અને સર્વ સ્થળે સન્માન અને સૂકિર્તિ પ્રાપ્ત થશે. તેં મારી અનન્ય ભક્તિ કરી છે કરે છે ને કરીશ તેનું ફળ આટલાથીજ પ્રાપ્ત થયું ન ગણુતાં જ્યારે જ્યારે સ્મરણુ કે સત્વર તારી સમક્ષ આવી ઉભો રહી તારી મનોવાં-ચ્છના પુર્ણ કરીશ. હે માર્કન્ડેય, વળી તું મૃત્યુલોક ઈત્યાદિમાં સર્વ સ્થળે આજથી રૂષિ મુનિના નામે ઓળખાઈશ અને વેદ શાસ્ત્રોમાં પણ માર્કન્ડેય આયુષના આશીર્વાદાત્મક વચન લખવાનું અને બોલવાનું શરૂ થશે; વળી આયુષ શબ્દની પે-હેલાં જે તારૂ નામ લગાડશે અને પછી જો તે આશીર્વચન આપશે તો તેનું વચન ફલીભૂત થઇ આશીશ પ્રાપ્ત કરનારનુ આયુ અતિ દીર્ઘ બનશે એ પણ મા મારૂં વચન છે." આટલું કહી શ્રી શંકર ભગવાન અંતરધ્યાન થઇ ગયા. અને મુનિ માર્કન્ડેયના અંતરમાં માતપિતાની સ્ફૂરણા થઇ, કે તેઓને આ વાતની સર્વ ખબર આપી, તેમની જાગ્રત રહેલી ચિંતાને દુર કરૂં. જેથી તરત આરતી પૂષ્પાંજળી કરી શ્રી સદાશિવને અનેક સાષ્ટાંગ દંડવત કરી, શ્રી શંકર ભગવાનનો પ્રણુવ સહીત અંતરમાં જાપ કરતા કરતા ઘેર આવ્યા. ઘેર આવી જુએ છે તો માતપિતા બન્ને અતિશય માંદા અને છેલ્લા અવસાનની તૈયારી કરે તેવાં થઇ ગયાં હતાં; પણ પૂત્ર સોળ વર્ષ વિતાવી આવે અગર તે દરમ્યાન પૂત્રના ગત થવાની ખબર આવી ન પોહોચે ત્યાં સુધી પ્રાણુ છોડવો નહી એવો ઉભયનો દ્દઢ નિશ્ચય હોવાથી તેમનો પ્રાણાત્મા ખોળીયામાં ગૂંચાઇ રહ્યો હતો. જ્યાં મુનિ ઘરમાં પેઠા એટલે જેમ કેટલાક વખતથી ગાયને છુટું પડેલું તેનું વાછરડુ આવી મળે; જેમ ભૂલું પડેલું બાલક અચાનક તેની માતાને પ્રાપ્ત થાય અને તે જેમ ગાંડી ઘેલી થઈ તેને લાડ કરવા અને ચુંબન કરવા વાત્સલ્યભાવથી મચી પડે તેવીજ રીતે તે પ્રજ્ઞાનદેવ અને ધુરંધરિ બંન્ને ખાટલા વશ છતાં

એકદમ કોઇ નવિન શક્તિ શરીરમાં આવી હોય તેમ, એકદમ ખાટલામાંથી ઉઠી, સામા દોડી આવી માર્કન્ડેયને હૃદય સરસાં ચાંપવા લાગ્યાં; અને તેમની મા ધુરંધરિ તો ઉપરા ઉપરી ચુંબન કરવા મંડી પડી અને કહેવા લાગી, "ધન્ય છે બેટા ધન્ય છે, માતપિતાનું વચન યથાર્થ રીતે પાળ્યું ખરૂં; નહિં, નહિં, શ્રી શંકરની ભક્તિ કદી અફળ જાય જ નહિં. અને તેમની ઈચ્છાના સોળ વરસ એટલે તેમની ઈચ્છા આ ઉપરથી અગાધ જણાય છે એ પણ સ્પષ્ટ થયું. હે પૂત્ર, તને હવે સત્તરમું વરસ બેસી ગયું એટલે તેમની ઇચ્છા આ લોકના સોળ વર્ષ જીવાડવાની નથી એ આ ઉપરથી સિદ્ધ થયું."

મુનિ વર્ચસૂતમા કહે છે, "હે પ્રહર્ષ, પેલા સિદ્ધેશ્વરાચાર્ય, રાજા પ્રત્યે કહે છે. હે રાજન્, માતપિતા અને શ્રી સદગુરૂના વચનનું યથાર્થ રીતે પાલન કરનાર મુનિ માર્કન્ડેય, જેણે પોતાના ઉગ્રતપ વડે કરીને શ્રી શંકર ભગવાનનું અભય વરદાન પ્રાપ્ત કરયું છે તે સપ્રેમ અને શાંત ચિત્તે પોતાના માત પિતા પ્રતિ કહેવા લાગ્યા, "હે માતુશ્રી, શ્રી સાક્ષાત્શંકરભગવાને સોળમું વર્ષ પુર્ણ થયું કે તરતજ મારા આયુષ્યની અવધિનો હિસાબ કાલને જુદો ગણી બતાવ્યો અને અત્યંત પ્રસન્ન થઇ કાલને પાછો વાળી મારા માથે અભયવરદ હસ્ત મુકિ, કેટલાંક આશિર્વાદાત્મક વચનો કહી, અંતરધ્યાન થઇ ગયા. હે માતા ત્યારથી કોઇ અલૌકિક પુનરજન્મને જાણે હું પ્રાપ્ત થયો હોઉં તેવું મને લાગે છે." આ સાંભળી મુનિના પિતા પ્રજ્ઞાનદેવ વિસ્મય પામી કહેવા લાગ્યા "એમ કે, ત્યારે તો વત્સ, તે શંકર ભગવાને પ્રકટ થઇ તને દીર્ઘાયુ આપ્યું તે વાતનું વર્ણન અથથી તે ઇતિ સુધી મને શ્રવણ કરાવ, કે જેથી મારા સદાશિવ શ્રી સાંબ નિરંજન મહેશ ભગવાનના ચરણકમલમાં પુનઃ સાષ્ટાંગ કરી હું મારી જાતને કૃતકૃત્ય માનું." આ સાંભળી મુનિ માર્કન્ડેયે સર્વ વૃત્તાંત અથથી તે ઇતિસુધિ માત પિતાને કહી સંભળાવ્યું. એટલે તે બન્નેએ સત્વર પોતાના શરીર

છોડી દીધાં. મુનિ માર્કન્ડેયના માતપિતા ગુજર્યાના સમાચાર આખી વિશ્વપુરીમાં ફેલાયાથી, વિશ્વપુરીનો નરેશ અને રાજ્યના પુરોહિત વીગેરે અન્ય સર્વ વિપ્રો માર્કન્ડેય રૂષિને ત્યાં આવ્યા. બન્ને શબોને લેઇ જઇ મુનિએ યથાવિધિ અગ્નિદાહ કર્યો અને ઘેર આવ્યા. શ્રાદ્ધાદિ ક્રિયા પણ મુનિએ યથાવિધિકરી અને રાજાએ તેનો સઘળો ખર્ચ ઉઠાવી લીધો. મુનિ એકલા પડયા જેથી હવે તો બિલકુલ નિશ્ચિંત થઇ, શ્રી શંકરનું ભજન કરવા લાગ્યા. માર્કન્ડેય પુરાણ લખ્યું અને વર્ણાશ્રમ તથા ચતુર્થાશ્રમ સિદ્ધ કરી યુગાંતર થતાં કૈલાસમાં શ્રી સાક્ષાત શંકર ભગવાનની સંનિધમાં જઈ ચિરંજીવ રહ્યા.

દીગંબર સ્વામી કહે છે, હે પવિત્ર દંપતિ, માત પિતા અને શ્રી સદગુરૂના વચનનું સર્વથા પાલન કરનાર, પોતાની કાયાનું કલ્યાણ કરે છે; એટલુંજ નહિં પણ આ સમગ્ર જગતના પ્રાણી પદાર્થોના નિકટ પ્રસંગમાં આવીને કરવાના વ્યહુવાર અને પરમાર્થ ઉભયને સિદ્ધ કરી, પરિણામે જીવનમુક્ત બની, અવિચલ પદને પ્રાપ્ત કરે છે એનું નામજ સ્વધર્મ છે. એ સ્વધર્મનું પાલન કરવાથીજ શ્રેય છે. માટે સ્વધર્માચર્ણયુક્ત કર્ત્તવ્યને વિહિત માર્ગે સાધી કૃતકૃત્ય થવું, એજ મનુષ્યદેહની ફરજ છે એમ તમો ઉભય નિશ્ચે કરીને જાણજો. હે સુશિષ્યો, પૂર્વે ત્રણ મુખ્ય માર્ગો અને તે તે પ્રત્યેકના સ્વરૂપ તમને સ્ફુટ કરી સમજાવ્યાં છે તેને યથાર્થ રીતે લક્ષમાં રાખી નિરંતર તમારી શ્રદ્ધાને, વિશ્વાસને, નિશ્ચયને, ટેકને, દ્રઢતાને વૃદ્ધિ પમાડજો. કારણ કે પ્રયત્નરહિત કેવળ વાંચીને જાણનાર, યથાસ્થિત આનંદને પ્રાપ્ત કરી શકવા કેવળ અસમર્થ હોવો ઘટે છે માટે સંપૂર્ણ સુખની પ્રાપ્તી અને તમામ દુઃખની નિવૃત્તિ અર્થે, પુર્વોકત સાધનો સાધ્યા પછી, પરિણામે પ્રાપ્ત થનારૂ, શ્રી સદગુરૂ અને સત્શાસ્ત્રે પ્રતિપાદન કરેલું ફળ, કહેવામાત્ર છે એમ અંતરમાં લેશ પણ ધારશો નહિં. પણ ફળની પ્રાપ્તિ પર્યંત શ્રદ્ધાપૂર્વક પ્રત્યેક સાધનોનો અભ્યાસ રાખી પ્રયત્ન સેવજો.

આજે સમય ઘણો થયો છે માટે હવે જઈ નિવૃતિ લ્યો ? હું તમારા સ્થાને થોડા દિવસ રહી, તમારી સ્થીતિને સુધારી રૂડી રીતે ગૃહસ્થાશ્રમ તમારો ચાલતો જોઈ, પશ્ચાત મારે સ્થાને જઇશ. માટે નિશ્ચિંત અને પ્રસન્ન થજો." આ વચન શ્રવણ કરતાંજ બન્ને પતિપત્નિ રાજી થયાં, અને પોતાના માત પિતાનું ઘર રાચરચીલાથી ભર્યું ભાદર્યું હોવાથી, પોતાના સદગુરૂના નિવાસસ્થાન માટે પોતાના ઘરનો આગલો માળ સ્વચ્છ કરી ઇલાયદો તેમને સોંપી દીધો. પશ્ચાત તેમને પુજા માટે સિહાંસન, સુવા માટે પલંગ, પીવા માટે સ્વચ્છ ગંગાજળ ઈત્યાદિ સર્વ સાહિત્ય પણ ચારૂશીલાએ તૈયાર કરી દીધાં; ગાયનું દુધ કાઢી ગુરૂને પીવા માટે મુકયું. એટલે ગુરૂ માળબંધ કરી સંયમમાં સુખરૂપ બિરાજ્યા અને તે પવિત્ર દંપતિ પણ ઈષ્ટસ્મરણપૂર્વક રાત્રિ ઘણી વ્યતિત થવાથી સુઇ ગયાં. સિદ્ધેશ્વરાચાર્ય આટલું કહી ઉઠી ગયા અને રાજા પણ પોતાને સ્થળે ગયો.

હે પ્રહર્ષ, આજે આપણી કથાને પણ સમય ઘણો વીતી ગયો છે માટે જઇ નિરામય નિદ્રાને પ્રાપ્ત થા ? અને હું પણ સંયમપૂર્વક શયનજ કરીશ." આવાં વચન શ્રવણ કરી પ્રહર્ષ પોતાને આસને ગયો અને મુનિ પણ પોતાને ઠેકાણે ચાલતા થયા.

प्रकरण ४ थुं.

प्रजहाति यदाकामान् सर्वान्पार्थ मनोगतान्
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञ स्तदोच्यते;

(श्री भ. भ. गी. अ २.)

હે પાર્થ, જે પોતાના સ્વસ્વરૂપના ચિંતનમાંજ નિરંતર પ્રસન્ન રહે છે અને મનમાં રહેલી પ્રાપ્ત અને અપ્રાપ્ત વિષયજન્ય પદાર્થોની કામનાનો ત્યાગ કરે છે ત્યારેજ તે સ્થિતપ્રજ્ઞ અર્થાત સંસારમાં રહ્યા છતાં જીવનમુક્ત કહેવાય છે.

—તરંગ ૧ લો—

—માયાલુબ્ધ પ્રાણી સુકૃતનો નાશ કરે છે—

બીજે દીવસે સમય થતાં પ્રહર્ષસહ સહુ શિષ્યમંડળ વૃત્તાંત શ્રવણ કરવાઅર્થે આવી સદ્દગુરૂને સપ્રેમ સાષ્ટાંગ કરીને, મર્યાદાપૂર્વક પોત પોતાના સ્થાને બેસી ગયું, એટલે પ્રહર્ષને સંબોધીને સિદ્ધેશ્વરાચાર્યે શુભ્રકેતુ પ્રત્યે કથન કરેલા, ભાનુદેવ અને દીગંબર સ્વામિના આગળના વૃત્તાંતનો મુનિ વર્ચસૂતમાએ પ્રારંભ કર્યો; મુનિ કહે છે "હે પ્રહર્ષ પછી બીજે દીવસે સિદ્ધેશ્વરાચાર્યે તે ભાનુદેવનુ આગળનું વૃત્તાંત શુભ્રકેતુ રાજાપ્રતિ સમય થયો એટલે નીચે પ્રમાણે કેહેવાનું શરૂ કર્યું.

સીદ્ધેશ્વરાચાર્ય કહે છે. "હે રાજન, દીગંબર મુનિએ વીમળપુરીમાં ભાનુદેવને ત્યાં આવી નિવાસ કર્યો, તેના બીજા દીવસથી ભાનુદેવની દશા ફરવા લાગી. લોકો તરફથી રૂદ્રાભિષેક કરવાના ચંડીપાઠ કરવાના, તેમ બીજાં કર્મકાંડ કરવાના આમંત્રણો એક પછી એક ઉપરા છાપરી આવવા લાગ્યાં; અને ભાનુદેવ પણ તે તે પ્રમાણે પ્રવૃતિ કરી સંતોષ પૂર્વક દ્રવ્ય અને પાકા સીધાં દિન પ્રતિદીન પ્રાપ્ત કરવા લાગ્યો. હમેશાં દિવસે તે

પ્રાપ્ત પ્રવૃતિ કરી રાત્રિએ પત્નિસહ, પોતાના સદગુરૂના મુખે, સદુપદેશરૂપ વૃત્તાંતોના અનેક પ્રસંગો શ્રવણ કરવાની પ્રવૃતિને સેવતો હતો. એવી રીતે બન્ને પતિપત્નિ પોતાના સદગુરૂને, તન મન ધન અર્પણ કરી, શરીર મન તથા વાણીવડે નિરંતર દીનપ્રતિદિન અધીક સેવા કરવાં લાગ્યાં. એમ કરતાં કરતાં છમાસ વિતિ ગયા, અને ભાનુદેવ દરિદ્રી મટી શ્રીમાન બની પોતાનો ગૃહસ્થાશ્રમ સંપુર્ણ રીતે ચલાવતો થયો. સુકો રોટલોએ જે ન મળતો હતો તે દીવસ હવે અત્યારે તેના જતા રહ્યા હતા. હવે તો તે સંતોષપૂર્વક અને પ્રસન્નતાથી સર્વ કુટંબ સહીત દીવસમાં ત્રણવાર જમતો; અને તે ઉપરાંત સંતસાધુ અને ગરીબોને અન્ન દ્રવ્ય વસ્ત્ર ઈત્યાદી આપતો હતો. વિમળપુરીમાં, આ સમયે સર્વત્ર કર્મકાંડી સત્પુરૂષોમાં, તે પ્રમુખ અને વિદ્વાન ગણાવા લાગ્યોઃ ગુરૂસંનિધ રહી ગુરૂમહારાજની સંપૂર્ણ સેવા કરવાથી, આ પ્રકારના ચમત્કારિક ફલને અત્યારે તે પ્રાપ્ત થયો હતો; જેથી પોતાના સદગુરૂ એજ ઇશ્વર છે અને તેની સેવામાં તનમન અને ધન નિરંતર રાખવાં એ તેનુ કર્તવ્ય છે એવી દૃઢ શ્રદ્ધા પૂર્વક ઉત્તરોત્તર અધિક ગુરૂ સેવારૂપ પ્રયત્નને સેવતો હતો. એક દિવસ રાત્રિએ તે પોતાની સ્ત્રિ ચારૂશીલા સહીત, પોતાના સદગુરૂ દિગંબર સ્વામિ સમીપ કથા પ્રસંગ શ્રવણ કરવાઅર્થે, આવીને સાષ્ટાંગ દંડવત્ સહ જય ગુરૂ અભિવંદન કરી, પોતાના આસને બેઠો, એટલે દિગંબર સ્વામિ કેહેવા લાગ્યા “ હે મુમુક્ષુ દંપતિ, માયાલુબ્ધ પ્રાણી પોતાના સત્કર્મોનો નાશ કરે છેઃ એમ શત્શાસ્ત્રો અને સત્પુરૂષો કહે છે તે વાત લક્ષમાં રાખજો ? ઓહો, પરમાત્માની તમારા ઉપર કેટલી કૃપા છે તેનો જરા તમે વિચાર કરી જુઓ ? જુઓ એક ક્ષણ એવી પણ હતી કે સુકા રોટલાનો કકડો પણ તમને મળવાને વાર લાગતી, અને હર્ષ શોકાગ્નિથી રાતદિવસ પ્રજ્વલિત રહી પરમાત્મચિંતન અધિકને અધિક તમે નિરંતર કરતાં હતાં. અને આજે તે ક્ષણ પણ છે

કે જે ક્ષણે તમને શ્રી ગુરૂકૃપાથી એવી તક પ્રાપ્ત થઈ છે કે નાના પ્રકારના ભોજન જમો છો, સુખપૂર્વક રેહેવાને માટે પોતાનું મકાન પ્રાપ્ત છે, વળી પ્રાપ્ત વ્યવહારને ઉત્તમ પ્રકારે સાધો છો. અને દ્રવ્ય વિગેરે યથાશક્તિ પ્રાપ્ત કરી તમારો સંસાર વ્યહવાર રૂડીરીતે નભાવો છો. આ ઉપરાંત ચારે દિશાનાં હે વત્સ તમારૂં નામ કર્મકાંડી તરીકે પ્રખ્યાતિને પામ્યું છે, જેથી સુકિર્તિના ઘોષ સહીત ઉત્તમ સુખના ભોક્તા હવે થયા છો. હે મુમુક્ષુ શિષ્ય, વિચાર કરી જુઓ કે તે ક્ષણથી આ ક્ષણ તમારી કેટલી જુદી છે. તે સર્વ પ્રતાપ માયાલુબ્ધ ન થતાં તમે ઉભય ગુરૂસેવારૂપ સ્વધર્મનું રૂડી રીતે પાલન કરો છો તેનો છે. પણ તે માયા ઉપર તમારે સંપૂર્ણ જય મેળવવો હજી બાકી છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રી કૃષ્ણ પરમાત્મા કહે છે કે **मममाया दुरत्यया** મારી માયા તરવી અતિ કઠણ છે માટે તે વાત પર ખાસ તમારૂં લક્ષ રાખજો. માયા ઉપર જય મેળવવો અતિ દુર્ઘટ છે. હવે જેમ જેમ ઉંચા ઉંચા સુખોને વૈભવને, ઐશ્વર્યને તમે પ્રાપ્ત થતા જશો, તેમ તેમ માયા તમને તેના પાશમાં બાંધવા પ્રયત્ન કરશે, અને તે વખતેજ તમે તેની મોહજાળમાં જો નહિં ફસાઓ અને માત્ર સાક્ષીવત્ દૃષ્ટા રહી તમારા વર્ણાશ્રમધર્મકર્મનું યથાવીધી પાલન કર્યે જશો, તોજ તે માયા ઉપર જયમેળવી, મોક્ષના અધિકારિ થશો. હે વત્સ, માયામાં લુબ્ધ ન થતાં નિષ્કામપણે અને નિસ્પૃહાથી, પોતાના સ્વધર્મને પાળનાર પ્રાણીજ જીવનમુક્ત કહેવાય છે. માયા જીતવી એ અતિ દુર્ઘટ છે. એ માયાએ મોટા વિશ્વામિત્ર જેવા મહર્ષિને પણ સંસારસાગરમાં ગોથાં ખાતા કરી દીધા છે. માયા એજ મહામાયા છે. અને પરમાત્માની વિશુદ્ધ ચૈતન્યમય એક ઉગ્ર શક્તિ છે; તે શક્તિના ઉપર જય મેળવવા અર્થે પ્રાણીને ક્ષણે ક્ષણે સાવધ રહી મનોનિગ્રહ અર્થે પરિશ્રમ કરી મોક્ષના યથાર્થ અધિકારી થવું પડે છે. નહિંતો એ માયા સમર્થ પુરૂષોને પણ દીન કરીમૂકે છે. તે માયાનું કાલચક્ર તે આ સંસાર

છે; અને તે સંસારમાં અનેકને પદભ્રષ્ટ કરી તે માયા ભ્રમણ કરાવનાર છે. હે વત્સ, માટે એ માયાથી મનુષ્ય જ્યાં પુરો ફસાયો, કે સત્વર તેના સુકૃતો નાશ પામે છે. પછી તે માયાલુબ્ધ પ્રાણીમાંથી પરીણામે શ્રદ્ધા જ્ઞાન અને પરમ તત્વનાચિંતનરૂપ સદ્પુરૂષાર્થ સહુ જતાં રહે છે. પછી તે પ્રાણીના અંતરમા અજ્ઞાન ભ્રમ અને અશ્રદ્ધા નિવાસ કરી રહે છે. અજ્ઞાન તમ અને અશ્રદ્ધા એ મલિન સત્વા માયાની પ્રકૃતિ છે. અજ્ઞાનનો મૂળથી નાશ કરવો, જ્ઞાન ચિંતામણિ પ્રાપ્ત કરવો, અને મિથ્યા માયાબિ આ સકલ જે દેખાયછે તે દ્રશ્ય પદાર્થોમાં આસક્તિ ન ધરવી, તેનું નામજ માયા ઉપર યથાર્થજય મેળવ્યો કહેવાય છે. તેજ પુરૂષજ માયાને જીત્યો ગણાય છે. માયા, વેદ શાસ્ત્ર અને સત્પુરૂષોએ સત્ય અને અસત્ય તેમજ વ્યક્ત અને અવ્યક્ત કહેલી છે. અમુક પ્રકારની ભ્રમણામાં માયાની પ્રતિતિ તે વ્યક્ત માયા છે, અને સંશય વિપર્યય રહીત નિશ્ચયાત્મક બૂદ્ધિમાં માયાની પ્રતિતિ તે અવ્યક્ત માયા છે. આ નામ રૂપાત્મક જગતમાં અને તે માંહેલા સર્વ વિષય જન્ય દૃષ્ય પદાર્થોમાં જે પ્રાણી નિરંતર આસક્ત રહે છે તેને હે તાત્ માયાલુબ્ધ જાણવો. તે માયાલુબ્ધ પ્રાણી માયા ઉપર જય મેળવી શકવા કેવલ અસમર્થ છે. હે વત્સ મેં તને પૂર્વે કહ્યું કે, વિશ્વામિત્ર જેવા મહર્ષિને પણ માયાએ યોગભ્રષ્ટ કરી નાંખ્યા છે, જેનું અતિ રસિક આખ્યાન તને આ સ્થળે સંક્ષેપમાં શ્રવણ કરાવું છું તે તું પ્રસન્નતાથી એક ચિત્તે શ્રવણ કર? અને માયાના વાસ્તવિક સ્વરૂપને જાણી તેના ઉપર વિજય પ્રાપ્ત કરરવા પ્રયત્નવાન થા?

—યોગભ્રષ્ટ રાજર્ષિ વિશ્વામિત્ર—

પૂર્વે ગંગા માતાના કીનારા ઉપર આવેલા એક વિશાળ અને મનોહર નગરમાં ગાધી રાજાના વંશજ રાજ્ય કરતા હતા. આ વંશમાં રૂષિ વિશ્વામિત્ર જનમ્યા હતા. તેઓએ ઘણો કાળ

રાજ્યાસન ભોગવ્યું અને ક્ષાત્રિય કર્મને કરી વ્યવહાર અને પરમાર્થ ઉભયની સિદ્ધિ કરી. તેમને છેવટે એમ લાગ્યું કે આ ક્ષાત્રિય ધર્મકર્મ બ્રાહ્મણના ધર્મકર્મથી હલકાં છે અને તેથી બ્રહ્મત્વ પ્રાપ્ત કરી, તે ધર્મ કર્મને કરવાં અને ક્ષત્રિય ધર્મ કર્મનો પરિત્યાગ કરવો. બ્રહ્મત્વ પ્રાપ્ત કરવાનો આ પ્રકારનો સન્નિશ્ચય કરી તેઓ હિમાલયમાં ઉગ્રતપ કરવાઅર્થે ગયા. તેઓએ સર્વ શાસ્ત્રોને અને વેદના મહાન ગ્રંથોને સંપુર્ણ રીતે જાણ્યા હતા. તેમજ અષ્ટાંગ યોગ પણ સાધ્યો હતો, તેથી એક રાજા છતાં તે વખતે ભારત વર્ષમાં તત્વિદ્ જ્ઞાની મહાત્મા જેવા સર્વ રાજાઓમાં મનાતા હતા. તેમને સર્વ પ્રકારનું અનુભવ પૂર્વક જ્ઞાન પ્રાપ્ત હતું; જેથી રાજપાટ અને સર્વ માયાનો ત્યાગ કરી અચળ શ્રદ્ધા પૂર્વક બ્રહ્મત્વ પ્રાપ્ત કરવાઅર્થે હિમાલયમાં જઈ, એક ગુહા શોધી તેમાં દૃઢ આસનથી, ઉગ્રતપ કરવા લાગ્યા. મુળથી જેણે અષ્ટાંગયોગની સિદ્ધિ કરી છે, તેવા વિશ્વામિત્ર શનૈઃશનૈઃ એવા સમાધિસ્થ થઇ ગયા, કે ભૂખ તરશ નિદ્રા ઇત્યાદિ તમામ ઇંદ્રિયો ઉપર જય મેળવી એક પરમાત્મપદે લીન બની ગયા હતા. એવા જીતેન્દ્રિય વિશ્વામિત્રને એવું ઉગ્રતપ કરતાં કરતાં સાઠ હજાર વર્ષ વિતી ગયાં, એટલે તે મહાન ઉગ્રતપના બલવડે કરીને, ઇંદ્રનું ઇંદ્રાસન ડોલવા લાગ્યું. સ્વર્ગ મૃત્યુ અને પાતાળ ખળભળવા લાગ્યાં, અને સાક્ષાત વિશ્નુ ભગવાનને પણ ચિંતા થઇ, કે જો ઇંદ્ર વિશ્વામિત્રના તપનો ભગ નહીં કરી શકે, તો સાક્ષાત્ સમષ્ટિ ઇશ્વરને વિશ્વામિત્ર તાબે કરી દેશે; માટે વીશ્નુએ ઈંદ્રને પ્રેરણા કરી. ઈંદ્રે આ પ્રેરણાથી અનેક અપ્સરાઓને તેમનું તપ ભંગ કરવાની આજ્ઞા કરી. આ અપ્સરાઓમાં મેનકા નામની અપ્સરા મુખ્ય હતી, અને એ એવી તો સ્વરૂપવાન અને લાવણ્યયુક્ત લલના હતી, કે ગમે તેવા તપેશ્વરીનું પણ ચિત ચલાયમાન કર્યા સિવાય રહે નહિં. તે સંગિત નૃત્ય આદિ મનને હરણ કરનારા શાસ્ત્રોમાં અત્યંત કુશળ હતી. વળી

તે ભર યુવાવસ્થામાં હતી તેથી મદમત્ત થઇ ગઇ હતી. તેના હાવભાવ અને કામ કટાક્ષ એવાં હતાં, કે ગમે તેવા જીતેન્દ્રિય પુરૂષને પણ વિહ્‌વળ બનાવ્યા સિવાય રહે નહિં. તેનું મુખ કાંતિમાન અને એવું તેજસ્વી હતું કે ચંદ્ર પણ તેને જોઈ લજ્યા યુક્ત રેહેતો. તેનો કંઠ એવો તો મધુર અને ચીત્તાકર્ષક હતો, કે તેનો સ્વર શ્રવણ કરતાની સાથે, કિટથી તે કુંજર સુધિ સર્વ પ્રાણીઓ, તેમજ નાગલોક કિન્નર લોક ઈત્યાદિ અન્ય-લોકવાસિ પણ સ્તબ્ધ થઇ જતા. સર્વ ઈંદ્રની અપ્સરાઓમાં તે પ્રમુખ હતી; અને ઇંદ્રને અત્યંત પ્રિય હતી. તોપણ જ્યારે વિશ્વામિત્રરૂષિના તપથી ઇંદ્રાસન ડોલવા લાગ્યું અને સુરપતિને ગભરામણ થવા લાગી, ત્યારે છેવટે મેનકાને ઇંદ્રે આજ્ઞા કરી કે ગમે તે યુક્તિ પ્રયુક્તિથી પણ વિશ્વામિત્રરૂષીનું તપ ભંગ કરી સત્વર પાછી આવ ? આ આજ્ઞામાની વિશ્વામિત્ર રાજર્ષિ જે ગુહામાં તપ કરતા હતા ત્યાં આવી પોતાના અત્યંત ઝીણા અને મધુર સ્વરથી આલાપ કરવા માંડી. જ્યાં ચિત્તાકર્ષક મધુર ધ્વનિ તેણે કરવા માંડયો કે તરતજ તે ધ્વનિનો ઘોષ વિશ્વામિત્રના હૃદયની પાર સપ્તમિ ભુમિકા ઉ-પર, કે જ્યાં તેમનો પ્રાણવાયુ હતો ત્યાં સુધી ચાલ્યો ગયો. જેમ જેમ ધ્વનિ ધીરે ધીરે વિશ્વામિત્રના હૃદયમાં થઇને મગજ-માં પ્રસરવા માંડયો, તેમ તેમ સમાધિમાંથી તેમનું ઉત્થાન થવા લાગ્યું. અને નેત્રને ધીરે ધીરે ઉઘાડવા લાગ્યા અને જ્યાં નેત્રો પુરાં ઉઘડયાં કે તરતજ, પેલી મેનકા ઉપર તેમની દૃષ્ટિ પડી અને જ્યાં દૃષ્ટિ પડી કે તત્કાલ તેઓ વિહ્‌વળ બની ગયા. હે સાધવિ, કયાં એક તરફ સાઠ હજાર વર્ષનું તપોબલ અને કયાં બીજી તરફ એક અપ્સરા જેવી ક્ષુદ્ર સ્રીના મધુર સ્વરનું શ્રવણ તથા દર્શન; એ બેની તુલના શી રીતે થઇ શકે. જેણે પર બ્રહ્મ પરમાત્મતત્વનીપ્રાપ્તિમાટે અનેકકષ્ટો સહનકરી ઉગ્ર-તપ કર્યું હતું; જે બ્રહ્મની પ્રાપ્તિ માટે જેણે તાઢ તડકો વર્ષા ઇત્યાદિની લેશ પણ દરકાર કર્યા વગર, પોતાની આસપાસ જંતુ

ઓના દરો અને સર્પોના રાફડા થએલા છતાં, વૃત્તિને લેશ પણ ચલાયમાન કરી ન હતી. તે રાજર્ષિ વિશ્વામિત્રે એક ક્ષણ ભર સ્રીનો સુસ્વર પોતાના શ્રવણમાં પસાર થવા દીધો જેથી સત્વર મોહ તથા ક્ષોભને પ્રાપ્ત થયા. આંખો ઉઘાડી, વિહ્વળ બનતાની સાથે તેમની દૃષ્ટિ મેનકા ઉપર ચોટી અને સર્વ ઇંદ્રિયો પોતાનું કાર્ય સ્વાભાવિક રીતે કરવાને તત્પર થઇ રહી હોય તેમ તેમને નિશ્ચયપૂર્વક લાગ્યું. મેનકાને તો એટલુંજ જોઇતું હતું કે મુનિ કયારે તેની સાથે સંભોગ કરી પોતાના તપનો ભંગ કરે. જેથી તેણે પોતાની કલા ધીરે ધીરે ફેલાવા માંડી. એક પછી એક એવાં તો કામબાણ ફેંકવા લાગી અને હાવ ભાવ કરવા લાગી, કે વિશ્વામિત્ર છેકજ કામાતુર બની ગયા, અને તેથી કરીને તેમની વૃત્તિ ચલાયમાન થઈ ગઈ. ઇંદ્રે પણ વાયુને મેનકાનું ઝીણું વસ્ત્ર ઉડાડવાની આજ્ઞા કરી, જેથી મેનકાના વસ્ત્રને વાયુ એક ક્ષણ પણ શરીર પર સ્થીર રેહેવા દેતો ન હતો; આથી વિશ્વામિત્ર રાજર્ષિની દૃષ્ટિએ મેનકા સચોટ નગ્ન દેખાય તેવી રીતે વસ્ત્ર ઉડતું હતું. આમ બે ત્રણ વાર વિશ્વામિત્રે તેની જંઘા અને નાભિનો ભાગ એકીટસે નિહાળ્યો, એટલે પદ્માસન વાળેલું હતું તે છોડી નાંખ્યું. તપને કોરાણે મુકયું અને એકદમ ઉઠીને મેનકાની સમીપ આવીને ઉભા રહ્યા; અને તેનો એક દમ હાથ ઝાલી પોતાની જીજ્ઞાસા તૃપ્ત કરવાની ઇચ્છા તેને નિવેદન કરવા લાગ્યા. મેનકાને તો તેમ કરવાની ઇંદ્રની આજ્ઞા હતી, એટલે તેણે જરી પણ આનાકાની ન કરતાં આલિંગન આપ્યું, એટલે વિશ્વામિત્રે તેની સાથે સંભોગ કરી તપશ્ચર્યાનો ભંગ કર્યો. એમ એક વરસ મેનકાની સાથે તેઓ રહ્યા પણ પરીણામ તેનું એવું આવ્યું કે તેમનું સાઠ હજાર વર્ષનું તપ સઘળું નાશ પામ્યું. હે ભાનુદેવ, આવી માયા છે. જ્યારે, વિશ્વામિત્ર જેવા ઉગ્ર તપેશ્વરીને પણ જેણે ફસાવ્યા તો સાધારણ રૂષિમુનિઓ તેના હિસાબમાં તૃણવત્ જ સમજવા. હે સાધવિ, આવી જાજ્વલ્ય માયા છે કે જેના આ-

ગળ વિધિ હરિ હર પણ લીન થઈ રહ્યા છે. તે મહામાયાના યથાર્થ સ્વરૂપનો અનુભવ કરી, તે ઉપર વિજય મેળવનાર મનુષ્ય, તે પછી મનુષ્ય કહેવાતો નથી, પણ દેવનો પણ દેવ અને કેવળ ઇશ્વરતુલ્યજ મનાય છે; માયાથી લુબ્ધ ન થતાં પોતાના સ્વસ્વરૂપના ચિંતનમાં રેહેનાર પ્રાણીને પછી મોક્ષ દુર નથી. હે મુમુક્ષુ દંપતિ, માયાલુબ્ધ થવાથી પ્રાણીના સુકૃતનો નાશ થાય છે એ વાત વિશ્વામિત્ર રૂષિના દૃષ્ટાંતથી તમને હવે અધિક સ્પષ્ટ સમજાઇ હશેઃ હે વત્સ અર્ધप्राप्त विवेकस्य न प्राप्त स्यामलं पदम् । चेतस स्त्यजतो भोगान् परितापो मृशं भवेत જે ચિત્તને સંપુર્ણ વીવેક પ્રાપ્ત થયો નથી અર્થાત અર્ધ વિવેક પ્રાપ્ત છે અને તેથી જેને અમળ અર્થાત મળ વગરનું શુદ્ધ પદ પ્રાપ્ત થયું નથી, તેને ભોગનો ત્યાગ કરતાં અતિ પરિતાપ થાય છે તે નિશ્ચય કરીને જાણ? હે બાપ, વિશ્વામિત્ર રૂષિનું સાઠ હજાર વર્ષના તપોબલનું સુકૃત, એક વરસના મેનકાની સાથેના વિષયસુખ ભોગવવામાં નાશ પામ્યું; એ ઉપરથી માયાનો કેવો પ્રભાવ છે અને તેનો ત્યાગ કેટલો કઠણ છે તેનો તારી મેળેજ વિચાર કર?

આ વચન શ્રવણ કરી ભાનુદેવ, બે હાથ જોડી પોતાના ગુરૂ દિગંબર સ્વામિને કહેવા લાગ્યો " હે ગુરો મેં આપશ્રીના મુખે તથા સત્શાસ્ત્રોદ્વારા ઘણીવાર શ્રવણ કર્યું છે કે મહામાયા તે એક મહેશ ભગવાનથી અભિન્ન રેહેનારી શક્તિ છે; તો તે એવી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ શક્તિ પ્રાણીને ફસાવવા, અગરતો તેના તપનો ભંગ કરાવા, કિંવા તેને તેના પદેથી ભ્રષ્ટ કરી પોતાની માયામાં લુબ્ધ કરી, તેના સુકૃતનો નાશ કરવા, શા માટે ઇચ્છા કરતી હશે તેનું કારણ સમજાવવા શિશુ ઉપર કૃપા કરો?

આવાં પૂર્વોક્ત ભાનુદેવનાં વચન સાંભળી, ગુરૂ દિગંબર સ્વામિ કહે છે " હે તાત, મહામાયા અને મહેશનું સ્વરૂપ તને આવતી કાલે સમજાવીશ. આજે આટલેથી વિવેચન બંધ કરી,

સહજ સમાધિમાં સ્થિતિ કરવાની હવે મારી ઇચ્છા છે. તો હે સાધો ! તેથી તમે જાઓ અને નિરામય નિદ્રાને પ્રાપ્ત થાઓ?" આટલું કહી હે રાજન્, દીગંબર સ્વામિ પોતાને સ્થાને ગયા અને તે પવિત્ર દંપતિ પણ મહામાયા અને મહેશના સ્વરૂપનો વિચાર કરતાં કરતાં નિદ્રાવશ થયાં. તેમને સુતાંને એકાદ ઘડી બે ઘડી થઇ નહીં એટલામા તો એક સાંઢણી તથા તેનાપર બેઠેલા બે જણાઓ, સાંઢણીને ભાનુદેવના ઘરના બારણા આગળ બેસારી, તે પરથી ઉતરી પડયા, અને તેમાંનો એક જણ સાંઢણી પરથી સામાન ઉતારી ભાનુદેવના ઓટલા ઉપર મુકી, સાંઢણીને એક તરફ બાંધી ચારો નીરવા લાગ્યો. અને બીજો ભાનુદેવનાં કમાડ ઠોકી તેને ભાનુદેવ શર્માના નામથી પોકાર કરવા લાગ્યો. તે દંપતિ આખો દીવસ વ્યહવાર પ્રવૃતિ કરી થાકી નીરામય નિદ્રાવશ થયાં હતાં ને તેથી તે વખતે એવાં તો તે ભરનિદ્રામાં હતાં, કે જાગી શકયાં ન હતાં; પણ ગુરૂ દિગંબર સ્વામિ તો સદા જાગ્રત સ્થિતિમાં રહેનારા, જીવનમુક્ત પુરૂષ હોવાથી તરત આસનપરથી ઉઠી તે બે પુરૂષોને બારણું ઉઘાડી, સત્કારપૂર્વક ઘરમાં લાવી બેસાડયા, અને વીવેકથી નોકર માણસો પાસે તેમની સુવા વીગેરેની યથાસ્થિત સરભરા કરાવી; તે બન્ને જણા ભાનુદેવ પાસે શા કામ અર્થે આવ્યા હતા તે ગુરૂ દિગંબર સ્વામિ સર્વજ્ઞ અને તત્વવિદ્ હોવાથી અંતરમાં જાણુતા હતા, છતાં પણ અજાણ્યા રહી, તેઓ કયાંથી પધાર્યા, અને ભાનુદેવ જે આપનું કાર્ય હોય તે કાલે કરી આપશે" એ શબ્દો સીવાય અન્ય એક શબ્દ પણ બોલ્યા ન હતા. તેઓ બન્ને પુરૂષ ઉજ્યનથી આવ્યા હતા. એક રાજાનો સાંઢણી સ્વાર હતો અને બીજો તેની સાથે ઉજ્યનના રાજા સુમનસિંહના પુરોહિતનો પુત્ર પ્રજ્ઞશર્મા(ભાનુદેવનો સાઢુ અને ચારૂશીલાની બેહન શશિકળાનો પતિ) હતો. હે રાજન, તે રાતે તો બધા વિશ્રાંતીપૂર્વક સૂઇ ગયા, અને બીજે દીવસે જે વૃતાંત બન્યો તે હવે તને કાલે કહીશ."

એમ કહી સિદ્ધેશ્વરાચાર્ય પોતાને આસને પધાર્યા, અને રાજા પણ પોતાને સ્થાને વીદાય થયો.

—તરંગ બીજો—

મહામાયા અને મહેશ.

બીજે દીવસે ભાનુદેવ પ્રાતઃકાલમાં પોતાના નિત્યનિયમ પ્રમાણે કર્મકાંડમાંથી પરવાર્યો, અને ગુરૂનું પૂજન અર્ચન કરી, સાષ્ટાંગ કર્યા એટલે ગુરૂ દિગંબર સ્વામિએ, પેલા બે ઉજ્જયનના મેહેમાનોની ખબર કહી. એટલે તે તેમને જાગ્રત થવાની રાહ જોતો ગુરૂ મહારાજ પાસે બેસી ઇષ્ટમંત્રના જાપ કરવા લાગ્યો.

મુનિ વર્ચસૂતમા કહે છે. “ હે બેટા પ્રહર્ષ, આ પ્રમાણે ભાનુદેવનું આગળ વૃત્તાંત સિદ્ધેશ્વરાચાર્ય પોતાના શિષ્ય શુભ્રકેતુ રાજા પ્રતિ કથન કરતા હતા. તે હું તને શ્રવણ કરાવું તે એકાગ્રચિત્તે પ્રસન્નતા પૂર્વક શ્રવણ કર ? સિદ્ધેશ્વરાચાર્ય કહે છે, “ હે રાજન્, ભાનુદેવ ગઇ રાત્રે મહામાયા અને મહેશનું વાસ્તવિક સ્વરૂપ સમજવાની આતુરતામાં નિદ્રાવશ થઈ ગયો હતો; જેથી મહામાયા પોતાનું સ્વરૂપ ભાનુદેવને દીગંબર સ્વામિ સમજાવે તે પહેલાં પોતાનો પ્રચંડ પ્રભાવ, પ્રાતઃકાળમાંથીજ બતાવા લાગી. ગુરૂ દિગંબર સ્વામી આજે તેને મહામાયા અને મહેશનું સ્વરૂપ કથા પ્રસંગમાં સંભળાવાના હતા. હે મુમુક્ષુ નૃપતિ, પશ્ચાત તે જે બે મેહેમાનો, ભાનુદેવને ઘેર આવ્યા હતા તેઓ પ્રાતઃકાળમાં જાગ્રત થયા, અને દાતણ પાણી શૌચ સ્નાન ઈત્યાદિ કરી નિવૃત થયા, એટલે ભાનુદેવ તેમની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, “કેમ ભાઈ, જે કાર્ય હોય તે હવે સૂખ પૂર્વક નિવેદન કરો ”! રાજાના સાંઢણી સ્વારે આ સાંભળી રાજાની શીલ મોહોરના શીકકાવાળો એક બિડેલો રૂક્કો ભાનુદેવના હાથમાં આપ્યો અને કહેવા લાગ્યો કે “ આજેને આજે રાજા સુમનસિંહે ઉત્તર માગ્યો છે. ” આ બે મહેમાનોમાં કોઈજ નોહોતુ પણ એક સાંઢણી સ્વાર અને બીજો પ્રજ્ઞશર્મા હતો. બીજો જે પોતાના શ્વસુર સુજ્ઞશર્માનો પુત્ર, અને પોતાનો સાઢુપ્રજ્ઞશર્મા

હતો તેને તો ભાનુદેવ ઓળખતો હતો, અને વળી ઉજ્જયનમાં સહસ્રમુખયજ્ઞની વખતે, તેની જોડે વીશેષ પરિચય થવાથી, ગાઢ મિત્ર થઇ ગયો હતો. જેથી પ્રજ્ઞશર્માને ભાનુદેવ પુછવા લાગ્યો કે " ભાઇ પ્રજ્ઞશર્મા, એવી તે શી હકીગત છે કે તમારા રાજા સુમનસિંહને આજેને આજે ઉત્તર જોઇએ છીએ " પ્રજ્ઞશર્માએ કહ્યું કે " તે હકીગત પછી હું તમને ખાનગીમાં કહીશ, હમણાં તો તે પત્ર વાંચી, અંતરમાં વિચાર કરી રાખો, અને તમારા ગુરૂને તે વાત નીવેદન કરી તે કહે તે પ્રમાણે કરો ! આવાતનું કારણ તમારી પત્ની ચારૂશીલા જાણે છે તે વાત આપને કહી નથી જેથી હું ધારૂં છું, કે તે વાત તદન વીસરી ગયાં હશે. " દિગંબર સ્વામિ એટલામાં ફરતા ફરતા તે ત્રણે જણા વાત કરે છે ત્યાં આવ્યા ને શેનો કાગળ છે એમ ભાનુદેવને પૂછવા લાગ્યા; ભાનુદેવે તરતજ તે કાગળ ગુરૂ મહારાજને આપ્યો અને કહ્યું " હે ભગવન્ વાંચી વાકેફ થઈ યોગ્ય ઉત્તર વાળવા જેમ આજ્ઞા કરો તેમ કરૂં. પત્ર લાવનાર રાજાનો એક ખાસ અંગરક્ષક સાંઢણી સ્વાર છે અને બીજા અમારા સાઢુ પ્રજ્ઞશર્મા છે, તે કહે છે કે રાજા સુમનસિંહે આજેને આજે આ પત્રનો પ્રત્યુત્તર માગ્યો છે. માટે હે ગુરો, વાંચી જેમ યોગ્ય લાગે તેમ આજ્ઞા કરો ? " આ પ્રકારના ભાનુદેવના વચન શ્રવણ કરી તરતજ તે પત્ર ફોડી, દિગંબર સ્વામિએ વાંચી જોયો, અને પ્રસન્નતા પૂર્વક તેને કહેવા લાગ્યા, "હે વત્સ, લખો કે જ્યારે એવું ધર્મ સંકટ છે તો ખુશીથી તે તમારી કુંવરિ ક્ષત્રિ છતાં અમે તેનો પાણીગ્રહણ કરીશું. પૂર્વે ક્ષત્રિની કન્યા ઘણા રૂષિમુનિઓએ ધર્મ સંકટ નીવારણઅર્થે લીધેલી છે અને તેથી ધર્મ સંકટ હોય તો યથાવીધી લગ્ન કરી તમારી પુત્રી લેવાને કોઈ પણ પ્રતિબંધ નથી; હે તાત્, જુઓ આજથી તે મહામાયા અને મહેશની સત્તાના સ્વરૂપને સંપુર્ણ રીતે તમે જાણવાના અધિકારી થાઓ છો. હવે રાત્રિએ કથા પ્રસંગે વિશેષમાં તે મહામાયા અને શક્તિના સ્વરૂપને સમજાવીશ. હમણાં તો આ પત્ર વાંચી તેનો પ્રત્યુત્તર લખી સાંઢણી સ્વારને આપી રવાને કરો ?"

એમ કહી દીગંબર સ્વામી, ભાનુદેવને પત્ર આપી ચાલતા થયા. એટલે ભાનુદેવ વાંચી અત્યંત અંતઃકરણમાં હર્ષની સાથે પાછો ગ્લાની મુક્ત બન્યો હોય તેવો જણાવા લાગ્યો. પણ તે માણુ ધર્મસંકટને લીધે, અવશ્ય સ્વિકારવા પોતાના સદગુરૂનું વચન થએલું હોવાથી, તેણે પોતાના ગુરૂ દીગંબર સ્વામીની સલાહ મુજબ, અક્ષરશઃ પ્રત્યુતર લખી આપી, તે સાંઢણીસ્વારને રવાને કર્યો, અને પોતાના સાઢુ પ્રજ્ઞશર્માને પોતાને ત્યાં થોડા દીવસ માટે મહેમાન તરીકે રાખ્યો. પશ્ચાત તે સાંઢણી સ્વાર રવાને થયો ને મધ્યાન્હ થયા એટલે જમવાનો સમય થયો જેથી પોતાના સદગુરૂ દીગંબર સ્વામિને તથા પોતાના સાઢુ મીજમાનને લેઇ ભાનુદેવ જમવા બેઠો. જમતે જમતે વિચાર કરી સદગુરૂ અને સર્વની સમક્ષ, પોતાની સ્ત્રી ચારૂશીલાને પુછવા લાગ્યો કે "હે સ્ત્રી ઉજનના રાજાની કુંવરિ પદ્મનીએ મારી સાથે લગ્ન કરવાની પ્રતિજ્ઞા લીધી છે તે શું તમે જાણો છો? તમારી સાથે તેનું બ્હેનપણું હતું તેથી તમે તે વાત જાણતાં હશો એમ ધારી પુછું છું માટે જે જાણતાં હો તે સત્વર સદગુરૂ સમક્ષ નિવેદન કરો?" પોતાના પતિની આવી વીવેક ભરેલી અને આજ્ઞાયુક્ત વાણી શ્રવણ કરી, તે સતિ સાધ્વિ ચારૂશીલા કહેવા લાગી "હે પ્રાણેશ, મને આજેજ તે વાત યાદ આવી. હું તથા તે ઉજયનકુંવરિ પદ્મની બન્ને સાથે રહેતાં હતાં, ત્યારે તેણે એવી પ્રતિજ્ઞા લીધી હતી કે, મારૂં જે પુરૂષની સાથે લગ્ન થાય તેમની સાથે તેણે પણ પરણવું. પણ તે વખતે આ પ્રતિજ્ઞા તેની હું ખોટી માની છોકરમત જેવી ગણી કાઢલી હતી; કારણકે હું રહી બ્રાહ્મણ, અને એ રહી ક્ષત્રી. હું જેને વરૂં તે પુરૂષ તેનો સ્વીકાર શી રીતે કરે? તેથી તે તરફ જરા પણ મારૂં લક્ષ ન હતું, અને હું પરણીને આપની સાથે આવી, તે વખતે યત્કીંચિત પણ તે કુંવરિના મનની ખબર પડી ન હતી. મેં જાણ્યું કે તે તેણે અમસ્તી રમતગમતમાં પ્રતિજ્ઞા કરી છેઃ પણ આ હકીગત જોતાં પ્રતિજ્ઞા બરાબર

પાળી હોય તેમ જણાય છે. હે પતિ, હવે મને તેણીના શબ્દો યાદ આવે છે કે “ જેને તું પરણીશ તેનેજ હું પરણીશ અને મારા પિતા તેમ નહીં કરવાદે અગર તારો પતિ મારો પાણી ગ્રહણ નહીં કરે તો મારા પ્રાણ ત્યાગીશ.” માટે અવશ્ય આપણે માથે ધર્મસંકટ તો ખરેખર આવ્યું એમાં સંશય નથી. સદગુરૂ દિગંબર સ્વામિ તે ધર્મસંકટના નીવારણાર્થે, તે કન્યાનો સ્વીકાર કરવાની ખુશીથી આજ્ઞા કરે છે, તોપછી આપને તેમ કરતાં હરકત શી છે ? ” આ પ્રમાણે પોતાની સ્ત્રીના વચન શ્રવણ કરી ભાનુદેવ વિસ્મય પામ્યો અને પોતાના ગુરૂને કેહેવા લાગ્યો. “ હે ભગવન્, આ સતિની સ્પષ્ટ હકીગત આપે શ્રવણ કરી, પણ એ રાજકન્યાને પરણી લાવી તેનું પુરૂં મારાથી શી રીતે થશે ? તેને ગાડી ઘોડા મેના તેમ અનેક સંસારના રાજવૈભવો જોઈશે તે હું શી રીતે પુરા પાડી શકીશ. ” દીગંબર સ્વામી બોલ્યા ‘ હે વત્સ, તેટલાજ માટે પરણુતા પેહેલાં રાજાની સાથે એકરાર કરવો કે હમેશને માટે તને અમુક જાગીર બાંધી આપે, અને પરણવામાં તેમ થતાં સુધી જરા આનાકાની કરવી એટલે તે વાતનું ચોકઠું બેસી જશે અને તમારો ગૃહસ્થાશ્રમ નભશે. પણ આ વાત પત્રમાં નથી લખવામાં આવી તે ઠીક કર્યું એ સર્વ રૂબરૂના કાર્યો છે માટે સમય ચુકીશ નહીં.” આ પ્રકારે ભાનુદેવને ગુરૂએ ખુલાસો કરી આપ્યો, એટલે ત્રણ્યે જણ જમી પરવારી બહાર આવી બેઠા. એટલે ભાનુદેવ પણ પાન સોપારી ઇત્યાદિ મુખવાસ ગુરૂને તથા પોતાના સાઢુ પ્રજ્ઞશર્માને આપી, પશ્ચાત પોતાના વ્યહવારિક કર્મો કરવામાં પ્રવૃત થયો; પ્રજ્ઞશર્મા પણ પશ્ચાત વીમળપુરીમાં પોતાની ન્યાત જાત તથા સગાં વહાલાં હતાં તેમની મુલાકાત અર્થે ગયો, અને ગુરૂ દીગંબર સ્વામિ પોતાની સંયમ ક્રિયામાં પ્રવૃત થયા. હે રાજન્, પશ્ચાત રાત્રિ પડી અને સર્વે પોતપોતાના નિત્યનૈમિતિક કર્તવ્યમાંથી પરવાર્યા એટલે સ્વામી દીગંબર ગુરૂ પોતાને માટે કથા કહેવાઅર્થે રચેલા સિંહાસન

ઉપર આવી બિરાજમાન થયા; ભાનુદેવ, પ્રજ્ઞશર્મા તથા ચારૂશીલા વીગેરે આપ્તવર્ગ મહામાયા અને મહેશનો કથા પ્રસંગ શ્રવણ કરવા અર્થે, દીગંબર સ્વામિને નિત્ય નિયમાનુસાર સાષ્ટાંગ કરી, પોતપોતાના આસને બેઠા. પશ્ચાત થોડીક ક્ષણ સંયમ કરી તથા મંગલાચરણમાં ઇષ્ટનું સ્મરણ કરી, દીગંબર સ્વામીએ નીચે પ્રમાણે કથા પ્રસંગ શરૂ કર્યો:—

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે " હે રાજન, દીગંબર સ્વામિ ભાનુદેવના આશ્રમે ભાનુદેવને કહે છે, " હેવત્સ, તને મહામાયા તથા મહેશ ભગવાનના વાસ્તવિક સ્વરૂપને જાણવાની આજે ઇચ્છા થઇ છે તો આજે તે શ્રવણ કરાવું તે તું એકાગ્રચિત્ત શ્રવણ કર ? હે મુમુક્ષુ દંપતિ, આ સમગ્ર જગતના મુખ્ય અભિમાની, સમષ્ટિ ઈશ્વર તથા મહામાયા શક્તિ છે. અને તે બન્ને આ [1]અંડકટાહમાંહેલા સર્વ લોકોનું યથાસ્થિત પાલન કરે છે. આ પૃથ્વી ઉપર વિવિધ પ્રકૃતિવાળાં બ્રહ્માંડો તે માહામાયા શક્તિએ રચેલાં છે; અને તે બ્રહ્માંડમાં વસતાં તમામ પ્રાણીઓના ભ્રમણનો અંત, તે સમષ્ટી ઇશ્વરદ્વારા, પરમાત્માનો સાક્ષાત્કાર કરવા પછી આવે છે; તેથી તે સર્વ પ્રાણીઓ પોતપોતાનીપ્રવૃત્તિના કારણ રૂપ, સ્વાભિમાનયુક્ત સંસ્કારોને રચે છે; અને પછીતે સંસ્કારોના પ્રમાણમાં ઇશ્વરાભિમુખ વૃત્તિ રાખી, પરમાત્માની ભક્તિ કરે છે. તે સમષ્ટિ ઈશ્વરાભિમુખ વૃત્તિ રાખનાર સર્વ પ્રાણીઓ મહામાયાની પ્રધાન સત્તા તળે રહે છે, જેથી તે મહામાયા ઉપર જય મેળવી, જ્યારે આગળ વૃદ્ધિને પામે છે ત્યારે તેઓ સમષ્ટિ ઇશ્વરની સત્તામાં પ્રવેશ કરે છે; અને ઇશ્વર સત્તામાં પ્રવેશ કર્યા પછી, તે પ્રાણીને સાક્ષાત્કાર થવા કોઇ પણ વિઘ્ન નડી શકતું નથી; હવે મહામાયાની પ્રધાન સત્તા ઉપર જય મેળવી, ઇશ સત્તામાં પ્રવેશ કરનાર પ્રાણીને તે ઇશ્વરની પ્રકૃતિરૂપ મહામાયા

---

૧ અંડકટાહ—બ્રહ્માડનો ગોળો—Shell of the બ્રહ્માંડ ઇંડરૂપિ બ્રહ્માંડની કાચલી अंडं ब्रह्माडं कटाह मिव.

શક્તિ, પોતાની પ્રધાન સત્તાદ્વારા અતિક્રમણ કરાવે છે; તેમજ સાક્ષાત્કાર થતાંની દરમ્યાન અનેક પ્રકારે તેને વિઘ્ન નાંખે છે એમ જે મેં આગળ તને કહ્યું હતું પણ તે યોગિપુરૂષોનું માનવું હોતું નથી યોગીજનો તો અનુભવ પૂર્વક નીચે પ્રમાણે માને છે.

" મહામાયા શક્તિતો સમષ્ટિ ઈશ્વરની પ્રકૃતિ હોવાથી અનુકૂળ વર્તનારી છે અને તેથી તે સમષ્ટિ ઈશ્વરના અનુગ્રહપાત્ર પ્રેમી ભક્તજનોને તો વગર કારણે તે મહામાયા શક્તિ કંઈ હરકત કરતીજ નથી પણ ઈશ્વરની અભિમુખ થવાની ઈચ્છાવાળા પ્રાણિઓ અલ્પજ્ઞ હોવાથી તેઓ પોતાના ઉદ્ભૂત અને અનુદ્ભૂત સંસ્કારોને જાણવા કેવલ અસમર્થ હોય છે જેથી તેઓ એકાએક અવિચારી બની એમ અંતરમાં નિશ્ચય કરી બેસે છે કે અમે સર્વ વિરોધી સંસ્કારોનો લય કરી પરમાત્માની અભિમુખ થયાંછીએ. પરંતુ તેઓ જાણતા નથી કે તેઓનું અંતઃકરણ મહામાયાની પ્રધાન સત્તાથી આવૃત થએલું છે. જેથી પોતાની સત્તામાંથી અતિક્રમણ કરાવી ઈશ્વરની પ્રધાન સત્તામાં પ્રવેશ કરવા અર્થે તે કલ્યાણકારિણી મહામાયાશક્તિ કિંચિત દુઃખના ભોગદ્વારા અનવધિ દુઃખના હેતુરૂપ અશુભ સંસ્કારોનો નાશ કરી પોતાની માયા સત્તામાંથી તેને બહાર કાઢવા પ્રવૃત્તિ કરે છે પણ પ્રાણીને કેવલ સુખનીજ ઇચ્છા હોય છે તેથી મહાદુઃખના હેતુરૂપ પોતાના અશુભ સંસ્કારથી કરવામાં આવતા અશુભ કર્મના સ્વરૂપને જાણતો નથી અને તેથીજ એમ તેને લાગે છે કે પરમેશ્વરનું ભજન કરતા પણ અમુક દુઃખ કિંવા વિઘ્નો આવે છે અને પાપી મનુષ્યો નિરંતર પાપમાંજ પચી રહેલા છતા સુખી જણાય છે તો સુખની ઇચ્છા રાખનાર મનુષ્યે પ્રભુનું ભજન કરવું યોગ્ય નથી. એવા પાપ અશુભ નિશ્ચયને લેતા તે પ્રાણી વિઘ્નના ભયથી પાછો પડે છે અને ફરિ ફરિને માયાની પ્રધાન સત્તામાંજ અનેક જન્મો લઈ ભમ્યા કરે છે જે કેવલ અનુચિત છે વાસ્તવિકરીતે જોતા એમ છે કે ઈશ્વરની મહામાયા શક્તિ ઈશ્વરાભિમુખ થનાર પ્રાણીને તેના સ્થૂલ સૂક્ષ્મ સંસ્કારોને અનુસરતા સ્થુલસુક્ષ્મભોગો ભોગવાવી શુદ્ધ કરી નિવૃત્ત કરે છે અને તેને પછી પોતાની પ્રધાન સત્તામાંથી બહાર કાઢવા અનેક પ્રકારે તે માયાશક્તિ પ્રયત્ન કરે છે. કારણ કે પ્રાણીને સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ વાસના જ્યાં સુધી અંતરમાં રહે છે. ત્યાંસુધી સર્વજ્ઞ ઈશ્વરનો સાક્ષાત્કાર થવાનો કેવલ અસંભવ છે- તેથી તે સૂક્ષ્મ વાસના મુજબ તે પ્રાણી અનુકુળ સિદ્ધિ ઐશ્વર્ય વા વિભવાદિ પ્રાપ્ત કરે છે. પણ ઉત્તરોત્તર અધિક પુરૂષાર્થ કરવાના અભાવવાળો પ્રાણી ઘણાકાળથી

અપ્રાપ્ત વિભવાદિ ઐશ્વર્યને ભોગવવાની જીજ્ઞાસાને વશ થઇ જઇ તે મહામાયાની પ્રધાન સત્તામાંથી બહાર નીકળવાને બદલે પુન: પુન તે વિષયોપભોગો ભોગવવામાં લુબ્ધ થઇ જઇ તે માયાની પ્રધાન સત્તામાંજ રહી ઇશ્વરના અભિમુખ થવામાં પાછા પડે છે એટલે જેના માથે સદગુરૂ નથી તેવા નગુરા અને અવિચારિ યોગ્યાભાસિ પુરૂષો તેમજ ઇતર યોગથી ભ્રષ્ટ થઇ જઈ પરિણામે અતિશય પશ્ચાતાપને કરતા મહામાયા શક્તિને દોષ દેછે જે કેવલ અયોગ્ય છે. આ કથ્યુ તેનો સારાંશ એટલોજ છે કે આ જગતમાં સર્વ દુ:ખોનો ક્ષય કરવા અને પરિણામે મોક્ષને પામવા જે પ્રાણીની ઇચ્છા હોય તેને માયા સત્તાને તથા બીજી ઇશ્વરી સત્તાને ઉલંઘવી પડે છે. પણ આ બે સત્તાનુ ઉલંઘન કરવા સારૂ નાના પ્રકારની યુક્તિઓ કોઇ સમર્થ તત્વવિદ્ સદ્ગુરૂ પ્રાપ્ત કરી તેની પાસેથી ગ્રહણ કરવી પડે છે અને પશ્ચાત તે તે યુક્તિઓ દ્વારા પોતાના સમર્થ સદ્ગુરૂની સહાયથી બે સત્તાઓનુ નિર્વિઘ્ન પણે ઉલંઘન તે પ્રાણીથી થઇ શકે છે જ્યાંસુધિ પોતાના સ્થુલસુક્ષ્મ સસ્કારોનો ક્ષય થતો નથી ત્યાં સુધી તે પ્રાણી માયાનીજ પ્રધાન સત્તામાં રહે છે એમાં કશો સંશય નથી. માયાસત્તાનું યથાસ્થિત ઉલંઘન થયા પછી જ્યારે ઇશ્વરની સતામાં તે આવે છે ત્યારેજ તે નિર્ભય થાય છે અને પશ્ચાત ઉજવળ સંસ્કારોના ફલરૂપ સુખોને અનાયાસે નિષ્કામપણે તે ભોગવે છે. અને તે ભોગો ભોગવ્યા બાદ પરિણામે બન્ને સત્તાના પ્રદેશની મર્યાદામાંથી તે પ્રાણી મુક્ત થઈ અમર્યાદ પરમાત્માના વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે. અને પોતે સ્વરૂપાકાર થઇ રહે છે. માટે મહામાયા પોતાના પ્રકાશક પરમેશ્વરના અભિમુખ થનાર ભક્તને દુરાગ્રહથી કોઈ પણ પ્રકારે વિઘ્નો નાંખી હાની પોચાડતી નથી. પણ સંસાર સ્થિતિના કારણ રૂપે તે મહામાયા શક્તિ આજીવને નાંના ફળો આપી તૃપ્તિ આપવા ઇચ્છે છે અને તે ફલોના સુખથી સતોષમાની, તેમાંજ મોહ પામી ઇશ્વરને પોતાની અત્યંત પ્રિતિનો વિષય સમજી અભિમૂખ થએલો છતાં પાછો ફરી નાના પ્રકારના ક્ષુદ્ર અને ક્ષણિક વિભવાદિ ઐશ્વર્યમાં લુબ્ધ થઇ જાય છે તો એ મહામાયા શક્તિ તેને વિષય પંકમાંથી કાઢવાને પણ યત્કીચિત દુરાગ્રહ સેવતી નથી. તેમજ કોઈ સમર્થ સદગુરૂ દ્વારા અત્યંત સાવધાન રહેનાર ઇશ્વરાભિમૂખ થએલા પ્રાણીને તૃપ્તિ આપવા માટે અનેક પ્રકારના ઉપાયો તથા યુક્તિઓને રચે છે અને તે ઉપાય અને યુક્તિઓથી તેને તૃપ્તિ ન થાયતો તે મહામાયા શક્તિ પોતાની સત્તાની અવધિપર્યંતની સિદ્ધિ તેને આપે છે અને તેથી પણ જો તેને સંતોષ થતો નથી તો પરિણામે પોતાની સત્તામાંથી તેને મુક્ત કરી ઇશ્વરની સત્તામાં જવા

દે છે. ત્યાં પછી પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર તેને ઇષ્ટ સત્તા કરાવે છે સંપુર્ણ અલૌકિક સુખનો ત્યા અનુભવ કરાવે છે. અને પરિણામે અભેદ બનાવી પરમાત્મા સ્વરૂપ તે પ્રાણીને બનાવે છે. હે અધિકારિ આટલા ઉપરથી સંક્ષેપમાં એટલુ સ્પષ્ટ અને સિદ્ધ થાય છે કે, અધિકારી સાધક નિર્લોભ અને નિશ્ચયાત્મક વૃત્તિથી ઇશ્વર સ્વરૂપના સાક્ષાત્કાર સુધી પોંચવું એજ યોગ્ય છે. જો તે પ્રમાણે નિર્મોહ થઈ પ્રાણી ત્યાં સુધી અડગપણે વધ્યાં જાય છે તો તેવાને તે મહામાયા શક્તિ કોઈ પણ પ્રકારે હાની કરતી નથી. જેમકે કોઈ રાજાએ તેની પતિવ્રતા સ્રિને એવી સતા ભરેલી આજ્ઞા કરી હોય કે હું રાણીવાસમાં છું, અને મને મળવાને કોઈ પણ આવે તો તેને આવ્યાનુ કારણ પુછવુ જો તેને ક્ષુદ્ર વસ્તુની કોઈ ઇચ્છા હોય તો તે વખતેજ તેને આપી વિદાય કરવો અને મનેજ નિષ્કામપણે મળવા ઇચ્છતો હોયતો તેને બેલાશક કોઇ પણ ઠેકાણે અટકાવ્યા વગર આવવા દેવો આવા પ્રકારનો હુકમ હોવાથી નાના પ્રકારની ઇચ્છા તૃપ્ત કરવાને ઇરાદે ઘણા મનુષ્યો આવવાને ચ્હાતા હોય તે તે મનુષ્યો આવે, તેને જે જે જોઇતુ હોય તે તે આપી રાણી વિદાય કરે અને પોતાની સત્તામાના આવેલા રાણીના પદાર્થોથી કોઇને સંતોષ ન થાય તો રાજા પ્રતિ તેને આવતાં રાણી તે રાજાની આજ્ઞાનુસાર અડચણ ન કરે તેમાં રાણીનો કે રાજાનો વાંક છે એમ કિયો બુદ્ધિમાન પુરૂષ કહી શકશે ? કોઇ પણ નહિ. હજાર માગે તેને હજાર આપે, લાખ માગે તેને લાખ આપે અને જે જે માગે તેને તે તે આપી રાજાના હુકમથી તે રાણી જેમ સંતોષ પમાડે અને તેમાં જેમ તે રાણી કેવલ નિર્દોષ છે. તેવીજ રીતે સર્વ લોકાધિપતિ સચરાચર પરમેશ્વર પોતાની મહામાયા શક્તિદ્વારા પોતાના પ્રતિ આવનારને સંતોષ પમાડે અને માયા પોતાની સત્તાની અવધિપર્યંતના પદાર્થો તે પ્રાણીને આપવા છતાં જ્યારે તે તૃપ્ત ન થાય તો સાક્ષાત રાજારૂપ પોતાના અધિષ્ઠાતા ઇશ્વરની સન્મુખ તે પ્રાણીને જવા દે એમાં માયાનો કોઈ પણ દોષ નથી માત્ર ઇશ્વર પ્રાપ્તિમાં પ્રાણીનો પુર્ણ અધિકાર ન હોય તોજ તે પ્રમાણે બને અને પ્રાણીનો અનધિકાર એજ મુખ્ય વિઘ્ન આવી પડવાનુ કારણ છે. ”

મારા પ્રિય મુમુક્ષુ વાંચકવૃંદ ઉપરના વાક્યો શ્રીમન્ પરમાત્મા નૃસિંહાચાર્યજી પ્રણીત સિદ્ધાંત સિંધુ નામનાં ગ્રંથમાંના છે જે તાદ્દશ પ્રમાણભુત સત્ય અને સરળ ભાષામાં સમજાવેલા હોવાથી આ વીષયના અધીક સ્પષ્ટિકરણઅર્થે અત્રે ઉપર મુકવામાં આવ્યાં છે જે નિરંતર સર્વ માન્ય અને સ્તુત્ય છે.

મુનિવર્યસતમા કહે છે "હે પ્રહર્ષ તે દીગંબર સ્વામિએ ભાનુદેવને કહ્યું કે "હે તાત્ આ પ્રમાણે તત્વવિદ યોગી પુરૂષો મહામાયા શક્તિનું સ્વરૂપ વિરોધી માનતા નથી, એમ તેઓ સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરે છે. માટે મહામાયા શક્તિના અને મહેશ ભગવાનના યથાર્થ સ્વરૂપને જાણ્યા વગર જે પ્રાણીઓ મહદ કાર્યો કરવાનો આરંભ કરે છે તેઓ અર્ધદગ્ધ અને અપૂર્ણ રહે તેમાં નવાઈ નથી. પછી તેઓ મહામાયા શક્તિનો તેમ થવામાં દોષ કાઢે એ તેમની મોટી ભુલ છે એમ તું નિશ્ચે કરીને જાણ ? હે તાત્, મહામાયા શક્તિનું અને મહેશ ભગવાનનુ તાદ્દશ જગતમાં વર્ત્તાતું, અને વેદશાસ્ત્ર પ્રતિપાદન કરેલું, શુદ્ધ અને સરળ સ્વરૂપ, પૂર્વોકત તને એકાદ મહદ ગ્રંથમાંથી લઇ શ્રવણ કરાવ્યું જેથી તે શીવશકતીના સ્વરૂપથી યથાર્થ માહીતગાર તું થયો હઇશ, પણ હજી તે મહામાયા શક્તિને જીતવાના ઉપાયરૂપ સાધનને સિદ્ધ કરવાની સ્થિતિને જ્યાં સુધી તું પ્રાપ્ત થયો નથી, ત્યાં સુધી હે પવિત્ર વિપ્ર ગૃહસ્થ, તે મહામાયા તરવી દુસ્તર છે. **દૈવિ હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા** એ વાકયાનુસાર શ્રી કૃષ્ણ પરમાત્મા પણ ધનંજયને ગીતામાં પ્રબોધે છે કે "મારી માયા તરવી અતિ કઠણ છે." આ સર્વ શ્રવણ કરી ભાનુદેવ બે હાથ જોડી નમ્રતાથી કહેવા લાગ્યો "હે ભગવન્ તે મહામાયા શક્તિને જીતવાના ઉપાયરૂપ સાધન સિદ્ધ કરાવી શીશુને કૃતકૃત્ય કરવા આપ શ્રી સમર્થ છો ? એટલે પછી તેની અંદર દાસને કંઇ કરવાપણું રહેતુંજ નથી. દાસને તો આપશ્રીની સેવાજ સાચવવાની છે બાકી દાસ તરફની સર્વ કાળજી આપશ્રીને શીરે છે. જેમ નોકરને તેના શેઠની નોકરીમાંજ પરિશ્રમ કરવાનો છે તે સીવાય પોતાને જોઇતા અન્ન વસ્ત્ર પ્રાપ્ત કરવા અર્થે શ્રમ કરવાનો નથી. તેમજ અન્ય સર્વ વ્યહવાર સિદ્ધ કરવાની કાળજી પણ તેને કરવાની હોતી નથી તેવીજ રીતે હે ગુરો આપની સેવા સિવાય અન્ય વસ્તુ પ્રાપ્ત કરવાઅર્થે મારે પરિશ્રમ કરવાનો

નથી આપની સેવાથીજ મારોમોક્ષ છે એમ માનું છું. જેમ રાખશો તેમજ મારે રેહેવું છે અને જે પ્રમાણે કહેશો તે પ્રમાણેજ સર્વ કાર્ય વ્યવહાર કરવો છે. માટે હે ભગવાન્ માયા ઉપર જય મેળવવાનો ઉપાય દર્શાવનાર, અને આ શીશુનું સર્વદા ને માટે કલ્યાણ કરનાર, આપ તેના સદગુરૂ તેને શીરે સામર્થ ગાજો છો તો પછી યાચવાપાણું કશુંજ નથી. આપ છષ્ટ શ્રી સર્વજ્ઞ છો તો મારા કલ્યાણરૂપ સાધનોને સિદ્ધ કરાવી પરીણામે પરમપદે સ્થાપશો એમાં કશુંજ આશ્ચર્ય નથી. આપ મારે માથે બિરાજી રહ્યા છો, જેથી નિર્ભય છું."

આ પ્રમાણેના આર્દ્ર વચનો ભાનુદેવના શ્રવણ કરી, પરમ કરૂણાળુ અને કૃપાના સાગર એવા તેના સદગુરૂ દીગંબરસ્વામિ બોલ્યા "હે મુમુક્ષુ દંપતિ માયાને જીતવાના ઉપાયરૂપ સાધનો રાજકુંવરિ પદ્મનીના લગ્ન પછી સિદ્ધ કરવા તમે સમર્થ થશો; અને એ ક્ષાત્રિય કન્યારૂપ લોઢાની લગડી તમે સ્પર્શકાન્તમણિરૂપમહામણિ હોવાથી, તમારા સ્પર્શથી તે લગડી તમારે પાલે પડી, વિપ્રના ધર્મ કર્મ આચરવા રૂપ શુદ્ધ સોટચના કુંદન સમાન બની જશે; અને તેને માળારૂપ બનાવી કંઠે શોભાવશો; માટે ધૈર્યને સેવો અને પ્રાપ્ત કર્તવ્યને કરો ? આટલું કહી મુનિ દીગંબરસ્વામી પોતાના શૈયાસને સીધાવ્યા અને દંપતિ તથા મેહેમાન પણ પોતપોતાને સ્થાને વિસર્જન થયા.

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે , હે રાજન્ હવે આપણો પણ નિદ્રાનો સમય થયો છે એટલે ચાલો કથા પ્રસંગ બંધ કરી નિદ્રા લઇએ એમ કરી બન્ને વીખુટા પડયા.

વર્ચસ્તમા તપસ્વી પોતાના શિષ્ય પ્રહર્ષને કેહે છે, " હે વત્સ, મહામાયા શક્તિ અને મહેશ ભગવાનના વાસ્તવિક સ્વરૂપને જે તને કથા પ્રસંગમાં સમજાવી શ્રવણ કરાવ્યું તેથી તને સમજાયું તો હશે કે મહામાયા શક્તી પ્રાણીને વિઘ્ન પોંહોચાડી તેનુ

અહિત કરતી નથી. પણ પ્રશ્ચાત પોતાની સત્તામાંથી પ્રાણીને બહાર કાઢી તેનું પરમ હિત કરવાની ખાતર તેને નાના પ્રકારના દુઃખ કર ભોગો ભોગવાવી તેના મળનો નાશ કરી, પરીણામે સત્વાંશની વૃદ્ધિપૂર્વક, પરમપદે સ્થાપવાઅર્થે શ્રીસાક્ષાત્ ઇશ્વરી પ્રાધાન્ય સત્તામાં લેઈ જઇ મુકે છે. માટે તે મહામાયા શકિત આત્મદર્શિઓને અત્યંત અનુકુળ છે. હે મુમુક્ષુ શિષ્ય આ કાળમાં પ્રાણીઓનો મોટો સમુદાય પોતાનો અજ્ઞાનરૂપિ હૃદયગ્રંથીનો નાશ કરી શકતો નથી તેથી તે મહામાયા શકિતને તે વિઘ્નકર્ત્તા ગણે છે. હે વત્સ સત્યાસત્યનો યથાસ્થિત વિચાર કરવાની શકિત માયાલુબ્ધ જે પ્રાણી નથી તેનામાં રહેલી છે. સ્વસ્વરૂપનો નિર્ણય અને માયા ઉપર જય કરનારજ સર્વત્ર બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા છે' એ અનુભવથી સિદ્ધ કરવા સમર્થ થાય છે. હે પ્રહર્ષ, જે પ્રાણી માયામાં લુબ્ધ છે. પૂત્ર પૌત્ર યશ, ધન, ધામ, ધરા, ઇત્યાદિ વીશે કેવલ જે આસકત છે. તેમજ માયામાં રહેલી પોતાની આસકતી દુર કરવાના ઉપાયને સાધવા જે યત્કીંચિત પણ યત્ન સેવતો નથી, જે પરમતત્વાને બીલકુલ જીજ્ઞાસુ નથી, તે અનધિકારિને માયા, અજ્ઞાન આવરણ વડે પોતાની અવિદ્યા માયાના ફલનો નિરંતર ભોકતા બનાવી રાખે છે અને આ સંસાર ચક્રની ધરી ઉપર તે અજ્ઞાનવશ જીવને જેમ પાણીનો રેંટ ફરે છે તેમ ફેરવ્યા કરે છે. હે તાત્, છાણના કીટને જેમ છાણમાં રેહેવું ગમે છે તેવી રીતે માયા લુબ્ધ પ્રાણીને આ સંસાર ચક્રમાં અટવાવુ પસંદ પડે છે માત્ર અનેક જન્મે સત્સંગથીજ તે પ્રાણી સદ્ગતિને પ્રાપ્ત કરે છે. આ વિષય ઉપર તને કાલે એક દ્દષ્ટાંત કહી સંભળાવીશ. પશ્ચાત તારા અંતરમાં, સ્પષ્ટ સમજાશે કે માયા લુબ્ધ પ્રાણી પોતાના સુકૃતનો નાશ કરે છે, એટલુંજ નહિં પણ અનેક મોક્ષના શુભ સાધનો તેને પ્રાપ્ત થવા છતાં તેનો પરિત્યાગ કરી વળીવળીને આ અસાર સંસાર ચક્રમાં અટવાવાનું પસંદ કરે છે. અર્થાત માયાલુબ્ધ જીવ સુકૃત એકલાનો નાશ કરે છે એ ઉપરાંત

અજ્ઞાનથી પોતાના આત્માનો પણ વિનાશ કરે છે એમ તું નિશ્ચે કરીને જાણ. માટે મહામાયા અને મહેશના વાસ્તવિક સ્વરૂપને જાણી, યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિદ્વારા માયા ઉપર વિજય મેળવી, અવિચળ સુખનો ભોક્તા થવા નિરંતર સદ્પુરૂષાર્થને કર ? હે વત્સ, હવે તમારા સર્વેનો નિદ્રા સમય થઇ ગયો છે માટે જાઓ શાંત ચિતે નિરામય નિદ્રાને પ્રાપ્ત થાઓ" ? આટલું કહી મુનિવર્યશ્રૂતમા ઉઠી પોતાના વ્યાઘ્રાંબરથી આચ્છાદિત કરેલા શૈયાસન ઉપર જઇ બિરાજ્યા, અને પ્રહર્ષ સર્વ વિદ્યાર્થિઓ સહીત પોતાના આસને ગયો. સર્વ વિદ્યાર્થિઓ સુઇ ગયા એટલે પોતે પણ આશ્રમના દ્વાર બંધ કરી નિદ્રાવશ થયો.

प्रकरण ५ मुं.

दैवी ह्येषा गुणमयी मममाया दुरत्यया
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते

(श्री म. भ. गी. अ ७.)

આ દૃશ્ય પ્રપંચરૂપ ત્રિગુણાત્મક જે દૈવિ માયા છે જે અતિ દુખે કરીને પણ તરાય નહિ તેવી દુસ્તર છે. પણ હે અર્જુન, જે મને પ્રાપ્ત કરે છે તે પ્રાણી તે માયાને તરિ પાર ઉતરવા સમર્થ થાય છે.

—તરંગ ૧ લો—

આ સર્વ શ્રીહરિની માયા છે.

બીજે દીવસે વખત થયો એટલે સર્વ વિદ્યાર્થિઓ પ્રતિ વૃત્તિ રાખી પશ્ચાત પ્રહર્ષને સંબોધીને, મુનિવર્ચસૂતમા તે પવિત્ર કથા પ્રસંગને નીચે પ્રમાણે શરૂ કરતા હવા.

વર્ચસૂતમા કહે છે "હે પ્રહર્ષ, બીજે દીવસે તે સિદ્ધેશ્વરાચાર્યે **'ममभाया'** પ્રભુ કહે છે કે મારી માયા છે અર્થાત્ આ સર્વ શ્રીહરિની માયા છે એ વીષય ઉપર પેલા ભાનુદેવનો વૃતાંત રાજા શૂભ્રકેતુને જે આગળ શ્રવણ કરાવ્યો તે તને આજે કહું તે તું એકાગ્રચિત્તે શ્રવણ કર ?

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે "હે રાજન, બીજે દીવસેથી દીગંબર સ્વામિએ કથા પ્રસંગ કેહેવાનું થોડા દીવસને માટે મુલતવી રાખ્યું અને ઉજયનકુમારી પદ્મની સાથે ભાનુદેવના લગ્ન કરવાની તૈયારીઓ કરવાની ચારૂશીલાને આજ્ઞા કરી. ઉજ્યનના રાજા સુમનસિંહ તરફથી ભાનુદેવની સર્વ માગણીઓનો અને કબુલતોનો સ્વીકાર થઇ ગયો હતો. જેથી માત્ર મુહુર્ત નક્કી કરી ભાનુદેવને ઉજ્યન જાન લેઈ પરણવાનુંજ

રહ્યું હતું. ભાનુદેવને ગુરૂઆજ્ઞાનું પાલન કરવામાં પૂર્ણ શ્રદ્ધા હતી અને તેથી દીગંબર સ્વામિના કેહેવા પ્રમાણે જાનૈયાની જાનની અને લગ્ન વિધિની સર્વ સામગ્રી પોતાની યથા શક્તિ કરવામાં પ્રવૃત રેહેવા લાગ્યો. તેમ ચારૂશીલા પણ ગુરૂઆજ્ઞા પ્રમાણે અત્યંત પ્રસન્નતાપૂર્વક સર્વ લગ્ન સાહિત્યોને તૈયાર કરવા લાગી, અને અંતરમાં એવા સદ્‌વીચારને સેવવા લાગી કે "ચાલો મારે તો પ્રજા હજી થઇ નથી પણ કદાચ મારી સહચરી પદ્મનીને થશે તોએ મારા પતિનું નામ તો રેહેશે ? ગુરૂ મહારાજ દિગંબર સ્વામિની સંપુર્ણ આજ્ઞાપૂર્વક આ કાર્ય કરવામાં આવે છે તો પરિણામે તેથી લેશ પણ હાની પોંહોચવાનો સંભવ નથી. પણ દૈવયોગે શોકય થઇ ઘરમાં આવે છે ને કદાચ માયાલુબ્ધ બની જઇ શોકયની ગરજ સારે તો તો અતિ અનર્થ ઉત્પન્ન થાય અને સર્વની અધો ગતિ થાય ? ના ના, પણ તેણે મારી પાસે સંપુર્ણ વિદ્યા પ્રાપ્ત કરી છે, ભણી ગણી વાસ્તવિક જ્ઞાનને પામી છે તો પછી તેમ તો મારી સાથે નજ કરે, એ મારી પુર્ણ ખાત્રી છે. પછી તેમ કરશે તો, એ જાણે, એના કર્મ ધર્મ જાણે અને ત્રીજો સાક્ષી ગુરૂ પરમાત્મા જાણે એમાં મારે શું ? અને પતિ દૈવયોગે-તેનામાં લુબ્ધ થશે અને પોતાનો સ્વધર્મ ભૂલી જઈ પોતાના સુકૃતોનો નાશ કરી, અધમ દશાને ભોગવશે તોપણ પરિ-ણામે દિગંબર સ્વામિના સત્સંગનું શૂભ ફલ મળ્યા વગર રહેનાર નથી એની પણ મારી પુર્ણ ખાત્રી છે." આ પ્રમાણે સ્રીસ્વભાવપરત્વે સંશયવિપર્યય વિચારો કરવા છતાં, ગુરૂ વચન અને ગુરૂકૃતિને ઇશ્વરના વચન અને ઈશ્વરની કૃતિ જે દ્રઢપણે માને છે તથા જેને ગુરૂમાં સંપુર્ણ શ્રદ્ધા રહેલી છે તેવી ચારૂશીલા, સર્વ લગ્નની તૈયાર કરી, રાજાએ લગ્નનો દીવસ નક્કી કરી કહેવરાવ્યો હતો, તે દીવસે સર્વ સગાંવહાલાં અને કુટુંબીઓની જાન લેઈ ભાનુદેવને પરણાવવા. વાજતે ગાજતે સપ્રેમ ઉજ્યન તરફ વિદાય થઇ. ગુરૂ દિગંબર સ્વામિ પણ ભાનુદેવ જોડે ઉજ્યન ગયા. અને

યથાવિધિ ભાનુદેવને તે રાજકુંવરિ પદ્મની સાથે પરણાવી, મોટા ઠાઠ માઠ અને લાખોરૂપીયાના દાયચા સાથે, એક પખવાડીયામાં સર્વ કાર્ય સિદ્ધ કરી પાછા ભાનુદેવ વીગેરે સર્વ જાનને લેઇ તે વીમળપુરીએ ઘેર આવ્યા. કન્યાની સાથે ભાનુદેવને વળી બક્ષીસમાં પચીસ ગામો પણ જાગીર તરીકે પ્રાપ્ત થયાં; અને ઘેર આવી ભાનુદેવ આનંદથી પદ્મની જોડે સંસાર ચલાવવા લાગ્યો. એમ કરતાં એકાદ માસ થયોએટલે ભાનુદેવ પદ્મનીના માયા પાશમાં ધીરે ધીરે સપડાવા લાગ્યો. ગુરૂ દીગંબર સ્વામિતો પદ્મનીના આગમન પછી માત્ર એકજ અઠવાડીઆમાં, તેઓનો રૂડે પ્રકારે ગૃહસ્થાશ્રમ ચાલતો જોઇ, અને ભાનુદેવ માયા લુબ્ધ થયો છે એમ જાણી, પોતાને આશ્રમે રવાને થઈ ગયા હતા. જેથી આ વખતે, તે ભાનુદેવની સંનિધમાં ન હતા; ભાનુદેવ એકલો પડ્યો અને મનસ્વીપણે સર્વ કર્મોને કરવા લાગ્યો. તેના મન ઉપરની ગુરૂરૂપી લગામ અત્યારે દુર થઈ હતી, જેથી પદ્મની જોડે રંગ વિલાસમાંજ દીવસનો અને રાત્રીનો ઘણો ખરો સમય વ્યતિત કરવા લાગ્યો. હે વત્સ, પછીતો આખો દીવસ અને રાત પદ્મનીનુજ મુખ જોઇ બેસી રહેવા લાગ્યો, અને ચારૂશીલાને એક દાસિ સમાન ગણવા લાગ્યો; હે તાત્, માયાએ તેના ઉપર એટલી બધી જાણી જોઇને, તેની કસોટી કરવાની ખાતર, અસર કરી દીધી, કે પદ્મની જેટલું પાણી પાય તેટલું તે પીવા લાગ્યો. પરમ તત્વવિદ અને સર્વજ્ઞ એવા તેના સદ્ગુરૂ દીગંબર સ્વામિએ, જાણીજોઇને તેની કસોટી કરવાની ખાતર, તથા તેને અનુભવે કરીને મહામાયાના વાસ્તવિક સ્વરૂપનો અનુભવ કરવાઅર્થે, પોતાના યોગબલથી આ માયા પ્રેરી હતી; જેથી ભાનુદેવની સ્થિતિ કેવળ માયાગ્રસિત બની ગઈ; અને માયા ઉપર ઉલટો જય મેળવવા જતાં 'બકરૂં કાઢતાં ઉંટ પેઠું' એ કહેવત પ્રમાણે માયાએ તેનાપર જય મેળવ્યો, એવીદશા થઇ. ચારૂશીલા બિચારિ અત્યંત સાધવિ અને પવિત્ર સતિ સ્ત્રી હતી. જેથી તે કોઇ કોઇ વાર નછુટકે ભાનુદેવને એટલા બધા માયા

લુબ્ધ ન થવાને બોધ આપવા જતી તો માર ખાતી અને એ પ્રમાણે ઐશ્વર્ય સ્મૃધિની ઘરમાં વૃદ્ધિ છતાં ચારૂશીલા અત્યંત આ વખતે દુઃખી અવસ્થામાં આવી પડી. વળી તેને એક પણ પ્રજા ઉત્પન્ન થઇ ન હતી જેથી રાત્રદિવસ પોતાના દુર્ભાગ્યનો પશ્ચાતાપ કરવા લાગી. અને નિરંતર પરમાત્મા પ્રાર્થના કરવા લાગી કે " હે ભગવન્ મને આ સંસારથી મુક્ત કર ? હવે મને આ સંસાર ઉપર છેક કંટાળો આવ્યો છે." આ પ્રમાણે પતિ પ્રતિકુળ વર્તન ચલાવતો હોવાથી, અને રાજકુંવરીના માયા પાશમાં સપડાઇ અનેક પ્રકારે પક્ષપાત કરી દુઃખ આપતો જોઇ, તે બિચારી રાત દિવસ અંતરમાં તપ્ત રહેતી હતી. આણી તરફ રાજકુંવરિ પદ્મનીતો ભાનુદેવના ઘરમાં પ્રવેશ કર્યો તેજ ક્ષણથી ભાનુદેવને હાવભાવ અને કામ કટાક્ષથી લુબ્ધ કરી, પોતાને વશ વર્ત્તાવા પ્રયત્ન કરતી હતી; અને તે પ્રયત્નમાં દોઢેક વર્ષમાં તે કેવળ સફળ થઈ હતી. તેને પેટે એક પુત્ર અને એક પૂત્રી થયાં હતાં, જેથી તેનું માન ઘરમાં અત્યંત વધી પડયું હતું. એમ કરતાં કરતાં ત્રણ વર્ષ થવા આવ્યાં એટલામાં ભાનુદેવતો 'બકરા જીજી તો કહે જીજી' એના જેવો થઇ ગયો. પદ્મનીનેજ જ્યાં ત્યાં જોવા લાગ્યો; એક ક્ષણ પણ પદ્મનીને છોડી બહાર જતો નહતો. રાત્રિએ પણ પદ્મની પાસેથી એક ક્ષણવાર પણ અળગો થતો ન હતો; તેમજ પદ્મની પણ પોતાના સ્વામી સમીપજ રેહેતી હતી; પણ તે પોતા ઉપર ચારૂશીલાએ કરેલા ઉપકારો ભુલી જઇ તેને શોકય સમાન ગણી તેને જરા પણ ભાનુદેવ પાસે જવા દેતી ન હતી એવી દ્વેશીલી હતી; તેમ ભાનુદેવ પણ ચારૂશીલાને બોલાવતો ન હતો, એવી માયાએ ભાનુદેવના ઉપર કારમી અસર કરી હતી; આ પ્રમાણે પદ્મનીએ ભાનુદેવને અત્યંત માયાવશ બનાવ્યો હતો, અને તેથી અત્યારે તે પોતાનું જ્ઞાન ભાન તથા પ્રથમ જે નિત્યકર્મ કરતો હતો તે સ્વસ્વરૂપનું જ્ઞાન કીંવા પ્રથમના સદ્‌વિચાર સર્વ ભુલી ગયો હતો. અને છેવટે સ્વધર્મ ચુકી અધર્મ આચરવાની અણી ઉપર આવવાની દશા સુધી પોહોચવાની

તૈયારીમાં હતો; ચારૂશીલા પણ આ વખતે અતિ દુઃખી જીંદગી ગાળતી હતી. જો કે તેની યુવાવસ્થા હતી તોપણ વૃદ્ધની પેઠે મરણના આદરપૂર્વક પોતાના સદગુરૂનું, અને શ્રીહરિનું નિરંતર સ્મરણ કર્યા કરતી હતી; અને યથાશક્તિ પોતાના સ્વધર્મનું પાલન કરી પતિ સેવા કરી પ્રસન્ન રહેતી હતી. તે સતિ સ્ત્રીના અંતરમાં, આટલું પોતાને દુઃખ છતાં દ્રઢ શ્રદ્ધા હતી કે 'ગુરૂ દિગંબર સ્વામિ અધમોદ્ધારણ અને કૃપાના સાગર છે તો જ્યારે ત્યારે પતિને ડુબતાં ડુબતાં પણ નિશ્ચે આવીને તારશે ' ભાનુદેવતો પદ્મનીના પ્યારમાં તલ્લીન બની ગયો હતો જેથી આ વાતનું તેને ભાનજ ન હતું; તેમજ તેણે સદગુરૂ અને તેમનો દર્શાવેલો ક્રમ તથા પોતાનું નિત્યકર્મ વીગેરે સર્વ સત્ક્રીયા રૂપ વાસ્તવિક પ્રવૃત્તિને પણ અત્યારે કોરાણે મુકી હતી. માયાવિ પદાર્થોમાં આ વખતે છેકજ આસકત થઈ ગયો હતો, જેથી સદગુરૂ દિગંબર સ્વામિનું તેને જરા પણ ભાન રહ્યું ન હતું. તેઓ એક ક્ષણ વાર પણ દીવસ કે રાત્રિએ યાદ આવતા ન હતા. આવી છેક અધમ દશાને પ્રાપ્ત થઇ. ભાનુદેવ અસત્ય પ્રવૃતિમાં પડી ગયો હતો. એક દીવસના સમાયોગે દીગંબર સ્વામિએ પોતાના યોગબલથી આ સર્વ હકીગત જાણી પશ્ચાત વિચાર કર્યો કે 'હવે તે જરૂર પોતાના સર્વ સુકૃતોનો નાશ કરી બેસશે અને સ્વધર્મ ભુલી જઇ અધર્મમાં પ્રવૃતિ કરશે. માટે ચાલ તેની પાસે જઇ તેને માયાનું સ્વરૂપ પુરેપુરૂં બતાવી પશ્ચાત તેને બચવાના ઉપાયરૂપ માર્ગને દર્શાવી, મારો ગુરૂધર્મ બજાવું. તેમજ તેની પવિત્ર સ્ત્રી ચારૂશીલાની દશાને પણ સુધારૂં એમ સહજ સતસંગનુ પણ ફલ ચખાડું ? આવો વિચાર કરી હે રાજન પાછા તે દિગંબર સ્વામિ, ભાનુદેવના આ લગ્નને એક હજાર દિવસ અર્થાત ત્રણ વર્ષ વીતી ગયા, એટલે ભાનુદેવના આશ્રમે એક દીવસે પ્રાતઃકાળમાંજ પધાર્યા જેવા પધાર્યા તેવા સતિ ચારૂશીલાએ તેમને અતિ પુજ્ય બુદ્ધિથી સંપુર્ણ સન્માન પૂર્વક આસન ઉપર બેસાડયા, અને વિનય અને મર્યાદા સહીત

સપ્રેમ સાષ્ટાંગ કરી, પાસે બેસી કહેવા લાગી, "હે ભગવન્ આપ અમારા ઉપર અનુગ્રહ કરી પધાર્યા તે અત્યંત ઠીક કર્યું, નહિં તો આપશ્રી કહેતા હતા તેજ પ્રમાણે માયાએ તમારા શિષ્ય ઉપર આ રાજકુંવરિ પરણ્યા પછી અત્યંત અવિહિત અને કારમી અસર કરી દીધી છે. કોણ જાણે આપનું પ્રાપ્ત કરાવેલું સર્વ તેમનું જ્ઞાન આ સમયે કયાં જતું રહ્યું તેની મને સુઝ પડતી નથી. હે ભવાભવના પિતા, હવે આ માયાાવ સંસારમાં મુંઝાઉ છું; મારા મનથી તો હવે આ અસાર સંસારથી જલ્દી છુટાય તેમ ચ્હાઉં છુ, પછી કર્ત્તા હર્તા તો આપશ્રી ઇષ્ટ છો. જુઓને આપશ્રી જયાં સુધી અમારી સંનિધ હતા, ત્યાં સુધી તેઓ પ્રાતઃકાળમાં બ્રાહ્મ મૂહુર્તે સુતાઉઠી શૌચસ્નાન ધ્યાન ઇત્યાદિ પોતાનું સર્વ નિત્યકર્મ કરતા, અને હવેતો તે પદ્મનીના શયનગૃહેથી આવતાં સહવારે નવ વગાડે છે. ત્યાર પછી શૌચ અને સ્નાન કરે છે બાકી સંધ્યા જાપ ઇત્યાદિ નિત્યકર્મમાં માત્ર પદ્મની અને ધ્યાન પણ પદ્મનીનુંજ સતત સર્વ ક્રિયામાં કરે છે. જેથી હરિગુરૂ સંતના ધ્યાનથી વિમુખ બની, સર્વ અસદ્ પ્રવૃતિ તેઓ કરે છે. જેમાં હવે કશુંજ કહેવા પણ નથી. હે ભગવન્, આપ અમારા ઈષ્ટ શ્રી સદગુરૂ છો અને તેથી આ જગતમાં આપનેજ અમે ઇશ્વર માની વહન કરીએ છીએ આપનીજ સેવાને સ્વીકારીએ છીએ માટે હે ગુરો, અમને સર્વને માયા પાશથી છોડાવી, ચતુર્વિધ આશ્રમો અને પુરૂષાર્થને સિદ્ધ કરાવી, આપ શ્રી ઇષ્ટના સાક્ષાત્કાર દ્વારા પરમપદને પ્રાપ્ત કરાવો એજ આશીશૂની અંતિમ વિજ્ઞપ્તિ છે.

ઉપર પ્રમાણેની ચારૂશીલાની નમ્ર પ્રાર્થના શ્રવણ કરી અતિપ્રસન્ન અને કરૂણાળુ એવા તેના ગુરૂ દીગંબર સ્વામિ તેને આશ્વાસન આપી કહેવા લાગ્યા " હે સાધવિ તેં માયા ઉપર યથાર્થ જય મેળવી તારા સ્વસ્વરૂપનો અત્યારસુધી લક્ષ દઢ રાખ્યો છે ને તું માયાવશ થઇ નથી, તેથી તારી ભાનુદેવના પેહેલાં સદગતિ થનારી છે એમ તું હે બેટા નિશ્ચે કરીને જાણુજે ? ભાનુદેવ મારી યોગબળની સિદ્ધથી માયા લૂપ્ધ થયો

છે એટલે તેજ યોગબલથી પાછો માયાપાશમાંથી છુટી જશે માટે તું ચિંતા કરીશ નહિં. હે સુકુલવતિ, આજથીજ ભાનુદેવનું હૈયું ઠેકાણે શ્રીઇષ્ટ ઈચ્છાતો આવી જશે તું દુઃખી થઈશ નહિં. તેમજ પદ્મની પણ સર્વ સાર વસ્તુને ગ્રહણ કરનારી થશે તેપણ લક્ષમાં રાખજે. હે પુત્રી તારા ઉપર જેટલી સત્તા તેણે જમાવી છે તે કરતાં બમણી સત્તા તારી તેના ઉપર થશે. અરે એટલુંજ નહિં પણ તે જાતે અંતરથી પ્રેમ પૂર્વક તને ગુરૂમાની, તારી સેવા કરવાની અભ્યાસિ થશે; અને તેમ થતાં તે પણ સત્યસ્વરૂપના જ્ઞાનદ્વારા પરમ પદની અધિકારી થશે. માટે હે પવિત્ર સતિ, તું વૃથા ચિંતાને સેવીશ નહીં. હવે વૃથા અંતરમાં પતિ તરફથી દગ્ધ વા તપ્ત રહીશ નહિં. જે થાય છે તે સર્વ તમારા બન્નેના કલ્યાણનો હેતુ છે એમ પુર્ણ શ્રદ્ધા રાખી ઇષ્ટસ્મરણ પુર્વક તારી પ્રસન્નતાને જાળવી રાખવા યત્ન કરજે ? આવાં હીંમત ભરેલાં અને અતિ કલ્યાણકારી વિવેકી, અને સત્ય વચનો ગુરૂ દીગંબરના સાંભળી, ચારૂશીલા પુનઃપુન ચરણમાં સાષ્ટાંગ કરવા લાગી, અને કહેવા લાગીકે ભગવન, તથાસ્તુ, આપ શ્રી અ સ્થિતિ કરો અને અમો જે આપના દીન શીશુઓ, તેને ભવસાગરથી ડુબતાં તારવા કૃપા કરો'' આટલું કહી તે વાકયો પુરાં કરે છે, એટલામાં ભાનુદેવ, પદ્મનીના શયનગૃહમાંથી નીકળી આંખો ચોળતો ચોળતો નીચે આવ્યો અને જરા બરાબર સચેત થયો કે તરતજ તેની દૃષ્ટિ ત્યાં બેઠેલા પોતાના સદ્દગુરૂ દીગંબર સ્વામી ઉપર પડી. હેતાત, બ્રહ્મ તેજ આગળ માયાનું તેજ સ્વભાવિક રીતે ઝાંખુ પડે છે. બ્રહ્મ તેજના દીવ્ય અને અદ્દભુત પ્રકાશ આગળ માયાનો પ્રકાશ જેમ સૂર્યના પ્રકાશ આગળ દીવાનો પ્રકાશ ગોણ જણાય છે તેવી રીતે ગોણ થઇ જાય છે; જેથી રાજકુમારિ પદ્મનીના લગ્ન પછી અતિ વૈભવ અને ઐશ્વર્યયુક્ત માયાવડે કરીને જો કે ભાનુદેવ ગર્વિષ્ટ થયો હતો, છતાં આ પરમયોગી તેમજ તત્વવિદઅને સાક્ષાત્કાર કરેલો છે જેણે એવા સર્વજ્ઞ મહાત્મા

ગુરૂ દીગંબર સ્વામિના, બ્રહ્મરંધ્ર ઉપર પડતા અદ્દભુત ચૈતન્યના વર્ચસ્ આગળ તે બીલકુલ તેમને જોતાં ગર્વહીન બની ગયો, અને એકદમ ગ્લાની યુક્ત, દીન ચેહેરે સવિનય સાષ્ટાંગ કરી પશ્ચાત્ હાથ જોડી, નમ્રતાથી પુછવા લાગ્યો કે "હે ભગવન્, આજ ત્રણ વર્ષે આપે એકાએક પધારિ આ શીશુનો આશ્રમ પાવન કર્યો તેનું શું કારણ ?" દીગંબર સ્વામિ કહે છે "હે વત્સ ! તેનું કારણ એટલુંજ કે તું અસાવધાનતા સેવવા લાગ્યો; જેથી તને પાછો ઠેકાણે લાવવાની ખાતર મારે આવવું પડયું છે. હે ભાનુદેવ, તને એમ વિચાર ન આવ્યો કે આ સર્વ શ્રીહરિની માયા છે, તોપછી તે માયાને મારી માની આવો તેમાં વૃથા ફસું છું તે મારૂં હિતકર્ત્તા કે છે અહિતકર્ત્તા છે. હે શિષ્ય, માયાનો પાશ કેવો કારમો છે, તેનું હવે તને સ્પષ્ટ ભાન થયું હશે ને હજી થશે. હે મુમુક્ષુ શિષ્ય, તને માયાનું સ્વરૂપ અને માયાને બચવાના ઉપાયો બતાવી, તે માયાના પાશમાંથી છોડવવાઅર્થેજ ખાસ મારૂં આગમન થયું છે અને એ પુનઃ હું તને જણાવું છું માટે તે તું નિશ્ચે કરીને જાણજે ? હે વત્સ, જો હું આ વખતે આવી તારા કલ્યાણનો માર્ગ ન બતાવું, તો મારા ગુરૂધર્મને અતિદોષ લાગે અને તું કુમાર્ગગામી બની જાય, માટે હવે જો તું મારી ઇચ્છા પ્રમાણે વર્ત્તન નહિં કરે તો તારા શિષ્યધર્મને કલંક લાગશે, અને પરિણામે ગુરૂદ્રોહી કરતાં પણ છેક અધમ થઇ, મારો શાપીત બની જઈ અધોગતિને પ્રાપ્ત થઇશ એ છેલ્લા બે બોલ તને કહું છું.

આ મારી છેલ્લી ફરજ સમજી તને ચેતાવું છું, એમ તું તારા અંતરમાં ખાત્રીપૂર્વક માનજે. હવે તારૂં વય ચાળીશ વર્ષનું થઇ ગયું છે, અને પાંચ સાત વર્ષ પછી વનમાં પ્રવેશ કરીશ. ત્યાં સુધીમાં આ ગૃહસ્થાશ્રમને તારે સિદ્ધ કરવાનો છે. માટે તેટલી ટુંકી મુદત દરમ્યાન, જો તું મારા કહેવા પ્રમાણે, તારા પ્રાપ્ત ધર્મ કર્મને સાચવી, સદાચારથી આ આશ્રમને નહીં સંભાળે, તો તે આશ્રમ સિદ્ધ કરવા તું સમર્થ થનાર નથી. અને ગૃહસ્થાશ્રમ

સિદ્ધ કર્યા વગર અન્ય આશ્રમોનો પણ અધિકારી થનાર નથી; એમ અનધિકારી થતાં ચતુર્થાશ્રમની પણ સિદ્ધિ નહીં થાય અને જ્યાં સુધી તે સર્વ આશ્રમો સિદ્ધ નહિં કરે, ત્યાં સુધી તને કદી કાળે પણ પરીણામે મોક્ષ મળનાર નથી, એ તું નિઃસંશય જાણજે ?” આ પ્રમાણેના વચન શ્રવણ કરતાંની સાથે, જેમ કોઇ થપડ મારવાથી વીંછી ઉતરી જાય, તેમ ભાનુદેવ એકદમ થોડી-કવાર હૃદયશૂન્ય થઈ જઈ, પશ્ચાત્ તે તત્કાળ સહૃદય બની ગયો. સ્વામીના વાક્યપ્રહારરૂપી થપડથી તેને ચડેલો માયારૂપી વીંછી ઉતરી ગયો. જેમ સૂર્યનો પ્રકાશ થતાં તિમિર તત્કાળ નાશ પામે છે, તેવી રીતે ભાનુદેવના હૃદયમાં માયાનો છવાએલો અંધકાર, ગુરૂમહારાજના જાજ્વલ્યમાન વચનોરૂપી સૂર્યના પ્રકાશથી સત્વર નાશ પામ્યો. જેથી ચરણમાં ભાનુદેવ ઢળી પડ્યો અને દીગંબર સ્વામિના પગ ચાંપવા લાગ્યો, પછી પુર્ણ પશ્ચાતાપથી કહેવા લાગ્યો કે “હે ગુરો, હું અધમ માયા પાશમાં ફસાવાથી આપને તદન ભુલીગયો. હે પ્રભો, આપ કહેતા હતા તેજ પ્રમાણે થયું. હે ભગવન્, હવે તો માયાથી બચવાના ઉપાય રૂપ સાધનને બતાવી એથી બચાવો ? પાહીમામ્ પાહીમામ્ દીનશીશુનું રક્ષણ કરો ? ભવસાગરથી ડુબતો તેને તારો ? હે ગુરો, માયાએ મને ખરેખરો સપડાવ્યો છે, ફસાવ્યો છે, ભૂલાવ્યો છે, હવે મારી કસોટી પુર્ણ થઇ છે. એ બધી આપની માયાએ કર્યું છે; હવે આ માયાનો તાપ મારાથી જીરવી શકાય તેમ નથી; માટે હે ગુરૂદેવ, તેનાથી મુક્ત કરી સુખી કરો ? હવે મને સમજાયું કે ખરેખર આ સંસારના જીવો મારૂંતારૂં કરી માયાને પોતાની ગણી તેમાં પચી રહી નર્કનો કીડો જેમ નર્કમાં શમાય, તેની પેઠે માયાથી ઉત્પન્ન થઇ માયામાં શમાય છે, અને આ સંસારના માયાચક્રમાં અટવાયાં કરે છે એમાં લેશ પણ સંશય નથી. મારા જેવા ગુરૂમુખી અને સ્વધર્માચર્ણી પુરૂષને, માયાએ ત્રણ વરસમાંસત્યસ્વરૂપના વિચારથી, સમભાવથી અને સત્યજ્ઞાન ઇત્યાદિ સદગુણથી

વિમુખ બનાવી, મોહ મમત્વ અજ્ઞાન આવણુ ઈત્યાદિ દુર્ગુણયુક્ત કરી દીધો, તો લાંબોકાળ માયાગ્રસ્ત રેહેનાર સ્વધર્માચર્ણી પુરૂષ, સ્વધર્મ ત્યજી અધર્મી બની જાય, એમાં કશુંજ આશ્ચર્ય નથી. હે કરૂણાળુ પિતા, આ ભવસિંધુમાં ડુબતાં ડુબતાં પણ તારવાની ખાતર આપ સમર્થ સદગુરૂએ આ આપના અધમ શીશુને ત્યાં પધારી અનુગ્રહ કરવા કૃપા કરી એ આપનો શીશુ ઉપર અનહદ ઉપકાર થયો છે; હે ભગવન્, આપના અનંત ઉપકારનો બદલો આ બાળક કોઇ રીતે, વાળી શકવા સમર્થ નથી, આપશ્રી ઇષ્ટ તેના નેતા છો, ત્રાતા છો, તેમજ તેના સર્વ રીષ્ટો અને કષ્ટોને હરનારા, શાંતિ અને અભયના દાતા છો." ભાનુદેવના પૂર્વોક્ત વચનો શ્રવણ કરી સ્વામી કેહેવા લાગ્યા "હે વત્સ, તું આ સર્વ માયા તારી પોતાની સમજે છે તે એક તારી મોટી ભૂલ છે. હે તાત્, માયા તારી નથી પણ તે શ્રી હરિની છે; અરે તે ત્રણ કાળમાં પણ કોઈની થઇ નથી, થવાની નથી તો શું તે તારી થશે ? નહીંજ. હે બેટા, તે માયા ઉપર જય મેળવવો એ અતિ દુર્ઘટ છે એ વાત તને સ્પષ્ટ થઇ હશે. હવે તે માયાના સ્વરૂપને ઓળખવા તું સમર્થ થઇ શકીશ. તું માયાને મારી મારી કરી અત્યાર સુધી તેને આધીન વર્ત્યો, તેથી તારે હવે મારી સાથે દશાટનઅર્થે એકાદ બે વર્ષ ફરવું પડશે; પશ્ચાત તે માયાની અસર તારામાંથી જતી રેહેશે ત્યારે, તે માયાથી બચવારૂપ સાધનને તું પ્રાપ્ત કરી શકીશ; પણ દેશાટનમાં તું તારી જોડે તારી સ્ત્રીઓ અગર તો કોઇ પણ વ્યક્તિ લેઇ શકીશ નહી, જ્યાં જ્યાં જવાનું થશે ત્યાં ત્યાં હું અને તું સિવાય અન્ય કોઇ સાથે રાખવાનું નથી. એક નોકર સુદ્ધાં પણ જોડે રાખવા દેવામાં નહીં આવે; સર્વ કામ મારે તારે બન્નેને હાથે કરવું પડશે. માટે હે વત્સ, તું જે દીવસે દેશાટન અર્થે નિકળવાનું નક્કી કરે, તે દિવસે સર્વ ઘર જમીન જાગીર ઇત્યાદિ તમામ જળોજથા આ સાધવિ ચારૂશીલાને સોંપી, પદ્મનીને પણ તેણીની દેખરેખ તળે રાખી, અગર પીયેર વળાવી, પશ્ચાત

મારી સાથે તારે નીકળી પડવાનું છે તે તું અવશ્ય જાણજે ? પણ જો આ મારી વાતનો અમલ કરતાં તને એક માસથી જાદે મુદત વીતશે, તો પછી તે વાત અટકી જશે, અને તારા કલ્યાણ રૂપ માર્ગની પ્રાપ્તિમાં આગળ ઉપર મોટું વિઘ્ન નડશે. પછી તે વિઘ્ન ટાળવા માટે, કોઇ પણ ઉપાય તારે માટે રહેશે નહીં" આ સાંભળી ભાનુદેવ બે હાથ જોડી કેહેવા લાગ્યો, " હે ભગવન્, મને દેશાટન કરવાનુ ઘણું પ્રિય છે, માટે મને આવવા કોઇ પ્રકારે અડચણ નથી; આપ જે જે આજ્ઞા કરશો તે તે સર્વ પાલન કરવાનો મારો ધર્મ છે. " આટલું કહી ભાનુદેવ શૌચ સ્નાન ઇત્યાદિથી નિવૃત થએલો નહીં હોવાથી, દીગંબર સ્વામી સંયમક્રિયા કરવા પૂજનગ્રહમાં બિરાજ્યા, એટલે ગુરૂની પગચંપીનું કાર્ય મુકી દઈ, શૌચ સ્નાનાદિકઅર્થે ચાલ્યો ગયો; ચારૂશીલા તથા પદ્મની બન્ને ગૃહકાર્યમાં પડયાં. આજે ગુરૂ દીગંબર સ્વામી ભાનુદેવને આશ્રમે પધારેલા, તેની શુભ અસર ઘરમાં એવી થઇ ગઈ હતી, કે રંગવિલાસ વીગેરે માયાવિ મોજમજા બધી, કોણ જાણે કયાં વિલાઇ ગઇ, અને સર્વ પોતપોતાના કર્ત્તવ્યનો વીવેકપૂર્વક સુવિચાર કરી, યથા વ્યહવારને ઈષ્ટસ્મરણપૂર્વક કરવા લાગ્યાં. ભાનુદેવના ઘરનો રંગ એકદમ ફરી ગયો. ઘરમાં જ્યાં રજો તમો ગુણની પ્રધાન સતા અને સાત્વીકની ગૌણ સત્તા ચાલતી હતી, તે બદલાઇ જઇ સત્વાંશનો ઉદય થયો. રજો તમો ગુણનો પ્રભાવ મટી ગયો અને સર્વનામાં શાંતિ પ્રસરી જ્ઞાનદષ્ટિનું ભાન થવા લાગ્યું. ચારૂશીલા અને પદ્મની, ગુરૂમહારાજ દીગંબર સ્વામિ પધારેલા હોવાથી, ગુરૂને થાળ ધરાવવાની સામગ્રી તૈયાર કરવામાં ગુંથાઇ ગઈ હતી. ચારૂશીલા જાતે સર્વ રસોઇ કરવા પ્રવૃત થઇ હતી, અને પદ્મની, ઉપરનું સર્વ સાહિત્ય આપતી હતી. પદ્મની માયિક પ્રવૃતિવાળી હોવાથી, સાહિત્ય આપતે આપતે સંશય વિપર્યય કરવા લાગી કે ' આજથી ચારૂશીલાની સેવા કરવાનો મારે સમય આવ્યો. અત્યાર સુધી હું પટરાણી હતી, હવે આજથી

તે પટરાણી થઈ છે. અરે પણ જો પતિ દેશાટનઅર્થે જાય, તો પછી મારે પીયરે શું કામ જઈ ન રહેવું, કે તે ચારૂશીલાના હાથ તળે રહેવું ? અરે પણ કદાચ તેઓ પીએર ન મોકલે, તો પછી ચારૂશીલાની દેખરેખ તળે રહ્યા સિવાય કંઇ છુટકો છે ? પણ હું ક્ષત્રીકન્યા થઇ એ બ્રાહ્મણની કન્યાનું ઉપરીપણું સ્વીકારૂં તે નહિં બને ? હું પતિને સ્પષ્ટ કહીશ કે મારાથી તેને આધીન અને તેના ઉપરીપણા નીચે નહિં રેહેવાય. જો મને અહીં રાખવી હોય તો બીજો બંદોબસ્ત કરી જાઓ, નહિંતો પીએર વળાવો, મારે રેહેવું નથી. અરે પણ નહિં નહિં, પદ્મની, એતો તારો કેવળ કુતર્ક છે. ચારૂશીલા તો તારો વિદ્યાગુરૂ છે. તેના સ્વભાવની તું ઘણા લાંબા વખતથી માહિતગાર છે. અને તું ખાત્રીપૂર્વક જાણે છે કે તે બિચારી પવિત્ર અને સાધવિ પતિવૃતા વિદ્વાન્ વિપ્રકન્યા છે; વળી ઉચ્ચપદની અધિકારી છે. તેનું ઉપરીપણું તારા ઉપર રેહેશે તો તેમાં કશુંજ ખોટું નથી; કારણ કે તે સ્વધર્માચર્ણી અને અનેક સદ્ગુણસંપન્ન વિદુષિ સ્ત્રી છે. તો તેની સતાનો ગેર ઉપયોગ કરી, પતિ ભાનુદેવની ગેરહાજરીમાં તને કોઇ વાતે તે દુઃખી કરે, તેવો સ્વપ્ને પણ સંભવ જણાતો નથી. પછી કદાચ તેં રાંડે તેને પતિથી વિમુખ કરાવી, અત્યાર સુધી અતિ દુઃખી કરી છે, તેથી વૈર રાખી પીડે તો પ્રભુ જાણે ? ના ના ! પણ તે સંપૂર્ણ સમદર્શી અને રાગદ્વેષરહિત શાંતિની પરમ સાત્વીક પુતળી છે. જેથી તેનામાં રાગદ્વેષ લેશ પણ હોવો સંભવતો નથી. આ તારા સંશય વિપર્યય બધા વૃથા છે. અરે પદ્મા, તું તેના શીક્ષણથી જો કેટલી હુંશીયાર બની છું. અરે હજી તેની સેવા સ્વીકારી પ્રસન્નતાપૂર્વક શીખવા માગીશ, તો ભવિષ્યમાં કેવી કેળવાઈ તારી જીંદગી સુખી કરીશ, તે કહી શકાતું નથી; માટે ખોટા તારા તર્કવિતર્ક કરવા મુકી દઈ તારા પ્રાપ્ત કર્મધર્મને આચર ? ” આ પ્રમાણે પદ્મની પોતાના અંતઃકરણ સાથે નિશ્ચય કરી, રાગદ્વેષ રહિત પ્રવૃતિ કરવા લાગી, અને ગુરૂસેવામાં તત્પર જણાવા લાગી.

ગુરૂ દીગંબર સ્વામીના પ્રભાવથી, થોડા કલાકમાંજ એવો ચમત્કાર થઇ ગયો, કે ઘરકાર્યભાર સર્વ સરળતાથી ચાલવા લાગ્યો. રાત્રિ પડી એટલે ભાનુદેવ તેની બન્ને સ્ત્રીઓ સહીત પ્રથમની પેઠે ગુરૂ મુખે કથાવાર્ત્તા શ્રવણ કરવા અર્થે, સપ્રેમ નિત્યનિયમ પ્રમાણે સાષ્ટાંગ કરી બેસવાના અભ્યાસ વાળો પાછો થયો. જેથી નિયમીત, સમયે આવી ગુરૂને કેહેવા લાગ્યો, " હે ભગવન્ સર્વ શ્રી હરિની માયા છે, એજે આપે કહ્યું તે યથાર્થ રીતે શીશુને સમજાવવા કૃપા કરો ?

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે " હે રાજન્, પશ્ચાત કૃપાના સાગર એવા ગુરૂ દીગંબર સ્વામિ, ભાનુદેવને નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

દીગંબર સ્વામિ કહે છે " હે વત્સ, આ સર્વ માયા શ્રી હરિની છે એમાં જરા પણ સંશય નથી. માયા કોઇની નથી અને થશે પણ નહિં તેતું નિશ્ચેકરીને જાણ હે તાત્, તે માયા એટલી બધી ભયંકર છે, કે પ્રાણીને તત્કાળ મોહ ઉપજાવ્યા વિના રહેતી નથી. પછી જ્યાં મોહની ઉત્પતિ થઇ, એટલે પ્રાણી પોતાના સ્વસ્વરૂપનો વિચાર ભૂલી જાય છે. તે શ્રીહરિની સત્તા માયા,-શકિત એવી છે કે જેમાં વિધી તથા નિષેધ એ બે પ્રકાર રહેલા છે. અને તે માયા-સત્તા-શક્તિ પોતેજ પોતાના આત્માને અનેક રૂપે ફેલાવે છે. પ્રાણીને તે માયાનો અનુભવ, અવિદ્યા અનાદિ તથા આદી સ્વરૂપે થાય છે. હે વત્સ, આ સ્વર્ગ મૃત્યુ પાતાલ જો ચિદાકાશના એક વિલાસરૂપ ન હોય તો મહાપ્રલય વખતે જેનો સમૂળગો નાશ થયો છે, એવા પદાર્થો પાછા શીરીતે ઉત્પન્ન થયા. આ પંચ તત્વ, પૃથ્વી પાણી આકાશ તેજ અને વાયુ, તેમજ અગ્નિ વાયુ અને પૃથ્વી એ સઘળાંની સત્તા, પાછી શીરીતે ઉદય પામી ? માટે આ જગતનું સ્વરૂપ, હે બેટા એ ચિદાકાશ બ્રહ્મની છાયા-માયા-ચિતિશક્તિના સ્વભાવિક વિલાસનું પરિણામ છે, તે વિના બીજું કંઈ પણ નથી. હે મુમુક્ષુ દંપતિ, વિદ્વાન પુરૂષોતો જ્ઞાનદૃષ્ટિથી જોયેલી, કીંવા અનુભવેલી વસ્તુને સારરૂપ સમજે છે. હે વત્સ, જેમ પવનની લહરિની

શોભા આપણને પ્રતિત થાય છે, તેવી રીતે શૂદ્ધજ્ઞાનસ્વરૂપ બ્રહ્મસત્તા પણ પોતાની ચિતિશક્તિવડે સ્ફુર્ણને પામી, જગત સ્વરૂપે પ્રાણીને જણાય છે. માટે આ જગત તે એક તે સતાનોજ વિલાસ છે, કે જે સત્તા પરબ્રહ્મની છાયા રૂપ છે. એ છાયા –માયા, શકિત પ્રાણીને બે રૂપે પ્રતિત થાય છે. એક અવિદ્યા અને બીજી વિદ્યા. અવિદ્યા તે મલિનસત્વા છે અને વિદ્યા છે તે શૂદ્ધસત્વા કહેવાય છે. શૂદ્ધસત્વામાયા તો વિષિષ્ઠ ચૈતન્યથીજ આવ્રત રહેલી છે. અને અવિદ્યા જે મલિનસત્વા છે, તે તો ચિદાકાશના વિલાસરૂપિ હોવાથી, બ્રહ્મસત્તા એટલે તે શૂદ્ધ સત્તાની ચિતિશક્તિવડે, સ્પુર્તિને પામી વિશ્વસ્વરૂપ બનેલી છે. એટલે તે વિશ્વપતિ સિવાય અન્ય કોઇનીજ નથી. હે પ્રિય શિષ્ય, વિપશ્ચિત જેવા મહાન રાજાઓ અનેક યત્ન કર્યા છતાં, પણ તે મલિનસત્વાઅવિદ્યાનો નિર્ણય કરી શકયા ન હતા, તો આ લોકના જીવો તે કોણમાત્ર ? ”

આ વચનો શ્રવણ કરી, ભાનુદેવ બે હાથ જોડી, દીનપણે શંકાયુક્ત થઇ કેહેવા લાગ્યો “ હે ભગવન્, ત્યારે મારાજેવા અધમનું તો તે અવિદ્યા માયા ઉપર જય મેળવવાનું શું ગજું ? કારણ કે આપ કહોછો કે તે માયા સાક્ષાત્ શ્રીહરિ સીવાય અન્ય કોઇની નથી, તો તે અવિદ્યા ટાળવાનો ઉપાય પ્રભુ ખરે ખર હવેતો દર્શાવા દાસ ઉપર અનુગ્રહ કરો ? નહિંતો મને હવે ભય લાગે છે, કે તે અવિદ્યામાયા મારૂં જીવન બગાડશે. આરે આવેલું વહાણ ડુબાવશે અને એરીતે ઘડ્યું સોનું ધૂળમાં ગયા જેવું થશે ”

આ સાંભળી, હે રાજન, પશ્ચાત દીગંબર સ્વામી ભાનુદેવને કહેવા લાગ્યા, “ હે તાત્ આપણે દેશાટનઅર્થે નિકળીશું ત્યાં તને એનો ઉપાય પ્રાપ્ત થશે. અવિદ્યાનું યથાર્થ સ્વરૂપ દેશ કાળ વડે જણાય છે. પશ્ચાત ‘ અવિદ્યા અસત્ય છે ’ એમ સત્ય થતાં અવિદ્યામાંથી નીકળી, શુધ સત્વા પ્રકૃતિમાં તે પ્રાણી પ્રવેશે છે. હે તાત્ દેશાટનમાં જે કથા તને કહેવામાં આવશે

તેનાથી તું માયાના તત્વસ્વરૂપને જાણીશ, જેથી ક્રમે ક્રમે તારી અવિદ્યાનો નાશ થશે. હમણાં તો અવિદ્યાનું સ્વરૂપ મિથ્યા છતાં પણ તને ભ્રાંતિથી સત્ય સમજાતું હશે, અને તેથી આ વિયોગમાં અને દેશાટનમાં બ્રહ્મચર્ય પાળી અનેક કષ્ટસાધ્ય તિર્થયાત્રા કરવાની ઉપાધીથી, પણ તને કદાચ કંટાળો આવતો હશે. પણ હે તાત્, એ વિદ્યાઅવિદ્યારૂપ માયા શક્તિ તે બ્રહ્મની હોવાથી બ્રહ્મસ્વરૂપજ છે. અન્ય કશુંજ નથી. માત્ર અજ્ઞાને કરીનેજ તે બ્રહ્મથી ભિન્ન જોવામાં આવે છે; બાકી વાસ્તવિક રીતે જોતાં તે માયા બ્રહ્મમયજ છે; હે વત્સ્, તે માયા શ્રી હરિની છે, માટે તેને તારી ન માનતાં શ્રી હરિની છે, એમ મનને સમજાવી રાખવા, નિરંતર પ્રયત્ન કરી સુખી થા? હે બેટા શ્રી પરબ્રહ્મ પોતાના સ્વરૂપમાં પોતાની અવિદ્યાને ધારણ કરી રહેલા છે, તેથી તે મિથ્યા છતાં જીવાત્માને સત્ય લાગે છે. હે મુમુક્ષુ દંપતિ, આ વીદ્યાઅવિદ્યા માયા તેટલા માટે અંતવગરની છે. અવિદ્યા માયા અનેક પ્રકારની શાખાઓથી મોટા વિસ્તારમાં ફેલાઇ જઇ અનેક લીલાઓને રચી રહી છે જેથી પ્રાણીને શોભાયમાન લાગે છે. જોકે જડ છે છતાં પ્રાણીના હ્રુદયને મનહર લાગે છે, તેમજ તેને વિષયાસક્ત બનાવે છે. વળી તે માયા, મોહરૂપિ વસંત રૂતુની એક મંજરી સમાન પ્રાણીના હ્રુદયમાં અસર કરે છે. જો કે ચિદાકાશના વિલાસરૂપ તે અવિદ્યા માયા હોવાથી, અંદરના ગર્ભભાગમાં સર્વશઃ શુન્ય, આકાશવત્ છે. માત્ર તેમાં મોહ મમત્વની ગ્રંથીઓ બંધાઇ રહેલી છે. ઉપરથી જોવા જતાં તે અત્યંત કોમળ છે, પરંતુ હે વત્સ્, જ્ઞાનીઓ, તેનો યોગદ્વારા અનુભવ કર્યા પછી, તે અવિદ્યામાયા, સુખદુઃખાદિ કાંટાઓથી સંપુર્ણ ભરેલી છે, અને પ્રાણીનો વિનાશ કરનારી છે, એમ સ્પષ્ટપણે માને છે. તે અવિદ્યામાયા વાંસની વેલિસમાન જડ ઘટા અને છટાદાર, તેમજ અત્યંત ફેલાયલી રસથી ભરપુર, અને લાંબી છે, અને કર્મના ફ્લની માત્ર વૃથા શંકા ઉત્પન્ન કરનાર છે. તે અવિદ્યા માયાને વિષે, હે તાત્ કોઈ શુભ ફળ-

તો રહેલુંજ નથી એમ તું નિશ્ચે કરીને જાણ ? કદહાડે કંકોડાની પેઠે સમય વગર થએલી મેઘ વૃષ્ટિનો કે પુષ્પલતાનો જેમ કોઈ સ્વીકાર કરતું નથી, તેવીજ રીતે તત્વવિદ જ્ઞાની અને યોગી જનો પણ, અવિદ્યાને વૃથા સમજી તેનો અંતરમાં સ્વિકાર કરતા નથી. અવિદ્યામાયા જો કે રૂપ વિનાની છે, છતાં શરીરે સ્થુલ છે; જેથી સર્વ પ્રાણીઓમાં તે ભરપુર જોવામાં આવે છે. અંધારૂ જેમ પ્રકાશ રહીત છે, તેવીજ રીતે તે અવિદ્યામાયા પણ અંધારારૂપ આત્મપ્રકાશથી રહિત છે. જેમ છાયામાં અંધારા સિવાય અન્ય કશુંજ નથી, તેમ માયામાં પણ અંધારૂં અને આકાશ શુન્યસિવાય કંઈજ નથી. પણ તે છાયા શ્રી હરિની છે. કારણકે તેને વિભૂતિરૂપે સાક્ષાત પરબ્રહ્મ ધારણ કરી છે. શુન્યમાં તે અત્યંત વિસ્તારમાં ફેલાયલી છે. અને અનેકવર્ણવાળી છે. ગુણોથી રહીત અને જડ છતાં ચેષ્ટાથી અનેક ઉત્પાતોને ઉત્પન્ન કરનારી છે, એવી એ અવિદ્યામાયા છે. માટે હે તાત્, જે પ્રાણી તે અવિદ્યા માયા ઉપર જય મેળવે છે, તેજ ખરેખરો માયાને જીત્યો કેહેવાય છે. બેટા ભાનુદેવ, એ માયાએ તને મોહલુબ્ધ કર્યો છે એમ નથી, પણ વિધિહરીહરજેવી પરમ પરમાત્મસ્વરૂપ મૂર્તિઓને પણ તેણે મોહ પમાડી, પોતાનામાં લીન બનાવી દીધી છે. પ્રાણીજો તેનાથી સહજ અસાવધાનતા સેવેતો તેના જ્ઞાન વિજ્ઞાનનો પણ નાશ કરી નાંખવા તે અવિદ્યા માયા સમર્થ છે. ભલેને મહાન વિજયી હોય, કે શૂરવીર હોય રંક હોય કે રાય હોય, અને બલ્કે સર્વત્ર દિગ્વિજય પ્રાપ્ત કરી, દશે દીગ્પાલોને તે જીત્યો હોય, છતાં પણ જ્યાં સુધી તેણે માયા ઉપર વિજય પ્રાપ્ત કર્યો નથી, માયા જીતી નથી, ત્યાં સુધી તે ચક્રવર્તિ શૂરવીર અને સર્વજીત મહારથી કેહેવાતો નથી. હે બાપ, સંસારરૂપી કિલ્લાની અંદર મહામાયાશક્તિ મેહેલ બાંધી સત્ ચિદ્ અને આનંદ સ્વરૂપ પરમાત્મા જોડે ચિદાકાશમાં અનેક વિલાસો કરી રહી છે. તેના ઉપર જય મેળવવો તે અતિ

દુર્ઘટ વાત છે. હે બેટા, અધીકારીએતો માયાનું વાસ્તવિક સ્વરૂપ જાણી, તેની અવિદ્યારૂપ ઉપાધીનો પરિત્યાગ કરી, શુદ્ધ સત્વાના પ્રદેશમાં વહન કરવું ઘટે છે. હે બેટા તેને તો શ્રી સદ્દગુરૂ અને સત્શાસ્ત્રોદ્વારા, પ્રાપ્ત થએલા સાધનોને, ક્રમે ક્રમે સાધી, માયાપર જય મેળવી, પરમપદની પ્રાપ્તિના નિરંતર સદ્ પ્રયત્નવાન રહેવું ઉચીત છે. તેને તો તેથીજ જીવનની સાફ-લ્યતા છે, તેથીજ જીવનમુક્તી પ્રાપ્ત થાય છે. તેથીજ દીગ્વિજય કરી માયાપર જયમેળવ્યો ગણાય છે અને એજ માયાને જીત્યો છે તે વીચારવું ઘટે છે. આ પ્રકારનો અધિકાર જેને પ્રાપ્ત છે તેજ મોક્ષપ્રાપ્તી કરી પરમપદે સ્થિત થઇ, પ્રભુ સમાન બન્યો છે. હે વત્સ જેણે માયાનો પરાજય નથી કર્યો, અને જે માયાથી જીતાએલો છે, તેતો આ જગતમાં જીવતાં છતાં પણ મુઆ જેવોજ જાણવો. માયાગ્રસ્ત પ્રાણીને વાસ્તવિક જ્ઞાન વિલાયમાન થઈ, અજ્ઞાન આવરણમાં ફસાઇ જઇ, તે માયામાંજ ભટકાય છે. તેનું યજન પુજન અર્ચન વ્રત દાન ઈત્યાદિ સર્વ સત્કર્મ નિષ્ફળ થઇ જઈ, પરિણામે અવિદ્યારૂપી અશુભ ફલને તે માયાલુબ્ધ પ્રાણી પ્રાપ્ત થાય છે; માટે હે તાત્ માયાને જીતવા પ્રથમ હવે તારે ઉપાય લેવાની ખાસ જરૂર છે; હવે પાંચ સાત દિવસમાં આપણે યાત્રાપર્યટનઅર્થે નિકળી પડવું યોગ્ય છે. ત્યાં તને સર્વ સમજાશે કે તારૂં કર્તવ્ય શું છે? **नास्ति बुद्धिरयुक्तस्य नचायुक्तस्य भावना । नचाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम्** અર્થાત શ્રીમદ્દભગવાને ગીતામાં પણ કહ્યું છે કે 'હે મહાબાહુ પ્રથમતો આ માયિક જીવને, યથાર્થ બૂદ્ધિ હોતી નથી, અને તેથી કરિને તેનામાં સાત્વીક ભાવનાનો અભાવ રહે છે. જ્યાં સાત્વીક ભાવનાનો અભાવ છે ત્યાં શાંતિ કદી પણ હોતી નથી. અને જ્યાં શાંતિ નથી ત્યાં લેશ પણ સુખનો કેવલ અ-સંભવ છે અર્થાત દૂ:ખજ છે' માટે શાંતિ અને સુખની પ્રાપ્તી કરવી હોયતો પ્રયાણનો દીવસ હવે તું નકી કર."

રાત્રી વિતીગઈ અને કથા પ્રસંગ બંધ કરવાનો સમય

થયો એટલે ઉપર પ્રમાણે ભાનુદેવને કહી, સ્વામિ ઉઠી માળ ઉપર જ્યાં ભાનુદેવે આસન આપ્યું હતું, ત્યાં પધારી ગયા; એટલે ચારૂશીલા તથા પદ્મની પણ પોત પોતાના સ્થાને નિંદ્રા સમય થવાથી ચાલ્યા ગયાં. આજે ભાનુદેવ પદ્માના શયન ગૃહે ન જતાં ચારૂશીલાના શયન ગૃહે ગયો હતો, જેથી પદ્મની પોતાના સ્વભાવ પ્રમાણે અંતરમાં બળીને રહી હતી. પણ સદગુરૂનું ઘરમાં સંન્નિધપણું હોવાથી, છાનીમાની તર્ક વિતર્કો કરતી પોતાના ઓરડામાં જઇ શરમની મારી, થોડી રાત સુધી જાગી, પશ્ચાત પવિત્ર કથા પ્રસંગ શ્રવણ કર્યાના સંસ્કારથી. ઉત્પન્ન થએલી વીવેકબૃદ્ધિના અને જ્ઞાનદષ્ટિના સ્ફૂર્ણુના વેગે શાંત થઈ નિદ્રાવશ થઈ ગઈ.

મુનિવર્યસૂતમા કહે છે, "હે પ્રહર્ષ, માટે આ સર્વ શ્રી હરિની માયા છે. એમાં તારી લેશનથી એમ નિશ્ચે કરીને જાણ? હવે સમય થયો છે માટે, પવિત્ર કથારૂપ વૃત્તાંતને કાલે કહીશું, આજે અહીંથીજ બંધ કરીએ છીયે." એમ કહી ત્યાંથી મુનિ પોતાને સ્થાને ચાલ્યા ગયા અને પ્રહર્ષ સહીત શિષ્યમંડળ પણ વીદાય થયું.

મારા પ્રિય મુમુક્ષુ વાંચકવૃંદ, સિદ્ધેશ્વરાચાર્ય મુનિએ શુભ્રકેતુ રાજાને ભાનુદેવ અને દીગંબર સ્વામિના વૃત્તાંતને શ્રવણ કરાવી, 'માયા સર્વ શ્રી હરિની છે' તે વાત સમજાવી, અને તે પાછી પ્રહર્ષને મુનિએ શ્રવણ કરાવી, તેને તમારા આગળ સંક્ષેપમાં મુકવામાં આવી છે, તો તેપ્રતિ આપનું લક્ષ સતત રાખી નિરંતર વર્ણાશ્રમના વિહિત ધર્મોકર્મોને પાળી, માયા ઉપર જય મેળવવા યત્ન શીલ થજો ? તેથી કરીને પરિણામે ચતુર્વિધ પુરૂષાર્થની સિદ્ધિ પ્રાપ્ત કરી, પરમપદે સ્થિત થશો, અને માયામાં કદી પણ સ્પૃહા કે મમત્વને ધરશો નહીં: માટે જીવો જાગો ત્યાં સુધી હમેશાં અંતરમાં નિશ્ચય કરી માનજો, કે તે માયા તમારીનથી પણ શ્રી હરિનીજ છે.

—તરંગ ૨ જો—

—માયા આગમાપાચી છે—

બીજે દીવસે નિત્યનીયમ પ્રમાણે રાત્રિએ મુનિવર્ચસૂતમા સર્વ શિષ્ય અને વિદ્યાર્થિ સહીત, પ્રહર્ષને કથા પ્રસંગ કહેવા અર્થે, પોતાના આસન ઉપર બીરાજ્યા. અને પ્રહર્ષ સર્વ વિદ્યાર્થીઓ સહીત સાષ્ટાંગ કરી, પોતાનેસ્થાને બેઠો, બાદ થોડીવાર સંયમ કરી મંગલાચરણપૂર્વક નીચે પ્રમાણે મુનિએ વૃત્તાંતનો પ્રારંભ કર્યો.

વર્ચસૂતમા કહે છે “ હે મુમુક્ષુ શિષ્ય પ્રહર્ષ, બીજે દીવસે નિયમાનુસાર સિદ્ધેશ્વરાચાર્યજી પેલા શુભ્રકેતુ રાજાને તે ભાનુદેવનું વૃત્તાંત નીચે પ્રમાણે શ્રવણ કરાવતા હવા.

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે “ હે શુભ્રકેતુ રાજા, પશ્ચાત પેલા ગુરૂ દીગંબર સ્વામીએ ભાનુદેવને બીજે દિવસે ‘માયા આગ માપાચી છે’ એ વિષય ઉપર જે વીવેચન કરી સંભળાવ્યું, અને તેને તે વાત કેવી રીતે તેના અંતરમાં ઠસાવી, તેમજ તિર્થાટનઅર્થે સર્વ માયાનો કેવી રીતે ત્યાગ કરાવી તેને લઈ ગયા, તે વૃતાંતને આજે તને શ્રવણ કરાવું તે એકાગ્રચિતે શ્રવણ કર ? હે રાજન, ભાનુદેવ ગુરૂ પ્રતાપે સરદય બની ગયેલો હોવાથી તેણે તો બીજે દીવસે ચાર પાંચ દીવસ પછી, આવતા અમુક શુભ દિવસે, ગુરૂ જોડે તિર્થાટન કરવા નીકળી પડવા માટે, નિશ્ચય કર્યો, અને તેની જુની પત્નિ સતિ ચારૂશીલાને ગુરૂ આજ્ઞાનુસાર, જમીન જાગીર દર દાગીના ઘર બાર સર્વની સુંપરત કરી, તમામ કુંચીઓના લુમખાં સોંપી, ઉપરાંત બે શિખામણના શબ્દ કહેવાના હતા તે કહ્યા; અને પદ્મનીને તેને પીયેર ઉજયન વળાવી દેવાનો પોતાના મન સાથે નિશ્ચય કરવા લાગ્યો. આ વખતે મધ્યાન્હ કાલ થયા હતા. પોતાના ગુરૂ ગંગાએ મધ્યાન્હ સંધ્યા કરવા ગએલા તે આવેલા નહીં હોવાથી અને ભોજનની તૈયારી થઈ ગએલી હોવાથી, ગુરૂ મહારાજના પધારવાની રાહ જોતો ભાનુદેવ બેસી રહ્યો હતો: અને પદ્મની માટે અનેક તર્ક વિતર્ક કર્યા કરતો હતો. તે એમ વિચાર-

વા લાગ્યો કે " આ સ્ત્રિને બે સંતતિ થઇ ગઇ છે એટલે હવે તેને અંતરમાં પુત્ર વાંચ્છના રેહેવાનો સંભવ નથી. પણ તેને મુકીને જતાં જરા મારા મનને અપ્રિય લાગે છે. પ્રિય વસ્તુનો ત્યાગ કરતાં જીવ આંચકો ખાય છે. બે ત્રણ વરસમાં તો મને તેણે એવો પ્રેમવશ બનાવી દીધો કે, હું સદગુરૂ ભગવાન જે મારા કર્ત્તા ભર્ત્તા અને સંહરર્તા તેમને પણ ભુલી ગયો. અરે માયા ! એવી તું કારમી અવિદ્યા માયા શક્તિ છું કે વિધિ હરિહર સુદ્ધાંને પણ હંફાવે છે. સદગુરૂ ભગવાનની તું માયા છે, મારી નથી; તું જ્યારે શ્રી હરિનીજ માયા છે, તોપછી તને મારી હું મીથ્યા માનુ અને સુખ દુઃખનો આટલું જ્ઞાન પ્રાપ્ત છતાં ભોકતા બનું, તે કેવળ મારી મુર્ખતા નહી તો બીજું શું ? તોપછી અજ્ઞાની અને માયામાં પચેલા પ્રાણીમાં અને મારામાં ફેરશો ? માટે હે માયા તું મારી નથી શ્રી હરિની છે. અરે પણ કોણ જાણે કયારેએ તિર્થાટન કરી ગુરૂ મહારાજ પાછા મને વીમળપુરીએ લાવશે; અરેરે ત્યાંસુધી આ સુંદરિથી વિમૂખજ રેહેવું પડશે. અરેરે કેમ તે વિયોગ દુઃખ સહન થશે ? તેનું રંભા જેવું સ્વરૂપ, ગજ જેવી ચાલ, હરણ જેવી આંખ કોણ જાણે કયારેએ જોઇશ; અને તેનાથી પ્રાપ્ત થતું રતિ સુખ કોણ જાણે કયારેએ પાછો ભોગવીશ ? તે મનહરણીએ એવું તો મારૂં મન માયાસક્ત અને વિલક્ષણ બનાવી દીધું છે, કે તેનામાંને તેનામાંજ તે પરોવાએલું રહે છે. હમણાં વળી બે દીવસથી ગુરૂ મહારાજ પધાર્યા છે, ત્યારથી તે કંઈક માયાના પાશમાંથી સહજ મુક્ત થયું છે. બાકીઆઠે પહોર પદ્મની સમીપ રહી સર્વ મોજ શોખો અને રંગ રાગ કરતું હતું; અહાહા હે !! અવિદ્યા માયા તારૂં સ્વરૂપ કેવું ભયંકર અને કારમું છે; મોટા બ્રહ્મા વિષ્ણુ અને મહેશને પણ માહાસતિ અનસૂયાના સ્વરૂપમાં મોહાંધ કરી, પરીણામે શાપાધીન બનાવી, ગુરૂ દત્તાત્રેયને અવતાર ધારણ કરાવનાર તે તુંજ કે ? ઓ કારમી માયા, તારાથી હું તો શું, પણ મોટા યોગીજનો

હારી જાય એમાં કશોજ સંશય નથી; હરિ હરિ ગુરૂ, ગુરૂ, ગુરૂ, માયાએ એવા મોટા મોટાને છક્કડ ખવરાવી દીધી તો હું તે કોણ માત્ર?:'કોટી કિટસ્ય કીટાયામ્" કોટીકીટમાંનો એક ક્ષુદ્ર કીટ જેવો." આવો વિચાર કરે છે એટલામાં ગુરૂ દીગંબર સ્વામિ ગંગાએથી નિવૃતથઇ પધાર્યા, અને ભાનુદેવના મૃખ સામુ જોઇ શંકા કરી કેહેવા લાગ્યા "હે બેટા તારા મુખપરથી જણાય છે, કે આ સર્વ માયાનો ત્યાગ કરી થોડો વખત તારે મારી સાથે તિર્થાટન કરવા આવતાં તને કંટાળો ઉપજે છે. તેથીતું મનમાં અપ્રસન્ન રહે છે. અને તને સહજ પદ્મનીનો પ્રેમ પાશનડે છે; પણ એ તને ભાન નથી કે આ સર્વ માયા આગમાપાયી છે. એ વિષય ઉપર આજે રાત્રિએ વિવેચન કરવામાં આવશે;હમણાં ધૈયરાખી તારા કર્તવ્યને કર ?"એમ કહી મુનિ તથા ભાનુદેવ બન્ને જમવા ગયા. પશ્ચાત જમી પોત પોતાનાં દીવસના કર્તવ્યમાં પડયા; મુનિતો દ્દઢાસન પૂર્વક પોતાના ઇષ્ટ સ્મરણપૂર્વક સંયમનેજ આખો દીવસ સાધતા હતા. અથવા તો કંઇ કંઈ વિષયો ઉપર સદ્ગ્રંથોને લખતા હતા. ભાનુદેવ જોકે મોજમજામાં પડી ગયા પછી અત્યારે પ્રથમની માફક કર્મ કાંડ કરવા જતો ન હતો, તોપણ પોતાની જાગીર અને જમીનનો સઘળો વહીવટ કરવામાં પ્રવૃત રહેતો હતો. ગુરૂ દીગંબર સ્વામિની ગેરહાજરીમાં જે તે નિત્યકર્મને વિસરી ગયો હતો, તે પાછો નીયમાનુસાર કરવા લાગ્યો. આ પ્રમાણે દીવસ વ્યતિત થયો અને રાત્રિપડી એટલે ભાનુદેવ ગુરૂ દીગંબર સ્વામિ પાસે આવીને બન્ને પત્નિઓ સહીત કથા શ્રવણ કરવા અર્થે વિનયથી સાષ્ટાંગ કરી મર્યાદા પૂર્વક બેઠો, એટલે સ્વામિએ થોડીવાર મૌન્ય રહી પશ્ચાત ઇષ્ટસ્મરણ પૂર્વક કથાનો નીચે પ્રમાણે પ્રારંભ કર્યો.

દીગંબર સ્વામિ કહે છે ' હે ભાનુદેવ માયા આગમાપાયી છે એ તું નિશ્ચે કરીને જાણ ? શ્રીમદ ભગવત્ગીતામાં પણ શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છે કે **मात्रा स्पर्शास्तु कौंतेयशीतोष्ण सुख दुःखदा । आगमापायीनो नित्यास्तांस्तितिक्षस्व भारत** હે કૌંતય, શીત અને ઉષ્ણ, સુખ અને દુઃખને ક્ષણીક તથા

આગમાપાયી અર્થાત આવનાર અને જનાર માની, હીમત રાખી તેને સહન કરવાં ઘટે છે, હે ભારત, તે સદાકાળ રેહેતાં નથી, માટે હે તાત્ આમાયા અને તેનાવડે ઉત્પન્ન થતા વિષય જન્ય સુખ દુઃખો પણ નરશૃંગ કિંવા વંધ્યાપૂત્રના જેવાં મિથ્યા અને અસત્ય છે. હે વત્સ અત્યારે તારૂં મન પદ્મનીના પ્રેમપાશમાં બંધાએલા રેહેવામાં સૂખ માને છે, પણ તે વાસ્તવિક નથી. સૂખ એ " સસલાને શીંગડાં " તેનાજેવું કેવલ અસત્ય અને અનિત્ય છે. હે તાત્, અસત્ય નરશૃંગ અને વંધ્યા પૂત્રનો તથા ઘટાદિ વિશેષ રૂપોનો, વાસ્તવિક ભેદ હોતો નથી; છતાં દુઘર્ટ અર્થને સિદ્ધ કરનારી આ આગમાપાયી માયાવડે કરીને તેમનો ભેદ કલ્પી શકાય છે. જેમ વિશેષરૂપ તથા નરશૃંગાદિથી ઉત્પન્ન થતો ભેદ એ બન્ને માયા વડે કલ્પી શકાય છે, તેવી રીતે આ આગમાપાયી માયા પણ માયાવડેજ કલ્પી શકાય છે. હે તાત , માયા આગમાપાયી છે અને અસત્ય છે તેનો અનુભવ માયાવડે, થાય છે. જો પદ્મનીની માયામાં તું ગ્રસ્તજ ન થયો હોત, તો માયા કેવી દુસ્તર અને ગહન છે તે તને સમજવાનો સંભવ ન આવત. જેમ વિશેષ રૂપ તથા નરશૃંગાદિથી થતો ભેદ અસત્ય છે તેવીજ રીતે માયા પણ અસત્ય છે. અને જે અસત્ય છે તે આગમાપાયી છે; માટે હે વત્સ, માયા પણ આગમાપાયી અને અસત્ય છે એ તું નિશ્ચય પુર્વક અનુભવે કરીને જાણજે ? માયા સત્ય છે અને સુખ સ્વરૂપ છે એમ કેવળ અજ્ઞાની અને મંદમતિ પુરૂષોનેજ માત્ર પ્રતિત થાય છે. જ્ઞાની પુરૂષોને તો તે માયા કેવળ અસત્ય અને દુઃખરૂપ જણાવાથી, તેઓ પ્રસન્નતા પૂર્વક તે માયાનો પરિત્યાગ સ્વીકારે છે. હે બેટા, આ ઉપરથી મારૂં એમ કહેવું નથી કે તું ગૃહસ્થાશ્રમ છોડી સમય થયા વિના ત્યાગાશ્રમને ધારણ કર ? હે તાત, માયા આગમાપાયી છતાં તે અતિ દુસ્તર અને દુર્ઘટ છે. હે વત્સ, માયાનો અર્થ ચાર પ્રકારે વેદશાસ્ત્રે કરેલો છે. પ્રથમ પ્રકાર એ છે કે ત્રણે કાળમા જેમ છાયા કોઇ વસ્તુ નથી, તેમ માયા પણ

કોઈવસ્તુ નથી, માયાથી કાર્ય કારણરૂપ ઉત્પન્ન થએલું જગત પણ છેજ નહી થવાનું પણ નથી અને હતું પણ નહીં એટલે માયા પણ છેજ નહિ હતી નહીં હોવાની પણ નથી. આમ અત્યંત બુદ્ધિમાન પરમ તત્વવિદ યોગિ પુરૂષોતો તેના અસ્તિત્વનોજ સ્વીકાર કરતા નથી. બીજો પ્રકાર એ છે કે કાર્યકારણ રૂપ જે જગતના ભેદનું કારણ છે, તેને પણ સત્શાસ્ત્રો માયા કહે છે. ત્રીજો પ્રકાર તે ગણાય છે કે જે પ્રાણી માત્રના રદય કમલમાં બીરાજી રહેલા, સત્ ચિત્ અને આનંદ સ્વરૂપ પરમાત્માને જે છાયાપટથી ઢાંકી રાખે છે તે પણ માયા છે. અને ચોથો માયાનો પ્રકાર હે વત્સ, એવો વેદશાસ્ત્રે અને સત્પુરૂષે કહેલો છે, કે જ્ઞાની પુરૂષો પરમાત્માના વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે, પોતામાં રહેલા જ્ઞાનાગ્નિથી, અવિદ્યા માયાનો નાશ કરી નાંખે છે તે અવિદ્યા પણ માયા છે. હે તાત્ આ પ્રમાણે જ્યારે અધિકારી ચારે પ્રકારે માયાનો નાશ કરે છે ત્યારેજ માયાનું સત્ ચિદ્ અને આનંદ મય શુદ્ધ સત્વ સ્વરૂપ, જે પરબ્રહ્મ સ્વરૂપથી સર્વદા અભિન્ન છે, તેનો અનુભવ કર છે. તે શુધ સત્વામાયા અધિકારીને સર્વદા અનુકુળતાજ પ્રાપ્ત કરી આપનારી છે. કારણકે તે અવિકારિ અને મલિન સત્વાથી તદન ન્યારિ અને મોક્ષફલદાયનિ છે. તે પરબ્રહ્મ પરમાત્માની વિભુતિસ્વરૂપ છે. જેમ શ્રી શંકર ભગવાનને અંગે આઠે પ્રહર ભસ્મ લેપાયમાન રહેલી છે, તેવીજ રીતે શુદ્ધ સત્વામાયા સચિદ્ અને આનંદ સ્વરૂપ પરમાત્માને અંગે અષ્ટ પ્રહર લેપાયમાન રહેલી છે. કદી પણ તે તેનાથી ન્યારિ થતીજ નથી. શુધસત્વામાયાના પ્રદેશમાં પ્રવેશ કરતાં પેહેલાં, પ્રાણીએ આ આગમાપાયી મલિન સત્વા માયા ઉપર, જય મેળવવો પડે છે. હે વત્સ, પ્રાણી શ્રી સદગુરૂ અને સત્શાસ્ત્રો એ વિધાન કરેલાં સાધનો, વિહિતપણે સાધી, અવિદ્યા માયાનો યથાર્થ જ્ઞાન વડે પરાજય કરવા પ્રયત્ન કરે, તો માયા ઉપર જય મેળવવો તેને દુર્લભ કિંવા દુર્ઘટ નથી. હે તાત્, માયા

મરી એટલે મનવશ થયું જાણવું અને મનવશ થતાં વાસ્તવિક સ્વરૂપનો વિચાર સત્વર પ્રકટે છે. હે બેટા જેમ સૂર્યનો ઉદય થતાં અંધારૂં જતું રહે છે, તેવી રીતે તેનામાં જ્ઞાનરવિ પ્રકટતાં અજ્ઞાન રૂપીઅંધકાર પોતાની અવિદ્યામાયારૂપી સ્ત્રી સહીત સત્વર નાશ પામે છે એ તું નિશ્ચે કરીને જાણ. જ્ઞાનરવી પ્રકટતાં મારૂં તારૂં સઘળું માયાવિ અંધારૂં, તત્કાળ પ્રાણીમાંથી દુર થાય છે અને સત્ય સ્વરૂપનોવાસ્તવિક વિચાર પ્રકટ થતાં પ્રાણી સદ્પ્રયત્નમાં જોડાય છે. અને એમ સદ્પ્રયત્નમાં મચ્યા રેહેવાથી તે અંતે સ્વસ્વરૂપમાં શમાય છે. માટે તું જે મલિન સત્વા માયાવશ થયો છે તે માયા આગમાપાયી છે અને અનિત્ય છે, માટે તેને અંતરથી દુર કર? તેનો સત્વર ત્યાગ કર? અને બહારથી માત્ર તેનો વિહીત કર્તવ્યમાં ઉપભોગ કરવાનો અભ્યાસિ થા? હે તાત્ શાસ્ત્રકારો અજ્ઞાનનેજ માયા કહે છે. આગમનિગમાદિ વેદો પણ અજ્ઞાન એજ માયા છે એમ પોકારી પોકારી કહ્યાં કરે છે. માટે તે આગમાપાયી માયા વિવેકી અને જ્ઞાની જનોની દૃષ્ટિમર્યાદામાં કદી પણ નિવાસ કરવા સમર્થ થઇ શકતી નથી. કારણ કે તેઓએ યથાર્થ જ્ઞાન વડે તે માયાનો નાશ કરેલો છે. માટે જે માયા યથાર્થ જ્ઞાનવડે નાશ થાય છે તેજ અવિદ્યા આગમાપાયી માયા જાણવી. હે મુમુક્ષુ શિષ્ય જેમ ઇંદ્રજાળ વાળો પુરૂષ અનેક માયા વિરૂપોને ધારણ કરે છે તેવી રીતે આ આગમાપાયી અવીદ્યા માયા પણ અનંત રૂપોને ધારણ કરે છે. વ્યાસ વાલ્મિક આદિ તત્વવિદ્ઋષિ મહાત્માઓએ પણ એ અવિદ્યામાયાવડે કરીનેજ આત્માના અનેક રૂપો કલ્પેલાં છે. છતાં તેમનું વસ્તુત તાત્પર્ય, તે આત્માના અનેક સ્વરૂપોમાં નથી પણ આત્માની પરમાત્મા સાથેની ઐકયતા, પ્રાણીના અંતઃકરણમાં દૃઢ કરાવવા અર્થેજ લૌકીકશાસ્ત્રના સપ્રમાણુથી, સિદ્ધ થએલાં નાના પ્રકારના ભેદનો અનુવાદ કરે છે. કારણ કે જેમ ઉષ્ણતાથી શીતળતા નાશ પામે છે, તેવીજરીતે સતપુરૂષોના શાસ્રોક્ત અને

સપ્રમાણ અનુવાદથી, અજ્ઞાની જીવના નાના પ્રકારના માયાવિ ભેદોનો ધ્વંસ થાય છે અને ત્યારેજ આ સર્વ માયાવિ અજ્ઞાન આવરણોનો નાશ થઈ, પ્રાણીના હૃદયમાં જ્ઞાનરવિનો ઉદય થાય છે. માટે હે પવિત્ર દંપતિ, તમે તમારા યથાર્થ જ્ઞાનવડે અજ્ઞાનનો નાશ કરવા સર્વદા પ્રયત્નવાન થજો? અજ્ઞાનનો નાશ થયો એટલે તે અવિદ્યા માયાનો નાશ થયોજ સમજજો? માયા ઉપર જય મેળવવો હોય તો, ગુરૂદ્વારા પ્રાપ્ત કરેલા યથાર્થ જ્ઞાનરૂપિ શાસ્ત્રથી, તમારા અંતરના ઉંડાણના ભાગમાં રહેલી મોહમમત્વની ગ્રંથીરૂપ અજ્ઞાનથી ઉત્પન્ન થએલી માયાની આસક્તિ, વાસના, કામના જે રહેલી છે તેનો ઉચ્છેદ કરજો. માયાને અનિત્ય અસત્ય અને આગમાપાયી સમજી શાસ્ત્રવિધાન કરેલી વિધી અને ક્રમપૂર્વક તેનો પ્રસન્નતાથી પરિત્યાગ કરજો? તે માયા શ્રી હરિની છાયારૂપ છે, એટલે તે શ્રીહરિ સિવાય કોઈની નથી. પ્રાણી મિથ્યા મારી મારી કરી મરી જાય છે. તેમજ અનેક દુખદાયક જન્મો માયાને લીધે ભોગવે છે, છતાં તેને મારી મારી કહી તેનો પ્રાણાંતે પણ ખુશી થઈ ત્યાગ કરવા ઇચ્છા કરતો નથી, એવી તે આગમાપાયી છતાં અત્યંત કારમી અને પ્રબલ છે, એમહે તાત્ તું નિશ્ચયે કરીને જાણ?

ઉપર પ્રમાણે દીગંબર સ્વામિના કથનનું છેલ્લું વાકય સાંભળી ભાનુદેવ શંકામાં પડયો કે "અનેક દુઃખદાયક જન્મો માયાલુબ્ધ થઇ પ્રાણી લે છે, છતાં તે માયાનો પરિત્યાગ કરી શકતો નથી એ વાત જે ગુરૂ મહારાજે કહી તે એક વિલક્ષણ છે. માયાથી દુઃખનો અનુભવ કરવા છતાં, તે પ્રાણી માયાનો સ્વીકાર કરે એમ શી રીતે બને? માયા એ દુઃખ છે તે પ્રાણી તાદૃશ જુએ છે, છતાં તે દુઃખમાં પ્રસન્નતાથી શીદને પડે? અરે એવું મનુષ્ય જાતિ તો ન કરે પછી પશુઇત્યાદિ કરતા હોય તો કોણ જાણે? પણ મનુષ્યપ્રાણી કે જેને પરમાત્માએ સત્યાસત્ય, વિવેકાવિવેક, નિત્યાનિત્ય અને સુખદુખને ભોગવી જાણવાની બુદ્ધિ અને શક્તિ આપી છે, તે તો તેવું ન

કરે? પછી ગુરૂ મહારાજને યોગ્ય લાગ્યું હશે તે પ્રમાણે તેમણે યથાસ્થિત ઉપદેશ આપ્યો હશે અને તેજ સત્ય હશે; પણ એમ કેમ બને તે હીમત ધરી તેમને પુછી લાવ મારી શંકાનું નીવારણ કરૂં" ? આવો મન સાથે વિચારપૂર્વક નિશ્ચય કરી તે કહેવા લાગ્યો "હે ભગવન્, માયા આગમાપાયી દુઃખદાયી તથા પ્રાણીની સદ્ગતિ કરવામાં પ્રતિબંધ રૂપ છે એમ પ્રાણી દુઃખ દાયક જન્મો ભોગવી તે દ્વારા જાણે છે, છતાં તેનો અંગીકાર શા માટે કરે છે તે સ્પષ્ટપણે સમજાવવા શીશુ ઉપર કૃપા કરો." ?

આવચન શ્રવણુ કરી દીગબર સ્વામિ કહેવા લાગ્યા "હે વત્સ, અહીંથી તિર્થાટન કરવા નીકળી પડીશું પશ્ચાત તારી શંકાનુ સમાધાન થશે. તેં પ્રયાણનો કયો દીવસ નક્કી કર્યો તે મને કહે? અને ઘર વગેરેની શી વ્યવસ્થા કરી તે પણ મને જણાવ ?" આ સાંભળી ભાનુદેવ બોલ્યો, "હે ભગવન્ આપની આજ્ઞાનુસાર સર્વ બંદોબસ્ત કરી દીધો છે; રાજકુંવરિને તેને પીયેર વળાવાનો નિશ્ચય કરી સાધવિને સર્વ વહીવટ અને જોખમ સોંપી, આપણે આવતા ગુરૂવારે પ્રાતકાળમાં તિર્થયાત્રાસારૂ નીકળી પડવું એવો નિશ્ચય કર્યો છે. હે કૃપાળુ પિતા, આપના મારા ઉપર ઉપકાર અનંત છે. છતાં પણ આપ દયાના સાગર છો જેથી આ દીન અધમ શીશુ ઉપર દયા કરી, તેના પરમ કલ્યાણના માર્ગે ચડાવો છો; જેથી મારે યત્કીચિંત પણ આડે આવવું કિંવા આપની આજ્ઞાથી વિરૂદ્ધ વર્ત્તવું વા સહજ વર્તવાની ઇચ્છા કરવી તે પણ હવે મને ઉચીત નથી; ગુરૂઆજ્ઞા ઉલંઘનના દોષ સમાન બીજો દોષ નથી, તેથી મારા શિષ્યધર્મને દોષ લાગે અને હું મારી ફરજ ચુકયો ગણાઉ તો ઘોર નર્કનો અધીકારી થાઉં; આ સર્વનું હે ગુરો, પરિણામ એ આવે કે સંસાર સાગર તરીજવાને બદલે, આ માયા ભવાબ્ધિમાં રહ્યો રહ્યો અટવાઉ, અને દુઃખને પ્રાપ્ત થાઉં. આપને મુખેથી પણ સત્શાસ્ત્રોનું વચન શ્રવણ કર્યું છે કે 'शीवरूष्टे गुरो त्राता गुरु रुष्टेन शंकर. । तस्मात् सर्व

प्रयत्नेन गुरुराज्ञानलंघयेत्.' માટે હજારો પ્રયત્ને પણ કદી ગુરૂ આજ્ઞા ઉલંઘન કરવી નહીં'; માટે હે ભગવન્ આ શીશુનાં વાસ્તવિક કલ્યાણનામાર્ગે ચઢાવનાર, તેના નેતા–દોરનાર– અને તનમન તથા ધનના અધિષ્ઠાતા આપ શ્રી સદ્દગુરૂ છો; જેથી આપની સર્વ આજ્ઞાને સદા આધિન રેહેવામા નિરંતર શીશુ પ્રસન્નતા માને છે." આ વચન શ્રવણ કરતાંજ સ્વામી હસીને અતિ સાત્વિક અને કોમળ વાણીથી તેને કહેવા લાગ્યા, " હે બેટા, જે અધિકારીને શીરે સમર્થ સદ્દગુરૂનો પંજો પડયો હોય તે પ્રાણીનામાં કદી પણ એવી ભૂલ થવાનો સંભવ નથી; પરીણામે તે ઠેકાણે આવ્યા વગર રેહેતો નથી; શ્રી ગુરૂ પ્રતાપે અંતઃકરણની શુદ્ધિ અદ્યાપિ પર્યંત જે તારી સચવાએલી છે, તે સમર્થ પંજાનોજ પ્રતાપ છે. અને તેથીજ તેણે તારા માયાલુબ્ધ મનને, માયા તરફ જતું અટકાવી વાસ્તવિક ક્રીયા અને વિચારદ્વારા તેનો નિગ્રહ કરીને ગુરૂઆજ્ઞા પાલન કરવાના નિશ્ચય ઉપર લાવી મુકયો છે. નહિતો સામાન્ય જીવનું તેમ કરવાનું ગજું હોતું નથી. માયા આગમાપાયી, દુઃખદાયી અને અસત્ય છે એમ પ્રાણી વારંવાર જાણી તેનો આ સંસારમાં અનુભવ કરે છે, છતાં તે માયાથી વિરકત થવા ઇચ્છા કરતો નથી, તેનું કારણ તેના હૃદયમાં રહેલા અજ્ઞાન આવરણ સિવાય કશુંજ નથી. માયાનો પટ શુદ્ધ ચૈતન્ય પરમાત્મતત્વને લપેટાએલો ને લપેટાએલો લાંબો કાળ રહેવાથી, તે પટ ઘટ્ટ થઇ જતાં માત્ર અજ્ઞાન રૂપ અંધકારમય અંદર થઈ રહે છે કારણ કે જ્ઞાનસ્વરૂપ વિષિષ્ઠ ચૈતન્ય સચ્ચિદાનંદ પરમાત્મતત્વ માયાપટથી ઢંકાએલું છે, તેને ખસેડવાને વાસ્તવિક જ્ઞાન વાસ્તવિકગુરૂદ્વારા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, પ્રાણીને સંસાર અને તે માયા સત્ય છે એવો નિશ્ચય હોય છે; એટલે અજ્ઞાનમાંજ ઉત્પન્ન થાય છે અજ્ઞાનમાંજ શમાય છે. સર્વદા અજ્ઞાનની વાર્ત્તાઓજ કરવાનો તેને ઉમંગ થાય છે. માટે હે વત્સ, જ્યાં વાસ્તવિક જ્ઞાન છે ત્યાંજ પરમાત્માની પુર્ણ કૃપા છે એમ તું નિશ્ચે કરીને જાણ ? ત્યાંજ વાસ્તવિક

સુખ છે. ત્યાંજ વાસ્તવિક મુક્તિ છે. અને ત્યાંજ સર્વસ્વ છે. જ્યાં જ્ઞાનરવિનો ઉદય છે, ત્યાંજ અજ્ઞાન રૂપિ અંધારાનો અભાવ છે, અજ્ઞાન એજ માયા છે, તેજ અંધારૂ છે ને તેજ આગમાપાયી અસત્ય અને કેવલ મિથ્યા છે."

એટલું કહી ગુરૂ તો શૈયાસનપર પધારી ગયા, અને ભાનુદેવ બન્ને સ્ત્રિઓને પોતાના દીવાનખાનાના ઓરડામાં ભેગીકરી, સમીપ બેસાડી મોડી રાત્રે તેમને કહેવા લાગ્યો. "હે સુકુલવતિઓ, તમે બન્ને તમારા હૃદયની શુદ્ધિકરી યથાર્થ જ્ઞાનને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરજો ? તમે કોઈપણ વ્યતિરેક નથી. મારા વામ દક્ષિણ હસ્તરૂપ છો ? હે સતિ ચારૂશીલા તમને મેં અજ્ઞાનઆવરણથી કદાચ થોડોકાળ દુ:ખ દીધું હોય તો તેની મને ક્ષમા આપજો ? હે સાધવિ, આ સર્વ વૈભવ ઐશ્વર્ય ઈત્યાદિ ખરી રીતે જોતાં તમારો પ્રતાપ છે, અને તેથી તમેજ પ્રાધાન્ય રૂપ છો. મેં માયાના પાશમાં સપડાઇ જરા પણ તમને કષ્ટ આપતાં, પાછું વાળી ન જોયું તે એક મહાન પ્રાયશ્ચિત કર્યું છે એમ કહું તો ચાલે. પણ શ્રી સદગુરૂકૃપાએ તે પ્રાયશ્ચિતને તિર્થાટન કરી નિવારણ કરીશ. આવતા ગુરૂવારે અહિંથી ગુરૂ મહારાજ જોડે મારૂં પ્રયાણ થશે, માટે મારી ગેરહાજરીમાં તમારા ધર્મકર્મને સંભાળી ઇષ્ટસ્મરણ પૂર્વક પ્રસન્નતાથી રહેજો અને નિરંતર રાત્રિએ અને દિવસે જ્યારે અનુકુળ સમય મળે ત્યારે તમારા સ્વસ્વરૂપનું ચિંતન કરતાં રેહેજો. હે રાજકુંવરિ, સદગુરૂના ચરણસરોજ આપણે ઘેર થયા પછીથી, તમારૂં અંતઃકરણ પણ અતિ સુધરવા લાગ્યું છે. હવે વધારેવાર મારૂં તારૂં તમે ન કરતાં સંતોષપૂર્વક સંપીને વર્ત્તો છો અને તમારી સાધવી સહચરીને અતિ જેમસંતોષ આપો છો તેમ આપજો. આ સન્માર્ગે ચડાવનાર તે પરમાત્મસ્વરૂપ શ્રી સદ્‌ગુરૂ છે અને આ સર્વ શ્રી સદગુરૂનો ચમત્કાર છે એમ નિશ્ચે કરીને જાણજો ? એજ પ્રમાણે નિરંતર અંતઃકરણની શુદ્ધિ તથા પ્રસન્નતા સાચવી, પ્રાપ્તકર્મધર્મને વિહિતપણે કરશો તો ત્રણ લોકમાં

તમારો વાંકોવાળ થનાર નથી. પરિણામે પણ સદ્‌ગતિને પ્રાપ્ત થશો; પણ તમારે તેમ કરવા સદા પ્રયત્નવાન રેહેવું પડશે. આ સંસારમાં પ્રાણીને મેહેનત વગર કશુંજ મળતું નથી. જ્યાં સુધી હાથમાં કોળીઓ છતાં તેને મુખમાં મુકયો નથી ત્યાં સુધી પેટમાં જઇ શકતો નથી. અરે જો બરાબર સાવધાનતા અને શ્રમ પૂર્વક ચાવીને તે કોળીઓ ઉતારવામાં આવે છે તોજ તે પચે છે, નહિં તો મુખ કિંવા ગુદાદ્વારા અપકવમલ થઇ નીકળી જાય છે અને ઉલટો રોગ ઉત્પન્ન કરે છે, તેવીજ રીતે અંતઃકરણની શુદ્ધિ અને પરમ તત્વજ્ઞાનની પ્રાપ્તિઅર્થે જો બરાબર સાવધાનતા અને શ્રમ સેવવામાં ના આવેતો લાભને બદલે અપકવમલની પેઠે હાની ઉત્પન્ન કરશે તે નિસંશય જાણજો ? માટે તે નિયમને અનુસરી તમે પણ નિરંતર સદ્‌પ્રયત્નસેવજો ? કહો પદ્મની તમારે પીયેર જવું છે કે અહિં રેહવું છે ? જો અત્રે રેહેવાની ઇચ્છા હોય તો આ તમારી વિદ્યાગુરૂ અને સહચરી ચારૂશીલાને સ્વાધીન રહી સંપથી રહેજો, ખાઓ પીઓ અને ઈષ્ટાનુસંધાન પૂર્વક પ્રસન્નતાથી મારી ગેરહાજરીમાં કાલ વ્યતિત કરજો; અને પીએર જવાની ઇચ્છા હોય તો રવીવારને દીવસે પ્રાતઃકાળમાં ચોઘડીયું સારૂં છે તેથી તે સમય સાધી વિદાય થઇ જાઓ ? આ બે રસ્તામાંથી જે યોગ્ય રસ્તો લાગે તે લેજો ? ” આવાં વચન ભાનુદેવના શ્રવણ કરી પદ્મની અતિ નમ્ર વચને કહેવા લાગી “હે સ્વામિન્ મને તો છેવટે વિચાર કરતાં એવો સનિશ્ચય થયો છે કે મારી વિદ્યા ગુરૂ અને સહચરિ સતિ ચારૂશીલા બ્હેનના ચરણમાં રહી, તેમની સેવા કરી, યથાસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરી, આપની ગેરહાજરીમાં મારે કાલ વ્યતિત કરવો. અને આ પદ્મદેવ અને મીનાક્ષી બે બાળકોને, મારે પીયેર મોકલાવી દેવાં કે જ્યાં તેમને મારા પિતા ભણાવી ગણાવી હુંશીયાર કરશે. આ સાંભળી ચારૂશીલા એકદમ બોલી ઉઠી, “બ્હેન એ તારાં બાળક તે મારાં બાળક છે, માટે તે બાળકોને હુંજ સર્વ વાતે રૂડી કેળવણી આપી ઉછેરી

મોટાં કરીશ. તને કોઇવાતે એમનાતરફની ઉપાધી નહિં આપું, માટે બાળકને મારી પાસેજ રેહેવાદે. તેને કંઇપણ થશે તો તેની જોખમદાર હું છું." વળી ચારૂશીલા પોતાના પતિને કહેવા લાગી, "હે સ્વામિન્ તેના બાળકોને મારા સમજી તેમને મારી છાતી ઉપર રાખીશ. એમની ગમતથી તો ઉલટો અમારો વખત જશે. છોકરાં કોને ઘેર છે ?" ભાનુદેવ આ સાંભળી કહેવા લાગ્યો. "ભલે સાધવિ ત્યારે જેમ તમારી ઇચ્છા. અહિં સર્વે સંપી પ્રસન્નતા પૂર્વક મારી ગેરહાજરીમાં રહી ઇષ્ટાનુસંધાન પૂર્વક કાલ વ્યતિત કરજો ?" આટલું કહી ભાનુદેવ સુઇ ગયો અને તેની બન્ને પત્નિ પણ નિદ્રાવશ થઇ ગઇ,

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે " હે રાજન હવે આવતી કાલે આગળનું વૃત્તાંત્ત તને કહીશ માટે અત્યારે ઉભય દંપતિ જાઓ નિદ્રાવશ થાઓ ?" એમ કહી સિદ્ધેશ્વરાચાર્ય પોતાના આસને ગયા અને રાજા રાણી પણ પોત પોતાને ઠેકાણે વીદાય થયા.

મુનિ વર્ચસ્તમા કહે છે " હે બેટા પ્રહર્ષ, આજે રાત્રિ ઘણી ગઇ છે માટે હવે આગળનું વૃતાંત તમારા પ્રતિ કાલે કથન કરવામાં આવશે જેથી નિશ્ચિંત થઇ નિરામય નિદ્રાને પ્રાપ્ત થાઓ ?" આ પ્રમાણે આજ્ઞા થતાં સર્વ શીષ્યો સહીત પ્રહર્ષે ગુરૂને સાષ્ટાંગ કર્યા એટલે ગુરૂ પણ સિધાવ્યા અને શિષ્યમંડળ પણ વિસરજન થયું. "

प्रकरण ६ ठुं.

विषयाभिमुखं दृष्ट्वा विद्वांसमपि विस्मृतिः
विक्षेपयति धीदोषैर्योषाजारमिव प्रियम्
यथाप कृष्टं शैवालं क्षणमात्रं न तिष्ठति
आवृणोति तथा माया प्राज्ञं वापि पराङ्मुखम्

(विवेक चुडामणि)

વિષયાભિમૂખ વિદ્વાનને પણ વિસ્મૃતિ, બુદ્ધિના દોષવડેકરીને વ્યભિચારિણી સ્ત્રી જેમ પોતાના પ્રિયતમને તાણી જાય તેવી રીતે વિક્ષેપ પમાડે છે; પાણી ઉપર શેવાળ વળેછે ને તેને દુર કર્યા પછી તે જેમ ક્ષણ પણ પાણી ઉપર રહી શકતી નથી તેમ માયા, પ્રાજ્ઞ છતા જે પરાંગમૂખ છે તે ને પોતાના આવરણથી ઢાંકી નાંખે છે.

—તરંગ ૧ લો—

—માયાનો જીવ માયામાંજ શમાય છે.—

બીજે દીવસે પ્રહર્ષ, સર્વ વિધાર્થિ મંડળ સહીત રાત્રીએ સમય થતાં, પોતાના ગુરૂ વર્ચસૂતમા આગળ આવી, શ્રવણ કરવા અર્થે ગુરૂને સાષ્ટાંગ કરી પોતાના આસને બેઠો, એટલે મુનીએ થોડીક ક્ષણ મૌન્ય ધારણ કરી, ઇષ્ટ સ્મરણ પુર્વક વૃતાંતનો પ્રારંભ કર્યો.

વર્ચસૂતમા કહે છે ' હે પ્રહર્ષ, પછી બીજે દીવસે વખત થયો એટલે સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વી, શુભ્રકેતુ રાજા પ્રતિ, તે ભાનુદેવને દીગંબરની વાર્ત્તા શરૂ કરીને કહેવા લાગ્યા " હે રાજન્ પશ્ચાત તે દીગંબર સ્વામિ માયા આગમાપાયી છે, અને તેથી તેને મિથ્યામાની ત્યજવા યોગ્ય છે, એમભાનુદેવને પ્રયાણ કરવાના દિવસ સુધી હરરાત્રિએ ઉપદેશ આપવા લાગ્યા

---

૧ પ્રાજ્ઞ—જાણનાર

૨ પરાંગઙ્મુખ—પૂંઠબતાવનાર Turning face from; Avoiding face from.

જેથી ભાનુદેવના હૃદયમાંથી માયાની અસર ઘણીજ ઓછી થઈ ગઈ હતી; પ્રયાણના નિર્માણનો જ્યાં ગુરૂવાર થયો એટલે ચારૂશીલા, પદ્મની તથા પુત્રાદીક પ્રત્યેનો મોહ સર્વ ત્યજી દઇ, જમીન જાગીરનો વહીવટ ચારૂશીલાને ભળાવી, તથા પદ્મની તેમજ પુત્રાદીકની ચારૂશીલાને બરાબર સુંપરત કરી, પ્રાતઃકાળમાંજ ગુરૂ શિષ્ય બે તિર્થાટનઅર્થે પગે ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં ગુરૂ કહેવા લાગ્યા, " હે વત્સ, હજી તારૂં બ્રહ્મચર્ય અને સત્કર્મ પુરતું હોય તેમ સ્પષ્ટ રીતે જણાય છે. નહીંતો માયા તજવાના મારા ઉપદેશથી, તેં પુત્ર ધન ધામ ધરા દારા ઈત્યાદિ વૈભવનો ઉપભોગ કરવાનું છોડી, એકદમ દોરિ લોટો લેઇ, મારી સાથે તિર્થાટનઅર્થે ચાલી નીકળ્યો તે શુભસંસ્કાર વગર કદી બનેજ નહીં એ તું નિશંકપણે માનજે. એથી કેવલ એમ સિદ્ધ થઈ શકે કે પરિણામે તું પરમપદનો વાસ્તવિક અધિકારી છે. હે તાત્, જેને માયાનો ઘટ્ટ અર્થાત ઘાટો પટ બેસી ગયો હોય છે તેને તો માયા અસહ્ય દુઃખ દેછે છતાં તે માયાનો ત્યાગ કરવા ઇચ્છાજ કરતો નથી. પછી કદાચ અનેક જન્મ થતાં સહજ કોઇ એકાદ શુભસંસ્કારદ્વારા તેને સત્સંગ પ્રાપ્ત થાય છે તો તે સદગતિને પામે છે; બાકી નહિંતો આ માયાના સંસારચક્રમાં ફર્યા કરે છે. હે વત્સ ! છાણનો કીડો જેમ છાણમાં ઉત્પન્ન થાય છે, છાણમાં સ્થિતિ કરે છે, અને છાણમાંજ પાછો શમાય છે; તેવીજ રીતે માયાનો જીવ માયાથી ઉત્પન્ન થાય છે, માયામાં સ્થિતિ કરે છે, અને માયામાંજ અંતે શમાય છે. આમ પુનઃ પુનઃ માયાવડે તે પ્રાણીના જન્મમરણનું આવર્તન થયાંજ કરે છે. હે તાત્, હવે આજથી રાત્રિએ જ્યાં મુકામ કરવામાં આવે ત્યાં તારે મને કથારૂપ તારા સ્વપ્નનો વૃતાંત કહેવાનો છે. હવે આજથી હે બેટા, મારા યોગબલની સિદ્ધિ વડે કરીને તને સ્વપ્ન આવશે, અને તે સ્વપ્નથી તને ખાત્રી થશે કે માયાનો જીવ માયામાંજ શમાય છે. હે તાત્, તે સ્વપ્નની વાર્તા પુરી

થશે એટલે પાછા આપણે પોતાના સ્થાને જઇશું. હે વત્સ, સ્વપ્નાનુભવ તેજ જગતનો અનુભવ છે એમ કહીયે તો ચાલે. કારણ જગત સ્વપ્નસમાન મિથ્યા અને અસત્ય છે તેથી સ્વપ્નામાં પણ જે વાતનો અનુભવ થશે તેજ આ જગતનો થયો એમ જાણજે? હજી વીમળપુરી જઈ તારે સાતવર્ષ ગૃહસ્થાશ્રમ કરવાનો છે. પશ્ચાત વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવાના અધિકારને તું પાત્ર થઇશ. માટે આજની રાત્રિથી તને જે જે હકીગત સ્વપ્નદ્વારા તારા અનુભવવામાં તથા જોવામાં આવે તે તે સઘળી દરરોજ મારાપ્રતિ નિવેદન કરજે? હે વત્સ, તે પરથી તને છેવટે સિદ્ધ થશે કે માયાનો જીવ માયામાંજ રહી નિરંતર ઉત્પતિ, સ્થિતિ અને લયની પુન પુનઃ અવસ્થા ભોગવ્યાં કરે છે હે વત્સ સૂવર્ણને, મૃતીકા સમાન સમજી કોઇ વિરલાજ તેનો સ્વિકાર કરતા નથી, જો કે તે સુવર્ણ અત્યંત માયાવિ વૈભવોને પ્રાપ્ત કરાવા શક્તિમાન છે. પણ તે સૂવર્ણ જાતે માયારૂપ હોવાથી અનિત્ય અને જુઠું છે; અને તેથીજ કરીને વિરલ સત્પુરૂષો તેમાં યત્કિંચિત પણ આસક્તિને ધરતા નથી. તેની મેળેજ જો તે સૂવર્ણ અનાસૂર્તિ પ્રાપ્ત થાય અને સર્વ સંપતિઓનું સૂખ આપે તો ભલે, પણ તેમાં સ્પૃહા, કામના, વાસના, લાલસા, આસક્તિથી તેને પ્રાપ્ત કરવા, અનેક સારીનરસી યુક્તિઓ અને સાચાંજુઠા તેઓ રચતા નથી તેઓ તો આ માયા, આ જગત, આ સંસાર, અને આ સઘળો દૃશ્ય પ્રપંચ, એક મિથ્યા, પાણીથી માખણ કાઢવા સમાન નરશ્રૃંગ, અને વંધ્યાપૂત્રની પેઠે કેવલ અસત્ય અને અસંભવિત છે એમ નિશ્ચયપૂર્વક અનુભવથી જાણે છે. માટે એજ પ્રકારે હે તાત્, તું માયા અસત્ય અને જુઠી છે એમ નિશ્ચે કરીને જાણજે."

આ પ્રમાણે વાતો કરતા કરતા ગુરૂ શિષ્ય બન્ને ઠેઠ મધ્યાન્હ કાળ થઇ ગયા ત્યાં સુધી ચાલ્યા. એટલે એક ગામ આવ્યું, ત્યાં પડાવ કર્યો; અને દીગંબર સ્વામિ ભાનુદેવને કહેવા

લાગ્યા. " હે બેટા, હવે મધ્યાન સંધ્યાનો સમય થવા આવ્યો છે તેથી કંઈ સ્નાન ધ્યાન નાસ્તો વીગેરેથી પરવારી થોડોક સમય અત્રે મુકામ કરી પશ્ચાત પાછું પ્રયાણ શરૂ કરીશું. " આ વાત ભાનુદેવે સ્વિકારિ ને તે પ્રમાણે બન્ને ગુરૂ શિષ્ય પ્રાતઃકાળમાંજ પોતાના નિત્યકર્મથી પરવારી, પ્રયાણે નીકળી પડેલા હોવાથી, તે ગામમાં જઇ એક ધર્મશાળામાં મુકામ કરી, મધ્યાન સ્નાન સંધ્યા વીગેરે પોતાના નૈમિતિક કર્મમાંથી પરવારી, નાસ્તો કરવા બેઠા. નાસ્તો કરી જરા વિશ્રાંતી લીધી અને સહજ નમતો પોહોર થવા આવ્યો એટલે પાછા ચાલી નીકળ્યા; ચાલતાં ચાલતાં ભાનુદેવ કહેવા લાગ્યો. " હે સ્વામિન, પ્રથમ કયા તિર્થની યાત્રા કરીશું; અહીંથી પેહેલાં ક્યાં આપણે જવાનું છે તે કૃપા કરીને કહો " ? આ સાંભળી દીગંબર સ્વામિ બોલ્યા " હે તાત પ્રથમ અહિંથી આપણે કાશીવિશ્વનાથ મહાદેવનાં કાશીમાં દર્શન કરી પશ્ચાત શ્વેતબિંદુરામેશ્વર તરફ જઇશું " ? ભાનુદેવે પ્રત્યુતર વાળ્યો " હે ગુરો, બહુ સારૂ. પણ કાશીથી શ્વેતબિંદુરામેશ્વર જતાં ઘણા દિવસ લાગશે, અને તેટલી વાટખરચી પણ આપણી પાસે લીધી નથી તો પછી શીરીતે નભશે." ગુરૂ બોલ્યા, " હે તાત, શ્રદ્ધા રાખીશ તો સર્વ ઈષ્ટેચ્છાથી આવી મળશે. વિશ્વંભર જેવો દયાળ છે તો ગમે તે પ્રકારે આપી રહેશે. તેની ચિંતા અત્યારથી કરવી ઉચીત નથી. હે વત્સ, જ્ઞાની અને પરમ બુદ્ધિમાન પુરૂષો વર્ત્તમાન કાળનોજ વિચાર રાખે છે. ભૂત અગર ભવિષ્યનો વિચાર તેઓ જરા પણ કરતા નથી. કારણ કે તેઓને જ્ઞાત છે, કે ભૂત અર્થાત જે થઇ ગએલી વસ્તુ છે તેનો વિચાર કરવાથી કશુંજ ફળ થતું નથી. તેમજ ભવિષ્યની બાબત છે તેનો પ્રાણી વિચાર ઘણોએ કરે છે, છતાં પોતે અલ્પજ્ઞ હોવાથી પોતાના ભવિષ્યને અર્થાત્ ભાવિ થનાર વસ્તુને યતકિંચિત પણ જાણવા સમર્થ નથી. એટલે ભૂત તથા ભવિષ્યને માટે કરેલા વિચાર સઘળા તેના મિથ્યા છે. આમ હોવાથી શ્રી સદ્દગુરૂ, સત્શાસ્ત્રો વેદ તેમજ ઉપનિષદો પણ હમેશાં વર્ત્તમાન કાળને માન આપી

તે પ્રમાણે વર્તવા, અને ચિત્તની પ્રસન્નતા જાળવવાને માટે વારંવાર પ્રબોધે છે. આટલા માટે હે બેટા વર્ત્તમાન કાળનો વિચાર, અને સ્વરૂપનું ચિંતન એજ નિરંતર જ્ઞાની અને બૂદ્ધિમાન પુરૂષોનું કર્ત્તવ્ય છે તે તું નિશ્ચે કરીને જાણ ? જ્ઞાની અને અજ્ઞાનિમાં ફેર માત્ર એટલોજ છે કે જ્ઞાની વર્ત્તમાન કાળ તરફ લક્ષ આપી પોતાના પ્રાપ્ત કર્મને કરતો છતાં, નિરંતર સ્વસ્વરૂપના વિચારમાંજ રહે છે, અને અજ્ઞાની ભૂત ભવિષ્ય અને વર્ત્તમાન ત્રણે કાળ તરફ લક્ષ આપી રાગ દ્વેશથી ભરેલી અલ્પજ્ઞ દશામાં ને દશામાં, નિરંતર પોતાને વળગેલી માયામાં ગર્ક થઇ જઇ, સર્વ વ્યવહારોને કરે છે અને સ્વસ્વરૂપ તે શું અને શીરીતે પ્રાપ્ત થાય, તેનું સ્વપ્ને પણ યત્કિંચિત પોતાને ભાન થવા પુરૂષાર્થ કરતો નથી. હે બાપ, માયાનો જીવ માયામાંજ શમાય છે. અજ્ઞાની જીવ અજ્ઞાનમાંજ ઉત્પન્ન થાય છે અને અજ્ઞાનમાંજ નાશ પામે છે. કદાચ અનેક જન્મના શૂભ સંસ્કારોનો સમૂહ તેને એકાદવાર સત્સંગ કરાવે છે તો **अनेक जन्म संसिद्धि स्ततोयाति परांगतिम्** એ ભગવત્ગીતાના વાકયાનુસાર તેની અનેક જન્મ જન્માંતરે સદગતિ થાય છે, બાકી તો એમને એમ તે અજ્ઞાની જીવ ભવાટવીમાં અથડાયાજ કરે છે એમ તું નિસંશયપણે જાણ '' આ પ્રમાણે ગુરૂ દીગંબર સ્વામિ ભાનુદેવને ઉપદેશ આપતા આપતા કાશીમાં આવી પોહોચ્યા, અને "કાશિવિશ્વનાથમહાદેવના દેવાલયની સમીપ આવેલી એક ધર્મશાળામાં બન્નેએ મુકામ કર્યો. ગુરૂશિષ્ય કાશીમાં આવ્યા ત્યારે રાત્રિ પડી ગઇ હતી; અને સાયં સંધ્યાનો સમય જો કે વિતી ગયો હતો છતાં શ્રી કાશીવિશ્વનાથમહાદેવની આરતી થવાનીહજી બાકી હતી. જેથી ગુરૂ દીગંબર સ્વામિ ભાનુદેવને કહેવા લાગ્યા હે વત્સ, હજી આપણું પ્રારબ્ધ બલવાન છે; શ્રી કાશી વિશ્વનાથ મહાદેવની આરતી હજી થઇ નથી, જેથી તે લાભ આપણે લઇ શકીએ એમ છે. ખરેખર સદ્ભાગી છીએ. ચાલો ગંગાએ સ્નાન કરી પશ્ચાત આરતિનાં દર્શન કરી, પછી સ્વસ્થ

થઇ આખાદીવસના પ્રયાણુના શ્રમને લીધે, પાછા આપણે આસને આવી વિશ્રાંતિ લેઇએ.” ભાનુદેવે આ સાંભળી પ્રત્યુત્તર વાળ્યો “ ગુરૂ મહારાજ જેવી ઇચ્છા ” આટલું કહી તે બન્ને ગુરૂશિષ્ય ગંગાએ સ્નાન કરવા ગયા. સ્નાન કરી કાશીવિશ્વનાથ મહાદેવની આરતીનો વખત હોવાથી, મહાદેવમાં ગયા અને આરતિ થઇ રહી એટલે પુષ્પાંજળી ઇત્યાદિ કરી, બન્ને પેલી ધર્મશાળામાં પોતાને આસને આવીને બેઠા. પશ્ચાત ગુરૂ સુઇ ગયા એટલે ભાનુદેવને પદ્મનીના પ્રેમનુ સ્મરણુ થવા લાગ્યું. તેમજ પૂત્ર પૂત્રાદિકના મમત્વથી મન ડુભાવા લાગ્યું. ભાનુદેવ સુતો સુતો વિચાર કરવા લાગ્યો કે “ અરે પદ્મની તારા મોહપાશમાં હું પુરે પુરો ફસાયો હતો; અને એવો-તો તારી પ્રેમ જાળમાં સપડાયો હતો કે આ વિશ્વમાં ગુરૂ ઇશ્વર અને આખા જગતને ભુલીજઈ, એક તનેજ જોતો હતો. તારાવિના જરા પણ મને અન્ય કાર્ય વ્યવહાર કરવો ગમતોજ નહતો. તારા વિના એક ક્ષણુ પણ વિખુટો હું રહી શકતો ન હતો તારા રંગવિલાસમાં અને તારી મુખમુદ્રા જોઇનેજ મારો દીવસનો અને રાત્રિનો સઘળો સમય ગુજારતો હતો; અને દીન પ્રતિદિન તારી માયામાં એટલો બધો લુબ્ધ થઇ ગયો હતો કે મારૂં જીવન તનેજ સમજતો હતો. જો કદાચ ગુરૂ મહારાજે આવી, મને તારાથી વિખુટો ન કર્યો હોત, તો હું પ્રાણુાંતે પણ તારા મોહપાશમાંથી છુટો થવા ન પામત; અરે પ્રાણુન્તે પણ તારી સોડ ન તજત; તારાથી વિખુટો પડતાં મારા હૃદયમાં કેટલો આઘાત થયો છે તે હું જાણું અને મારો પરમેશ્વર જાણે પણ શું કરી શકું ? જે સદગુરૂનો તન મન ધન અર્પણુ કરી હું અનન્ય ભક્ત બન્યો છું તેની આજ્ઞાનુ ઉલંઘન કેમ થાય ? તેના વચનનો લોપ કેમ થાય ? તેનો બોલ પાળ-વામાં સહજ પણુ ખામી કેમ લવાય ? કદી નહીં, કોઇ કાળે નહીં, પ્રાણુાંતે પણુ નહીં. શું કરૂં ગુરૂ આજ્ઞા પાલન કરવાના મારા દૃઢ નિશ્ચયો હોવાથી, હું ગુરૂ મહારાજની આજ્ઞાનુસાર

તને થોડોક સમય તજી દઇ, યાત્રાઅર્થે નીકળી પડયો છું. પણ એથી તું એમ ન સમજીશ કે તારા પ્રેમને હું બિસરી ગયો છું કિંવા વીસરી જઇશ. તારી મનહર શરદ પુનેમના ચંદ્રના જેવી કાંતિ અને તારી લાવણ્યતાને ભૂલી જઇશ. તારા હાવ ભાવ ને કામ કટાક્ષનું ભાન વીસરી જઈશ ? નાના તે સર્વ હજી મારી આંખે પ્રત્યક્ષ જણાય છે ને જણાશે, એતારૂં સુખ પ્રાણાંતે શું ભુલાશે ? કદી નહિં. પણ શું કરૂં ? લાચાર ! ગુરૂ મહારાજની આજ્ઞાનું ઉલંઘન કરી આવવાથી, ગુરૂદ્રોહિ તેમજ અઘોર નર્કનો અધિકારી અને પાતકી બનું છું જેથી ગુરૂઆજ્ઞાવગર તારીપાસે આવી શકવા અસમર્થ છું. હે રમણિ બાકી તારી રમ્ય મૂર્તિ એક ક્ષણ પણ મારા હૃદયમાંથી આઘી ખસતી નથી. ચારૂશીલા પણ એક મારી સહધર્મચારિણી સાધવી અને પૂજ્ય સતિ રૂપ છે. તેથી ગૃહસ્થાશ્રમને યોગ્યજ તેણે વિષય ભોગો ભોગવી લઇ, ધર્મપરાયણ રહી, પોતાના સ્વસ્વરૂપનું ચિંતન કરનારિ ગુરૂમહારાજની પુત્રી અને સુશિષ્યા બનેલી છે એટલે તે પદ્મનીને બરાબર કેળવશે તેમજ અત્યાર સુધી ઉત્તમ જ્ઞાન આપ્યું છે ને આપશે; કારણ કે મારા કરતાં તેણે અધિક માયા ઉપર જય મેળવી, જીવનમુક્ત દશાને પ્રાપ્ત કરવાના પુરૂષાર્થમાં ચિત્ત ધાલ્યું છે, જેથી તેનામાં નિર્તિ, વિરાગ, ભક્તિ, સત્ય ઇત્યાદિ કુદરતિ રીતે નિવાસ કરી રહેલાં છે. પદ્મની પણ તેની પાસે રહી છે જેથી હવે રૂડી રીતે કેળવાશે અને શુભસંસ્કારને પ્રાપ્ત કરશે; વીવેક વીરાગાદી પણ પ્રાપ્ત કરશે. તેને વૈભવ, લક્ષ્મી, ઐશ્વર્ય નાના પ્રકારના ઉપભોગો રાગરંગ અને સર્વ માયિક, ઉચ્ચ પ્રકારના સુખોના સ્વરૂપની ક્ષણીકતાનું ભાન થશે. બાકી એટલું તો મારે નિષ્પક્ષપાત પણે કહેવું પડશે, કે સંસારમાં જો યથાર્થ વિષયભોગોના અનેક સુખો મેં ભોગવ્યાં હોય તો તે મને પદ્મનીએજ ભોગવાવ્યાં છે. અને સંસારનુ અસત્ય સ્વરૂપ પણ તેણેજ પુરેપુરૂં સમજાવ્યું છે. તેમજ ચારૂશીલાએ સંસારના સારના સત્ય સ્વરૂપનો અનુભવ કરાવ્યો છે. એટલે બન્ને તમે મારી સહધર્મચારિણી સતિ

પત્નિઓ મારા બન્ને હાથમાં મોદકરૂપ છો. આ હાથથી મ્હોમાં નાંખુ તો પણ મિષ્ટ લાગે છે ને આ હાથેથી ખાઉં છું તોપણ મીષ્ટ લાગે છે. ઓહો ગુરૂમહારાજનો કેટલો બધો મારા ઉપર અનુગ્રહ, કે એવી રીતે મારા બન્ને હાથમાં લાડુ આપ્યો છે. અરે એવો લાડુ અનેક જન્મ જન્માંતરમાં પ્રાપ્ત થયા કરે છે પણ તે લાડુથીએ કાંઇક જુદી તદન વ્યતિરેક અને લાડુતો શું પણ અમૃત કરતાંએ અધિક મીઠી, અને કદીપણ નાશ નહિં થનારી, એવી પરમાનંદની ગોળી ખવડાવી મારા ત્રિતાપને દુર કરી, મને પરીણામે પરમ પદે સ્થિત કરનાર તો તે માત્ર ગુરૂ મહારાજ છે. જેથી મારે મન એના કરતાં બીજું પકવાન કોઇ શ્રેષ્ટ અને મિષ્ટ નથી. મારે તો તેજ સર્વોપરિ છે. બલ્કે સાક્ષાત ઇશ્વર કરતાં પણ એ ગુરૂ મહારાજ અધિક છે. એને તેથીજ મારૂમન એક સમયે ઇશ્વરની આજ્ઞાનું ઉલંઘન કરવા ઇચ્છા કરે છે, પણ ગુરૂ મહારાજની આજ્ઞા અક્ષરશ પાળવામાં યતકિંચિંત પણ પાછુ પડતું નથી. ઓહોહો ! ગુરૂ મહારાજનો ઉપકાર એટલો બધો છે કે આ જીંદગીમાં તો શું પણ ભવોભવ ભુલાય તેમ નથી. છોરૂં કછોરૂં થાય તેની પેઠે મેં અભાગીએ તેમને ઘણીવાર છેહ દીધો હશે, વા હું માયાલુબ્ધ બની તેમને ભુલી પણ ગયો હઇશ, છતાં તેઓએ મારા પ્રત્યે કદી પણ વક્ર દષ્ટિ ના કરતાં ઉલટી અનવધિ કૃપા કરી, મારા જીવનને જીવનમુક્ત બનાવવા પરિશ્રમ વેઠયો છે અને હજી વેઠે છે; એ શું તેમનો મહદ ઉપકાર મારાપર નથી ? છેજ, લાખોવાર છેજ, કરોડોવાર છેજ, સર્વદા છેજ. હું તો હવે દઢ શ્રદ્ધા પૂર્વક માનું છું કે એજ મારા પિતા છે, નેતા છે, દાતા છે, ત્રાતા છે, ઇશ્વર છે; અને એજ મારા પરમાત્મા છે એમ કહું તોપણ એમાં લેશ પણ અસત્ય નથી. ” પાછો પશ્ચાતાપથી મન સાથે કહેવા લાગ્યો “ હે ગુરો મારા થએલા સર્વ દોષોની ક્ષમા આપી શીશુગણી સદા નભાવ્યો છો તેમ નભાવજો ? હે કરૂણાગુપિતા આપની અનવધિ કૃપા-

દ્વારા, હું માયાલુબ્ધ યત્કિંચિત માયા ઉપર જય મેળવવાના ક્રમમાં જોડાયો છું તો આપ મારા પુરૂષાર્થની સિદ્ધિ કરનાર છો ? મારા જીવનની કૃતકૃત્યતાને માટે આપશ્રીજ સાધન રૂપ છો; હે ગુરો આપ મારૂં નિરંતર રક્ષણુ કરજો ? ” આ પ્રકારના અંતરમાં વિચાર કરતો કરતો ભાનુદેવ, આગલી રાતે શ્રમિત હોવાથી ઉંઘી ગયો. અને મધરાત થઇ એટલે ગુરૂ દિગંબર સ્વામિના યોગબલથી તેને એક સ્વપ્ન આવ્યું. બ્રાહ્મમૂહુર્તે બન્ને શિષ્ય તથા ગુરૂ, ગંગાએ સ્નાન કરી આવી, પોતપોતાના નિત્યનૈમિતિક કર્મકાંડમાં પ્રવૃત થયા. પશ્ચાત પરવારી ગુરૂ મહારાજ દિગંબર સ્વામિ ભાનુદેવને કહેવા લાગ્યા “ હે વત્સ તને કાંઇ આજ રાત્રિએ સ્વપ્ન આવ્યું હતું ? ” ભાનુદેવે કહ્યું “ હા ગુરૂ મહારાજ. પાછલી રાત્રિએ એક સ્વપ્ન મને આવ્યું હતું અને તે નીચે મુજબ હતું; ગુરૂ બોલ્યા “ હે તાત્ સુખેથી નિવેદન કર ? અત્યાર સુધી મારી કથાથી તને મનુષ્યજીવનનો અનુભવ મળ્યો, હવે તેથી વિશેષ અનુભવ આપવાની ખાતર, તથા તારા હૃદયમાં માયાના ચિત્રને આલેખવાઅર્થે, મારે તારી કથા શ્રવણુ કરવાની જરૂર છે. માટે બેટા સર્વ હકીકત શ્રવણુ કરાવ ? એથી કરીને તું માયા ઉપર જય મેળવવાના સન્નિશ્ચય ઉપર આવી, તારા જીવનને સુધારીશ, અને પરિણામે તારા શ્રેયને સાધી, આ અસાર સંસારથી તરી જઇશ એ તું નિશ્ચે જાણજે ? ”

આવાં પ્રેમાળ વચનો શ્રવણુ કરી, પોતાના સદગુરૂ દિગંબર સ્વામિ પ્રતિ પોતાના પ્રથમ દીવસના સ્વપ્નની સવિસ્તર હકીકત હે સજન્ જે ભાનુદેવે કહી, તે તને સંક્ષેપમાં કાલે શ્રવણુ કરાવીશ માટે હવે જઇસુખપૂર્વક નિદ્રાને પ્રાપ્ત થા ? ”

મૂનિ વર્ચસૂતમા, પ્રહર્ષને કહે છે “ હે અધિકારી શિષ્ય પશ્ચાત્ સિદ્ધશ્વરાચાર્યે શૂભ્રકેતુ રાજા પ્રત્યે ભાનુદેવના સ્વપ્નની દીગંબર સ્વામિ પ્રતિ ભાનુદેવે કથન કરેલી સવિસ્તર હકીકત

નીવેદન કરવાનું, બીજા દીવસપર મુલતવી રાખી વીદાય થયા; હાલ આપણે પણ મુલતવી રાખી કાલે તે કથા પ્રસંગ કરીશું. આજે રાત્રિ ઘણી વીતી ગઇ છે એટલે હવે નિદ્રાવશ થવાની જરૂર છે. હે તાત્, બ્રાહ્મ મુહુર્તે ઉઠનારા બ્રહ્મચારિઓ તથા સત્પુરૂષો, યોગિઓ અને તત્વવિદ્ મહાત્માઓતો હમેશાં રાત્રિએ નવ દશ કલાકે સુઈ રહે છે. અને રાત્રિના ત્રણ અને ચાર કલાકની વચમાં શૈયાનો અને મળનોત્યાગ કરી સ્નાન ઇત્યાદિથી પરવારી પશ્ચાત્ સંયમમાં પ્રવૃત થઇ જાય છે. પ્હો ફાટતાં તો સર્વ નિત્યકર્મથી પરવારી, સૂર્ય ભગવાનનું યથાવિધિ પૂજન કરી પોતાના પ્રાપ્ત કર્મમાં જોડાઈ જાય છે. અને સંસારથી સરસા અને જળમાં કમળની પેઠે રહીને માયા ઉપર વિજય પ્રાપ્ત કરી આ અસાર સંસારથી તરી જાય છે. માટે જાઓ હવે બધા-નિરામય નિદ્રાને પ્રાપ્ત થાઓ." આવાં વચનો શ્રવણ કરી પ્રહર્ષ તથા સર્વ વિદ્યાર્થિઓ સદ્ગુરૂને સપ્રેમ સાષ્ટાંગ કરી વિદાય થયા, ને મુનિ વર્ચસતમા પણ પોતાને આસને પધાર્યા.

પ્રહર્ષ પોતાના આસને જઇ સુતો પણ તેને નિદ્રા આવી નહીં. સુતો સુતો જ્ઞાન દૃષ્ટિથી એમ વિચાર કરવા લાગ્યો કે "ખરેખર માયાનો જીવ માયામાંજ શમાય છે. જો શૂભસંસ્કાર વશાત્ તે માયાના જીવને સત્સંગ મળી જાય છે તો, કદાચ સદ્ગતિને પ્રાપ્ત થાય છે, બાકી માયાનો જીવ માયામાજ મરે છે. એશ્રી સદ્ગુરૂનું વાક્ય કેવલ સત્ય છે. વળી ભાનુદેવને સંબોધીને કહેવા લાગ્યો. હે ભાનુદેવ, તું પવિત્ર રૃદયવાળો સ્વધર્મા ચર્ણી અને સર્વ કર્મકાંડને કરવાવાળો છતાં, પદ્મનીના માયાપાશમાં એવો સપડાઇગયો હતો, કે ઇશ્વર અને ગુરૂને પણ તદન ભુલી ગયો હતો. જો સદ્ગુરૂનો તને સંગ થયો ના હોત તો નિશ્ચય તે માયામાંજ તું નાશ પામત, અને પુનઃ માયામાંજ ઉત્પતિ સ્થિતિ અને લયને ઉત્પન્ન કરનાર ત્રિવિધિ કાલ ચક્રમાં રેંટની માફક ફર્યાં કરત એમાં કશુજ અસંભવિત નહોતું, નગુરા એટલે જેને માથે સદગુરૂ નથી તેવા ગુરૂ વિનાના માયાવિ

જીવનો અશુભ સંસ્કારોનો સમૂહ શુભ કરતાં મોટો હોય, અને તેથી કરીને સત્સંગ તેના પ્રારબ્ધમા નિર્મિત ન હોયતો તે જીવોનો તો આહીસાબે 'पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननि जठरे शयनं' એ શ્રીમદ્શંકર ભગવાનપ્રણિત વચનોનુસા માયા ચક્રમાંજ પરિક્રમણ કર્યા કરવાનું એમાં કશોજ સંશ નથી. જેમ છાંણના કીટને છાણ વીના અન્ય કશું છાજતુ નથી છાણવિના અન્ય વસ્તુથી જેમ તેનું જીવન ટકી શકતું નથ તેવીજ રીતે માયાના જીવને માયા સીવાય અન્ય કશું છાજતુ નથી તેમ માયા વિના તેનું જીવન જરાપણ ટકી શકતું નથી છાણનો કીડો છાણમાંજ ઉત્પન્ન થઇ છાણમાંજ જેમ મરે છે તેવીજરીતે તેમાયાનો જીવ માયામાંજ ઉત્પન્ન થઇ માયામાંજ શમાય છે. એ સદ્ગુરૂનું વચન લેશ પણ અસત્ય નથી. તે માયાન કીટને માયાના અનેક દુઃખદ પ્રસંગનો અનુભવ થવા છત માયાનો ત્યાગ કરવાનું કદી પણ ગમતું નથી; પણ ઉલટો વધારે ને વધારે માયાનેજ ચ્હાય છે. માયાના મારનો અસહ્ય ત્રાસ વેઠયા છતાં, માયાને છોડવા જરાપણ તે જીવ ખુશી હોતો નથી આહાહા ! કેવીમાયા પ્રબલ છે. કેવી માયા કારમી છે ? કેવ અકળ અને અજબ છે ? કેવી લોહચુંબક કરતાં પણ હજાર ગણી જીવને આકર્ષનારી શકિત છે ? અહોહો !!! મોટા સિદ્ધ સાધુ, સન્યાસિ અને યોગી જનોને પણ એકવાર તેના પંજામ આવ્યા પછી સપડાવ્યા વગર રહેતી નથી તો હું તે કોણમાત્ર મને લાગે છે આ કારણથીજ તત્વવિદ્ પુરૂષો તેના પાશમ સપડાવાની બીકથી માયાથી ચેતીને નિરંતર દૂરજ રહે છે " આ પ્રકારના વિચાર કરતો કરતો પ્રહર્ષશર્મા પશ્ચાત નીદ્રાવશ થયે

—તરંગ ૨ જો.

– પ્રિતી એજ દુખ છે –

બીજે દીવસે પોતાના નિત્યનૈમિતીક કર્મથી પરવારી ગુરૂ વર્ચસતમા રાત્રિએ સમય થયો, એટલે પોતાના કથા કહેવાના આસને બીરાજમાન થયા, કે તરતજ પ્રહર્ષ, પણ સર્વ વિદ્યાર્થીઓ સહીત ત્યાં આવી સાષ્ટાંગ કરી પોતાના આસને મર્યાદાપૂર્વક બેઠો. સર્વ વિદ્યાર્થિઓ પોતાના સદગુરૂને સાષ્ટાંગ કરી રહ્યા, એટલે મુનિ વર્ચસ્તમાએ થોડીકવાર મૌન્યપૂર્વક મંગલાચરણ કરી, ભાનુદેવની કથાનો પ્રારંભ કર્યો અને સર્વ એકાગ્રચિત્ત તે શ્રવણ કરવા લાગ્યા.

વર્ચસૂતમા કહે છે “ હે પ્રહર્ષ, બીજે દીવસે પેલા ભાનુદેવના સ્વપ્નની હકીકત શ્રવણ કરવાને, અત્યાતુર થઇ રહેલો શૂભ્રકેતુ રાજા, જ્યાં રાત્રીએ સમય થયો, એટલે પોતાના ગુરૂ સીદ્ધેશ્વરાચાર્ય સમીપ આવીને, પોતાના આસને યથાવિધિ સાષ્ટાંગ કરી બેઠો, એટલે સિદ્ધેશ્વરાચાર્ય તેને નીચે પ્રમાણે પ્રિતિ એજ દુઃખ છે એ વિષય ઉપર તે ભાનુદેવની કથા સંભળાવવા લાગ્યા.

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે “ હે રાજન, પશ્ચાત ભાનુદેવ પોતાના સદગુરૂ દિગંબર સ્વામિને પોતાના સ્વપ્નની હકીકત નીચે પ્રમાણે કહેવા લાગ્યો.

ભાનુદેવ કહે છે, “ હે સદગુરો, મને પાછલી રાતનું એવું સ્વપ્ન આવ્યું કે જાણે હું હીમાલયની દક્ષીણે આવેલી એક નરાધમ નામની નગરીમાં કે જે નગરી હાલ કામરૂદેશ નામે ઓળખાય છે, ત્યાં વિષયાનંદ નામ ધારણ કરીને વણીક જાતિમાં જનમ્યો, અને ત્યાં એક સુંદર કન્યાને પરણી ગૃહસ્થાશ્રમ ચલાવવા લાગ્યો. તે દેશમાં સ્ત્રીઓનુંજ રાજ્ય હતું. સ્ત્રીઓનોજ કારોબાર હતો અને સર્વ ઠેકાણે સ્ત્રીથીજ કામ ચાલતું હતું. પુરૂષો માત્ર સ્ત્રીઓની આજ્ઞા પ્રમાણે સર્વ વ્યહવારને કરતા હતા. જેથી મારે પણ મારી સ્રીને આધીન વર્તવું પડતું હતું. તે મારી સ્રીની રજા સીવાય મારાથી કંઇપણ બહાર એક

ડગલું પણ ભરાતું નહિં. મારે તો માત્ર દુકાને બેસીને તે કહે ત્યમ વેપારનું કામ કાજ કરવું પડતું હતું. પણ દુકાન છોડીને મારાથી એક ક્ષણ પણ કંઇ જવાતું ન હતું. આવા બંધનમાં રહી હું ગૃહસ્થાશ્રમ ખેડવા લાગ્યો. એક માત્ર તે સ્ત્રિથી મળતા વિષયસુખની લાલસાએજ, આવા કારાગ્રહરૂપ બંધનના દુઃખને સહન કરી રહેતો હતો. એમ કરતાં કરતાં મને એક દીકરો થયો અને તેનું નામ કર્માનંદ પાડયું; કર્માનંદ મોટો થયો અને ભણીગણી પરણ્યો; પછી તેને પણ છોકરાં થયાં જેથી હું દાદો થયો. પશ્ચાત શરીરે વૃદ્ધ અને અશક્ત થયો, એટલે દુકાનનું કામકાજ કરી શકતો નહીં તેથી મને છોકરાં રમાડવાનું કામ સોંપ્યું. હું તો ઘેર રહી પછી મારાં છોકરાના છોકરાંઓને રમાડી કાલ નિર્ગમન કરવા લાગ્યો. અને થોડાક વખત પછી તો ઠીકજ વૃદ્ધ અને અશક્ત થઈ ગયો. તેમજ આંખે પણ અપંગ થઇ ગયો. એ દેશના હવાપાણી પુરૂષ કરતાં સ્ત્રીને ઘણાંજ માફક આવતાં હતાં, જેથી મારી સ્ત્રી તો દીન પ્રતિદિન યુવાવસ્થાને પ્રાપ્ત કરવા લાગી. મારે ને તેને ઉમરમાં પંદર વરસનો ફેર હતો જેથી તેની જ્યારે ચાળીસ વરસની ઉમર થઇ ત્યારે મને પંચાવન થઈ ગયાં હતાં; તે નરાધમ નગરીના હવા પાણી પુરૂષને બીલકુલ અનુકુળ નહીં હોવાથી મને પચાવન વરસ તે પંચોતેર જેવાં જણાતાં હતાં; અને શરીર પણ તે પ્રમાણમાં નિર્બળ થઇ ગયું હતું. અને સ્ત્રીને હવાપાણી તે દેશના અનુકુળ હોવાથી મારી સ્ત્રીને જોકે ચાળીસ વરસ થયાં હતાં છતાં તે પચીસ વરસની સ્ત્રીના જેવી, યુવાન અને મદથી ભરેલી બનીરહી હતી. જેથી તેણીની વિષયવાસના તે અન્ય મનપસંદ યુવકોથી તૃપ્ત કરી લેતી હતી. સૌસ્વાર્થનું સગું છે એ વાતનો અનુભવ મને આ વખતે થવા લાગ્યો. કારણ કે તે મારી સ્ત્રી, હું જુવાન હતો અને તેણીની વિષયવાસના તૃપ્ત કરી શકવા સમર્થ હતો ત્યાં સુધિ તો મને અનેક સારા ઉત્તમ ખોરાકો ખવડાવતી, સુંદર વસ્ત્રો પ્હેરાવતી, અને એવી બીજી અનેક મારી ખાતર બરદાસ

અને ઠઠવેઠ કરતી, પણ હું છેકજ વૃદ્ધ અશક્ત અને દુર્બળ થઈ ગયો છું અને તેણીના કામને યતકિંચિત પણ રહ્યો નથી એમ તેણીને લાગ્યું, ત્યારે તે સર્વ લાલન પાલન મુકી મને માત્ર બાજરીનો રોટલો તથા ડુંગળીનું એક ડળું, મારા પોષણ અર્થે ખોરાકમાં આપવા લાગી, અને અન્ય તેની વિષયવાસના તૃપ્ત કરનાર વ્યભિચારી યુવાન પુરૂષોને, અનેક મન ગમતા માલ મસાલા ખવરાવા લાગી. વળી હું ક્યારે જલ્દી મરૂં તેને માટે અનેક ઉપાયો કરવા લાગી. પણ ભાવિની બલવત્તર ગતિ હોવાથી હું નહિં મરતાં તે સર્પ ડસવાથી મારા પેહેલાં મરણ પામી. અને હું તથા મારો દીકરો દીકરાની વહુ તથા તેનાં છોકરાંઓ માત્ર રહ્યા. સમય એવો આવ્યો કે હું છેકજ શરીરે જીર્ણ થઈ ગયો: મારી ગત સ્ત્રીની હયાતીમાં આંખે અ-પંગતો થયો હતો જેથી ખાટલામાં પડી રહ્યા સીવાય અન્ય વ્યાપારને કરી શકવા અત્યારે છેકજ અસમર્થ થઈ ગયો હતો. મારો દીકરો કર્માનંદતો દ્રવ્ય ઉપાર્જીત કરવાના અનેક શુભાશુભ કર્મરૂપ પુરૂષાર્થને કરતો હતો, પણ પરણ્યા પછી છેકજ બાયડીવશ થઇ ગયો હતો. જેથી અપંગ અને વૃદ્ધ અશક્ત તેનો હું જે પિતા, તેની ઘરમાં સારી રીતે સેવા થવાને બદલે વચન અને દંડ પ્રહારથી હરરોજ ખુબ પુજા થતી હતી. એવો કોઇ પણ દિવસ ના જતો હતો કે મને, છોકરાની સ્ત્રીની મેણા ટોણા તથા એકાદ બે ચુંટીઓની સાથે થપ્પડો ન પડી હોય? ગાળોની તો વૃષ્ટિ મારા ઉપર નિરંતર અવિચ્છિન થયાંજ કરતી હતી. આ પ્રકારે ત્રિવિધ તાપથી હું બળતો હતો છતાં, મારી મમત્વરૂપિ ગ્રંથી દીકરામાં દીકરાની, વહુમાં, અને દીકરાના વસ્તારમાં, એવી તો સંઘટ્ટપણે ગુંથાઇ રહેલી હતી, કે અનંત યુગો વહી જાય છતાં તે ગ્રંથી તુટી શકે તેમ ન હતું. જેથી ઘરમાં એટલો દીકરાની વહુનો ત્રાસ વરતાતો હતો, છતાં બાહેર તેનું છાવરતો, ઉપરાણું લેતો, તેને કોઇ ગાળ દે, અગર તેનું કોઈ ભુંડુ બોલે તો, તેને

શ્વાનની પેઠે કરડવા ધાતો; હે ગુરૂ મહારાજ! આ રીતે હું માયા-ગ્રસ્ત બનેલો અને વિષયસુખનેજ સર્વોપરી માની બેઠેલો કેવળ મંદમતિ જીવ, માયા અર્થાત પ્રિતિથી અસહ્ય કષ્ટને સહન કરતો હતો; તોપણ માયા એ દુઃખરૂપ છે, અસત્ય છે, મિથ્યા છે, ઝાંઝવાના પાણી જેવી છે, અને તેથી તજવા યોગ્ય છે, એ વિચાર મારા હૃદયમાં કદી આવતોજ ન હતો. માયારૂપિ સંસારને સત્ય માની તે નરાધમ નગરીના નામ પ્રમાણે નરાધમ અને માયાવિ જીવ બની રહ્યો હતો. જેથી મને પોતાના વાસ્તવિક સ્વરૂપનું જરા પણ જ્ઞાન કે ભાન ન હતું. પણ આટલા બધા અશુભ સંસ્કારોના સમૂહવાળો જે હું, તે એક રીતે સહજ સદભાગી અને શુભ સંસ્કાર વાળો હતો; કારણ કે પૂર્વના શુભ સંસ્કારવશાત્ પ્રભુએ એવો મારામાં ચમત્કાર મુકયો હતો, કે મારી જાતનું મારી પાસે આવનાર મારા સંબંધીઓનું અને મારી વાડી વસ્તારના ત્રણે કાળના જન્મનું, જ્યારે વીચાર કરૂં ત્યારે મને ભાન થતું. તેથી મારી ગતિ અવગતિને તથા મારા નિકટ સહવાસમાં આવનાર સ્ત્રી પુરૂષની ગતિ અવગતિને જરા વીચાર કરતાંની સાથે જાણી શકવા સમર્થ હતો. આ પ્રકારે હું કેવળ સંસાર ગ્રસ્ત અને પાકો માયા લુબ્ધ થએલો અને શરીરે જર્જરિત તેમજ છેક અશક્ત બનેલો, જેથી રોગી અને અંધ દશાની દુઃખમય જીંદગી ગુજારવાની સાથે, માયાના ત્રાસની વિકલ અને અત્યંત કષ્ટદાયક સ્થીતિ ભોગવતો હતો. અને માત્ર મરણ બાકી રહ્યું હતું. એમ કેટલાંક વર્ષ પર્યંત રીબાયો; પશ્ચાત મારો અવસાન સમય નજીક આવવા લાગ્યો અને હું મરવા પડયો. વૈકુંઠમાં દરમ્યાન એવો બનાવ બન્યો કે શ્રીકૃષ્ણ પરમાત્મા લક્ષ્મીની સાથે એક સમયે વિનોદ કરી રહ્યા છે, એવામાં લક્ષ્મીએ ભગવાનને કહ્યું, 'મહારાજ, સંસાર અર્થાત માયા-રીતી એ દુઃખરૂપ છે એમ જીવ જાણે છે, છતાં માયાનો ત્યાગ કરવા કદી પણ તે ઇચ્છા કરતો નથી. એનો દાખલો જોવો હોય તો ચાલો નરાધમ નગરીમાં બતાવું" ભગવાન કહેવા લાગ્યા

"ચાલો દેવી મને તમે તે બતાવો અને હું તમને એ બતાવું કે ગમે તેવો અધમ જીવ હોય તોપણ એક ક્ષણ વારના સત્સંગથી, માયા ઉપર વિજય મેળવી સંસારસાગરને તરી જાય છે." લક્ષ્મીજી બોલ્યાં "ચાલો ભગવન્ ત્યારે આપણે પરસ્પર તેમ કરીયે." આટલું કહી શ્રીમદ્ કૃષ્ણ ભગવાન તથા લક્ષ્મીજી એક સાધુ તથા સાધુમાતાનો વેશ લેઇ, તે અમારી નરાધમ નગરીમાં આવ્યાં, અને મારી તપાસ કરી. વિષયાનંદ નામથી અબાલવૃદ્ધમાં હું ઓળખાતો હતો, જેથી મારૂંનામપુછીને તે બન્ને સાધુ મૂર્તિઓ મારી પાસે મારે ઘેર 'ભવતુ ભિક્ષાન્નદેહિ' એ શબ્દના ઉચ્ચાર સાથે આવી ઉભી રહી. મને મારા ભાવિનું સ્મરણ થયું, જેથી સાક્ષાત્ ભગવાન તથા લક્ષ્મીજી સાધુના વેશે મને ઉપદેશ આપવા આવ્યાં છે એમ તેમને મેં ઓળખી લીધાં; મેં તેમનો આદરસત્કાર કર્યો અને મારા ખાટલા આગળ તેમને બેસાડયા. તેઓ પશ્ચાત બેસી મને નીચે પ્રમાણે ઉપદેશ દેવા લાગ્યા કે જે મેં ખાટલામાં પડયે પડયે નીચે પ્રમાણે શ્રવણ કર્યો.

સાધુપુરૂષના વેશમાં ભગવાન મારા પ્રતિ કરૂણાળુ સ્વરે કહેવા લાગ્યા કે "હે વિષયાનંદ તને માયથી આટલું આટલું કષ્ટ પડે છે છતાં તું માયાના વિષયોપભોગમાંજ આનંદ માની બેઠો છે. જરા તો વિચાર કર ? જે દીકરાની વહુએ તને આટલું બધું દુ:ખ દીધું છે અને હજી દે છે તેને હજી તું ચાહે છે ? જે દીકરો બાયડી વશ થઈ તને વારંવાર કવરધી ગાળોના પ્રહાર તથા મુષ્ટિના પ્રહાર મારે છે, અને જે પેટ ભરીને પુરૂં ખાવા પણ આપતો નથી તે દીકરાને "મારો દીકરો મારો દીકરો" કરી તેના પ્રત્યેના મોહ સમુદ્રમાં ડુબી જઇ તારી જાતે તારી અધોગતિ વ્હોરી લે છે ? હે મુઢ જરાતો સમજકે એ તારૂં સઘળું મમત્વ, તારો સઘળો મોહ, તારી સંસાર પ્રત્યેની સઘળી પ્રિતિ, તને માયાપાશમાંથી મુક્ત કરનાર નથી; પણ એક સત્ ચિદ્ અને આનંદ સ્વરૂપ પરમાત્માનું સ્મરણજ તને ત્રિવિધિ તાપથી ઉગારી અવિચળ સુખ આપનાર છે. હે મંદમતિ

માયાના મિથ્યા સ્વરૂપને તથા પ્રિતિએ દુઃખ છે એમ તારા રહૃયમાં દઢાવવાની ખાતર અમારૂં અહીં આવવું થયું છે તો અમારા સદ્બોધને ગ્રહણ કરી માયાથી મુક્ત થઇ સંસાર સાગરને તરીજા ? જો હવે ઘડી બે ઘડીમાં તું મરણને શરણ થઈશ. ' मरणे या मति सागति ' એ શ્રુતિવાકયાનુસાર હવે મરણ વખતે તું માયામાં લપટાઇ રહીશ, તો તારી અવગતિ થશે અને ભવચોરાશી ફર્યા કરીશ. માટે હજી પણ કહીએ છીએ કે ચેતી જા અને મનથી સઘળી માયાને વિસારિ નિજાનંદ સ્વરૂપના ચિંતનમાં જીવને પરોવી દે ? માયામાં દુખદ સ્વરૂપનો ઠેઠ સુધી અનુભવ કર્યા છતાં, માયા-પ્રિતિ-સંસાર આસક્તિ ઇષણા-લાલસા એ સહુ તારી કામના તને બંધનમાં નાંખનાર બેડીરૂપ છે, એમ નિશ્ચયપૂર્વક જાણ્યા છતાં તે માયા પ્રિતિ આસક્તિનો ત્યાગ કરી આત્મતત્વના ચિંતનરૂપી નૌકામાં બેસી સંસાર સાગરને તરીજવા યતકિંચિત પણ પુરૂષાર્થ કરતો નથી એ કેવી આશ્ચર્યની વાત છે ? પાસે સ્વસ્વરૂપ સ્પર્શકાન્તમણી છતાં માયા રૂપિ કાચના કડકાને વળગી રેહેવાથી, તે સ્પર્શકાન્તમણિનો લાભ તને કદી કાળે પણ મળનાર નથી એમ તું નિચ્ચે કરીને જાણ ? કાચ તે કાચ જેવુંજ ફળ આપે છે, અને સ્પર્શમણિ તે સ્પર્શમણિ જેવુંજ ફળ આપે છે. કાચ કદીપણ સ્પર્શમણિ હોઇ શકે નહિં, તેમજ સ્પર્શમણિ તે કદીએ કાચ કહેવાતો નથી. કાચ તો સહજ ધકકો લાગતાં ફુટી જાય છે અને સ્પર્શ મણિનું તો જેમ જેમ વધારે ઘર્ષણ થાય છે તેમ તેમ તે અધિક તેજસ્વી થાય છે, અને જેની સાથે તેનુ ઘર્ષણ થાય છે તે વસ્તુને શુધ કુંદનરૂપ બનાવે છે. માટે વૃદ્ધ વણિક હવે તારો અવસાન સમય છેક નજીક આવ્યો, માટે સમજી મિથ્યા માયા પ્રિતિ આસક્તિ સર્વ મુકીદે, અને એક સર્વજ્ઞ સાક્ષીભુત નિજાનંદ સ્વરૂપનુંજ માત્ર ચિંતન કર ? જેથી હજી પણ તારી બાજી સુધરશે. હજીપણ તારા કર્મના દોષ બળશે, હજીપણ મુક્તિ

મળશે. માટે પુનઃપુઃન એજ સુચના અમે બન્ને કરીએ છીએ કે ચેતીજા અને તારા અંતરમાંથી સંસારની પ્રિતિને દુર કર ? જો પ્રિતિએજ દુઃખ છે એમ વેદશાસ્ત્ર કહે છે. અમારા જેવું તને જાગ્રત કરનાર કોઇ નહિ મળે. તારા પૂન્યબળે તું અમને ઓળખે છે તો હવે ઝટપટ સમજી જા ?" આ પ્રમાણેનો ઉપદેશ શ્રવણ કરી વિષયાનંદનું અર્થાત મારૂં હૃદય પીંગળવા માંડયુ, અને તેથી હું તેમને કેહેવા લાગ્યો કે "ખરેખર મહારાજ આ સંસારની પ્રિતિ આસક્તિ એજ દુઃખ છે એનો મને સ્પષ્ટ પણે અનુભવ થયો છે. હે ભક્ત પ્રતિપાલ શરણાગત ભગવાન આ દાસના ઉપર દયા લાવી, હવે આ સંસારની પ્રેમજાળમાંથી મને મુક્ત કરો ? મારાથી હવે આ છોકરાની વહુનો અને છોકરાઓનો ત્રાસ વેઠાતો નથી. હજીતો આપ બન્ને સાધુ પુરૂષોને મારા દીકરાની વહુએ જોયા નથી અને જોશે એટલે કેવો ત્રાસ વરતાવે છે તે આપને ખબર પડશે. મારા અનેક જન્મના દોષના કોષવડે કરીને હું અનેક પાપો ભોગવતાં ભોગવતાં હવે થાકી ગયો છું; હવે આ અસહ્ય દુઃખ મારાથી સહન થઈ શકતું નથી. હે દીનવત્સલ ભગવાન હું આપને શરણે છું. આવા શબ્દ સાંભળી ભગવાન સાધુવેશે લક્ષ્મીજીને કહે છે "હે દેવી, આ વિષયાનંદ વિષયમાંજ આનંદ માનતો હોય અને સંસારમાં માયાસક્ત હોય એમ કંઇ જણાતું નથી. પ્રિતિ એજ દુઃખ છે એ સારીપેઠે સમજે છે અને તેથી દુનિયાથી કંટાળી ગએલો લાગે છે. તમે કહો છો કે તે અત્યંત માયાલુબ્ધ છે જે આથી મનાતું નથી." શ્રી આદ્યશક્તિ લક્ષ્મીજી બોલ્યાં "પ્રભુ ધીરજ ધરો ? અને મારી પ્રબલ માયાની જે જે લીલા થાય તેનું અવલોકન કરવા કૃપા કરો ?" આ સાંભળી કૃષ્ણ ભગવાન મૌન્ય રહ્યા અને લક્ષ્મીજી વિષયાનંદને અર્થાત મને કેહેવા લાગ્યા, " હે ધાર્મિક વૃદ્ધ વણિક વિષયાનંદ, આજે કંઈ ભોજન સત્કાર થાય તો ઠીક. કારણ કે કાલના અમે બન્ને ક્ષુધાવાન છીએ. પછી જેવી તારી ઇચ્છા." આ વચન શ્રવણ કરી મેં પ્રત્યુત્તરમાં તેમની વાતનો સ્વીકાર

કરી, ઘરમાં છોકરાની વહુ કુભાષણી નામે હતી, તેને બોલાવી સાધુઓને માટે ભોજન સામગ્રી તૈયાર કરવા કહ્યું. તેણે આ મારા વાકયો શ્રવણ કરયા, કે તરતજ મારી પાસે આવી મને વૃદ્ધ અને દુર્બળને ગાલે, ચુટીઓ ભરી લાંબા લાંબા હાથ કરી કેહેવા લાગી "કે અરે ઓ ટચરા તારી પાસે તો આવા આવા સાધુડા દરરોજ આવશે એમ હું કયાં દરરોજ એ મારા રડયાઓને હોશલા ઘડી ખવડાવીશ; મુઓ ટરચો મરતોએ નથી અને માંચો મુકતોએ નથી. કહે તારા દીકરાને તે સાધુડાના હોશલા ટીપશે. હું તો ટીપનારી નથી." આ પ્રમાણે મને તે કહી રહી છે એટલામાં મારો દીકરો કર્માનંદ આવ્યો ને, તેને કહેવા લાગ્યો "અરે ભુંડી કદાચ બે સાધુ આજે જમશે તો તારૂં શું ઓછું થશે કે તું ઘસાઇ જવાની હતી ? એથી આપણને પાપ થવાનું નથી. આપણું કલ્યાણ થશે. અરે આ મુર્ખ સ્ત્રી, નાહક એમના ઉપર શું કામ દરરોજ ક્રોધ કરે છે. હું કહું છું કે સાધુઓને માટે રસોઈ કર."? હે ભગવાન્ તે મારા છોકરાની વહુ કુભાષિણીને આવું જ્યારે છોકરાએ કહ્યું ત્યારે બડબડતી બડબડતી મને સસરાને તથા ધણીને ગાળો દેતી રસોઇ કરવા રસોડામાં ચાલતી થઇ. પશ્ચાત હું તે ભગવાન્ અને લક્ષ્મી જે સાધુસાધવીનો વેશ લેઇ આવ્યાં હતાં તેમને કેહેવા લાગ્યો કે "ભગવાન્ જોયું, એ સ્ત્રીનો કેવો ત્રાસ છે. હવે જમવા બેસીએ ત્યારે વળી જે વધારે લીલા થાય તે જો જો ?" કર્માનંદ પાછો તેઓને કેહેવા લાગ્યો "મહારાજ ઘેર ઘેર માટીના ચુલા હોય છે, એતો ઘરમાના હાંલાં ખડખડયાજ કરે એમાં કંઇ કૌતક કે આશ્ચર્ય જેવું કશુંજ નથી." આવી ક્ષુદ્ર વાતોમાં થોડાક સમય વ્યતિત થયો એટલે મારી અર્થાત વિષયાનંદની પૂત્રવધુ કુભાષિણી બે બાજરીના રોટલા અને એકવાડકામાં અડદની દાળ લાવી, પેલા બે સાધુ અને હું સૌ બેઠા હતા, ત્યાં આવી પેલી થાળીને વાડકો એવા જોરથી જમીન ઉપર પછાડયાં કે પેલા વાડકામાંની ઉની ધગધગતી દાળ ઢોળાઇ, અને તેથી તેણીનાજ મ્હોં

ઉપર છાંટા ઉડયા અને દાઝી; આમ થવાથી તે મોટી બુમ પાડી જમીન ઉપર બેસીગઇ, એટલે કર્માનંદે તે દાઝી એમ જાણી ઉઠીને પાણી લાવી આપ્યું; અને જ્યાં છાંટા ઉડયા હતા તે દાળવાળી જગો ધોઇ નાંખી અને હું તો ઉઠી ન શકાય તેવી દુર્બળ સ્થીતિમાં હોવા છતાં તેના દાઝયા ઉપર ઠંડક સારૂ કોપરેલ અને ચુનો લાવવાના ઉપચારમાં રોકાયો. સાધુઓનું ખાવાનું ખાવાને ઠેકાણે રહ્યું અને કુભાષિણી બાઇએતો મોટે અવાજે બુમ પાડી બોપાગાળા કરવા શરૂ કર્યા કે " મરો રડયાઓ તમારે બાપ દીકરાએ બન્ને મળી મને મારી નાંખવી છે કે શું ? " એમ કહી કારમો ક્રોધ કરી એકદમ ઉઠીને વિષયાનંદને અર્થાત મને એવી તો સજડ લાત મારી, કે હું ને મારી લાકડી બન્ને વેગળે ભીત સાથે જઇ અથડાયાં અને ભીંતસાથે મારૂં માથું કુટાવાથી મારા માંથામાંથી લોહી નીકળ્યું અને મોટો ઘા પડયો. હું એટલો બધો અશકત અને નિર્બળ મરવાને ભોંય સુંઘતો હતો, છતાં મરતો નોહોતો પણ આમ રીબાવા લાગ્યો. કુભાષિણી દાઝેલી જેથી છોકરો તો તેની સારવારમાં પડયો, એટલે મારા માથામાં વાગેલાની દરકાર ફક્ત મારા સિવાય ઘરમા કોઇને રહી ન હતી, બન્ને સાધુઓતો તે રોટલા પોતાની ઝોળીમા નાંખી પેલી થોડી ઘણી દાળ હતી તે ભરી લેઇ, ત્યાંથી સત્વર વિદાય થઇ ગયા. ભોગ જોગે એમ થયું કે કુભાષીર્ણીની માંદગી વધી અને ગુજરી ગઇ. એટલે હું અર્થાત વિષયાનંદ માથે બે હાથ દઇ પોકે પોક મુકી રડવા લાગ્યો " કે અરેરે મારા દીકરાનું ઘર ભાગી ગયું; અરેરે તેનો સંસાર અધવચ પડી ભાગ્યો; તેની મધ્યવયે તે રઝળી ગયો; " કર્માનંદે પશ્ચાત બીજી કરવાનો ઇરાદો કર્યો, પણ કન્યાની અછતને લીધે તેમ તેનું વય પણ ચાળીસ વર્ષ ઉપરાંત થવા આવ્યું હતું, જેથી બીજી મળી શકી નહીં. હું વિષયાનંદ તેનો વૃદ્ધપિતા પણ તેને માટે કન્યા લાવવા અર્થે ખટપટ અને પ્રપંચમાં ગુંથાયો, પણ એકે

પ્રયત્ન સફળ થયો નહીં. મારો છેલ્લો અવસાન સમય આજ-કાલમાં આવશે એવી મને ખાત્રી થઈ હતી છતાં કર્માનંદ પુત્રને બીજીવાર પરણાવી, તેના પીળા હાથ નજરે જોઇ, પછી શરીર છોડવાના દૃઢ સંકલ્પ વાળો હોવાથી, હું મરતો ન હતો; આવી અંતકાલની દુખદ સ્થીતિમાં પણ મારા પુત્ર કર્માનંદને બીજી કન્યા કેવી પ્રાપ્ત થવી જોઇએ તે વિચારોમાંજ હું ગર્ક રેહેતો. અને કયારે પાછો તે પરણે તેવી આતુરતામાંજ ચિત્ત રાખતો. વળી મરેલી કન્યાને પણ સંભારી શોક કરતો; દરમ્યાન પાછા ફરી ભગવાન તથા લક્ષ્મી સાધુ વેશે એક દીવસે મારી પાસે આવી કહેવા લાગ્યા. "હે વૃદ્ધ વણિક જે તે દીવસે તમે તમારી મરહુમ પુત્રવધુથી તમારો છુટકારો થવા પરમેશ્વરની પ્રાર્થના કરતા હતા, તે તમારી પ્રાર્થના હવે પરમાત્માએ સાંભળી છે. માટે હવે તે તમારી ગત પુત્ર વધુને પ્રસંગાવશાત્ સંભારી શું કામ શોક કરો છો? જન્મે છે તે મરવાને માટે અને મરે છે તે જન્મવા ને માટે, જન્મવું મરવું એતો સંસારચક્રનો કાલક્રમ છે. માટે 'गतं न शोचयति पंडिता' વિદ્વાન અને બુદ્ધિમાન પુરૂષો ગઈ વસ્તુનો શોક કદી કરતા નથી. માટે ગઇ વસ્તુનો શોક કરવો મુકી દો? હે વૃદ્ધ વણિક મેં તમને વારંવાર બોધ આપ્યો છે કે સંસારમાં પ્રિતિ એજ દુઃખ છે. માટે પરમેશ્વર સિવાય આ જગતમાં અન્ય એક પણ વસ્તુ નથી એમ સમજી સંન્યાસા-શ્રમને ગૃહણ કરી આત્મસેવન કરો?" આ સાંભળતાંજ હું જો કે પેલા સાધુ વેશે ભગવાનને અને લક્ષ્મીજીને ઓળખતો હતો, છતાં તેમના ઉપર મને એવો તો ગુસ્સો આવ્યો કે તરત જ મેં તે બે સાધુઓને કહ્યું "મહારાજ તમારૂં બ્રહ્મજ્ઞાન તમારી પાસેજ રાખો? મારા દીકરાનું ઘર ભાગી ગયું તે તો કહેતા નથી. અરે મહારાજ કુભાષિણી ગમે તેમ દુઃખ આપતી હતી તોએ પણ મારે મનતો એક મારી હલેતી દીકરી જેવી હતી. હવે તો એ છોકરાના જ્યારે પીળા હાથ જલ્દી કોઇ રીતે થાય તેવો રસ્તો સુઝાડો બીજી વાત ન કરો? સંન્યાસ

ધારણુ કરી પછી શું છોકરો રઝળતો કરી કુંવારો ભટકાવા દઉં અને તે હું જોઉં? આવી સ્થીતીમાં તે મહારાજ કદી સંન્યાસ લેવાતો હશે શું ગાંડા થયા ? સંન્યાસ લેવાની તો જીવીશ તો હજી ઘણીવાર છે. હું સંન્યાસી થાઉં તો પછી છોકરાની શી વલે?" સાધુ વેશે ભગવાન તથા લક્ષ્મીજીએ આ સાંભળી ફરી મનેકહ્યું "અરે માયાસકત વણિક વિષયાનંદ, જે પ્રાણી કર્મેન્દ્રિયને વશ રહી મનથી વિષયોનુંજ સેવન કરે છે તે પ્રાણી કોઇ કાળે પણ પોતાના આત્માનું કલ્યાણ કરવા સમર્થ થઇ શકતો નથી. હે મુર્ખ, તેની શી વલે થવાની હતી ? તારી શી વલે થાય છે તેનીજ તને ખબર નથી તો તેની વલેની તું શું ખબર રાખી શકવાનો હતો ? પરમેશ્વરને જો તેને નહિજ પરણાવવાનો હોય તો તું તારા પૂત્રને શી રીતે પરણાવવા સમર્થ થઇ શકવાનો હતો ? નહીંજ; આજ તારી અજ્ઞાનતા છે. આજ તારી અજ્ઞાન બુદ્ધિનું પરિણામ છે. આજ તારા અવિહિત કર્મનુ ફલ છે. જે આદિ અનાદિ અનંત છે, સર્વનો સાક્ષી અને અધિષ્ઠાતા છે, સર્વ લોકનો પાલક છે, તેજ સર્વનું પોષણ કરે છે. તેજ તેની ખબર રાખનાર છે. તેજ સર્વ પ્રાણી પદાર્થની ઉત્પત્તિ સ્થીતી અને લયનો હેતુ છે. તેજ સર્વનો નિયામક છે. તેજ સર્વ પ્રકારે પ્રાણીમાત્રની સંભાળ લે છે અને લેશે; માટે એવી વૃથા માયા લાલસા—આસક્તિ—પ્રિતિ—ઇત્યાદિ વાસનાનો નાશ કરી તે પરમાત્માને શરણે જા ? છોકરાનું નસીબ છોકરાની સાથે છે; એ માયા પરમેશ્વરની છે તારી નથી માટે મિથ્યા તારી માની મમત્વના પાશમાં શું કામ ફસાઇ, દુઃખી થાય છે ? શું કામ જાણી જોઇને આમ ત્રિવિધી તાપમાં રીબાય છે? એ છોકરો કે છોકરાની વહુ તારૂં કલ્યાણ કરનાર નથી. તેમના તરફની મમતા પ્રિતિ એ માત્ર તને દુઃખદાયક છે એટલુંજ નહીં, પણ તને અધોગતિએ પ્હોચાડનારાં છે. માટે તેમના તરફનો સર્વ મોહ ત્યાગી, આ સંસારસાગરને તરવા સદપ્રયત્નવાન થા ? તું જો મારી સાથે વૈકુંઠમાં આવવાનો નિશ્ચય કરતો હોય તો સદેહે તને હમણાંજ

વૈકુંઠમાં મોકલવા તૈયાર છુ”” ? આવાં વચન તે સાધુ રૂપે ભગવા-નના શ્રવણ કરી મેં તેમને પ્રત્યુતરમાં કહ્યુ. “ મહારાજ સ્વર્ગ-લોકમાં આ મૃત્યુલોકથી વધારે શું સૂખ છે ? જે સૂખ મૃત્યુ લોકમાં છે તે સ્વર્ગમાં નથી. તમે કહો છો કે “ । क्षीणे पुण्ये मर्त्यं लोकंविशन्ति । ” વૈકુંઠમાં પણ પ્રાણીનું પૂણ્ય ક્ષીણ થાય છે ત્યારે છેવટે તેને મૃત્યુ લોકમાં વેશ કરવો પડે છે, અને મૃત્યુલોકથીજ અંતે મોક્ષ પ્રાપ્ત થાય છે. છોકરાંઓને ઉછેરવા લાડ લડાવવા, તેમનો ઘોંઘાટ કજીઓ તથા રડગાણું સાંભળવા, બાયડીઓના, પૂત્રવધુના-દીકરાઓનાં મ્હેણા ટુણા સાંભળવા, કીર્તિ અપકિર્તિ સાંભળવી વીગેરે સૌ પરીવાર સુખ શું સ્વર્ગ લોકમાં મળવાનું હતું બીલકુલ નહિં. માટે મૃત્યુલોકનુ સુખ તો સર્વ કરતાં અલૌકિક છે.” આ સાંભળી પાછાં તે બન્ને સાધુઓ મને અર્થાત્ વિષયાનંદને પથ્થરપર પાણી સમાન સમજી વિદાય થયાં, અને પેલું માથામાં મને વાગેલું તે કેટલાક દીવ-સે પાકી ઉઠયું અને તેમાં કીડા પડયા. એટલે પાછા ત્રીજીવાર તે સાધુએ આવીને કહ્યું “ અરે વૃદ્ધવણિક હજી કહીએ છીએ કે માન અને અમે તને વૈકુંઠમાં મુકી દઇએ કે જ્યાં તને કોઇ વાતે આધિવ્યાધિ ન નડે અને અખંડ સુ-ખ પ્રાપ્ત થાય. ” આ સાંભળી મેં પ્રત્યુત્તરમાં તેમને કહ્યું “ અરે મહારાજ માથામાં દરદ છે તે મટશે તો મટશે અને નહીં મટે તોએ શું ? અને એથી કદી મૃત્યુવશ થવાય તોયે શું ? પણ કાંઇ આ દીકરો ઘરબાર વાડી વજીફો એ સૌ મુકી તમારી જોડે સ્વર્ગમાં તે અવાય કે ? હમણાં તો માફ કરો. આગળ ઉપર પધારજો તો વળી વખત આવ્યે વૈકુંઠમાં પણ જવાનો વિચાર કરીશું. ” આ સાંભળી બે સાધુ પાછા પોતાને સ્થાને ચાલ્યા ગયા અને થોડીવાર પછી તરતજ હું અર્થાત વીષયાનંદ મરી ગયો. હે ગુરો આટલી હકીકત બનતાં સહવાર થયું અને મારી આંખ ઉઘડી ગઇ; આજના સ્વપ્નની ઉપર પ્રમાણે સવિસ્તર હકીગત મેં આપની

આજ્ઞાનુસાર કહી સંભળાવી, હવે જે જે આગળ ઉપર બનશે તે તે આજ્ઞાનુસાર નિવેદન કરીશ. પણ આ સ્વપ્નથી હે ગુરો મને એટલું તો સ્પષ્ટપણે અનુભવથી સમજાય છે કે માયા લુબ્ધ પ્રાણી પ્રિતિ આસક્તિ વાસનાનો ત્યાગ કરી શકતો નથી એવી માયાની સત્તા અતિ બલવત્તર છે એમાં લેશ પણ સંદેહ નથી.

આ પ્રમાણેની ભાનુદેવના સ્વપ્નની સવિસ્તર હકીકત શ્રવણ કરી તેના ગુરૂ દિગંબર સ્વામી બોલ્યા, "હે વત્સ, હવે તને માયાની પ્રબલ સત્તાનું ભાન થયું; પણ હજી જેમ જેમ સ્વપ્ન આવેજાય તેમ તેમ મને જે જે સ્વપ્નમાં બને તે તે યથાસ્થિત કહેતો જજે. એટલે હે વત્સ, એથી તને સંસાર સ્વપ્નવત્ છે, સંસારમાં પ્રિતિ આસક્તિ કામના એજ દુઃખ છે, અને એવા અન્ય તારા કલ્યાણના હેતુના ઉપાયરૂપ સિદ્ધાંતોને જાણીને, તે દુખથી દુર થઇ આ દુસ્તર માયાને તરી જવા સમર્થ થઈ શકીશ "હે વત્સ હવે જા, અને આપણા બેના શરીરના પોષણ અર્થે, બજારમાંથી પદાર્થો લાવી રસોઇ સામગ્રીની સર્વ વ્યવસાહ કર, અને આજરાત્રીએ પાછી જે સ્વપ્નમાં હકીકત બને તે કાલે મને શ્રવણ કરાવજે?" હે પ્રહર્ષ, ઉપર પ્રમાણે તે ગુરૂશીષ્યનો વૃત્તાંત શ્રવણ કરાવી, અહીંથી આગળ કહેવાનું મુલતવીરાખી તેમજ રાત્રી વિતિ ગઈ એમ જાણી સીદ્ધેશ્વરાચાર્યજી પોતાને સ્થાને વિશ્રાંતિ લેવા પધારી ગયા અને રાજાપણ પોતાને સ્થાને વિદાય થયો"

વર્ચસૂતમા મુનિ કહે છે "હે વત્સ પ્રહર્ષ, આ જગતના જીવની અજ્ઞાનરૂપી હૃદયમાં બંધાએલી ગ્રંથી, જ્યાં સુધી તુટતી નથી, ત્યાં સુધી તેના કલ્યાણનો માર્ગ તેને કદી પણ સુઝતો નથી. ત્યાં સુધી તેને કોઇ પણ, યોગી પંડીત કે મોટા તત્વવિદ્ મહાત્માના ઉપદેશની પણ યતકિંચિત અસર થતી નથી. જ્ઞાની પુરૂષ, મૃગજલ જેવા કેવલ અસત્ય અને નાશવાન સંસારમાં લેશપણ પ્રિતિ માયા કે આસકિત રાખતો નથી અને અજ્ઞાનરૂપિ અંધકારથી છાઇ રહેલું છે જેનુ હૃદય

એવો કેવળ અજ્ઞાની જીવતો, એ સ્વપ્નવત્ અનિત્ય અને અસત્ય સંસારને, સત્ય માની એમાંજ ગ્રસ્ત રહે છે; એમાંજ ગર્ક થઇ જાય છે અને તલ્લીન રહે છે. અસત્ય પદાર્થનું સેવન એ એક અવિદ્યા-માયાનું પરીણામ છે. ભાનુદેવ સ્વપ્નમાં વિષયાસક્ત બની વિષ-યમાંજ મગ્ન રહેતો હતો; અસત્ય પદાર્થનેજ ગ્રહણ કરી તેમાં જ પ્રવૃતિ કરતો હતો. અસત્ય પદાર્થમાંજ પ્રિતિ રાખતો હતો અને અસત્ય વસ્તુનેજ સત્ય માની બેઠો હતો; પણ હે તાત્ ભ્રાંતિ પામેલા જીવને ભ્રમથી જે કંઇ જણાય છે તે વાસ્તવિક રીતે જોતાં જુદું નથી; જેમ છીપમાં પ્રતિત થતો રૂપેરી પ્રકાશ છીપથી જુદો નથી, તેવીજ રીતે વાસ્તવિક સ્વરૂપથી કશુંજ અભિન્ન નથી. પણ હે વત્સ્ આ પ્રકારનો સારા સારનો વિચાર કરવાની મતિ શક્તિ, જે મનુષ્યે માયા ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે તેનામાં હોય છે. જેણે અંતરથી માયાનો પરિત્યાગ વાસ્તવિક રીતે કર્યો નથી, જેના ભોગો ભોગવવાના હજી પુર્ણ થયા નથી, જેના હૃદયમાં સત્વ ગુણે નિવાસ કર્યો નથી, જેનામાં શુભ ભાવના બંધાઈ નથી, તેનામાં સત્ય વસ્તુના વાસ્તવિક જ્ઞાનનો ઉદ્ભવ થવાનો કેવળ અસંભવ છે; વાસ્તવિક જ્ઞાનનો પ્રકાશ નથી, ત્યાં પ્રાણી નાશવંત સંસારના ક્ષણીક સુખ અને ઉપભોગોની, તથા અવિનાશી ધામના સુખોપભોગોની તુલના કરી શકવા કેવળ અસમર્થ છે. હે, મુમુક્ષુ પ્રિય શિષ્ય, જે પરમતત્વનો જીજ્ઞાસુ નથી તેને માયાની મોહનિમાંથી છુટવું તર્કીચિત પણ રૂચતું નથી. હવે તમે પણ જાઓ અને વિશ્રાંતિ લ્યો ! આગળ ઉપરનું દીગંબર અને ભાનુદેવનું વૃત્તાંત જે સિદ્ધેશ્વરાચાર્યે શુભકેતુ રાજાને શ્રવણ કરાવ્યું, તે હવે કાલે શ્રવણ કરાવીશ. આ વચન સાંભળી પ્રહર્ષે સર્વ વિદ્યાર્થિઓ ગૃહીત સદગુરૂને નિત્યનિયમ પ્રમાણે સાષ્ટાંગ દંડવત કર્યા, એટલે મુનિ વર્ચસૂતમા પોતાને આસને પધાર્યા અને સર્વ પોતપોતાના સ્થાને જઇ નિદ્રાવશ થયા.

प्रक ण ७ मु.

कुरुते गंगासागर गमनं व्रत परिपालनमथवादानम्
ज्ञान विहिने सर्व मनेन मुक्तिर्न भवति जन्म शतेन

ગંગામાં કે સાગરમાં ભલે સ્નાન કરો કે વ્રતનુ પરિપાલન કરો કીવાંદાન કરો તોપણ જ્ઞાનવિના શત્ અર્થાત સો જન્મે પણ મુક્તિ પ્રાપ્ત થતી નથી. એટલે કે વાસ્તવિક જ્ઞાન વિના મોક્ષ નથી વાસ્તવિક; જ્ઞાન કામ, ક્રોધ અને લોભ એ ત્રણની નીવૃત્તિ થએ પ્રાપ્ત થાય છે.

—તરંગ ૧ લો—

—ત્રણ વસ્તુનો ત્યાગ એજ ખરો ત્યાગ છે.—

બીજે દીવસે મુનિવર્ચસૂતમા પોતાના નિત્ય નિયમ પ્રમાણે રાત્રિ પડી એટલે કથા કહેવાને આસને બીરાજ્યા, અને પ્રહર્ષ સહીત તમામ શીષ્યવર્ગે આવી સપ્રેમ સદ્ગુરૂને સાષ્ટાંગ કર્યા. પશ્ચાત થોડીવાર થઈ એટલે વર્ચસૂતમાએ વૃત્તાંતનો પ્રારંભ કર્યો.

મુનિ વર્ચસૂતમા કહે છે. “ પ્રહર્ષ, બીજે દીવસે સમય થતાં સિદ્ધેશ્વરાચાર્ય તે શુભકેતુ રાજા પ્રત્યે ” પેલા ભાનુદેવ તથા દીગંબર સ્વામિનો વૃત્તાંત નીચે પ્રમાણે કહેતા હવા.

તે દિવસે ભાનુદેવને રસોઇ સામગ્રી કરવાની, અને પોતાના સદ્ગુરૂની યથાવિધિ થાળ ધરાવવાની ઈત્યાદિ સર્વ પ્રવૃતિ કરવાની આવશ્યકતા હોવાથી, તેણે ગુરૂ મહારાજની આજ્ઞાનુસાર તે તે કાર્યમાં પ્રવૃતિ કરી. સર્વ કાર્યો યથાસ્થિત કર્યાં. બાદ રાત્રી પડી એટલે રાત્રિએ પોતાની નિત્ય નૈમિતિક ક્રીયાથી પરવારિ નિદ્રાવશ થયો. આ બીજા દીવસની રાત્રી હતી જેથી આખી રાત્રિ તેની સ્વપ્નમાં વ્યતિત થઇ. અને ત્રીજા દીવસનો સૂર્યોદય થયો. ત્રીજે દીવસે સહવારમાં ભાનુદેવ સ્નાન

સંધ્યા ઇત્યાદિ તેના દરરોજના કર્મકાંડથી નિવૃત થયો, એટલે દીગંબર સ્વામિ, તે જ્યાં બેઠો હતો ત્યાં આવી પોતાનું દર્ભનું આસન નાંખી તે ઉપર બેઠા. જ્યાં પોતાના સદગુરૂ પોતાની સમીપ બિરાજમાન થયા, કે તરતજ ભાનુદેવે ઉભા થઇ સપ્રેમ સાષ્ટાંગ દંડવત કરી ગુરૂનું પૂજન કર્યું, પશ્ચાત આરતિ કરી અને ચરણ કમલ ધોઇ ચર્ણામૃતની અંજળી લેઇ તેનું પ્રાશન કરી અન્ય સર્વ શિષ્યોને ચર્ણામૃત વહેચ્યું અનેસ્વસ્થ થઇ પોતાના આસને જઇ મર્યાદા પૂર્વક બેસી ઈષ્ટ મંત્રના જાપસહ સંયમ કરવા લાગ્યો.

થોડીવાર થઈ અને તે સંયમ કરી રહ્યો એટલે દીગંબર સ્વામિ બોલ્યા " હે વત્સ ભાનુદેવ, આજની બીજા દીવસની રાત્રિમાં બનેલી તારા સ્વપ્નની સર્વ આગળની હકીગતનું મારા પ્રતિ કથન કર ? અને તે સ્વપ્નની બીનાથી ભય ન ધરતાં નિર્ભયપણે આ સ્વપ્નવત્ સંસાર અને તેની માયાના સ્વરૂપને યથાર્થ રીતે સમજી, ત્રણ વસ્તુ જે કામ, ક્રોધ અને લોભ તેના પરિત્યાગપૂર્વક, માયા ઉપર જય મેળવવા રૂપ ઉપાયને શ્રી ઇષ્ટ કૃપાથી પ્રાપ્ત કર ? "

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે " હે રાજન **त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः । कामः क्रोधस्तथालोभस्तस्मादेत त्रयंत्यजेत्** એ શ્રીમદ્ ભગવત ગીતાના વચનાનુસાર તેમજ સદગુરૂ અને સત્શાસ્ત્રે પણ સ્પષ્ટપણે પ્રતિપાદન કરેલા આ સંસારમાં પ્રાણીને નર્કમાં નાંખનાર ત્રણ દ્વાર—રસ્તા—માર્ગ જે કામ, ક્રોધ અને લોભ છે. હે નૃપેંદ્ર, કામ, ક્રોધ, અને લોભ એ ત્રણેનો પરિત્યાગ થતાં માયા જીતાય છે. એ ત્રણેનું જ્યાં સુધી જીવમાં અસ્તિત્વ હોય છે, ત્યાં સુધી જીવને ભવનુ બંધન છે; ત્યાંસુધીજ માયાનું જોર છે. ત્યાં સુધીજ જન્મ મરણ લાગુ પડેલું છે, અને ત્યાં સુધીજ તે જીવનમુક્ત અને મોક્ષનો અધિકારી નથી. એ ત્રણજ જીવને ભવચક્રમાં નાંખનાર શત્રુ છે. જેનામાં એ ત્રણ નથી, તે આપોઆપ સત ચિદ્ અને આનંદ સ્વરૂપ

પરમાત્માજ છે, એમ હે તાત, તું નિશ્ચેકરીને જાણ? જીવે માયા-પાશમાં સપડાવનાર એ મુખ્ય ત્રણ શત્રુઓનો પ્રથમ પરાજય કરી, પશ્ચાત માયા ઉપર જય મેળવવાના ઉપાયરૂપ સાધનને પ્રાપ્ત કરવાનો છે. એ ભાનુદેવને અનુભવથી જણાવા ખાતર. દીગંબર સ્વામિએ પોતાના યોગબલથી, આ સ્વપ્નની પ્રવૃતિ રચી હતી, જેનો વૃત્તાંત હે રાજા તું હવે પ્રેમપૂર્વક શ્રવણ કર ?

હે રાજન, પશ્ચાત ગુરૂઆજ્ઞા થઇ, એટલે ભાનુદેવ પોતાના સ્વપ્નના હેવાલનું નીચે પ્રમાણે પોતાના ગુરૂ દીગંબર સ્વામિ પ્રત્યે કથન કરવા લાગ્યોઃ—

ભાનુદેવ કહે છે " હે ગુરો, પછી મારા પુત્ર કર્માનંદને ત્યાં મારી ગત સ્રી તે ગાયરૂપે અવતાર લેઈ આવી હતી અને હું આખલો અવતરી તેને ઘેર વચ્છ તરીકે આવ્યો હતો; કારણકે તે ગામના એક કસાઇને ત્યાં ઘાસનો દુકાળ પડવાથી હું વેચાતો હતો જ્યાંથી મારો દીકરો કર્માનંદ મને પાંચ રૂપીયામાં છોડાવી પોતાને ઘેર લાવ્યો હતો; આમ નરયોનિમાંથી પશુયોનિમાં આવ્યો. એમ કરતાં મોટો થયો એટલે મને આંકીને માહાજનમાં ન મુક્તાં મને તે મારા દીકરાએ વેપારઅર્થે દેશપરદેશથી માલ લાવવાના ભાર બરદારીના કામ માટે, એકકામાં ઘાલ્યો. અને તે દરરોજ તેના વેપારનું કામ લેવા લાગ્યો. હું કામ કરી રાત્રે અત્યંત થાકી ગયેલો હોઉં છતાં મારી પત્નિ જે ગાય હતી તેની પાસે તથા છોકરાં જે વાછરડાં હતાં તેમની પાસે બેસી રહી આખી રાત્રિ ગુજારતો. અને રાત્રિનો ઘણો ખરો વખત રંગ ભોગમાંજ ગાયોની સાથે કાઢતો હતો. મારો દીકરો કર્માનંદ મને મોટી મોટી લાકડીઓનો માર મારતો, મોટા મોટા ડામ દેતો, મોટી અને જાડી સાંકળોથી બાંધી રાખતો, છતાં રાત્રિએ તો મારી સ્રી પેલી ગાય વગર મને જરા પણચેન પડતું નહીં હોવાથી, કશાની પણ દરકાર કર્યા વગર, અને કર્માનંદ જે અસહ્ય દુઃખ દેતો તે સઘળું સહન કરીને પણ, દેવટે ગમે તેમ કરી, મારી સ્રી અને મારા

બાલ બચ્ચાંને મળતો ત્યારે જંપતો; વળી કાંધ ઉપર ભાર વહન કરી કરીને એવું તો મોટું ચાંદુ પડયું હતું છતાં કોઇ કોઇ વાર ગાડામાં પણ જોડાતો, અને મારાવડે તે મારો દીકરો કર્માનંદનો વેપાર અર્થે તેણે મંગાવેલો સર્વ માલખેંચી લાવતો. તે મારો દીકરો કર્માનંદ પણ યત્કીંચિત દયા વગર એવી મારી ચાંદા પડેલી કાંધ ઉપર ધુંસરી મુકી, મારી પાસે ગાડુ ખેંચાવતો, અને વધારામાં ઉપરથી અસહ્ય માર મારતો. તે વળી પરોણા ભોંકી ભોંકી વારંવાર લોહી કાઢતો અને હું કંટાળી નાસી જવાના નિશ્ચય ઉપર કોઇ કોઈવાર આવતો છતાં પણ વળી વળીને મને એમ થતુંકે છોરૂ કછોરૂ થાય પણ કાંઇ માબાપથી કમાબાપ થવાય છે. હશે દુઃખ દે છે તોએ દીકરો છે ? હોય મારૂં છોકરૂં છે કોઇ અન્ય તો નથી ? એમ કરી કરી મન વાળતો. તે મારા દીકરામાં મારી એવી આસક્તિ હતી કે આવો ત્રાસ છતાં મારો જીવ તેના પર તણાતો, અને તેથી તેનો ત્યાગ કરી હું કદી જતો ન હતો. હમેશાં તે જે જે દુઃખ દે તે તે સર્વ સહન કરતો હતો; વળી આણી તરફ બીજી પેલી મારી મમત્વરૂપ લક્ષણા, મારી સ્રી જે ગાય હતી તેના પ્રત્યે હતી. અને વાછરડાં પણ મારા મને ઘણાંજ વહાલાં જેથી તે મારા બાલ બચ્ચાંને મેલીને, તથા મારા મનુષ્યપુત્ર કર્માનંદને મેલીને, હું ગાડે જોડાતો, ત્યારે કોઈ ગામ હું રાત રહેતો ન હતો. ઉતાવળો અને દોડતો અ-ડધી રાતે પણ ઘેર આવતો અનેસર્વને મળતો ત્યારેજ શાંત થતો. આમ કરતાં કરતાં પશુયોનિના નીયમ પ્રમાણે દશ વર્ષ થઈ ગયાં એટલે હું વૃદ્ધથયો, અને મારી કર્મેન્દ્રિય સર્વ દુર્બળ થવા.:લાગી; પછી તો દશ બાર કોસના પ્રવાસથી પણ મને શ્રમ જણાવા લાગ્યો. અને વિષય ભોગવવાને અશક્ત છતાં તેની વાસના દઢ બંધાએલી હોવાથી, નિરંતર વિષયાસક્ત વૃત્તિથી રહેવા લાગ્યો. વિષય ભોગવવાની ઇચ્છા અંતરમાં જાગ્રત છતાં વિષય ભોગવવાનું સામર્થ્ય સર્વ ક્ષીણ થઇ ગએલું

હોવાથી, અંતરમાં અર્ધદગ્ધ રેહેતો હતો. મારો પુત્ર કર્માનંદ હું વૃદ્ધ થયો હતો છતાં મને મજુરીમાંથી કદી મુક્ત કરવાનો પણ વિચાર કરતો ન હતો; જેથી મરણ સુધી માયાથી લુબ્ધ થએલો હું, તે વૈતરૂંજ કર્યા કરતો હતો. વળી મારા પુત્રકર્માનંદના છોકરાંઓ મારા ઉપર બેસતાં કુદતાં અને સોટીઓના પણ સપાટા કદાચ લગાવી દેતા. આમ છતાં મોહજાળમાં ફસી પડેલો હું, સર્વ ત્રાસ સહન કરતો અને જરા પણ સીંગડુ કિંવા સહજ ગોથું પણ તેમને મારતો ન હતો. મનુષ્ય યોનીમાંથી મારા ગત થવા પછી મારા દિકરા કર્માનંદે બીજી સ્ત્રી કરી હતી અને તેના પેટનાં ચાર છોકરાંઓ થયાં હતા. આથી મારી જીજ્ઞાસા પૂર્ણ થઇ હતી,છતાં પણ તે છોકરાંઓના પણ પરીવારને જોઇ પછી મરાયતો સારૂ એવી મારા માયાગ્રસ્ત જીવની ભાવના, નિરંતર વૃદ્ધિને પામતી હતી. હું આમ કરતાં કરતાં છેકજ વૃદ્ધ થઇ ગયો, એટલે પછી મારા દીકરાએ મને મહાજનમાં મુકી દીધો; જેથી દીવસે મહાજનની ગાયોના ટોળામાં ફરતો અને ચરી ખાતો. વળી આખી નરાધમ નગરીમાં, શેરીએ શેરીએ ફરી લોકોના એઠવાડ ખાતો, અને કોઇ દીવસ ચારા વગર પણ દીવસ ગુજારતો; કારણકે મારો ઘાસ ચારો, હું કામથી રદ થયો તેજ દીવસથી અને મારા દીકરા કર્માનંદે મને મહાજનમાં મુકી દીધો ત્યારથી બંધ થયો હતો. કાંધે મોટું ચાંદુ પડેલું તેનાપર લાખો માખીઓ અને બગઇઓ નિરંતર વળગેલીજ રહેતી હતી, અને પ્રસંગપરત્વે મારી કાંધ ઉપરના માંસમાંથી કાગડા સમળીઓ મીજબાની પણ કરતાં હતાં. આ પ્રમાણે પક્ષીઓને મીજબાની રૂપ જો કે થઇ પડયું હતું, પણ મને તો તેથી અસહ્ય દુઃખ થતું હતું. મારા શરીર ઉપરના હાડકાં તમામ દેખાતાં હતાં, અને આજ મરૂં કાલ મરૂં એવી કેવલ દુઃખી અને દયાજનક સ્થિતિમાં તે મારા આખલાના અવતારની વૃદ્ધાવસ્થાના પાછલા દીવસો વ્યતિત કરતો હતો. આ પ્રમાણે અત્યંત માયાલુબ્ધ થએલા, મારા જીવા-

ત્માને અસહ્ય દુઃખ પડતું હતું, છતાં મારા દીકરા કર્માનંદ તથા તેની સ્ત્રી બાલબચ્ચાં તથા મારી સ્ત્રી, જે મારા પેહેલાં ગાયનો જન્મ લેઈ કર્માનંદને ત્યાં આવી હતી, તેઓ પ્રત્યેના મમત્વથી, મને તે આખલાનું જીર્ણ થઈ ગએલું અશક્ત અને રોગી શરીર પણ છોડવું ગમતું ન હતું. જો કે શરીર લાંબો વખત રહે તેવું નોહોતું, તોપણ તે મારા બાલબચ્ચાં પ્રત્યેની માયાના આકર્ષણથી, મારી વૃત્તિ જરા પણ શરીર છોડવા રાજી ન હતી. આવી દયાજનક અને દુઃખી દશા જોઈને, પાછાં લક્ષ્મીજી તથા ભગવાન સાધુના વેશે મારી પાસે આવી મને નીચે પ્રમાણે કહેવા લાગ્યા " હે મહાપ્રાણ, હે નંદીશ્વર, હવે માયાના દુઃખથી ધરાયો હોય તો ચાલ વૈકુંઠમાં. અને ન ધરાયો હોય તો તું જાણે ? અમે તો પાછી પશુયોનિમાં તારી કરૂણાજનક સ્થીતી જોઇને તને ફરી ચેતાવા આવ્યા છીએ. અને તેથી કહીએ છીએ કે માયાનો ત્યાગ કરી અમારી સાથે વૈકુંઠમાં આવવા તત્પર થઇ જા ? હજી પણ સમય છે. માટે તને અમારા જેવો ચેતાવનાર કોઇ નહીં મળે એમ સમજી ચેતીને ચાલ ? ' તે સાધુના વેશમાં ભગવાન આ પ્રકારના વચનો બોલ્યા અને મારા શરીરને સ્પર્શ કર્યો. અને જ્યાં ભગવાનના હાથનો સ્પર્શ થયો કે હું પશુયોનિમાં અવતરેલો નંદી–આખલો –ગોધો છતાં મને વાચા થઈ જેથી ભગવાનને હું અત્યુત્તરમાં કહેવા લાગ્યો. ' હે ભગવાન્ મેં આપને ઓળખ્યા અને આપ વૈકુંઠમાં મને લેઈ જવા ચાહો છો પણ હજી થોડોક સમય આ મારી સ્ત્રી જે ગાય છે તથા બાલબચ્ચાં વાછરડાં છે તથા હું મનુષ્ય હતો તે વખતનો આજે મારો દીકરો કર્માનંદ તથા તેના છોકરાંઓ છે તે સર્વની માયા મુકીને, વૈકુંઠમાં તમારી સાથે આવું, તેથી મને કાંઇ લાભ હોય તેમ જણાતું નથી. આ મારી ખીલેલી વાડીના વસ્તારનુ સુખ, હજી ભોગવવાની મારી સંપુર્ણ ઇચ્છા છે. માટે હમણાંતો વૈકુંઠમાં આવવા હું ખુશી નથી. આગળ ઉપર વિચાર કરીશ. જેટલો જીવ મારો આ મારા

પરિવારમાં છે, તેટલો વૈકુંઠમાં નથી. જેટલી મારી મમતા મારા પરીવાર પ્રત્યે છે તેટલી મારી મમતા વૈકુંઠ પ્રત્યે નથી. આ સંસારના સુખ સમાન, અને બાયડી છોકરાંના સુખ સમાન, અન્ય કોઇ આ વિશ્વમાં સુખજ નથી. વૈકુંઠ તો શું પણ ત્રિલોકનું સુખ, પણ આ સંસારના સુખની આગળ, તુચ્છ જેવું મને લાગે છે. માટે હમણાં તો મહારાજ આપ પધારો, આગળ ઉપર વૈકુંઠ બૈકુંઠ સઉ થઈ પડશે. તે ઘડીની વાત તે ઘડીએ જોઇ લેવાશે." આવાં માયાગ્રસ્ત વચનો શ્રવણ કરી, ભગવાન પુનઃ મને કેહેવા લાગ્યા. "અરે માયાવિ અધમ નંદી, વૈકુંઠના સુખ આગળ મૃત્યુ લોકનું સુખ કંઈ વિસાતમાં નથી. છાણના કીડાને સાકરમાં રાખવાથી મરી જાય, તેવીજ રીતે જો તારી અસદ્ગતી થવાની હોય તો અમારૂં કેહેવું સર્વ મિથ્યા છે. અનેક જન્મ જન્માંતર સુધી મૃત્યુ લોકમાં, મનુષ્ય જેને માટે તપ વ્રત દાન ઇત્યાદિ સત્કર્મરૂપ ઉપાસનાઓ કરે છે. છતાં પણ જે મારા વૈકુંઠનું પરમધામ અલભ્ય છે; અને જે મનુષ્ય કોટિને તો શું પણ દેવકોટિને સુદ્ધાં પ્રાપ્ત થઇ શકતું નથી તેવું તે અત્યંત દુર્લભ છે, તેવા વૈકુંઠને પ્રાપ્ત કરવાનો તું પશુ-યોનિમાં હોવાથી અધિકારી નથી; આતો માત્ર મને ખાસ તારા ઉપર દયા આવવાથી હું જાતે કૃષ્ણ છતાં તારી કરૂણાજનક સ્થિતી જોઈ પ્રસન્ન થઈ કહું છું, કે ચાલ અમારી સાથે અમે તને સદેહે વૈકુંઠમાં લઇ જઇએ. મિથ્યા સંસારમાં આસક્તિ કામના-લાલસા રાખી આમ ભવાટવીમાં અટવાવાથી તને શું લાભ છે. એતો વાસ્તવિક રીતે જોતાં દુઃખ છે તો તે દુઃખને તું શું સુખ માની બેઠો છે? આવાં કષ્ટો વેઠવાં તને કેમ ગમે છે? જો તારી કાંધ ઉપર પડેલા ચાંદાને કાગડા ગીધ ગરધણ ઇત્યાદિ માંસાહારિ પક્ષીઓએ કોચી ખાધું છે, અને તેમાંનું માંસ બહાર કાઢી નાંખી તારી ગરદનનું હાડકું બહાર લાવી એક વેંત જેટલું તારી કાંધમાં પોલાણ કરી દીધું છે. તેમજ તને પેટ ભરીને ઘાસ ચારો પણ હવે મળતો નથી, અને જ્યાં ત્યાં

બધે: મેહેલ્લામાં લોકોની ડાંગો અને લાકડીઓ ખાઈ ખાઇ, હાડ હાડ કરતા શ્વાન સમાન, અતિ દુઃખી દશામાં દિવસો કાઢે છે તે શું તને ગમે છે ? જેને તું પોતાના પૂત્ર પૂત્રાદિક માની બેઠો છે, અને જેઓની સાથે એવી તું માયા રાખે છે તેને તો આ તારી દુઃખી અવસ્થા સુધારવાની લેશ પણ ચિંતા નથી. વળી એટલું જ નહી પણ તું મરણને શરણ વેળાસર થાય એવી ઇચ્છાથી તેઓ તને એઠું પાણી પણ છાંટતા નથી, એવી એક કટ્ટામાં કટ્ટા શત્રુની ગરજ સારે છે, છતાં પણ તું તે સઘ-ળું ન ગણકારતાં સહન કરે છે, અને હજી તેમને તજી વૈકુંઠમાં જવાની જરાપણ ઇચ્છા કરતો નથી; એ તારૂં દુર્ભાગ્ય નહિં તો બીજું શું કેહેવાય ? એ તારા પાપના પુંજનું પરિણામ નહિંતો બીજું શું ગણાય ? એ તારી અવગતિનું ચિન્હ નહિંતો બીજું શું લેખાય ? માટે હે નંદીગણ, જરા સત્યા સત્યનો વિવેક કરી માયાપાશમાંથી મુક્ત થવા તત્પર થા ? જો આ હું વિશ્નુ પોતે તને વારંવાર કહું છું માટે માન, અને લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હોં ધોવા ન જા ? ” આ પ્રમાણે કહી બન્ને સાધુ વીદાય થયા, કે તરતજ એક બીજા આખલાએ આવી મને અર્થાત્ હું આખલાને પેટમાં એવું તો જોરથી શીંગડુ માર્યું, કે આશરે પાંચેક ઇંચ મારા પેટમાં તે પેશી ગયું એવડો મોટો ઘા પડયો, અને તેથી લોહી તો મારા પેટમાંથી પાણીના નળની પેઠે વહેવા લાગ્યું. એટલામાં છોકરાંઓ રમતાં રમતાં ત્યાં આગળ આવ્યાં, અને પેલું લોહી નીકળતું હતું, તે ઘામાં મુઠીએ મુઠીએ ધુળ ભરવા લાગ્યા. ધુળનો એક કુદરતી ગુણ એવો અકસીર છે, કે સ્વચ્છ ઝીણી ધુળ જો કોઇ પણ વાગેલા ઘા ઉપર તરત નાંખી દેવા માં આવે તો એકદમ તે, લોહી વહેતું સત્વર બંધ કરી નાંખે છે; એ ધુળના કુદરતી ગુણના નીયમ પ્રમાણે, મને તે ઘામાંથી નીકળતું લોહી બંધ થયું, અને ધીરે ધીરે મારૂં રહેઠાણ મારા દીકરા કર્માનંદને ઘેર જ્યાં હતું, ત્યાં પગાણે

પરાણે ઉભો રહેતો રહેતો, આવી પોહોંચ્યો, અને પેલા ઘાનું અત્યંત દરદ થતું હોવાથી, આંખમાં અશ્રુ સહિત મારા વાડામાં જઇ બેઠો, અને મારી સ્ત્રી બાલબચ્ચાં જે ગાય અને વાછરડાં હતાં તેને ચાટવા લાગ્યો. તેઓ પણ મારી સાથે ગેલ કરવા લાગ્યાં, અને મને જ્યાં વાગ્યું હતું ત્યાં અનેક માથા, મારવા લાગ્યાં. એટલે ઘા ઉપર કાચું પેલી રેતનું પોપડું બાઝી, લોહી નીકળતું બંધ થયું હતું, તે ઉખડી જઇ પાછું લોહી નીકળવા લાગ્યું. છતાં પણ તેને ન ગણકારતાં, માયાલુબ્ધ થએલો હું નંદી, તે મારા બાલબચ્ચાંઓને ચાટયા કરતો હતો. થોડી વાર પશ્ચાત મારા દીકરા કર્મનંદનાં છોકરાં આવ્યાં, અને ' આ શું થયું ? આ આપણા આખલાને શું થયું ? ' એમ કહી કહી, ઘાની અંદર સળેકડાં અને સોટીઓ ઘોચી, પેલુ, ધુળનું પોપડું જરાક ચોટયું હતું તેને પણ કાઢવા લાગ્યાં. આમ થવાથી ઘા ઉંડો પડયો, અને છેવટે તેમાં એક મોટું લીબું જાય તેવું, બાકું પડયું. મારા દુ:ખનો તો આ વખતે પારજ રહ્યો ન હતો, છતાં મારા વસ્તાર પ્રત્યે એવી તો કોઇ મારી દૃઢ મમતારૂપ ગ્રંથી બંધાઇ ગઇ હતી, કે તેવી દુર્દશામાં પણ, તે, કેવલ તજવા યોગ્ય બનેલું હાડપિંજરવત્ મારૂં આખલાનું શરીર, છોડવા મને યત્કિંચિત્ પણ વૃત્તિ થતી ન હતી. અત્યારે મારી સ્થીતી મરણતુલ્ય દુ:ખી હતી, અને તેથી મને ખાત્રી થઇ હતી, કે હવે વધારે વખત મારૂં તે આખલાનું જીર્ણ અને વૃદ્ધ શરીર ટકી શકવાનું નથી. છતાં પેલી મમત્વ ગ્રંથીને લીધે, જીવવાની આશાએ મારા હૃદયમાં ઘર કર્યું હતું. માયાપાશમાં જકડીને બંધાએલો એવો હું, તે ' હું અને મારામાંજ ' પચી રહ્યો હતો. ઇશ્વરને સાધારણ અને અસત્ય વસ્તુ સમજતો હતો, અને જીવ અને સંસારને સત્ય વસ્તુ સમજી, તેમાંજ અષ્ટ પ્રહર તલ્લીન રહેતો હતો. આ પ્રકારે અત્યંત માયામાં ફસેલું મારૂં માયાગ્રસ્ત આખલાનું જીવન, અતિ દુ:ખી અને દયાને પાત્ર બનેલું જાણી, પાછા ભગવાન તથા લક્ષ્મીજી સાધુ વેશે, મારી પાસે આવી મને સ્પર્શ કરી સદુપદેશની સાથે નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

સાધુવેશે ભગવાન મને માયાગ્રસ્ત મરવા પડેલા અને દરદથી પીડાતા દુઃખી નંદીને કહે છે ":હે દયાનેપાત્ર નંદી, હજી મૂર્ખતા ન કર ? હજી આવતો હોય તો ચાલ ? હે મૂઢ હજી માયાના પાશમાંથી મુક્ત થઈ, મારી જોડે આવીશ તોપણ મોક્ષ પામીશ. હે મંદમતિ તારા જેવા એક મુર્ખ પુરૂષ, મળેલો ચિંતામણિ મુકી એક કાચના કકડાને ચિંતામણિ માની વળગી રહ્યો, જેથી તેનો મનોરથ સફળ નથતાં, તે મરણને શરણ થઇ અધોગતિને પામ્યો, તેની સંક્ષેપમાં તને આજ કથા કહું તે શ્રવણ કર ? સાધુરૂપે શ્રી ભગવાન હું પેલો વિષયાનંદ કે જે આખલારૂપે પોતાના પુત્ર કર્માનંદને ત્યાં મરવા પડેલો હતો તેના પ્રતિ કહે છે કે "હે અધમ નંદી, એક મુર્ખાનંદ કરીને પુરૂષાર્થહિન વિપ્ર, બ્રહ્મચર્ય દશામાંથી મુક્ત થતાંજ, ગૃહસ્થાશ્રમ ભોગવવાનો અનાદર કરીને એકદમ સન્યાસાશ્રમને ગ્રહણ કરી, ત્યાગી થઇ જંગલમાં તપ કરવા નીકળી પડયો. અને હાથમાં દંડ કમડળ પોતાની મેળે ધારણ કરી, મુર્ખાનંદ સરસ્વતિ એવું તેણે નામ ધારણ કર્યું; તે મુર્ખાનંદ સરસ્વતિ તપશ્ચર્યા કરવા અર્થે, સંહ્યાદ્રિ પર્વતની નાની મોટી ગુહાઓ શોધવા લાગ્યો. જોતાં જોતાં એક ગુફા એવી દીઠી, કે જ્યાં પોતાના મનપસંદ જળાશય, તથા અનેક ફળફળાદિ મળે તેવું તેને લાગ્યું. તે મૂર્ખાનંદ સરસ્વતિ પરમપદને પ્રાપ્ત કરવાની ઇચ્છાએ, ત્યાગી થઈ તપશ્ચર્યા કરવા નીકળી પડયો નહતો, પણ સ્પર્શ ચિંતામણિકે જેના સ્પર્શથી લોહ કુંદન બની જાય છે, તેને પ્રાપ્ત કરવાના દૃઢ સંકલ્પથી નીકળી પડયો હતો. આથી પેલી ગુફામાં જઇ તેણે પોતાનું આસન રચ્યું અને સ્પર્શ ચિંતામણિ પ્રાપ્ત કરવાના દૃઢ, શુભ અને સત્ય સંકલ્પ પૂર્વક તપ આરંભ્યું. સ્પર્શચિંતામણિ પ્રાપ્ત થયા પછી તે ચિંતામણિ દ્વારા પરમાત્મતત્વનો સાક્ષાત્કાર કરવાની અને પરમાનંદનું નિર્તિશય સૂખ ભોગવવાની તેના હૃદયના ઉંડાણના ભાગમાં અતિ સૂક્ષ્મ વાસનારૂપ ગ્રંથી જો કે બંધાએલી હતી તોપણ તે તેની વાસના ગૌણ હતી. તેની મુખ્ય લાલસાતો ગમે તે

પ્રકારે સ્પર્શ ચિંતામણિ પ્રાપ્ત કરીઅનર્ગળ દ્રવ્ય એકઠું કરવાની હતી. આથી જપ વ્રત યજ્ઞસમાધિ ઇત્યાદિ એવી સકામ ઉપાસનાતે સ્પર્શ ચિંતામણિ પ્રાપ્તકરવાઅર્થેજ નિરંતર કરતો હતો. હમેશાં દ્દઢ સત્ય અને શુભ સંકલ્પ દ્વારા સકામ ઉપાસના સત્વર ઇપ્સિત ફળને આપે છે એ નીયમને તે જાણતો હોવાથી એકવાર અમાવાસ્યાને દીવસે બ્રાહ્મમૂહુર્તે ઉઠી અર્થાત રાત્રિના ત્રણ અને ચાર વાગ્યાને શુમારે શૈયા ત્યાગી, શૌચ સ્નાનાદિક અર્થે નિત્ય નિયમ પ્રમાણે તે પોતાની ગુહા સમીપ આવેલી, કૃષ્ણાકુમારિ નામની નદી તરફ ચાલ્યો. ત્યાં દુર આઘો જઇ શૌચ જવા એક વૃક્ષ તળે તે બેઠો, અને મળશુદ્ધિની ક્રીયા કરી રહી સ્વસ્થ થયો અને નદી તરફ સ્નાન કરવા જ્યાં જાય છે, ત્યાં તેની દૃષ્ટિ તેના મળ ઉપર પડી. મળ ઉપર પડતાંજ પ્રાતકાળનું અંધારૂં હોવાથી, મળ જણાયો નહીં પણ તે મળની જોડે સ્પર્શ ચિંતામણિ પડેલો જોયો, એટલે એકદમ તે મણિના જાજવલ્યમાન પ્રકાશથી, આશ્ચર્ય પામી સ્નાન વિધિ સ્નાનને ઠેકાણે રહી, અને મનની સાથે વિચાર કરવા લાગ્યો " કે અરે આ ચિંતામણિ તો નહીં હોય ? નહિંતો આવું તેજ કાચમાં કે હીરામાં ન સંભવે. " એમ સંશય વિપર્યય તર્કો કરતાં પાછો દુર્ભાગ્યે અવળા વિચારોમાં જોડાયો કે " અરરે એ સ્પર્શ ચિંતા મણિ ન્હોય ? એમ કંઇ સ્પર્શ ચિંતામણિ થોડોક સમય તપશ્ચર્યા કરવાથી મળતો હશે ? લાવ તેને સ્પર્શ કરી જોઉં ?" એમ કહી તેને હાથ અડકાડયો છતાં તેને કંઇ થયું નહિં તેથી ફરિ ભ્રાંતિના વિચારવમળમાં પડી કહેવા લાગ્યો " અરે ના ના ! આતો ચિંતામણિ નહોય; એતો સાધારણ ચળકતો કોઇ પથ્થર છે. બહુબહુતો તે કદાચ હીરો હશે; બાકી ખરેખરો સ્પર્શ ચિંતામણિ, તેતો જીવન પર્યંત તપ કરવા છતાં પણ પ્રાણીને મળતો નથી. તો મને દુર્ભાગીને અહીં તે ક્યાંથી મળે ? અને તે આવી અપવિત્ર મળશૂદ્ધિ કરવાની જગોએ તે કદી પ્રાપ્ત થાય ? નહીંજ. અરે ત્યારે આ સ્પર્શ ચિંતામણિનો

પ્રકાશ એવો કેમ છે કે જાણે તેજ ખરો સ્પર્શ ચિંતામણિ હોય ? ના ના એવું મારૂં સદભાગ્ય કયાંથી હોય કે આવી અલ્પકાળની તપશ્ચર્યાથી એકદમ અહિં સ્પર્શ ચિંતામણિ મળે. હું કે જે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી એકદમ ત્યાગાશ્રમને સ્વીકારી બેઠો છું અને થોડોક સમય થયાં આ ગુહામાં તપ કરૂં છું, જેથી યથાર્થ રીતે જોતાં વાસ્તવિક તપસ્વિ પણ નથી બન્યો. એવો તદન પદભ્રષ્ટ, પામર, અને દુર્ભાગી પશુ સમાન પ્રાણી અને પાછો મુર્ખાનંદ સરસ્વતિ, એટલે એકદમ સ્પર્શ ચિંતામણિ જે સર્વ સિદ્ધિ રૂપ છે તે મને તેવળી પ્રાપ્ત થયો કદીએ સંભવે ? એતો નરશ્રૃંગ અને વંધ્યા પૂત્ર જેવી કેવળ ન માનવાજોગ વાત, તે પરાણે કેમ સત્ય કેહેવાય ? મને મુર્ખ અજ્ઞાની અને અધમને એ સ્પર્શ ચિંતામણિની સિદ્ધિ મળવી કયાંથી ? નહિં નહિં, મારી તો દ્દઢ પતિજ્ઞા છે કે કદાચ ચૌદ ચોકડીનું રાજ્ય અપાવે તેટલી કીમતનો કોઈ મને કોહીનુર હીરો આપે, તો પણ મારે સ્પર્શ ચિંતામણિ સીવાય કશા કામનો નથી. માટે આ કદાચ તે કોહીનુર નિલમ, મણિ પન્ના કે માણેક પૈકીનો હોય તોપણ મારે કંઈજ કામનો નથી. હુંતો જેને પ્રાપ્ત કરવાને નીકળ્યો છું, અને જેને પ્રાપ્ત કરવા અર્થે સર્વ તનમન ધન અર્પણ કરી તપ આદરી બેઠો છું, તેજ સ્પર્શ ચિંતામણિ જ્યારે પ્રાપ્ત કરીશ ત્યારેજ સંતોષ પામીશ નહિંતો ત્યાં સુધી મહેશ ભગવાન જે સર્વ સિદ્ધિદાતા છે, તેની તે સ્પર્શ ચિંતામણિ પ્રાપ્ત કરવા અટલ ઉપાસના કરીશ. એજ મારો નિશ્ચય; એજ મારો દ્દઢ સંકલ્પ; એજ મારી અંતિમ ઇચ્છા; એજ મારો મનોરથ, અને એજ મારૂં સર્વસ્વ.” આ પ્રમાણે વિચાર કરી ચિંતામણિ લીધાવગર તે મૂર્ખાનંદ સરસ્વતિ ચાલ્યો ગયો; સ્પર્શચિંતામણિમાં એવો એક દૈવી ગુણ છે કે તે જેને જે કાળે જ્યાં પ્રાપ્ત થવાનો નિર્માણ થએલો હોય છે, ત્યાંજ તેને તે કાળે તેની સમીપ આવી પડેલો પ્રત્યક્ષ જણાય છે. પણ તે પુરૂષ જો તેનો પરિક્ષક હોતો નથી, કિંવા પરિક્ષક હોય છે તો

પણ જો તેની પરિક્ષા કરીને તે પુરૂષ તેને લઇ લેતો નથી, અને ત્યાગીને ચાલતો થાય છે, તો તે સ્પર્શચિંતામણિ તેજ ક્ષણે તરતજ અદૃશ્ય થઈ જાય છે. પશ્ચાત પુનઃ આરૂઢ તપ સિવાય કિંવા પુનઃ કર્મસંજોગ સિવાય તે પ્રાપ્ત થતો નથી. તે સ્પર્શ ચિંતામણિ, જેના ભાવિમાં પ્રાપ્ત થવો લખેલો છે, તેને અવશ્ય યોગ આવે પ્રાપ્ત થાય છે. જેના પ્રારબ્ધમાં પ્રાપ્ત થવો નિર્માણ થયેલો નથી, તેને કોટીપ્રયત્ને પણ કદી મળતો નથી. જેના પ્રારબ્ધમાં તેના દર્શન માત્ર નિર્મિત હોય છે, તો દર્શન દઇનેજ તે અદૃશ્ય થાય છે; આવો તે ચમત્કારિક સ્પર્શચિંતામણિ પાસે પડેલો છતાં પણ પેલા સુખાનંદ સરસ્વતિએ લીધો નહિં, અને મુકી ચાલતો થયો; જેથી તરતજ અદૃશ્યજ થઇ ગયો. હે નંદી, જેને સિદ્ધિ મળવાની હોય તેને રહૃદયમાં અંધકાર રૂપિ અજ્ઞાન છવાઇ રહેલું હોય છતાં તેનામાં અજ્ઞાન નાશ પામી જ્ઞાનનો પ્રકાશ થાય છે, અને જેને સીદ્ધિ મળવાની નથી એમ નિર્માણ થએલું છે તેના રહૃદયમાં જ્ઞાનનો પ્રકાશ હોય છતાં તે નાશ પામી અંધકાર રૂપી અજ્ઞાન સત્વર નિવાસ કરી દે છે, એટલે સત્ય વસ્તુને પણ ખોટી માની તે પ્રાણી ભ્રમણામાં પડે છે, અને નિરંતર સંશય વિપર્યય યુક્ત રહી, પોતાનો વિનાશ પોતાને હાથેજ કરે છે. આ સંસારમાં ખરી ત્યાગવાની વસ્તુ ત્રણ છે, કામ ક્રોધ અને લોભ; એ ત્રણનો જેણે ત્યાગ કર્યો છે, તેજ ખરો ત્યાગી ગણાય છે. તેજ જીતેન્દ્રિય, તેજ સ્થીત પ્રજ્ઞ, તેજ જીવન મુક્ત, અને તેણેજ માયા ઉપર વિજય મેળવ્યો છે એમ સદગુરૂ અને સત્શાસ્ત્રો તેમજ વેદો પણ પરંપરાથી કહે છે. ક્રોધના ફળથી, કામના ફળથી કે લોભના ફળથી કોઇ રીતે પ્રાણી, પરિણામે સંતોષ પામતો નથી, કે વાસ્તવિક સંસાર સુખને પણ પ્રાપ્ત કરતો નથી. તે ત્રણ વસ્તુનુ સામર્થ્ય એટલું બધું છે, કે એ ત્રણથી પ્રાણી વારંવાર દુઃખ ઉત્પન્ન થતું તાદૃશ જાણે છે, જુએ છે અને સ્વતઃ અનુભવ કરે છે, છતાં વળી વળીને તે એ ત્રણને વશ રહે છે, અને ચોરાશીના ફેરામાં નિરંતર ભટકાવાનું પસંદ કરે છે.. માટે આ બધા-

નો મૂળ હેતુ હે નંદીશ્વર અજ્ઞાન છે. જો તારા હૃદયમાં છવાઇ રહેલું અજ્ઞાન દુર થઇ જાય, તો પછી એ ત્રણ શત્રુઓ ઉપર તને વિજય મેળવવો સહજ છે. પણ અનેક તારા જન્મ જન્માંતરના કુકર્મો વડે કરીને તારા હૃદય ઉપર અજ્ઞાનનો એવો ઘાટો પટ્ટ બેસી ગયેલો છે, કે તારે માથે સમર્થ સદ્દગુરૂ વિના વાસ્તવિક રીતે તે અજ્ઞાન આવરણનો નાશ થઇ તારામાં જ્ઞાન ભાનુનો ઉદય થઇ શકતો નથી. હે નંદી, અજ્ઞાની તો મૃગજલને સત્ય જળાશયમાને છે. દોરડાને સર્પ માને છે. કંચનને લોહ જાણે છે. લોહને કંચન જાણે છે; અમૃતને ઝેર અને ઝેરને અમૃત માને છે ઇશ્વરને અસત્ય અને સંસારને સત્ય માને છે. અર્થાત અજ્ઞાનીતે પોતાના અજ્ઞાનાવરણે કરીને અસત્ય વસ્તુને સત્ય માને છે. તેમજ સત્ય વસ્તુ અસત્ય સમજી તેમાં પ્રવૃતિ કર્યા કરે છે. ટુંકામાં પ્રાણી તે ત્રણ શત્રુઓને વશ રહીને સત્યાસત્યના વિવેક વગર સંસારમાં સર્વ પ્રવૃતિ કરે છે. હે નંદી પછી તે મુર્ખાનંદ સરસ્વતિ, સત્યાસત્યનો વિવેક કર્યાવગર નદીએ જઇ સ્નાન સંધ્યા આદિ પોતાના નિત્યનૈમિત્તિકકર્મથી પરવારિ સ્પર્શ ચિંતામણિ અર્થે તપારૂઢ થયો, અને ચીંતામણિ પ્રાપ્ત કરવાની ઉપાસના કરવા લાગ્યો. દૃઢ નિશ્ચયવાળો પુરૂષ પોતાના કાર્યમાં અફલ થતાં ખેદને પામતો નથી, પણ પુરૂષાર્થમાં નિરંતર મચ્ચોજ રહે છે એ નિયમાનુસાર મુર્ખાનંદ સરસ્વતિએ ચિંતામણિઅર્થે અતિ કષ્ટસાધ્ય ઉપાસના કરવા માંડી; આ જોઇ ભગવાને વિચાર્યું કે "આ મુર્ખાનંદ, ચિંતામણિઅર્થે આ રૂઢ તપશ્ચર્યા કરે છે, અને તે બુદ્ધિરહિત અને મુર્ખાઇ ભરેલી કૃતિ કરવામાંજ આનંદમાને છે, તો એક અતિ તેજસ્વી બીલોરી કાચનો કડકો જો તેની સમક્ષ નાંખવામાં આવશે, તો તરતજ તેને તે સ્પર્શચિંતામણિ માની, ઉઠાવી લેશે. એ મૂઢને ચિંતામણિની યતકિંચિત પણ પરિક્ષા નથી. ખરો ચિંતામણિ જ્યારે તેની આગળ નાંખવામાં આવ્યો. ત્યારે

તો તેને પથ્થર સમાન સમજી લઈ ન લીધો, માટે બસ મૂર્ખને મુર્ખતાથીજ સમજાવવો યોગ્ય છે. એમ નિશ્ચય કરી તે જે આસન ઉપર ઉપાસના કરવા નિરંતર બેસતો હતો તે આસનને જમણે પડખે શ્રી ભગવાને એક બીલોરી તેજસ્વી કાચનો કડકો બહાર દેખાય તેમ પોતાની માયાથી ગોઠવી દીધો. થોડી વાર થઇ એટલે પ્રાણાયામ કરતી વખતે જમણે પડખે તેની એકાએક દૃષ્ટિ પેલા કાચના કડકા ઉપર પડી; જેથી એકદમ તે કડકો લેઇ આસન પરથી ઉઠી પોતાની ગુફાની બહાર અજવાળામાં આવી, બારીકપણે તેને નિહાળવા લાગ્યો; અને પોતાના મન સાથે નીચે પ્રમાણે કહેવા લાગ્યો. "ખરેખર, આજ ખરો સ્પર્શ ચિંતામણી છે. સિદ્ધ પુરૂષો જે પોતાની પાસે નિરંતર ગુપ્ત રાખી મુકે છે, અને જેનો સૂર્ય સમાન પ્રકાશ હોય છે, તેજ આ સાચો સ્પર્શચિંતામણી હોવો જોઇયે. હવે આ સ્પર્શ ચિંતામણિના પ્રભાવથી મને અનર્ગળ દ્રવ્ય મળશે તેથી ષડ સંપતિ પ્રાપ્ત થશે, અને મારે હવે અન્ય કશાની આ વિશ્વમાં જરૂર નથી. કદાચ એક સમયે સાક્ષાત્ માયાપતિ શ્રી વિશ્નુના વૈભવ જેવો મારો વૈભવ બનાવવાની ઇચ્છા કરીશ, તોપણ તેનાથીજ બનશે. માટે હવે આ સર્વ પ્રાપ્ત સંપત્તિનો પણ ત્યાગ કરી માત્ર તે સ્પર્શચિંતામણિને લેઇ, કોઇ દુર પવિત્ર સ્થળે જઇને નિવાસ કરૂં; આ પર્વત તેમજ આ દક્ષિણનો દેશ પણ મને અનુકુળ નથી, તો અન્ય હિમગીરી કે અર્બુદાદેવીના કોઈ પવિત્ર શિખરપર કે પછી જ્યાં પારબ્ધ લેઇ જાય ત્યાં જઈ, ઇપ્સિત સુખ સંપતિને પ્રાપ્ત કરી તેનો ઉપભોગ કરૂં." આ પ્રમાણે વિચાર કરી તે મુર્ખાનંદ સરસ્વતિ, આસન દંડ કમળ તથા ભગવાં વસ્ત્રો વીગેરે જે વસ્તુઓ પાસે હતી તેનો પણ તેણે ત્યાગ કરી તે વસ્તુઓને ત્યાંને ત્યાંજ પડી રેહેવાદીધી, અને જળ પીવા માટે એક તુંબીપાત્ર સુદ્ધાં પણ પાસે નહીં રાખતાં, માત્ર શરીરપર એક ભગવી ચાદર અને કામળ રાખી, અને પેલો કાચનો કડકો જે તેને મન સ્પર્શ ચીંતામણિ હતો,

તેને પ્રાણુસમાન સાચવતો, સાચવતો ઉત્તરમાં કોઇ નિર્જન અને ભયાનક અરણ્ય તરફ ચાલ્યો ગયો. હે નંદી, ત્યાં તેણે અત્યંત દુઃખ ભોગવ્યું અને છેવટે મરણને શરણ થઇ અધોગતિને પામ્યો. માટે તું પણ મૂર્ખાનંદ સરસ્વતિના જેવો ન બનતાં મારૂં કહેલું માની વૈકુંઠમાં ચાલ ? તને મારી ઓળખતો પડી છે કે હું સાક્ષાત્ કૃષ્ણ તે તારી દુઃખની નિવૃતિ અને તને સદગતિની પ્રાપ્તિ અર્થે, આ બોધ વચન છેલ્લાં કહેવા આવ્યો છું. માટે કામ ક્રોધ અને લોભ રૂપ એ ત્રિવિધ પ્રકારના માયાના અજ્ઞાન આવરણને દુર કરી, પરમાનંદના પરમધામમાં રહી આનંદ કર ? ત્યાં તને અલૌકિક સુખ પ્રાપ્ત થશે, ત્યાં તારી બુદ્ધિ સત્ ચિદ્ અને આનંદમય થઈ જશે; માટે સમજીને ચાલ ? ”

ભાનુદેવ કહે છે ‘હે ગુરો, તે આખલાના અવતારના છેલ્લા અવસાન સમયે ઉપર પ્રમાણે સદ્બોધ આપી, શ્રીમદ વિશ્નુ ભગવાન પોતાના પરમાનંદના પરમધામમાં લેઈજવા અતિ આગ્રહ કરવા લાગ્યા. પણ મારા પરિવારનો અને તેમની પ્રત્યેના મોહ મમત્વનો ત્યાગ કરી, મને વૈકુઠમાં જવાનું જરા પણ રૂચેલું નહિ, જેથી મેં ભગવાનનુ કહેવું બીલકુલ માન્યુંજ નહિ. એટલે તેઓ થાકીને લક્ષ્મીજી સહીત ચાલ્યા ગયા. ? તેઓ ગયાને એક ઘડી વીતી એટલે તરતજ મારૂં દુઃખી અને છેક વૃદ્ધ થએલું આખલાનું શરીર જમીનપર લાંબુ થઇને પડયું; અને તેમાંનો પ્રાણ પડતાંની સાથે નીકળી ગયો. પ્રાણ ગયો તેજ ક્ષણે મને મારા બાયડી છોકરાં યાદ આવ્યાં અને એમ થવા લાગ્યું કે અરેરે આબધાંને મુકી મારે આ શરીર છોડવું પડે છે ? તે શરીર છુટીગયું અને મારા દિકરા કર્માનંદે મીઠું ઇત્યાદી જોઇએ તેટલું નંખાવી, તે મારા પશુયોનીનાશબને ભુમિદાહ કર્યો. હે ગુરો આટલું થયું ને મારી આંખ તરતજ ઉઘડી ગઈ ગઈ, અને જાગ્રત થઇ પાણી પી પાછો તરતજ ઘોર નિદ્રાવશ થઇ ગયો, અને મારા નિત્યના સમયેજ જાગ્રત થઇ

મારા કર્તવ્યમાં પ્રવૃત્ત થયો; હે પ્રભુ આજની રાતના સ્વરૂપથી એટલું તો સમજ્યો કે કામ, ક્રોધ અને લોભ, એ ત્રણુ વસ્તુનો ત્યાગ, તેજ માયાનો ત્યાગ છે. તેવા માયાના ત્યાગીએજ માયા જીતી કહેવાય છે. એજ વાસ્તવિક સન્યાસ છે. એજ ખરો ત્યાગાશ્રમ છે. કામ, ક્રોધ અને લોભ એ ત્રણુ વસ્તુનો યથાર્થ રીતે ત્યાગ જો પ્રાણી કરે છે, તો અન્ય ત્યાગાશ્રમ પણુ ગ્રહણુ કરવાની પછી તેને જરૂર રહેતી નથી એમ સત્પુરૂષો કહે છે. કામ, ક્રોધ અને લોભ એ ત્રણુ વસ્તુને જે વશ:ન થયો તેજ આખા વિશ્વને જીત્યો જાણુવો. એ ત્રણુ વસ્તુના ત્યાગી આગળ માયા એક દાસિવત્ છે; અને તે માયા તેવા ત્યાગીની સેવામાં નિરંતર હાજર રહી, તેને સદા આધીન વર્ત્તે છે. કામ, ક્રોધ અને લોભ એ ત્રણુ વસ્તુનો યત્કિંચિત્ પણુ જેના હૃદયમાં ભાસ નથી, તેના હૃદયમાં સત્ ચિત્ અને આનંદસ્વરૂપ પરમાત્માનો ચિદાભાસ આપોઆપ થાય છે; તેથી તે નિરંતર કામ ક્રોધ અને લોભ વગરનું નિર્મળ શુદ્ધ તેમજ કેવલ સાત્વિક જીવન ગાળી, પરીણામે જીવનમુક્ત બની, આ સંસારસિંધુ તરી જાય છે. હે ભગંવન્, આ સ્વપ્નથી મારા હૃદયમાં વળી બીજો અનુભવ થઇ એવો સન્નિશ્ચય બંધાયો છે કે 'ब्रह्मसत्यं जगत मिथ्या' એ વેદવાક્ય સત્ય અને અનુભવસિદ્ધ :છે એમાં લેશ પણુ સંશય નથી. જગતમાં જ્ઞાનીએ ત્યાગ કરવાની વસ્તુ જે કામ ક્રોધ અને લોભ છે, એ ત્રણુનો યથાર્થ જ્ઞાનદ્વારા પરિત્યાગ કરનાર પ્રાણીજ પરમ પદને પામે છે. હવે પછી હે ભગવન્ આવતી કાલે જે જે આગળ સ્વપ્નમાં બનશે તે તે કહીશ. આજે તો હવે શ્વેતબીંદુરામેશ્વર તરફ પ્રયાણુ કરવાનું છે, માટે સત્વર પ્રસાદ પાણી કરી લેઇ, નીકળી પડીએ. પછી તો જેવી આપની ઇચ્છા" ગુરૂ દીગંબર સ્વામિ બોલ્યા 'આજે તો આ સ્થળે જ રહીશું કાલ પ્રાતઃકાળે શ્વેતબિંદુરામેશ્વર પોહોચીશું." ભાનુદેવ કહે છે, "હે ગુરો, પ્રયાણુ તો હજી ઘણુા માસ સુધી પોહોચે તેવું છે ને કાલે શી રીતે પોચીશું ?" ગુરૂ બોલ્યા "બેટા

ગુરૂ મહારાજ આપણને પોહોચાડી દેશે ? ” પાછો આશ્ચર્યની સાથે ભાનુદેવ કેહેવા લાગ્યો “ત્યારે તો હે ગુરો, વીવાહથી બીજુ રળીયામણું શું? એટલી મુસાફરી આપણી બચશે, અને શ્રમ થોડો લાગશે.” એટલું કહી ભાનુદેવ પોતાના નિત્ય કર્મમાં પ્રવૃત થયો, અને ગુરૂ પણ ત્યાંથી પોતાને આસને ચાલ્યા ગયા.

મુનિ વર્ચસ્તમા કહે છે “ હે પ્રહર્ષ, આટલેથી ભાનુદેવને દીગંબર સ્વામિનું વૃતાંત કહેવાનું બંધ કરી, રાત્રી ઘણી વીતી જવાથી, મુનિ સિદ્ધેશ્વરાચાર્ય, પોતાના શૈયાસને પધાર્યા, અને તે રાજકુલ ભુષણ નૃપતિ શુભ્રકેતુ, રાજા, તથા તેની સતિ પત્નિ શુભ્રમતિ, બન્ને પોતાને સ્થાને વીદાય થયાં. હે તાત્ આપણે પણ આજે સમય થયો છે, ને રાત્રી પણ ઘણી વીતી છે માટે સર્વે જઇ વિશ્રાંતિ લ્યો. ? ”

આ વચન સાંભળી પ્રહર્ષ, સર્વ શીષ્યો સહીત સદ્ગુરૂને સાષ્ટાંગ કરી પોતાને આસને ગયો, અને મુનિ પણ પોતાના શૈયાસન વાળા ઓરડામાં સિધાવ્યા.

—તરંગ ૨ જો.

—કાયા ત્યાં સુધી માયા—

બીજો દીવસ થયો એટલે સિદ્ધેશ્વરાચાર્ય શુભ્રકેતુ રાજા પ્રતિ, પેલા ભાનુદેવ તથા તેના દિગંબર ગુરૂનું વૃત્તાંત, પોતાના નિત્ય નિયમાનુસાર કહેતા હવા; કે જે વૃત્તાંત મુનિ વર્ચસ્તમા પોતાના પરમ પ્રિય શિષ્ય પ્રહર્ષને નીચે પ્રમાણે શ્રવણ કરાવવા લાગ્યા.

વર્ચસ્તમા કહે છે “હે પ્રહર્ષ, પછીતો તે ગુરૂ શિષ્ય બન્નેએ તેજ સ્થળે વિશ્રાંતિ લીધી, અને ગુરૂ દિગંબર સ્વામીના યોગબલે કરીને, તે બન્નેજણા આંખ મીંચીને ઉઘાડતાંની સાથે, શ્વેતબિંદુરામેશ્વરના પવિત્ર સ્થળમાં આવેલી એક ધર્મશાળામાં પોહોચી ગયા. આંખ ઉઘાડતાંની સાથે ક્ષા-

શીની સીમને ભાનુદેવે બદલે શ્વેતબિંદુશમેશ્વર જોયા, અને આવો એકદમ પોતાના શ્રીસદ્‌ગુરૂનો અધ્યાત્મબલનો ચમત્કાર જોઇ, ગુરૂ મહારાજને વારંવાર સાષ્ટાંગ કરી આશ્ચર્યની સાથે તે કહેવા લાગ્યો "હે ભગવન્ આપની યોગસિદ્ધિદ્વારા આ પવિત્ર સ્થળે આપણે એક ક્ષણમાં આવી ગયા એ શું ? ઓહોહો હજારો ગાઉનું અંતર એક પળમાં કપાઇ ગયું, અને મુસાફરીની સઘળી મુશીબતો દુર થઈ ગઇ. અહાહા, કેવી આપના યોગબળની અલૌકિક સત્તા છે. તે પેલી સુવર્ણહંસા વનસ્પતિના કરતાં પણ અત્યંત વધારે ચમત્કારિક સત્તા કે જેનો આજ મને બરાબર અનુભવ થયો. હે ગુરો, આપની ગહન શક્તિ છે. હે ભગવન્, સર્વથી બલવાન અને શ્રેષ્ટ તેમજ આપ સમર્થ સદગુરૂ મને પ્રાપ્ત છો, જેથી નિર્ભયપણે મારા કાર્યોને હું સિદ્ધ કરી શકીશ તેવી મને આજે સંપૂર્ણ ખાત્રી થઇ ચુકી છે" ગુરૂ દિગંબર સ્વામિ આવાં વચન શ્રવણ કરી કેહેવા લાગ્યા "હે મુમુક્ષુ શિ-ષ્ય, એ સર્વ સદ્‌ગુરૂનો પ્રતાપ છે; એ સઘળુ સદગુરૂની કૃપાદ્વા-રાજ થાય છે. પ્રાણીને ગુરૂકૃપા ન હોય તો, ઇશ્વરની કૃપા મેળવવાનો આ સંસારમાં કદી પણ સંભવ આવતો નથી. વળી શાસ્ત્રકારો તો એમ કહે છે, કે ઇશ્વરની કૃપા ન હોય તેની ચિંતા નહિં, પણ ગુરૂકૃપા તો મનુષ્યે અવશ્ય પ્રાપ્ત કરવી જોઇએ. "गुरोःकृपाहि केवलम्" પ્રાણીમાત્રને ગુરૂ કૃપાજ કેવલ આવશ્યક છે. હે તાત્ મેં આગળ તને કહ્યું છે, કે એક સમે શીવ રૂઠે તો ગુરૂ તેનું સમાધાન કરી શકે છે, પણ જો ગુરૂ રૂઠે તો, સાક્ષાત્ શંકર પરમાત્મા પણ તેમનું સમાધાન કરવા અસમર્થ છે. માટે એ સર્વ શ્રી સદ્‌ગુરૂની અનવધિ કૃપાનું પરિણામ છે, એમાં આશ્ચર્ય સરખું કશુંજ નથી; જા હવે સ્નાન સંધ્યા આ-દિ તારૂં નિત્યકર્મ કર. અને પશ્ચાત પ્રસાદ પાણીની સામગ્રી તૈયાર કરી શ્રી શંકર ભગવાન શ્વેતબિંદુશમેશ્વર મહાદેવને થાળ ધરાવ ? પછી નિત્ય નિયમાનુસાર પ્રાપ્ત પ્રવૃતિને સેવી, આજ રાત્રિએ પાછું જે સ્વપ્ન આવે તેની હકીકત કાલે નિયમીત સમયે

મને સંક્ષેપમાં શ્રવણ કરાવજે? હે તાત્, આ સ્વપ્ન પછી અહીંથી આપણે આપણા સ્થાનેજ વિચરવાનું છે. તને તારાં બાલબચ્ચાં અને સ્ત્રીઓની માયાનું કેટલું આકર્ષણ થાય છે, અર્થાત તેઓની મોહજાળમાં તું કેટલો ગુંથાયો છે, તે જોવાની ખાતરજ મેં લાંબી મુદત સુધી તિર્થાટન કરવાનું છે, એમ તને કહ્યું હતું. પણ હે મુમુક્ષુ શિષ્ય, તારા હૃદયની શુદ્ધિ, આ સ્વપ્નના બનાવથીજ થએલી જોવામાં આવે છે, અને મુખ્યત્વે કરીને મનુષ્ય દેહે કામ ક્રોધ અને લોભ એ ત્રણ વસ્તુનો યથાર્થ રીતે ત્યાગ કરી માયા ઉપર જય મેળવવાનો છે; અને તે મનુષ્ય દેહના મુખ્ય કર્ત્તવ્યને તેં અનુભવે કરીને જાણ્યું છે એટલે હવે તને વધારે કસોટી ઉપર ચડાવવાની હું જરૂર ધારતો નથી; માટે હે વત્સ, આ શ્વેતબિંદુરામેશ્વરની યાત્રા પૂર્ણ કરી આપણે બરોબર આપણા સ્થાનેજ જઇશું." આટલું કહી દીગંબર સ્વામિ શ્વેતબિંદુ સરોવરમાં સ્નાન કરવા ગયા, અને ભાનુદેવ પણ શૌચ સ્નાન ઇત્યાદિમાં પ્રવૃત થયો. થોડીવાર થઇ એટલે આવ્યો, અને પ્રાણાયામ ઇત્યાદિ સંયમની ક્રીયા કરવા બેઠો. દીગંબર સ્વામિ તો રામેશ્વરનું જ્યાં જ્યોતિર્લિંગ અને જળાધારી જ્યાં છેક ઉંડા સ્થાપિત હતાં, ત્યાં એકભોંયરા દ્વારા જવાતું હતું; આ ભોંયરામાં જવાનો ગુપ્ત માર્ગ શંકરની કૃપાથી તેમને પ્રાપ્ત થવાથી. શંકરના બાણ પાસે ગયા, ને શ્રી શંકર ભગવાનના તે જ્યોતિર્લિંગનું યથાવિધિ પૂજન અર્ચન તથા શંકરપર રૂદ્રાભિષેક ઇત્યાદિ કરવામાં ગુંથાયા. એટલામાં ત્યાં એક રાક્ષસિ દેહધારી પણ શંકરનો આરૂઢ ભક્ત, તેમની પાસે આવીને બેઠો, ને ધ્યાન કરવા લાગ્યો. ભાનુદેવ સંયમની ક્રીયાઓમાંથી પરવારી પશ્ચાત એક પાસે ગામ હતું, ત્યાં આટો દાળ વિગેરે સીધું લેવા ગયો. સીધું લેઇ આવી, ગુરૂ આજ્ઞાનુસાર તેની રસોઇ બનાવી, એક થાળ પુરી, રામેશ્વર મહાદેવને ધરાવવા અર્થે દેવળમાં ગયો; જઈને જુએ છે તો મહાદેવનું લિંગ છેકજ ઉંડું ભોંયરામાં જોયું; તેની જળાધારીની આસપાસ અત્યંત ઉંડુ જળ ભરેલું હોવાથી

તે શંકરના બાણુ પાસે કોઈથી જવાય તેવું ન હતું. પણ જળમાં બેસી પદ્માસનપૂર્વક પોતાના સદ્ગુરૂ દિગંબર સ્વામિ, શંકર ઉપર અભિષેક કરી રહ્યા હતા તે તેણે જોયા; તેમજ વળી એક તેમની પાસે રાક્ષસિ દેહવાળો પણ રાજચિન્હ યુક્ત શખસ બે હાથ જોડી બેઠેલો જોયો. આ સઘળુ જોઈ ભાનુદેવ તો, હે પ્રહર્ષ, કેવલ આશ્ચર્યયુક્ત થઈ સદ્ગુરૂને, મોટે અવાજે કહેવા લાગ્યો "હે સદ્ગુરો શ્રી સદાશીવ ભગવાન માટે થાળ તૈયાર કરી લાવ્યોછું, માટે આપની પાસે ત્યાં શીરીતે લેઈને આવું ? કારણ કે શંકર સપીપ જયાં આપ બેઠા છો, ત્યાં આવવાનો કોઇ માર્ગ જણાતો નથી.' આ વચન શ્રવણ કરી ગુરૂ દીગંબર તો અભિષેકમાં લીન હતા, જેથી તેમણે ભાનુદેવને કંઇ પણ ઉત્તર ન આપ્યો, પણ તેમની પાસે પેલા બેઠેલા રાક્ષસદેહ ધારી, તેમજ રાજ ચિન્હ ધારણ કરેલા પુરૂષે, ભાનુદેવ તરફ પોતાના મોટા રાક્ષસિ ડોળા કાઢી કહ્યું "અરે બાલકા, શ્રી મહેશ રામેશ્વર ભગવાન્ ત્યાંથીજ તારી થાળ, તારો પ્રેમ છે તો આરોગી લેશે, માટે ચીંતા ન કર ? અને તું ત્યાંજ ઉભો રહેજે તારાથી અહીં અમારી નજદીક અવાશે નહિં. આ કલિયુગમાં મનુષ્ય માત્રને ઉપરથી જાળીમાંથીજ દર્શન કરવાનો હુકમ છે; આ રામેશ્વર મહાદેવ પાસે આવી તેમના જ્યોતિર્લિંગની પ્રત્યક્ષ પૂજાતો કોઇ ખાસ તત્વવિદ્ સેંકડો સીદ્ધ પુરૂષમાંથી એકાદ આ મહાત્મા જેવાથી, શ્રી શંકરનો હુકમ હોયતો થઇ શકે છે. માટે તારા દુરાગ્રહને છોડી શાંત અને સ્વસ્થચિત્તે પ્રોક્ષણ કરી વિધિ પૂર્વક શ્રી શંકર ભગવાનને થાળ આરોગાવાની પ્રવૃતિ કર એટલે તત્કાળ તે થાળ શ્રી મહેશ ભગવાન આરોગી લેશે" આ પ્રકારના પેલા પાસે બેઠેલા પુરૂષના વચન ભાનુદેવે શ્રવણ કર્યાં, જેથી તેને ખાત્રી તો થઇ કે તે શ્વેતબિંદુરામેશ્વરના જ્યોતિર્લિંગની સમક્ષ જઇ, પ્રત્યક્ષ પુજન કરી, થાળનો વિધિ થઇ શકે તેમ નથી. પણ ગુરૂના મૂખથી પ્રત્યક્ષ પુજન, થાળ, ઇત્યાદી કરવાનું વચન થએલું જેથી પેલા ગુરૂની પાસે બેઠેલા

પુરૂષના વચનોથી તે જરાપણ શાંત રહ્યો નહીં, અને બીજીવાર ગુરૂ પ્રત્યે કહેવા લાગ્યો, "હે ગુરો થાળ તૈયાર છે, અને આપની આજ્ઞાનુસાર શ્રી શંકર ભગવાનને આરોગાવા માટે લેઇને આવ્યો છું. તો આપની આજ્ઞા હોય તેમ કરૂં ?" તેણે કહ્યું છતાં ઉત્તર ન મળવાથી રૂદ્રાભિષેક પુર્ણ થયો ત્યાં સુધી, એમને એમ ભાનુદેવ થાળ સહીત ઉભો રહ્યો. અને પુર્ણ થતાં ગુરૂ દિગંબર સ્વામિ કહેવા લાગ્યા, "બેટા થાળ ઉઘાડી અંદર નજર કર, કે શંકર ભગવાને તેમાંનો પ્રસાદ આરોગી લીધો છે કે નહિં ? જો આરોગી લીધો હોય અને થાળમાં કોઇ વસ્તુ રહી ન હોયતો આસને જા અને મારો અને તારો થાળ તૈયાર કર ? હું પૂજન સમેટી પશ્ચાત પ્રસાદ માટે આવું છું." આ પ્રમાણે ગુરૂનું વચન શ્રવણ કરતાંજ ભાનુદેવે થાળ ઉઘાડી જોયું, તો થાળમાં કોઇ પણ વસ્તુ રહી ન હતી. જેથી અત્યંત આશ્ચર્યની સાથે શ્રી સદાશિવ રામેશ્વર ભગવાનના જ્યોતિર્લિંગને સાષ્ટાંગ કરી, આસને ચાલ્યો ગયો; અને ગુરૂ આજ્ઞાનુસાર પોતાનો તથા ગુરૂનો થાળ પુરી, જમવા કાજે તેમની રાહ જોતો બેઠો, અને વિચાર કરવા લાગ્યો કે " અહાહા, આ વળી જ્યોતિર્લિંગનો સર્વ કરતાં અ-લૌકિક અને અદભુત ચમત્કાર મેં આજેજ જોયો. તેમજ હજારો તત્વવિદ્ સિદ્ધ પુરૂષોમાં દિગંબર સ્વામિ પણ શ્રી સદાશીવ ભગવાનના ખાસ પ્રિતિપાત્ર પુરૂષ છે, એવી પણ મને આજેજ સંપુર્ણ ખાત્રી થઈ. અરે પણ પેલો, રાક્ષસી દેહધારિ તે સાથે રાજ-ચિન્હયુક્ત તેમની પાસે બેઠો હતો તે પુરૂષ કોણ હતો, તેની કંઇ ઓ-ળખ પડી નહીં, એ કોણ હશે ? કોઈ રામાવતારના વખતનો રા-ક્ષસતો નહિં હોય ? ના ના ! કદાચ તેમ જો હોય તોપણ તે કોઇ શંકરનો આરૂઢ ભક્ત તો જરૂર હોવો જોઇએ, એમાં સંશય નથી. ગમે તે હશે તે ગુરૂ મહારાજ પધારશે એટલે જણાશે. અરે પણ ગુરૂ મહારાજ તે ઉંડા ભોંયરામાંથી કીયે રસ્તે થઇને બહાર આવે છે, તે જો હું તેમના બહાર નીકળતાં સુધી ઉભો રહ્યો હોત તો જાણી કે જોઈ શકત; પણ તેમની જવાની આજ્ઞા થયા

પછી ઉભા રહેવું એ કેવલ ગેરવ્યાજબી જાણી ચાલ્યો આવ્યો ખેર ગમે તેમ હોય, સાક્ષાત સદાશિવ ભગવાન તેમને પ્રત્યક્ષ આવી રસ્તો આપતા હોય તો પણ શું ? મારે મનતો મારા ગુરૂ મહારાજ તેજ મારા શ્રી સદાશિવ ત્રિતાપના હરણુ કરનારા છે; જેથી તે વ્યક્તિ કોણુ છે ને કોણુ નહિં એ જાણુવાની જીજ્ઞાસા શું કામ રાખવી જોઇએ ? સદગુરૂ દિગંબર સ્વામિ સીવાય અન્યમાં મોહ રાખવાનું શું કારણુ ? કંઇજ નહિં." આ પ્રમાણેના પોતાના મન સાથે ભાનુદેવ વિચાર કરી રહ્યો છે, એટલામાં દિગંબર મુનિ પૂજન અર્ચન નિત્યકર્મથી પરવારી પધાર્યા, અને હસ્તપાદાદિનું પ્રક્ષાલન કરી પ્રસાદ લેવા બેઠા. થોડીવારે ગુરૂ શિષ્ય બંને જમી રહ્યા, એટલે દીગંબર સ્વામિએ ભાનુદેવને કહ્યુ “ હે બેટા ભાનુ, રામેશ્વરના જ્યોતિર્લિંગના પૂજન વખતે, મારી સમક્ષ તે સ્વયંભુ બાણુની જળાધારી પાસે જે પુરૂષ બેઠો હતો તે કોણુ હતો, તે જાણુવાની તને સ્વાભાવિક જીજ્ઞાસા થતી હશે અને તેમાંએ તે રાક્ષસી દેહવાળો અને રાજ્યચિન્હ યુક્ત હોવાથી, તને તે વ્યક્તિ જાણુવા ઉત્કંઠા થયા વિના નહીં રહી હોય; પણુ હે વત્સ્ તે રાવણુનો બંધુ વિભિષણુ હતો, કે જે અનન્ય રામભક્ત તથા જેને શ્રીમ્ ભગવાન રામચંદ્રજીએ લંકાનું રાજ્ય બક્ષીસ કરેલું છે, તે અમર પુરૂષ મારી સમક્ષ બેઠો હતો. હે તાત્ શ્વેતબિંદુરામેશ્વરની યાત્રાએ આવનાર પ્રાણીઓમાંથી કોકનેજ તે પ્રત્યક્ષ દર્શન દે છે. તે આ કાલમાં સમુદ્રમાં લંકા વસાવી રહેલો છે, તે અષ્ટ પ્રહર અને ચોસઠે ઘડી આ રામેશ્વર મહાદેવનીજ ઉપાસના કર્યા કરે છે. જે પ્રાણીને તે રામેશ્વર મહાદેવ કૃપા કરી પોતાના બાણુ સમીપ આવવાનો રસ્તો આપે છે, તે પ્રાણી શ્રી સદાશીવ ભગવાનનો કૃપાપાત્ર છે, એમ સમજી તેને તેની ઇચ્છાનુસાર રામેશ્વર મહાદેવની એ જ્યોતિર્લિંગની પાસે જવા દઈ સેવા કરવા દે છે. બાકી અન્યને તો ઉપર રહીને છેટેથીજ મહાદેવના દર્શન કરવા દે

છે. હે વત્સ, પરમાત્માના અનન્ય જેઓ ભક્ત છે; પછી કાં દેવ કે દાનવ હોય, વા મનુષ્ય કે પશુ હોય, તોપણ તેઓ સદા પોતાની મેળે નિર્ભય અને નિશંકપણે વર્તે છે; કારણ કે પરમાત્મા તેમનું યોગક્ષેમથી વહન કરે છે; તેઓ માયા મહેશની છે એમ સમજી તેને પોતાની માનતા નથી. તેઓ સદા સ્વતંત્ર અને માયાથી વિરકત રહે છે. હવે ચાલ બીજા જે શ્વેતબિંદુરામેશ્વરના કેટલાક યાત્રા કરવા લાયક સ્થળો છે તે આપણે જોઈ આવીએ." આ સાંભળી ભાનુદેવ બિભીષણ જેવા શંકરના પરમ ભક્ત પુરૂષના દર્શન થયાં જાણી, પોતાને કૃતાર્થ માનવા લાગ્યો, અને વસ્ત્ર વીગેરે ધારણ કરી બન્ને ગુરૂશિષ્ય અન્ય તીર્થના સ્થળો જોવા ગયા. ફરીને છેક રાત્રીએ પાછા પોતાના મુકામે આવ્યા, અને બન્ને મોડું થવાથી, પોતાની સ્નાનાદિક નિત્યની ક્રિયાથી પરવારી, દીવસના શ્રમને લીધે નિદ્રાવશ થયા. બીજે દીવસે નિત્યનિયમ પ્રમાણે ઉઠી પોતાની નિત્યનૈમિતિક ક્રીયાઓથી પરવારી, જમી જુઠી બન્ને નિવૃત થયા, એટલે ગુરૂ દીગંબર સ્વામી કહેવા લાગ્યા "હે શિષ્ય સ્વપ્નમાં આગળ બીના જે કંઇ રાતરે બની હોય તે શ્રવણ કરાવ?" આ સાંભળી, ભાનુદેવ ગુરૂ આજ્ઞાનુસાર સત્વર નીચે પ્રમાણે કહેવા લાગ્યો.

"હે ગુરો, પછી તો તે મારા આખલાના શરીરના કલેવરનો ત્યાગ કરી, મેં તે મારા પુત્ર કર્માનંદના ફળીઆમાં, એક પાળેલી કુતરી હતી, તેને પેટ કુતરાનો જન્મ લીધો; ત્યાં મને તે મારા પુત્રના પુત્ર પુત્રીઓએ રમાડી ઉછેરી મોટો કર્યો, અને પેલી ગાય જે આખલાના શરીર વખતે મારી પત્નિ હતી, તે પણ શ્વાન યોનીમાં નારી થઇ અવતરી, કે જે પેલી કુતરી હતી. અમે બન્ને મોટાં થયાં, અને અમારે પેટ છોકરા છોકરીઓ પણ ઘણા થઇ ગયાં; હું અને મારી કુતરી તથા બોટીલાં વીગેરે રાત દીવસ એ મારા પુત્ર કર્માનંદને આંગણેજ બેસી રહેતાં, અને તેના ઘરની તથા ઢોર ઢાંખર વીગેરેની રાતરે

ચોકી કરતાં હતાં. એમ કરતાં મારી વૃદ્ધા અવસ્થા આવી, તો પણ તે મારી સ્ત્રી કુતરી અને ભોટીલાંઓમાંથી, મારી પ્રિતિ લેશ પણ ઓછી થઇ ન હતી. રાત દિવસ તેમનામાંજ મારો જીવાત્મા રચીપચી રહેલો હોવાથી, તેમની માયા મારામાં ઘણીજ દિનપ્રતિદિન વધતી ગઇ હતી. વળી ભાવી સંસ્કારાનુસાર, હું મારા સર્વ ગતજન્મને અને ભગવાનને જાણતો હોવાથી કર્માનંદમાં રહેલી મારી પુત્રેષણા, પણ અદ્યાપિપર્યંત વિલાઇ ગઇ ન હતી. તે પુત્રમમતા સદૃઢ પણ હૃદયમાં ચોટી રહેલી હોવાથી કર્માનંદ તરફ મારો જીવાત્મા તણાવાના અભ્યાસવાળો થયો હતો; માયાને સર્વ જન્મમાં મારી મારી કહી, છેક મરણ સુધી વાજ આવતો પણ મને તરછોડી તે માયા જ્યારે ત્યારે મારો ત્યાગ કરીને વીલાઇજતી; આટલું છતાં હું માયાને વિસારતો ન હતો. હે ગુરો, આ પ્રમાણે શ્વાન યોનિમાં પણ છેક વૃદ્ધાવસ્થા સુધી હું 'મારૂં મારૂં' કહી માયાગ્રસ્તજ રહ્યો; ગત જન્મોમાં ભગવાન અને લક્ષ્મી જે સાધુના વેશે આવી, મને સદુપદેશ અને તત્વજ્ઞાનના વચનો રૂપી શીખામણ આપતા, તે સર્વનું મને યથાસ્થિત સ્મરણ થતું, પણ શું કરૂં માયાએ એવો તો મને વશ કરી લીધેલો હતો, કે સર્વ તે શીખામણો, સર્વ તે ઉપદેશ સર્વ તે સુચનાઓ, ધુળપર લિંપણુ સમાન મને અસર કરતાં હતાં. અર્થાત તે ઉપદેશથી મારા રદયમાં કંઇજ અસર થઇ ન હતી. અને શેઠની શીખામણ ઝાંપા સુધી તે કહેવત પ્રમાણે થયું. એવામાં એક સમયે ચાતુર્માસમાં એક બીજો મારાથી જોરાવર જુવાન કુતરો, મારી તે કુતરીરૂપ સ્ત્રીને ભોળવી નસાડી લેઇ જવા સારૂ, બદદાનતથી અમારા ફળીયામાં આવ્યો. જેથી મારા સ્વભાવાનુસાર મને ક્રોધ ચડયો. હુંતો એકદમ બેઠો હતો, ત્યાંથી ઉઠી ફાળબંદ દોડતો જઇ, તે બીજા કુતરાને બાઝી પડયો, અને તેની કમરે બે ત્રણ સખત બચકાં ભર્યાં. મારી સ્ત્રીતો પેલા કુતરાની સાથે મિત્રાચારી બાંધવાની લાલસાથી મારા ભોટીલાંઓને બોડમાં લેઇ જઇ નીરાંતે ધવડાવતી હતી. અને હું એકલો

તે કુતરા સાથે લડવા લાગ્યો. હું તો વૃદ્ધ અને અશક્ત કુતરો હતો, અને તે બલવાન અને ભરયુવાન કુતરો હતો, જેથી તેણે મને ફાંફરડી ખાધો. તેમાંએ વળી મારી ગરદન ઉપર તેણે એવું તો સખત બચકું ભર્યું, કે આશરે પોણોશેર માંસનો લોચો મારી ગરદનમાંથી બહાર નીકળી આવ્યો, અને તેથી મારૂં આખું શરીર લોહી લુહાણ થઇ ગયું હતું. હુતો છેક નાસી પાસી થઇ, પછી લડતાં લડતાં બે પગવચ્ચે મારી પૂછડી દબાવી નાસી ગયો, અને મારા પૂત્ર કર્માનંદના ઘરમાં પેસી ગયો. કર્માનંદે મને લોહીથી દદડતો જોઇ, ઉપરથી બીજી બેચાર લાકડીયોના પ્રહાર કરી ઘર બહાર કાઢી મુ.યો, જેથી દુકાળમાં અધિક માસની પેઠે એકતો અત્યંત ઘાયલ થવાથી દુ:ખી, અને તેમાં લાકડીયોના પ્રહારના દુ:ખનો વધારો, જેથી ફક્ત મરણજ હવે આવવું બાકી રહ્યું હતું. કર્માનંદે પેલા મારનાર કુતરાને પણ લાકડીયો મારી હાંકી કાઢયો, એટલે તે બીજો કુત રો નાસી ગયો, અને હું તો ફળીયા વચ્ચે પડયો પડયો દુઃખથી બરાડાજ પાડતો હતો; આ પ્રમાણે અત્યંત દુ:ખથી પોકારો કર્યાં કરતો હતો, જે જોઇ કરૂણાના સાગર એવા દીનબંધુ ભગવાન અને લક્ષ્મીજીને દયા આવી, જેથી તેઓ બન્ને માગણ સાધુઓનો ફરી વેશ ધારણ કરી, આ ફળીયામાં માગવાને નિમિત્તે આવ્યા અને મને શેરીના રસ્તાવચ્ચે અધમૂઓ પડેલો અને અત્યંત દુ:ખી જોઇ, મારી પાસે ઉભારહી નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

" હે વિષયાનંદ શ્વાન, આટલા તારા જન્મ થયા, તને દુ:ખથી મુક્ત થવા શીખામણ દઈએ છીએ, છતાં તું તારા પુત્ર પૂત્રાદિ અને સ્ત્રી ઇત્યાદિની માયાનો પરિત્યાગ કરી અમારી સાથે વૈકુંઠમાં ચાલતો નથી કેવો મુર્ખ છે. ? અરે હજી પણ કહીએ છીએ કે માની જા અને ચાલ સુખીથા. ? પણ અરેહજી તારે ગળે અમારી વાત ઉતરતી નથી ? તારા કલ્યાણનો અમુલ્ય રસ્તો તને બતાવ્યો છતાં હજીપણ સુઝતો નથી. ? હે મૂઢ સમજ અને માયાનો ત્યાગ કરી અમારી સાથે

ચાલ ? એતો કાયા ત્યાંસુધી માયા જાણજે તું એ માયાને મારી મારી કહી જન્મમરણના ફેરામાં કયાં સુધી અટવાઇશ ? અરે મૂર્ખ, એ માયા તો કોઇની થઇ નથી, થતી નથી, અને ભવિષ્યમાં થશે પણ નહીં. એ માયા મહેશ સત્તાનેજ સ્વાધિન છે. તે શ્રીહરિના સીવાય કોઈની થતી નથી. જેણે તે માયા ઉપર જય મેળવ્યો છે તેજ આ સંસારને તર્યો છે એમ જાણજે ? અરે મૂઢાત્મા સંસાર ચક્રનુ મૂખ્ય કારણરૂપ આ મહામાયા શક્તિ તે એક નદીના જેવી છે. તે નદીમાંથી, આંખ, નાક, કાન ઇત્યાદિ પંચ કર્મેન્દ્રિયરૂપ પાંચ પ્રવાહો વહ્યાં કરે છે. તે પ્રત્યેક પ્રવાહમાં જુદી જુદી પ્રકારનું જળ રહેલું છે; જેમ નદીના જળનું મૂખ્ય કારણ મેઘ છે, અને વર્ષાૠતુમાંતો તે નદી મોટા પ્રવાહ વાળી થાય છે, તેવીજ રીતે કામ ક્રોધાદિરૂપ અવિદ્યામાયાગ્રસ્ત વૃત્તિ જેની થઈ ગઇ છે, એવા જીવોમાં, તે પાંચ કર્મોન્દ્રિયોથી ઉત્પન્ન થતું આસુરીસંપતિ વાળું પાંચ પ્રકારનુ તેમનુ જ્ઞાન, તે એક મહાન તેમના દુઃખનું કારણ છે. હે દુઃખી મંદમતિ, તું વિચાર કરી જો કે જેમ નદીના પ્રવાહમાં, કેટલેક ઠેકાણે ઉંડું પાણી હોવાથી, વમળ અને ચકરીઓ પડે છે, અને તેમાં પ્રાણી સપડાતાં ડુબી મરે છે, તેવીજ રીતે એ માયારૂપનદિના કામ ક્રોધ, લોભ મોહ અને મત્સર એ પાંચ મોટા પ્રવાહોમાં પણ અનેક સ્થળે, વમળ અને ચકરીઓ પડે છે, અને તેમાં જીવ જો સપડાઇ જાય છે, તો તેને કીટ પતંગાદીયોનીની પરીણામે પ્રાપ્તિ કરાવી અધોગતિને પહોચાડે છે. માટે હજીપણ કહું છું કે એ માયારૂપ અત્યંત ઉંડા જળના વમળમાં તું ફસાઈ, એવી અધમ સ્થિતિએ પહોંચવા કરતાં, તારા કલ્યાણના માર્ગ પ્રતિલક્ષ આપ, અને સત્વર વૈકુંઠમાં આવવાને તૈયાર થા. ? " આ સાંભળી મેં તેમને મરતે મરતે પ્રત્યુત્તર આપ્યો કે "હે ભગવાન્ આપ એટલું મારા કલ્યાણની ખાતર, મારા ગત જન્મો અને આ જન્મમાં સુચન કરતા રહોછો, તેથી આપનો જોકે મોટો ઉપકાર માનું છું, પણ મોટા હરીહર બ્રહ્મા અને શીવ સનકાદિક તેમજ

મોટા મોટા તત્વવિદ્ મહાત્માઓ અને વિદ્વાનપુરૂષોપણ એ માયાનદીના પાંચ પ્રવાહોની ચકરીમાં સપડાયા પછી બહાર આવી શકતા નથી, તો હું અધમ તે કોણ માત્ર ? પછી આપ આ બધું જ્ઞાન, પોપટની પેઠે બોલો, પણ આપના પોતાનાથી આપની લક્ષ્મીજીનો તથા પટરાણીઓનો અને અન્ય આપ્ત વર્ગનો ત્યાગ થઈ શકતો નથી, તો હું તે માયાવિ મૃત્યુ લોકનું-માનવી, તે આ માયારૂપ સંસારમાંથી શી રીતે મારી તૃષ્ણાનો નાશ કરી શકું ? અને તેથી કરીને આ સંસારના સૂખો આગળ તમારૂં વૈકુંઠનું કે સ્વર્ગનું સુખ, મારા શા હિસાબમાં હોય તેનો આપજ ખ્યાલ કરો ? ખરૂ સ્વર્ગ, ખરૂં વૈકુંઠ કે મોટું પરમાનંદનુ ધામ, જે કહો તે હું તો આ મારો સંસારજ સમજું એમાં શી નવાઇ. ? માટે મારા સંસારનો અને મારી સંસારિ જળોજથાનો ત્યાગ કરી, તમારી જોડે શી રીતે આવી શકું એનો આપજ વિચાર કરો ? મને તો ગમે તે અવતાર પ્રાપ્ત થયો હોય, પણ મારી છૈયા છે.કરાં ઇત્યાદિની જે તૃષ્ણા તે તો એવી ઉંડી રહેલી છે કે જ્યારે તેમને જોઉં ત્યારેજ મને અન્ન ભાવે અને શાંતિ વળે. હે ભગવાન, પછી મને તમે તે મારા છૈયાં છોકરાના નર્કમાં કીડા બનાવો તોયે શું ? હું તો તેમને જોઉં, એટલે તેમાં પણ રહ્યો રહ્યો રાજી થાઉં. તેમનો ત્યાગ કરી, આ સંસારથી મુકત થઇ તમારી જોડે વિરકત થઇ જાઉ પછી તેમને કયાં પામું; એવા વૈકુંઠથી તો મને યત્કીંચિત્ પણ ઠીક ન પડે. માટે આપ જેવા આવ્યા છો તેવા પાછા પધારો ?" આ સાંભળી ભગવાનને ક્રોધ ચડયો, જેથી તેની પૂત્રાદિકના નર્કમાં કીટ થવા પર્યંતની સંસારમાં પુત્રેષણા જોઇ, પોતે પોતાના મન સાથે 'તથાસ્તુ' કહી, બોલ્યા ચાલ્યા વગર લક્ષ્મીજી સહિત અંતર્ધ્યાન થઈ ગયા. પશ્ચાત થોડીવાર પછી સત્વર મારા તે શ્વાન દેહના ખોળીયામાંથી પ્રાણજતા રહ્યા; અને શાપાધીન થએલો એવો હું મારી મતિ મુજબ તેમજ ભગવાનના સંકેત અનુસાર, પેલા

મારા કર્માનંદના મળમાં કિટ થઈને અવતર્યો; કર્માનંદે પોતાના ઘરપાછળ એક છુટી નેળ કરી હતી, અને તેમાં હમેશ તે મળોત્સર્ગ કરતો હતો; આઠેદશે તે નેળ ભંગીયણ વાળી જતી હતી. મને કીટ થવાને બે ત્રણ દીવસ થયા, એટલે સૂર્યના તાપથી પ્રજળવા લાગ્યો, અને છેકજ અધ મુઓ બની ગયો. થોડીક ક્ષણ પછી તે કીટના ખોળીયામાંથી પણ જીવ ચાલ્યો જશે, એમ ખાત્રીપૂર્વક મને લાગ્યું. આટલું છતાં મારો જીવતો મારા પરિવારમાંજ હતો; સાક્ષાત્ ભગવાનના સદ્દવચનોનું, જો કે તે વખતે મને સ્મરણ હતું, તોપણ મારો અંદરનો માયાગ્રસ્ત બનેલો ભોક્તા, સંસારને અને તેના ભોગોનેજ મુખ્ય માની, તે તરફજ તણાઈ રહ્યો હતો. પાછા ભગવાને ફરી મને દુષ્ટાત્માને બોધ દેવા અર્થે બિચાર્યું, જેથી પોતે લક્ષ્મીજી પ્રત્યે કહેવા લાગ્યા કે “ હે દેવિ, ચાલો ફરી જઇએ. એકવાર ફરી તેની આ અધમ કીટદશામાં પણ બે શબ્દો તેને કહીએ, પછી જોઇએ કંઇ અસર થાય છે ? આપણો જેને સર્વ જન્મોમાં સત્સંગ થયો છે, તેને ડુબતો કેમ રખાય, માટે આ છેલ્લીવાર કહી જોઇએ; માને તો ઠીક છે નહિતો પછી તેનો બળાત્કારે પણ ઉદ્ધાર કરી દેવો એ મારો નિશ્ચય છે. જ્યારે તેના અજ્ઞાનનો સમુળગો નાશ થશે, અને ઉદ્ધરવાથી તેના રદયમાં જ્ઞાન રવિ પ્રકટશે, ત્યારે ઘણાએ જાણશે, કે તે બળાત્કાર તે તેના અહિતની ખાતર નહિં પણ હિતની ખાતરજ થયો હતો. પણ જ્યારે તેને હું મળ્યો અને તે જો ન તર્યો તો મારા અધમોદ્ધારણ પદને કલંક લાગે, જેથી તેવું કરવાની મારી લેશ પણ ઇચ્છા નથી.” લક્ષ્મીજી આવી વાણી શ્રવણ કરી બોલ્યાં “ ભગવન્ એ તો બધુ ઠીક, પણ આપને હવે ખાત્રી થઇ હશે, કે માયાશક્તિ આ જીવાત્મા ઉપર કેટલી બધી અસર કરે છે. આપનું નામ પણ ભુલાવી દે છે કે નહિં ? ” ભગવાન બોલ્યા “ ખરેખર તાદૃશ હમણાં તો તેવોજ અનુભવ કરૂં છું. લક્ષ્મીજીએ હસીને કહ્યું ચાલો ત્યારે આપની ઇચ્છા છે, તો તે વિષયાનંદને તેની આ અધમ કીટ દશામાં

પણ કંઇ બે શબ્દો કહેવાના કહી જોઇએ અને પછી ન માને તો આપની વૃત્તિ મુજબ કરજો ? " આ પ્રમાણે શ્રીમદ્ વિષ્ણુ ભગવાન તથા લક્ષ્મીજી પાછા સાધુને વેશે અંતરીક્ષ માર્ગે પેલી નેળમાં ઉતર્યા, અને માત્ર અધમ સ્થિતિએ પોહોચેલો જે હું કીટ, પેલા કર્મનંદના મળમાં તરફડતો હતો, તેને જોઇ, તથા હું તેઓને જોઇ, જાણી શકું તેવી રીતે, મારી પાસે આવી ભગવાન તથા લક્ષ્મીજી સાધુવેશે નીચે પ્રમાણે કહેવા લાગ્યાં.

ભગવાન કહે છે, હે કીટોમાં પણ અધમ કીટ વિષયાનંદ તારા નામ પ્રમાણેનો ગુણ તારો હજી કાયમજ રહ્યા ? અરે આટલું આટલું થયું, તોપણ વિષયસુખમાં અંધ બની તેમાંજ આનંદ માની બેઠો છે, અને આ અજ્ઞાનથી કલ્પાએલા મિથ્યા જગતનો, અને તેની માયાનો, પ્રેમ પૂર્વક પરિત્યાગ કરી શકતો નથી; ધીક્કાર છે તને અને તારા વિષયના આનંદને; અરે મૂઢ, આ સંસાર તે માત્ર અજ્ઞાન કલ્પીત છે. અંદરના અહંકાર આદિ ભોક્તાવર્ગનું, અને બહાર જગત આદિ ભોગ્ય વર્ગનું વાસ્તવિક જ્ઞાન થયા પછી, જગત મિથ્યા થઇ જાય છે. આત્માના સાક્ષી સ્વરૂપનું વિસ્મરણ કરાવનાર માત્ર મોહ છે; હે મતિમંદ, માટે ભોકતામાં આત્મબૂદ્ધિ સેવનારા, તારા જેવા મૂઢ જીવોનો આત્મા, પણ પરીણામે તે પરઃબ્રહ્મની સતાવડે કરીને, ભોગય વસ્તુનો વાસ્તવિક અનુભવ કરે છે. અર્થાત તારા જેવા મતિમંદ જીવોનો આત્મા, પણ તેજ વાસ્તવિક બ્રહ્મ રૂપ છે; પણ હે મૂર્ખ તું જો અજ્ઞાનરૂપિ જ્વરથી મુક્ત થઇ, વાસ્તવિક જ્ઞાનથી શાંત ચિત્તે વિચાર કરીશ, તો તને તાદૃશ જણાઇ આવશે, કે ભોગ રૂપિ વિષ, પરિણામે તારો નાશ કરશે, તેમજ તને અવનતિએ પહોંચાડશે. જે 'હું અને મારૂ' કહી કહી તું વાજ આવે છે, તે સર્વ મિથ્યા છે. હે મુઢ, આ સંસાર માત્ર અજ્ઞાનથીજ કલ્પાએલું છે. અર્થાત્ તે મિથ્યા છે, સત્ય નથી. હે વિષયાનંદકિટ, ખરા જ્ઞાની નું સ્વરૂપ તેજ છે, કે જે જગતને મિથ્યા માને છે. નામ તથા રૂપની ભ્રાંતિ ઉત્પન્ન કરનારા, બીજા જ્ઞાનોની આવા જ્ઞાનીને

જરૂર હોતી નથી. જગતને તો માત્ર ભ્રાંતિ રૂપ કલ્પના સમાન જાણે છે, જેથી જગતના અન્ય ભોગોની તેને જરાપણ ઇચ્છા હોતી નથી. તે તો માત્ર હું કોઇ એવી વસ્તુ છેજ નહિં, એ-વોજ પોતાના મન સાથે સત્ય શુભ અને દ્રઢ સંકલ્પ સેવે છે; ब्रह्म सत्यं जगत मिथ्या ' બ્રહ્મ સત્ય છે જગત મિથ્યા છે, એ પ્રકારનું વાસ્તવિક જ્ઞાન જેને પ્રકટે છે તેજ જ્ઞાની કહેવાય છે. તે જ્ઞાનનો ઉદય થયા પછી અજ્ઞાનનો નાશ થાય છે. જેમ સ્વપ્નમાં શુભાશુભ જે પદાર્થો જોયા કે ભોગવ્યા હોય, તે તે શુભાશુભ પદાર્થો, જાગ્રત અવસ્થામાં, નહિવત્ જેવા મિથ્યા છે, તેવીજ રીતે અજ્ઞાન દશામાં પણ ' આ જગત છે તથા હું અમુક છું, અને અમુક તે મારૂં છે ' એવા અહંકારાદિ પદાર્થો જેનો પ્રાણી રાત દીવસ અનુભવ કરે છે, તે પણ વાસ્તવિક રીતે મિથ્યા પ્રતિ-તિરૂપ સ્વપ્નસમાન અનિત્ય અને જુઠા છે. અર્થાત વસ્તુતઃ તે કશુંજ નથી, નરશ્રૃંગ જેવા મિથ્યા છે. જેમ અંધારામાં કોઈ એક અરણ્યમાં ચાલતા પ્રવાસિને, એકાદ વૃક્ષના ઠુંઠાને વિષે પોતાના મનની ભાવના વડે કરીને, રાક્ષસની મિથ્યા ભ્રાંતિ થાય છે, તેવીજ રીતે જીવ પણ પોતાની ભાવનાથી, અસત્ય એવા જન્મ મરણ રૂપ સંસારને ભ્રાંતિથી સત્ય માની, તેને અનુભવે છે. ભ્રાંતિથી કલ્પેલો રાક્ષસ જેમ અસત્ય છે તો પણ તેના ભોગ્ય અને ભોકતા સત્ય જેવાં જણાય છે, તેવીજ રીતે હે વિજયાનંદ અહંકાર તથા આજગત જેઓ ભ્રાંતિરૂપ છે અને મિથ્યા છે, છતાં તને તારા અજ્ઞાનથી તે સત્ય લાગે છે; જેવો તે રાક્ષસ ભ્રાંતિથીઉત્પન્ન થાય છે તેવીજ રીતે આ અનંત આત્મ સત્તામાં અનેક બ્રહ્માંડના જીવો ભ્રાંતિથી ઉત્પન્ન થયેલા જોવામાં આવે છે. જેમ ભ્રાંતિથી પેલું વૃક્ષનું ઠુંઠું રાક્ષસ લાગ્યુ, પણ વાસ્તવિક રીતે જોતાં તે રાક્ષસ નથી, પણ એ વૃક્ષનું ઠુંઠું છે એમ જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે ભયની નિવૃત્તિ, અને ચિતમાં શાંતિ ઉત્પન્ન થઇ આજગત અને 'હું તથા મારૂં' એ ભ્રાંતિરૂપ માયા, પણ મિથ્યા છે એમ સ્પષ્ટ અનુભવથી જણાય છે. જ્યારે જીવને વાસ્તવિક

જ્ઞાન થાય છે, ત્યારેજ સત્ ચિદ્ અને આનંદ સ્વરૂપના ચૈતન્ય પણાના ભાવને પ્રાણી પ્રાપ્ત થાય છે; માટે હે વિષયાનંદ કિટ તું તારી સર્વ પ્રકારની ઇચ્છાઓને, આસક્તિને, તૃષ્ણાઓને સમેટી લેઇ તારા પોતાનામાં રહેલા સર્વના સાક્ષીભૂત પરમાત્માના સ્વરૂપમાં, શાંતિપૂર્વક વિરામ પામ ? અને આ દૃષ્ય, તે દૃષ્ટાની સૃષ્ટિરૂપે વિસ્તૃત છે, એમ નિશ્ચે કરીને જાણુ ? હે અધમ, એ દૃષ્ટાંત તેજ પરમાત્મ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે. તેમાં દૃષ્ય ભાવનુ આરોપણુ કરનાર દોષને પાત્ર થાય છે. વસંત ઋતુનો રસ, જેમ વૃક્ષની ડાળીઓ અને શાખારૂપ થઇ જાય છે, તેવીજરીતે સત્ય મુક્ત અને ચૈતન્ય સ્વરૂપ અવિનાશી પરમાત્મા, પોતેજ સૃષ્ટિરૂપ બની રહે છે. માટે આ જગત તે પરમાત્મ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમય હોવાથી, જેમ પરમાત્મ સ્વરૂપ વીશે દ્વૈતાદ્વૈતનો અભાવ છે, તેવીજ રીતે જગત અને જીવના સ્વરૂપ વીશે પણુ દ્વૈતાદ્વૈતનો અભાવ છે. આમ જગત અને જીવના સ્વરૂપવિશે પણુ અભાગ સ્વતઃ સિદ્ધ છે, માટે હે વિષયાનંદ કીટ, હજી સમજીને નિત્યાનિત્યના વિવેકપૂર્વક ચિદાકાશરૂપ થા ? સત્ ચિદ્ અને આનંદ સ્વરૂપ પરમાત્માના બ્રહ્મરસનુ પાન કરી, શંકા રહિત થઈ, માયાના પરિત્યાગ પૂર્વક, મોક્ષરૂપી આનંદથી ભરપુર એવા નંદનવનમાં મારી જોડે આવી નિવાસ કર ? હે મૂર્ખજીવ, જેમ હરણુ શુન્ય અરણ્યમાં ભ્રમિત બુદ્ધિથી ભટકયાં કરે છે, તેવી રીતે તું અજ્ઞાન આવણુથી આ શુન્ય વિકટસંસારમાં ભટકવાનું વારે વારે પસંદ કરે છે. આ ચૌદ લોકરૂપી સંસારના ઝાંઝવાના જળથી છેતરાઈ, અંધળની દુરાશા અને વ્યગ્રતામાં આડોઅવળો શું કામ કુટાયા કરે છે ? આ સંસારના સુખો પરીણામે પીડા કરનાર હોવાથી, વેદશાસ્ત્રોએ તેને દુઃખરૂપજ માનેલાં છે. 'માટે તેને તજી દે અને તારા વાસ્તવિક સ્વરૂપનો વિચાર કર ? " આ પ્રમાણેના બોધવચનોએ મારા હૃદયમાં એકાએક ચમત્કારિક અસર કરી, અને તેથી મારૂં મન અત્યંત દુઃખી, અને અજ્ઞાનમય અંધકારમાં મૂંઝાએલું

તેમજ અતિ વ્યથદશાને પ્રાપ્ત થએલું હોવાથી, અને હું તે કીટના ખોળીઆને તજવાના અવસાનની નજીક આવતો જોઈ, છેવટે ના છુટકે અંતરથી " હે ભગવાન, ત્યારે તમે કરો અને કહો તે ખરૂં " એ ઉદ્દગાર કાઢી, નિશ્વાસપૂર્વક મારી જાતે અતિ ભય પામવા લાગ્યો, અને આખરે તેજ ઉદ્દગારપૂર્વક મારો પ્રાણ વિસર્જન થયો; પશ્ચાત તે મારા પ્રાણને ભગવાને મૂઠીમાં લઇ લીધો, અને મૂઠી વાળી તેને પવિત્ર ગંગાજીના કાશીમાં આવેલા મણિકર્ણિકાના ઘાટ ઉપર આવી, વીધી પૂર્વક ગંગોદકથી માર્જન કરી શૂદ્ધ બનાવી, ઉર્ધ્વ ગતિ કરવાનો સંકલ્પ કરી મુકી દીધો; જેથી તે મારા જીવાત્માએ આ વીમળપુરીના શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ પવિત્ર બ્રાહ્મણ દિવ્યશર્માને ઘેર પુત્ર તરીકે જન્મ લીધો. હે ગુરૂદેવ આટલી હકીકત થઇ રહી કે પશ્ચાત મારી આંખ સત્વર ઉઘડી ગઇ, અને મારા સર્વ ગત જન્મોથી તે વર્ત્તમાન જન્મ સુધીની હકીકત, સ્વપ્નમાં મને સમજાઇ ગઇ, જે આપની આજ્ઞાનુસાર આપ સદ્ગુરૂપ્રતિ કથન કરી શ્રવણ કરાવી. "

આ સાંભળી દીગંબર સ્વામિએ પ્રશ્ન કર્યો " હે બેટા પણ તને એમ શંકા થઇ હશે, કે આટલો બધો માયાગ્રસ્ત અને પાપી કીટ થવા પર્યંત પણ તે કીટના ખોળીયામાંના જીવાત્માએ માયાનો પ્રસન્નતાથી ત્યાગ ન કર્યો, છતાં ભગવાને કેમ તેના સર્વ દોષો નિવૃત કરી, તેને પુનઃ બ્રહ્મયોની પ્રાપ્ત કરાવી અને તે દ્વારા ચતુર્થ પદાર્થની સિદ્ધિ અપાવી મને પરમ પદે સ્થાપવા સંકેત કર્યો " પણ હે વત્સ, તે તારી શંકાના સમાધાનમાં એટલોજ પ્રત્યુતર છે કે ' એક ક્ષણ માત્રના સત્સંગથી. ' અધમમાં અધમ પ્રાણીના પણ સર્વ દોષોનો કોશ બળી જાય છે, તે પ્રમાણે તે કીટનો પણ બળી ગયો. અને યત્કિંચિત્ થએલા ભગવાનના સત્સંગના ફળથી, તે મારો પ્રાણ ઉર્ધ્વગતિને પ્રાપ્ત થયો. હે તાત્, એમાં ભગવાને યથાર્થજ કર્યું કેહેવાય; હે તાત્, આ તારા સર્વ સ્વપ્નનીહકીગતથી તને એમ તો ખાત્રી થઇ

હશે, કે આ માયા અને જગત અજ્ઞાનથીજ કલ્પાએલાં છે. જગત એ વાસ્તવિક રીતે જોતાં પરબ્રહ્મમાં વિવર્તરૂપે દેખાતી એક આકૃતિ છે: અને પરમપદની તે મુખ્ય અર્થ રૂપ છે. જેમ એક બાળકને વાસના રહિત સ્થીતિ વડે, જગતાદિ સર્વ પદાર્થો કેવલ નિર્દોષ દૃષ્ટિથી દેખાય છે, તેવીજ રીતે સૂક્ષ્મ વાસનાનો જેણે ત્યાગ કર્યો છે, એવા તત્વવિદ્ આત્મપરાયણ રેહેનાર યોગીજનોને આ જગતાદિ સર્વ દૃષ્ય પદાર્થો નિર્દોષ દૃષ્ટિથી દેખાય છે. આટલા માટેજ ‘ जगदेव हरि हरिरेव जगत ’ અર્થાત જગત એ હરી છે અને હરી એ જગત છે ’ એવા વેદ વાકયનો સત્પુરૂષોએ અનુભવ કરી અંગિકાર કર્યો છે. હે તાત બાકી અજ્ઞાની જીવો ‘ હું અને મારૂં ’ એ અહંમમતારૂપ જગતમાં મોહ રાખી ભટકાય છે, અને અનેક પ્રસંગે તેના મિથ્યાપણાનો અનુભવ કર્યા છતાં, પુનઃ પુનઃ તે મોહની માયામાં તણાય છે, અને તે તેમનું અજ્ઞાન જેમ મિથ્યા છે, તેવુંજ જગત પણ મિથ્યાજ છે. માટે હે વત્સ, જગત એ એક અજ્ઞાનની કલ્પના માત્ર છે; તેમજ આ મોહ માયા ઇત્યાદિ સર્વ જે જગતવિશે રહેલાં છે, તે પણ માત્ર મિથ્યારૂપ ભ્રાંતિ છે. એ વાતનો આ તારા સ્વપ્નની હકીગત પર લક્ષ આપી યથાર્થ અનુભવ કર ? ચાલો હવે કાલે સ્વદેશ તરફ પ્રયાણ કરીશું. અને પછી તું પ્રસન્નતા પૂર્વક જ્યારે તારા આશ્રમેથી મને વિદાય કરીશ, ત્યાર પછી ત્યાંથી મારા આશ્રમે હું વિચરીશ; હે બેટા, આ સ્વપ્નમાં જે હકીગત બની છે, તે ફકત તને માયાના પ્રાબલ્યનો અનુભવ કરાવાની ખાતરજ મારા યોગબળથી બની છે. બાકી પૂર્વના જન્મ જન્માંતરનો જે સત્ય વૃતાંત છે, તેનુંવીવેચન સ્વદેશ ગયા પછી, યોગાનુયોગે તારા પ્રતિ કથન કરવામાં આવશે; ” આટલું કહી મૂનિ પોતાની પ્રાસ પ્રવૃત્તિમાં પડયા, અને ભાનુદેવ પણ પ્રાસ ઉદ્યોગ અને પુરૂષાર્થમાં જોડાયો; રાત્રિ વીતી અને પ્હોફાટવાનો સમય થયો, કે સત્વર પોતાના સ્વદેશ તરફ ગુરૂશિષ્ય

બન્નેએ પ્રયાણ કરી દીધું. અને આશરે બે માસે વીમળપુરીએ પોહોચ્યા. ભાનુદેવ ગુરૂસહીત પોતાને ઘેર આવી ગુરૂને સંનિધ રાખી તેમની ઇચ્છાનુસાર પશ્ચાત વર્ત્તન કરવા લાગ્યો.

મુનિ વર્ચસૂતમા કહે છે " હે પ્રહર્ષ, આટલો વૃત્તાંત તે શૂભ્રકેતુ રાજા પ્રતિ, મુનિ સિદ્ધેશ્વરાચાર્યજીએ કથન કર્યો, પશ્ચાત સમય વીતી જવાથી, પોતાને આસને સીધાવી ગયા, અને રાજા પણ જઇ નીદ્રાવશ થયો. હે મુમુક્ષુ શિષ્ય, પેલા ભાનુદેવનું આગળનું વૃત્તાંત જે સીદ્ધેશ્વરાચાર્ય મુનિએ રાજાને શ્રવણ કરાવ્યું, તે તને આવતી કાલે શ્રવણ કરાવામાં આવશે, માટે આજે જઇ શાંતીથી સુખરૂપ નિદ્રાને પ્રાપ્ત થા. ! " આ પ્રકારની મુનીની આજ્ઞા શ્રવણ કરી, પ્રહર્ષ સહીત સર્વ શિષ્યવર્ગે સાષ્ટાંગ કર્યા, એટલે મુનિ વર્ચસૂતમા પધાર્યા, અને સર્વ શિષ્ય મંડળ પણ પોતપોતાના સ્થાને ગયું.

प्रकरण ८ मुं.

मां च यो व्यभिचारेण भक्तियोगेन सेवते
सगुणान्समतित्यैतान्ब्रह्मभूयायकल्पते

(श्री. भ. गी.)

જે પ્રાણી ફલની ઇચ્છા રાખ્યાવિના મને નિષ્કામપણે નિરંતર ભક્તિયોગથી ભજે છે, તે પ્રાણી ત્રણે ગુણથી પર અર્થાત ત્રણે ગુણનું અતિક્રમણ કરી, બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે.

—તરંગ ૧ લો—

—વાસ્તવિક જ્ઞાન કોને થાય અને કોને ન થાય ?—

મુનિવર્ચસૂતમા બીજે દીવસે ભાનુદેવને ઘેર રાત્રીએ સમય થયો એટલે પેલા સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિએ શુભ્રકેતુ રાજાને ભાનુદેવનું આગળનું વૃતાંત શ્રવણુ કરાવ્યું તેનું પ્રહર્ષ પ્રત્યે નીચે પ્રમાણે કથન કરવા લાગ્યા.

મુનિવર્ચસૂમા કહે છે, “ હે વત્સ પ્રહર્ષ, પછી તો પેલા સિદ્ધેશ્વરાચાર્ય કહે છે “ હે રાજન્ પેલો ભાનુદેવ પોતાને ઘેર ગુરૂ સહીત આવી પોહોચ્યો, ત્યારે પેલી તેની બીજી સ્રી પદ્મની ક્ષયના દરદથી ઘણી ભયંકર માંદગી ભોગવતી હતી. ભાનુદેવે પોતાના ઘેર આવ્યા પછી તેની ઘણીએ ઔષધીઓ કરી, તેમજ ચારૂશીલા વીગેરે સર્વ તેની સારવાર કરી થાકી ગયાં પણુ તેણીને આરામ થયોજ નહિં, અને આખરે મરણુ પામી. ભાનુદેવને મનના ધર્મ પ્રમાણે સહજ સ્વાભાવિક શોક થયો પણુ ગુરૂ સાથે તિર્થાટન કરીને, તેમજ પેલી સ્વપ્નની હકીકત જોયા પછી, સંસાર પ્રત્યે એવો વિરાગી અને દૃઢ બની ગયો હતો, કે તેને હૃદયમાં પોતાની પરમપ્રિય પત્નિના મરણુનો શોક ઝાઝીવાર ટકી રહ્યો ન હતો. તેની સાધવિ સતિ જુની ધર્મપત્નિ ચારૂશીલા હયાત હતી, અને તે ભાનુદેવના કરતાં

બમણી સ્વધર્માચર્ણી., પવિત્ર અને તંદુરસ્ત હતી. જેથી તે પવિત્ર દંપતિનું જોડું, જોકે આધેડ અવસ્થાએ પોચ્યું હતું, છતાં શાંત, નમ્ર, પવિત્ર અને સદાચારી આખર સુધી રહી શકયું હતું. પદ્મનીને પેટ થએલી પ્રજા, ચારૂશીલાને પોતાની ખરી માતા માની, તેની કેળવણી તળે ઉછેરેલી હતી, જેથી પદ્મનીના મરણથી યતૂકિંચિંત પણ તે બન્ને છોકરાંઓના રદય-માં અશાંતિએ નિવાસ કર્યો ન હતો. પદ્મનીના પેટથી તે બેજ સંતતિ ભાનુદેવને હતી. એક પૂત્ર પદ્મદેવ નામે હતો, અને બીજી પૂત્રિ મીનાક્ષી નામે હતી. પદ્મદેવની દશ વરસની અને મીના-ક્ષીની ઉમર આઠ વર્ષની થવા આવી હતી. ભાનુદેવની સર્વ જમીન જાગીરનો વહીવટ ચારૂશીલાએ પોતાને હસ્તગત્ રાખેલો હોવાથી, આ વખતે જાગીરની પણ ઉપજ વધીને બમણી થઈ હતી; અને તેથી પોતાના સદગુરૂને સંનિધ રાખી, તે બન્ને પતિ પત્નિ પોતાના કુટુંબ સહીત નિરંતર આનંદમાં કાલ વ્યતિત કરવા લાગ્યાં. એક દીવસના સમાયોગે ભાનુદેવને ગુરૂએ પોતાનો પૂર્વનો વૃત્તાંત શ્રવણ કરાવા કહેલું, તે વાતનું સ્મરણ થયું, અને તેથી પોતાના સદગુરૂ દિગંબર સ્વામિ પ્રત્યે, બે હાથ જોડી નમૃતાથી કેહેવા લાગ્યો, કે હે સદગુરો, આપશ્રી મને શ્વેતબિંદુરામેશ્વ નાતિર્થમાં, યોગાનુયોગે મારા પૂર્વજન્મનો વૃત્તાંત, શ્રવણ કરાવવાનું કહેતા હતા તે, સમય અનુકુળ હોય અને આપશ્રીને કાંઇ અડચણ ન હોયતો શ્રવણ કરાવવા કૃપા કરો ? આ શીશુને તે શ્રવણ કરવાની તિવ્ર ઇચ્છા છે ? પછી જેવી આપશ્રીની મરજી. દીગંબર સ્વામિ આ પ્રકારનું ભાનુદેવનુ બોલવું શ્રવણ કરી તેને કેહેવા લાગ્યા, “ હે વત્સ, ભલે તારી ઇચ્છા છેતો દરરોજ રાત્રિએ તે વૃત્તાંતને તું પ્રસન્નતાથી શ્રવણ કરજે ? અને તેમાંથી ગૃહણ કરવા યોગ્ય જ્ઞાનની વાતોને ગૃહણ કરજે ? આજ રાત્રિથી તે વૃતાંત તારા અને તારા કુટુંબની સમક્ષ, સર્વ સંક્ષેપમાં કહેવાનું શરૂ કરીશું માટે નિશ્ચિંત રહેજે ? તેં મને તારી જીજ્ઞાસા પ્રકટ ન-

કરી હોત તો પણ હું તને આજથી શ્રવણ કરાવવાનોજ હતો. માટે હે વત્સ્ ચિંતા કરીશ નહિં, દિવસના સમયે તારા નિત્ય કર્મમાં તેમજ પ્રાપ્ત વ્યહવારમાં પ્રવૃત્તિ કરવામાં પ્રવૃત રેહેજે ? અને રાત્રિએ નિવૃતિપૂર્વક તે તારા જન્મની કથાને એકાગ્ર ચિત્તે શ્રવણ કરજે ? હે ભાનુ, તે વૃત્તાંત સંપૂર્ણ શ્રવણ કરી, પશ્ચાત તારા અંતઃકરણમાં ખાત્રી કરજે, કે હું માત્ર તારાં વર્ત્તમાન જન્મેજ તારો સદગુરૂ બની તારી સાથે સ્થિતિ કરી રહ્યો છું, અને તારા કલ્યાણના ઉપાયોમાં તને યોજ્યું છું એમ નથી પણ પૂર્વના અનેક જન્મથી તારીપ્રત્યે ગુરૂ બૂદ્ધિ સ્થાપિ તારા કલ્યાણના માર્ગે, તને વહન કરાવિ, ઉત્તરોત્તર સદગતિને પ્રાપ્ત કરાવી, પરિણામે જન્મમરણથી મુક્ત કરવાના હેતુથી તારી સાથે સ્થિતિ કરી રહ્યો છું અને રહુ છું. હે તાત્ તે મારો તારો સંયોગ પૂર્વ સંસ્કાર રચીત હોવાથી, મારે તારે જન્મોજન્મ એકઠા થવું પડે છે. મેં તો મારૂં કલ્યાણ તારા અનેક જન્મો થયાં કરેલું છે, પણ મારા શિષ્ય વર્ગ પૈકિમાંથી જેઓ આ ભવાટવીમાં હજી ભટકાય છે, તે લોકોને આ ભવાટવીથી મુક્ત કરાવવાઅર્થેજ, મારે પણ તેમની જોડે જન્મ લેવો પડે છે. **यद्यायदाहि धर्मस्य ग्लानिर्भवति भारत, अभ्यूत्थानमधर्मस्य संभवामि युगे युगे** શ્રીમદ ભગવાન્ પણ એમજ પ્રબોધે છે, કે જ્યારે ધર્મ ગ્લાની પામે છે અને અધર્મ પ્રવર્ત્તે છે ત્યારે યુગે યુગે મારે અવતાર ધારણ કરવો પડે છે. તેજ પ્રમાણે ઇષ્ટ સંકેતાનુસાર મારે પણ મારા અનન્ય શીષ્યો માટે જન્મવું પડયૂં છે એ તું નિશ્ચયપૂર્વક જાણજે ? હે મુમુક્ષુ શિષ્ય, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ એ બન્ને સંપન્ન હોય તેવા સદ્દગુરૂરૂપ સાંકેતિક ઇશ્વિરી તનુઓ, નિરંતર પોતે સ્વસ્વરૂપાકાર રેહેવા છતાં, શર્ણે લીધેલો પોતાનો શિષ્યવર્ગ પરમપદને પ્રાપ્ત કરી સત્ય સ્વસ્વરૂપમાં નશમાય, કિંવા જન્મમરણના બંધનથી મુક્ત નથાય, ત્યાંસુધી તેને માટે આ સંસારમાં સાત્વિક અભિમાનથી પરમાર્થિક પ્રવૃત્તિ કરતાજ રહે છે. માટે જ્યાં

સુધી તું સ્વસ્વરૂપ ન થાય, ત્યાંસુધી મારે પણ તારા અભ્યુદય અર્થે, વિહિત સાધનો દ્વારા પુરૂષાર્થ કરી, અને તારી પાસે પણ યોગ્ય પ્રવૃત્તિ કરાવી, મારોગુરૂ ધર્મ તેમજ તારા શીષ્યધર્મને બાધ ન આવે તે રીતે, આ સર્વ પ્રવૃત્તિ કરૂં છું; અને તેથીજ તારૂં પરમશ્રેય છે એમ તું નિશ્ચે કરીને જાણ ? જ્ઞાની કર્મને જાણતો છતાં, અને તે કર્મ જાણીને કરે છે છતાં, તે કર્મથી લેપાયમાન્ થતો નથી, અને અજ્ઞાની તો પોતાની અલ્પજ્ઞ દશામાં સર્વ કર્મ કરે છે, જેથી કર્મને અને તેના ફળને તે નહી જાણતો હોવાથી, કર્મ કરી તેમાં ફસાય છે. અજ્ઞાની પ્રથમ સુખ બૂદ્ધિ રાખી કર્મ કરી નાંખે છે, અને વિહિતાવિહીતના વિચાર વગર અને તેના શુભાશુભ ફલના સ્વરૂપને જાણ્યા વગર, તે કરી નાંખેલું કર્મ પશ્ચાત તેને અત્યંત દુઃખરૂપ નીવડે છે, ત્યારે તે તેનો ભોકતા બની દુખનો અનુભવ કરે છે. 'આટલું છતાં જેમ અંધકારનો નાશ સંપુર્ણ ન થાય ત્યાંસુધી અરૂણોદય થતો નથી તેવીજ રીતે પ્રાણીના હૃદયમાંથી અજ્ઞાનનો સંપુર્ણ નાશ ન થાય ત્યાં સુધી જ્ઞાનનો ઉદય થતો નથી." આ શ્રવણ કરી ભાનુદેવ શાંત થઈ ગયો, અને પોતાના પૂર્વજન્મનું વ્રતાંત શ્રવણ કરવાની તિવ્રેચ્છાને લીધે, રાત્રિએ કથાના સમયની રાહ જોતો, સર્વ પ્રવૃતિ કરવા લાગ્યો. પશ્ચાત સાયંકાળ થયો એટલે ગુરૂશીષ્ય એક પ્રહર સુધીની પોતાની નીત્ય નીયમની સ્નાન સંધ્યા આદિ સંયમઅને શુદ્ધિની ક્રીયાઓ કરવામાં પ્રવૃત થયા. થોડીવાર થઇ એટલે ભાનુદેવની જાગીરના પાંચેક ગામો કોઇ જંગલી ધાડપાડુ પ્રજાએ લુંટી લીધાના સમાચાર લેઇ એક સાંઢણીસ્વાર દોડતો ગભરાએલો ત્યાં આવીને સાંઢણી પરથી ઉતરી ઘરમાં દાખલ થયો. અને કહેવા લાગ્યો કે, બાપજી આપણા પાંચ ગામ કોઇ જંગલી ધાડપાડુ પ્રજાએ લુંટી લીધાં છે, અને બીજા ગામના લોકો ઘરો વાસી પ્રાણ બચાવવાની ખાતર પોતાના સ્ત્રી બાલબચ્ચાં લેઇ નાશી ગયા છે. હવે કોઇ રીતે રક્ષણ થાય તો ઘણું સારૂં નહિ તો આખી જાગીર પાયમાલ થઇ જશે." ચારૂશીલા તથા છોકરાં અને ચાકરનફરો

ઘરમાં હતાં, તેઓ આ સર્વ શ્રવણ કરવાની સાથે ખળભળી ઉઠયાં, અને પેલા ગુરૂ શિષ્ય તો બન્ને તેઓના ઓરડાના છેક ઉંડાણમાં એક અંધારા ભોંયરામાં જ્યાં પૂજનગ્રહ હતું, ત્યાં બેઠા બેઠા પ્રસન્નતા પૂર્વક, સ્વસ્થ અને શાંત ચિત્તે પોતાની નિયમિત પ્રાણાયામ અને સમાધિની ક્રીયામાં, તે વખતે તદાકાર બનેલા હુતા જેથી તેઓને આ વાતની ખબર નહતી. ચારૂશીલા અતિ પવિત્ર સતિ સાધવિ પતિપરાયણ સહધર્મચારિણી સ્રી હતી. તેમજ રાજકાજમાં કુશળ અને અનેક સદ્ગુણસંપન્ન વિદ્વાન તેમજ વિચિક્ષણ હતી, જેથી આ સાંઢણીસ્વારના આવાં વચનો સાંભળી તત્કાલ તેને વિચાર થયો કે " આ વિમળપુરી નગરીના રાજા સાથે એક તહનામું કરવું કે દરવરસે અમુક ખંડણી આપવી, અને તેના બદલ તેના લશ્કરની જ્યારે જોઇએ ત્યારે જરૂરજેટલી મદદ તે આપે, માટે તેને એક વિજ્ઞપ્તિ ભરેલું પત્ર તત્કાળ લખી દેવાની જરૂર છે. બે ગામતો લુંટાયા છે, તેમાં પણ કંઇ પરમાત્માએ શ્રેયજ વિચાર્યું હશે. માટે એકદમ આવી હકીકતથી મારે ગભરાઇ જવું અને પતિની તથા સદગુરૂની સંયમ ક્રિયામાં વિક્ષેપ નાંખવો એ તદ્દન અયોગ્ય છે. જાગીરનો સર્વ વહીવટ આજકાલ હું કરૂં છું, અને તેથી તેમની તરફથી હુંજ કદાચ પત્ર લખી મોકલીશ, તોપણ વીમળપુરીનો રાજા વિમળસેન તેનો અનાદર કરે તેવો સંભવ નથી. માટે લાવ લખી દઉં. " આવો નિશ્ચય કરી તે સતિ ચારૂશીલાએ વિમળપુરીના રાજા વિમળસેનને પત્ર લખી પોતાના એક અનુચર સાથે મોકલી દીધો, અને તેને કહ્યું " ભાઇતમે હમણાં ને હમણાં જઇ રાજા વીમળસેનને આ પત્ર આપી લશકર લેઇ વીદાય થાઓ, અને આપણી જાગીરનું નીમકહલાલીથી રક્ષણ કરો? આ સાંભળી પત્ર લેઇ પેલો સાંઢણીસ્વાર તરતજ રાજા પાસે વીદાય થયો. તેના વિદાય થયા પછી, ચારૂશીલા પોતાના મન સાથે વીચાર કરવા લાગી કે " એ જંગલી ધાડપાડુ લોકો એટલામાં લુંટી લુંટીને કેટલું લુંટશે; અને જેટલું પ્રભુને લુંટાવા દેવાનું

યોગ્ય લાગશે તેટલુંતો લૂંટાવ્યા વગર રહેનાર નથી. માટે મિથ્યા ઉચાટ ચિંતા કે ભય સેવવાની કશીજ જરૂર નથી. પતિ અને ગુરૂ મહારાજ પોતાના નિત્ય કર્મમાંથી પરવારશે, પછીજ આ વાત શાંતીથી નીવેદન કરીશ; કારણ કે તાત્કાલિક બંદોબસ્ત કરી દેવામાં આવ્યો છે, એટલે ફીકર નથી.” હવે આ વખતે પેલો વિમળપુરીનો રાજા વિમળસેન વયોવૃદ્ધ થઇ ગયો હતો, અને તેથી તેનો પુત્ર સુકર્મસેન રાજા ગાદી પર બેઠો હતો. રાજ કાજ પણ તે કરતો હતો. તેની રાજ્ય ભૂમિમાં નિવાસ કરનાર તપસ્વિ મહાત્મા દીગંબર સ્વામીના નામાંકિત શીષ્ય તરીકેની, અને એક કુશળ જાગીરદાર તરીકેની,તથા ભાનુદેવના ચમત્કારિક જીવનની ઉગ્રસેને કરેલી ખ્યાતિથી, તે સુકર્મસેન ભાનુદેવથી અજ્ઞાત ન હતો. જેથી નિરંતર ભાનુદેવ અને દીગંબર સ્વામિ પ્રત્યે તે અતિ હૃદયમાં પુજ્યભાવ રાખતો હતો. તેમજ ચારૂશીલાનું સતિત્વ અને તેના સર્વ સદગુણ સંપન્નપણાએ, લોકોમાં સજડ છાપ બેસાડી હતી. તેના પતિવૃતપણાની અને તેની વિદ્વતાની, સર્વ દેશોમાં પ્રસંશા થઇ રહી હતી; જેથી વિમળપુરીમાં તો તે સતિ પ્રત્યે અતિ માન હોય તેમાં નવાઇ ન હતી. સુકર્મસેનને પેલા સાંઢણી સ્વારદ્વારા ભાનુદેવનો પત્ર પહોંચ્યો, કે તરતજ પેલા સેનાપતિના પુત્ર પુષ્પસેનને લઇ, પોતે સ્વતઃ દશ હજાર ઘોડેસ્વારનુ સૈન્ય લેઈ, તે લુંટારૂ જંગલી પ્રજાનો પરાજય કરવા નીકળી પડયો, અને બે કલાકમાંજ તેઓને પોતાના રાજ્યની હદપાર નસાડી મુકી, તેણે ચારૂશીલાને પત્ર દ્વારા પાછા સમાચાર કહેવરાવ્યા કે “ સર્વે શાંતી થઇ ગઇ છે. લુંટારામાંથી કેટલાક માર્યા ગયા છે, ને કેટલાક નાશી ગયા છે. તમારી ખંડણીની કંઇ રાજ્યને જરૂર નથી. કારણ કે તમારો રાજ્યના ઉપર એટલો બધો ઉપકાર છે, અને તમે પોતેજ એવાં સ્વધર્મિ અને પુજયનીય છો, કે અડધી રાત્રે રાજ્યના લશકરની તો શું,પણ રાજના ખજાનામાંથી જેટલા દ્રવ્યાદિની કે અન્યપદાર્થોની મદદ માગશો તે આપવા આ રાજ્ય તૈયાર છે. તહનાશુ કરવાની

લેશ પણ આવશ્યકતા નથી આરાજ્ય તમારૂંજ છે એ-મ માન જો.” આ સમાચાર સુકર્મસેનના વાંચીને ચારૂશીલા ખુશી થઈ; પેલો સાંઢણી સ્વાર માત્ર બે કલાકમાં શાંતિ થઈ ગઈ જાણી, એકદમ આશ્ચર્ય અને ખુશીથી આવી, ચારૂશીલાને કહેવા લાગ્યો. માતાજી આજ્ઞા લઉં છું. હવે ચિંતા કરવાજેવું કશું રહ્યું નથી. આ સાંભળી ચારૂશીલા બોલી “ભલે ભાઈ જાઓ અને નિશ્ચિંત પણે જઇ તમારી નોકરી કરો ? જો કદી હવે પછી કોઇ દુષ્ટો આપણી જાગીરના ગામો ઉપર ત્રાસ વરતાવે, તો બારોબાર રાજ્યમાં જઇ સંભળાવજો, એટલે રાજા સુકર્મસેન તેનો સત્વર બંદોબસ્ત કરશે ” સાંઢણી સ્વારે કહ્યું “ માતાજી બહું સારૂ, જેવી આજ્ઞા. ” એમ કહી શાંત અને પ્રસન્ન ચિતથી તે સાંઢ-ણી સ્વાર ચાલ્યો ગયો. આ બધું થઇ ગયું પણ ગુરૂશિષ્ય બેમાંથી એક પણ, આશરે અઢીકલાક થવા આવ્યા, તો પણ પો-તાના પુજનમાંથી પરવારી બહાર આવ્યા ન હતા. જ્યાં એક પ્રહર વીત્યો અર્થાત બરાબર ત્રણ કલાક થયા, એટલે બન્ને જણા પૂજન ગૃહમાંથી બહાર આવ્યા, એટલે ચારૂશીલાએ રાત્રિનું વાળું પિરસી બન્નેની થાળ તૈયાર રાખી હતી, જેથી તે બન્નેએ વાળું કર્યું. પશ્ચાત ચારૂશીલાએ પેલી સર્વ બનેલી હકીગત નીવેદન કરી. ભાનુદેવે અને દીગંબર સ્વામિએ તેણીને તેની સમય સુચકતા માટે ધન્યવાદ આપ્યો. થોડી વાર થઇ અને કથાનો સમય થયો, એટલે દીગંબર સ્વામિ સમિપ તે પવિત્ર દંપતિ આવી, નિયમાનુસાર સાષ્ટાંગ કરી બેઠાં, બાદ સ્વામિ કહેવા લાગ્યા. “હે ભાનુદેવ તારા પૂર્વ જન્મનું વૃત્તાંત જે મારા યોગબલવડે કરીને મને જ્ઞાત છે, તેનું આજથી સંક્ષેપમાં તારાપ્રતિ કથન કરૂં તે એકાગ્રચિત્તે શ્રવણ કરજે ?

હે પ્રહર્ષ, પશ્ચાત દીગંબર સ્વામીએ કહેલો ભાનુદેવનો પૂર્વ જન્મનો વૃતાંત નીચે પ્રમાણે સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિ તે શુભ્રકેતુ રાજાને કેહેવા લાગ્યા. સિદ્ધેશ્વરાચાર્ય કહે છે“હે રાજન્ પશ્ચાત પેલા દિગંબરસ્વામિ ભાનુદેવને કહેવા લાગ્યા” હે ભાનુદેવ જો મારા શિષ્ય

વર્ણ પૈકીના સર્વ જણાઓ, પોતાનું કલ્યાણ સાધી જન્મ મરણથી મુક્ત થઇ ગયા હતા, પણ એકલો તું જન્મમરણના ફેરાથી તારા કર્માનુસાર, આ સંસારસાગરથી તરી શકયો નહિં; તું કર્મના ફળની વાંચ્છનાને લીધે, અને વર્ણાશ્રમને લાયક નિરંતર કર્મ કરવાની મારી આજ્ઞાનો અનાદર કરવાથી, તે પરમાત્માના પરમપદની બીજા શીષ્યોની પેઠે પ્રાપ્તિ કરી શકયો નહિં. જેથી તારે નીચે પ્રમાણે અવતારો લેવા પડયા. અને આ તારા છેવટના જન્મમાં, તું મારા પરિશીલન અર્થાત પરિચય–સંબંધમાં આવીને, જન્મમરણના ફેરાથી ઉગરવા જેટલું પૂરૂષાર્થ કરી શકવા અત્યારે સમર્થ થયો છું, એમ તું નિશ્ચે કરીને જાણ ? હે તાત, તું અવંતિનગરીના રાજા અરૂણસિંહને પેટ પ્રથમ ક્ષત્રિયોનિમાં જનમ્યો હતો. અને તારી ઓગણીસ વર્ષની વય થતાં, તેં મને સદગુરૂ તરીકે પ્રાપ્ત કર્યો હતો. તારૂં નામ તે વખતે ધીરસિંહ હતું, તારી વીશ વર્ષની વય થતાં તારા પિતા અરૂણસિંહ ગુજર્યા હતા, અને તેથી વીશમે વર્ષે તને રાજ્યાભિષેક થયો હતો, ત્યાં સુધી તારા લગ્ન થયાં ન હતાં. કારણ કે તેં અપ્સરા પરણવાનો સંકલ્પ કર્યો હતો. અને તેથી તે વખતે અપ્સરા પરણાવા જેટલાં, તારાં પુન્યનો સમુહ નહીં હોવાથી, ભાવીમાં તે જન્મમાં તને અપ્સરા પ્રાપ્ત થઇ નહીં, જેથી કુંવારી જીંદગી તેં વ્યતિત કરી, પાંત્રીસ મેં વર્ષે તેજ ફલની લાલસામાં સત્કર્મો કરી તેં દેહોત્સર્ગ કર્યો હતો. અપ્સરાની સાથે લગ્ન કરવાની લાલસામાં, તારો પ્રાણોત્સર્ગ થવાથી, તથા તારાં સત્કર્મોનો સમુહ એકંદર તારા દોષો કરતાં ભારે હોવાથી, તું બ્રહ્મયોનિને પ્રાપ્ત થયો હતો. માળવભુમિમાં ત્રિવિક્રમ રાજાના પુરોહિતને ત્યાં તારો જન્મ થયો હતો. અને તે વખતે સુમિત્રશર્મા નામથી તું ઓળખાતો હતો. બ્રહ્મયોનિમાં આવીને તેં મને દશે વર્ષે પ્રાપ્ત કર્યો હતો, અને દશથી બાવીશ વર્ષ પર્યંત મેં તને વિદ્યાભ્યાસ કરાવી, સર્વબાતે કુશળ બનાવી, તારા પિતાને સોંપી દીધો હતો. હું તારો વિદ્યાગુરૂ હતો છતાં તેં ત્રેવીસમેં વર્ષે મને તારા સદ-

ગુરૂ તરીકે સ્થાપ્યો હતો, અને નિરંતર મારી સેવામાં તું પ્રવૃત રહિ મને તનમનધન અર્પિ મારી આજ્ઞાનુસાર સર્વ સત્ક્રીયાઓને કરી, મારા દર્શાવેલા ક્રમપૂર્વક સદ્વર્તન કરતો હતો. એવામાં એક દિવસના સમાયોગે, તને તારે આશ્રમે ગૃહી થવા માટે હું ઉપદેશ આપતો હતો, દરમ્યાન વચમાં તેં મને શંકા પૂર્વક એક પ્રશ્ન કર્યો કે "હે ગુરો આ કાલમાં પ્રાણીઓને વાસ્તવિક જ્ઞાન સત્વર કેમ થતું નહિં હોય," ત્યારે મેં તેનાં કારણો, તને પશ્ચાત કહ્યાં તે હું તને શ્રવણ કરાવીશ. "

ભાનુદેવ બોલ્યો "ગુરૂમહારાજ આ શંકા તો મને વર્તમાન જન્મે પણ ઘણીવાર થાય છે, જેથી ઠીક થયું કે તે શંકાનું સમાધાન, સંપુર્ણરીતે આજે શ્રીમુખદ્વારા થશે. પૂર્વ જન્મે પ્રસંગાવશાત્ જે આપે સમજાવ્યું હશે, તે યથાસ્થિત મારા હૃદયમાં મારા કર્માનુસાર પ્રાપ્ત થએલી બૂદ્ધિથી તે વખતે સમજી શકાયું નહિં હોય, અને તેથીજ મારૂં પૂર્વનું વૃત્તાંત મને શ્રવણ કરાવવા આપ ઇષ્ટશ્રીએ આ જન્મે અનુગ્રહ કર્યો હશે એમ આ શીશુંનું અનુમાન થાય છે." દીગંબરસ્વામિએ પ્રત્યુત્તર આપ્યો "હે વત્સ્ તારૂં અનુમાન સત્ય છે." ભાનુદેવ બોલ્યો, "ભગવન્ એમ આપ આ શીશુની ક્રમે ક્રમે ઉન્નતિનેજ સધાવોછો એમાં લેશ પણ સંશય નથી. હે દયાળુ પિતા, આપની અનવધિ કૃપાદ્વારા ઉત્તરોત્તર મારો અભ્યુદય થાય છે, એ હું સારી રીતે અનુભવું છું; માટે મારા કલ્યાણના હેતુ, ભવસાગરના ત્રાતા અને ભવોભવથી આ શીશુને શિરે બીરાજી રહેલા, તેના ઈષ્ટશ્રી જે આપ, તેને સપ્રેમ સાષ્ટાંગ સહ અભિવંદન કરી યાચના કરૂં છુ કે, ઉતરોત્તર સમયાનુસાર, સર્વ શુભ કર્ત્તવ્યને કરાવી, પરિણામે પરમપદની પ્રાપ્તીપૂર્વક આ દૃષ્ય સંપુર્ણ નામરૂપાત્મક મિથ્યા જગત ઈત્યાદિ ઉપર, જય મેળવવાના ઉપાયરૂપ સદ્યુક્તિઓ અને સદવિચારોનો નિરંતર અધ્યાસી બનાવી, દુઃખ માત્રની નિવૃત્તિ અને નિરતિશય સુખની મને પ્રાપ્તિ કરાવા કૃપા કરજો ? વળી હૃદયમાં દૃષ્ટા–આત્મા, સત્‌ચિદ્ અને આનંદ સ્વ-

રૂપ છે એવી લક્ષણાવૃત્તિ, અને તેની અર્થ વૃત્તિની સંપુર્ણ ઐકયતાપૂર્વક અચળ શ્રદ્ધાથી નિરંતર ભાવના દ્રઢાવનાર પણ આપશ્રી સમર્થ છો. હે ગુરો હવે આપે જે કહ્યું કે "આ કાલમાં પ્રાણીને સત્વર જ્ઞાન કેમ નથી થતુ" તે સમજાવવા કૃપા કરો ?"

દીગંબર સ્વામિ આ વચનો શ્રવણ કરી કહેવા લાગ્યા, "હે ભાનુદેવ, તમે સ્ત્રી પુરૂષ સ્વધર્માચર્ણી અને પવિત્ર મનવાળાં હોવાથી, આ સંપુર્ણ વિષય વિકારને ઉત્પન્ન કરનારી, તથા બુદ્ધિ આદિ ચતુષ્ટય અંતઃકરણને અસ્વસ્થ બનાવનારી, તમે તમારી પ્રથમાવસ્થાને, અતિક્રમણ કરી ગયાં છો. તે પેહેલી અવસ્થામાંજ તમે સ્વધર્માચર્ણી દંપતિ, સત્કીયા અને સદ્‌વિચારરૂપ સાધનોને સાધી, અંતરબાહ્ય રહેનાર શત્રુઓનો પરાજય કરી ચુકયાં છો, જેથી નિષ્કંટક સ્વાત્માનુભવથી પરમસુખને ભોગવશો એ નિશંકપણે માનજો ? હે પવિત્ર મુમુક્ષ દંપતિ, તમે તમારા સ્વધર્માચરણ અને સદાચારથી ઉભયલોકમાં યશને પાત્ર છો માટે નિશ્ચિંત થજો ? હે ભાનુદેવ, હવે જે તારી શંકા છે તેના સમાધાન અર્થે પ્રત્યુતરમાં કહું છું તે શ્રવણ કર ? હે બેટા, તારા તે સુમિત્રશર્માના અવતારમાં; જે તને મેં આ કાલમાં પ્રાણીઓને જ્ઞાન સત્વર કેમ થતું નથી તેનું વીવેચન શ્રવણ કરાવ્યું હતું તેનીચે પ્રમાણે હતું; મેં તને કહ્યું "હે વત્સ્ આ કાલમાં પ્રાણીઓને તત્કાલ વાસ્તવિક જ્ઞાન નહિ થવાના ઘણા કારણો છે, પણ કેટલાક સદગુરૂ અને સત્શાસ્ત્રોએ મુખ્ય પ્રતિપાદન કરેલાં છે તેમાંથી માત્ર તારા પ્રતિ તેના અધિક સ્પષ્ટિકરણ અર્થે, શ્રીમન્ પરમાત્મા નૃસિંહાચાર્યજી પ્રણીત સિદ્ધાંત સિંધુ ગ્રંથમાંથી, પ્રમાણભુત સત્ય અને સરળ સમજાય તેવાં કારણો લેઇ તેનુ આ સ્થળે કથન કરવું યોગ્ય સમજી કરૂં છું તે સાંભળ ? જ્ઞાન નહિ થવાના કારણોમાં પ્રથમ કારણ એ છે જે:-

સર્વ ધર્મકર્મનુ મૂળ જે વેદ તથા વેદાંત શાસ્ત્રનો આજકાલના પ્રાણીઓ દ્વેશ કરે છે. અને પ્રિતિથી તે વેદ વેદાંતનુ અધ્યન કરતા નથી. વળી તો વેદ વેદાંતનું અધ્યયન કરે છે તે અધ્યયન

કરાવનાર ગુરૂના ઘણા ભાગે તે જીવો અપરાધી હોય છે એટલે તેમને પણ જ્ઞાન થવાનો સંભવ રહેતો નથી. વ્યાકરણ યોતિષ, છંદ કાવ્ય આદિ વેદની અંગરૂપ વિદ્યાપ્રતિ તિરસ્કાર બતાવનાર પ્રાણીઓને પણ વાસ્તવિક જ્ઞાન થવાનો સંભવ રેહેતો નથી. જે પ્રાણીઓ ષડ્રિપુને અર્થાત કામક્રોધાદિ છ શત્રુઓને પોતાના અંતઃકરણમાં સ્વતંત્ર રીતે વર્ત્તવાદે છે તથા જે જીવો પોતાની સર્વ ઇંદ્રિયોને તે તેના વિષયો પ્રતિ વારવાર સ્વેચ્છાથી સારાસારના વિવેક વગર જવા દે છે તેવા અસંયમી પ્રાણીઓને પણ જ્ઞાન થવાની આશા રહેતી નથી. વળી જેઓ સ્વધર્માચર્ણી અને સદાચારથી વર્ત્તનારા નથી, જેઓ અધર્મના સ્વરૂપને લેશ પણ સમજતા નથી, વળી પરમાત્માના અસ્તીત્વને પણ યતકિંચિત જેઓ સ્વીકારતા નથી તેઓને પણ જ્ઞાન થવાની ભાગ્યેજ આશા રહે છે. વળી નિષેદ્ધ કર્મને આચરનારાઓને, બ્રહ્મ દ્રોહિ જીવોને, પવિત્ર વિપ્રજાતિ પ્રતિ દ્વેષ ધરનાર જીવોને, અને અધર્માચરણથી નિરંતર વહન કરનાર પાપી પ્રાણીઓને, પણ જ્ઞાન થવાનો કદી કાળે સંભવ રેહેતો નથી. માતપિતા તથા વડીલની તેમજ સદ્‌ગુરૂની આજ્ઞાનુ પાલન જે કરતા નથી તેઓને, તથા શ્રી સદાશિવ તેમજ વિશ્નુ ભગવાનના કિંવા તેમના ભકતોના દ્રોહિ જીવોને પણ કદીકાળે ત્રિલોકમાં જ્ઞાન પ્રાપ્ત થવાનો સંભવ નથી. વળી સદ્‌ગુરૂ, સત્શાસ્ત્ર તથા સંતપુરૂષોમાં અશ્રદ્ધા ધરનાર, તેમનામાં અસત્ય આરોપ મુકનાર, તેમનો સંગ નહિં કરનાર, પાપી પ્રાણીઓના સંગની ઇચ્છા રાખનાર અને સ્વાર્થની ખાતર સર્વ વસ્તુમાં પ્રિતિરાખનાર પ્રાણીઓને પણ કદીકાળે વાસ્તવિક જ્ઞાન થતું નથી. દુષ્ટજનોને પોષનાર, ધર્મઅધર્મ, વિવેકાવિવેક અને ન્યાયાન્યાયનો યતકિંચિત પણ વિચાર નહિં કરનાર, અપવિત્ર ભુમિમાં વસનાર, પવિત્ર અને શુરવીર પુરૂષોનું અહંકારથી હાસ્ય કરનાર, અનિતિમાન અને મંદમતિ જીવોને પણ, કદી કાળે વાસ્તવિક જ્ઞાન થતું નથી. નિરપરાધી પ્રાણીઓની હિંસા કરનાર, તથા તેમને દુઃખ દેનારને, જવા આવવાના માર્ગનો રોધ કરનારને, માર્ગમાં ભય ઉત્પન્ન કરનારને, અને અન્યને ભય તથા દુઃખ દેવામાંજ આનંદ પામનાર એવા પશુ કરતાં પણ અધમ જીવોને પણ જ્ઞાન થતું નથી. હે મુમુક્ષુ શિષ્ય, વળી પ્રજાના સુખ અર્થે બંધાવેલા વાવ કુવા તળાવ ઇત્યાદિનો દુર પયોગ કરનાર પ્રાણીને, તથા તેના સદુપયોગમાં વિધ્ન નાંખનાર પ્રાણીને પણ જ્ઞાન થવાનો ઓછો સંભવ છે. હે પવિત્ર ધર્માત્મા, આ મોહરૂપ સંસારમાં ક્ષણે ક્ષણે અંતઃકર્ણમાં વિકારોને ઉત્પન્ન કરનાર, તથા પરહિતનો નાશ કરનાર કુમતિના જીવોને પણ જ્ઞાન થતું નથી.

મારણ, મોહન વશી કરણ સ્તંભન, ઉચ્ચાટન ઇત્યાદિ સર્વ સિદ્ધિઓને મહત્વતા મેળવવાની લાલસાએ પ્રાપ્ત કરી સ્વાર્થ પરાયણતાનોજ ઉપયોગ કરનાર, મલિન સત્વા માયાના અશીભુત જીવોને પણ વાસ્તવિક જ્ઞાન થતું નથી. જુગારી, જુઠા, વિષયી, અવિવેકી જીવોને, તેમજ તપસિઓ વિપ્રો અને તત્વવિદ યોગી મહાત્માઓનુ અપમાન કરનારા જીવોને હરીગુરૂ સંતને અભિન્ન જાણી તેમની શુશ્રુતા નહિં કરતાં તેમની પ્રત્યે તિરસ્કાર બતાવનારાને અને સિદ્ધિ પ્રાપ્ત થવાથી પોતાની શ્રેષ્ટતા માનનાર અહંમતિ જીવોને પણ જ્ઞાન થતું નથી. આ ધન ધામ ધરા અને પુત્ર મિત્રમાં મિથ્યા મમત્વ રાખનાર જીવોને, કાપટય ભાવથી ઇશ્વર અને જગતને જોનારા પ્રાણીઓને અને અભક્ષાભક્ષી કરનારા જીવોને પણ કદાપી કાળે જ્ઞાન થવાનો સંભવ નથી. સ્વપત્નિ પ્રતિ દ્વેશ અને પરસ્ત્રી પ્રતિ પ્રિતિ રાખનાર જીવોને, પરસ્ત્રી ગમનથી સંતુષ્ટ રેહેનાર જીવોને, સ્વસ્ત્રીના ત્યાગથી અને પરસ્ત્રીના અનુરાગથી કલ્યાણ માનનાર અજ્ઞાની અને વર્ણસંકર ભ્રષ્ટ જીવોને, પણ જ્ઞાન થવાનો લેશ પણ સંભવ નથી. તે ઉપરાંત સદ્‌ગુરૂની નિંદા કરનારને તથા તે નિંદા શ્રવણ કરનારને, આચાર્ય તથા સદ્‌ગુરૂના દર્શનમાં રોધ કરનારને તેમજ સદ્‌ગુરૂને અલ્પજ્ઞ તથા બુદ્ધિહિન માનનારને પણ જ્ઞાન થતુ નથી. રાજામાં પ્રભુનો અંશ ન સ્વીકારનારને, અશક્ત અને અપંગ જીવોનું રક્ષણ ન કરતા હાસ્ય કરનારને, કિંવા નિષ્પ્રયોજન તેમની નિંદા કરનારને તથા દુર્બળને દુઃખ દેનાર પ્રાણીઓને, પણ કદાપી કાળે વાસ્તવિક જ્ઞાન થવાનો સંભવ નથી. અન્યના દુઃખથી રાજી રહેનાર વિઘ્ન સંતોષીઓને પણ કદી જ્ઞાન થતું નથી. કુરૂપવાન પ્રતિ તિરસ્કાર કરનાર અને પોતાના રૂપ ગુણને શ્રેષ્ટ માનનાર મૂઢ પ્રાણીઓને પણ જ્ઞાન થતું નથી. "

" હે મુમુક્ષુ દંપતિ, આ કાલમાં પૂર્વોક્ત કારણોથી પ્રાણીઓને તત્કાલ જ્ઞાન થવાનો અસંભવ હોય છે. આજ કાલના જીવોને આ જગતના વ્યહવારાદિનું વાસ્તવિક જ્ઞાન હોતું નથી તો તે સ્વયં જ્યોર્તિસ્વરૂપ પરમાત્માના પરમપદને પ્રાપ્ત કરવાનું વાસ્તવિક જ્ઞાન તેમને થવું શી રીતે સંભવે ? હે ભાનુદેવ સુકૃતિવાન જીવો તો તે વાસ્તવિક જ્ઞાનને પ્રાપ્ત કરે છે; કારણ કે તેઓ તો નિરંતર સદ્‌ગુણને ધારણ કરી પુણ્યકર્મનો સંચય કરે છે. દુર્ગુણોનો પરાજય કરે છે. પ્રમાદ આલસ્ય, અસુયા આદિ દોષોથી વિરક્ત રહે છે; સદ્‌પુરૂષાર્થમાં સતત પ્રવૃતિ કરે છે;

વર્ણાશ્રમ ધર્મને યથાસ્થિત રીતે પાળવામાં પ્રયત્નવાન હોયછે.ગૃહસ્થાશ્રમમાં ક્ષણે ક્ષણે નડતાં દુઃખ શોક અને ક્લેશોની શનૈઃશનૈઃ નિવૃતિ પૂર્વક ગુરૂગમે વહન કરે છે; પોતાના અંતઃકરણની શુદ્ધિ અર્થે સર્વ વિહિત સત્કીયાઓ કરે છે; યથાશકિત ઈશ્વર પ્રિત્યર્થ નિરંતર સત્કર્મ કરે છે; દુઃખનિ નિવૃતિ અને જ્ઞાનની પ્રાપ્તિના વિહિત ઉપાયો, પોતાના સદગુરૂ દ્વારા પ્રાપ્ત કરી ઉત્તમ વિચારો કરવાના, દીન પ્રતિદિન અધિક અધ્યાસિ બને છે; અંતઃકરણને શરીરને, વાણીને તથા દશે ઈંદ્રિયોને વિકારથી સર્વદા દુર રાખવા પ્રયત્ન કરે છે; ઇષ્ટ સ્મરણ પુર્વક સંસારમાં પ્રસન્નતાથી પોતાના સત્ ચિદ્ અને આનંદ સ્વરૂપની ભાવનાપૂર્વક કાલ વ્યતિત કરે છે; ભોગતારૂપ અને ભોગરૂપ સંસારને આગમાપાયી સમજી તેમાં લેશ પણ પ્રિતિ ધરતાનથી. સર્વ આશ્રમોને રૂડે પ્રકારે સાધી તે શુભસંસ્કારી પ્રાણીઓ ઉત્તરોત્તર સદગતિ પ્રાપ્ત કરવામાંજ સતત મચ્યા રહે છે. હે તાત્ આટલા માટે તે સુકૃતિવાન જીવોને, તત્કાલ આત્મજ્ઞાન થવામાં વિઘ્ન નડતું નથી; ”

આ પ્રમાણે મેં ઉપદેશ તને આપ્યો, એટલે તે મારી વાતનો સ્વીકાર કરી, તેં એક તારી ન્યાતની સુરૂપવાન કન્યા સાથે લગ્ન કર્યો; અને તમારો ગૃહ સંસાર એક વર્ષ પર્યંત ચાલ્યો નહિં એટલામાં તો તારા આયુષ્યની દોરિ પુરી થવાથી તત્કાળ તારૂં શરીર છુટી ગયું; અને તારી તે સ્ત્રી સગર્ભા હતી તે વિધવા થઈ. તેને પણ મૃત બાળક અવતરવાથી કસુવાવડ થઇ, અને તેમાં તેનો પણ અંત આવી ગયો; હે ભાનુ, પશ્ચાત તારા માતપિતાએ તારી પછાડી ઝુરી ઝુરી પ્રાણ છોડયા. ત્યાંથી તું એક શાંતિશર્મા નામે બ્રાહ્મણને ઘેર તેજ નગરીમાં અવતર્યો, તારૂં નામ ત્યાં રમણશર્મા પાડયું, અને તારી સાતવર્ષની ઉમર થઇ એટલે, તારાપિતા તને મારીપાસે વિદ્યાભ્યાસઅર્થે મુકી ગયા. બારવર્ષ પર્યંત મારી પાસે તું રહ્યો, અને સંપુર્ણ વિદ્યાભ્યાસ કરી વેદાંત અને યોગશાસ્ત્રમાં પારંગત થયો. પશ્ચાત તારૂં વીશ વર્ષનું વય થયું જાણી તારા

પિતા તને ગૃહી બનાવવા અર્થે મારે આશ્રમે લેવા આવ્યા. જેથી મેં પ્રસન્ન થઇ સંસારમાં જોડાવા તને આજ્ઞા કરી. તેં તે મારી આજ્ઞા માની નહિં અને ત્યાગાશ્રમમાં જોડાવાની આજ્ઞા માગવાનો મને ઉલટો દુરાગ્રહ કરવા લાગ્યો. તારા પિતાએ તથા મેં તને ઘણે પ્રકારે સમજાવ્યો પણ તું એકનો બે ના થયો, અને મારી તથા તારા પિતાની આજ્ઞાનો ભંગ કરી, ક્રોધ કરી મનસ્વી થઇ ચાલતો થયો, અને એક નિર્જન અરણ્યમાં જઇ તપ કરવા લાગ્યો. પશ્ચાત આગળ ઉપર શું થયું તેનું હવે કાલે તારાપ્રતિ કથન કરવામાં આવશે. અત્યારે સમય ઘણો વિત્યો છે માટે જા અને નિરામય નિદ્રાને પ્રાપ્ત થા ?" એમ કહી દીગંબર સ્વામિ, પોતાના શૈયાસન વાળા ઓરડામાં સિધાવી ગયા, અને તે દંપતિ પણ પોતાને સ્થાને ગયાં.

વર્ચસૂતમા મુનિ કહે છે " હે પ્રહર્ષ ઉપર પ્રમાણે ભાનુદેવનો વૃત્તાંત સિદ્ધેશ્વરાચાર્યે શુભ્રકેતુ રાજાને સંભળાવ્યો હતો. પશ્ચાત તેઓએ આગળનો વૃત્તાંત બીજા દીવસે શ્રવણ કરાવાનું કેહેવાથી સર્વ પોતપોતાને સ્થાને ગયા અને નિદ્રાવશ થયા; માટે આપણે પણ તે વૃત્તાંત અહિંથી બંધ રાખી રાત્રિ ઘણી વીતી ગઇ છે તો નિદ્રાવશ થવું આવશ્યક છે. " આવાં વચનો શ્રવણ કરતાં નિત્યનિયમાનુસાર પ્રહર્ષે તથા શિષ્યવર્ગે, પોતાના સદગુરૂને સપ્રેમ સાષ્ટાંગ કર્યા, એટલે મુની પણ ઉઠયા અને સર્વે પોત પોતાના સ્થળે જઇ નિદ્રાવશ થયા.

—તરંગ ૨ જો.

—પ્રારબ્ધ ભોગો ભોગવ્યા વિના કોઇની સિદ્ધી નથી—

બીજે દીવસે સમય થયો એટલે, રાત્રિએ મુનિ વર્ચસૂતમા પોતાના શિષ્ય પ્રહર્ષપ્રતિ, સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિએ શુભ્રકેતુ

રાજાને પેલા ભાનુદેવનું આગળનું વૃત્તાંત જે શ્રવણ કરાવેલું તેનું પ્રસન્નતાપૂર્વક નીચે પ્રમાણે કથન કરવા લાગ્યા.

મુની વર્ચસૂતમા કહે છે ' હે પ્રહર્ષ, પછી બીજે દીવસે તે ભાનુદેવના પૂર્વજન્મનું આગળ વૃત્તાંત તે સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિ, શુભ્રકેતુ રાજાને નીચે પ્રમાણે કેહેવા લાગ્યા. સિદ્ધેશ્વ-રાચાર્ય તપસ્વી કહે છે " હે રાજન, પશ્ચાત બીજે દીવસે સમય થયો એટલે રાત્રીએ દીગંબર સ્વામીએ ભાનુદેવના ગત જન્મનું આગળ વૃતાંત નીચે પ્રમાણે શરૂ કર્યું."

દીગંબર મુનિ કહે છે " હે ભાનુ, વાસ્તવિક જ્ઞાન કોને થાય અને કોને નથી થતું એટલું તું ગઈકાલે સમજ્યો હઇશ. હવે આજે ' પ્રારબ્ધભોગો ભોગવ્યા વગર સિદ્ધિ નથી ' તે વીષયપર તને સમજાવું તે તું એકાગ્ર ચીત્તે શ્રવણ કર ? હે તાત્ પછી તો તું રમણશર્મા નામનો મારો પરમપ્રિય અને સર્વ વિદ્યા સંપાદન કરાવેલો એવો પવિત્ર શિષ્ય છતાં, તારી મતિમાં વિભ્રમ પેઠો અને તેથી કરીને તારા પ્રારબ્ધયોગે તું મારી તથા તારા માતપિતાની અવજ્ઞા કરી, ત્યાગાશ્રમ ધારણ કરી ચાલ્યો ગયો. અને ત્યારથી પોતાના મનનેજ ગુરૂમાની સ્વચ્છં-દી બની જઇ, હીમાલયની તળેટીમાં તપશ્ચર્યા કરતો હતો. ગુરૂને ઘેરથી સર્વ વિદ્યા તને સંપાદન થઇ હતી, માત્ર તેને આચાર-માંજ મુકવાની હતી. તે ત્યાં આચારમાં મુકીને અને તેથી ષટસંપતિની પ્રાપ્તિ અર્થે, તેં વીધી પુરઃસર શ્રમ લેઇ ઉપાસના કરવા માંડી. તારૂં સર્વ તપ સકામ હોવાથી, તને તત્કાલ ફલ આપી, તારા સર્વ તપનો વ્યય કરવાના હેતુથી, સર્વ સિદ્ધીઓ પણ થોડી મુદતમાં, અર્થાત એક વરસ દીવસમાં, પ્રસન્ન થઇ; અને છેવટે એટલે સુધી થયું કે જેવી તું ઇચ્છા કરે તેવું ક્ષણવારમાં થઇ જતું. આ પ્રમાણે થતાં તારા હૃદયમાં એવી વાસના ઉત્પન્ન થવા લાગી, કે તને જગતમાં સહુ માન આપે, મોટો કહે, તારા પગ પૂજે, તને આચાર્ય તરીકે માને અને બધે ઠેકાણે સુકિર્તિ અને સન્માનની સાથે સદગુરૂ

તરીકે તું મનાય. વળી તે વખતે તું ઇચ્છા કરે તે પ્રમાણે થાય, એવો સિદ્ધિઓનો નિયમ હોવાથી, તે તારી ક્ષુદ્ર વાસના પણ ફલિભૂત થઇ, અને એ પ્રમાણે ઇચ્છા કરતાં બીજા એકાદ વર્ષમાં તો મોટી સુકિર્ત્તિને તેં પ્રાપ્ત કરી. એમ થતાં પછીતો તારા આસનથી સહસ્ર સહસ્ર યોજનના પરિઘ અંદરની વસ્તી તને સાક્ષાત્ ઇશ્વર તરીકે માનવા લાગી. તને ખાવાનું, પીવાનું, રહેવાનું, સુવાનું અને જે ઉપભોગો જોઈએ તેતે સર્વ, અષ્ટ સિદ્ધિ અને નવે નિધિ પ્રસન્ન થવાથી સર્વ કાળે મળવા લાગ્યું. એટલે વળી પ્રારબ્ધયોગે માયાએ તને છેકજ ફસાવ્યો. તેં તેથી પશ્ચાત કમળવાળા સુંદર સરોવર નજીક, એક પૂષ્પવાટિકા બનાવી, તેના મધ્ય ભાગમાં, એક આસોપાલવના વૃક્ષતળે મોગરો, જાઇ, જુઇ ઇત્યાદી શ્રૃંગારી સુંગધીદાર પુષ્પોની વેલોથી, ચારે તરફ આચ્છાદિત કરેલી, સુંદર એક પર્ણકુટી બનાવી તેમાં તું તારૂં આસન રચી નિવાસ કરવા લાગ્યો. તારી તપશ્ચર્યાને ત્રિજુ વર્ષ થયું એટલે તને મારા યોગબલવડે કરીને પાછો વિચાર થયો કે "હું ત્યાગી થઇ નીકળી જઇ અહિં આવ્યો, ત્યાં પણ પાછો આશ્રમ વાટિકા ઇત્યાદિ સર્વ અનુકુળ વસ્તુઓ આ નિર્જન પ્રદેશ છતાં, મારી મંત્રસિદ્ધિ અને ઉપાસનાના બલથી પ્રાપ્ત કરી, તે સર્વનો પ્રેમથી ઉપભોગ કરૂં છું. ત્યારે શું મેં ત્યાગ કર્યું ? કાંઈ જ નહિ; માટે લાવ આપણ સર્વ ત્યાગી, હિમાલયમાં આગળ ચાલ્યો જાઉં, અને ગમે તે ગુફા શોધી પર્મહંસ બની તેમાં બેઠો બેઠો ભજન કરૂં અને સદાકાળ સમાધિસ્થજ રહું. તે સિવાય મારૂ જન્મ મરણ કદી કાળે પણ છુટનાર નથી. માયાને અળગી કરીએ નહિં ત્યાં સુધી તે અળગી થતી નથી. માટે આ સર્વનું મારે શું કામ છે. ?" આવો વિચાર થતાં હે ભાનુદેવ, એકદમ તું તારો તે આશ્રમ તજી એક કમંડળ લેઇ, હીમાલયના પહાડમાં આગળ ચાલવા લાગ્યો. તને સર્વ સિદ્ધિઓ પ્રસન્ન હતી, તેમજ તારૂં બ્રહ્મચર્ય બરાબર કાયમ હતું, જેથી તને હિમાલયમાં પડતા બરફ કે શીત,

અગરતો કંઇ પણ નડતું નહતું. કીંવા હિંસક પ્રાણી કે દેવ દાનવ ઇત્યાદિ દ્વારા કોઈ પણ પ્રકારે તને વિઘ્ન નડતું ન હતું. અર્થાત જ્યાં જ્યાં તું ઈચ્છા કરે ત્યાં ત્યાં વિચરી શકતો હતો. એમ કરતાં છેક તું કૈલાસ નામનું જે હિમાલયમાં ઉંચામાં ઉંચુ શીખર આવેલું છે ત્યાં આગળ આવી પોહોચ્યો, અને તે શીખર ઉપર એક ધવલેશ્વરી નામની તે પહાડમાં ગુફા બનાવી તેમાં તું તપારૂઢ થયો. તું સ્ત્રી એવું નામ સાંભળતાં પછી તો કંટાળતો હતો, કારણ કે પ્રથમથીજ સ્ત્રીસંગ તે શું હશે, તેનું તને સ્વપ્ને પણ ભાન નહતું. દૃષ્ટિએ કોઇ સ્ત્રી દીઠેલી ન હતી, જેથી તારા બ્રહ્મચર્યનું રૂડી રીતે પાલન થયું હતું. અને બ્રહ્મચર્યના પાલનથી, તારા ટુંક મુદતના તપે પણ દેવોને ગભરાવી નાંખ્યા. છેવટે તારા ઉગ્રતપથી ઇંદ્રને પણ ઇંદ્રપદનો ત્યાગ કરવાનો સમય નજીક આવ્યો, જેથી સુરપતિને પણ ચિંતા થઇ. હે તાત્ તેથી કરીને તે સુરપતિ વીશ્નુ પાસે ગયા, અને વિષ્નુએ દેવોની સભા ભરી તેમજ અપ્સરાઓને પણ બોલાવી, અને સર્વને ઉપાય ખોળી કાઢવા કહ્યું. પશ્ચાત તિલોત્તમા નામની અપ્સરાએ તારી તપશ્ચર્યાનો ભંગ કરવાનું બીડું ઝડપ્યું, અને સર્વ સભા તેથી પ્રસન્ન થઈ વિસર્જન થઇ. તિલોત્તમા ભર યૌવનમાં હોવાથી હીમત ધરી, નગ્ન બની એકદમ પેલી તારી ધવલેશ્વરી નામની ગુફાના દ્વાર આગળ આવી, ઢોંગ કરી મૂર્છા ખાઈ પડી અને મોટેથી કહેવા લાગી કે, "અરે કોઇ બચાવોરે બચાવો ?" આ વખતે તું સમાધિમાંથી જાગ્રત થઇ, તારી સિદ્ધિ દ્વારા કંદમૂળ ઈત્યાદિ જે અહારની વસ્તુઓ તારી ઇચ્છા પ્રમાણે તને પ્રાપ્ત થઇ હતી, તેનું તું ભક્ષણ કરતો હતો. પણ એકદમ પેલી તિલોત્તમાની કારમી ચીસ સાંભળી, ખાવું પડતું મુકી, ગુફામાંથી બહાર આવ્યો, અને જોયું તો નગ્ન નવયૌવના બેશુદ્ધ થઈ ગુફાના દ્વાર આગળ પડી છે. તરતજ તે પાસે જઇ તેને આશ્વાસન આપી કહ્યું કે "અરે મનુષ્ય તું શાંત થા ? નિર્ભય થા ? ન ગભરા ?" વરસાદ ઝરમર ઝરમર આ સમયે પડી રહ્યો હતો. વીજળી પણ વારે વારે થતી

હતી. સંધ્યા સમય થવા આવ્યો હતો જેથી વાદળાં તળે ઢંકાએલા સૂર્યનું અજવાળું નહીંજેવું પડતું હતું. તે અપ્સરા ચાલવાને અશક્ત છે એમ સમજી, તેં તેને બે હાથે ઉપાડી ગુફામાં ધીરે રહી સુવાડી દીધી. અને પશ્ચાત અંદર જઇ, તેને સિદ્ધિદ્વારા તરતજ મંત્રેલું પાણી પાઇને સચેત કરી દીધી; સચેત થઇ એટલે તું તેને પૂછવા લાગ્યો " કે હે મનુષ્ય ! તમે કોણ છો ? અને તમને આવી દશા શીરીતે પ્રાપ્ત થઇ " ? આ વખતે તને વ્યામોહ થયો હતો, જેથી તારી વૃત્તિ વિકારી અવસ્થાને શનૈઃ શનૈઃ પ્રાપ્ત થવા લાગી. છતાં પણ કોઈ દીવસ તેં સ્ત્રી નજરે દીઠેલી નહિં, તેથી તેમજ તે અપ્સરાનું શરીર મોહ ઉપજાવનાર છે કે નહિં, તેની સ્વપ્ને પણ તને ગમ નહી હોવાથી, તું તે સ્ત્રી છે કે પુરૂષ તેજ પ્રથમ સમજી શક્યો ન હતો. અને તેથીજ તું તેને મનુષ્ય નામ આપીને બોલાવતો હતો; તિલોત્તમાને જો કે કંઈ થયું ન હતું છતાં તારા સિદ્ધીના બળે, આ વખતે તંદુરસ્ત જેવી થઇ ગઇ હતી, તેથી નગ્ન હોવાથી બે હાથ જોડી શરમાઈ નીચું જોઈ રહી હતી. ભાનુદેવના આ પ્રશ્નો સાંભળી સ્મિત વદનથી મૃદુશબ્દોમાં તે તને કેહેવા લાગી.

" હે વિપ્રાત્મા, હું અલકાવતિ નગરીના રાજા અલકસેનની એકની એક પુત્રિ છું. મારૂં નામ તિલોત્તમા છે. મારી અવસ્થા ઉપર, મારા રૂપ ઉપર, અને મારી લાવણ્યતા ઉપર, મોહીત થઇ જઇ, રાતોરાત કોઇ અસુરે આવી મારૂં હરણ કરી, અત્રે બળાત્કાર કરવાને ઇરાદે નગ્ન બનાવી, પણ એટલામાં દૈવયોગે એક વિકરાળ સિંહ આવ્યો, અને તેની ભેટ થતાંજ બન્ને યુદ્ધ કરવા લાગ્યા. છેવટે તે સિંહે તે દુષ્ટને મારી નાંખ્યો, અને તેણે મારા ઉપર પણ તરાપ મારી છતાં પ્રભુનું કરવું ને તેના પંજામાંથી હું છટકી ગઇ, જેથી જીવ લઇને પ્રાણ બચાવી નાસી છુટી અહીં આવીછું. મારા વસ્ત્રો લેવા હું રહી હોત તો જરૂર તે વિકરાળ પ્રાણી, મને પણ તેજ દશાએ પોંહોચાડત. વળી વરસાદ અને ભુમિ અજાણી, તેમજ હિંસક પ્રાણીની હૃદયમાં અત્યંત

બીક તેથી આડી અવળી વાટ જોયા વિના નાસી છુટી છું. માટે હે પ્રભુ, જો આવખતે આપે આશ્રય આપી સહાય ન કરી હોત તો જરૂર મારો પ્રાણ જાત. હજી હું કુંવારી છું. આપેજ માત્ર આ શરીર જોયું છે, અને તેમાંએ આપેજ તે બચાવ્યું છે, એટલે હવે આજથી આપજ, મારા પતિ અને સર્વસ્વ છો ? હવે મારૂં જે કહું તે સર્વ આપ છો ? " આટલું કહી તારા ચરણમાં તે સુંદર અપ્સરાએ માથું મુકી દીધું. તેં એકદમ ઉભી કરી, એક ફાટેલું વલ્કલ હતું, તે તેને શરીર ઢાંકવા આપ્યું, અને તેના સ્પર્શથી તારા શરીરમાં કોઇએ વિજળી લગાડી હોય-ને જેમ તને અસર થાય, તેમ વિંહ્વળતાની અસર થવા માંડી. એમ ધીરે ધીરે તું મોહાંધ બનવા લાગ્યો; તને વળી એમ વિચાર થયો કે ' પ્રારબ્ધભોગો ભોગવ્યા વિના સિદ્ધિ નહિં થાય. એ શું ગુરૂવાકયનો અમલ થશે ? આ સુંદરી પતિ શબ્દથી સંબોધન કરે છે તેનું કારણ શું, અને શું તે મારી પત્નિ થવા ચાહે છે ? અરે પણ જેને ઘર હોય તે પરણે અને તેને સ્ત્રી જોઇયે. આપણે તો ઘર, ન્યાત, જાત, કુંટબ કબીલો સહુનો ત્યાગ કરી બેઠા, પછી પત્નિ કરવાથી શો લાભ ? પછી સ્ત્રી શું કામ જોઇયે. સ્ત્રીજાતિ ગૃહી હોય તેણે પરણવાની છે એમ શાસ્ત્રો કહે છે. નહિંકે મારા જેવા સન્યાસિએ ? આ સ્ત્રી હું સન્યાસિ છતાં મને પરણવા શા સારૂ ઇચ્છતી હશે ? અને પરણીને મારે કરવું શું તેથી ફળ શું ? શાસ્ત્રકારો કહે છે કે, સ્ત્રીથી સંતતિ પ્રાપ્ત થાય છે, ગૃહીના ધર્મ સચવાય છે; આશ્રમનું યથાવિધિ પાલન થાય છે, સ્ત્રીથી યજ્ઞદાન કરવાના અધિકારી થવાય છે. પણ એ સઘળું ગૃહિને માટે કે મારાજેવા સન્યાસિને માટે. કોઇ ગૃહિને પરણે તો તેનો સંસાર પણ સુધારે ? પણ હું જે સંસારનો ત્યાગ કરી બેઠો છું તો પછી આ સ્ત્રી પરણી હું સંસાર શું સુધારવાનો હતો ? એટલે મારા જેવાને જેને સ્ત્રી કામની નથી તેને શા કામની છે. " આવો વિચાર કરી તે બોલ્યો. " હે સુંદરિ મને સન્યાસીને પરણીને

તું રાજકુળમાં ઉછરેલી કન્યા શું સુખ પામવાની હતી ? તેમજ મારે સંસાર છે નહિં એટલે પછી તને પરણીને મારે કરવું શું ? મારે તારો ઉપયોગ શો ?" આ સાંભળી તે અપ્સરા એકદમ તારી કોટે બાઝી પડી, ફરી રડવા લાગી અને કેહેવા લાગી કે "જો તમે મને નહિં પરણો તો હું હત્યા આપીશ. ગમે તેમ કરો પણ મને પરણ્યા સિવાય છુટકો નથી. હું તમને મુકીને જનારી નથી." આથી તું ગળગળો થઈ તે સ્ત્રીના ચરિત્રથી પીંગળી ગયો, અને તેનો પાણીગ્રહણ કરી તેને પત્નિ બનાવી, એક ચેલી તરીકે પ્રથમતો તેને માનવા લાગ્યો. એમ કરતાં દૈવયોગે તારા બ્રહ્મચર્યનો ભંગ થયો. એટલે તારી સર્વ સિદ્ધિઓ એક પછી એક વિલાવા લાગી. તારી ઉપાસનાનું અને તારા તપનું, બળ સહુ ઓછું થવા માંડયું, અને છમાસ તે અપ્સરાની સાથે તેં જયાં વ્યતિત કર્યા નહીં એટલામાં તો તું વિષયાસકત બની ગયો હતો. બરાબર વિષયલુબ્ધ તું બન્યો, એટલે તે ઇંદ્રલોકમાં જતી રહી. પશ્ચાત તેની કંઈ ભાળ લાગી નહીં, જેથી તેની પાછળ તું ગાંડો બની ગયો. પરીણામે એવોતો ઉન્માદ અવસ્થા ભોગવવા લાગ્યો, કે તારા પોતાના મળનો અહાર તું કરવા લાગ્યો. નિરપરાધી વૃક્ષોનો, વેલીઓનો, પશુ પક્ષીઓનો, સંહાર કરવા લાગ્યો, અને એક નરપિશાચવત્ દુઃખી જીવન હીમાલયની તળેટીમાં આવી ગુજારવા લાગ્યો. આ વખતે સર્વ તપોબળનો નાશ થવાથી, તે તારૂં શરીર અત્યંત ઇંદ્રિય ઉન્મત થઈ ગએલું હતું. આ પ્રમાણે તારી દુઃખી દશા જોઈ, પાછી મારા હૃદયમાં દયા આવી, જેથી મારા સમાધી લક્ષથી મેં જોયું અને તું જે સ્થળે હતો તે સ્થળે આ શરીરે જઇ યોગબલથી તને વશ કરી, તને એક ગંગાના પવિત્ર તટ ઉપર લઇ જઈ, સ્નાન કરાવી શુદ્ધ બનાવી, પાછો આશ્રમે લાવવામાં આવ્યો. તું પાછો આ શરીરના આશ્રમે આવી, ગુરૂ સેવા કરવા લાગ્યો. પશ્ચાત તું યથાર્થ નિશ્ચયપર આવ્યો કે પ્રાપ્ત ભોગો ભોગવ્યા વીના જીવની સીદ્ધી થતી નથી.

હે તાત્, પછી તો તું બરાબર સમજ્યો કે કામ એ એવી વસ્તુ છે, કે વિહીતપણે તેને ભોગવ્યા વગર વશ થતી નથી. તને પશ્ચાત અનુભવથી જણાયું, કે હરેક જીવે ગૃહસ્થાશ્રમ પાળવાની ફરજ વેદશાસ્ત્રોએ નિર્માણ કરેલી છે, તેનું કારણ એજ છે, કે કામ ક્રોધ અને લોભ એ ત્રણના યથાર્થ સ્વરૂપને જીવે અનુભવથી જાણીને, તેઓનો પરિત્યાગ કરવાનો છે, અને તેના પરિત્યાગપૂર્વક, પુર્ણ સાત્વીક શુદ્ધ શાંત જ્યોતિર્મય પરમાત્માના સ્વરૂપના નિર્તિશય આનંદને પ્રાપ્ત કરવાનો છે; સર્વ ઇંદ્રિયોં જ્યારે તે તેના ભોગો ભોગવે છે, ત્યારે સંતોષ પામી શિથીલ થઇ જાય છે. મન તથા ઇંદ્રિયો ઉપર જય મેળવવો એ અત્યંત દુર્ઘટ છે તેનું કારણ એટલુંજ છે, કે પ્રાણી પ્રાપ્ત ધર્માશ્રમને સાધ્યા વગર અને પોતે કયા રસ્તાને લાયક છે, તે યથાર્થ રીતે જાણ્યા વગર, અન્ય વ્યતિરેક તેને નહીં છાજતા પ્રાપ્ત ધર્મ કર્મ પોતાને યોગ્ય સમજી તેમાં પ્રવૃત્તિ કરે છે, અને તેથીજ માયાપાશ પોતાની મેળેજ પોતાના ગળામાં નાંખી કરોળીયાની પેઠે સપડાય છે; હે ભાનુ, આ પ્રમાણે તારાપર દયા કરી મેં તને આશ્રમે લાવી, તારા અપરાધની ક્ષમા આપી, તને સંસારી થવા અર્થે ઉપદેશ કર્યો; તેં પણ પછી તે વાત સ્વીકારિ; તને મારા આશ્રમે હું લાવ્યો તે વખતે તારા માત પિતા ગુજરી ગયાં હતાં. જેથી મેં તને તારે સ્થાને વીદાય કર્યો. તે નગરીના રાજાએ પુરોહિતનો પૂત્ર પાછો આવ્યો જાણી, તારા પિતાનું વર્ષાસન તને બાંધી આપ્યું, અને પશ્ચાત થોડા વખત પછી તું પરણ્યો. અને ગૃહસ્થાશ્રમનું રૂડી રીતે પાલન કરવા લાગ્યો. તને ગૃહસ્થાશ્રમ ભોગવતા છતાં, કોઇ સંપતિ પ્રાપ્ત થઇ નહિં, જેથી તું અને તારી પત્ની બન્ને પ્રજોત્પતિ માટે, અનેક પુરૂષાર્થ કરવા લાગ્યાં. પણ પરમાત્માની ઇચ્છાથી તે ખોટ પુરી પડી નહિં, જેથી તમે ઉભય દંપતિ તમ અંતકરણથી તમારો સઘળો વ્યવહાર કરવા લાગ્યાં. સંસારમાં સર્વ નવેનિધ છતાં પ્રજાની ચિંતાએ તમારા અંતઃકરણમાં નિવાસ કર્યો હતો. તમારી પુત્રેષણા દૃઢ

થઈ ગઇ હતી. પછી તો તમો સ્ત્રી પુરૂષ બન્ને જણા છેક વૃ-દ્ધાવસ્થાએ પોહોંચ્યા પણ પ્રજાની આશા છેક વ્યર્થ ગઇ, એટલે તદ્દન નિરાશામય જીવન વ્યતિત કરવા લાગ્યાં. મેં તને પુત્રેષણાનો ત્યાગ કરવાની ઘણીએ ભલામણ કરી, ઘણોએ ઉપદેશ કર્યો, પણ તે તારી વાસના છુટી નહિં, જેથી સીતેર વર્ષની વચે તેં તારૂ શરીર છોંડી દીવ્યશર્માને ત્યાં વીમળપુરીમાં વર્તમાન જન્મને પ્રાપ્ત કર્યો અને તેનું વૃત્તાંત તો તારી જાણ-માંજ છે જેથી તે કેહેવાની જરૂર નથી. પેલી તારી સ્ત્રી પણ ઘરડી ડોશી થઇ પશ્ચાત મરણ પામી હતી; અને બધી તારી મીલકત તથા સઘળું પુરોહિતપણું પિત્રાઇઓને હસ્તગત થયુ હતું.

હે ભાનુદેવ હવે તારા વર્તમાન જન્મનો વૃત્તાંત તું તારી મેળેજ સમજી લે ? આ તારો ચોથો જન્મ છે. આમાં કદી ગુરૂગમે ના સમજ્યો, અને આપમતે કદી ચાલ્યો તો હજી પણ કહું છું, કે બીજા વધુ બે ત્રણ જન્મ પ્રાપ્ત કરવા પડશે; અને જો આ જન્મમાંજ સમજી જઇશ, તો જન્મ મરણના ફે-રાથી દુર થઇશ; માટે પ્રાપ્ત કર્મ ધર્મ ભોગવ્યા સિવાય, પ્રાણીની સિદ્ધિ નથી એ વાત તને આથી સ્પષ્ટ થઇ હશે. હે વત્સ માટે તારા પ્રાપ્ત કર્મધર્મ આચરવાથી તું વ્યવહાર અને પરમાર્થ ઉભયની સિદ્ધિ કરી, આ સંસારસિંધુને તરવા સમર્થ થઇ શકીશ એમ તું નિશ્ચે કરીને જાણજે ? ”

ભાનુદેવ આ સર્વ વૃત્તાંત શ્રવણ કરી શાંત:થઈ ગયો અને કહેવા લાગ્યો “ હે ગુરો, આ સંસારમાં જીવને તારનાર આ-પજ એક સમર્થ અને તેના સારભૂત છો, એજ મારા હૃદયમાં ઉત્તરોત્તર હવે દૃઢ થાય છે. “ આ જન્મે આપની ઇચ્છાનું સાર પ્રવૃતિ થાય છિ એ મારા સદ્‌ભાગ્ય સમજુ છું આ સાંભળી દીગંબર સ્વામિ બોલ્યા ‘ હે તાત્, ઇષ્ટઇચ્છાથી સર્વ સધાય છે. તારા હવે આ જગત પ્રત્યે લ્હેણા સર્વ રૂણ પુરાં થયા છે, અને તેથી, હવે તારાથી સકૃતિ અને સદાચાર ઉપર લક્ષ અપાય છે;

માટે નિશ્ચિંત થઇ ' ગુરૂ જેમ રાખે તેમ રહેવું ' એ વાક્ય ઉપર તારૂં મન રાખ ! જાઓ હવે તમે દંપતિ વિશ્રાન્તિ લ્યો અને હું પણ મારા શૈયાસને જઈશ " એમ કહી હે રાજન્ દીગબર સ્વામિ પોતાને આસને સીધાવ્યા અને દંપતિ પણ પોતાને સ્થાને ગયાં. મુનિ વર્ચસૂતમા કહે છે " હે પ્રહર્ષ, એટલું કહી પેલા મહાત્મા સિદ્ધેશ્વરાચાર્યે કથા પ્રસંગ બંધ કર્યો એટલે તે રાજકુલભૂષણ પવિત્ર દંપતિનું જોડું વીદાય થયું અને તેઓ પણ સીધાવ્યા, માટે હે વત્સ આપણે પણ હવે તેમજ કરીએ.

प्रकरण ९ मुं.

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः
बन्धायविषयासक्त मुक्त्यौ निर्विषयं स्मृतम्

(पंचदशी)

મનુષ્યોને બંધ મોક્ષનું કારણ માત્ર મન છે. વિષયાસક્ત જે મન છે તે બંધ છે, અને જે નિર્વિષય અર્થાત વિષયરહિત મન છે તે મોક્ષ છે.

—તરંગ ૧ લો—

—મુનિ યાજ્ઞવલ્કયને સૂર્યોપદેશ—

બીજે દીવસે સમય થતાં પ્રહર્ષ પોતાના સદ્‌ગુરૂ વર્ચસૂતમા મુનિ પાસે સદ્દુપદેશ શ્રવણુ કરવા અર્થે નિયમાનુસાર આવી, સપ્રેમ સાષ્ટાંગ કરી બેઠો એટલે મુનિએ નીચે પ્રમાણે તે વૃત્તાંત શરૂ કર્યું;

મુનિવર્ચસૂતમા કહે છે " હે પ્રહર્ષ, બીજે દીવસે તે શૂભ્રકેતુ રાજા પ્રતિ તેના ગુરૂ સિદ્ધેશ્વરાચાર્ય પેલા ભાનુદેવ અને દીગંબર સ્વામિના વૃત્તાંતનું કથન કરી, આગળ તે પ્રસંગને નીચે પ્રમાણે શ્રવણુ કરાવતા હવાઃ—

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે " હે રાજન્, પશ્ચાત પેલો ભાનુદેવ નિત્યનિયમાનુસાર સપત્નિવર્તમાન પોતાના સદ્‌ગુરૂ દીગંબર સ્વામિ સમીપ આવીને બેઠો, એટલે તે દીગંબર સ્વામિ તેની પત્નિ ચારૂશીલાને સંબોધીને નીચે પ્રમાણે કહેવા લાગ્યા. " હે સતિ પૂત્રી, આજે તને યાજ્ઞવલ્કય મુનિને સૂર્યે કેવી રીતે આત્મજ્ઞાન આપ્યું તે શ્રવણુકરાવવું ઉચીત સમજી, તને સંક્ષેપમાં શ્રવણુ કરાવું છું માટે એકાગ્રચિત્તે શ્રવણુ કરજે ? હે મુમુક્ષુ દંપતિ, મુનિ યાજ્ઞવલ્કય એક સ્થિતપ્રજ્ઞ પુરૂષ હતા. બહારથી આખા વિશ્વને સંસારીજેવા જણાતા હતા, પણ અંતર મૂખથી તે અતિ કેવલ વિરકત પુરૂષ હતા. તેમને કોઇ-

પણ પ્રકારની વિષયવાંચ્છના નહતી.. સર્વ પ્રકારની વિદ્યા સંપાદન કરવા માટે, તેમણે અતિ ઉગ્રતપ કર્યું હતું. કે જે તપથી ઈંદ્ર પણ ચિંતાતુર થઇ અનેક અપ્સરાઓ તેમના તપનો ભંગ કરવા અર્થે નિરંતર મોકલ્યાં કરતો હતો. પણ તેઓ લેશપણ ચલાયમાન્ કદી થયા ન હતા. વર્ષારૂતુમાં છત્રી વિના તપ કરતા હતા. અને વૃષ્ટિ પોતાના શરીરપર સહન કરતા હતા. ઉનાળામાં તપેલિ શિલાપર કંઇપણ પાથર્યા વગર આસન મારી બેસતા; ઉપરાંત ચારે બાજુએ ધુણી સળગાવી તપ કરતા હતા. અને શીયાળામાં હિમાલયના બરફવાળા શિખરો ઉપર કિંવા ઠરીને બરફ થઇ ગયેલા જળ ઉપર જઇ, આસન મારી તપ કરતા હતા. આવું ઉગ્ર તપ કરતાં કરતાં એક દીવસે શિયાળામાં તેઓ અરૂણોદય પહેલાં હિમાલયના બરફના પહાડમાંથી નીકળતી ગંગામાં ઉતરી, ઠરી ગયેલા જળ ઉપર ઉભારહી, ભગવાન શ્રીસૂર્યનારાયણનું એકાગ્રચિત્તે ધ્યાન ધરતા હતા. મુનિનું આવું ઉગ્રતપ જોઇ સૂર્યનારાયણ પ્રસન્ન થઇ, પુરૂષનું રૂપ લેઇ તેમની સમિપ આવી કહેવા લાગ્યા. “ હે પૂત્ર, તારૂં ઉગ્રતપ જોઇ હું પ્રસન્ન થયો છું, માટે જે માગવું હોય તે માંગ ? હું આપવા તૈયાર છું. ” આ પ્રમાણે સૂર્યનારાયણનું બોલવું સાંભળી મુનિ નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

યાજ્ઞવલ્કય મુનિ બોલ્યા. “ હે આદિત્ય નારાયણ આપ પુરૂષ વેશે મારી સમીપ આવી પ્રત્યક્ષ થયા છો, તે મારા યોગબલે મેં જાણ્યું છે. આપશ્રી સર્વજ્ઞ નારાયણ સ્વરૂપ અને સર્વ જગતના પ્રાણ છો. આખા વિશ્વનું જીવન છો. જીવના સર્વ શુભા શૂભ કર્મના સાક્ષી છો. સર્વજ્ઞ છો. સર્વના મળરૂપી દોષોના નાશ કરનાર અને સર્વને ઉર્ધ્વગતિએ પહોચાડનાર જગતનાં આધાર રૂપ છો. હું બાળક આપની આગળ મારો વૃત્તાંત કેહેવા ઇચ્છુ છું માટે આજ્ઞા કરો તો કહું. ” આ સાંભળી સૂર્યનારાયણ બોલ્યા “ હે વત્સ, સુખેથી કહે હું સાંભળવા તૈયાર છું. અને તારી ઇચ્છામાં આવે તે કદાચ તું માગીશ

વા કહીશ તોપણ તેં આપવા તેમજ સાંભળવા તત્પર છું. માટે નિર્ભય થઇ સુખેથી કહે !" સૂર્યનારાયણનું કેહેવું સાંભળી મુનિ યાજ્ઞવલ્કય બોલ્યા "હે આદિત્ય ભગવન્, વ્યાસભગવાનના શિષ્ય વૈશંપાયન રૂષિ પાસેથી મેં સર્વ વિદ્યા સંપાદન કરી; પશ્ચાત એક દિવસ મેરૂપર્વત ઉપર રૂષિઓનું પરિષદ હતું ત્યાં સર્વને હાજરી આપવાની હતી. અને ન જાય તેને બ્રહ્મહત્યા લાગે તેવો પરિષદે ઠરાવ કર્યો હતો. મારા ગુરૂ વૈશંપાયન દેવયોગે તે દીવસે ત્યાં જઈ શકયા નહિં, અને તેથી તેમને બ્રહ્મહત્યા પ્રાપ્ત થઇ. જેથી તેમણે સર્વ શિષ્યોને તે પ્રાયશ્ચિત નીવારણઅર્થે વિધીપુરઃસર ક્રીયાકરવાની આજ્ઞા આપી. મેં સર્વ વિદ્યાર્થિ અને બ્રહ્મચારીઓ પ્રતિ દયા લાવી તેમને કહ્યું કે "હે ગુરો મને હમણાં યુવાવસ્થા પ્રાપ્ત થઇ છે, માટે આપની બ્રહ્મહત્યાના નિવારણઅર્થે, સર્વ પ્રાયશ્ચિતોની ક્રીયા, આપના તરફથી સવિધી કરવા માટે હું તૈયાર છું. સર્વને તસ્દી શું કામ આપો છો. બધા તરફથી તે કાર્ય કરી લેવા હું એકલોજ બસ છું." તેમને બ્રહ્મહત્યા ચોટેલી હોવાથી આ મારૂં બોલવું ના રૂચ્યું જેથીએકદમક્રોધ કરી બોલ્યા,"હેઅધમ,યાજ્ઞવલ્કયતેં જે જે વિદ્યા મારી પાસેથી ગ્રહણ કરી છે, તે તે સર્વ શરીર મન અને વાણીથી મને પાછી આપી દે ? નહિંતો હું તને આ ક્ષણેજ શાપ આપીશ." મારા બોલવાથી મારો થએલો અપરાધ ક્ષમા કરવા મેં તેમને ઘણીએ નમ્રતાપૂર્વક વિનંતી કરી, છતાં તેઓએ ન માન્યું અને સ્પષ્ટપણે મને કહ્યુ કે "હે અધમ શિષ્ય તું મને પ્રસન્ન કરવા પ્રયત્ન ન કરતાં, આ ક્ષણેજ મારી વિદ્યા મને પાછી આપી દે ? હવે જો મારી વિદ્યાનો તું પરિત્યાગ નહિં કરે, તો તને બાળી ભસ્મ કરી નાંખીશ. અને એવો શાપ દઇશ કે ઉભય લોકથી તું ભ્રષ્ટ થઇશ. માટે છેલ્લીવાર કહુ છું કેબસત્વરમને મારીવિદ્યા પાછી સોંપીદે નહિંતો દુઃખી થઇશ. !" આ પ્રમાણેના છેલ્લા તે મારા વૈશંપાયન ગુરૂના વચન શ્રવણ કરી, જેટલી વિદ્યા તેમની પાસેથી મેં સંપાદન કરી હતી,તેટ-

લી તમામ વિદ્યાનું, શરીર મન અને વાણી વડે કરીને, વમન કરી દીધું, અને વિદ્યાહીન બની ગયો માટે હે આદિત્યનારાયણ, આપ સર્વ દેવોના અધિષ્ઠાતા અને સર્વના જીવનના હેતુ છો, એમ જાણી, તેમજ મનુષ્ય ગુરૂદ્વારા મારૂં હિત સાધવામાં કંઇ સાર નથી, એમ મને અનુભવ થવાથી, મનુષ્ય ગુરૂદ્વારા કદીપણ વિદ્યા સંપાદન કરવી નહિં એવી ભીષ્મ પ્રતીજ્ઞા કરી, વિદ્યા સંપાદનાર્થે આ ઉગ્ર તપશ્ચર્યાને કરૂં છું; માટે આપ દેવના પણ દેવ અને સમષ્ટિ ઈશ્વિરસ્વરૂપ છો એમ જાણી આપની પાસે વિદ્યાપ્રાપ્તિની ઇચ્છાએ યાચના કરૂં છું. માટે હે આદિત્યભગવન્ આપ કૃપા કરી મને વિદ્યા સંપાદન કરાવી કૃતાર્થ કરો?" આ સાંભળી સૂર્યનારાયણે એકદમ મુનિને પોતાના રથમાં બેસાડી દીધા અને પોતાની સાથે પૃથ્વીપ્રદિક્ષીણા કરવા લેઇ, ગયા. સૂર્યભગવાને ત્યાં તેમને ચતુર્વેદ અને ષટ્શાસ્ત્રોનો અભ્યાસ કરાવી, સંપુર્ણ વિદ્યા આપી. જેમ અંભિણી નામના દેવતાએ સુર્યનારાયણને ગુરૂ કરી, તેમની પાસેથી સર્વ વિદ્યા સંપાદન કરી હતી, તેવીજ રીતે આપણા સ્થીતપ્રજ્ઞ મુનિ યાજ્ઞવલ્કયે પણ સૂર્યનારાયણને વિદ્યાગુરૂ બનાવી, તેમની પાસેથી સર્વ વિદ્યા સંપાદન કરી. જ્યાં વિદ્યા સંપુર્ણ પ્રાપ્ત કરી રહ્યા, એટલે તેમને ત્યાગાશ્રમ ગૃહણ કરવાની ઇચ્છા થઈ. આ વખતે તેમની બ્રહ્મચર્ય અવસ્થા હતી. બ્રહ્મચર્ય પછી બીજો આશ્રમ ગૃહસ્થાશ્રમ છે, અને તે પાળ્યાવગર એકદમ ત્યાગાશ્રમ લેવાને માટે તેમણે જે ઇચ્છા કરી તે અનુચિત છે એમ સમજી સુર્યનારાયણે તેમને નીચે પ્રમાણે ઉપદેશ કર્યો.

સૂર્યનારાયણ યાજ્ઞવલ્કય મુનિપ્રતિ કેહેવા લાગ્યા "હે પરમપ્રિય શિષ્ય યાજ્ઞવલ્કય, આ સર્વ વિદ્યા સંપાદનતો તેં કરી, પરંતુ મને હજી તેં ગુરૂદક્ષિણા આપી નથી, માટે વિદ્યાર્થિના ધર્માનુસાર તેં સર્વ વિદ્યા સંપાદન કરી છે તો તે બદલ અવશ્ય મને ગુરૂ દક્ષિણા આપીને તારે જવું ઘટે છે?" આ સાંભળી મુનિ બોલ્યા "હે ભગવન્ આપ કહો તે ગુરૂ-

દક્ષિણા આપવા તૈયાર છું, આપનાથી આ તનમન ધન યત કિંચિત પણ જુદાં નથી, માટે સુખેથી ગુરૂ દક્ષિણામાં આપની ઇચ્છામાં આવે તે માગી લ્યો? આ આપને દીન શિષ્ય આપવામાં જરાપણ આનાકાની કરશે નહિં." સૂર્ય કહે છે "હે વત્સ યાજ્ઞવલ્કય, તું એમ કહે છે ત્યારે તારી પાસેથી ગુરૂ દક્ષિણામાં માત્ર એકજ વચન માગી લઉં છું અને તે એ છે કે તું બ્રહ્મચર્ય પછી ત્યાગાશ્રમને ગ્રહણ કરવા ઇચ્છે છે, તો તેમ નહિં કરતાં બ્રહ્મચર્ય પછીનો આશ્રમ જે બીજો ગૃહસ્થાશ્રમ છે તેનો જઇ સત્વર અંગિકાર કર? અને તેને સિદ્ધ કરી ક્રમે ક્રમે ચતુર્થાશ્રમને સિદ્ધ કર? પશ્ચાત વિદેહી અને સ્થિત પ્રજ્ઞ બની તું મારી શીખવેલી બ્રહ્મવિદ્યાને દીપાવી, તેનો સમગ્ર જગતમાં પ્રચાર કર? તે ઉપરાંત અન્ય સર્વ આશ્રમને પાળી જ્યારે સમય આવે ત્યારે ત્યાગાશ્રમ ગૃહણ કરજે?" આ પ્રમાણેના સૂર્યનારાયણના વચનો સાંભળી મુનિએ કહ્યું. "હે જ્યોર્તિ નારાયણ આપની આજ્ઞા માથે ચડાવી ગુરૂદક્ષિણામાં આપે માગ્યું તે વચન આપીને કહુ છું કે અહીંથી જઇને આપની ઇચ્છાનુસાર ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરીશ અને તેને સાધીશ જેથી હવે આજ્ઞા આપો તો રજા લઉં. સૂર્યે આ સાંભળી પ્રસન્ન થઇ તેમને ગ્રહસ્થાશ્રમનો સ્વીકાર કરવાની આજ્ઞા કરી રથમાંથી પૃથ્વી ઉપર ઉતારી મુકયા. મુનિએ પૃથ્વી ઉપર આવી પોતાના માતપિતાની ગૃહસ્થાશ્રમ ગ્રહણ કરવાની આજ્ઞા માગીને પશ્ચાત રાજા જનક વિદેહી પાસે ગયા; જનક પાસેથી ગૃહસ્થાશ્રમ સિદ્ધ કરવા જેટલું દ્રવ્ય લેઇ મુનિ પોતાને સ્થાને પાછા આવ્યા, અને કાત્યાયન અને મૈત્રિયુ એ બન્ને રૂષીઓ હતા તેમની પુત્રિઓ કાત્યાયીની અને મૈત્રિય સાથે લગ્ન કરી ગૃહસ્થાશ્રમને સિદ્ધ કરવા લાગ્યા, અને પિતૃઆદિ રૂણો એક પછી એક પતવવા લાગ્યા. પશ્ચાત વર્ણાશ્રમની અગત્ય જાણી તેઓ યથાસ્થિત એક પછી એક પ્રાપ્ત આશ્રમોનું પાલન કરવા લાગ્યા જે સંબધી તને કાલે સંક્ષેપમાં વિવેચન

કહી સંભળાવીશ. આજે તો હવે વિશ્રાંતિ લે. ” આટલું કહી દીગંબર સ્વામી, તે ભાનુદેવે સપત્નિ વર્તમાન સદગુરૂને સાષ્ટાંગ કર્યા એટલે પોતાના શૈયાસન ઉપર જઇ બિરાજ્યા અને દંપતિ પણ પોત પોતાના સ્થાને ગયાં. હે રાજનહવે અન્ય કથા પ્રસંગ કાલે શ્રવણ કરજે. આજે જઇ નિદ્રાને પ્રાપ્ત થા ? ” એમ કહી સિદ્ધેશ્વરાચાર્ય ચાલ્યાગયા, અને રાજા પણ વીદાય થયો. મુનિ વર્ચસૂતમા કહે છે, “ હે પ્રહર્ષ હવે આવતી કાલે તે દીગંબર સ્વામીએ ભાનુદેવને વર્ણાશ્રમની અગત્ય સંબધી મુનિયાજ્ઞવલ્કયનું આગળનું વાખ્યાન કથન કર્યું અને જે શુભ્રકેતુ રાજાને સિદ્ધેશ્વરાચાર્યે સંક્ષેપમાં સમજાવ્યું, તે તને આવતી કાલે શ્રવણ કરાવીશ. અત્યારે સર્વે તમે શાંતિપૂર્વક જઈ નિરામય નિદ્રાને પ્રાપ્ત થાઓ ? ” આ સાંભળી પ્રહર્ષે સર્વ શિષ્યો સહ મુનિને સાષ્ટાંગ કર્યા, એટલે મુનિ પોતાને આશ્રમે પધારી ગયા અને સર્વ શિષ્યો પણ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

—તરંગ ૨ જો—

—મનુષ્યમાત્રને વર્ણાશ્રમની ખાસ અગત્ય છે—

બીજે દીવસે સમય થયો એટલે પ્રહર્ષ સહીત સર્વ શિષ્યો આવી મુનિને સાષ્ટાંગ કરી નિત્યનિયમ પ્રમાણે ભાનુદેવ અને દીગંબરનું વૃત્તાંત શ્રવણ કરવા અર્થે પોતપોતાના આસને મર્યાદા પૂર્વક બેસી ગયા એટલે મુનિ વર્ચસૂતમા બોલ્યા, “ હે પ્રહર્ષ, પશ્ચાત બીજે દીવસે તે શૂભ્રકેતુ રાજા પ્રત્યે સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વી, પેલા ભાનુદેવ અને દીગંબર સ્વામિની વાર્ત્તા નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ”

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે “ હે રાજન્, બીજે દીવસે સમય થતાં ભાનુદેવ પત્નિસહ પોતાના સદગુરૂ દીગંબર સ્વામિ પાસે આવી સાષ્ટાંગ કરી પોતાને આસને બેઠો, અને મુનિ યાજ્ઞવલકયે પોતાની પત્નિ મૈત્રિય પ્રતિ વર્ણાશ્રમની આવશ્યકતા સંબંધી કેવી

રીતે વિવેચન કરી તેનેતે વિષય સમજાવ્યો તે હકીગત શ્રવણ કરવામાટે, પોતાના સદ્દગુરૂને વીનવવા લાગ્યો. જેથી દીગંબર સ્વામી નીચે પ્રમાણે તે વૃત્તાંત તેના પ્રત્યે કથન કરવા લાગ્યા. હે રાજન્,પશ્ચાત તે દીગંબર સ્વામિએ ભાનુદેવને વર્ણાશ્રમની આવશ્યકતા સંબંધી કેટલુંક વીવેચન કરી પછી મુનિ યાજ્ઞવલ્કયે તેમની પત્નિ મૈત્રિયને કરેલો સદુપદેશ તે સંબંધી નીચે પ્રમાણે શ્રવણ કરાવવા લાગ્યા. દીગંબર સ્વામિ કહે છે " હે ભાનુ, તથા સતિ પૂત્રિ ચારૂશીલા, એક દીવસના સમાયોગે મુનિ યાજ્ઞવલ્કયની પત્નિ મૈત્રિય, તેના પતિ પ્રત્યે શંકા કરી કેહેવા લાગી કે"હેસ્વામિન્,આપ વિરકત અને સ્થિતપ્રજ્ઞ પુરૂષ છતાં આપને દેવ અને પિતૃઓના ઋણ ટાળવા અર્થે પ્રયત્ન કરવો પડયો, તેનું શું કારણ તે કૃપા કરી સમજાવો?કારણ કે ઋણદાર પુરૂષ વિરક્ત કહેવાય નહિં તેમજ વિરક્તને ઋણ કંઇ પણ હોવું સંભવતું નથી."આ સાંભળીયાજ્ઞવલ્કયમુનિ પોતાની સ્રી,નેકહે છે "હે સતિ હું વિરકત છું, એમાં લેશ પણ સંશય નથી તો પણ બ્રહ્મચર્યાશ્રમ તથા ગૃહસ્થાશ્રમ વીગેરેનું મેં યથાવિધિ પાલન કર્યું તેથી કરીને મને ઋણની પ્રાપ્તિ થઇ; હે સુસ્રી, શ્રુતિ એમ કહે છે કે " **जायमानो वै ब्राह्मणस्त्रिभिऋणै ऋणवानजायते** " જે બ્રાહ્મણને ઉપનયનાદિ સંસ્કારો કરવામાં આવ્યા છે, તે બ્રાહ્મણને ત્રણેઋણ અર્થાત ઋષિ, દેવ અને પિતૃઓના ઋણ પતવવાથી મુક્તિપ્રાપ્ત થાય છે. બ્રહ્મચર્યાશ્રમમાં ઋષિઓનું ઋણ પતવવું પડે છે, અને ગૃહસ્થાશ્રમમાં દેવ અને પિતૃઓ બન્નેનું ઋણ પતાવવાનું હોય છે. આ બન્ને ઋણ પતાવ્યા પછી તે પ્રાણી જ્યારે સૂક્ષ્મ વાસનાના ત્યાગપૂર્વક ત્યાગાશ્રમ ગૃહણ કરે છે ત્યારેજ તે સર્વ ઋણમાંથી મુક્ત થાય છે. સંન્યાસાશ્રમને એ ત્રણેમાંથી કોઇ પણ ઋણ લાગુ નથી. જે છે તે ગૃહસ્થાશ્રમનેજ છે. વિદ્વાન અને શુદ્ધ મતિવાન પ્રાણીઓ સંન્યાસ ગ્રહણ કરતાં પૂર્વે ઋષિ, દેવ અને પિતૃ એ ત્રણેના ઋણો પતાવી દે છે. જેમ પૂત્રાદિક અર્થે પુત્રેષ્ટિ આદિ કામ્ય કરવાના શાસ્ત્રે વિધાન કરેલાં

છે, તેવીજ રીતે ઋષિ, દેવ અને પિતૃઓના ઋણથી મુક્ત થવા માટે, બ્રહ્મચર્યાશ્રમ તથા ગૃહસ્થાશ્રમનું યથાવિધિ પાલન કરવાનું કહેલું છે. અને આથીજ વિરક્ત અને સ્થિતપ્રજ્ઞની સ્થિતિ પ્રાપ્ત કરવા અર્થેજ સત્શાસ્ત્રો અને સત્પુરૂષો, વર્ણાશ્રમ ધર્મનો અવશ્ય સ્વીકાર કરી, તેનું યથાવિધિ પાલન કરી તે આશ્રમને સિદ્ધ કરવા પ્રબોધે છે. ” મૈત્રિય આટલું સાંભળી પાછી વળી શંકા કરી પોતાના સ્વામિને કહેવા લાગી. “હે ભગવન્, જ્યારે આપના જેવા મહાન વિદ્વાનને પણ બ્રહ્મચર્ય તથા ગૃહીના ધર્મો પાળી એ ત્રણ ઋણ પતવવાં પડે છે તો પછી બીલકુલ ઋણની પ્રાપ્તિ થાયજ નહીં, તેટલા માટે બ્રહ્મચર્ય તથા ગૃહીના ધર્મો, મુકી દેઇ, વાનપ્રસ્થાશ્રમીના ધર્મોનો અંગીકાર શા માટે ન કરવો” ? મુનિ કહે છે “. હે સાધવિ બ્રહ્મચર્ય તથા ગૃહસ્થાશ્રમ પાળ્યા વિના એકદમ વાનપ્રસ્થાશ્રમ સિદ્ધ થઇ શકતો નથી. વેદશાસ્ત્રો સત્પુરૂષો અને સ્મૃતિ પણ કહે છે કે “ **अनाश्रमी नतिष्ठत् क्षणमेकमविह्वीजः** ” બ્રાહ્મણ, ક્ષત્રી અને વૈશ્ય એ ત્રણ જાતિમાંથી કોઇએ એક ક્ષણ પણ આશ્રમ વગર ન રેહેવું. અને તેમાં દ્વીજેતો વળી ચાર આશ્રમોમાંથીએક પણ આશ્રમનો ત્યાગ કરવાનો નથી, માટે બે આશ્રમો પ્રથમના ત્યાગી, એકદમ ત્રીજો વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરવામાં આવેતો, હે સતિ, તે કદીકાળે પણ સિદ્ધ થતો નથી.તેનું કારણ એ છે કે વાનપ્રસ્થાશ્રમને માટે સતશાસ્ત્રોએ પ્રૌઢ વય વિધાન કરેલી છે. જ્યારે કેશ ધોળા થાય, ગાત્રો શીથીલ થાય, સર્વ ઇંદ્રિયો તે તેના ભોગો ભોગવી સંતુષ્ટ થઇ નરમ થઇ જાય, અને પુત્ર પૂત્રાદિક પ્રજા ઉત્પન્ન થઇ ગએલી અને હયાત હોય, ત્યારે ગૃહસ્થાશ્રમી પુરૂષે વાનપ્રસ્થાશ્રમનો અંગીકાર કરવાનો છે; હે સતિ, અધિકારી પુરૂષ તો પ્રથમના બે આશ્રમોનું યથાવિધિ પાલન કરી, પશ્ચાત વાનપ્રસ્થાશ્રમનો અંગીકાર કરે છે. હે સ્ત્રી, જો બ્રહ્મચારી ગૃહસ્થાશ્રમ માંડવાની ઇચ્છા કરતો નથી, અને એકદમ વાનપ્રસ્થાશ્રમનો અંગીકાર કરવાની ઇચ્છા કરે છે, તો તેથી તે આ-

શ્રમથી ભ્રષ્ટ અને પરમાત્માનો દુષિત થાય છે. માટે હે સાધવી, સર્વ આશ્રમોનું ક્રમે ક્રમે યથાવિધિ પાલન કરી, પશ્ચાત જીવન મુક્તિના નિર્તિશય આનંદને ભોગવવો એજ ઉચીત છે. હે તત્વવિદ્ સતિ મૈત્રિય, સર્વે પ્રકારની અવસ્થા જાણવા છતાં, તથા મન કર્મ વચનથી સર્વ રૂણોથી મુક્ત છતાં બ્રહ્મચર્ય, અને ગૃહસ્થાશ્રમનું આપણે પાલન કરીયે છીએ જેથી રૂણની પ્રાપ્તિ થઇ છે. વેદનું અધ્યયન કરી બ્રહ્મચર્ય અવસ્થામાં આપણે ઋષિરૂણ પતાવ્યું છે, અને આ ગૃહસ્થાશ્રમ અવસ્થામાં ગૃહસ્થાશ્રમનું યથાવિધી પાલન કરી દેવ અને પિતૃઋણથી મુક્ત થવાનું છે. નહિંતો ક્રમ તુટી જાય અને પંક્તિ ભેદ પડયો ગણાય. માટે સૂર્ય ભગવાન જે આપણા સદ્‌ગુરૂ છે તેમની ગૃહસ્થાશ્રમ સિદ્ધ કરવાની આજ્ઞાનું સર્વશઃ પાલન કરી, પશ્ચાત સન્યાસનો અંગિકાર કરીશું તો તે યોગ્ય ગણાશે. હે સાધવિ, ગૃહસ્થાશ્રમના પાલનથી ગુરૂઆજ્ઞા પુર્ણ થશે, તેની સાથે યજ્ઞાદિરૂપી પ્રવૃતિ માર્ગદ્વારા દેવ અને પિતૃઓના રૂણથી મુક્ત પણ થવાશે અને તેમ થતાં ક્રમે કરી પરીણામે આત્મજ્ઞાન રૂપી નિવૃત્તિ માર્ગથી મોક્ષ પ્રાપ્ત થશે, માટે પ્રવૃતિ અને નિવૃત્તિ એ બન્ને માર્ગે જ્ઞાની પુરૂષે વહન કરવું ઘટે છે તે તું નિશ્ચયે કરીને જાણ? આ બન્ને માર્ગનું યથાવિધિ પાલન થાય અને તે દ્વારા વાસ્તવિક સુખ પ્રાપ્ત થાય એટલા માટેજ વર્ણાશ્રમની ખાસ અગત્ય છે.

હે પ્રહર્ષ પછી સિદ્ધેશ્વરાચાર્ય બોલ્યા "હે રાજન, આ પ્રમાણે દીગંબર સ્વામી યાજ્ઞવલ્કય અને મૈત્રીયનું વીવેચન શ્રવણ કરાવી, પશ્ચાત ભાનુદેવને કહેવા લાગ્યા. કે, " હે ભાનુદેવ, યાજ્ઞવલ્કયનું વર્ણાશ્રમની આવશ્યકતા સંબંધી વિવેચન શ્રવણ કરી તેમની સતિ પત્નિ મૈત્રિય રૂડી રીતે વર્ણાશ્રમ ધર્મનું પાલન કરવા લાગી. યજ્ઞ દાન તપ તિર્થ ઇત્યાદી રૂડી રીતે કરવા લાગી. એમ કરતાં કરતાં એક દીવસને સમાયોગે વિચાર કરવા લાગી કે " હું દેહાદિકના સમૂહરૂપ છું કે તેથી

ભિન્ન છું ? તેમજ દેહાદિકના સમુહ વીશે રહેલી હું તે જ છું કે ચૈતન્ય છું ? આ લોકમાં શા માટે આવી હઇશ. અને આ શરીરને ધારણ કર્યું તે પૂર્વે હું કયાં હતી, કોણ હતી, અને કયાં છું ? અને ભવિષ્યમાં કયાં જઇશ ? મારા પિતાના અને પતિ પૂત્રાદિકના જે વિદ્યમાન શરીરો છે, તેજ મારા માતા પિતા તથા પતિ પૂત્રાદિક છે કે એથી કોઇ ભીન્ન મારા માત પિતા તથા પતિ પૂત્રાદિક હોવાં જોઇએ ? વળી આ શરીર અંગે રહેલાં સુખ દુઃખનાં સ્વરૂપો કેવાં હશે. તે જાણવું જોઇએ.” મૈત્રિય આ પ્રકારના વીચારો કરવા લાગી, પણ પોતાના મનના પ્રશ્નોનું સમાધાન થવાની ઇચ્છા પાર ન પડવાથી સદાતે ચિંતાતુર રહેવા લાગી. મુનિ સર્વજ્ઞ અને સર્વ કાર્ય, હેતુપુરઃસર કરનારા હોવાથી, ગૃહસ્થાશ્રમ સિદ્ધ થવામાં યત્ કિંચિત્ વિઘ્ન ન નડે એટલા માટે, મૈત્રિયને બ્રહ્મવિદ્યા ભણાવતા ન હતા. પણ ઉલટા તેને ગૃહકાર્યો કરવા રૂપ પ્રવૃતિમાં નિરંતર યોજતા હતા. આ રીતે ગૃહસ્થાશ્રમમાં કેટલોક સમય વિત્યો પશ્ચાત એક દીવસે મૈત્રિય અને કાત્યાયિની એ બન્ને પોતાની પત્નિઓની સમક્ષ મુની પોતાનો સન્નિશ્ચય કહેવા લાગ્યા કે જે આવતી કાલે તને શ્રવણ કરાવીશું. આજે તો હવે સમય ઘણો વીતી ગયો છે માટે જઇ સુખ પૂર્વક નીદ્રાવશ થા ?” આટલું કહી ભાનુદેવે પત્નિ સહ સાષ્ટાંગ કર્યા એટલે મુનિ વીદાય થયા. અને ભાનુદેવ પણ પોતાના શયનગૃહમાં ચાલ્યો ગયો. હે પ્રહર્ષ, પશ્ચાત સિદ્ધેશ્વરાચાર્યે કથાપ્રસંગ કાલપર મુલતવી રાખી રાજાને વિદાય કર્યો અને પોતે પોતાને સ્થાને જઇ સંયમમાં પ્રવૃત થયા. હે વત્સ, આપણો પણ સમય થયો છે તો ચાલો આપણે પણ તેમજ કરીયે.” આટલું કહી મુનિ વીદાય થયા અને પ્રહર્ષ સહિત શીષ્યમંડળ પણ નિત્યનિયમ પ્રમાણે સદગુરૂને સાષ્ટાંગ કરી વિસર્જન થયું.

—તરંગ ૩ જો—

—યાજ્ઞવલ્કયનો સન્નિશ્ચય—

બીજે દીવસે મુનિવર્ચસ્તમાએ સમય થયો એટલે પેલા સિદ્ધેશ્વરાચાર્યે શુભ્રકેતુ રાજાને કહેલો ભાનુદેવ તથા દિગંબર સ્વામિનો વૃત્તાંત, પ્રહર્ષ પ્રત્યે કહેવાનો પ્રારંભ કર્યો; તેમાં યાજ્ઞવલ્કય મુનિએ પોતાની બન્ને પત્નિઓ મૈત્રિયી તથા કાત્યાયિની સમક્ષ, પોતાનો જે સન્નિશ્ચય નીવેદન કર્યો, તેનું સવિસ્તર વર્ણન કરી નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

મુનિ વર્ચસ્તમા કહે છે “ હે પ્રહર્ષ, તે તપસ્વિ સિદ્ધેશ્વરાચાર્ય સમય થયોએટલે આવીને શુભ્ર કેતુ રાજા પ્રતિ કહેવા લાગ્યા “હે રાજન, પછી દીગંબર સ્વામિ, ભાનુદેવ પ્રતિ મુનિ યાજ્ઞવલ્કયના સનિશ્ચયનું કથન નીચે પ્રમાણે કરતા હવા. દીગંબર સ્વામિ કહે છે, “ હે ભાનુદેવ, પશ્ચાત તે યાજ્ઞવલ્કય મુનિ એક દીવસના સમાયોગે પોતાની પત્નિઓ ગૃહકાર્યથી પરવારી રાત્રિએ પોતાની શૈયા પાસે આવી તે વખતે, મુનિ શૈયા ઉપર સુખ રૂપ આસનથી બેઠાબેઠા વિચાર કરતા હતા. જે જોઇ કાત્યાયિનિ તો ચૂપ થઈ કોરાણે જઇ ઉભી થઇ રહી, અને મૈત્રિય તો તે જોઈને સપ્રેમ સાષ્ટાંગ કરી, તેમને સવિનય પૂછવા લાગી કે “હે સ્વામિન્ આજ આપ શા વિચારો અને નિશ્ચયો મનમાં કર્યા કરો છો; એવા તે શા ઉંડા વિચારોમાં પડી ગયા છો, તે કૃપાકરીને આ દાસિને જણાવો ? ”

આ સાંભળી મુનિ યાજ્ઞવલ્કય કહે છે “ હે દેવી, હવે જે વિચાર કરૂં છું તે પાકો કરૂં છું. પણ વચમાં એમ જણાય છે કે ” તને બ્રહ્મોપદેશ આપી પછી તે પગલાં લેવામાં આવે તો ઠીક. મૈત્રિય કહે છે “ હે સ્વામિન્ એવાં શાં પગલાં લેવાનો ઈરાદો રાખો છો. ? ” મુનિ કહે છે “ હવે મારા આં ગૃહસ્થાશ્રમની અવધિ આવી રહી છે, એટલે વાનપ્રસ્થાશ્રમનો અંગીકાર કરવા માટે ઈરાદો રાખું છું; પણ તેમ કરતાં પેહેલાં તને કાંઇ

સદુપદેશ આપવામાં આવે તો સારૂં એવા હેતુથી, સહજ મન સાથે નિશ્ચય કરૂં છું કે તને બ્રહ્મોપદેશ આપી, પછી તે ત્યાગશ્રમ મારે ગૃહણુ કરવો "મૈત્રિય કહે છે "હે ભગવન્ તે ત્યાગાશ્રમ ગૃહણુ કરવાનું કારણુ કૃપા કરીને મને કહો?" મુનિ કહે છે "હે સાધવિ, તેના કારણો નીચે પ્રમાણે છે કે જે તને સંક્ષેપમાં શ્રવણુ કરાવું તે સાંભળ ?

મુનિ યાજ્ઞવલ્કય કહે છે, "હે મોક્ષની અધિકારિ કુલ દીપક સતિ, જો સઘળાં દેહધારી પ્રાણીઓને પ્રાણુ ધારણુ કરવો પડે છે એ પરમ દુઃખદાયક નહિંતો બીજું શું છે ? અને તે દુઃખદાયક છતાં તેને સુખરૂપ સમજી પ્રાણુ ધારણુ કરે છે એ એક આશ્ચર્યજનક નહિંતો બીજું શું છે ? હે સુસ્રી પ્રાણુને ધારણુ કરવાઅર્થે વળી આ શરીરરૂપિ પિંજર જે કેવલ બંધનરૂપ છે, અને તે માંહે રહેલી માંસ મેદ મજ્જા લાળ વિર્ય ઇત્યાદિ સાત ધાતુઓ, વાત પિત્ત અને કફના દોષોથી આવ્રત છે, તેવા અપવિત્ર અર્થાત કેવલ મલથી ભરપુર શરીરનો પ્રાણીને ખપ પડે છે. આ શરીર ઉપર કહ્યા તે દોષોથી આવ્રત હોવાથી નાના પ્રકારના ભયને ઉત્પન્ન કરનારૂં છે. જેથી હે કુલવતિ સાધવિ, તે શરીર અધ્યાત્મિક આધીભૌતિક અને આધિદૈવિક એમ ત્રિતાપમય હોવાથી, અનેક રોગોના દુઃખોને, કામ ક્રોધાદિ વિકારોથી ઉત્પન્ન થતાં દુઃખોને, નાના પ્રકારના હિંસક વા ઝેરી પ્રાણીથી ઉત્પન્ન થતા દુઃખોને, તેમજ તાઢ તડકો જળ અગ્નિ ઇત્યાદિ દેવોથી ઉત્પન્ન થતા દુઃખોને, પ્રાપ્ત કરી ત્રિવિધિ તાપથી યુક્ત રહેનારૂં છે. તે શરીરમાં આત્માના આગમન તથા ઉત્સર્ગથી જે ભય ઉત્પન્ન થાય છે, તેજ ભય આ સર્વ પ્રાણીઓનાં દુઃખનો હેતુ છે. હે સાધવી, આ લોક તથા પરલોકમાં પ્રાણીને અનેક પ્રકારના દુઃખો ભોગવવાં પડે છે, તે માત્ર એ દેહના સંબધથીજ ભોગવવા પડે છે એ તું નિશ્ચયે કરીને જાણુ ? માટે સર્વ દુઃખનું કારણુ આ શરીર સંબંધ છે, એમ તું નિસંશય માનજે ? હે સહધર્મચારિણી, પણુ

એથી એમ ન સમજીશ કે આત્માને દેહની સાથે કંઇપણ સંબંધ છે. આત્માતો કેવલ નિસંગ અને નિર્ગુણ છે. જો કદાચ તેને દુઃખ થતું જોવામાં આવે તો, તે માત્ર શરીરના સંગથીજ દુઃખી થાય છે. ” દીગંબર સ્વામિ કહે છે હે ભાનુદેવ, ભગવદ ગીતામાં પણ કહ્યું છે કે ध्यायतो विषयान्पुंसः संगस्तेषुज्यायते । संगात्संजायते कामः कामात् क्रोधोभि जायते । क्रोधात भवति समोह समोहात् स्मृति विभ्रमः । स्मृति भ्रंशाद्बुद्धि नाशो बुधिना शात् प्रणश्यति । વિષયના અધ્યાસથી સંગ થાય છે સંગમાંથી કામ ઉત્પન્ન થાય છે, કામમાંથી ક્રોધ અને ક્રોધમાંથી મોહ થાય છે; મોહે કરીને પછી સ્મૃતિવિભ્રમ થાય છે, અને એમ છેવટ સ્મૃતિનો ભ્રંશ અર્થાત્ નાશ થતાં, તે પ્રાણી વિનાશ પામે છે. માટે સુખ દુઃખનું કારણ વસ્તુત સંગ છે એમ આ ઉપરથી સમજવું. સર્વમાં સંગજ અનર્થનું કારણ છે. સંગજ દુઃખનો હેતુ છે અને સર્વમાં સંગજ વિનાશ કરે છે. હે વત્સ, તે યાજ્ઞવલ્કય પાછા કહેવા લાગ્યા કે “ હે મૈત્રિય, જેમ પાણીમાં શીતળતાનો સ્વભાવ છે, છતાં અગ્નિના સંગથી ઉષ્ણ થઇ જાય છે, તેવીજ રીતે આ શરીરમાં રહેલું મન, અંતર મૂખથી જીવાત્માને ઓળખવાના સ્વભાવવાળું છે, છતાં તેને સંસારના વિષય વિકારોનો સંગ થવાથી, બહિરમુખ થઇ જઈ, જગતને સત્ય માની, દુઃખરૂપ ફળનું તે ભોકતા બની રહે છે. અને એજ કારણથી ‘ હું અને મારૂં ’ એવી અહં મમતાવાળું જે પ્રાણીનું મન, તે શરીરમાં રહી સર્વ જીવોના દુઃખનું કારણ બને છે, અર્થાત શરીરના સંગથીજ તેનામાં સર્વ વિકારો ઉદભવે છે. એટલે તાત્પર્યમાં શરીરજ દુઃખપ્રદ છે. હે સાધવિ, પ્રથમ જ્યારે હું બ્રહ્મચારી હતો, ત્યારે હું જરાપણ વિકારી કે વિક્ષેપવાળો નોહોતો; પણ હાલ આ ગૃહસ્થાશ્રમ ભોગવી સ્ત્રી પૂત્રાદિકનો જ્યારથી મેં સંગ કર્યો છે, ત્યારથી મને વિકાર અને વિક્ષેપ એ બન્ને લાગુ પડેલાં છે. હે ઋષિપત્નીઓમાં શ્રેષ્ટ સતિ મૈત્રિય, માટે સ્ત્રી સંગ, એ પણ એક દુઃખનું કારણ છે. બ્રહ્મચર્ય અવસ્થામાં હું

એક 'બ્રહ્મસત્ય જગતમિથ્યા,' એ વેદ વાક્યને અનુભવથી જાણતો હતો, અને તે વખતે દેહ ઈત્યાદિકને મળથી ભરપુર અને અનિત્ય પદાર્થ માનતો હતો. સૂખદુઃખ સહન કરી અઘોર અરણ્યમાં એકાંત સ્થળ શોધી, તપશ્ચર્યામાં આરૂઢ રેહેતો. અને એવું તો તે વખતે તપ કરતો હતો, કે ઇંદ્રની અપ્સરાઓ પણ મારા તપને ચલાયમાન્ કરવાને સમર્થ થઈ શકતી નહતી તે પણ વખત હતો અને આ પણ વખત છે, કે જેમાં ગૃહસ્થાશ્રમને સિદ્ધ કરવા જતાં સ્ત્રી ઈત્યાદિનો સંગ થયો, અને તે સંગથીજ સર્વ ભ્રાંતિમય જગત સત્ય જણાવા લાગ્યું. વળી તે વખતની જે મારી અડગવૃત્તિ, તે અત્યારે ચલાયમાન થઇ જઇ, આ દૃશ્ય પ્રપંચ અને વિષયજન્ય પદાર્થોમાં રચીપચી રહી છે. વસ્તુતઃ જે પ્રકારનુ શરીર સ્ત્રીઓનું મળવાળું છે, તેવુંજ પુરૂષોનું પણ મળયુકતજ છે. રૂધિર આમિષ, મજ્જા, મેદ, પરૂ ઈત્યાદિ બન્નેમાં સરખું અને એકજ છે. આથી પુરૂષોના કિંવા સ્ત્રીઓના મલિન વસ્તુના સમુહરૂપ શરીરને, ભ્રાંતિથી સત્ય માની બેસવું, એ પણ એક અજ્ઞાન અને મુર્ખતા છે. હે દેવી, આપણે ગૃહસ્થાશ્રમ ભોગવવામાં કાંઈ કસર રાખી નથી. માટે હવે ત્યાગાશ્રમ ગૃહણ કરવો યોગ્ય છે એવો મારો દૃઢ નિશ્ચય થયો છે. કારણ કે પુરૂષ વા સ્ત્રીનું શરીર, તેના પિતા માતાના વિર્યશોણિતથી ઉત્પન્ન થએલું, અન્નમય પ્રાણથી માત્ર જે ટકી રહેલું, તથા જેના નવેદ્વાર મળથી ભરપુર છે એવું તે મલિન અને અશુદ્ધ શરિર સત્શાસ્ત્રો અને સત્પુરૂષોએ એકપક્ષે અપવિત્ર માનેલું છે, છતાં તેને તત્વવિદ યોગી જનોએ અંતરયામિ પરમાત્માને ઓળખવાનું એક અમુલ્ય સાધનરૂપ દેવલ માનેલું હોવાથી, વેદશાસ્ત્ર બીજે પક્ષે તેની સ્પષ્ટપણે શ્રેષ્ટતા પ્રતિપાદન કરેલી છે; અને આટલા માટેજ મનુષ્યદેહ સર્વથી શ્રેષ્ટ ગણેલો છે.

તાત્પર્યમાં હે સાધવિ સંગ એજ મુખ્ય આ સર્વ ઉપાધીનું કારણ છે. જુઓ, આપણે યુવાવસ્થામાં એકબીજાને વિહાર વખતે તે તેના અંગોને અત્યંત પ્રિય સમજી, તેમાં આસકિત

રાખી વિષયલુબ્ધ રહેતાં હતાં, અને છેક વૃદ્ધાવસ્થા આવી ગઇ ત્યાં સુધી પૂત્રપૂત્રાદિકની ઇચ્છાએ અહાર વીહારાદિ વીષયોનું પ્રીતિથી સેવન કરતાં હતાં, પણ તે કેવલ હે સતિ, આપણી ભ્રાંતિમય સ્થિતિ હતી. હે સહધર્મચારિણી, તે ભ્રાંતિમય સ્થીતીનો નાશ નથી થયો ત્યાં સુધી, સંગથી ઉત્પન્ન થએલી આ સર્વ ઉપાધિને ભોગવીએ છીએ એમ તું નિશ્ચે કરીને જાણ? હવે તે ઉપાધિરૂપ અધમદશાનો ત્યાગ કરી, જે પરમાનંદના પરમધામની પ્રાપ્તિ કરાવનારૂં છે, તથા જે સચરાચર અને મારા તમારા તેમજ સર્વમાં સમ સર્વત્ર વ્યાપી રહેલું છે, તે શુદ્ધ જ્યોતિર્મય ચૈતન્ય સ્વરૂપને ઓળખવા માટેજ, આ ત્યાગાશ્રમની આવશ્યકતા છે. હે સતિ, હું જાણું છું કે તે પરમાનંદ સ્વરૂપ પરમાત્માના સાક્ષાત્કાર અર્થે, માયાનો યથાવિધિ પરિત્યાગ કરવાનો છે, છતાં હજીપણ, નારીરૂપિ નરકની રંગભુમિ ઉ:ર નાચ્યા કરૂં છું, તે શું મારા જેવા યોગિમહર્ષિને અધમ નથી? છેજ; અરે એ છેકજ અધમ છે એમ તું નિસંશય જાણજે? આત્માના નિત્યસુખની અવગણના કરવી, અને આ સંસાર તથા સ્રી રૂપિ નર્કમાંજ સર્વ સૂખ છે, એવો જે બૃદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન થવો, તે આપણા અશુભ સંસ્કારનું ફળ નહિતો બીજું શું? હે દેવિ, પણ આટલું તો કહ્યાવિના છુટકો નથી, કે ગૃહસ્થાશ્રમને સિદ્ધ કરનાર મનુષ્ય, અન્ય સર્વ આશ્રમોને સહજમાં સિદ્ધ કરી, પરીણામે પરમપદે શમાય છે, માટે ક્રમે ક્રમે સર્વ આશ્રમોનું પાલન કરવું ઘટે છે. બાકી આ લોકમાં તેમ પરલોકમાં પાપાત્મા પુરૂષો કિંવા સ્રિઓ ચારે આશ્રમોમાં રહેવા છતાં આનંદસ્વરૂપ સર્વના અંતર્યામિ પરમાત્માને ઓળખતા નથી, કિંવા ઓળખવાને યત્કીંચીત પણ પ્રયત્ન કરતા નથી જેથી, તેઓ અંતે પણ જગત અને સ્રી પુત્રાદિક ઇત્યાદિ દૃષ્ય પદાર્થોમાંજ આસક્તિ રાખી અજ્ઞાન રૂપી તીમીરનો નાશ કરવા અસમર્થ બની આત્મસ્વરૂપને ઓળખવા સમર્થ થઈ શકતા નથી. પણ આપણી પેઠે જેને સુર્ય ભગવાન જેવા સમર્થ સદ્ગુરૂ પ્રાપ્ત

છે, તેનેતો સર્વ આશ્રમો સિદ્ધ કરવામાં, વ્યહુવાર અને પરમાર્થ ઉભયને યથાવિધી સાધવામાં, તથા તે આનંદસ્વરૂપ પરમાત્મતત્વને ઓળખવામાં લેશ પણ વીઘ્ન કદી નડતું નથી. માટે આપણે સમર્થ સદગુરૂ પ્રાપ્ત કરી, તેઓશ્રીની પાસેથી દીક્ષાનો ક્રમ લેઇ, પુરતો વિદ્યાભ્યાસ કરી, યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કર્યું, તેમ છતાં આ અસત્ય જગત સ્ત્રી પુત્રાદિકમાં આસક્તિ રાખી, તેને વળગી રહેવું એ આપણી પામરતા નહિંતો બીજું શું કહેવાય ? હે સાધવિ, અત્યારે તમે જો કે સ્ત્રી શરીર વાળાં છો, છતાં તે તમારા શરીરને હું સ્ત્રી શરીર જાણુતો નથી, પણ મારા તમારા અને સર્વના અંતરમાં રહેલું, તે અંતરયામિનું અભિન્ન એક નિરામય શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જાણું છું. એમ હું તથા તમે એકજ શરીર વ્યકિત છીયે, એમ સમજી આ સર્વ તમો બન્ને સાધવીઓ પ્રતિ કથન કરૂં છું; હે દેવી, સ્ત્રી પુરૂષની સાધારણ ભેટથી વિષયસુખની પ્રાપ્તિ નથી; માત્ર મનની ભાવનાજ વિષય સુખનું સાધન છે. જુઓ અત્યારે મારી ભાવના તમારા બન્નેના શરીરને, મારાથી અભિન્ન સમજી મિત્રવત્ બની આ સર્વ તમારા પ્રતિ કથન કરે છે. હે સહધર્મચારિણી, જુઓ મને સુર્ય ભગવાને ગૃહસ્થાશ્રમનું પાલન કરવાની આજ્ઞા કરી હતી, તે એટલાજ માટે કે આપણા સ્વરૂપસ્થ થયા પછી પણ બ્રહ્મવિદ્યા આપણી પ્રજા દ્વારા અધિક વિસ્તાર પામતી રહે; આ આજ્ઞા તેઓની પૂર્ણ કર્યા પછી પણ ઘણો વખત આપણે છેક વૃદ્ધ થતાં સુધી, ગૃહસ્થાશ્રમમાંજ પડી રહ્યાં છીયે. માટે હવે પત્નિ સહ વાનપ્રસ્થાશ્રમ જે ત્યાગાશ્રમ જેવોજ ગણાય છે તે પાળવાનો સમય થયો જાણી, તમારે બેને માટે વિચાર કરતો હતો, કે તમે બે મૈત્રિય અને કાત્યાયિની, એ મારી પરમ પ્રિય પત્નિઓ છો, તેને જો વનમાં લઇ જઇશ, તથા વાનપ્રસ્થાશ્રમ વનમાં કદી પુર્ણ થશે અને ત્યાં કદી સન્યાસાશ્રમ લઇ તેમનાથી મુક્ત થઇશ તો પછી તે બીચારી બન્ને વનમાં રખડતી રઝળતી થઇ જશે, અને છેવટે પરમદુઃખ પામી મૃત્યુને સ્વાધીન થશે. જેથી મને નીચેનો શ્લોક યાદ આવ્યો:—

निसंगता मुक्तिपदं यतिनाम सगाद् दोषाः प्रभवन्ति दोषाः आरूढ योगोऽपि निपात्य तेऽत्र संगेन योगि किमुताल्य सिद्धिः સ્ત્રિ પુત્રાદિક અને દ્રવ્ય ઇત્યાદિકનો, ત્યાગ કરવો એ ત્યાગી પુરૂષોનો ધર્મ છે. સ્ત્રી આદિના સંગે મોટા યોગી જનો યોગભ્રષ્ટ થઇ ગયા છે, તો યોગી થવાની ઇચ્છાવાળા પ્રાણીઓ યોગથી વિમુખ થાય તેમાં કશૂંજ આશ્ચર્ય નથી. હે સાધવિ મને તે વખતે મારા મનમાં નિશ્ચય થયો કે ત્યાગાશ્રમ ધારણ કરી મોક્ષ મેળવવાની ઇચ્છા કરવા જતાં તમારો મને ભય રહે છે. હું ત્યાગાશ્રમનું તમારી સમિપ રહીને પાલન કરૂં, તો પાછો સંગથી વ્યામોહને પ્રાપ્ત થઈ ત્યાગાશ્રમથી ભ્રષ્ટ થાઉં. કારણ કે આત્મસ્વરૂપમાંથી બહીરમૂખતા, જેટલી સ્ત્રી વ્યક્તિથી થાય છે, તેટલી અન્ય બીજા કશાથી થતી નથી માટે સ્ત્રી સંગથી પછી તો મારે કેવલ દુર રહેવું ઘટે છે. હવે હું એ સન્નિશ્ચય પર આવ્યો છું, કે મારે તમો સ્ત્રી પૂત્રાદિકના પરિત્યાગ પૂર્વક થોડી મુદતમાં ત્યાગાશ્રમને ગ્રહણકરવો. પણ તે પુર્વે મારે તમને બન્નેને સંતોષ પૂર્વક સુખ આપવું જોઇએ, કારણ કે તમે મારી બન્ને સહધર્મચારિણી, સતિ સાધવિ પત્નિઓ છો, મિત્રરૂપ છો, અર્ધાંગનાઓ છો. તમારી સાથે ચિરકાળ મેં સહવાસ રાખી, તમને મારા પરમ મિત્ર તરીકે માની સંસાર ખેડયો છે; પ્રાણીએ પોતાના મિત્ર ઉપર ઉપકાર કરવો જોઇએ એ વેદશાસ્ત્રના વચન પ્રમાણે મારે તમારા બન્ને ઉપર અવશ્ય કંઇક ઉપકાર કરવો ઘટે છે. તમારા બન્ને પૈકી, દેવી કાત્યાયીની, તમે તો ગૃહકાર્યમાંજ કુશળ એટલે તમે બંધ તથા મોક્ષ કંઈજ જાણતાં નહીં હોવાથી, તમને હું સંસારને તેની માયીક પદાર્થોની વ્યવસ્થાની અધિકારી ગણી આ સર્વ પૂત્રપૂત્રાદિક અને તેના ગૃહ કાર્યભારની સુંપરત કરૂં છું. અને હે પરમ સાધવિ મૈત્રિય, સંસારના જન્મ મરણાદિ દુઃખો જોઇને તેનાથી છુટવા અને મોક્ષની પ્રાપ્તિ થવા તારી અંતરની જીજ્ઞાસા છે, તેથી તને બ્રહ્મવિદ્યાની અધિકારી

બનાવું છું. તે માટે હે યોગિની સન્યાસ લેતાં પુર્વે તને યથા શક્તિ તત્વજ્ઞાન પ્રાપ્ત કરાવીશ માટે પ્રસન્ન રહેજે. ?

મુનિ વર્ચસતમા કહે છે " હે પ્રહર્ષ, આટલું કહી દીગંબર સ્વામિએ ભાનુદેવને યાજ્ઞવલ્કયના સન્નિશ્ચય સંબંધીનું કથન સમાપ્ત કર્યું, અને તેમણે પોતાની સ્ત્રીને કેવે પ્રકારે બ્રહ્મ વિદ્યા આપી તેનું વીવેચન પેલા સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિએ કથન કરવાનું બીજા દીવસ ઉપર મુલતવી રાખ્યું, અને રાજા તથા તે સિદ્ધેશ્વરાચાર્ય બન્ને પોત પોતાને સ્થાને વીદાય થયા. હે વત્સ, બીજે દીવસે દીગંબર સ્વામીએ ભાનુદેવને મુનિયાજ્ઞવલ્કયે પોતાની પત્નિ મૈત્રિયને બ્રહ્મોપદેશની પવિત્ર કથા જે શ્રવણ કરાવી, અને જે સિદ્ધેશ્વરાચાર્યે તે શુભ્રકેતુ રાજાને કહી સંભળાવી તે તને કાલે કહેવામાં આવશે." આ સાંભળી પ્રહર્ષ તથા સર્વ શિષ્યમંડળ પોતાના સદ્ગુરૂ વર્ચસતમાને સપ્રેમ સાષ્ટાંગ કરી વેરાઇ ગયું અને મુનિપણ પોતાને સ્થાને ગયા.

—તરંગ ૪ થો—

—યાજ્ઞવલ્કય બ્રહ્મોપદેશ—

બીજે દિવસે મુનિવર્ચસૂતમા પોતાના નિત્ય નૈમિતિક સમયે પોતાના પરમપ્રિય શિષ્ય પ્રહર્ષને દીગંબર સ્વામિએ ભાનુદેવ પ્રતિ કરેલા યાજ્ઞવલ્કયના બ્રહ્મોપદેશના વીવેચનનું કથન જે શુભકેતુરાજાએ પોતાના સદગુરૂ સિદ્ધેશ્વરાચાર્ય દ્વારા શ્રવણ કર્યું હતું તે વૃત્તાંતને નીચે પ્રમાણે શ્રવણ કરાવવા લાગ્યા.

દીગંબર સ્વામિએ, બીજે દીવસે ભાનુદેવ, પત્નિસહ આવી પોતાને આસને સાષ્ટાંગ કરી બેઠો, એટલે યાજ્ઞવલ્કયના બ્રહ્મોપદેશના વૃત્તાંતનું દીગંબરસ્વામિ નીચે પ્રમાણે કથન કરતા હવા.

વર્ચસૂતમા કહે છે "હે પ્રેહર્ષ, પેલા તપસ્વિ સિદ્ધેશ્વરાચાર્ય તે શુભ્રકેતુરાજાને કહેવા લાગ્યા કે "હે રાજન્ બીજે દીવસે સમય થતાં ભાનુદેવ ગુરૂ સમીપ આવીને બે હાથ જોડી સવિનય બોલ્યો " હે ગુરો, મુનિયાજ્ઞવલ્કય જેવા સ્થિતપ્રજ્ઞને પણ

ત્યાગાશ્રમ ગૃહણ કરતાં પૂર્વે પોતાની બન્ને પત્નિઓની ઉપાધિની ચિંતા સેવવી પડી, પણ પછી તેઓએ બન્નેને, શી રીતે ન્યાય આપ્યો તે કહેવા કૃપા કરો ? યાજ્ઞવલ્કય મુનિએ મૈત્રિયને બ્રહ્મવિદ્યાની અધિકારી કેમ ગણી, અને કાત્યાયીનીને ગૃહકાર્યભારની અધીકારી કેમ ગણી તે સંબંધી પણ ખુલાસો કરવા શિશુ ઉપર અનુગ્રહ કરો ? " આ સાંભળી દીગંબર સ્વામિ કહે છે " હે વત્સ, મુનિયાજ્ઞલ્કય સ્ત્રી પૂત્રાદિકના સંગનો ત્યાગ કરતાં પહેલાં બન્નેને બોલાવી કેહેવા લાગ્યા કે 'હે કુલવતિ કાત્યાયિની, તમે કેવલગૃહકાર્યમાંજ કુશળછો અને બંધ તથા મોક્ષ શું છે એથી કેવલ અજ્ઞાત છો. આ કારણથી તમે બ્રહ્મવિદ્યાનાં અધિકારિ નથી. અને હે મૈત્રિય તમને સંસારના જન્મ મરણાદિ દુઃખો જોઇ નિરંતર ગ્લાની અને શોક થયા કરે છે, અને તેથી સદા તમે મોક્ષની ઇચ્છા કરો છો વાસ્તે તમે બ્રહ્મવિદ્યાનાં અધિકારી છો. તમને યુવાવસ્થામાં કામ ક્રોધાદિ વીકારો થયા નોહતા, માત્ર પ્રજોત્પતિને માટેજ તમે વિહારાદિ વિષયો ભોગવવામાં ભાગ લેતાં. નહિં કે તમારામાં કે તમારા શરીર પ્રત્યે કીંવા તમારા શરીર સંબંધીઓ માટે ખાસ તમને પ્રેમ હતો. જેથી હે મૈત્રિય તમને બ્રહ્મવિદ્યાના અધિકારી ગણી નીચે પ્રમાણે તમારા બન્નેનો ન્યાય કરૂં છું તે શ્રવણ કરી પશ્ચાત તે પ્રમાણે અનુસરવા પ્રયત્નવાન રહી સુખને પ્રાપ્ત કરજો, એ મારી તમને બન્નેને પ્રેમપૂર્વક આજ્ઞા છે. આટલું કહી હે ભાનુદેવ મૈત્રિયને યાજ્ઞવલ્કય મુનિએ નીચે પ્રમાણે બ્રહ્મોપદેશ કર્યો.

યાજ્ઞવલ્યકય મુનિ બોલ્યા "હે મૈત્રિય, હવે હું આ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી ત્યાગાશ્રમનો અંગીકાર કરૂં છું; પણ તે પૂર્વે આપણા ઘરમાં જે સુવર્ણ હીરા ઇત્યાદિ દ્રવ્ય છે તેના બે વિભાગ કરી એક કાત્યાયિનીને અને એક તમને એમ આ ક્ષણથી અર્પણ કરૂં છું. તે ધનથી તમો ઉભય સુખને પ્રાપ્ત કરશો. હે વત્સ એમ કરી તે દ્રવ્યના બન્ને ભાગ કરી મુનીએ એક ભાગ કાત્યાયિનીને આપ્યો. કાત્યાયિનીને જે એક ભાગ આપ્યો તે

સંકલ્પપૂર્વક તેણે ગૃહણ કરી લીધો, પણ મૈત્રિયેતો પોતાનો ભાગ લેતાં પૂર્વે કહ્યું કે "મહાન સમર્થ સ્થિતપ્રજ્ઞ પુરૂષની જોડે પાનું પડ્યું છતાં,આત્મજ્ઞાનની પ્રાપ્તિ થયાવિના મારૂં શરીર છુટે એ આપના જેવા તત્વવિદ યોગિજનોને, ઘટતું નથી. પછી આપ આપની ઇચ્છામાં આવે તે કરવા સમર્થ છો. આ પ્રકારનો મૈત્રિયનો નિશ્ચય શ્રવણ કર્યો અને મુનિએ જ્યારે એમ જાણ્યું કે તેને ધનની ઇચ્છા નથી પણ આત્મજ્ઞાનની ઇચ્છા છે ત્યારે નીચે પ્રમાણે મૈત્રિયને બ્રહ્મોપદેશ દેવા લાગ્યા

મુનિ યાજ્ઞાવલ્કય કહે છે " હે મૈત્રિય, ધન વડે ધર્મરૂપ અર્થની સિદ્ધિ થાય છે, પણ મોક્ષરૂપ પરમ પદના ફળની સિદ્ધી થતી નથી. ધન વડે પુરૂષ અને સ્ત્રીઓને વિષય સંબધનું સુખ સત્વર પ્રાપ્ત થાય છે,પણ તે સુખ ખરીરીતે જોતાં જીવને દુઃખ રૂપ છે; ધનથી સંભોગાદિ વિષય સુખ પ્રાપ્ત થાય છે એમ જો કહેવામા આવે તો શ્વાનમાંજાર ઇત્યાદિ પ્રાણીઓ ધન વગર ની સંભોગાદિનુ સુખ ભોગવે છે એટલે તે સુખ પણ ધન વડે જ પ્રાપ્ત થાય છે એમ નથી. અમુક સ્પર્શસુખ કે ગંધસુખ માખી અને ભ્રમર અનેક સુવાસિત પુષ્પોમાંથી રાત દિવસ લે છે, તો તે સુખ પ્રાપ્ત કરવામાં કયાં તેઓને ધન લેવા જવું પડે છે. જો સ્વાદેન્દ્રિયનું સૂખ ધનથી મળતું હોય,, તો કીર મેના ઇત્યાદિ અનેક મિષ્ટ અને ષટરસયુકત મધુર [illegible]નો નિરંતર સ્વાદ ચાખ્યા કરે છે તેને ધન કયાં પ્રાપ્ત થાય છે. માટે સૂખ માત્ર ધનવડે પ્રાપ્ત થાય છે એમ નથી, તે તું હે સહધર્મચારીણી નિશ્ચે કરીને જાણ ? જો, માટી, પૈડું, દંડ અને કુંભાર ચાર વસ્તુના સંમેલનથી એક ઘડે બને છે. અર્થાત ઘડાને ઉત્પન્ન થવામાં એ ચાર કારણરૂપ છે. અને જે માટી લાવનાર ગર્ધવ છે તે પણ તેમાં ભાગ લેનાર છતાં તે ગર્ધવ તે ઘડાના કારણ રૂપ કહેવાતો નથી. ધન વડે વિષયસુખ જે પ્રાપ્ત થાય છે તે પ્રકારનું સુખ તો પશુ પક્ષી ઇત્યાદિ જીવોને અને કેવલ નિર્ધન

તથા હરિદ્રાવસ્થા વાળા મનુષ્યોને પણ પ્રાપ્ત થાય છે; માટે ધન એ વિષય સુખનો હેતુ છે એમ લેશ પણ કહેવાય કે માની શકાય નહિં. સ્વર્ગાદિ સુખની પ્રાપ્તીનું પણ કોઇ રીતે ધન કારણ ભૂત છે એમ લેશ પણ જાણીશ નહિં. હેસાધવિ, તું એમ જાણતી હઇશ કે સ્વર્ગાદિક સુખ તે અશ્વમેધાવિ યજ્ઞો કરવાથી પ્રાપ્ત થાય છે, અને યજ્ઞો દ્રવ્યવિના થઇ શકતા નથી. પણ હે કુલોદ્ધારિણિ, દ્રવ્ય એ સ્વર્ગાદિક સુખનું કારણ નથી. કારણ કે અશ્વમેધ વિના અન્ય જપ તપ વૃતાદિનું યથાવિધિ પણ પાલન કરવાથી સ્વર્ગસુખની પ્રાપ્તિ થાય છે. હે મૈત્રિય, આ લોકમાં તેટલા માટે ધન એ મોક્ષરૂપ પરમ પદના ફળની પ્રાપ્તિનું સાધન નથી એમ નિશ્ચે કરીને જાણજે; પરમ પદની પ્રાપ્તીનું સાધન એક આત્મજ્ઞાન છે. 'હે સહધર્મચારિણી મૈત્રિય, આત્માના સ્વરૂપ વિશે જે જે નિરૂપણ કરી તને સ્વરૂપનો નિર્ણય કરી બતાવું તે શ્રવણ કર? ધનથી કંઇ મોક્ષ ફળની પ્રાપ્તિ થતી નથી. એ વાતતો તને હવે સ્પષ્ટ થઈ ગઇ હશે. હે સુબુદ્ધિશાળી સ્રી, પત્નિ પોતાના સુખને અર્થે પતિ પર પ્રિતિ કરતી હશે, કે પતિસ્રીના સૂખને અર્થે પ્રીતી કરતો હશે, તે બાબત તને શંકા થતી હશે, પણ તેના સમાધાનમાં તને બે શબ્દમાં સમજાવું તે શ્રવણ કરી પ્રસન્ન થા ? હે સાધવી, પુરૂષ વા સ્રી સહુ પોતપોતાના સૂખને અર્થે એક બીજામાં પ્રેમ રાખે છે એ નિશ્ચયે કરીને જાણજે ? કારણ કે જો પતિના સુખને અર્થેજ સ્રી પ્રિતિ કરતી હોયતો, પતિ પરસ્રી ગમન કરે છે તે વખતે તેને પતિ પ્રતિકુળ જણાય છે એમ થવું ન જોઇએ. માટે પોતાનાજ સૂખને અર્થે પતિપર પ્રિતિ કરનારીજ તે સ્રી જાતી છે એમ સિદ્ધ થાય છે. તેમજ પતિ પણ પોતાના સૂખ અર્થેજ અર્થાત કામાદિ અગ્નિના શમન માટે તેમજ અન્ન અને ખાનપાનાદિ વ્યહવારના સુખની પ્રાપ્તિને માટે સ્રી ઉપર પ્રીતી કરે છે; તાત્પર્યમાં સર્વ કોઇ પોતાના સુખને અર્થે સ્વાર્થપરાયણ પ્રિતિ કરે છે એ વાત તારા અંતરમાં સત્ય અને સ્પષ્ટપણે માનજે ? હવે પતિ, પુત્ર સ્રી ધન ધામ ધરા

અને આખું જગત તે, જે પ્રાણીને પ્રતિકુળ હોય છે તો તે દુઃખરૂપ જણાય છે અને અનુકુળ હોય છે તો તે સૂખરૂપ જણાય છે એનું શું કારણ હશે એમ તું ધારતી હઈશ, પણ હે કુલવતિ તું તે આત્મસ્વરૂપ તરફ તારૂં લક્ષબિંદુ રાખીશ, તો તને સમજાશે કે તે અંતરયામિ આત્મસ્વરૂપને કંઈપણ વસ્તુ અનુકુળ કે પ્રતિકુળ, પ્રીય કે અપ્રિય છેજ નહિં. માત્ર જીવને અમુક પદાર્થ, મારા સુખનું સાધન, કે અમુક વસ્તુ મારિ પરમ પ્રિય સુખના હેતુરૂપ છે, એવી જે વસ્તુમાં તેણે બુદ્ધિ સ્થાપેલી હોય છે, તેથીજ અનુકુળ પ્રતિકુળપણાને તે પ્રાણી પ્રાપ્ત થાય છે. અનાત્મ પદાર્થોમાં પ્રીતિ તે અનુકુળતાનું અને અપ્રિતી તે પ્રતિકુળતાનું કારણ છે. કારણ કે અનાત્મ પદાર્થોમાં પ્રિય અપ્રિય પણાનો કશો ગુણજ રહેલો નથી, છતાં જીવ તેનામાં અહંમમત્વની બૂદ્ધિ સ્થાપે છે, અને તેજ તેના સુખદુખનું કારણ છે. સ્ત્રી પૂત્રાદિક જે વસ્તુતઃ અનાત્મ પદાર્થો છે, તેમાં પ્રાણીની પ્રિતિ દ્રઢ થવાથી, તેને સુખરૂપ જણાય છે, પણ તે અનાત્મ પદાર્થોનો વિયોગ થતાં, તે જીવને અત્યંત દુઃખ જણાય છે. માટે અંતરયામિ જ્યોતિસ્વરૂપ પરમાત્માથી ભિન્ન વસ્તુતઃ કોઇ પદાર્થ નથી, અને જે અનાત્મ પદાર્થો છે તે અનાત્મ પદાર્થ જડ સમાન છે તેમાં પ્રિયતા કશીજ રહી નથી. છતાં જે જે કાલે જીવને તે પ્રાપ્ત થાય છે તે વખતે તે પ્રિય બને છે. અર્થાત સર્વનો સાક્ષીરૂપ પ્રિય અને શ્રેયસ્કર આત્મા પોતાના સંબંધમાં આવનાર જડ અને અનાત્મ એવી અપ્રિય વસ્તુને પ્રિય બનાવી દે છે એમ તું નિશ્ચે કરીને જાણજે ? હે સાધવિ, આનંદ સ્વરૂપ આત્મા સર્વને પ્રિય છે. તેમાં પ્રિયતમ પણાનો ગુણ રહેલો છે. અપ્રિય, પ્રિય અને પ્રિયતર એ ત્રણ ગુણથી પ્રિયતમપણું આત્માનું સિદ્ધ થઇ શકે છે. અમુક મને ન મળેતો ઠીક. અંધારૂ છે ને વીંછી ન કરડે તો સારૂ, એ પ્રકારની બુદ્ધિ તે અપ્રીયતા છે. સ્ત્રી ઇત્યાદિ પ્રાપ્ત થાય ત્યારે સુખ થાય એ પ્રકારની બુદ્ધિ તે સ્ત્રી ઈત્યાદિમાં પ્રિયતા

છે અને સાત્વીક અંતઃકરણના પરિણામ રૂપ જે સુખ તે પ્રીયતર છે. આ પ્રકારની પ્રિય, અપ્રિય અને પ્રિયતર એવી બુદ્ધિ આત્મામાં થવી તે પોતાના આત્માના સુખને અર્થેજ થાય છે બીજાને માટે હોતી નથી. માટેજ જ્યોતિસ્વરૂપ આત્મા સર્વને પ્રિયકર છે અને સર્વના પ્રિયતમ છે એમ વેદશાસ્ત્રો અને સત્પુરૂષો ગાય છે. હે મૈત્રિય, બ્રહ્માનંદ તે આત્મસ્વરૂપનો આનંદ છે ને તે જીવના પરમ પુરૂષાર્થનો હેતુ છે. આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થવા માટે ષટસંપતિ પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે. સંશય વિપર્યય વગર આત્માનો સાક્ષાત્કાર કરવાની જેને ઈચ્છા હોય તેણે તો વિરાગ–વીવેક–શમદમાદિ ષટસંપતિઓ અને ચોથી મુમુક્ષુતા એ ચાર વસ્તુઓ સિદ્ધ કરવાની છે. પશ્ચાત તેણે શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ હોય તેવા પુરૂષને સદગુરૂ કરી તેની સમીપ જવું અને તેના મુખથી **अयं आत्मा ब्रह्म** ઇત્યાદિ શ્રવણ મનન તથા નિદિધ્યાસન કરવું ઘટે છે; એટલું થઇ રહ્યા પછી હે મૈત્રિય, ઉપક્રમ, ઉપસંહાર ઇત્યાદિ અદ્વિતિય બ્રહ્મનાં છ લક્ષણો સિદ્ધ કરવાં પડે છે, અને ત્યાર પછી બ્રહ્મ સ્વરૂપનો નિર્ણય થઈ શકે છે. સત્ ચિદ અને આનંદ સ્વરૂપ પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને ઓળખવા સારૂ એટલું બધું કરવું પડે છે ત્યારે સાક્ષાત્કાર થાય છે. હે મૈત્રિય હવે તે આત્મસ્વરૂપને જાણવાને માટે સાધનો શી રીતે પ્રાપ્ત કરવાં, તે સબંધી હું તને કહીશ તે તું પ્રસન્ન ચિત્તે શ્રવણ કરજે.

આટલું કહી દીગંબર સ્વામી બોલ્યા " હે ભાનુ હવે યાજ્ઞવલકય મુનિએ સાધન શી રીતે સંપાદન કરવાં તે સંબંધી મૈત્રિય પ્રતિ જે વીવેચન કર્યું તે હું તને કાલે શ્રવણ કરાવીશ. માટે અત્યારે તમે પવિત્ર દંપતિ બન્ને જઇ વિશ્રાંતિ લ્યો. ? " આ શ્રવણ કરી દંપતિએ સાષ્ટાંગ કર્યા એટલે મુનિ પોતાને સ્થાને ગયા.

મુનિ વર્ચસતમા કહે છે ' હે મહર્ષ પેલા સિદ્ધેશ્વરાચાર્યે પણ આટલેથી તે વૃત્તાંતને બંધ કરી રાજાને નિદ્રાવશ

થવાની આજ્ઞા આપી. અને તેથી ગુરૂ શીષ્ય બન્ને પોતાના શયનસ્થાને વીદાય થયા. હે વત્સ હવે સમય થયો છે માટે નિરામય નિદ્રાને પ્રાપ્ત થા ? આ સાંભળી પ્રહર્ષે શીષ્યવર્ગે સહીત પ્રણામ કર્યા એટલે મુનિ પોતાના શૈયાસન તરફ સીધાવ્યા અને શીષ્યવર્ગ પણ વિસર્જન થયો.

—તરંગ ૪ થો—

—સાધક સાધન ઉભયની યોગ્યતાથી સર્વ અર્થ સધાય છે—

બીજે દીવસે સમય થતાં વર્ચસતમા, ભાનુદેવને દીગંબર સ્વામિનો વૃતાંત જે સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વીએ પોતાના શિષ્ય શુભ્રકેતુ રાજાને કથન કરી સંભળાવ્યો હતો, તે વૃત્તાંતના અનુસંધાનમાં યાજ્ઞવલ્કયે મૈત્રિયને સાધન સીદ્ધીની જરૂર છે એ સંબધી સંક્ષેપમાં કહી સંભળાવેલું વિવેચન નીચે પ્રમાણે શ્રવણ કરાવવા લાગ્યા.

યાજ્ઞવલ્કય કહે છે ‘ હે મૈત્રિય ’ સદગુરૂના મૂખથી વેદાંત શાસ્ત્રનું શ્રવણ મનન અને નિદિધ્યાસન કરવું અર્થાત શ્રવણ કર્યા પછી એકાંત અને નિર્જન પ્રદેશમાં જઈ પવિત્ર સ્થળે આસન રચી શ્રુતિ સ્મૃતિના અનુસાર વિચારોનું સેવન કરવું. અને તેનાજ વચનો પ્રમાણે વર્તન કરવું. જેમ માટીમાંથી ઘડો કોડીયું ઈત્યાદિ અનેક વસ્તુઓ બને છે તેવીજ રીતે એક અદ્વિતિય બ્રહ્મ સ્વરૂપ પરમાત્મામાંથી અજ્ઞાન આવ્રણના સંબંધને લીધે આ નાના પ્રકારનું જગત રચાયું છે એમ તું નિસંશય જાણ ? હે સતિ શ્રવણ શ્રવણમાં પણ બહુ ફેર છે. જેનું એક દ્રષ્ટાંત તને આ સ્થળે આપું છું.

મૈત્રિય કહે છે “ હે ભગવાન આપના અમૃતરૂપ આત્મજ્ઞાનના સિંચનથી મારૂં રદય અતિ પ્રસન્નતાને પ્રાપ્ત કરે છે અને તેથી આપશ્રીના મુખેજ તે સાંભળવા અતિ ઉત્સુક છું.” હે પ્રાણેશ, આપજ મારા સદ્દગુરૂ, પતિ, પરમાત્મા જે કહું તે સર્વસ્વ છો. આપ મારા કલ્યાણના હેતુરૂપ જે જે મારા કલ્યાણ

નો માર્ગ બતાવશો તે માર્ગે હું મારા મોક્ષરૂપ ફળને પામવા પુરૂષાર્થ કરીશ. હે નાથ, જ્યાં સુધી આ મન, કર્મ સાથે જોડાયું નથી ત્યાં સુધી સર્વ કાર્યો તેને વિકટ જણાય છે. મનની ચંચળતા જ્યાં સુધી નિવૃત થાય નહિં ત્યાં સુધી સિદ્ધ કરવાના કાર્યો તેનાથી સિદ્ધ થતાં નથી. માટે મનની ચંચલતાની નિવૃત્તિ અર્થે સાધન સંપાદન કરવાની ખાસ પ્રાણીને આવશ્યકતા છે, એમ જે આપ કહોછે તે સત્ય છે. હે પ્રાણેશ, શ્રવણ કેવું હોવું જોઇએ એ સંબંધી જે દૃષ્ટાંત મને શ્રવણ કરાવવાની ઇચ્છા હોય તે શ્રવણ કરાવવા દાસિ ઉપર કૃપા કરો ? '

આ સાંભળી મુનિ યાજ્ઞવલ્કય કહે છે ' હે મૈત્રિય, આ કાલમાં કેટલાક શ્રવણ કરનારા માત્ર કાન રસિયાજ હોય છે. તેઓનું અર્થવૃત્તિ તરફ ચિત્ત કદી હોતુંજ નથી. ઉપરથી તેઓ જ્ઞાની અને બુદ્ધિમાનનો મોટો ડોળ રાખે છે પણ અંદરથી મલિન અને કેવલ પાષાણવત્ હૃદયવાળા હોય છે. કદાચ સેંકડો વરસ સુધી તેઓ શ્રવણ કર્યા કરે યદ્યપિ તેમના હૃદયની શુદ્ધિ થઇ તેમાં જ્ઞાનરવિ પ્રકટી શકતોજ નથી. એ બાબત એક દૃષ્ટાંત કહું તે પ્રસન્નતા પૂર્વક શ્રવણ કર ?

મુનિવર્યસતમા કહે છે ' હે પ્રહર્ષ, પશ્ચાત દીગંબર સ્વામિ ભાનુદેવને તે યાજ્ઞવલ્કયમુનિ મૈત્રિયને શ્રવણ સંબધી આપેલા દૃષ્ટાંતનો સવિસ્તર વૃત્તાંત નીચે પ્રમાણે શ્રવણ કરાવવા લાગ્યા. '

મુનિ યાજ્ઞવલ્કય કહે છે " હે સતિ, એક મનોહરિ નામની નગરીમાં સુધીરશર્મા નામનો બ્રાહ્મણ દરરોજ એક મેહેલ્લામાં રાતરે મહાભારતની કથા શ્રવણ કરાવતો હતો. તે વ્યાસમહારાજનો કંઠ મધુર, અને ગાવાની રસિક ઢબછબથી તે નગરિના શ્રીમંત અને મોટા મોટા સ્ત્રી પુરૂષોની તેનાપર પ્રિતિ થઇ હતી. દરરોજ દીવાબતિ થઈ ગઇ કે તરતજ શ્રવણ કરવા સ્ત્રી પુરૂષ આબાલ વૃદ્ધ સૌ આવી તે મેહેલ્લામાં ઠઠ જમાવતાં. અને કથામાં જ્ઞાની અજ્ઞાની, સજ્જન દુર્જન

વ્યભિચારી બ્રહ્મચારી, કાનરસિયા, એવા અનેક રંગ બેરંગનાં માણસો દરરોજ ભરાતાં. આ સર્વ શ્રોતાઓનો આગેવાન એક સ્વાર્થદત નામનો શ્રીમંત વણીક હતો, તે હમેશ કથામાં ભાગ લેતો, અને જાણે કથાથી અનન્ય જ્ઞાનની પ્રાપ્તિ તેને થતી હોય તેવો તાદૃશ ડોળ ઘાલતો. વ્યાસજી બિચારા ભોળા, તેથી આવો ડોળ અને દંભવાળો તેનો કથા પ્રત્યેનો પુજ્ય ભાવ સરદય અને સાચો હશે એમ વિશ્વાસ રાખી તે કથામાં આવે ત્યાર પછી કથાનો પ્રારંભ કરતા. અને કદાચ પ્રસંગ પરત્વે સ્વાર્થદતથી ભાગ ન લેવાય તે દિવસે વ્યાસજીને કથા કહેવામાં નિરરસતા લાગતી. એક દીવસના સમાયોગે સ્વાર્થદતના છોકરાએ કથામાં આવવા રકઝક કરી જેથી શેઠે છોકરાનેકહ્યું કે 'કાચી મતિના બાળકોને વળી કથા કેવી સાંભળવી ? એ તો અમારી જેવી પાકી મતિવાળા વૃદ્ધ પુરૂષોનેજ સાંભળવી ઘટે ? હજી તું ઉગે છે ને તારે કથા કેવી ? જા, આજે મારે પણ નથી જવું." એમ કહી તે સ્વાર્થ-દત ઘરમાં પાછો બેઠો. આથી છોકરાએ લત મુકી દીધી. અને સ્વાર્થદત તેની લત છોડાવવા ખાતર તે દીવસે કથામાં ન ગયો. બીજે દીવસે કથામાં આવતા વેંત વ્યાસે તેમને કહ્યું "શેઠ સાહેબ કાલે કેમ ન પધાર્યા ?" સ્વાર્થદતે કહ્યું "વ્યાસ, મહારાજ તમારી કથા તો દરરોજની રહી. કંઇ ઘરનું ને બાલબચ્ચાનુંએ સંભાળવું કે નહિં ? વળી કાચી બુદ્ધિના છોકરાંઓને તે કથા બથા શોભે કે ? મારા છોકરાએ કાલે કથામાં આવવા જક લીધી ત્યારે મેં કહ્યું જા હુંએ નથી જતો અને તને પણ નહીં જવાદઉં આથી મ-હારાજ હું આવી ન શકયો." વ્યાસજી બોલ્યા. "શેઠજી એમાં શું છોકરાને કથામાં તેડીને આવવું હતું ? " સ્વાર્થદત તે વ્યાસના ચાળા પાડી તેના પ્રત્યુતરમાં કહેવા લાગ્યો 'તેડીને આ-વવું હતું', શું તેડીને આવવું હતું મહારાજ, છોકરો બગડે તો વ્યાસ મહારાજ અમારો બગડે, તેમાં તમને કંઈ અડે કે આ-ભડે. છોકરાની કાચી બુદ્ધિ અને કદાચને તમારી કથામાંથી કં-

ઇક તેના હૃદયમાં વિરાગની અસર થઇ જાય અને ઘરબાર છોડી સન્યાસી થઈ નીકળી જાય તો તેમાં તમારૂં તો કંઇ ન જાય પણ તેની સ્ત્રી રખડી જાય અને મારે એકનો એક છોકરો એટલે તેથી મારૂં પણ નામ નિશાન જતું રહે એ જુદું; આમ સર્વ કુટુંબ પાયમાલ થાય એટલું મને નુકશાન થાય. માટે મહારાજ તમારી કથાની એકે વાતની અસર અમારા હૃદયમાં થવી ન જોઇએ. મહારાજ, જ્યારે તેની પાકિ બૂદ્ધિ થાય ત્યારેજ કથા બથા બધું પાલવે અને ત્યારેજ તે શોભે." આ સાંભળી વ્યાસ બોલ્યા "ત્યારે શેઠજી અત્યાર સુધી જે બધી કથામાં જ્ઞાનની વાતો કહેવામાં આવી તેમાંની એકે પણ તમારા હૃદયમાં ઉતરી નહીં હોય" શેઠજી બોલ્યા "મહારાજ એવી અસર બસર કરતા ફરીયેતો અમે વાણીયાના દીકરા ભીખ ન માગીએ. અમારા વાણીયાના દીકરાને કોઇ વાતની વળી અસર કેવી? આતો જરા બે ઘડી ગમત સમજી કથામાં આવીયે છીએ, બાકી આપની કોઈ પણ જ્ઞાનની વાતને અંતરમાં ઉતારવાની તેતો વિષ્નુ લોકમાં સમજજો"? આ સાંભળી વ્યાસજી તો ઠરીજ ગયા અને જ્ઞાનદ્રષ્ટિથી પોતાના મન સાથે નિચે પ્રમાણે વિચાર કરવા લાગ્યા. વ્યાસજી વિચારવા લાગ્યા કે "ખરેખર પાષાણવત્ હૃદયના પ્રાણીઓ પોતાનો સ્વાર્થ અને પરમાર્થ બન્ને બગાડે છે. મનુષ્યે પોતાનું જીવન પરમાર્થમાં ગાળવું અને તે ન બની શકે તો પરાર્થમાં ગાળવું અને પરાર્થમાં પણ ગાળી ન શકાય તો સ્વાર્થમાં ગાળવું. પણ સ્વાર્થ એ શું છે તે તેઓ યત્કિંચિત પણ સમજી શકતા નથી. સ્વાર્થ એ છે કે પ્રાણીનું જેમાં શુભાશુભ સમાયેલું છે. અને જે શુભાશુભ કર્મને ઓળખી અશુભનો ત્યાગ કરી શુભ કર્મનેજ નિરંતર કર્યા કરે છે તેજ મનુષ્ય યથાર્થ રીતે પોતાના સ્વાર્થને સાધી શકે છે. શુભાશુભના વિચાર વગર માત્ર 'હું અને મારૂં" એ બે અહંમમત્વના સંબંધ વડે કરીને જે સ્વાર્થપરાયણ જીવન્ ગાળવામાં આવે છે, તેથી કંઇ સ્વાર્થની સિદ્ધિ થતી નથી

પણ ઉભય અર્થની અસિદ્ધિ થાય છે. જેને કોમળ અને શુભ સંસ્કારી અંતઃકરણ પ્રાપ્ત છે, તેને તો સહજ વાતથી જ્ઞાનરવી પ્રકટે છે અને જે હૃદય પાષાણ વજ્રવત્ છે, તેને તો ગમે તેટલું જ્ઞાન આપો છતાં પણ તેવુંને તેવુંજ નિષ્ઠુર રહે છે. એ વાતનો આ વણીકથી અનુભવ થયો. " આવો વિચાર કરી તે દીવસ પછીથી કોઇ દીવસ વ્યાસજીએ તેને કંઈ કહેવુંજ નહિં એવો નિશ્ચય કરી કથા કહી. હે મૈત્રિય, ત્યારે આવા વજ્રસમ હૃદયના મલીન પ્રાણીઓ કરોડાન્ વર્ષ શ્રવણ તો શું પણ ઉંધેમાથે લટકી તપ કરે તો પણ તેમને આત્મજ્ઞાન થતું નથી. તેમનું શ્રવણ તે શ્રવણ કહેવાતું નથી. તેમજ આ શ્રવણથી તેમનુ કશુંજ હિત સધાતું નથી. અને જે હૃદય સંસ્કારી અને કોમળ છે, તેમજ સદગુરૂથી શુદ્ધ કરાયલું એવું પવિત્ર છે, તે હૃદયમાં સહજ વાતથી સચોટ આત્મજ્ઞાનની છાપ પડી જાય છે. જેનું એક દૃષ્ટાંત કહું તે હે સાધવિ આ સ્થળે શ્રવણ કર ? ' હે સહધર્મચારીણી પેલા વ્યાસજીને શેઠનો અખતરો થયા પછી મહાભારતની કથા કહેવામાં દોઢ માસ વીતવા આવ્યો, અને કથાની સમાપ્તિને પંદરેક દીવસની વાર હતી, દરમ્યાન એક દીવસે કથામાં એક ભુલો ભટકયો ઓલિયા જેવો કોઇ વિપ્ર, કંઇથી શ્રવણ કરવા આવી ચડયો. તે ભોળે ભાવે આવી વ્યાસજીને લાંબો થઇ, પગે લાગી એક ઠેકાણે જઇ, બેસી કથા શ્રવણ કરવા લાગ્યો. દૈવયોગે તે દિવસે વૈરાગની સિદ્ધિ અર્થે પ્રાણીએ કેવું પુરૂષાર્થ કરવું ઘટે છે તે બાબત વ્યાસજીએ વિરાગરસથી ભરપુર, એવું ચિત્તાકર્ષક કથન કર્યું; કે જેણે પેલા ભોળા બ્રાહ્મણના કુમળા અંતઃકરણ ઉપર સચોટ છાપ બેસારી; જેથી તે કથાની સમાપ્તિએ ઉઠી, રામરામ એવા શબ્દના ઉચ્ચારપૂર્વક અસરકારક નિશ્વાસ મુકી, ઘરબાર તજી દેઇ પવન જેમ લેઇ જાય તેમ જવું એવો દૃઢ નિશ્ચય કરી ચાલી નિકળ્યો; ભાવિ અને અંજળ જ્યાં હશે ત્યાંજ પવન લેઇ જશે,

માટે જેમનો પવન હોય તેમ તેને સામે મ્હોડે ચાલ્યા જવું; પછી જ્યાં પવન લેઇજાય ત્યાં ખરૂં આવા વિચારોને સેવતો તે બ્રાહ્મણ તે નગરીના દરવાજા બાહેર આવ્યો. પ્રારબ્ધાવશાત્ જ્યાં ભાવિ લેઈ જાય ત્યાંજ જવું, આવો નિષ્પ્રયોજન દુરાગ્રહને સેવતો, તે ભોળો બ્રાહ્મણ ચારે દીશાએ જ્યાં જ્યાં પવન ફરે ત્યાં ત્યાં ભ્રમણ કરવા લાગ્યો. રાત્રિ દિવસ, પક્ષ માસ, અને વર્ષનું પણ ભાન ભુલિગયો, અને જગત છે કે નહિં તેનું પણ રદયમાંથી સ્ફુરણ જતુ રહ્યું. દીનપ્રતિદિન તેની વૃતિ તદ્રૂપ થવા લાગી. અને વ્યહવાર શૂં અને પરમાર્થ શું, તેનું સ્વપ્ને પણ તેને સ્મરણ ન રહ્યું. શારિરિક ચેષ્ટાઓ તથા જગત અને આ માયાને ચિત્રવત્ જોવા લાગ્યો; અને જે કાળે જે થાય તે સહન કરી દૃષ્ટાની પેઠે ભાવીને જોઈ નિમગ્ન રહેવા લાગ્યો. આમ કરતાં કરતાં બાર વર્ષ વિતિ ગયાં એટલે તેના વિહિત પુરૂષાર્થવડે તેને આત્મસાક્ષાત્કાર થયો, જેથી નીચે પ્રમાણે તેને જ્ઞાન થયું. હે સાધવિ, તે પશ્ચાત્ એમ જ્ઞાન દૃષ્ટિથી વીચારવા લાગ્યો કે “ સગાં કુટુંબ ધન ધામ ધરા ઇત્યાદિ સર્વ વસ્તુનો ત્યાગ કરી વિધિપૂર્વક આત્મસ્વરૂપને ઓળખવા પ્રથમ શ્રવણ અને પછી મનન, અને એમ ક્રમે ક્રમે સાધનો સિદ્ધ કરનાર પ્રાણીજ મોક્ષને પ્રાપ્ત કરે છે, એ નિસંશય છે. પણ જેનુ રદય અનેક જન્મના શુભ સંસ્કારવશાત્ કોમળ અને પોતાના વાસ્તવિક સ્વરૂપનું અત્યંત પ્રેમી હોય છે, તે રદય તો તત્વજ્ઞાનના સમુદ્રમાંથી એકજ બિંદુ પોતાની ગરજ સારે તેવું ગ્રહણ કરી, તે દ્વારા પરમપદને પ્રાપ્ત કરે છે. અને જે હૃદય અશુભ સસ્કાર વશાત્ વજ્રસમ, અને અશુદ્ધિથી અપવિત્ર હોય છે, તે રદયને તો જ્ઞાન સમુદ્રમાં નહવરાવતાં છતાં, જેમ મેઘવૃષ્ટિથી ભીંજાયેલી શીલા, ઉપરથી ભીની અને વ્હેરવામાં આવે તો અંદરથી જેમ કોરી ને કોરી હોય છે તેવી રીતે તે અપવિત્ર અંતઃકરણ સદા કોરૂ ને કોરૂંજ રહે છે. તે રદયને તો જ્ઞાનની જરા પણ અસર

થવાનો કેવલ અસંભવ છે. માટે શુદ્ધ અંતઃકરણવાળા પ્રેમી જનો ઉપરજ પરમાત્માના નિરંતર ચારે હાથ હોય છે, અને તેનેજ જ્યોતિસ્વરૂપ પરમાત્માના દર્શન થાય છે." હે સતિ, તે બ્રાહ્મણ નિરંતર પોતાનો કાલ આવા જ્ઞાનના વિચારોથી ગુજારવા લાગ્યો. એમ કરતાં કરતાં કેટલેક વર્ષે તે પાછો પોતાના દેશમાં આવ્યો અને એક દેવાલયમાં રહી તપસ્વીમાફક પરમાત્માના ભજનમાંજ પોતાની જીંદગી ગુજારી આ સંસારસમુદ્રને તરીજઇ પરમ પદને પ્રાપ્ત થયો.

મુનિ યાજ્ઞાવલ્કય કહે છે, હે મૈત્રિય માટે શ્રવણ શ્રવણમાં પણ ઘણો ફેર હોય છે, શ્રવણ એવું થવું જોઇએ કે જેમાંથી કંઇ લક્ષ મળે અને તે પ્રમાણે વર્ત ચલાવવા સમર્થ થઈ શકાય. શ્રવણ પછી મનન એવું થવું જોઇએ કે જે મનનથી પોતાના વાસ્તવિક સ્વરૂપ પ્રત્યે દૃઢ લક્ષ બંધાય. એવી મનનની ક્રીયાઓ એક ખુણે ફેંકી દેઇ, કેટલાક શ્રવણ કરનારાઓ કથાનુ ખાલી બ્હાનું કાઢી દેશ વિદેશના પ્રાણી પદાર્થોની સ્તુતિ નિંદારૂપ કુથલીઓને કરવા માત્ર એકઠા થાય છે, અને શ્રવણ તો એક જાતની ગમત રૂપ સમજી તેઓ તેને તૃણવત્ માની હસી કાઢે છે. શ્રવણનું ખરૂં સ્વરૂપ શું છે, તે તને ઉપરના દૃષ્ટાંતથી સમજાયું હશે. એવા યોગ્ય અધિકારિ પ્રાણીઓજ શ્રવણ મનન નિદિધ્યાસન ઇત્યાદિ ક્રમપૂર્વક સાધન સિદ્ધ કરી પરિણામે પરમ પદને પ્રાપ્ત કરે છે. હે સાધ્વિ જેમ કોડીયું ઘડો ઇત્યાદિ માટીમાંથી ઉત્પન્ન થાય છે અને પાછા માટીમાંજ શમાય છે તેવીજ રીતે પરમાત્મ સ્વરૂપમાંથી આ જગત માયા ઇત્યાદિ અજ્ઞાનના સંબંધ વડે કરીને ઉત્પન્ન થયું છે, અને તે સર્વ તેમાંજ લય થાય છે એ સિદ્ધાંતને તું નિશ્ચે કરીને સ્મરણમાં રાખજે? હે મુમુક્ષુ સ્રિ પ્રાણુને આત્મ સાક્ષાત્કાર થવામાં મહા વાકયરૂપ શબ્દ પ્રમાણ કારણ ભૂત હોય છે. મહાવાકયરૂપ શબ્દ પ્રમાણ, દોષોથી કેવલ રહિત છે. અને તેથી તે માત્ર યથાર્થ જ્ઞાનનેજ રદયમાં ઉત્પન્ન કરે છે. -હે સતિ, તને આ સ્થળે એમ શંકા થશે કે આત્મ-

સાક્ષાત્કાર કરવામાં, જો મહાવાકયરૂપ શબ્દ પ્રમાણ, કારણભૂત ના હોય તો પછી શબ્દ પ્રમાણને મનની સહાયની આવશ્યકતા ન હોવી જોઈએ; પણ હે મૈત્રિય, જેમ નેત્રાદિ બાહ્ય ઇંદ્રિયો જ્યારે આ સર્વ ઘટપટાદિ વિષયજન્ય પદાર્થોના સંયોગમાં કિંવા સંબંધમાં આવે છે, ત્યારે તે તે પદાર્થોનું તે ઇંદ્રિયોને પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, તેવીજ રીતે આ જ્યોતિર્મય આત્માને મનનો સંયોગ થાય છે, ત્યારે મહાવાકયરૂપ શબ્દ પ્રમાણથી તે મનમાં રહેલી વૃત્તિ તદાકાર થાય છે. આત્મા ને મનનો સંબંધ ન હોય તો આત્મસાક્ષાત્કાર થઇજ ન શકે એમ તું નિશ્ચેકરીને જાણ ? હે પવિત્ર યોગિની, પણ તે આત્મા, પરિપૂર્ણ મન શૂદ્ધ થયા વગર તેના સંબંધમાં આવતો નથી. આથીકરીને મનની શૂદ્ધિ અર્થે સદગુરૂ અને સત્શાસ્ત્રો શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ ત્રણ પ્રથમ મુખ્યત્વે યથાવિધિ સિદ્ધ કરવા પ્રતિપાદન કરે છે. પશ્ચાત ગુરૂ ઉપદિષ્ટિત્ મહાવાકયના સદુપદેશથી અદ્વિતીય પરમાત્માનો સાક્ષાત્કાર કરવા ઉત્તરોતર યથાવિધિ પુરૂષાર્થવડે કરીને, પ્રાણી સમર્થ થાય છે એ વાત તું પ્રસન્ન ચિત્તથી લક્ષમાં લેજે ? સર્વત્ર એક પરમાત્મા છે અને જડ પણ ચૈતન્યનેજ આધારે છે એમ અભિન્નતા રાખનાર પ્રાણીજ વાસ્તવિક સાક્ષાત્કારનો અધિકારિ બને છે. અભેદથીજ અર્થની સીદ્ધિ છે અને ભેદબૂદ્ધિ અનર્થ કરનારી છે, એ પણ એક વાત લક્ષમાં રાખી તે પ્રમાણે અભેદદર્શિ થવાના પુરૂષાર્થને સ્વિકારિ નિર્તિશય આનંદની પ્રાપ્તિ કરજે.

મુનિ વર્ચસૂતમાએ આટલું કથન કરી વૃત્તાંત બંધ કર્યું જેથી મહર્ષે સમય થયો જાણીને શિષ્ય વર્ગ સહીત દંડ પ્રણામ કર્યા એટલે મુનિ વર્ચસૂતમા પોતાને સ્થાને ગયા.

—તરંગ ૫ મો.

—વિવેકથીજ વૈરાગ્ય સિદ્ધ થાય છે—

બીજે દીવસે સમય થયો એટલે દીગંબર અને ભાનુદેવનું વૃત્તાંત, મુનિ વર્ચ્ચસૂતમા પોતાના શિષ્ય વર્ગ સહિત પ્રહર્ષને નીચે પ્રમાણે શ્રવણ કરાવતા હવા.

મુનિ વર્ચ્ચસૂતમા કહે છે ‘ હે પ્રહર્ષ પછી દીગંબર સ્વામિએ જે યાજ્ઞવલ્કયના બ્રહ્માપદેશ સંબંધી આગળ જે વિવેચન ભાનુદેવ પ્રતિ કર્યું, અને જે સિદ્ધેશ્વરાચાર્યે શુભ્રકેતુરાજાને શ્રવણ કરાવ્યુ તે તને શ્રવણ કરાવું જે તું પ્રસન્નતાથી એકાગ્રચિત્ત સાંભળ ? હે મુમુક્ષુ શિષ્ય, સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વીએ યાજ્ઞવલ્કય બ્રહ્માપદેશનું દીગંબર સ્વામિના મુખે કથન કરાએલું વૃત્તાંત, પોતાના શિષ્ય શુભ્રકેતુરાજાને નીચે પ્રમાણે કહી સંભળાવ્યું, તે હે વત્સ, અત્યંત કલ્યાણકારિ અને પ્રાણીનુ પરમહિત સાધતું હોવાથી, આ સ્થળે તને પણ તે શ્રવણ કરાવવાની આવશ્યકતા સમજી, સંક્ષેપમાં આજ કહું છું તે પ્રતિ પુર્ણ લક્ષ આપજે ?

“ હે મુમુક્ષુ શિષ્ય, આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા અર્થે, પ્રથમ વિવેક સિદ્ધ કરવો ઘટે છે, અને તેથી મૈત્રિયને યાજ્ઞવલ્કય મુનિ પશ્ચાત સમજાવી કહેવા લાગ્યા કે ‘ હેસાધવી **विवेकात् विवेकात् इति विराग सिद्धिः ।** વિવેકથી વૈરાગ્ય અને વૈરાગ્યથી આત્મજ્ઞાન પ્રકટે છે. વિવેક વગર થએલું આત્મજ્ઞાન તે વાસ્તવિક આત્મજ્ઞાન નથી. આત્મજ્ઞાન વગર વાસનાનું બીજ મૂળમાંથી બળી નાશ થતું નથી. અને વાસના બીજ જ્યાં સુધી હોય છે. ત્યાં સુધી તે પ્રાણી પરમ પદને પ્રાપ્ત કરવા સમર્થ થઈ શકતો નથી. માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની જે પ્રાણીને ઇચ્છા હોય તેણે અવશ્ય વિવેકને પ્રથમ સિદ્ધ કરવો ઘટે છે એમ તું નિશ્ચે કરીને જાણ ? હે સાધવિ, પેલો મનોહરી નગરીનો સુધીર શર્મા બ્રાહ્મણ, જેની કથાથી પેલો ઓલિયા જેવો વિપ્ર પરમ પદને પામ્યો તે સુધીરશર્મા બ્રાહ્મણે મહાભારતની કથા કહેવાનો ધંધો થોડા સમય ચલાવ્યો, પશ્ચાત હરિદાસનો ધંધો કરવા લાગ્યો. અને

કેટલાક વર્ષ હરિદાસનો ધંધો કરી વૃદ્ધ થયો, એટલે સન્યસ્ત લેઇ ચારે ધામના પર્યટન અર્થે નિકળી પડયો. તેણે હરિદાસના ધંધા અર્થે કેટલીક આખ્યાયિકાઓ મ્હોડે સંગિતમાં કરી રાખી હતી, અને તે વકતૃત્વ શક્તિવાળો હતો, એટલે રસ પૂર્વક કથા કહી લોકોના ચિત્તને આકર્ષતો હતો. એક દિવસે તે કાશીપુરીમાં મણિકર્ણિકાના પવિત્ર ઘાટ ઉપર બેસી, રૂદયમાં વિવેક પૂર્વક જ્ઞાન દૃષ્ટિથી નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યો. યાજ્ઞવલ્કય કહે છે " હે સહધર્મચારિણી, તે સુધીરશર્મા નામનો વ્યાસ વિપ્ર, વિચાર કરે છે કે "પરમ પુજ્ય બ્રહ્મર્ષિ શ્રી વસિષ્ઠ મુનિએ રામને કહ્યું કે વીવેકથી આત્મજ્ઞાન થાય છે એ વાત ખરી હોય તો મારૂં રૂદય પણ વિવેક વાળું છે તેથી આત્મજ્ઞાન મને પ્રકટવુંજ જોઇએ. કાંતો પછી પ્રકટયું હોય છતાં હું એથી અજ્ઞાત હોઉં. પણ મારે અજ્ઞાત શું કામ રહેવું જોઇએ. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા અર્થે વિવેકને સિદ્ધ કરિ પુરૂષાર્થ શા માટે ન કરવો ? એમજ કરવું. માટે વિવેકને આજથી અધિકને અધિક સાધી યથાર્થ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું, એજ આજથી મારો સનિશ્ચય છે. ત્યારે અધિકને અધિક વિવેક શીરીતે અને કયારે સાધવો. આજથીજ અને અત્યારથીજ વિવેકને કામે લગાડવો; ત્યારે શી રીતે હવે વીવેકને કામે લગાડું. લાઓ મારા સદ્‌વિચારની સાથે વિવેકને જોડી પછી વિવેકપુર્વક મારૂં સર્વ વિચારૂ જોઇએ તત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. " આ પ્રમાણે નીશ્ચય કરી, હે મૈત્રિય, પેલો સુધીરશર્મા વીવેકપુર્વક વિચારી વિચારીનેજ પોતાના પ્રાપ્ત કર્મોને કરવા લાગ્યો. અને ચારે ધામની યાત્રા કરી છેવટે અમરનાથ નામના પવિત્ર સ્થળમાં, બરફના શિવલિંગના દર્શન કરવા નિમીતે બે વર્ષે આવ્યો. દર્શન કરી હિમાલયના વિકટ અરણ્યમાં આવ્યો, ત્યાં હિમાલયની વિકટ ઝાડી અને અઘોર અરણ્ય, તથા તેમાં બરફના પહાડવાળો રસ્તો ઇત્યાદિ અવલોકન કરી, પોતાના મન સાથે વિવેકપુર્વક તત્વજ્ઞાનનો નિર્ણય કરવા લાગ્યો. વિવેકથીજ આત્મજ્ઞાન થાય છે એ વાત અનુભવથી

સિદ્ધ માનવા લાગ્યો. હે સાધવિ, તે પોતાના મન સાથે એવો નિર્ણય કરવા લાગ્યો, કે આ જીવ આ સંસાર રૂપિ ઘોર વનમાં ભ્રમણ કર્યા કરે છે, અને વર્ષારૂતુમાં જેમ અરણ્યમાં પુનઃપુનઃ અનેક જીવો ઉત્પન્ન થાયછે, ને વર્ષારૂતુ વિત્યા પછી તેઓ લય ભાવને પામે છે, તેવીજ રીતે આ સંસારરૂપિ અઘોર અરણ્યમાં જીવને ક્ષુધા તૃષ્ણા, ભય, મરણ, જન્મ ઇત્યાદિ તેના અવશેષ કર્મના પ્રારબ્ધાનુસાર, પુનઃ પુનઃ પ્રાપ્ત થાય છે. પણ જેમ એક પહાડપર છુટી છવાઇ પડેલી શિલાઓ એક બીજા સાથે યત્ કિંચિત પણ સંબંધ ધરાવનારી નથી, તેવીજ રીતે આ સંસાર રૂપિ અરણ્યમાં પડેલી પદાર્થ રૂપ શિલાઓ, પણ એક બીજા જોડે સંબધ ધરાવતી નથી, અર્થાત આ સંસારના પદાર્થો એકબીજા જોડે લેશ પણ સંબંધ ધરાવતા નથી. ત્યારે સંબંધ ધરાવનાર કોણ હશે, તેનો વિવેક પુર્વક વિચાર કરવો જોઇએ. વિચાર કરતાં જણાય છે કે જીવને પદાર્થ માત્રમાં સંબંધ કરાવનાર, તેની વાંચ્છના ઇચ્છા મનોકામના વાસના માત્ર છે. જીવને વાસનાજ પરસ્પર સર્વના 'સંબધમાં લાવનાર બેડીની સાંકળ રૂપ છે એમજ આ ઉપરથી સિદ્ધ થાય છે. વાસના રાગ દ્વેષ ચિત્તથી થાય છે. ત્યારે વાસનાનું મુળ માત્ર રાગ દ્વેષ વાળુ ચિત્ત છે એ પણ આથી સિદ્ધ થયુ". હે મૈત્રિય, વળી તે વિપ્ર વિવેક અને સદ્વિચારથી પાછો અંતરના ઉંડાણના ભાગમાં ઉતરી, એકાગ્રતા પૂર્વક જ્ઞાન-દૃષ્ટિથી પોતાના રહય દેશમાં બિરાજી રહેલા સાક્ષી ભૂત, અંતરાત્મા પ્રતિ પુછી, તેના પ્રત્યુત્તરના શબ્દો નીચે પ્રમાણે બોલવા લાગ્યો. પવિત્ર વિપ્ર તરૂણ સુધીરશર્મા પાછો તર્ક કરવા લાગ્યો કે "આ હા ! જેમ આ વન આ વસંત રૂતુમાં પૃથ્વીના રસથી રંગાઇ કેવું પ્રફુલ્લિત અને હૃષ્ટપુષ્ટ બનેલું લાગે છે, તેવીજ રીતે આ જીવનું મન પણ રાગદ્વેષરૂપિ 'પૃથ્વીના રસથી રંગાઇ મદાંધ વિષયાસકત અને હૃષ્ટપુષ્ટ બનીગએલું જોવામાં આવે છે એમાં લેશ પણ શંકા નથી. ત્યારે શું મનને વિકારિ બનાવનાર રાગ

દ્વેષ શીવાય બીજું કશુંજ નથી ? ત્યારેતો મનમાંથી રાગદ્વેષનું બીજ બળી જાય, તો વિવેક અને વિરાગ ઉભય સિદ્ધ થાય; જો વાસના બીજનો નાશ પ્રથમ થાય તો રાગદ્વેષને ઉભા રહેવાનો કંઇ અવકાશ જ નથી. વાસના ટાળવી એજ કામ અતિ દોહેલું છે. આ અરણ્ય જેમ અનેક લતાઓ વૃક્ષો ઈત્યાદિ અઢાર ભાર વનસ્પતિથી ભરપુર છે, તેવીજ રીતે આ જીવના ચિત બુદ્ધિ અને અહંકાર, મનની સાથે સંબધમાં અનેક જન્મ જન્માંતરથી આવી, કર્મોને કરી કરી અનાદી કાળથી અનુભવમાં આવતાં આવતાં અનેક વૃત્તાંતોથી ભરપુર છે. એટલે તે વાસનાને આધીન થઇ અનેક જન્મો ભોગવી અનેક પ્રકારના પ્રારબ્ધવશાત્ સુખ દુઃખને ભોગવી તે સુખ દુઃખનો અનુભવ કરે છે, યદ્યપિ તે જીવ વાસનાનો ત્યાગ કરતો નથી અને માયામાંજ વળી વળીને ભટકાય છે. ઓહો લોકો ખરેખર, મિથ્યા અને ત્રિપૂટીમય જણાતા જગતના પદાર્થો વડેજ પોતાનામાં સંસારની ભ્રાંતિ ઉત્પન્ન કરે છે. એક સત્ ચિદ્ અને આનંદ સ્વરૂપ પરમાત્મા સિવાય સર્વ નાશવાન છે. જીવ શરીર સ્રી દ્રવ્ય ઇત્યાદિ સર્વ વિષયો ક્ષણીક અને મેરુશથી માંડીને એક અધમમાં અધમ જડ પદાર્થના પરિમાણું સુધી અર્થાત કુંજરથી તે કીટ સુધીની સેંકડો યોનિઓમાં અનેક જન્મ જન્માંતર સુધી ભટકે, તો પણ છેવટે આત્મજ્ઞાન થયા વગર તેને પરમપદની પ્રાપ્તિ થતી નથી. અને તે આત્મજ્ઞાન માત્ર જોવા જઇશું, તો એક વિવેક સિદ્ધ થવાથીજ પ્રકટ થાય છે. મનના સંયમથી વિવેક પ્રકટવામાં વાર થતી નથી. અને પ્રકટયા પછી તે વિવેકને યથાવિધિ અભ્યાસના ક્રમમાંમુકી સત્ ક્રીયા દ્વારા સિદ્ધ કરવો પડે છે, ત્યારે તેમાંથી વિરાગ રૂપિ ઉત્તમ ફળને પ્રાણી પ્રાપ્ત કરે છે. ” હે સતિ સાધવિ યોગિની મૈત્રેયિ, આમ તે વિપ્ર બરફ વાળા પહાડ ઉપરથી વિચાર કરતો કરતો દ્રષ્ટિ નીચી રાખી, સાવધાનતા પૂર્વક નીચે ઉતરવા લાગ્યો અને ઉતરતાં મન સાથે નીચે પ્રમાણે કહેવા લાગ્યો.

સુધીરશર્મા બ્રહ્મચારી પોતાના મન સાથે કહે છે કે “ આ

બરફવાળા પહાડના ભયાનક રસ્તેથી ઉતરૂં છું, પણ જોઈ જોઇને પગ મૂકી ચાલું છું તેથી રસ્તાની વિષમતા કંઇ ઓછી જણાય છે,તેવીજ રીતે સત્પુરૂષો આ જગત્ અને તે માંહેલા પ્રાણી પદાર્થોના અનિત્ય સ્વરૂપનો વિવેક પૂર્વક વિચાર કરી જોઈ જોઈ ચાલે છે, તો જગત ઇત્યાદિમાં રહેલી વિષમતા તેઓને લાગતી નથી. વિવેકથી સચેત બનેલા ચિત્ત ઉપર વાસના જયમેળવી શકવા અસમર્થ છે, પણ ઉલટો વિવેક નિરંતર વાસના ઉપર જયમેળવે છે. જ્યારે વાસના ઉપર જયમેળવાય છે, ત્યારેજ જીવના ચિત્તમાં વિરાગાદિ પ્રગટ થાય છે. વિરાગથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ એમ ક્રમે ક્રમે પ્રાપ્ત થાય છે. જો પ્રાણી પોતાની વૃતિઓદ્વારા, બહીર મુખ થનાર સાક્ષીભુત ચૈતન્યને, અંતર મુખ કરી તેને પોતાના સ્વરૂપમાં સ્થાપિ, દૃષ્ય જગતની પ્રતિતિ બંધ કરે છે, તો તેથી યથાર્થ પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરવામાં કોઇ વિઘ્ન નડતું નથી. પવન જેમ આકાશની અંદર પોતાનીગતિ દશોદીશાઓમાં મોટા વિસ્તારમાં ફેલાવી દે છે તેવીજ રીતે બહીરમુખ અને અવિવેકી જીવો ચિદાકાશરૂપિ મહા વિસ્તૃત સ્વરૂપમાં મિથ્યા એવા નાશવાન અહંકારથી ભરેલા જગતનો ભ્રાંતિભાવ મોટા વિસ્તારમાં ફેલાએલો અનુભવે છે. આ જગત યથાર્થ રીતે જોવા જઇએ તો અસત્ય અતંવાળુ છે. વસ્તુતઃ એક બ્રહ્મ જ સર્વ વ્યાપ્ત છે અને જગત પણ તેણે પોતાનામાં પોતારૂપે બનાવેલું છે. જેથી તે બ્રહ્મથી ભિન્ન નથી. આમ છે તો પછી જીવને આ જગત બ્રહ્મથી ભિન્ન દેખાય છે તેનું કારણ જોવા જઇયેતો અજ્ઞાનતા સિવાય અન્ય કશુંજ જણાતું નથી. ભિન્નાસ્તિત્વ અજ્ઞાનતાથીજ પ્રગટે છે. જહાં જ્ઞાન છે ત્યાંજ અભિન્નાસ્તિત્વ છે. માટીના બનેલા પાત્રને, માટીથી જુદું પાડી ગ્રહણ કરી શકાતું નથી, તેવીજ રીતે આ જગત છે તે બ્રહ્મમય છે, અને તેથી તે વસ્તુતઃ બ્રહ્મથી જુદુ નથી. આમ છે, તોપણ ભિન્ન કલ્પવામાં આવે છે, તે માત્ર અજ્ઞાન વડે કરીને કલ્પવામાં આવે છે. બાકી જગત એ બ્રહ્મનું વિર્વતરૂપ

હોવાથી બ્રહ્મની સતાથી, તે અન્ય કોઇ ભિન્ન સત્તાવાળી વસ્તુ નથી. જગત પણ બ્રહ્મરૂપજ છે. આકાશનું સ્વરૂપ શુન્ય છે; પવનનું સ્વરૂપ ગતિ અને જળનુ સ્વરૂપ તરંગ છે; ત્યારે જગત બ્રહ્મ સ્વરૂપ છે એમ વિચાર કરતાં સિદ્ધ થાય છે. આમ હોવાથી આ જગત અને તેમાં રહેલા સર્વ જડ ચેતનાદિ દૃષ્ય અને અદૃષ્ય સર્વ પદાર્થો, ત્રણે ભેદથી રહીત શુદ્ધ જયોતિર્મય ચૈતન્ય બ્રહ્મ સ્વરૂપ તથા કેવલ જ્ઞાન સ્વરૂપ છે એવો વિવેક પૂર્વક નિશ્ચય થયો. એ પરમાત્માના વ્યાપક સ્વરૂપને ભ્રાંતિથી માની પ્રાણી ત્રણ લોકમા અતિક્રમણ કરે છે. આત્માનો જેને સાક્ષાત્કાર થયો છે, તે પ્રાણીના હૃદયમાં જ્ઞાનમણિ સાત્વિક શીતળતાને પ્રકટાવી શાંતિ આપે છે. તેની સાત્વિક શીતળતા આગળ કરોડાન્ ચંદ્રની શીતળતા પણ કોઇ વિસાતમાં નથી. આ જગત અત્યંત શાંત સર્વ વ્યાપ્ત આત્મ સ્વરૂપ છે, જેથી તેમાં એક પરમાત્મા સિવાય અન્ય કોઈ પણ વસ્તુ હોવી સંભવતી નથી. આમ હોવાથી બ્રહ્મથી જગત ભિન્ન છેજ નહીં. જગત ખપુષ્પવત અર્થાત આકાશના પુષ્પ જેવું, અને તેમાં રહેલા પદાર્થો માત્ર નામ રૂપાત્મક છે પણ વસ્તુતઃ તે સર્વ એક બ્રહ્મ સિવાય અન્ય કંઇજ નથી. વળી આ બરફના પહાડ ઉપર જેમ આ શિલા શાંત, સ્થિર, અને આ અરણ્યની દૃષ્ટા રૂપ બની રહી છે, તેમ જીવે મનનો નિરોધ કરી, પોતાના સ્વસ્વરૂપને ઓળખી આ બ્રહ્મવિલાસના બ્રહ્મરૂપ જગતને, તેથી અભિન્ન સમજી શાંત, સ્થિર અને કુટસ્થ એરણવત દૃષ્ટા થઇ રહેવું જોઇએ, કે જેથી આત્મ સ્વરૂપના સાક્ષાત્કાર રૂપી પરમ શાંત અને સાત્વીક ફળને પ્રાપ્ત કરી સ્વરૂપાકાર થઇ રહેવાય. આથી ઇન્દ્રિયોને નામ રૂપ અને આકારમાં રહેલા વિષયજન્ય પદાર્થોનો અભાવ થશે, અને એથી અનંત અને પરમાનંદ સ્વરૂપનું નિરંતરદર્શન થશે એ નિસંય છે. હે મૈત્રિય, આ સંસારમાં પ્રાણી ત્રણ રસ્તે મોક્ષનો અધિકારી બનેછે. એ ત્રણ રસ્તા કર્મ ભકિત અને જ્ઞાનછે. પણ એ ત્રણેમાં વાસ્તવિક જ્ઞાનનો ઉદ્ભવ થયા પછી પ્રાણી પોતાના કર્મના સ્વરૂપને અને

ભકિતના નવે અંગને જાણી તેને સિદ્ધ કરવા સમર્થ થાય છે.” હે સહધર્મચારિણી, સુધીરશર્માએ પૂર્વોક્ત બતાવ્યા તે ત્રણે માર્ગોનું મધ્યસ્થ બિંદુ એકજ છે ને તે વિવેક છે. વીવેકમાંથી જ વિરાગ પ્રકટતો હોવાથી વીવેકજ અવશ્ય પ્રાણીનું કર્તવ્ય છે. સુધીરશર્મા અત્યંત વિવેક દૃષ્ટિથી સર્વદા વિચાર કરતો હોવાથી તેને આપો આપ ઉપર પ્રમાણે આત્મજ્ઞાન થયું. અને જ્ઞાન થયા પછી પોતાનામાં રહેલી ભકિત તથા પોતાને પ્રાપ્ત હતાં તે કર્મો કરવા લાગ્યો અને પરિણામે સ્વરૂપાકાર થઇ રહ્યો. માટે હે સાધવિ વિવેકથીજ જ્ઞાન પ્રકટે છે એ તું નિશ્ચે કરીને જાણ જે ? પ્રત્યેક પદાર્થની દૃઢ ઇચ્છા થવી એજ બંધન છે અને પ્રત્યેક પદાર્થમાંથી આસક્તિ જવી તેનું નામ મુકતત્વ છે. માટે વિવેક દ્વારા પ્રત્યેક પદાર્થમાં આસકિત ન રાખનાર મનુષ્યજ શાંત શુદ્ધ અને મુકત કહેવાય છે. આ જગત અને તેમાંહલાં પ્રત્યેક પ્રાણીપદાર્થનું પાર્થિવ સ્વરૂપ સ્વપ્નાજેવું છે, તો પછી તેમાં કોઇ આસકિત રાખવી તે પણ વૃથા છે. શરીરમાં રહેલી સર્વ ઇન્દ્રિયોને પોતાના સ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન થયા પછી સર્વ ઇચ્છાઓથી તે ઇન્દ્રિયોને વિષયોથી રહીત થવું ગમે છે. માત્ર પોતાના આત્માનંદમાંજ મગ્ન રહી, નિષ્કામ અને નિસ્પૃહતા પૂર્વક પછી તો તે શરીરમાં રહેલો સાક્ષી, પોતાના સ્વરૂપમાંજ આનંદ માની સ્થિર થઇ રહે છે. જ્ઞાન દૃષ્ટિથીજ આત્માના સ્વરૂપને યથાર્થ રીતે જાણનાર, વિવેકી સત્પુરૂષોને દેહાદિકનું અભિમાન હોવાનો કેવલ અસંભવ છે. હે સાધવિ, હવે ભક્તિના નવે અંગ અને તેના સ્વરૂપ તરફ તારૂં લક્ષ દોરૂં છું, માટે તે કાલથી પ્રેમ પૂર્વક એકાગ્રચિત્તે શ્રવણ કરજે ?

દીગંબર સ્વામિ કહે છે ‘ હે ભાનુ તથા સતિ ચારૂ શીલા યાજ્ઞવલ્યક મુનિએ મૈત્રિય પ્રતિ કરેલા બ્રહ્મોપદેશનું ટુંકાણમાં તમારા પ્રતિ વિવેચન કર્યું હવે તને ભક્તિના નવ પ્રકાર તથા તે પ્રત્યેકના વાસ્તવિક સ્વરૂપ વીશે સંક્ષેપમાં વીવેચન કરી આ સ્થળે સમજાવું તે તરફ તમે પવિત્ર દંપતિ લક્ષ આપજો ?

મુનિ વર્ચસૂતમા કહે છે. ' હે પ્રહર્ષ એટલું બોલી દીગંબર-સ્વામિને તે શિષ્ય મુમુક્ષુ દંપતિએ સાષ્ટાંગ કર્યા એટલે પોતાને સ્થાને ગયા, અને તે દંપતી પણ વિશ્રાંતિ લેવા સિધાવ્યાં; હે વત્સ હવે ભક્તિના નવધા સ્વરૂપ વીશે દીગંબર સ્વામિએ ભાનુદેવને જે વીવેચન શ્રવણ કરાવ્યું અને પાછું શુભ્રકેતુ રાજાપ્રતિ સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વીએ જે કહી સંભળાવ્યું તે વીવેચન તને કાલથી શ્રવણ કરાવવામાં આવશે માટેપ્રસન્નતા પૂર્વક તે તું શ્રવણ કરી નિર્ભય થજે ?

મુનિવર્ચસૂતમા એટલું કહી, પ્રહર્ષે શિષ્ય વર્ગ સહીત દંડ પ્રણામ કર્યા એટલે પોતાને સ્થાને ગયા અને સૌ શીષ્યવર્ગ અને પ્રહર્ષ પણ પોતાને આસને જઇ નિરામય નિદ્રાને પ્રાપ્ત થયા.

—તરંગ ૫ મો—

—જેવો રોગ તેવો ઉપાય—

બીજે દીવસે મુનિવર્ચસતમા પોતાના કથા કહેવાના આસને સમય થતાં આવી બિરાજમાન થયા એટલે પ્રહર્ષ સહીત સર્વ શિષ્યવર્ગે સવિનય સાષ્ટાંગ કર્યા. પશ્ચાત મુનિ નિચે પ્રમાણે તે સિદ્ધેશ્વરાચાર્યે શુભ્રકેતુ રાજા પ્રતિ ગુરૂ દીગંબર સ્વામિ અને ભાનુદેવનું કથન કરેલું આગળનું વૃત્તાંત કહેવા લાગ્યા.

સિદ્ધેશ્વરાચાર્ય કહે છે " હે રાજન, બીજે દીવસે ભાનુદેવ સપત્નિવર્તમાન નિયમીત સમયે કથા શ્રવણ કરવા અર્થે આવીને બેઠો, એટલે તેને દીગંબર સ્વામિ નીચે પ્રમાણે કહેતા હવા.

દીગંબર સ્વામિ કહે છે " હે ભાનુદેવ, ઉપર પ્રમાણે મુનિ યાજ્ઞવલ્કયે પોતાની સતિ સ્રી મૈત્રિયને બ્રહ્મોપદેશ આપી તેને ત્યાગાશ્રમની અધિકારી બનાવી, અને પોતાની સાથે તે આશ્રમને સિદ્ધ કરી સાક્ષાત્કાર કરાવા માટે લેઇ ગયા. તેઓ વની અવસ્થામાં જોડે ને જોડે રહી અનેક દેશ દેશાંતરમાં પ-

ર્યટન કરવા લાગ્યાં. એમ કરતાં કરતાં તે આશ્રમ પણ તેમણે સિદ્ધ કર્યો એટલે બન્નેએ ચિત્રકુટમાં આવી સંન્યાસને ધારણ કર્યો. સન્યાસને ધારણ કરી તેઓ સર્વ સ્થળે ફરી બ્રહ્મોપદેશ દેવા લાગ્યાં. મુનિ પુરૂષ વર્ગમાં બ્રહ્મવિદ્યાનો પ્રચાર કરતા હતા અને સંન્યાસિનિ મૈત્રિય સ્રિવર્ગમાં તત્વજ્ઞાનનો ઉપદેશ કરતી હતી. એમ ફરતે ફરતે એક દીવસે વિરક્ષેત્ર નામના નગરમાં વિશ્વામિત્રી નદીને કીનારે આવેલા એક શંકરના દેવાલયમાં આવી તેમણે બન્નેએ મુકામ કર્યો. દીવસે ઉપદેશાદિ વાર્તાનુ કથન વીગેરે કરી રાત્રિએ શ્રમને લીધે તેઓ જરા વેળાસર નિદ્રાવશ થયાં. આ વિરક્ષેત્ર નગરનો રાજા શુદ્ધ ક્ષત્રિયના આચરણ પાળતો અને ધર્મ કર્મને રૂડીરીતે કરતો હતો. પણ તે ઘણો વહેમી હતો. તેનું નામ અનુપસિંહ હતું. તે નિરંતર પોતાના ગજાસુજબ ખરચ રાખતો. તે બહુ કૃપણ પણ નહિં તેમ અતિ ઉદાર મનનો પણ ન હતો. જે દીવસે મુનિ યાજ્ઞવલ્કય પોતાની શિષ્યા મૈત્રિય જોડે તે નગરમાં આવી શંકરના દેવાલયમાં શ્રમને લીધે નિદ્રાવશ થયા હતા, તેજ રાત્રીએ તે રાજા અનુપસિંહને એક સ્વપ્ન આવ્યું કે જાણે તેણે એક ગાયનો વધ કર્યો. બીજે દીવસે પ્રાતઃકાળમાં તે રાજા જયાં ઉઠયો કે તેને તરતજ વિચાર થયો કે “ અરેરે મેં સ્વપ્નમાં ગાય મારી અને તેથી મને ગૌહત્યા ચોટી માટે જરૂર તે હત્યાના નીવારણનો કોઈ ઉપાયતો લેવો ઘટે છે; ” આવો પોતાના મન સાથે નિશ્ચય કરીને તેણે પોતાના હજુરીઓને હુકમ આપ્યો કે આપણા નગરમાં બ્રાહ્મણો રૂષિ મુનિઓ તેમજ સંતસાધુઓ જે જે નજરે ચડે તે તેને સત્વર મારી સમક્ષ રજુ કરો!” હજુરીઓ આ હુકમ સાંભળતાની સાથે નગરની ચારે બાજુએ છુટયા અને નગરમાંથી તમામ બ્રાહ્મણો રૂષિઓ મુનિઓ સંત સાધુ વીગેરેને એકઠા કરી, હુકમ પ્રમાણે તેઓએ રાજાની સમક્ષ રજુ કરી દીધા. રાજાએ તે સર્વને પોતાના દરબાર મંડપમાં બેસાડયા, અને નાહી ધોઇ તેમની સમક્ષ આવી બેહાથ જોડી

તેમની પ્રત્યે કહેવા લાગ્યો, " હે વિપ્રર્ષિઓ આપને મારે એકઠા કરવાનું એ કારણ છે કે આજ રાત્રે સ્વપ્નામાં મારે હાથે ગાયનો વધ થઇ ગયો છે, જેથી તે હત્યાના પ્રાયશ્ચિતનું નિવારણ કરવાની મારી ઇચ્છા છે. અને એટલા માટે આપ કોઇ તે પ્રાયશ્ચિતના નિવારણાર્થે રસ્તો બતાવો ? નહીંતો મારી એવી પ્રતિજ્ઞા છે કે પ્રાયશ્ચિતનું નિવારણ ના થાય ત્યાં સુધી તમને કોઇને તમારે ઘેર જવા ન દેતાં રાજ્યના કેદી તરીકે અત્રેજ રોકી રાખવા. " આવાં રાજાના વચન શ્રવણ કરતાંની સાથે તે સર્વ બ્રાહ્મણો અને રૂષિ મુનિઓ, એક બીજાના મ્હોં સામું જોવા લાગ્યા. આ બધાની અંદર મુનિયાજ્ઞવલ્કય પણ ફસાયા હતા. મૈત્રિયને સ્ત્રી સમજી પેલા હજુરીઓએ પકડી ન હતી જેથી તે મુકામેજ રહી હતી. પોતાના પતિની ચમત્કારિક સિદ્ધિઓની તેમજ તેમના યોગબલની તેને સંપુર્ણ ખાત્રી હોવાથી, મૈત્રિયને મુનિ તરફની લેશ પણ કાળજી ન હતી. જેથી તે નિશ્ચિંતપણે પોતાને સ્થાને ઇષ્ટસ્મરણ કરતી હતી. આશરે પાંચ હજાર રૂષિ મુનિ અને બ્રાહ્મણોમાંથી કોઇ બોલ્યુંજ નહિં ત્યારે છેવટે મુનિ ઉભા થઇ તે અનુપસિંહ રાજાને નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

મુનિ યાજ્ઞવલ્કય કહે છે "હે રાજન્ સ્વપ્નમાં ગાય માર્યાનો તને મિથ્યા વહેમ છે. અને તે વહેમતો એક રોગરૂપ છે; તે રોગનો ઇલાજ તે રોગ લાયકજ લેવામાં આવે તો તારો રોગ ટળી શકશે માટે જો તારે તે તારો રોગ ટાળવો હોય તો આ બધા મહાત્માઓને નજર કેદી તરીકે રાખી વૃથા દુઃખી ના કર ? સાચીરીતે જાગ્રતમાં, સ્વપ્નામાં થએલા પાતકનું નિવારણ કરવાથી, લાગેલા પ્રાયશ્ચિતનું નિવારણ નહીં થતાં ઉલટું બમણું પ્રાયશ્ચિત ચોટશે, માટે સર્વને રજા આપી માત્ર મારી સાથેજ તે વાતનો નિકાલ લાવવાનો નિશ્ચય કર ? પશ્ચાત હું તારૂં તે પ્રાયશ્ચિત નીવારણ કરવા અર્થે ઉપાયો યોજીશ." આ સાંભળી મુનિના યોગબલે કરીને રાજાને જેમ

કોઇ ઈશ્વર ઉતરીને કહેતા હોય તેવો હૃદયમાં ભાસ થયો તેથી તેણે મુનિની વાતનો સ્વિકાર કરી, મુનિ સિવાયના તમામ સત્પુરૂષો અને વિપ્રોને છુટા કરી પોતપોતાને સ્થાને વીદાય કર્યા. પછી મુનિ પાસે આવી બે હાથ જોડી કહેવા લાગ્યો "હે મહર્ષિ આપની આજ્ઞાનુસાર સર્વને છુટા કરી દીધા છે, હવે આપ તે પ્રાયશ્ચિતના નિવારણાર્થે ઉપાય બતાવો" એ સાંભળી મુનિએ કહ્યું કે "હું તને રસ્તો તો બતાવું પણ તે તારાથી થઇ શકે તેમ નથી માટે તે પ્રાયશ્ચિત નીવારણ કરવાની યોગ્યતાવાળો થવા માટે પ્રથમ પ્રયત્ન કર?" રાજા કહે છે, "હે મુનિંદ્ર તે પ્રાયશ્ચિત કરવાની યોગ્યતા મેળવવા માટે, ત્યારે મારે શું શું કરવું જોઇયે તે કૃપા કરીને કહો?" મુનિ બોલ્યા "હે રાજા, તે પ્રાયશ્ચિત નિવારણ કરવા માટે તારે આખી દુનિયા પરના રૂષિમુનિ અને સિદ્ધ પુરૂષોને પોતાને ખરચે બોલાવી તેમનું યથાવિધિ પુજન તથા દાન દક્ષીણા પૂર્વક સન્માન કરવું પડશે, પશ્ચાત એ બધાની સમક્ષ હું તને પ્રાયશ્ચિતવિધિ કરાવી હત્યાથી મુક્ત કરીશ." આ સાંભળી રાજા કહેવા લાગ્યો કે "હે મુનિંદ્ર, ત્યારે તે બધાને પુરૂં પડે તેટલું દ્રવ્યતો મારી પાસે નથી, માટે હવે કેમ કરવું?" મુનિ બોલ્યા, હા દ્રવ્યની તો પ્રથમ જરૂર છે. તારા જેવડાં દશ રાજ્ય ભેગાં કરે તેટલો ખજાનો તો થોડામાં થોડો તારી પાસે તે પ્રાયશ્ચિતના નિવારણ માટે જોઇશે, માટે હે રાજા તું તેટલા દ્રવ્યની સવડ કરી પશ્ચાત મને મારે આસનેથી બોલાવજે?" આટલું કહી રાજાતો વિચાર કરતો ને કરતો રહ્યો અને મુનિ યાજ્ઞવલ્કયતો સત્વર ચાલ્યા ગયા, અને પેલા શિવાલયમાં જ્યાં પોતાનું આસન હતું ત્યાં આવી નિરાંતે બેઠા. રાજાતો પેલા દ્રવ્ય ઉપાર્જન માટે ઉપાયો શોધવા લાગ્યો, પણ તેને એકે ઉપાય સુઝયો નહિં જેથી રાત દિવસ ચિંતા કરવા લાગ્યો, અને ચીંતામાંને ચિંતામાં દીન પ્રતિદીન સુકાવા લાગ્યો. રાણીઓ તેને કૃષ થવાનુ કારણ પુછતી, પણ મનની મનમાં

રહ્યા જેવું થયાથી તેમજ તેનેપોતાના વહેમનું ઓસડ નહિ થવાથી કંઇ પણ ઉત્તર આપ્યા વગર મૌન્યનેજ સેવવા લાગ્યો. આમ કરતાં રાત્રી ઉપર દીવસ અને દીવસ પછી રાત્રી વીતવા લાગી અને એમ કરતાં કરતાં આ વાતને દશ વર્ષ થઇ ગયા. રાજા આ વખતે છેકજ કૃશ અને સુદામા જેવો આજ મરે કાલ મરે તેવો ચિંતાથી બની ગયો હતો. મુનિ યાજ્ઞવલ્કયે પણ રાજા દ્રવ્ય એકઠું કરીને બોલાવે નહિં ત્યાં સુધી તેના નગરમાંથી જવું નહિં તેવો નિશ્ચય કરી ત્યાંજ રહ્યા હતા. એમ કરતાં કરતાં એક દિવસને સમાયોગે તે વિશ્વામિત્રિ નદીને કિનારે આવેલા શંકરના દેવાલયનો મેળો ભરાયો કે જે બારે વર્ષે આવતો હતો; તે મેળાને દીવસે રાજા તથા સર્વ પુરવાસિઓ વિશ્વામિત્રીમાં સ્નાન કરી તે દેવાલયમાં બીરાજેલા શંકર ભગવાનના દર્શન કરતા હતા; તેથી રાજા જ્યાં સાંજરે મહાપૂજન કરી પાછો વળે છે ત્યાં તે દેવાલયમાં આવેલી ધર્મશાળામાં એક બાજુએ મુનિને સમાધીસ્થ થએલા જોયા, કે રાજા તરતજ મુનિના આસન સમીપ જઇ સાંષ્ટાંગ કરી બેઠો, અને પોતાની સાથેના તમામ લાવલશકરને વીદાય કર્યું. આવતી વખતની સવારી રાજા વગરની ખાલી જોઇ પુરવાસીઓ પણ શંકામાં પડયા કે "રાજા મહાદેવને દેવળથી પાછો ન આવતાં ત્યાંજ બેસી રહ્યા તે સન્યાસ ધારણ કરવાનો છે કે શું ?" એમ અનેક પ્રકારની નગરના લોકોમાં ચર્ચા થવા લાગી. મુનિ તો સમાધી લેતા ત્યારે પાંચે સાતે દીવસે વા જ્યારે તેમને રૂચે ત્યારે સમાધી છોડતા હતા; જેથી રાજાએ મુનિ સમાધિ રહીત થાય અને તેની હત્યાનું નિવારણ કરવા અન્ય કોઇ ઉપાય બતાવે, ત્યારબાદ સ્વામિ પાસેથી ઉઠી જઈને અન્ન જળ લેવું તે સિવાય ત્યાંથી ખસવું નહિં તેવી દઢ પ્રતિજ્ઞા કરી. એમ કરતાં કરતાં પાંચ દીવસ થયા અને છઠા દીવસનો પ્રાતઃકાળ થયો. રાજા એક તો ચિંતાથી ખવાઇ ગએલો, શરિરે વૃદ્ધ અને છેકજ દુર્બળ થઈ ગએલો હોવાથી, તેમજ આ પાંચ દીવસ ભૂખ તૃષા નિદ્રા

વીગેરે શરીરની નિર્વાહક ક્રીયાઓથી વિમુખ થઇ ગયો હતો તેથી, તે છઠ્ઠા દીવસના પ્રાતઃકાળમાં બેઠો હતો ત્યાંથી તમર ખાઇ ઢળી પડયો અને બેશુદ્ધ બની ગયો. એટલે મૈત્રિયે શુદ્ધ ગંગોદક લાવી મંત્રીને તેને પાયું. પાતાંની સાથે એકદમ શુદ્ધિમાં આવી ગયો અને મૈત્રિયને બે હાથ જોડી સાષ્ટાંગ કરી કહેવા લાગ્યો "હે માતાજી, મુનિંદ્ર સમાધિમાંથી જાગી મારા દુઃખનું નિવારણ કરે તેવી તેમને ભલામણ કરશો તો, જે આ મારો પ્રાણ બચાવવાનો આપે મારા ઉપર ઉપકાર કર્યો તેનાથી સહઆગણો આપે મારા ઉપર ઉપકાર કર્યો એમ માનીશ." મૈત્રિયે કહ્યું "હે બેટા, તેઓ જ્યારે સમાધીમાંથી જાગશે ત્યારે તેમ કરવા હું તેમને કહીશ. માટે તું તારા મેહેલે જા અને દરરોજ દીવસમાં બે વાર આવી ખબર કાઢી જજે ?" આ સાંભળી રાજા તો તે સંન્યાસિનિનું વચન માની પોતાને મેહેલે ચાલ્યો ગયો અને દરરોજ સાંજ સહવાર મુનિ સમાધી રહીત થયા છે કે નહિં તેની ખબર કાઢવા લાગ્યો. એમ કરતાં એક માસ વિત્યો એટલે મુનિ જાગ્યા. સાંજપડી એટલે રાજા આવ્યો અને જુએ છે તો મુનિને જાગ્રત અવસ્થામાં જોયા. રાજા આવીને બેઠો એટલે મૈત્રિયને તેના પર કરૂણા આવી જેથી તે મુનિને આગ્રહ કરી કહેવા લાગી. " હે ભગવાન્ હવે આ રાજાની હત્યા નિવારણ કરવા અર્થે અન્ય કોઇ ઉપાય યોજવો ઘટે છે. કારણ કે તેના રાજ્યની સ્મૃધિથી દશગણી સ્મૃધિ તેને પ્રાપ્ત થઇ શકે તેમ જણાતું નથી માટે અન્ય કોઇ રીતે તેના પ્રાયશ્ચિતનું નીવારણ કરવા કૃપા કરો ? " આ સાંભળી મુનિ રાજાને કહેવા લાગ્યા " હે રાજન, તારાથી દ્રવ્ય એટલું પ્રાપ્ત થઇ શકે તેમ નથી તો તેવું તેં મને અત્યાર સુધી કહ્યું કેમ નહિં. તેં મને પ્રથમથી જણાવ્યું હોત તો હું તેટલું દ્રવ્ય તને આપત. ખેર જા હું તને એટલું દ્રવ્ય આપીશ માટે હવે જઇને એકદમ આખી દુનિયાના તમામ રૂષિ મુનિ અને બિદ્વાન વિપ્ર મહાત્માઓને ભેગા કર. પશ્ચાત મને બોલાવજે એટ-

લે તેઓની પાસે તેઓ કહેશે તે પ્રમાણે દ્રવ્ય આપી તને તારી હત્યા નિવારણ કરવાની ક્રીયા કરાવીશ. ” મુનિના આ વચનો શ્રવણ કરતાંની સાથે રાજા મુનિનો ઉપકાર માની, જાણે તેને નવી જીંદગી પ્રાપ્ત થઇ હોય તેવી રીતે હર્ષભેર પોતાને મેહેલે ગયો, અને પ્રધાનને દુનિયા ઉપરના તમામ રૂષિ મુનિઓ અને વિદ્વાન બ્રહ્મણોને આમંત્રણ કરવાનો હુકમ આપ્યો. પ્રધાને આશરે પોતાના તાબાના હજાર અમલદારોને દેશ પરદેશ પત્ર લખી મોકલી દીધા અને રાજાની હત્યા નિવારણાર્થે કરવાના વિધિ માટે, કરોડાન સત્પુરૂષો માઈ શકે તેવો વિશ્વામિત્રિના તે પવિત્ર તટ ઉપર મુનિએ જે શીવાલયમાં મુકામ કર્યો હતો તેની સમીપ મોટો યજ્ઞમંડપ બંધાવ્યો. વળી રૂષિઓ માટે સુવાના બેસવાના જમવાના ઇત્યાદિ સર્વ સ્થળો પણ તેમાં સુંદર બનાવ્યાં. એમ કરતાં કરતાં બે ત્રણ માસે દુનિયા પરના તમામ રૂષિ મુનિઓ આવી ત્યાં એકઠા થયા અને કોઇ આવવાનું બાકી ન રહ્યું એટલે રાજાએ મુનિપાસે આવી વરધી આપી. મુનિએ તે સાંભળી રાજાને કહ્યું. “ હે રાજા જો બધા આવી ગયા હોયતો તેમનું ત્રણ દીવસ યથાવિધિ સાંજ સહવાર બન્ને વખત પ્રેમ પૂર્વક પુજન કર, પશ્ચાત ચોથે દીવસે હું આવી તારા પ્રાયશ્ચિત નિવારણની ક્રીયા કરાવીશ. હે તાત પૂજન સાથે ભોજન પણ ત્રણે દીવસ જુદું જુદું ઉત્તમ પ્રકારનું તેમને આપી પ્રસન્ન રાખજે. ” આ સાંભળી રાજા તે આવેલા તમામ રૂષિ મંડળનું પૂજન કરવા ગયો, અને પ્રેમ પૂર્વક વિધિસર પુજન યજન કરી, રૂચિ પ્રમાણે ભોજન આપી તેમને તૃપ્ત કરવા લાગ્યો. ત્રણ દીવસ પુરા થયા અને ચોથા દિવસનું પ્રાતઃકાળ થયું એટલે મુનિએ રાજાને બોલાવી કહ્યું કે “ હે રાજા આજે તારી હત્યાના નીવારણનો વીધી કરવાનો છે, માટે સર્વ વિપ્રાત્માને સ્નાન ઈત્યાદિથી પરવારી મંડપમાં એકત્ર થવાનું કહી પશ્ચાત મારી પાસે આવજે એટલે હું બતાવું ત્યાંથી જોઈએ તેટલું દ્રવ્ય ગાડીઓમાં ભરાવી આપણે લેઇ આવીશું અને પ્રા-

યશ્ચિત નિવારણની ક્રીયા કરીશું." આ સાંભળી રાજા મુનિની આજ્ઞાનુસાર અમલ કરવા ગયો, અને મુનિ પોતાને આસને સ્થિતપ્રજ્ઞ સ્થિતિમાં પ્રસન્નતાપૂર્વક ઇષ્ટસ્મરણ કરવા લાગ્યા. જ્યાં સર્વ આમંત્રણ કરેલા વિદ્વાન વિપ્રો અને મહાત્માઓ પેલા મંડપમાં એકઠા થયા એટલે રાજા મુનિ પાસે આવી કહેવા લાગ્યો કે " હે મુનિંદ્ર સર્વ આપની આજ્ઞાનુસાર એકઠા થઈ ગયા છે અને આપ પધારો તેટલી વાર છે." મુનિ આ સાંભળતાંજ ઉઠયા અને રાજાને લઇ પેલા મંડપમાં આવ્યા અને સર્વ રૂષિ મુનિઓ પ્રત્યે કહેવા લાગ્યા "હે ભાઇઓ, આ રાજાએ સ્વપ્નામાં ગાયનો વધ કર્યો છે, માટે તેના પ્રાયશ્ચિત નિવારણાર્થે અત્રે ક્રીયા કરવા આપને સર્વને આમંત્રણ કરવામાં આવ્યું છે તો જે જે વસ્તુનું દાન તેમાં જોઇએ તે તે લખાવો એટલે સત્વર તે આપને આપવામાં આવે." આ સાંભળી સર્વ બ્રાહ્મણ અને રૂષિ મુનિઓએ તો પોતાના મન માનતું સુવર્ણ લખાવ્યું અને એથી એકંદર એટલું બધું સુવર્ણ થઇ ગયુ કે તેનાજેવાં બીજા સો રાજ્યો ભેગાં કરી તેઓની ત્રીજોરી ભેગીકરી સુવર્ણ ખરીદવામાં આવે તોપણ પુરૂં ન પડે. આ જોઇ રાજાતો પોતાના મનમાં પાછો વહેમમાં પડી વિચાર કરવા લાગ્યો કે " આટલું બધું સુવર્ણ મુનિ પણ શી રીતે પ્રાપ્ત કરી શકશે ? છતાં પણ જોઇએ જ્યારે તેમણે કહ્યું છે કે હું પ્રાપ્ત કરી આપીશ તો કેવી રીતે હવે આટલું સુવર્ણ ખરીદવા અર્થે તે દ્રવ્ય ઉપાર્જીત કરે છેતે જોવું જોઇએ." મુનિ પેલા સર્વ વિપ્રાત્માઓએ લખાવેલી દાનની યાદી પોતાની પાસે રાખી કહેવા લાગ્યા કે "જાઓ ત્યારે આ વિશ્વામિત્રી નદીમાં રાજાને લેઇ તમે બધા પ્રાયશ્ચિતનો વિધી કરાવો અને તે પ્રાયશ્ચિતથી રાજા મુક્ત થાય એટલે તેને લેઇ મંડપમાં પાછા આવો એટલામાં હું સૂવર્ણના ગાડાંઓ ભરાવી આપની સમક્ષ લાવું છું. પશ્ચાત રાજાને તેમણે કહ્યું " હે રાજન્, આ સર્વ વિપ્રમુર્તિઓ સાથે નદીમાં જઇ ગૌહત્યાના પ્રાયશ્ચિતની તર્પણ ઇત્યાદિ સવિધિ ક્રીયાઓ પ્રસન્નતા પૂર્વક કર,

અને તારા રાજ્યમાં જેટલા ગાડાં ગાડીઓ હોય તે સર્વને મારી જોડે મોકલ એટલે હું તે સર્વ સુવર્ણથી ભરાવી આ ભૂદેવોના દાન અર્થે અત્રે તારી સમક્ષ લાવી રજુ કરૂં." આ પ્રમાણે મુનિ યાજ્ઞવલ્કયના વચન શ્રવણ કરી, રાજાએ તો પોતાના અનુચરોને ગાડીઓ ભેગી કરવાની આજ્ઞા કરી, અને પોતે પેલા બ્રામણો જોડે વિશ્વામિત્રિ નદીમાં તર્પણ ઇત્યાદિ ક્રીયા કરી પ્રાયશ્ચિતથી મુક્ત થવા માટે ચાલ્યોગયો. બધા વિપ્રો તથા રાજા નદીએ ગયા અને મુનિ એકલા બેઠા બેઠા પશ્ચાત વિચાર કરવા લાગ્યા કે "વેહેમી રાજાના વેહેમનું ઓસડ વહેમજ છે, જેથી તેના વહેમને, દુર કરવો એવાજ હેતુથી આ બધી પ્રવૃત્તિ કરવામાં આવી છે. હવે એ બધા વિપ્રાત્માઓ ભેગા થઇ ક્રીયા કરાવી ના કરાવી અને હમણાં સત્વર જાહેર કરશે કે, હે રાજા તું તે ગૌહત્યાના પ્રાયશ્ચિતથી હવે મુક્ત થયો માટે દાન દક્ષીણાનો સત્વર બંદોબસ્ત કર. આનું કારણ કે તેઓ પોતાના મન માંનતું સુવર્ણ લખાવી સાત પેઢીનું દળદર ક્ષણમાં ટાળી નાખવું એવી લોભવૃત્તિથી, એ પ્રાયશ્ચિતની ક્રીયા વિધિપુરઃસર થઇકે ન થઈ તે તરફ પુરતું લક્ષ આપે તેવો સંભવ નથી. તેમની તો લક્ષણાવૃત્તિ અને અર્થવૃત્તિ ઉભય, પેલા સૂવર્ણમાંજ રહેલી હોવાથી, રાજાને નદીમાં ઉભો રાખી પાંચ સાથ ખોબા પાણીના ભરાવી તે પ્રાયશ્ચિતથી મુક્ત થયો એમ કહી પાછો લાવશે, અને દાન દક્ષણા માગશે, માટે લાવ હું પણ તેમની લોભવૃત્તિનો તેમને સ્વાદ ચખાડું અને રાજાને પણ તેના વેહેમથી મુક્ત કરૂં. હું પણ કોઇ એવીજ યુક્તિ કરૂં અને વ્હેમનું ઔષધ વ્હેમથીજ કરૂં." આ પ્રકારનો મુનિયાજ્ઞવલ્કયે નિશ્ચય કરી પેલા અનુચરો જેમ જેમ ગાડાં અને ગાડીઓ આવતાં ગયાં તેમ તેમ તેઓ પ્રત્યેકને, તે નદી ઉપર દુર અમુક જગા બતાવીને તે જગાએથી પોતપોતાના વાહનમાં પડેલા કોથલા અને કોથળીઓ ભરીને રેતી લાવી પેલા મંડપ વચ્ચે તેને ગોઠવી મુકી દેવાની આજ્ઞા કરી. જેથી ગાડાંવાળા અને ગાડીઓવાળા સર્વ

પેલી રેતના કોથળા અને કોથળીઓ ભરી લાવવા અર્થે ગયા. ગાડાંવાળા અને ગાડીઓવાળાઓ દ્રવ્ય ભરી લાવવા અર્થે કોથળા તથા કોથળીઓ લાવવામા આવ્યાં છે એમ જાણતા હતા જેથી રેત ભરવાની છે એ જોઈ આશ્ચર્યની સાથે રેતના કોથળા અને કોથળીઓ ભરી ભરીને, લાવી મંડપની મધ્યમાં તેને ઉપઉપરી થપ્પીબંધ ગોઠવવા લાગ્યા. એટલામાં પેલા બ્રાહ્મણો રાજાને લેઇ વિશ્વામિત્રિ નદીએથી આવતા હતા તેઓ દુરથી આ પ્રમાણે પેલી રેતની કોથળીઓ અને મોટા કોથળાઓ મંડપની વચમાં ગોઠવાતા જોઇ મનમાં ઘણાજ રાજી થવા લાગ્યા. અને રાજાને પણ ખાત્રી થઇ કે જરૂર મુનિએ પોતાના યોગબળે કરીને પુરતું સુવર્ણ પ્રાપ્ત કર્યું છે, જેથી ઘણો પ્રસન્ન થવા લાગ્યો. એમ કરતાં રાજા સર્વ વિપ્રોસહ મંડપમાં આવી પોહોચ્યો, અને સર્વ કોઇ પોતપોતાના આસને બેસી ગયું. રાજા જઈ મુનિ જોડે બેઠો અને કહેવા લાગ્યો "હે મુનિંદ્ર હું આ બધા વિપ્રમહાત્માઓની કૃપાથી અને મુખ્યત્વે કરીને આપના અનવધિ અનુગ્રહથી મને સ્વપ્નમાં ચોટેલા બ્રાહત્યાના પાતકથી મુક્ત થયો છું માટે હવે સહુ મુર્તિઓને તેમના માગ્યા મુજબ સુવર્ણનું દાન કરવાની આજ્ઞા કરવા કૃપા કરો ?" મુનિ બોલ્યા, "હે રાજન બધાં ગાડાં ગાડીઓ આવી જાય પશ્ચાત દાનનો આરંભ કરીયે." થોડીવાર થઇ એટલે સર્વ ગાડીઓ આવી ગઇ એટલે તે કોથળા કોથળીઓ જોખવા માટે ઘોડીનું મોટું ત્રાજવું એક ઉભું કરી એક માણસને બેસાડયો અને પેલી યાદી પ્રમાણે મુખેથી નામ અને તેને આપવાના સુવર્ણનું વજન મુનિ બોલવા લાગ્યા. જેમ જેમ મુખે બોલતા ગયા તેમ તેમ તે પેલો જોખનારો સખ્સ જોખી જોખી પેલા કોથળાઓ આપવા લાગ્યો. એમ કરતાં બધાને આપી રહ્યો એટલે પેલા સર્વ બેઠાહતા તેમાંથી એક જણ તે કોથળા રેતના છે એમ માલમ પડયાથી, ઉભોથઇ રાજાને કહેવા લાગ્યો "હે રાજા, તું આ સુવર્ણનું દાન કરે છે કે રેતીનું ?" રાજા

એ આ સાંભળી મુનિના સામું જોયુ એટલે મુનિ તે સર્વ વિપ્રો પ્રત્યે કહેવા લાગ્યા. " હે વિપ્રાત્માઓ આ જોકે વસ્તુતઃ રેતી છે, મિથ્યા વસ્તુ છે છતાં તમે તેને સુવર્ણ સમાન માની લેજો કારણ કે આ રાજાને સ્વપ્નમાં લાગેલું ગૌહત્યાનું પાતક પણ વસ્તુતઃ મિથ્યા છે કંઇ સત્ય નથી; જ્યાં સાચું પાતક છે ત્યાંજ તેના નિવારણાર્થે સાચું દાન છે. બાકી જ્યાં મિથ્યા પાતક છે અર્થાત પાતક સત્ય નથી, સ્વપ્ન સમાન મિથ્યા છે ત્યાં તેનું દાન પણ જે આ રેતી તે સત્ય સુવર્ણ નથી, મિથ્યા સુવર્ણ છે, જેથી તેને તમારે સુવર્ણ સમાન ગણી લેવાની છે. અસત્ય પાતકનું દાન પણ રેતીરૂપી અસત્ય સુવર્ણ તમને આપવામાં આવે છે. બાકી ખરૂં સુવર્ણ, અસત્ય પાતક માટે આપવામાં આવશે નહીં. માટે જેને આ અસત્ય સુવર્ણ રૂપી દાન લેવું હોય તે લ્યો નહિંતો સિધો પોતપોતાના સ્વદેશનો રસ્તો પકડો ? " આ સાંભળી રાજા અને સર્વ વિપ્રોતો ઝંખવાણા પડી ગયા. અને એક બીજાના મ્હોં સામું જોવા લાગ્યા. પશ્ચાત રાજા આ સર્વ જોઇ કહેવા લાગ્યો " મહારાજ, આપનું કહેવું હવે હું સમજ્યો. સ્વપ્ન તે મિથ્યા, નહિંવત્ છે અને તેથી તેમાં લાગેલુ પાતક પણ મિથ્યા છે. એટલે તેનું પ્રાયશ્ચિત વસ્તુતઃ છેજ નહિં છતાં આ લોકોએ તેના નિવારણની જુઠી ક્રીયા કરાવી અને દાનની માગણી કરી જેથી આપે આ અસત્ય દાન આપવાનો કેવલ ન્યાય કર્યો છે, છતાં આટલે સુધી તેઓ રાજ્યને ખરચે આવ્યા ત્યારે કંઇક પણ તેમની સેવા કરવી ઘટે છે. " મુનિ યાજ્ઞવલ્કય આ સાંભળી કહેવા લાગ્યા, " જાઓ ત્યારે હરેકને અકેક ચાદર અને અકેક સોના મોહોર આપી પુરતા વાહનના બંદોબસ્ત સાથે પાછા રાજ્યના ખરચે વીદાય કરો ? " આ સાંભળી રાજા અનુપસિંહે પોતાના પ્રધાનને તેમ કરવાની આજ્ઞા કરી. એટલે સર્વ કોઇ અકેક ચાદર અને અકેક સુવર્ણ મોહોર લઇ પોત પોતાને સ્વદેશ ચાલ્યા ગયા. અને મુનિ પણ પછી તે નગરમાંથી સન્માન પૂર્વક વીદાય થયા.

મુનિ વર્ચસૂતમા કહે છે “ હે પ્રહર્ષ, તે સિદ્ધેશ્વરાચાર્યે શુભ્રકેતુ રાજાને આટલે સુધી દીગંબર અને ભાનુદેવનો વૃત્તાંત શ્રવણ કરાવ્યો પશ્ચાત દીગંબર સ્વામિએ બીજા દીવસ ઉપર કથા પ્રસંગ શ્રવણ કરાવવાનું મુલતવી રાખ્યું. તેજ પ્રમાણે આ ગુરૂ શિષ્ય પણ બન્ને પોતપોતાના કાર્યમાં પ્રવૃત થયા. હે તાત્, આ રાજા જોકે ઘણો સ્વધર્માચરણી, સદાચારી અને પોતાના ધર્મ કર્મમાં પ્રિતિવાળો હતો છતાં તેને આ દૃશ્ય પ્રપંચ જગત અને માયા એ ત્રણના મિથ્યાપણાનું વાસ્તવિક ભાન થયું ન હતું, જેથી તેના રદયમાં અનુભવ રૂપિ સુર્યનો ઉદય થયો ન હતો. હે વત્સ જેના અંતરમાં, ગમે તેટલી શુભક્રીયાઓ ઉગ્ર તપ કિંવા ઉપાસના કરવા છતાં, અનુભવ રૂપિ પ્રકાશ થયો નથી ત્યાં સુધી અજ્ઞાન રૂપી અંધારાનો નાશ થઇ શકતો નથી. જ્યારે જ્ઞાનરવીનો ઉદય થાય છે, ત્યારે કોઇ સ્થળે અંધારા રૂપી અજ્ઞાનને રહેવાનો અવકાશ મળતો નથી. હે પ્રહર્ષ હવે સમય થયો છે તો જઈને નિવૃતિ લે ? ” એમ કહી સર્વ કોઇ પોતપોતાના સ્થાને ગયા.

प्रकरण १० मुं.

यथाकारी यथाचारी तथा भवति.(बृहदारण्यकोपनिषत्)
योनि मन्ये प्रपद्यन्ते शरीरत्वाय देहिनः
स्थाणुमन्येऽनु संयन्ति यथाकर्म यथाश्रुतम्.(कठोपनिषत्)

જેવું મનુષ્ય કરે છે અને જેવું આચરે છે તેવો તે થાય છે. જેવું મનુષ્યનું કર્મ, જેવું તેનુ શ્રુત, તે પ્રમાણે તે શરિર ગ્રહણ કરવા અર્થે યોનીને પ્રાપ્ત થાય છે કિંવા ૧ સ્થાણુત્વને પ્રાપ્ત થાય છે.

—તરંગ ૧ લો.

ભક્તિનું નવધા સ્વરૂપ.

બીજે દીવસે મુનિવર્ચસૂતમા સમય થતાં આવીને બેઠા એટલે પ્રહર્ષ બે હાથ જોડી કેહેવા લાગ્યો કે “ હે ગુરો, પેલા સિદ્ધેશ્વરાચાર્યે દીગંબર સ્વામિ અને ભાનુદેવનું પછી આગળનું વૃત્તાંત શુભકેતુ રાજાને કથન કરી શ્રવણ કરાવ્યું તે સંભળાવવા શીષ્ય ઉપર કૃપા કરો ? વળી હે ગુરો, ભક્તિયોગ પ્રાણીને સત્વર સિદ્ધ ન થવામાં કારણ શું હશે તેમજ ભક્તિયોગ સાધવામાં ભક્તિના નવે લક્ષણોનાં સ્વરૂપ કેવાં હોવાં જોઈએ કે જેથી ભક્તિયોગ સિદ્ધ થાય. હે ભગવન્ આ કાલમાં ઘણા મનુષ્યો પોતાને મોટા જ્ઞાની અને વેદાંતી માને છે પણ તેઓ પુર્ણ સુખી હોય તેમ જણાતું નથી તેનું શું કારણ હશે ? કાંતો તેઓ અધુરા ઘડા જેવા હોવા જોઇએ, કાંતો શાસ્ત્રે પ્રતિપાદન કરેલાં ફળો પ્રાણીને મળવાનો અસંભવ હોય, આ બેમાંથી એક કારણ હોવું જોઇએ. શાસ્ત્રે પ્રતિપાદન કરેલા ફળનો અસંભવ એ વાતતો માનવા જોગ નથી કારણ કે સદ્ગુરૂ અને સત્શાસ્ત્રોથી નિર્માણ કરેલા માર્ગે વહન કરનારા

---

૧ સ્થાણુત્વ—સ્થિરતા. દૃઢતા—Stability.

ઘણા સત્પુરૂષો અને વિરાગી મહાત્માઓ તો તે પરમ ફલને પ્રાપ્ત કરી સુખરૂપ થયા છે. તેના દૃષ્ટાંત આપણે સર્વેએ જાણ્યાં, વાંચ્યા અને સાંભળ્યા છે અને આજે પણ આપણે જોઇયે છીએ કે તેવા મહાત્મા અને તત્વવિદ્ યોગિ પુરૂષો ઉત્તરોત્તર સુખરૂપ થત રહે છે. માટે હે સદ્ગુરો માત્ર ભક્તિયોગ સિદ્ધ થવામાં સાધક અને સાધનની પ્રતિકુલતા કિંવા અપુર્ણતા એજ કારણ મને તો જડી આવે છે, તો જે કંઇ સત્ય કારણ હોય તે શીશુને સમજાવવા કૃપા કરો ?"

આ પ્રકારની પ્રહર્ષની મૃદુ અને વિનય ભરેલી વાણી શ્રવણ કરી મુનિ પ્રસન્ન વદને તે દીગંબર સ્વામી અને ભાનુદેવનું વૃત્તાંત કહેવા લાગ્યા. "હે પ્રહર્ષ આ કાળમાં પ્રાણીઓ, પોતાને મોટા વેદાંતી અને જ્ઞાની માને છે અને જગતમાં કહેવરાવે છે પણ તેઓ યથાર્થ જ્ઞાની હોતા નથી, કારણ કે તેઓ પોતાના અર્થ કામને પણ સારી રીતે જાણતા નથી, તો પછી ધર્મને તો સમજેજ ક્યાંથી ? અને જે પ્રાણીઓને પોતાના ધર્મની ખબર નથી, તે પ્રાણીઓને જ્ઞાનનો, વેદનો, કે એવો અન્ય મોક્ષનો માર્ગ જાણવાનું સામર્થ્ય પ્રાપ્ત થવાની સ્વપ્ને પણ શી આશા ? ચતુર્વિધ પુરૂષાર્થ અર્થાત ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સ્વરૂપને યથાર્થ રીતે ન જાણનાર અને વૃથા જ્ઞાનનું મિથ્યાભિમાન રાખનાર, આ જગતમાં ઘણા જોવામાં આવે છે, અને તેથી તેવા મિથ્યા વાંચક જ્ઞાનીઓને શાસ્ત્રપ્રતિપાદીત સુખનું ફળ મળી શકતું નથી, અને એથીજ તેઓ સુખી જણાતા નથી. હે બેટા, તારૂં માનવું સત્ય છે કે સિદ્ધ સાધકની અને સાધનોની અપુર્ણતા કિંવા પ્રતિકુલતા એજ જીવોને ફલની અપ્રાપ્તિનું કારણ છે. ભક્તિયોગની સિદ્ધિ થતાં પરમાત્મસ્વરૂપનો અપરોક્ષ અનુભવ ઘણાઓને થયો છે ને થાય છે, જેનું દૃષ્ટાંત તને અગળ હું આપીશ, પણ પ્રથમ નિત્યસુખને આપનાર પરમાત્માનો અપરોક્ષ અનુભવ જે જે ઉપાયથી જીવોને થવો સંભવે છે તેના સ્વરૂપને કહું તે પ્રેમપુર્વક એકાગ્રચિત્તે શ્રવણ કર ? અને પછી અંતઃકર-

ણુમાં હે વત્સ વિચાર કરજેકે આજના મિથ્યા જ્ઞાનના અભિમાની જીવો તેમાંની કઈ યુક્તિદ્વારા, કીયા ઉપાયને સાધી ભક્તીયોગ સિદ્ધ કરવા સમર્થ થયા છે, પશ્ચાત તારી સર્વ શંકાનું સમાધાન થશે. વાસ્તવિક જ્ઞાનને પ્રાપ્ત કરી સ્વસ્વરૂપનો અનુભવ કરવાનો પ્રથમ ઉપાય ભક્તિયોગ છે અને તેને તું સર્વેશ. જાણ ? ભક્તિનું સવિસ્તર સ્વરૂપ તને સંક્ષેપમાં સમજાવું તે તું પ્રેમપૂર્વક શ્રવણ કર ? હે પ્રહર્ષ, જેનવ ભક્તિના સ્વરૂપ દીગંબર સ્વામિએ ભાનુદેવને સમજાવ્યાં તેનું તારા પ્રતિ આ સ્થળે કથન કરૂં છું તો તેપર યથાર્થ લક્ષ દેજે ? ભક્તિના નવ પ્રકાર છે અને તેથી નવધા પ્રકારની ભક્તિ કહેવાય છે તે નવે પ્રકારનું સ્વરૂપ નીચે પ્રમાણે કહું છું તે શ્રવણ કર ?

હે પ્રહર્ષ, પછી સિદ્ધેશ્વરાચાર્ય રાજાને કહે છે કે "બીજે દીવસે સમય થયો એટલે દીગંબર સ્વામી ભાનુદેવને કહેવા લાગ્યા, " હે ભાનુદેવ, પહેલું ભક્તિનું સ્વરૂપ શ્રવણ છે. અર્થાત સદ્‌ગુરૂ દ્વારા અગર કોઇ બ્રહ્મવિદ્વરિષ્ટ મહાત્માઓ પરમેશ્વરનું કથન કરતા હોય તે કાને સાંભળવું. ત્યાં પછી શરીર, મન, વાણી અન્યના ગુણ દોષ તરફ ન રાખતાં તેમજ જગતમાં શત્રુ-મિત્રના કાર્યો કે કર્મો તરફ ચિત્તવૃત્તિ ન નાખતાં એજ તે પરમાત્માના સ્વરૂપના વર્ણનમાં શ્રોત્રેન્દ્રિયને લય કરી દેવી એનું નામ શ્રવણ ભક્તિ છે; શ્રવણ ભક્તિવાળા સ્ત્રી પુરૂષોએ પરમેશ્વરની અગર તો પરમેશ્વર સ્વરૂપ પોતાના ઇષ્ટશ્રી સદ્દગુરૂની કદાપિ પણ નિંદા શ્રવણ કરવી નહિં. તેથી શ્રવણ ભક્તિ નષ્ટપ્રાય થઈ જાય છે, અને શ્રવણ ભક્તિનું યથાસ્થિત ફળ મળી શકતું નથી. વળી શ્રુતિમાં પણ કહ્યું છે કે 'ભક્ત, સાધક, વા અધિકારિ, પરમાત્મામાં જેવી સર્વોત્કૃષ્ટ પુજ્યભાવ અને ભક્તિની દ્રષ્ટ રાખે છે તેવીજ પોતાના ઇષ્ટશ્રી સદ્દગુરૂમાં રાખે તો નિસંશય અને નિર્વિઘ્ને આ ચતુર્વિધ પુરૂષાર્થને સિદ્ધ કરી પરીણામે ખરા સુખને ભોગવી સ્વસ્વરૂપાકાર થઈ રહે છે. મુનિ વર્ચસૂત-કહે છે હે પ્રહર્ષ, માટે ભક્તિમાન્ જીવોએ ઇષ્ટના વિરોધીની

સંગતિથી નિરંતર બચવાને સાવધાન રહેવું. શ્રવણ ભક્તિ કરનાર એક કાષ્ટ જેવા જડ પદાર્થમાંથી ગુરૂ ઓળખી કાઢી તેને ગુરૂ સ્થાપી પશ્ચાત્ તે ગુરૂ અને ઈશ્વરને અભિન્ન જોઇ આ સંસારસાગરને તરી પરમાત્માનો અપરોક્ષ અનુભવ કરી અખંડાનંદને પ્રાપ્ત કરી પરમપદે જેઓ બિરાજે છે તેનું એકાદ દૃષ્ટાંત તને આ સ્થળે કહી સંભળાવું તે શાંતચિત્તે શ્રવણ કરજે.

તત્વારામ અને જીવારામ કરીને બન્ને ભાઇઓ હતા. તે બ્રાહ્મણ અને પવિત્ર આચરણવાળા હતા, અને નિરંતર સાધુ મહાત્માઓની સેવા કરવાની વૃત્તિવાળા હતા તેથી કરીને સતત સાધુ સેવામાં પ્રવૃત રહેતા. તે બન્ને ભાઇઓએ કોઇ પણ ગુરૂ કર્યો નોહોતો, કારણકે ગુરૂ કરવાને લાયક મહાત્મા, તેમને મળ્યા નોહોતા જેથી નિરંતર સમર્થ સદગુરૂ પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં હમેશાં જારી રહેતા. સમર્થ મહાત્મા શોધી કઢવા સારૂ તેમણે તેમના ઘર આગળ એક સૂકું કાષ્ઠ દાટયું હતું. અને જે સંતસાધુ તેમને ત્યાં આવતા તેઓના ચરણ પખાળી ચર્ણામૃત બનાવી તે કાષ્ટ ઉપર રેડતા, જેથી સંતસાધુઓના ચર્ણામૃતના પ્રતાપથી તે કાષ્ટ સુકું હતું તે લીલું થઇ ગયું અને તેને પાંદડા આવવા લાગ્યાં. તે જોઇ તત્વારામે જીવારામને પુછ્યું કે " ભાઇ રાતોરાત આ સુકું કાષ્ટ લીલું થઈ ગયું તે કીયા મહાત્માના ચર્ણામૃતથી થયું હશે? ત્યારે જીવારામ બોલ્યા કે કાલે કબીર સાહેબ આપણે ત્યાં પધાર્યા હતા તે કદાચ તેમના ચર્ણામૃતથી થયું હશે એમ હું ધારૂં છું. માટે કબીર સાહેબને સદગુરૂ તરીકે સ્થાપવાનો નિશ્ચય કરવો યોગ્ય છે. એમ કરી બન્ને કબીર ભક્તને પોતાના ગુરૂ કરવા અર્થે કાશીએ ગયા. કબીર પાસે જઇ તેમણે વિનયપૂર્વક પોતાની જીજ્ઞાસા જાહેર કરી. કબીરે પણ તેમની વાત સ્વિકારી અને બન્નેને રામમંત્રનો ઉપદેશ આપ્યો. આ વાતની તેઓની વિપ્રજ્ઞાતિમાં ખબર પડી અને તેથી તત્વારામ તથા જીવરામને મુસલમાન ગુરૂ

કરવાને નિમિત્તે ન્યાતબહાર મુકયા. તત્વારામને એક છોકરો તથા જીવારામને એક છોડી હતી; અને બન્નેના છોકરા અને છોડી પુખ્ત ઉમરના થઇ ગયા પણ તેઓ ન્યાતબહાર હોવાથી તેઓના લગ્ન કરી ન શકયા. જેથી કબીર સાહેબને જઇને તેમણે જાહેર કર્યું, એટલે કબીર સાહેબે તેઓ બન્નેને કહ્યું, તમે તમારી ન્યાતમાં એવી વાત ઉડાવો કે અમે મુસલમાની રીવાજ મુજબ માંહોમાંહી લગ્ન કરીયે છીએ એટલે તમારી ન્યાતવાળા તમારા ગામની ન્યાતને પરગામ વાળાઓ ન્યાત બહાર મુકશે તેવી બીકને લીધે સુલેહ કરી તમને ન્યાતમાં લેશે. આ વાત તત્વારામ અને જીવારામને ગળે ઉત્તરી, જેથી તેઓએ પોતાને ગામ આવી એવી વાત કરવા માંડી અને લગ્નસામગ્રી પણ તૈયાર કરી. તેની ન્યાતના લોકો આવી પુછતા કે તમારી છોકરી છોકરાના લગ્ન કયાં કરો છો ત્યારે તેઓ સર્વને કહેતા કે અમે બન્ને ભાઇયો માંહોમાંહી લગ્ન કરી દઇએ છીયે આ વિચિત્ર વાત સાંભળી તેઓની ન્યાતના લોકો કહેવા લાગ્યા કે આતો ઘણું અણઘટતું થાય છે. આપણે બ્રાહ્મણ અને મુસલમાનની પેઠે માંહોમાંહી આપણાથી લગ્ન થાય ? પરગામના આપણી ન્યાતવાળાઓ જાણશે તો આપણા ગામની ન્યાતને ન્યાત બહાર મુકશે અને આપણા ગામનું લ્હાણું પણ બંધ કરશે માટે તેમતો ન થવા દેવું. એમ કરતાં છેવટે તેઓની ન્યાતના આગેવાન શેઠીઆઓએ તેમને ન્યાતમાં લેઈ બન્ને છોકરાંઓની લગ્ન કરવાની ગોઠવણ કરવા ઠરાવ કર્યો અને તત્વારામ જીવારામને ન્યાતમાં લીધા અને લગ્નવિધિ છોકરાંઓની કરી એટલે પાછા તેઓ પોતાના સદગુરૂ કબીર પાસે ગયા, અને ગુરૂવચન ફલિભૂત થવાના સમાચાર કબીરને કહ્યા. કબીર આ જાણી પ્રસન્ન થયા અને તેમને પશ્ચાત પોતાની પાસે રાખ્યા. તે બન્ને ભાઇયો નિરક્ષર હોવાથી કબીર સાહેબના કિર્ત્તનોને અને સદુપદેશને વારંવાર શ્રવણ કરી, શ્રવણ ભક્તિવડે કરીને અંતે મોક્ષ પામ્યા. માટે હે વત્સ, સદ્ગુરૂ અને સત્શાસ્ત્રોએ પ્રતિપાદન કરેલી નવધા

પ્રકારની ભક્તિમાં પ્રથમ જે શ્રવણભક્તિ છે તે ભક્તિવાન શ્રી પુરૂષ પણ આ સંસારસાગરને તરી જઇ પરિણામે પરમપદે સ્થિત થયાં છે ને થાય છે. બીજું ભક્તિનું સ્વરૂપ કિર્ત્તન છે, જે તને સંક્ષેપમાં શ્રવણ કરાવું; હે પવિત્ર દંપતિ તે સાંભળી તમારો યોગ્ય અધિકાર જોઈ તમને સર્વ રીતે સમજાવી આ સંસારથી તરી જવાનો સુગમ માર્ગ બતાવી પછી હું મારા સ્થાને વિદાય થઈશ માટે શ્રવણ કરતાં કરતાં જેજે શંકાઓ તમને બન્નેને થાય તેતે મારા પ્રતિ પ્રેમપુર્વક નિવેદન કરી દેજો જેથી તમારા બન્નેના મન સમાધાનમાં લાવી, પછી આગળ ચાલીશ; નહિં-તો મારા ગયા પછી, તે શંકાઓ તમારા રદયમાં રહી જશેતો તમારૂં અંતઃકરણ વિકારને પામશે; અને વિકારી અંતકરણ બનતાં પદભ્રષ્ટ થવાય છે અને પદભ્રષ્ટ થયેલો સંશયાત્મા છેવટે વિનાશને પામે છે. માટે આગળ જવાને બદલે પાછા ન પડાય તે માટે આ સંસારમાં જ્ઞાની પુરૂષે અત્યંત સાવધાન રહેવું ઘટે છે. હે ભાનુદેવ, હવે બીજું ભક્તિનું સ્વરૂપ જે કિર્ત્તન છે તે સંબંધી થોડું વિવેચન કહી સંભળાવું તે તું પ્રસન્નતા પૂર્વક શ્રવણ કર ?

કિર્ત્તન એટલે પરમાત્માના ગુણાનુવાદને ગાવું; ઈશ્વર અને સદ્ગુરૂના સ્વરૂપ વિશે ગુણોનું આરોપણ કરી, અથવા તો ગુણોના નિવારણ પુર્વક, નૃત્યવાદ્ય સહિત અથવાતો તે રહીત, તિવ્ર, મધ્યમ, કિંવા મંદ સુસ્વરથી ગાવું, અથવા વિધવિધ ગદ્યપદ્યાત્મક સ્તુતિ કરવી કિંવા પરમાત્મા તથા સદગુરૂની સ્તુતિ સંગિતમાં કરવી તેને હેતાત્ કિર્ત્તન ભક્તિ જાણવી. ઇશ્વર તથા ગુરૂબુદ્ધિથી રહીત, આ લોકના સમગ્ર પ્રાણી પદાર્થના ગુણ દોષનું પ્રીતિપૂર્વક ગદ્યપદ્યથી કથન કરવું નહીં પણ પરમાત્મા તથા પોતાના ઇષ્ટશ્રી સદગુરૂના સંબંધમાં તેમની સ્તુતિ કિંવા પ્રાર્થના ઇત્યાદિનું ગિતમાં પ્રેમપુર્વક ઉચ્ચાર કરવું એજ કિર્ત્તન ભક્તિ-નું ખરૂં સ્વરૂપ છે. માટે સાવધ અધિકારીએ વાણીવડે વિવિધ શબ્દ અને અર્થ રચનાવાળા પરમેશ્વરના તથા શ્રી સદ-

ગુરૂના ગુણોનું ગદ્યપદ્યમાં પ્રિતિપુર્વક ઉચ્ચારણ કરવું તે સિવાય અન્ય વ્યર્થ વાણીનો ઉપયોગ કરતાં ડરવું તેજ ખરી કિર્તન ભક્તિ કહેવાય છે. માટે હેવત્સ, આ કિર્ત્તન ભક્તિ પણ સહેલી સમજવી નહિં, તદપિ સદ્ગુરૂ અને સત્શાસ્ત્રોએ પ્રતિપાદન કરાયેલા બિહિત ઉપાયોથી તે કિર્ત્તન ભક્તિ સાધવામાં આવે છે તો તત્કાળ તે સિદ્ધ થયા વિના રહેતી નથી અને સિદ્ધ થતાં સત્વર સ્વસ્વરૂપનો અપરોક્ષ અનુભવતે પ્રાણીને થયા વગર પણ રહેતો નથી એ પણ નિઃસંશય છે. તે કિર્ત્તન ભક્તિવાળા એકાદ સત્પુરૂષનું દૃષ્ટાંત આ સ્થળે તને શ્રવણ કરાવવાની જરૂર જાણી કહું છુ તે પ્રતિ પ્રેમપૂર્વક લક્ષ દે જે?

પૂર્વે ચક્રવર્તિ રાજા દિલિપસિંહના સમયમાં જોધપુરના ખંડીઆ રાજાઓ પૈકીમાંનો એક માધવસિંગ કરીને રાજા હતો; તેને રત્નાવલિ નામની એક રાણી હતી. માધવસિંગને માનસિંગ કરીને એક કુંવર હતો; રાજા માધવસિંગ પોતાના કુંવર માનસિંગને લેઇને દીલીપસિંહના આમંત્રણથી દીલ્લી ગયો, અને રાણી રત્નાવલિ ઘેર એકલી રહી. જેથી તે સદા પતિભક્તિમાં તથા પોતાની દાસિઓ સાથે પોતાના વખતનો સદુપયોગ કરી કાલ વ્યતિત કરતી હતી. એક દિવસે તેણીની માલતિ નામની દાસી, ગામ બહાર એક વટવૃક્ષ નીચે કેટલાક સાધુઓ ઉતર્યા હશે ત્યાં ફરતી ફરતી જઇ ચડી. ત્યાં ઠાકોરજીનું કિર્ત્તન થતું હતું અને તેમાંના કેટલાક સુસ્વર વાળા સાધુઓ પ્રેમથી પરમાત્માની પ્રેમલક્ષણા ભક્તિવાળા પદો ગાઇ રહ્યા હતા, જેથી માલતિને ત્યાં બેસવાનું મન થયું. થોડીવાર બેઠી, કિર્ત્તન પુરૂં થયું અને સાધુઓએ ઠાકોરજીની આરતિ કરી, તેણીને પ્રસાદ અને ચર્ણામૃત આપ્યું, તે લેઇ ત્યાંથી મ્હેલે આવી. આનું પરિણામ એ આવ્યું કે તે સાધુઓએ જે જે પદ ગાયાં તેમાંના બેચાર તેને મોઢે થઇ ગયાં અને તેથી તે પદો કામકાજ કરતે કરતે અને અમસ્તી પણ એમને એમ પ્રેમથી સુસ્વરથી ગાયાં કરતી હતી. એક દીવસ પ્રભા-

તમાં તે પ્રેમપુર્વક ગાઇ રહી હતી, ત્યાં રાણીએ પલંગમાં સૂતે સૂતે તે ભજન સાંભળ્યાં, અને તેથી તે ઘણીજ પ્રસન્ન થઈ. જેથી પલંગમાંથી ઉઠી બહાર તેણીની પાસે આવી કહેવા લાગી, "અલિ માલતિ, આવા સુંદર કિર્ત્તનો તું કયાંથી શીખી આવી, તું એ શું ગાય છે, વીગેરે સર્વ મને સમજણ પાડ ?" આ પ્રકારના રાણી રત્નાવલિના વચનો સાંભળી માલતિ કહે છે, "બાઇ સાહેબ તમે ઓઝલ પડદે રેહેનારા રાણી તેમજ રાજમાતા કહેવાઓ, આપને આવાં પદો સમજવાની શી જરૂર છે, આપને તો ખાઇ પી અમન ચમન અને મોજ મજા થી પડદે રહેવું બાકી આવા પ્રભુના ગુણાનુવાદના પદો અમારા ગરીબને જોઇયે." આ સાંભળી રાણી બોલી, "એ તો બધું તેં કહ્યું તે ઠીક છે. મારે એની તલવાર, પાળે એનો ધર્મ, અને કરે તેની ભક્તિ છે. રંકરાય સર્વને માટે પરમાત્માએ તો એજ નિયમ ઘડેલો છે. માટે મને કહે કે આવા સુંદર હરિના કિર્ત્તનો તું કયાંથી શીખી લાવી ?" માલતીએ કહ્યું, "બા, આજથી પંદરેક દિવસ ઉપર આપણા ગામ બહાર વટવૃક્ષ તળે એક સાધુઓનું ઝુંડ આવ્યું હતું તેમાં બે ચાર ઠાકોરજીના અનન્ય ભકતો એ પદો ગાતા હતા તે મેં સાંભળ્યાં એટલે મને મોઢે થઇ ગયાં અને તેથી હવે નિરંતર એજ હું ગાઉ છું અને સુખી રહું છું. હવે તો બાઇ સાહેબ મને એવું થયું છે કે જે દિવસે તે મારા ઠાકોરની સેવા તથા કિર્ત્તનો ગાવા હું ભુલી જાઉં અગર કોઇ ઉપાધીને લીધે ન ગવાય તે દિવસે, આખો દિવસ મારો ઉદાસીનપણામાં અને કલેશમાં જાયછે. પણ ભાગ્યેજ તેવું બને છે કારણ કે તે પ્રભુના પદો હમેશ ગાતાં ગાતાં સૂઇ જવાની તથા ગાતાં ગાતાં પ્રસન્નતાથી પથારીમાંથી ઉઠવાની મને ટેવ પડી છે. અને કામ કરતે કરતે હરતે ફરતે પણ તે હું ગાતી રહું છું. માજી, તેથી કંઇ મારાકામકાજને કે આપની સેવાને કોઇ રીતે અડચણ આવતી નથી." આ સાંભળી રાણી કહે છે." ત્યારે તો માલતિ તે કિર્ત્તનો મને ફરી-

થી સંભળાવ, અને તારી ઠાકોરસેવા પણ બતાવ ? ” માલ-તિએ તેમ કર્યું એટલે રાણીને ઠાકોરસેવા :કરવા ઉપર તથા કિર્ત્તનો ગાવા ઉપર લગની લાગી; જેથી માલતિ પાસે સર્વ વિધિપૂર્વક સેવા અને શુદ્ધ ઉચ્ચાર પુર્વક સ્વરબંદ્ધ પદો શીખી પછી રાત દિવસ માલતીની પેઠે તે પણ તે પ્રમાણે કરવા લાગી. શ્રીમદ્ પરમાત્મા વિશ્નુ ભગવાન તો વિશુધ પ્રેમને આધીન હોવાથી સત્વર તેણીની પ્રેમલક્ષણાભક્તિથી પ્રસન્ન થયા, અને તેથી તેણીને ચતુર્ભુજ દર્શન દીધાં. રત્નાવલિએ પ્રભુના ચરણાર્વિંદની નિરંતર ભક્તિ માગી લીધી, એટલે પ્રભુ અદૃશ્ય થયા. પ્રભુનો અપરોક્ષ અને પરોક્ષ સાક્ષાત્કાર થવાથી, રત્નાવલિ જીવનમુ-ક્તિનું અખંડાનંદ સુખ ભોગવવા લાગી, અને પ્રભુની અત્યંત ભક્તિ કરવા લાગી તથા પછી તો ઓઝલ વીગેરે મલાઝો છોડી દઇ સંત સાધુઓના સમાગમમાં આવવા લાગી, તેમની જોડે કિર્ત્તન કરવા લાગી તથા નિરંતર ભજનની ધુનમાં રહેવા લાગી. મુનિ વર્ચસૂતમા બોલ્યા “હે પ્રહર્ષ પછી સિદ્ધેશ્વરાચાર્ય કહે છે, હે રાજન્ દીગંબર સ્વામિ ભાનુદેવ પ્રતિ કહેવા લાગ્યા કે “ હે વત્સ્ ભાનુ, કિર્ત્તનભક્તિના પ્રભાવે છ માસમાં તે રત્ના-વલિ રાણીમાં આ પ્રમાણેનો અત્યંત ફેરફાર થયો; દિલ્હીમાં દીલીપસિંહ પાસે પ્રથમ રાજાઓને છછમાસ સુધી રહી સેવા બજાવવી પડતી હતી, જેથી છમાસ સુધી માધવસિંગ આવ્યો ન હતો. મુદત પુરી થઈ એટલે માધવસિંગ દીલ્લીથી પોતાના કુંવર માનસિંગને લેઈ પોતાના રાજ્યમાં આવ્યો, અને થોડીવાર થઈ એટલે દીવાનજીને રાજ્યની સર્વ નવાજુની પુછતાં દિવાનજીએ રાણી સાધુ જેવાં થઈ ગયાં છે, ને હવે ઓઝલ પાળતાં નથી તેમ સાધુઓ જોડે એકતારો અને મંજીરા લેઈ ભજનોની ધૂન મચાવે છે વીગેરે સર્વ હકીગત રાજાને કહી. માનસિંગ કુંવર પ્રભુમાં પ્રેમ અને આસ્થાવાળો હોવાથી તેને ક્રોધ ન ચડતાં એમ થયું કે ‘ મારી મા પ્રભુભજન કરે છે તેમાં કંઇ ખોટું કરતી નથી ’ જેથી તે કંઇ ન બોલ્યો પણ રાજા માધવસિંગ

તો આ હકીગત સાંભળી અત્યંત ક્રોધે ભરાયો, અને તેથી એક દમ ત્યાંથી ઉઠી તલવાર લેઈ બોલ્યા ચાલ્યાવગર રાણી રત્નાવલિ જ્યાં પોતાના ઠાકોરસેવાના ઓરડામાં ઠાકોરજી પાસે બેસી પ્રેમ પુર્વક લાડ કરી રહી હતી ત્યાં આવી પોહોચ્યો; કુંવર માનસિંગે જાણ્યું કે જરૂર મારાપિતા, મારીમાને તલવારથી મારી નાંખવા જાય છે, માટે લાવ અટકાવું જેથી તરત તે પાછળ દોડ્યો અને પિતાની તલવાર ઝાલી લઈ કહેવા લાગ્યો, " પિતાજી મારી મા પ્રભુભકિત કરે છે તેમાં શું ખોટું કરે છે કે તમે આવું એકાએક તેનું ખુન કરવાનું સાહસ કરો છો ? વળી બીજી વાત એ છે કે તેને મારવાથી તમને સ્રીહત્યા લાગશે તેનો પણ વિચાર કરવો યોગ્ય છે. " રાજા આ વચનો સાંભળી એકદમ ગમ ખાઈ પાછો વળ્યો, અને દિવાનજીની સલાહ લીધી. રત્નાવલી તો પોતાના ઠાકોરમાં એટલી બધી લીન હતી કે રાજા કયારે આવ્યો અને શું કરીગયો તે વાતની તેને ખબર પણ ન હતી. દીવાનજીએ કહ્યું " હજુર સ્રીને તમારી જાતે મારવી તે યોગ્ય નહીં પણ એક બે ચાર દીવસના ભુખ્યા વાઘની પાસે તેનો અંત લાવી નાંખવો એટલે સૌ સાલ ટળી જશે અને આપણે અપરાધી પણ નહીં ઠરીએ. ત્યારે રાજા બોલ્યો કે હા એ યુકિત ગુપ્ત રીતે સાધો અને ગામ બહારના બગીચાના મહેલમાં રાણીને લઇ જઈ રાખો. પછી ત્યાં વાઘથી મારી ન ખાવવી એટલે દખલ દુર થશે." એવો નિશ્ચય થતાંની સાથે રાજાએ દાસીઓને હુકમ કર્યો, કે તમારી રાણીને ગામ બહારના બગીચાના મેહેલે લેઇ જાઓ. જે ઉપરથી રાણી પોતાની ઠાકોરસેવા વીગેરે લેઈ ત્યાં જઇને રહી. પછી દીવાને એક વાઘ પકડાવી મંગાવી તેજ બગીચામાં બે ચાર દીવસ સુધી ભુખ્યો પાંજરામાં પુરી રાખ્યો, અને રાજાએ રાણીને ભોળવી તે પાંજરા સમક્ષ બોલાવી એકદમ તેણીને પકડીને તેમાં પુરી દીધી. રાણીની દ્રષ્ટિ વાઘ ઉપર પડતાં જ હાથ જોડી તે પ્રતિ કહેવા લાગી કે " હે નૃસિંહ ભગવાન્, પ્રલ્હાદને માટે આપને અવતાર ધારણ કરવો પડ્યો

હતો, તેમ આજે આપ મારા રક્ષણુ કાજે પધાર્યા છો. વાહ પ્રભુ, મારા વ્હાલા, મને કૃતકૃત્ય કરી;" એમ કહી તે વાઘની પ્રદિક્ષણા ફરી તેને હાર પેહેરાવ્યો એટલે વાઘે પંજો લેઇ તેણીના માથા ઉપર અડકાડયો. આ બનાવ જોવા રાજા દિવાન કુંવર તેમ લોકોની એટલી ઠઠ જામી રહી હતી કે કિડીને પણ ઉભા રહેવાનો અવકાશ ન મળે. આ પ્રમાણે વાઘે આશીરવાદ આપ્યો અને રાણી બહાર નીકળી એટલે તેની પછાડી પોતે પણ બહાર આવ્યો અને દીવાનજી તથા રાજા ઉપર તલપ મારી તેઓનો તેણે વધ કરી નાંખ્યો, લોકોની નાસ ભાગ થઇ રહી અને અંતે વાઘ ગર્જના કરતો કોઇ દુર જંગલમાં ચાલ્યો ગયો. પશ્ચાત કુંવર ગાદીએ બેઠો અને પોતાની ભકત માતાની પ્રેમથી સેવા કરવા લાગ્યો. માટે હે વત્સ, સારાંશ એટલોજ ગૃહણ કરવાનો છે કે કિર્ત્તન ભકિતથી પણ પ્રભુ વશ થાય છે અને મનવાંચ્છિત ફળને આપે છે એ નિ:સંશય છે. આટલું કહી મુનિ દીગંબર સ્વામિ ભાનુદેવે સાષ્ટાંગ કર્યા એટલે વીદાય થયા. સિદ્ધેશ્વરાચાર્ય કહે છે હે રાજન સમય થયો છે માટે હવે સુખપૂર્વક વિશ્રાંતિ લે ?" એટલું કહી ગુરૂશિષ્ય બન્ને પોતપોતાના સ્થાને ગયા. હે પ્રહર્ષ સિદ્ધેશ્વરાચાર્યે શૂભ્રકેતુ રાજાને, દીગંબર સ્વામિએ ભાનુદેવ પ્રતિ કથન કરેલાં ભકિતના બે સ્વરૂપ તને આજે સમજાવ્યાં હવે કાલથી બીજા જે સાત રહ્યાં તેનું તારા પ્રતિ કથન કરવામાં આવશે." આટલું કહી પ્રહર્ષે સાષ્ટાંગ કર્યા એટલે મુનિ વીદાય થયા અને પ્રહર્ષ સહ શિષ્યવર્ગ પણ પોતાને સ્થાને ગયો.

—તરંગ ૨ જો—

—ભક્તિના બાકીના સ્વરૂપો—

મુનિ વર્ચસતમા બીજે દીવસે સમય થયો એટલે ભકિતના બાકીના સ્વરૂપો જે દીગંબર સ્વામિએ ભાનુદેવને શ્રવણ કરાવ્યા અને તે પછી સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિએ શૂભ્રકેતુ રાજા પ્રતિ

કથન કરી શ્રવણ કરાવ્યાં તેનું વૃત્તાંત પ્રહર્ષને સંભળાવવા લાગ્યા. વર્ચસૂતમા કહે છે "હે પ્રહર્ષ, પશ્ચાત તે સિદ્ધેશ્વરાચાર્ય બીજે દીવસે પોતાના કથા કહેવાના આસને સમય થતાં બીરાજ્યા અને શુભકેતુ રાજાને નીચે પ્રમાણે ભકિતના બાકીના સ્વરૂપોનું વીવરણ કરવા લાગ્યા. સિદ્ધેશ્વરાચાર્ય કહે છે " હે રાજન, પશ્ચાત સમય થયો એટલે દીગંબર સ્વામિએ ભકિતના બાકીના સ્વરૂપોનું વીવેચન નીચે પ્રમાણે કર્યું. દીગંબર સ્વામિ કહે છે હે ભાનુદેવ, સ્મરણ એ ભકિતનું ત્રીજું સ્વરૂપ અર્થાત ત્રીજું અંગ છે. સ્મરણ એટલે વૈખરી વાણી વડે અથવા મધ્યમા વાણી વડે અર્થાત મનમાં બોલીને, પોતાના ગુરૂ મહારાજના નામનો કિંવા તેમની સ્તુતિ રૂપ મંત્રનો અગરતો રામ કૃષ્ણાદિ જેને આપણે આપણો ઇશ્વર વા ઇષ્ટ માનતા હોઇએ તેનો આપેલા મંત્રનો વારંવાર ઉચ્ચાર કરવો. નામઅથવા નામ સહીત ગુણવાચક શબ્દોથી અથવા નમસ્કારાત્મક શબ્દોથી સ્તુતિરૂપ શબ્દાથી કિંવા બીજ રૂપ વર્ણોથી અથવા તેવાજ અન્ય શબ્દો વડે, નિયમિત વર્ણનો ગુરૂ ઉપદિષ્ટ જે મંત્ર હોય તે મંત્રનુજ વારંવાર માત્ર બોલવું તે સ્મરણ ભકિત કહેવાય છે. પણ હે તાત જે પોતાના ઇષ્ટ શ્રી સદગુરૂએ, પોતાને મુખે આપેલો ઇષ્ટમંત્ર છે તેજ સર્વ મનોરથો સફળ કરે છે; દૃઢ શ્રદ્ધાપૂર્વક શ્વાસ પ્રશ્વાસે અથવા અનુકુળ સમયે તેવા ઇષ્ટ મંત્રનું સ્મરણ કરતા રહેવું તેનું નામ પણ સ્મરણભકિત છે. હે વત્સ્ ભાનુ, મંત્રમાં તથા મંત્રના દાતા શ્રી સદ્ગુરૂમાં યતકીંચિત પણ કદી અવિશ્વાસ કે અશ્રદ્ધા કિંવા સંશયવિપર્યય ન ધરવાં જોઈએ. શ્રેયસ્ અર્થે ઘણો લાંબો વખત નિરંતર જેનો અભ્યાસ થયો હોય તેવો ગુરૂદ્વારા ગૃહણ કરેલો મંત્ર પોતાના મુખથી અતઃપરને કદી પણ કાને ના પડે તેવી પુરતી કાળજી રાખવી ઘટે છે. વ્યહવારની ક્રીયામાં તેમજ પરમાર્થિક ક્રીયામાં કીંવા અન્ય વખતે અને સર્વ કાળે વૃત્તિ તે મંત્રરૂપ થઈ રહે ત્યારેજ આ સ્મરણભકિત સિદ્ધ થઇ કહેવાય છે. આ પ્રકારે શ્વાસ તથા પ્રશ્વાસે જ્યારે ચિત્ત મંત્રરહીત ન રહે ત્યારેજ એ સ્મ-

રણુ ભકિત સાચી સમજવી. એ સ્મરણુભક્તિ દ્દઢ કરવી એ કામ પણુ હે વત્સ અતિ ગહન છે, માટે ધીરજ રાખી અચલ શ્રદ્ધાથી રહેનાર અડગ ભકતીવાન પુરૂષજ આ સ્મરણુ ભક્તિ સિદ્ધ કરી શકેછે;પશ્ચાત્ આ ભક્તિના ત્રીજા અંગને તે સિદ્ધ કરી ગંતવ્ય સ્થાન સુધી પોહોચે છે. હે ભાનુદેવ પણુ અસાવધ અને સમર્થ સદ્દગુરૂ વિનાના, સાધન અને સામર્થ્ય રહીત કિંવા નગુરા પુરૂષો આ પ્રકારનો ક્રમ સિદ્ધ કરવા મથે છે એથી નિષ્ફળતા અને નીરાશા પ્રાપ્ત થાય છે, કારણુ કે તેમને તો તે ભક્તિ અત્યંત વીકટ અને અલક્ષ્ય છે, એમાં બીલકુલ સંશય નથી. પણુ હે પવિત્રિ દંપતિ આ સ્મરણુ ભકિતના સંપુર્ણ અધિકારીને તો પરિણુામે સ્વરૂપાકાર થવામાં યત્કીંચીત પણુ કઠીણુ નથી તેનું એકાદ દ્દષ્ટાંત આ સ્થળે આપુંછું તે એકાગ્રચિત્તે શ્રવણુ કરજો

પતિતપાવની કલિમલહરણી ગંગાજીના ઘાટ ઉપર કબીરના સદ્દગુરૂ રામાનંદ સ્વામિનો આશ્રમ હતો; ત્યાં એક વિપ્ર દરરોજ આવી સ્વામિ રામાનંદની તેમજ અન્ય સંત સાધુઓની ઘણા પ્રેમથી સેવા કરતો અને મોઢેથી રામ શબ્દના મંત્રરૂપ ઉચ્ચારને નિરંતર કરતો રેહેતો હતો. આવી અનન્ય સ્મરણુ ભકિત તે વિપ્રની જોઇ રામાનંદ સ્વામિએ તેને શિષ્ય બનાવ્યો અને પોતાની પાસે રાખ્યો. એક સમયે તે નગરમાંથી સીધું માગી લાવ્યો ત્યારે રામાનંદ સ્વામિએ પૂછ્યું કે 'હે બ્રહ્મચારી એ સિધા તું કિસકા લાયા ? 'ત્યારે તે વિપ્રે કહ્યું,' ગુરૂમહારાજ, વાણીઆનું સીધું લાવ્યો છું, વળી એમ બે વાર પુછ્યું છતાં તેણે કહ્યું હા વાણીયાનું સીધું લાવ્યોછું તે ઉપરથી તપાસ કરી વાણીયાને પુછ્યું કે 'હે વણિક યે આપકા સિધા હય ? ' વાણીઆએ કહ્યું 'મહારાજ છે તો મારા ઘરનું પણ તે ચમારને ત્યાંથી આણેલા દ્રવ્યમાંથી લાવેલો છું.' સ્વામિએ તુર્ત કબુલ કર્યું અને કહ્યું કે હાં ચમારકા સિધા થા જબહી પ્રભુ મેરે ધ્યાનમેં ન આયે ' એમ કહી પેલા બ્રાહ્મણુને સ્વામીએ કહ્યું કે ' જા તેંને અનૃત્ય ભાષન ક્રિયા, જીસ્સે ચમાર કે ઘર તેરા અવતાર હોગા'

પેલો વિપ્ર તો સ્વામિનો શાપ શ્રવણુ કરી દિગમૂઢ બની ગયો. છતાં પણુ મુખે રામ શબ્દનો મોટેથી ઉચ્ચાર કરતો અંતરમાં પોતાના ઇષ્ટ શ્રી સદ્દગુરૂ રામાનંદ સ્વામિયે આપેલા ઈષ્ટ મંત્રના સ્મરણુ પુર્વક હાથ જોડી સ્વામિને કહેવા લાગ્યો "હે ગુરો, મને અધમને ક્ષમા આપો ? અને શાપથી મુક્ત કરવાનો સત્ય અને સરળ ઉપાય બતાવો ?" આટલું બોલી સ્વામિના ચરણુમાં ઢળી પડયો અને અશ્રુપાત કરતાં ગદગદ કંઠે શ્રી રામનું સ્મરણુ પળવાર પણુ ના ભૂલાય તેવો પ્રયત્ન કરવા લાગ્યો; સમર્થ સદ્દગુરૂ દયાળુ હોય છે તેથી સ્વામિને પાછી દયા આવી ને તેથી તત્કાળ તેને ઉભો કર્યો અને હૃદય સરસો ચાંપી તેને કહેવા લાગ્યા 'હે વત્સ, **सत्पुरूष वाक्यं न चलंति धर्म ।** યે વાકયાનુસાર અબ શ્રાપ મિથ્યા ન હોતા હય, પરંતુ જા બેટા વોહી ચમાર યોનિમેંસે તું જન્મ મરન રહિત સ્વરૂપાકાર હો જાયગા ઔર તેરી સ્મરન ભક્તિ પરમ સંતોષ કારક હોનેસેં તેરેકો, યે સબ મેરે શબ્દોકા ઔર રામજીકા સ્મરન રહેગા, ઔર વહાંભિ મેરાહિ બાલકા તું બનેગા નિડર હો ?" આ પ્રકારના વચનો શ્રવણુ કરી તે શિષ્ય વિપ્રને હૃદયમાં સહજ શાંતિ પ્રાપ્ત થવા લાગી, અને પાછો ચરણુમાં ઢળી પડયો અને કહેવા લાગ્યો કે 'હે ગુરો ત્યારે આ દેહને બદલી તે ચમાર યોનીની દેહ સત્વર શું કામ પ્રાપ્ત ન કરૂં, માટે મને આ દેહથી મુક્ત થવા આજ્ઞા આપો ? સ્વામિ બોલ્યા 'અચ્છા, હમ કહાં મનાઈ કરતે હય અગર જાના ચ્હાઓ તો અભી જાઓ.' આ શબ્દ સાંભળતાની સાથે તે વીપ્રે દેહ મુકી દીધો, અને સ્વામિએ તેના શબને યથાવિધિ જળાશય કરાવી એટલે તત્કાલ કાશીમાં એક ચમારને ઘેર તે જન્મ્યો અને તેનું નામ રૈદાસ પાડયું. માના ઉદરમાંથી બહાર નીકળતાંની સાથે તે અનન્ય સ્મરણુ ભક્તિવાન શાપાધિન વિપ્રને તત્કાળ જ્ઞાન થયું કે મોટપણુમાં ગમે તેવી રામજીની ભક્તિ કરીશું પણુ આ ચમારનો ધંધો કર્યા સિવાય છુટકો નહીં થાય માટે આ દેહનો પણુ ત્યાગ કરવો યોગ્ય છે છે એમ ધારી તે દેહ ત્યાગવાના નિશ્ચય ઉપર આવ્યો, તત્કાળ

સ્વામિરામાનંદ કબીરને લઇ ત્યાં આવ્યા અને કબીરને કહ્યું કે 'બેટા કબિરા, દેખ યે બાલકા બડા મુમુક્ષુ હોગા; અગર કભી દેહ ન ત્યાગેગા તો રામજીકી ઇચ્છાસે મોક્ષ પાયગા." આ શબ્દો સાંભળતાં તરત તે ચમાર બાળકને ગુરૂના પૂર્વના આશિર્વચનોના શબ્દોનું ભાન થયું એટલે તેણે દેહ ત્યાગવાનો નિશ્ચય તજી દેઈ, પાછું રામનામના પ્રેમમય ધ્વનિના ઉચ્ચાર સાથે બાળચેષ્ટા કરવા લાગ્યું. તે બાળકના માતપિતા આ ચમત્કાર જોઇ રામાનંદ સ્વામિને પગે પડી બાળક તેમના ચરણમાં મુકયું. એટલે રામાનંદ સ્વામિએ તેને માથે હાથ મુકી કહ્યું "બેટા બડા હોજા, હમારા બાલકા બન જા ઔર રામગુન ગા" ? એમ કહી કબીરને લેઈ ચાલતા થયા. બાળક તો આનંદથી હસવા ખેલવા લાગ્યું અને તેથી માતપિતા સ્વામિનો અત્યંત ઉપકાર માનવા લાગ્યાં. એમ કરતાં કરતાં રૈદાસ મોટા થયા એટલે રામ શબ્દનું એક પળ પણ વિસ્મરણ કર્યા વગર સંત સાધુઓની સેવામાં નિરંતર વખત ગુજારવા લાગ્યા. અને તેથી કબીર રામાનંદ વીગેરે સર્વ સત્પુરૂષો અને સંત સાધુઓ રૈદાસ ઉપર અત્યંત પ્રિતિ રાખતા હતા. ઘરમાનું બધું સંત સાધુઓની સેવામાં રૈદાસ વાપરી દેતા જોઇ તેમના માબાપે તેમને એક ગંગાકિનારે ઝુપડું બાંધી આપ્યું અને ત્યાં જુદા રાખ્યા. રૈદાસ ઝુંપડામાં જઇને વસ્યા તોપણ ઝુંપડામાં પણ ઠાકોરસેવા તુલસિકયારા, એકતારો મંજીરાની જોડો, ઝાંઝો ઇત્યાદિ રાખી સંતસાધુ અને ગુરૂની સેવામાં લીન બની આઠે પોહોર ઇષ્ટ સ્મરણ પુર્વક રેહેવા લાગ્યા. પોતાની ગરીબાઇને લીધે સાધુ અને સદગુરૂની સંતોષકારક સેવા કરવામાં અત્યંત તેમને કષ્ટ વેઠવું પડતું હતું છતાં પણ અચળ શ્રદ્ધાથી અને પોતાની સ્મરણ ભક્તિવડે સદૃઢ કરેલી રામનામની સાચી લગની અને ટેકથી રહેવામાં રૈદાસ યત્કીંચિત્ત પણ ખામી લાવતા ન હતા. તેથી સદગુરૂ, સત્પુરૂષો અને પ્રભુ પણ તેમના ઉપર સંપુર્ણ પ્રસન્ન રહેતા હતા. એક સમયે ભગવાનને વિચાર

થયો કે 'રૈદાસ સ્મરણભક્તિવાળો મારો અનન્ય ભક્ત છે અને તેને સંતસાધુ અને પોતાના ગુરૂ રામાનંદ સ્વામીની સેવા કરતાં ગરિબાઇને લીધે અત્યંત કષ્ટ સહન કરવું પડે છે તેથી આજ સાધુ રૂપે તેને ત્યાં જઇ તે જે માગે તે આપું.' ભગવાન રામચંદ્રજી જે ત્રિલોકપતિ સાક્ષાત સ્વયં વિશ્નુ મૂર્ત્તિની આવી ઇચ્છા થતાંની સાથે પોતે એક રામાનંદિ સાધુનો વેશ લેઈ રૈદાસની ઝુંપડીએ આવ્યા અને ત્યાં મુકામ કર્યો. રૈદાસે પોતાનાથી બને તેટલું કષ્ટ સહન કરીને પણ તેમની સંપુર્ણ સેવા કરી જેથી અતિ પ્રસન્ન થઈ મહાત્મા રૈદાસને કહેવા લાગ્યા ' બેટા જો ચાહીયે સો માંગલો ' ? રૈદાસે ઉત્તર આપ્યો, મહારાજ મને કશાની પણ ઇચ્છા નથી. મહાત્મા બોલ્યા; 'અરે લેલે એ સ્પર્શમણિ તેરેકો દેતા હું. જીસ્સે લોહા સુના બનેગા, દ્રવ્યકા ભંડાર ભરેગા. ફિર અચ્છી તરહ સાધુઓકી સેવા કરો ઔર રામજીકા સુમરન કરો. ? " આવાં વચન શ્રવણ કરી રૈદાસ કહેવા લાગ્યા, "મહારાજ, ગરીબીથીજ મારા રામ રાજી રહે છે. મારે તંવગરે થવું નથી તેમજ પારસ પથ્થર પણ જોઈતા નથી. એક ખરા સ્પર્શમણિરૂપ મારા રામજીનુ રટણ તેજ મારૂં અખુટ અને અચળ ધન છે. માટે એ પારસ જેને જોઇયે તેને આપો" ? મહાત્મારૂપ ભગવાને વિચાર કર્યો કે એને સ્પર્શમણિના ગુણની ખબર નથી, માટે લાવ તેનો ગુણ તેને બતાવું; એમ કહી 'અરે બેટા રૈદાસ તુજકો યે સ્પર્શમણિકા ગુન દીખાઉં વો તેરી ચમડે સીનેકી આરી લાવ ? રૈદાસે લાવીને આપીને કહ્યું કે" મહારાજ આપનો આગ્રહ છે તો લ્યો આરી પણ મને લોઢાની કે સોનાની ઇચ્છા નથી મારે મન બન્ને સમાન છે; ' મહાત્માએ આરીને સ્પર્શમણિનો જરા સ્પર્શ કર્યો કે તત્કાલ તે સુવર્ણની બની ગઇ એટલે મહાત્માએ રૈદાસને કહ્યું " દેખા બેટા કેસા સુના બન ગયા. " રૈદાસે વિનયથી ઉત્તર વાળ્યો કે " અરેરે મહારાજ તમે એ શું કર્યું. આરીને સોનાની બનાવી જેથી મારે શીવવામાંથીએ ગઈ.

મારે તો સોનુંરૂપુ કે કાંઇએ જોઈતું નથી છાનામાના ભજન કરવાદો" ? મહાત્મા વળી આગ્રહ કરી કહેવા લાગ્યા કે અરે બાલકા તુજકો અભી જરૂર ઇસકી ન હોવે તો કહીં છુપાકે રખદે જરૂરકે પ્રસંગમેં ઇસકા તુ ઉપભોગ કરના ? પરંતુ રખ હમ પ્રસન્ન હોકે તુજકો બક્ષીસ દેતે હય " ? રૈદાસ આવી પ્રકારનો તે મહાત્માનો આગ્રહ જોઇ કહેવા લાગ્યા કે "ભલે ત્યારે તમારે અહીંજ તે સ્પર્શમણિ રાખવાની જરૂર હોય તો પેલા મારા છાપરાની વળીએ બાંધીજાઓ ને પાછો જ્યારે આવો ત્યારે તેવોને તેવો સંભાળી લેજો " ? મહાત્માએ રૈદાસના કહેવા પ્રમાણે સ્પર્શમણી એક વળીએ લટકતો ચીંથરાથીબાંધી દીધો અને આશીરવાદાત્મક વચનો પુર્વક ત્યાંથી વિદાય થયા, અને ઝુંપડીની બહાર આવી ભગવાન અલોપ થઈ ગયા. એમ કરતાં બારમાસ વિતિગયા અને તેરમો માસ બેઠો એટલે પાછા ભગવાન ચિંતામાં પડયા કે 'તેર તેર માસ થવા આવ્યા પણ તેણે સ્પર્શમણિનો ઉપયોગ કર્યોજ નહિં' માટે લાવ જઈ કંઇ બીજી યુક્તિ કરૂં. આવી ઇચ્છા કરી તત્કાલ ભગવાન પાછા તેરમે માસે રૈદાસપાસે મહાત્માનુરૂપ લેઇ આવ્યા, ને જોયું તો સ્પર્શમણિને જે સ્થિતિમાં બાંધી ગયા હતા તેને તે સ્થીતિમાં ત્યાંજ બાંધેલો જોયો. ભગવાને વિચાર કર્યો આમતે કંઇ તેનો ઉપયોગ કરશે નહિં માટે તે પાછો લઇ બીજું કંઇ આપું. આમ વિચાર કરી તે સ્પર્શમણિ છોડી પાછો પોતાની ઝોળીમાં નાંખ્યો, અને એક રામ લક્ષ્મણની પ્રતિમા આપી તેને કહ્યું કે બેટા રૈદાસ એ સ્પર્શ મણીકી તેરેકો ઇચ્છા નહીં હય, ઔર રામચંદ્રકી ઇચ્છા હયતો લેયે ઠાકોરજી દેતા હું તો નિરંતર ઠાકુરસેવા અચ્છીતરહાં કરના ઔર હમેશ ઠાકુર સેવા કે સંપુટમેં શત સુવર્ણ મોહોર નીકલેગી ઉસ્સે ઠાકુરમંદિર બાંધના ઔર સંત સાધુ ઔર સદ્ગુરૂકી યથાર્થ સેવા નિરંતર કરના, જા પ્રસન્ન હું " આટલા શબ્દ કહી મહાત્મા અંતર ધ્યાન થઇ ગયા અને રૈદાસ તેજ સાક્ષાત ભગવદ્ વચનો થયાં એમ સમજી તે પ્રમાણે વર્ત્તવા લાગ્યા.

હે વત્સ માટે આ પણ એક સ્મરણભક્તિનો પ્રતાપ છે જે મુમુક્ષુ વર્ગને સરળતાથી સમજાયું હશે.

મુનિ વર્ચસૂતમા કહે છે હે મહર્ષ, હવે તે ભાનુદેવને દીગંબર સ્વામિએ પાદ સેવન જે ભક્તિનું ચોથું સ્વરૂપ છે તે કેવી રીતે સમજાવ્યું તેનું પેલા સિદ્ધેશ્વરાચાર્ય, શુભ્રકેતુ રાજા પ્રત્યે નીચે પ્રમાણે કથન કરી કહે છે "હે રાજન પશ્ચાત દીગંબર સ્વામિ ભાનુ દેવને કહેવા લાગ્યા "હે ભાનુ, પાદસેવન એ પણ ભક્તિનું ચોથું અંગ છે. પાદસેવન અર્થાત ધારણા તેમજ ધ્યાન વિગેરે પ્રયોગો કરવાથી નિશ્ચય કરાએલી પરમેશ્વરની સાકાર મુર્તિના ચરણાર્વિંદની, માત્ર હ્રદયમાં અમુક પ્રકારે કલ્પના કરવી, તથા તે મુર્તિનું વિશુદ્ધ પ્રેમ ભાવવડે મનમાં સેવન કરવું તથા પોતાના ઇષ્ટ શ્રી સદગુરૂના ચરણ કમલનું વારંવાર સેવન કરવું તે છે. વળી પ્રિતિ પૂર્વક ગુરૂશ્રી-ના ચરણ સરોજ ધોઇ ચર્ણામૃતનું પાન કરવું, નિરભિમાન વૃત્તિથી શ્રી સદગુરૂની પાદુકાનું પૂજન કરવું તથા અચલ શ્રદ્ધા રાખી ગુરૂ ઇશ્વર અભિન્ન જાણીને સેવન કરવું અને તેમના અભાવે તેમની મુર્ત્તિનું સ્થાપન કરી પુજન કરવું. વળી માતપિતાની સેવા કરનાર જીવોએ માતપિતાના ચરણો ધોઇ તેનુ પ્રાશન કરવું તથા તેમના ચર્ણોવિશેપ્રિતિ રાખવી તેમજ પુનઃ પુનઃ તેમને સાષ્ટાંગ કરવા એ પ્રમાણે જે ભક્તિ કરવી તેનું નામ પાદસેવન ભક્તિ કહેવાય છે. માટે હે ભાનુ-દેવ, પાદ સેવન ભક્તિનું પણ એક દૃષ્ટાંત આ સ્થળે આપી તેનું સ્વરૂપ તને સમજાવું છું.

શ્રીનાથદ્વારામાં એક વિઠલદાસ કરીને પરમાત્માના પુર્ણ પ્રેમી ભક્ત હતા, અને તે પાદસેવન ભક્તિ કરતા હતા. તેમનું બીજું નામ સુરદાસ હતું અને ઘણા ખરા સંત સાધુ પુરૂષો તેમને સુરદાસને નામે ઓળખતા હતા. તેઓ કોટમાં શ્રી નાથજીના ચરણકમલ પગલાં તુલસિની માલા રાખતા હતા અને તેનીજ સર્વદા ભક્તિ કરતા હતા. પ્રભુના ચર્ણોવિંદના

ગુણો ગાતા હતા, અને શ્રીનાથદ્વારામાં કાલ વ્યતિત કરતા હતા. એક સમયે તેઓ દિલ્લિ પધાર્યા, અને ત્યાં રસ્તે જતાં તાજી જલેબી એક કંદોઈની દુકાનમાં જોઇ; જોતાં વેંતજ તેમને શ્રીનાથજીના ચર્ણાર્વિંદમાં ભોગ ધરાવવાનું મન થયું તેથી મનની સાથે ભાવના કરવા લાગ્યા કે 'હે વૃજચંદ શ્રી નાથ ગોકુળપતિ આપ આ જલેબીનો ભોગ લેજો?' તેમની સાચી ભાવનાની અરજ સાંભળી શ્રી નાથ વૃજચંદ્ર શ્રી કૃષ્ણ પરમાત્માએ જલેબીનો ભોગ લીધો. ત્યાંથી આગળ ચાલ્યા એટલે એક નટની સ્રી નૃત્ય કરતી હતી તે જોઇ અતિ પ્રસન્ન થયા એટલે બીજી ભાવના કરી કે 'હે શ્રીનાથ, આપના ચર્ણાર્વિંદમાં આ નૃત્યગાન સ્વિકારી લેજો.' એમ કહી તે નટની સ્રી પ્રત્યે કહેવા લાગ્યા, 'હે બાળા તું મારા ઠાકોરદ્વારે ચાલ શ્રીનાથજી તારી સકળ મનોકામના પુર્ણ કરશે.' આવાં સુરદાસ ઉર્ફે શ્રી વીઠલજીના વાકયો સાંભળીને તે સ્રી બોલી કે 'હા ત્યારે તો ચાલો હું તમારી સાથે આવું, અને પ્રભુને નૃત્યગાન કરી રીઝાવું.' આ ઉપરથી બન્ને શ્રીનાથજી જવાને નીકળ્યાં, એટલે દીલ્લી શેહરની પ્રજા તેઓના ઉપર વ્યભિચારનો આક્ષેપ મુકીને તેમને નિંદવા લાગી. પણ આ સ્થિતપ્રજ્ઞ પુરૂષ જે કેવલ શ્રીનાથ વૃજચંદ્ર શ્રીકૃષ્ણ પરમાત્માના ચર્ણાર્વિંદનુંજ સતત સ્મરણ કરતા હતા તે પોતાના શુદ્ધ અને સત્ય સંકલ્પથી બીલકુલ પણ ડર્યા વગર તે નટની સ્રીને લેઈ શ્રીનાથજી તરફ ચાલતા થયા. શ્રીનાથજી આવ્યા અને સત્વર પોતાના શુદ્ધ અને સત્ય સંકલ્પ અનુસાર તે નટણીને પ્રભુના આગળ મંડપમાં નૃત્ય તથા ગાન તાન કરવા બેસાડી. તેના નૃત્ય અને ગાનતાનથી શ્રીનાથજીના આચાર્ય તથા સર્વ લોકો દિગમુઢ બની ગયા અને તે સ્વતઃ નટણી પ્રભુઆગળ ગાન તાન કરવામાં એવી તલ્લીન બની ગઇ કે પોતાના શરીરની પણ શુધબુધ સર્વ વિસરી ગઇ હતી. શ્રીનાથજીએ તેણીની સાચાઇ અને શુદ્ધ પ્રેમના હાવ ભાવનો મુજરો સ્વીકારી લીધો કે પછી તેના પ્રાણ છુટી ગયા, અને તરતજ

શ્રીનાથજીએ પોતાના પુજારીને સ્વપ્ન આપ્યું કે તેણીનો મોક્ષ થયો છે ને મેં મુજરો સ્વીકારી લીધો છે માટે જાઓ તેણીના શબને યથાવિધિ અગ્નિદાહ કરો.' પૂજારીને આવું પ્રભુનુ કહેવું અંતર લક્ષમાં આવતાંજ તેણે સત્વર વીઠલજી ઉર્ફે સુરદાસ ભક્તને કહ્યું. સુરદાસે તેને યથાવિધિ અગ્નિદાહ કર્યો. પછી વિઠલદાસ પોતે ગોવરધન મઠની યાત્રાએ પધાર્યા ત્યાં શ્રીવૃજચંદ્રના તેમને દર્શન થયાં. ત્યાં પોતે પ્રભુ પાસે માગી લીધું કે હમેશાં મારૂં શિર આપના ચરણ કમલમાં સ્થિત રહો. આ ઉપરથી પ્રભુએ તથાસ્તુ કહ્યું એટલે તેમનો દેહ પડી ગયો. તેમના શરીરનો જલદાહ કરવામાં આવ્યો અને પ્રભુએ તેમને પોતાના ચરણમાં રાખી અમર બનાવી જન્મ મરણથી મુક્ત કરી દીધા. માટે હે બેટા પ્રહર્ષ, પાદ સેવન ભકિત પણ પરિણામે સદગતિ અને મોક્ષને આપનારી છે એમાં લેશ પણ સંશય નથી. હવે ભકિતનું પાંચમું અંગ અર્ચન છે. હે વત્સ જો તે બરાબર વિધિથી પોતાના કે પરમાત્મ સ્વરૂપ સદગુરૂના શાસ્ત્ર વિહિત નિર્ગુણ અથવા સગુણ સ્વરૂપનું મનની કલ્પનાથી અંતરમાં સ્થાપન કરી યથાર્થ રીતે તેની સેવા–પુજા–કરવી તે છે. તેમજ શ્રી સદગુરૂની પ્રત્યક્ષ સેવા–પુજા–કરવી કિંવા માતા પિતાનુ પ્રત્યક્ષ કિંવા તેમની પ્રતિમાનું બરાબર વિધિથી પુજન કરવું તેનું નામ અર્ચન છે. હે બેટા પ્રહર્ષ, અર્ચન ભકિતનો પ્રકાર તને કહું તે તું એક ચિત્તે શ્રવણ કર ? પ્રથમતો આપણા રદય પ્રદેશમાં એટલે અંતરમાં અથવા બાહ્ય પ્રદેશમાં એટલે બહાર પવિત્ર ભુમિની અંદર પવિત્ર સ્થાનમાં પવિત્ર આસન પર બેસીને આપણા શુદ્ધ સંકલ્પ દ્વારા નિશ્ચય ભાવના પુર્વક અંતરમાં એક શ્રી હરી કિંવા શ્રી સદગુરૂનું દિવ્ય મંદિર રચવું. તેમાં સતશાસ્ત્ર તથા શ્રીહરિની કિંવા પોતાના સદગુરૂની શુદ્ધ સાત્વિક અને દિવ્ય મૂર્ત્તિને રચવી. તે મુર્ત્તિ પાછી દિવ્ય આસન પર સ્થાપન થએલી છે એમ શુદ્ધ અંતઃકરણ પુર્વક ભાવના કરવી, તથા સ્નાન, વસ્ત્રાભૂષણ ધુપ દીપ નૈવેદ્ય

પુષ્પ ચંદન આદિ સર્વ ઉપચાર અત્યંત પ્રેમ ભાવથી કલ્પિને તે સ્થાપન કરેલી શ્રી હરિની કે શ્રી સદ્ગુરૂની મૂર્ત્તિને અર્પણ કરવા. છેવટે આરતિ પણ ઉતારવાની કલ્પના કરી પુષ્પાંજલિ સહ સપ્રેમ શ્રદ્ધાપુર્વક સાષ્ટાંગ દંડવત કરવા. ભાવના વડે ઘંટડી વીગેરેની પણ કલ્પના કરવી અને શુદ્ધ પ્રેમથી હૃદયમાં સ્તુતિરૂપ વાકયોનો પણ ઉચ્ચાર કરવો. હે ભાનુદેવ, આવો અર્ચન ભક્તિનો પ્રકાર છે માટે એજ રીતે ગુરૂમુખીએ, પિતૃભક્તિવાન પુત્રે, અને પતિવૃતા સ્ત્રી, વીગેરે તેમજ વીવીધ પ્રકારના ઇષ્ટની ઉપાસના કરનારાઓએ પોતાના ઇષ્ટ તેમની સંનિધ હોય તોઆ પ્રમાણે સર્વ ઉપચારો પ્રત્યક્ષ કરવા, અને ના હોય તો માત્ર કલ્પના વડે શુદ્ધ અંતઃકરણ પૂર્વક કરવા ઘટે છે. આ પ્રમાણે અર્ચન ભક્તિનું યથાર્થ સ્વરૂપ સમજી તે ભક્તિ કરનારા સ્ત્રી પુરૂષોએ પ્રત્યેક પ્રાણી પદાર્થમાંથી પોતામાં રહેલી સુક્ષ્મ વાસનાનો ઉત્તરોત્તર નાશ કરવા પ્રયત્નવાન થવું અને શ્રી હરિ, શ્રી સદ્ગુરૂ કિંવા અન્ય જે પોતાના ઇષ્ટ હોય તેમનેજ ફક્ત આ સંસારમાં પોતાની પરમ પ્રિતિના અને કલ્યાણના વિષય માની તે તે એકજ શુદ્ધ, સત્ય, તથા સત, ચિદ્ અને આનંદસ્વરૂપથી ભિન્ન નથી એવી તે પોતાના ઇષ્ટને વિષે પ્રિતિની અધિક વૃદ્ધિ કરતાં રેહેવું. આ પ્રમાણે અર્ચન ભક્તિ કરતાં સર્વદા જે પ્રાણીની વૃત્તિ તદાકાર બની રહે તે પ્રાણીએ અર્ચન ભક્તિ સિદ્ધ કરી છે એમ સમજવું. જયાં સુધી એ પ્રમાણે ન થાય ત્યાં સુધી તે સિદ્ધ કરવાના સત્ પુરૂષાર્થમાં પ્રવૃત રેહેવું, અને પ્રયત્નમાં નિષ્ફળ જવા છતાં તેનો કદી કાળે પણ ત્યાગ કરવો નહિં. હે ભાનુદેવ, આ અર્ચન ભક્તિ જે ભક્તિનું પાંચમું અંગ છે તે પણ સિદ્ધ કરવી અત્યંત કઠીન છે. જે સ્ત્રી પુરૂષોએ યથાવિધિ અર્ચન ભક્તિ સિદ્ધ કરી છે તેઓ તો પારંગત થઇ પરમાત્માના પદમાં સાક્ષાત્કાર કરી લય થયા છે. મુનિ વર્ચસતમા કહે છે "હે મહર્ષ, આ ભક્તિના

દૃષ્ટાંતો પણ અનેક જોતાં જડી આવશે. માટે આ સ્થળે દીગંબર સ્વામીએ ભાનુદેવને તેનું દૃષ્ટાંત આપવાની જરૂર જેવું નહીં હોવાથી, ભક્તિનું છઠ્ઠું અંગ જે વંદન તેના સ્વરૂપને સમજાવવા લાગ્યા, જેનું હું કથન કરી સંભળાવું તે તું પ્રેમ પૂર્વક શ્રવણ કર. ?

દીગંબર સ્વામિ ભાનુદેવ તથા તેની પત્નિ ચારૂશીલાને કહેવા લાગ્યા ' હે પવિત્ર દંપતિ વંદન એટલે, આ અર્ચન ભક્તિવાન પુરૂષ પછી પોતાને હમેશાં પ્રાપ્ત છે એવા પોતાના તે ઇષ્ટને વારંવાર પ્રાર્થના પુર્વક શુદ્ધ પ્રેમ ભાવથી નમસ્કાર અગર તો સાષ્ટાંગ કરે છે તે વંદન ભક્તિ કહેવાય છે. હે પૂત્રી આ ભક્તિનું છઠ્ઠું સ્વરૂપ છે. હૃદયમાં અર્ચન ભક્તિ કરનારા સ્ત્રી પુરૂષો તે ભક્તિ કરવાના અભ્યાસના સંપુર્ણ બલ વડે કરીને તે પોતાના ઇષ્ટને હૃદયમાં નિરંતર સ્થિત છે, એવી અડગ વૃત્તિ અને શ્રદ્ધા પૂર્વક પ્રાર્થના સહ પુનઃ પુનઃ સપ્રેમ નમસ્કાર કર્યા કરે છે. તે પણ વંદન ભક્તિ જ ગણાય છે. આ ભક્તિ સિદ્ધ થએ તેના ઉપાસકે સમગ્ર પ્રાણી પદાર્થમાંથી પોતાની વાસના ત્યાગ કરવાની છે. હે ભાનુદેવ, સર્વથી શ્રેષ્ટ પોતાના ઇષ્ટનેજ વંદન કરવું એજ આ ભક્તિ સિદ્ધ કરવાનો શાસ્ત્ર વિહિત ક્રમ છે. એ ક્રમ પૂર્વક આ વંદન ભક્તિના અધિકારની વૃત્તિ ઈષ્ટાકાર થઇ રાગદ્વેષ રહિત સર્વત્ર ઇષ્ટ દર્શનજ કરે ત્યારેજ ભક્તિ સિદ્ધ થઇ એમ સમજવું. ભક્તિનું આ છઠ્ઠું સ્વરૂપ સિદ્ધ કરવામાં પણ તેના ઉપાસકને ઘણુ દુઃખ વેઠવું પડે છે. વંદન ભક્તિના કરનાર સ્ત્રી પુરૂષો પણ આ સંસારમાં અનેક થઇ ગયા છે ને થાય છે અને તે જગ પ્રસિદ્ધ છે જેથી તેનું પણ દૃષ્ટાંત આપવાની આ સ્થળે જરૂર જેવું મને લાગતું નથી. હે વત્સ્ ખાસ જ્યાં દૃષ્ટાંતથી સમજાવાની જરૂર લાગશે ત્યાં તે દૃષ્ટાત પૂર્વક તને સમજાવવામાં જરા પણ ખામી નહિં આવે કારણકે હે મુમુક્ષુ શિષ્ય, તું તારા ગુરૂસેવાના ધર્મને યથાર્થ રીતે જાણી અત્યાર સુધી ગુરૂકૃપાથી સર્વ પ્રકારના જ્ઞાનને

પ્રાપ્ત થયો છું. બાકી જે જરૂરનું હશે તે હું તને આ સ્થળેજ સમજાવી પછી વીદાય થઇશ. એટલે મારા ગુરૂપણાને તેમજ તારા સુશિષ્યત્વને લેશપણ ખામી લાગવા કદાચિત્ત પણ સંભવ આવશે નહીં. હે વત્સ્ તથા સતિ પુત્રી આ ભક્તિના છઠ્ઠા સ્વરૂપ વંદનનો પ્રકાર તથા તેના લક્ષણ તને કહ્યાં હવે ભક્તિનું સાતમું અંગ જે દાસત્વ તેનું તારા પ્રતિ કથન કરૂં તે પ્રસન્નતાથી એકાગ્ર ચિત્તે શ્રવણ કરજે ?

ગુરૂ વર્ચસૂતમા પોતાના શિષ્ય પ્રહર્ષને કહે છે " હે પ્રહર્ષ દાસત્વ એ ભકિતનું સાતમું સ્વરૂપ જેનું દીગંબર સ્વામિએ વીવરણ કરી ભાનુદેવને સમજાવ્યું અને જે પછી શુભ્રકેતુ રાજાને તપસ્વિ સિદ્ધેશ્વરાચાર્યે શ્રવણ કરાવ્યું તેનું તારા પ્રતિકથન કરૂં છું તે તરફ તારૂં લક્ષ આપી પ્રસન્ન થજે ? દીગંબર સ્વામિ કહે છે " હે ભાનુદેવ, આ દાસત્વ ભક્તિનું સાતમું અંગ છે ને તેનું સ્વરૂપ મન, વાણી, તથા કાયાવડે માત્ર પોતાના ઇષ્ટ શ્રીહરિ, અગરતો શ્રી સદગુરૂ તેનું સેવન કરવું. તે પોતાના ઇષ્ટનું વા સદગુરૂનું દાસત્વ કરવું તેનું નામ દાસત્વ ભક્તિ છે. જેમ સતિ પોતાના પતિની ઇચ્છાનુકુળ ચાલે છે, અને તે જેમ પતિની એકપણ આજ્ઞાની સહજ પણ અવજ્ઞા કરતી નથી પણ રાતદિવસ પોતાના પતિનીસંનિધ રહીને નિરંતર તેની સેવા કરવામાંજ કાલને વ્યતિત કરી પોતાને કૃતાર્થ માને છે તેવીજ રીતે દાસત્વ ભક્તિ કરનાર સ્રી પુરૂષો પણ પોતાના અંતરમાં પોતાના સેવ્યસ્વરૂપને પ્રાધાન્ય માની તેમાંજ નિરંતર પોતાની સર્વ વૃત્તિઓને અંતરમુખ રાખે છે, પ્રત્યેક બાહ્ય પ્રાણી પદાર્થરૂપ વિષય પ્રતિ સ્વતઃ પણે કદાચિત પણ વૃત્તિ તેઓ જવા દેતા નથી અને અંતરમાં સતત પોતાના સેવ્ય સ્વરૂપના ચરણ કીંવા સ્વરૂપ પ્રતિ વૃત્તિઓને જોડી રાખે છે. વળી આ ભક્તિ કરનાર સ્રી પુરૂષો તો નિરંતર ગુરૂની ઇચ્છા તથા આજ્ઞાને પાલન કરવામાંજ પ્રિતિવાળા હોય છે, અને આ સંસારના સર્વ વ્યહવારો, પોતાની અપ્રિતિનો વિષય છે એમ

માની તે સર્વ વિષયથી વિમુખ રહે છે તેજ પ્રમાણે માતપિતા કિંવા પોતાના ઇષ્ટને સેવ્ય બુદ્ધિથી જે સ્રીપુરૂષ ભજે છે ને વ્યતિરેક વૃત્તિથી તેમની સેવા કરતા નથી, એમ નિશ્ચે કરીને જાણજે ? બેટા પ્રહર્ષ, વળી દીગંબર સ્વામીએ કહ્યું કે આવા સ્રી પુરૂષોથી દાસત્વ ભક્તિ સિદ્ધ થાય છે. પણ તે સિદ્ધ કરવી અતિ ગહન છે. કારણ કે અંતરમાં પોતાના ઇષ્ટને સેવ્ય બુદ્ધિથી સેવનાર સ્રી પુરૂષો તો બહીરમુખ વૃત્તિઓને અંતરમાં પાછી વાળી પોતાના દાસત્વમાંજ સ્થિત થાય છે, અને તેથીજ તે પરિણામે નિર્વિષયી પરમેશ્વરનો સાક્ષાત્કાર કરી સદભાવથી સ્વરૂપાનંદને ભોગવી પરમપદે સ્થિત થાય છે. પરંતુ હે વત્સ આ સંસારમાં સર્વ વિષયથી રહીત થવું એ અત્યંત કઠીન કાર્ય છે. સદગુરૂ આદી સેવ્યને અનન્ય દાસત્વથી ભજવું એ પણ થોડું કઠીન નથી. કારણ કે અંતરમાં કલ્પનાવડે બનાવેલી સેવવાની વસ્તુ પોતાની સેવા નિમિત્ત અધિકારિને કોઈ પ્રકારની આજ્ઞા કરતી નથી ' તેમજ સમગ્ર વિષયજન્ય પ્રાણી પદાર્થમાંથી આસકિતરહીત થવાથી નિર્ગુણ પરમાત્માને પોતાની સેવા કરાવાની લેશ પણ સ્પૃહા નથી. અર્થાત્ જ્યાં ઉપાધી નથી ત્યાં ઇચ્છા નથી. પણ અંતરબહિર માનેલા આપણા શ્રીહરિ, શ્રીસદગુરૂ, માતપિતા, કિંવા કોઈ પણ પોતાના ઇષ્ટ હોય તેની યથાવિધિ દાસત્વ ભકિતથી સેવા કરીએ. તોજ એ ભક્તિ સિદ્ધ થાય છે. દાસત્વ ભક્તિને સિદ્ધ કરવી તે અત્યંત દુર્ઘટ છે. કારણ કે તે આપણી સેવવાની વસ્તુના અંતઃકરણમાં ક્ષણે ક્ષણે જે જે ઇચ્છાઓ થાય તે તે ઇચ્છાઓને યથાર્થ રીતે જાણી તત્કાળ તે ઇચ્છાનુસાર વર્તન કરવું એ ઘણું કઠણ છે. દાસત્વ ભકિતના કરનાર ઉત્તમ સ્રી પુરૂષ તો પોતાની સેવવાની વસ્તુના અંતરમાં ઉદભવતી હરેક ઇચ્છાને તત્કાળ જાણી જઇ તે પ્રમાણે વર્તન કરે છે. મધ્યમ સ્રી પુરૂષો માત્ર તેની આજ્ઞાનુસાર અનુસરે છે. અને બાકીના આ દાસત્વ ભકિત કરનાર સ્રી પુરૂષો કનિષ્ટ ભકતો ગણાય છે. આમ છે માટે હે પવિત્ર દંપતિ, પોતાના

ઇષ્ટની ઇચ્છા થતાંજ તત્કાળ તેને જાણી લઇને ઉત્તમ પ્રકારનો ભકત તો તે પ્રમાણે કરવામાં સાવધ રહે છે, તે પોતાના સર્વ સુખોનો, અને સુખની આશા માત્રનો, ત્યાગ કરી પશ્ચાત પોતાના ઇષ્ટ–જ્ઞેય ધ્યેય, અને ઉપાસ્ય સ્વરૂપ સેવવાની વસ્તુની અર્થાત પોતાના ઇષ્ટની પ્રિતિ પ્રાપ્ત કરવાને નિરંતર ઇષ્ટાભિમુખ થઇ રહે છે. હે પ્રિય શિષ્ય, દાસત્વ ભકિતનો યથાવિધિ પ્રકાર તને કહ્યો કે જે અત્યંત તિવ્રબુદ્ધિમાનને પણ સરળ અને સહજ સિદ્ધ થઇ શકતો નથી તો પછી પરમાત્મા તથા શ્રી સદગુરૂની પ્રિતિને પાત્ર નથી તેવાં પ્રાણીને અત્યંત કઠણ હોય તેમાં કશુંજ આશ્ચર્ય નથી; આ પ્રકારની દાસત્વ ભકિત સિદ્ધ કરનાર સત્પુરૂષો, સુરદાસ, રામદાસ સમર્થ, પીપાદાસ, રૈદાસ ઇત્યાદી ઘણા આગળ થઇ ગયા છે જેના જીવનચરિત્રો આપણે વાંચીને કિંવા શ્રવણ કરીને પણ જાણ્યાં છે. એટલે આ સ્થળે તેનું કોઇ દૃષ્ટાંત આપીને વૃથા સમય ખોવો ઉચિત નથી.

હે ભાનુદેવ હવે આઠમું ભક્તિનું સ્વરૂપ તે સખ્યત્વ છે. ઘણા કાલથી વિવિધ ભક્તિના સ્વરૂપોને નાના પ્રકારની યુક્તિથી, સિદ્ધ કરતા કરતા આવેલા સ્ત્રી પુરૂષો તે પોતાના ઇષ્ટના અનુગ્રહથી ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત થઈ, પોતાના, ઇષ્ટ સાથે પરસ્પરના પ્રેમ અને સત્સંગથી, પરમ મૈત્રિ રાખી મિત્રવત્ થઇ રહે તે ભક્તિ સખ્યત્વ કહેવાય છે. એટલે કે અત્યંત પ્રેમાળ મિત્ર, પોતાના ઈષ્ટમિત્રને, મનથી કે દૃષ્ટિથી અંતર બહિર રહેલા પોતાના સખારૂપ ઇષ્ટ શ્રી હરિ કિંવા શ્રી સદ્ગુરૂ ઈત્યાદીને દુર કરવા કિંવા તેમનાથી વીમુખ થવા કદી પણ ઈચ્છા થતી નથી અને કદી જો તેમને પોતાના ઈષ્ટનો વિયોગ થાય છે તો પ્રાણને ત્યજે છે, તેવા સખ્યત્વ ભક્તિવાન સ્ત્રી પુરૂષોને સખ્યત્વ ભક્તિ સિદ્ધ થાય છે. તેઓ સખારૂપે પોતાના ઇષ્ટને સેવનાર હોય છે ને નિરંતર પોતાના સખારૂપ ઇષ્ટ શ્રીહરિ કિંવા શ્રી સદગુરૂની સમીપજ રહે છે, તથા અંતરમાં નિરંતર પોતાના ઈષ્ટને સખારૂપે ભજે છે તે પ્રાણીઓ તો બહારના

વિષયો સાથે સંબંધ ધરાવનાર સમગ્ર વૃત્તિઓ અંતરમાં પાછી વાળી એકાગ્રતા પુર્વક સંયમને સાધી પોતાના ઇષ્ટ સખા શ્રી હરિ કે શ્રી સદગુરૂની સમીપજ સ્થિતી કરીને રહે છે અને બાહ્ય ગુરૂ આદિ ઇષ્ટ સખાના સેવક પણ તેજ પ્રમાણે પ્રાણી પદાર્થ પ્રત્યે જનારી અંતર વૃત્તિ તથા બહારની ઈંદ્રિયોને સ્વતંત્ર પણે વર્ત્તવા ના દેતાં પોતાને સ્વાધિન રાખી તે ઇષ્ટસખા સમીપજ તે તે વૃત્તિઓને રાખી રહે છે અને જ્યાં જ્યાં તેની ગતિ પ્રગતિ થાય ત્યાં ત્યાં પોતાના સખારૂપ શ્રીહરિ કે શ્રીસદગુરૂના સંનિધપણાનુંજ અંતર બહાર કરણોસહ ભાન કરી તેમાંજ રચીપચી રહે છે ત્યારેજ હે તાત આ સખ્યત્વ ભકિત સિદ્ધ થઇ ગણાય છે. એજ સખ્યત્વ ભકિતના અધિકારનું કર્ત્તવ્ય છે. આવા અધીકારી સ્ત્રી પુરૂષોની વૃત્તિ પરીણામે ઇષ્ટાકાર થઇ જઇ અખંડાનંદનો અનુભવ કરે છે. હે બેટા, આ સખ્યત્વ ભકિત પણ એકાએક સરળ અને સહેલી નથી. તેમાં પણ અત્યંત સદપુરૂષાર્થની આવશ્યકતા છે તે તને હવે સ્પષ્ટ થયું હશે. હે ભાનુદેવ, હવે ભકિતનું નવમું અંગ આત્મનિવેદન છે. પોતાનાં ઇષ્ટને પોતાનું સર્વસ્વ અરપણ કરી નિરંતર નિરભિમાન પણે વહન કરવું તે આત્મનિવેદન ભકિત કહેવાય છે. આ આત્મનિવેદન ભકિતનું તાત્પર્ય એટલુંજ છે કે, પોતાના ઇષ્ટ સ્વરૂપ શ્રી હરિ પરમાત્મા કે શ્રી સદ્ગુરૂમાં પોતાની બૂદ્ધિથી મનાયલા અન્ય સમગ્ર પ્રાણી પદાર્થોનું આરોપણ કરી, હું તથા મારૂં એ બે ભાવથી રહીત થઇ, નિરભિમાનપણે પોતાના ઇષ્ટને શરણ રહેવુ જોઇયે. હે વત્સ્ આત્મારૂપ સંકલ્પ વિકલ્પ કરનારૂ મન જે અલ્પજ્ઞ અજ્ઞાની તથા ગૌણ તેમજ જે જીવપદનો હેતુ ગણાય છે તેને સંપુર્ણ સદ્વિચાર તથા શ્રદ્ધાવડે પોતાના ઇષ્ટ અને જ્ઞેય ધ્યેય સ્વરૂપ શ્રી હરિ કે શ્રી સદગુરૂને પ્રસન્નતાથી અર્પણ કરવાથી આ આત્મનિવેદન ભકિત સિદ્ધ થાય છે. અને જ્યાં મન પોતાના ઇષ્ટને અર્પણ થયું કે પછી જેમાં તે રહેલું છે તે સ્થુલ શરિર પણ તેની જોડે અરપણ થાય છે.

એમ પછી જ્યાં તન અને મન અર્પણ થયાં એટલે એ બેથી મનાયલાં જે ધન, ધામ, ધરા, શત્રુ મિત્ર, પુત્ર, સ્ત્રિ, વાહન વસ્ત્ર અને સર્વ રાજ્ય ઉપાધિ સુધીની વસ્તુઓ, પણ સત્ય સંકલ્પવાળી બૂદ્ધિ વડે અર્પણ થઇ જાય છે. પશ્ચાત હું અને મારૂં કાંઇજ નથી, આ સમગ્ર દૃષ્ય પ્રપંચ અને પ્રાણી પદાર્થ માત્ર મિથ્યા છે અને સર્વ કંઈ વસ્તુતઃ એજ શ્રીઈષ્ટ છે અને સર્વ એનુજ છે એવો વારંવાર દૃઢ નિશ્ચય થતાં પરિણામે આ ભકિત સિદ્ધ થઈ પ્રાણી સ્વસ્વરૂપાકાર થઇ રહે છે. હે સતિ પુત્રી આ આત્મનિવેદન ભકિતના અવધિ પછી પ્રેમ લક્ષણા ભકિત જેને વેદ શાસ્ત્ર અને સત્પુરૂષોએ પરા ભકિત પ્રતિપાદન કરેલી છે તેમાં તે ભકિતવાન પ્રાણીનો પ્રવેશ થાય છે. આ ભકિત કરનાર ભકત પણ અત્યંત શુદ્ધ અંતઃકરણ વાળો હોવો જોઇયે તે વિના એ ભકિતનું અંગ પણ સિદ્ધ થઇ શકતું નથી એ નિશ્ચયે કરીને જાણજે ? હે વત્સ સવિસ્તર વર્ણન પૂર્વક તને ભક્તિના નવે અંગ સમજાવ્યાં પણ તે નવે અંગના અવધિએ, જે પરિણામી ફલરૂપ પ્રેમલક્ષણા ભક્તિ તેનું વિવેચન હજી બાકી છે માટે તે પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ જે દીગંબર સ્વામીએ ભાનુદેવને શ્રવણ કરાવ્યું અને જે પશ્ચાત સિદ્ધેશ્વરાચાર્યે શુભ્રકેતુ રાજાને કહી સંભળાવ્યું તે તને કાલે શ્રવણ કરાવીશ. આજે સમય ઘણો થઇ ગયો છે માટે હે પવિત્ર પ્રહર્ષ, તમે સૌ શિષ્યો પોતપોતાના આસને જઇ સ્વસ્થ અને નિરામય નિદ્રાને પ્રાપ્ત થાઓ ? અને હું પણ મારા કર્ત્તવ્યમાં હવે પ્રવૃત થઇશ.” આટલું બોલિ મુનિ પોતાના શૈયાસનના ઓરડા તરફ વિદાય થયા, અને પ્રહર્ષ તથા સર્વ શિષ્યો પોતપોતાના સ્થાને ગુરૂઆજ્ઞા લેઇ ચાલ્યા ગયા.

—તરંગ ૨ જો—

—પ્રેમલક્ષણા એજ પરા ભકિત છે.—

મુનિ વર્ચસૂતમા બીજે દીવસે પોતાના નિત્યકર્મથી પરવારી નિત્યના સમયે કથા કહેવાના આસને બિરાજયા એટલે પ્રહર્ષે શિષ્યવર્ગ સહીત આવી સાષ્ટાંગ કરી પોતાનું નિત્યનું આસન લીધું અને શ્રવણ કરવા અર્થે બેઠો કે તરતજ મુનિ તેને સંબોધીને નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

" હે મુમુક્ષુ શિષ્ય પ્રહર્ષ, હવે પ્રેમલક્ષણા જે પરાભકિત છે તેના સ્વરૂપનું વિવરણ જે ભાનુદેવને દીગંબર મુનિએ કરી શ્રવણ કરાવ્યું અને જેનું પશ્ચાત શુભ્રકેતુ રાજા પ્રતિ સિદ્ધેશ્વરાચાર્યે કથન કરી તે પ્રેમ લક્ષણા ભકિતના વાસ્તવિક સ્વરૂપને સંક્ષેપમાં વિવેચન કરી સમજાવ્યું તેનું પ્રસન્નતાપૂર્વક શ્રવણ કરજે ? વળી હે વત્સ, એક તત્ત્વવિદ્ અને સાક્ષાત્કાર કરેલો છે એવા પરમ સિદ્ધ પુરૂષ શ્રીમાન વિશ્વવંદ્યે પોતાના પદોમાં એક જગે કહ્યું છે કેઃ—

જે જેનું ચિંતન કરે તે તેમય થઇ જાય.
પ્રભુ ચિંતી પ્રભુમય થવું કિટ ભ્રમરવત્ ન્યાય

હે તાત્, આ વાકયો સત્ય અને વેદ શાસ્રના પ્રમાણરૂપ છે. અને એ વાકયોઅનુસાર અમલ કરાવી શ્રીહરિરૂપ બનાવનાર એક આ પ્રેમલક્ષણા અર્થાત પરા ભકિત છે; પ્રેમ લક્ષણા એટલે પોતાના પરમેશ્વર કે શ્રી સદ્ગુરૂ પ્રત્યેની વિધ વિધ પ્રકારની યુકિતઓ અને સાધનો વડે કરીને વૃદ્ધિંગત થએલી પ્રિતી કે જે નિઃસિમ હોવાથી, પ્રાણી તે પ્રિતિને વશ વર્ત્તે છે. અને પશ્ચાત પોતે પણ અમર્યાદ બની જાય છે. પરમાત્માને મર્યાદા નથી, અને તેથી અમર્યાદ પરમાત્માના પ્રેમ લક્ષણાભક્તિપૂર્વક ચિંતનથી પ્રાણી પોતે અમર્યાદપરમાત્મસ્વરૂપ, કિટ અને ભ્રમરના ન્યાય પ્રમાણે બની જાય છે અને તેથીજ હેતાત આ પ્રેમ લક્ષણા ભકિતને સત્પુરૂષો અને સત્શાસ્રો પરાભકિત

કહે છે. હે પ્રહર્ષ પશ્ચાત દિગંબર સ્વામિએ ભાનુદેવને તે પ્રેમ લક્ષણા ભક્તિનું સ્વરૂપ જે સમજાવેલું તેનું તે સિદ્ધેશ્વરાચાર્યે શુભ્રકેતુ પ્રતિ નીચે પ્રમાણે કથન કર્યું હતું જે હું તને કહું તે શ્રવણ કર? સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિ કહે છે “ હે રાજન્ પછી પેલા ભાનુદેવને અને તેની સતિ સ્ત્રી ચારૂશીલાને સંબોધિને દીગંબર સ્વામિ બીજે દીવસે સમય થતાં કહેવા લાગ્યા “ હે પવિત્ર મુમુક્ષુ દંપતિ, પ્રેમલક્ષણા ભક્તિ એજ આ પૂર્વોકત ભક્તિના નવ સ્વરૂપ તમને સમજાવ્યાં તે નવે ભક્તિના અંગોનું પરિણામી ફ્લ ગણાય છે, જેનું તમને સવિસ્તર વર્ણનકરી સંભળાવું અને ત્યાર પછી મુખ્ય જે વિચાર પ્રધાન માર્ગ છે તેનું તારા પ્રત્યે કથન કરીશ. હે ભાનુદેવ તથા સતિ પૂત્રી ચારૂશીલા, આ પ્રેમલક્ષણા ભક્તિ સર્વ પ્રકારની ભક્તિથી સર્વોતમ છે. તે ભક્તિને સિદ્ધ કરનાર સ્ત્રી પુરૂષો પ્રભુમય થઇ રહે છે. સર્વાંતરયામી અને સર્વજ્ઞ પરમાત્મા શ્રીહરિ કિંવા શ્રી સદ્દગુરૂ તે સિવાય આ જગતના કોઇપણ દૃશ્ય અને અદૃશ્ય પ્રાણી કિંવા પદાર્થમાં જેને લેશપણ વાસના રહેલી નથી, પણ માત્ર પોતાના શ્રીહરિ કે શ્રી સદ્દગુરૂ ઇષ્ટ પ્રત્યેના પ્રેમમાં તલ્લીન અને તદાકાર રહે છે. આ સંસારને ઘરબારને, જમીન જાગીરને, કે પોતાની મલ મીલકતને લેશપણ જોતો નથી અને જે પોતાના સ્થુલથી પણ રહિત જેવો બની રહે છે તેજ આ પ્રેમલક્ષણા ભક્તિને સિદ્ધ કરે છે. તેવા ભક્તિવાનસ્ત્રીપુરૂષોને પોતાના સ્થુલ શરીરની, પોતાની નિંદાસ્તુતિની અગર તો જગત માત્રની એક તૃણવત પણ દરકાર રહેતી નથી. પોતાના કેવલ શ્રી સદ્દગુરૂ કિંવા શ્રીહરિ ઇષ્ટ સિવાય અન્ય તરફ તેનું કદી લક્ષ જતુંજ નથી. હે ભાનુદેવ આનું કારણ એમ છે કે આ પ્રેમ લક્ષણા અર્થાત પરા ભક્તિવાળા સ્ત્રી પુરૂષોને તો પોતાના પ્રિયતમ શ્રી સદ્દગુરૂ શ્રીહરિ કે જે ઇષ્ટ હોય તે ઇષ્ટની પ્રિતિનીજ માત્ર ઈષણા હોય છે. બાકી કોઇપણ લોકેષણા વા અન્ય ઇચ્છા હોતી નથી; જેથી આ પ્રેમલક્ષણા ભક્તિ કરનાર સ્ત્રીપુરૂષોને

શ્રીમંત કે વિદ્વાન્ કે અન્ય ડાહ્યા કિંવા મુર્ખ માણસોની શિક્ષાનું વા તેમના વચનોનું યત્કીચિંત પણ ભાન થતું નથી. તેમ કોઇપણ અર્થને માટે તે લેશ પણ પ્રયત્ન કરતો નથી. ધનવિભવ ઐશ્વર્યની તૃષ્ણાથી તે ભકત નિરંતર વિરકત હોય છે. પ્રેમલક્ષણા ભકિતવાળા ભકતો તો ઉપાધી ઓછી થતાં અત્યંત રાજી થાય છે, કારણ કે તેની વાસના માત્ર પોતાના ઇષ્ટમાં-જ સમાયલી છે. તેની વ્યહવાર સિદ્ધ કરાવનાર લક્ષણાવૃત્તિ અને અર્થવૃત્તિ પણ સંપુર્ણ પોતાના ઇષ્ટમાંજ રહેલી હોય છે; જેથી પોતાના સ્ત્રી પૂત્ર સગાંસહોદર પ્રતિ જરાપણ પાછુવળી નજર કરવા કે તેમની તરફ લક્ષ આપવા તેને અવકાશ હોતો નથી. તેની વૃત્તિ માત્ર એક પોતાના ઇષ્ટ પ્રત્યે રહેલી હોવાથી તે વેદ અને સત્શાસ્ત્રોના કે ધર્મ અધર્મ પ્રતિપાદન કરનાર વાકયોમાં પણ લક્ષ રહીતજ હોય છે. તાત્પર્યમાં પ્રેમલક્ષણા અર્થાત પરાભકિતવાળો પરમેશ્વરનો પ્રેમી ભકત ઉર્ધ્વ અધ અને મધ્ય એમ ત્રણે લોકવિષયક સર્વ પ્રકારના ભય તેમજ ભ્રાં-તિથી રહીત થઇને પ્રેમમય બનેલો હોય છે જેથી લોકશા-સ્ત્રની અપેક્ષા કે ઉપેક્ષા યતકિંચિત પણ રાખતો નથી. હે ભાનુદેવ, આથી એમ ન સમજવું કે આવો પ્રેમમત્ત ભક્ત વ્યભિચાર ઇત્યાદિ કોઇ પાપાચરણ કરે. હમેશાં તે ભાનમાં રહી વિહિત આચરણનેજ કરે છે કદી પણ સંસ્કારના બીજથી રહીત એવો તે પ્રેમી ભક્ત કોઇ પણ નિંધકર્મ કરતોજ નથી. તે પ્રેમમગ્ન ભક્ત કદાચ બોલવાની ઇચ્છા કરે છે તો યથા રૂચિ બોલે છે અને નથી બોલતો તો પછી મૌન્ય ધારણ કરી રહે છે. કોઇ વખતે પોતાના ઇષ્ટના સંયોગસુખથી ખુશી થાય છે તો આનંદનો અનુભવ કરી હસ્યાજ કરે છે. અને વિયોગના મિથ્યા અનુમાનથી કોઇ કોઈ વાર આનંદયુક્ત રડયાજ કરે છે. વળી કોઇક ક્ષણે તો પ્રેમવાળા આર્દ્રવ હૃદયથી ગદગદ કંઠે બોલતાં બોલતાં પણ અટકી જાય છે. અને કોઈ કોઇ વાર ઉત્સાહ અને ઉછળતા હૃદયથી ઉચ્ચ અને મધુર સ્વરવડે પોતાના ઇષ્ટના

ગુણાનુવાદ ગાય છે. કોઇ કોઇ વાર તો વળી પોતાની વૃત્તિ અને દૃષ્ટિ આકાશવત્–શુન્ય અને એકાકાર કરી દઈ પોતાના સર્વ અંગોને સ્થિર અને તટસ્થ સ્થંભ રૂપ રાખી કોરાણે આસન મારી બેસી રહે છે. આ પ્રમાણે અનેક અસાવધાન અને ઘેલા મનુષ્યના સરખાં ચિન્હયુકત તે પ્રેમ લક્ષણા ભક્તિવાળો ભકત હોય છે. આ બધાનું કારણ હે મુમુક્ષુ શિષ્ય એટલુ સમજવાનું છે, કે આ પ્રેમ લક્ષણા ભકિતવાળા ભકતનું ચિત્ત અને ચતુષ્ય અંતઃકરણ તથા અંતર બાહ્ય સર્વ કરણો ઇષ્ટાકાર થઇ રહેલાં હોય છે. તેથી તે બહાર સાવધપણે સર્વ પોતાના વ્યહવારને કરે છે એમ લાગતું નથી. વળી તે ભકત નિદ્રા તૃષા, ક્ષુધા પિપાસા ઇત્યાદિ શરીરના ધર્મોને વશ થતો નથી. કારણકે તેની પણ તેને સ્પૃહા યત્કીંચિત પણ રહેતી નથી. તે વિના તે નિરંતર આનંદનોજ ભોકતા બની રહે છે. હે બેટા ટુંકામાં એટલુંજ કે શ્વાસ પ્રશ્વાસે જેની લક્ષણાવૃત્તિ તથા અર્થવૃત્તિ પોતાના પ્રિયતમથી વિમૂખ નથી તેજ ખરી પ્રેમ લક્ષણા ભકિતવાળો ભકત સમજવો.

પ્રહર્ષ કહે છે, હે ગુરો પ્રેમલક્ષણા ભકિતનું સ્વરૂપ તો યથાર્થ રીતે હું સમજ્યો પણ પ્રેમલક્ષણા ભકિતને આપે પરા-ભક્તિ એવું કેમ નામ આપ્યું તે કૃપા કરીને કહો ?

વર્ચ્સૂતમા તપસ્વિ કહે છે, હે બેટા પ્રેમલક્ષણા ભકિત-થી તેની અવધિએ પોતાથી સહજ વિલક્ષણ એવી પરા નામની ભકિત ઉત્પન્ન થાય છે. આ પરાભકિતને કોઇ કોઇ સ્થાને અનન્ય ભકિત કહેવામાં આવે છે. આ અનન્ય ભકિતમાં એટલીજ વિશેષતા છે કે ચિત્તવૃત્તિની ચંચળતા ત્યાં જતી રહે છે. ચંચળતાની નિવૃતીથયે સેવ્ય સેવક ભાવ છતાં પણ અભિન્ન સ્થિત્તિનો અનુભવ તે અધિકારી નિરંતર કરે છે. સંક્ષેપમાં તાત્પર્ય એટલુંજ છે કે પોતાના ઇષ્ટને પોતાનાથી સર્વત્ર અભિન્ન અનુભવે છે. અંતે તે એવો નિશ્ચય કરે છે કે હું પણ મારા ઇષ્ટસ્વરૂપ છું અને સર્વત્ર મારૂં ઇષ્ટ સ્વરૂપજ વિલસિ રહેલું

છે. અને તે ઇષ્ટના અંતરમાં સ્થીતી કરી રહેલો હું તે મારા ઇષ્ટથી બીજી વસ્તુ કેમ હોઇ શકું ? અને દેશ કાળ તથા વસ્તુ એ પણ તે મારૂં અંતરસ્થિત ઇષ્ટસ્વરૂપ કેમ નહીં હોય ? અર્થાત મારા અંતરબહીર તે એકજ ઇષ્ટ વ્યાપ્ત છે. અંતર બહીર સર્વત્ર જ્યારે એજ મારૂં ઇષ્ટ સ્વરૂપ વ્યાપ્ત છે તો તેની મધ્યમાં પ્રતિત થનાર હું તેથી યતકિંચિત્ પણ ભિન્ન નથી. આ પ્રકારે દીગંબર સ્વામિ કહે છે હે ભાનુદેવ તે પરાભકિતવાન સ્ત્રી પુરૂષો ક્ષણેક્ષણે પોતાનાં ભિનાસ્તિત્વના ભાનને ભુલીજાય છે. કદાચિત સંસ્કાર બળથી તેઓ જાગ્રત થાય છે, છતાં પણ પોતાનો ભિન્નાસ્તિત્વને લય કરનાર દૃઢ નિશ્ચય, ભેદ ભાવનું વિસ્મરણ કરાવે છે. પરિણામે આ પરાભકિતવાન પ્રાણી ભેદ સ્વરૂપના અભાવે અભેદ અને અભિન્ન બની જાય છે, અર્થાત તદરૂપ બની રહે છે. જેમકે બરફ પાણીનો બંધાયેલો છે અને વસ્તુત પાણી અને તેમાં લેશપણ ફરક નથી પણ ઉપાધી માત્ર તેમાં ભેદ, આપણી દૃષ્ટિએ પડે છે, તેવીજ રીતે તે પરાભકિતવાન સ્ત્રી પુરૂષોમાં અને પરમેશ્વરમાં જરા પણ ફરક નથી વસ્તુતઃબન્ને એકજ છે. જેમ આંખમાનો ડોળો અને કીકી માત્ર ભેદવત જણાય છે પણ વસ્તુતઃ તે એકજ હોય છે, વળી જેમ દરપણ અને તેમાં જણાતું પ્રતિબિંબ અભેદ છે છતાં તે દર્પણ જુદું લાગે છે અને જેમ જળ તથા જળમાંહેનું પ્રતિ બિંબ કિંવા વમળ જુદું નથી છતાં જુદું દેખાય છે તેવીજ રીતે આ પરાભકિત વાળો પરમાત્માનો પ્રેમી ભકત પોતે પોતાના ઇષ્ટથી ભિન્ન નથી છતાં માત્ર વિલાસાર્થે સેવ્ય સેવકને ભાવે રહે છે અને આત્મા પરમાત્માને એક જાણીને તે પોતાના સેવ્યસેવકના સંબંધનો જરાપણ ત્યાગ કરતો નથી; ત્યારેજ હે બેટા ભાનુદેવ આ પરાભકિત સિદ્ધ થઇ એમ સમજવું. આ પરાભકિતનું સ્વરૂપ પણ અવધિએ અનુભવથી અંતરમાં સ્પષ્ટ થાય છે. હે ભાનુદેવ લખવાથી અગર કહેવાથી જેને અનુભવ નથી તેવા અધિકારીના હૃદયમાં તદવત્ ભાન થતું નથી તો પણ વિચારવાન અધિકારિ હોય

તે તો ઇષ્ટ સ્વરૂપને વીશે લક્ષ કરવાનું અનુકુળ પડે તે માટે વર્ણન કરવાનો ઉદ્દેશનિરર્થક છે એવું અંતરમાં સમજતો નથી આ પરાભક્તિ કરનારને વિલક્ષણ એટલે નિર્વિષયી સ્વરૂપાનંદનો અનુભવ થાય છે. અર્થાત કર્ણેથી નાના પ્રકારના શબ્દોને સાંભળે છે, ચક્ષુ વિના નાના પ્રકારના રૂપ ને જુએ છે અને એજ પ્રમાણે સર્વ ઇંદ્રિય વ્યહવારને ચમત્કારિક રીતે કરે છે. હે પ્રહર્ષ આટલુ કહી તે સિદ્ધેશ્વરાચાર્યે કથા પ્રસંગ બંધ કરી. માટે આ પ્રકારની પરાભક્તિ અત્યંત બુદ્ધિમાન મનુષ્યને સાધવી કઠણ પડે છે તો સામાન્ય વા છેકજ સાધારણ જીવને કઠણ લાગે એમાં આશ્ચર્ય નથી. ઘણા અજ્ઞાની જીવો તો આ ભકિતનું સ્વરૂપ વાંચીને કિંવા સાંભળીને અમે વેત્તા અને પરા–પ્રેમ લક્ષણા ભકિત સિદ્ધ કરી તદરૂપ સર્વજ્ઞ બની ગએલા છીએ એવું મિથ્યાભિમાન રાખી પોતાના શ્રેયસ્કર અને કલ્યાણના માર્ગોથી દુર રહી પ્રમાદ આલસ્ય, અહાર નિદ્રા, અસુયા અને વ્યભિચાર ઇત્યાદિ દોષોને વશવર્તિ, કાલભગવાનનામુખમાં પડે છે અને જન્મમરણના ફેરારૂપ આ સંસારચક્રની ધરી ઉપરના તિવ્ર દાંતામાં અટવાયા કરે છે. માટે હે વત્સ પોતાની શકિતના પ્રમાણમાં અનુકુળ માર્ગે ગુરૂ ઉપદિષ્ટ ક્રમ પૂર્વક નિયમાનુસાર ચાલવું અને ક્રમે ક્રમે સદ્પુરૂષાર્થ દ્વારા સર્વ દુઃખની નિવૃત્તિરૂપ જીવન મુકિતનો અનુભવ કરી સાક્ષાત્ મોક્ષ મેળવવો એજ મારી તને શીખામણ છે. એજ મારી તને સલાહ છે, એજ મારૂં વચન છે. અને એજ મારી આજ્ઞા છે.

આ સાંભળી પ્રહર્ષ બે હાથ જોડી પોતાના સદગુરૂને, સાષ્ટાંગ કરી ઇષ્ઠ વચન માથે ચડાવી કહેવા લાગ્યો કે “ હે ભગવન્ આ સર્વે દુઃખ નિવૃત્તિ અર્થે નવધા ભકિત રૂપ એક પ્રકારના મોક્ષના ઉપાયનું કથન કરવા કૃપાકરો ? મોક્ષનો અન્ય ઉપાય રૂપ માર્ગ એવો કોઈ અન્ય હોય તો શીશુને શ્રવણ કરાવા કૃપા કરો. ?

તપસ્વિ વર્ચસૂતમા આવા પ્રહર્ષના વાકયો સાંભળી કહેવા

લાગ્યા, બેટા આ સિવાયના વિચાર પ્રધાન મોક્ષના ઉપાય રૂપ માર્ગનું તારા પ્રતિ પ્રિતિથી કથન કરીશ પણ પ્રેમ લક્ષણા અર્થાત પરાભક્તિવાળા પ્રેમિ ભકતનું એકાદ દ્દષ્ટાંત આપ્યા પછી તને તે શ્રવણ કરાવીશ. માટે હે મુમુક્ષુ શિષ્ય તું નિશ્ચિંત અને પ્રસન્ન રહે, અને ધૈર્યરાખી એકાગ્રચિત્તે જે જે કહું તે શ્રવણ કરજે. તારી ખાતર મેં હમણાં ટુંક મુદતથી, સદઉપદેશને માટે આસન રચ્યું છે તે તને સદુપદેશ આપી વિહિત માર્ગે વહન કરાવવા અર્થેજ તેમજ તને સદૃઢ બનાવવાની ખાતરજ રચ્યું છે. તારી શ્રદ્ધા વધે એટલાજ સારૂ આ પ્રવૃતી સેવું છું માટે મારા ઉદેશને જાણીને તારા કલ્યાણને અર્થે જે તારા પ્રતિ વિવેચન કરવામાં આવે તે પર સંપુર્ણ લક્ષ આપીને તારા ચિત્તની નિરંતર પ્રસન્નતા જાળવજે. હે વત્સ પ્રેમલક્ષણા અર્થાત પરા ભક્તિના અંશીભૂત પ્રાણીઓને બાલ્યાવસ્થામાંથી કે બલ્કે ગર્ભમાંથી પરાભક્તિ ઉદભવે છે તેવી પ્રેમ લક્ષણા ભકતીવાળા સ્રી કિંવા પુરૂષભકતનું આવતી કાલે તને એકાદ દ્દષ્ટાંત આપી શ્રવણ કરાવીશ. માટે આજે તો સમય થયો છે એટલે જઈ સુખ પૂર્વક વિશ્રાંતી લે ?" આ સાંભળી સર્વ શીષ્ય વર્ગે સાષ્ટાંગ કર્યા એટલે મુનિ શયન ગૃહમાં સિધાવ્યા અને પ્રહર્ષ સહીત સર્વ શીષ્ય મંડળ પણ વેરાઇ ગયું.

—તરંગ ૩ જો—

ભક્ત શિરોમણિ કર્માબાઈ.

બીજે દીવસે સમય થતાં મુનિ વર્ચસતમા પોતાને આસને બીરાજ્યા એટલે પ્રહર્ષ સહીત શિષ્યવર્ગે આવી સાષ્ટાંગ કર્યા. મુનિ તે દીગંબર સ્વામિએ ભાનુદેવને કહેલું પરાભક્તિવાન કર્માબાઈનું દ્દષ્ટાંત નીચે પ્રમાણે શ્રવણ કરાવવા લાગ્યા.

"હે પ્રહર્ષ, પૂર્વે સિંહલદ્વિપના સખાવત નામના રાજાને ત્યાં સુશીલ શર્મા નામનો પુરોહિત રહેતો હતો. જાતે સ્વધર્માચરણી અને કેવલ વિહિત માર્ગે વહન કરનારો પવિત્ર સારસ્વત બ્રાહ્મણ હતો.

તેને કર્માબાઇ કરીને એકની એક પુત્રિ હતી. તે અત્યંત પ્રેમ લક્ષણા ભકત હતી. સુશીલ શર્માની પત્નિ એટલે કર્માબાઇની માતુશ્રી કર્માને ત્રણ વરસની મુકી ગુજરી ગઈ હતી. જેથી કર્માબાઇ પોતાના સ્વધર્માચરણી પીતાની કેળવણી લઇ ઉછરી હતી. તે પુખ્ત વયે અર્થાત બાર વરસની થવા આવી, ત્યારે તેનું માલવ ભૂપતિના વિદ્વાન અને તરૂણ પુત્ર જોડે, લગ્ન કરવાને તેના પિતા સુશીલ શર્માએ વિચાર કર્યો; પણ કર્માબાઇએ મોઢે ચડીને, મિરાંબાઇની પેઠે પિતાને સ્પષ્ટ જણાવી દીધું કે, "હું તો વીઠલ વરને વરીને જન્મેલી છું, એટલે હવે અન્યને પતિ કરવા હું ચ્હાતી નથી; માટે જો મને કોઇ ઠેકાણે પરણાવશો તો તે પરણનારનો જન્મારો એળે જશે અને તમે તેથી કરીને ઉલટા શ્રાપીત બનશો. ધર્મ કરતાં ધાડ વળગશે કારણ કે હું જેને વરી છું, તે હવે બીજા અન્યને વરૂં તેવી સ્વપ્ને પણ આશા રાખવી વૃથા છે." આ પ્રકારના પુત્રિના વચન સાંભળી સુશિલશર્માને ખાત્રી થઇ અને વિચાર કરવા લાગ્યા કે એ પુત્રિ "મોક્ષનો માર્ગ પકડયો છે એટલે તેની વચમાં આડે આવવું તે તેના કલ્યાણને પ્રતિબંધ કર્ત્તા થઈ પડશે માટે ભલે તે શ્રીહરિની પુર્ણ ભકત થાય, અને આ ભવસિંધુ તરી જાય. તેથી સદગુરૂ અને સતશાસ્ત્રોએ કહ્યું છે તે પ્રમાણે તેની સાતે પેઢીનો ઓદ્ધાર થશે; એથી કંઇ પણ હાની થવાનો સંભવ નથી." આ પ્રકારનો વિચાર કરી સુશીલશર્મા પોતાની સાધવી પુત્રિ કર્માબાઇ પ્રત્યે કહે છે કે, "હે બેટા ત્યારે તમારી ઈચ્છામાં આવે તેમ કરો ? જો વિઠલ વરને વરો તો એથી બીજું અધીક શું છે ? તારે લીધે એ ત્રિભુવન પતિના મને સાક્ષાત્ દર્શન થશે અને વળી જગતમાત્રના અધીષ્ઠાતા પ્રભુ મારા જામાત્ર થઇ મારે અંગણે પધારશે અને એવો ઉત્તમ લાભ લેઇને વર્ત્તમાન જન્મમાં કે પૂર્વે તેમજ ભવિષ્યના અનેક જન્મમાં, જે યોગિમુનિ અને મોટા મોટા કરોઠાન વર્ષના તપસ્વિઓને પણ નથી મળ્યા તે મને મળશે તેવો અનન્ય લાભ આ તારા પિતાને તેના વર્તમાન જન્મમાં મળશે એથી બીજું

શું ઉતમ છે. માટે લગ્ન સામગ્રી જે જે તૈયાર રાખવી ઘટે તે સહુ તૈયાર કરો" આ પ્રકારના વચન સાંભળી કર્માબાઈ અત્યંત રાજી થઇ અને પોતે પોતાના પિતાના પ્રેમભાવના "શ્રીહરિ જામાત્ર થશે અને આંગણે પધારશે" ઈત્યાદિ આર્દ્ર હૃદયના વચનો શ્રવણ કરી પોતાના પિતાને કહેવા લાગી કે, "પિતાજીનો પુર્ણ પ્રેમભાવ હશે તો શ્રી હરિ જામાત્ર થઇ તમારે આંગણે પધારશેજ એમાં યત્કીંચિત પણ સંશય નથી. પણ પછી એતો હરિ છે; જગપાલક સ્વયં વિશ્નુ છે, ના પણ આવે એથી આપ કોઇવાર શંકાશીલ ન થશો કે હુ મારા વ્હાલા વિઠ્ઠલવરને નથી વરી" પિતા કહે છે "હે પૂત્રી હું તો કયારે એ વાત સત્યમાનું કે તું વિઠલ વરને પરાપુર્વથી વરેલી છે કે જ્યારે સાક્ષાત શ્રીહરિ વિશ્નુ ભગવાન આવી તારી સાથે વિધિસર લગ્ન કરે નહિંતો પછી આખરે મારે તને કોઇ સારે ઠેકાણે પરણાવી દેવીજ પડશે એ મારો પરમ ધર્મ છે. હજી તારી વય બાર વરસની છે. અને તું કેવલ સાધવિ અને વિશુધ પ્રેમની મુર્ત્તિરૂપ મારી એકની એક પ્રિયપુત્રી હોવાથી હજી પણ પાંચ વર્ષ તારૂં લગ્ન તારી એમજ ઈચ્છા છે તો નહિં કરૂં. અને તે મુદતની દરમ્યાન જો શ્રીહરિ જામાત્ર થઇને પધારે તો મારે પરમ વિશ્નુ ભગવાન કૃષ્ણ પરમાત્મા જોડે યથાવિધિ તારાં લગ્ન કરી તને સાસરવાસો કરી વિદાય કરવી તે સિવાય અન્ય કોઇ ધર્મ હુ સમજતો નથી." આટલું કહી કર્માબાઇના પિતા ત્યાંથી ચાલ્યા ગયા અને કર્માબાઇ નીચે પ્રમાણે વિચાર કરવા લાગી.—

કે હવે જો મારા પ્રિયતમ ભગવાન જો તેમ નહિં કરે તો મારી ભક્તિ જુઠી ગણાશે, માટે આજથી એવો નિશ્ચય કરૂં કે જેમ શ્રી શંકર ભગવાનને પરણવાને શૈલસુતા અર્થાત પાર્વતિજીએ અન્ન જળના ત્યાગ પૂર્વક વૃત કર્યું તેવી રીતે તપ કરી અને પિતાની ઇચ્છા પરિપુર્ણ કરૂં. આવો તત્કાલ નિશ્ચય થતાંજ તેણે તે દિવસથી અન્ન જળનો ત્યાગ કરી એકપગે ઉભી ઉભી અડગપણે શ્રી વિશ્નુ ભગવાનનું રટણ કરવા માંડયું; અને અઠવાડીયું થતા

થતામાં તો તેના વૃતથી ઈંદ્રલોક સ્વર્ગલોક અને વૈકુંઠ ઇત્યાદિ ઈત્યાદિ સર્વ લોક ખળભળી ઉઠયા. વિશ્નુ ભગવાને વિચાર કર્યો કે આ કર્માબાઇને હવે તેની ઇચ્છાનુસાર ફલ આપ્યા સિવાય છુટકો નથી. જેથી તેના પિતાને એક રાત્રીએ સ્વપ્ન આપ્યું કે અક્ષયતૃતિયાને દિવસે ગોરજ મુહુર્તે તમારી દીકરીને યથા-વિધિ પરણી અમે લઈ જઇશું માટે લગ્નસામગ્રી જે જે તૈયાર રાખવી ઘટે તે રાખજો. પ્રાતઃકાળમાં કર્માબાઈના પુરોહિત પિતા આપણા સુશીલશર્મા વિચાર કરવા લાગ્યા કે સ્વપ્નની વાત તે ખરી હશે કે ખોટી જેથી તે રાજાને તેમ અનેક પોતાના આપ્ત જનોને કહી વળ્યા અને બધાએ એવીજ સલાહ આપી કે પુરોહિતજી ! સ્વપ્નની વાત તે કદી સાચી હોય છે. માટે જવાદો વખતના વાજા વખતે વાગશે. રાજાના હૃદયમાં આ પુરોહીતના સ્વપ્નની વાત સાંભળી શ્રી ભગવાન્‌ની પ્રેરણાથી એથી વિરૂદ્ધ નિશ્ચય થયો કે નહિં મારા પુરોહિતની પૂત્રી તે મારી પુત્રિ અને તેને સાક્ષાત વિશ્નુ ભગવાન્ વરવાને આવે છે. જો કે એ સ્વપ્નની વાત છે તો પણ હું સાચી માની બધી લગ્નની સામગ્રી ગુપ્તપણે તૈયાર રાખું. પછી જો તેમ ન થયું તો હરકત નહીં બધી તૈયારીઓ વૃથા થશે પણ કર્માબાઇની ભક્તિ જુઠી તો ઠરશે. આમ વિચાર કરી ગુપ્તપણે રાજાએ સર્વ સામગ્રી તૈયાર કરી દીધી. પશ્ચાત કેટલાક દીવસ થયા એટલે એક દિવસે કર્માબાઇ પાસે આવી તેના પિતા કહેવા લાગ્યા કે " બેટા, આવી તિતિક્ષા સાધવામાં પ્રાણ ગુમાવશો. અને એમ તે કંઇ આ કાલમાં વિશ્નુ ભગવાન તે આવી કોઇને પરણુતા હશે. સ્વપ્નની વાતો તો સ્વપ્ન જેવી માટે હવે થોડા સમયમાં મારે તારે માટે યોગ્ય પતિ ખોળવો પડશે. આપણી સિદ્ધેશ્વરી શક્તિ સ્વરૂપ પવિત્ર કર્માબાઇ તો પોતાના ઉગ્ર તપમાં હઠયોગિના જેવી પ્રવૃત્ત થઇ ગએલી હતી. તેથી આવી પ્રકારના પોતાના પિતાના વચનો ઉપર લક્ષ ન આપતાં સમાધિસ્થજ બની રહી. એટલે ફરીથી તેજ પ્રમાણે તેના પિતાએ કહ્યું એટલે સમાધિમાંથી જાગ્રત થઈ પોતાના પિતા પ્રત્યે નીચે પ્રમાણે કહેવા લાગી.

" હે પિતાજી, ગધેડાને અસલથી નાક હતુજ ક્યાં કે કપાય, એ પ્રસંગના જેવું આપ બોલો છો. તે ગધેડાના નાકનો પ્રસંગ એવો છે કે એક અઘોર અને ભયાનક અરણ્યમાં એક વનરાજ સિંહ રહેતો હતો. તે દરરોજ તે વનમાં વસતાં પ્રાણીઓનો શીકાર કરી લાવતો હતો. અને પોતાની ક્ષુધા પ્રમાણે ભક્ષ કરતો હતો. બાકીનો શીકાર એમને એમ પડયો રાખતો હતો. આથી એક દીવસે તે અરણ્યમાંના સઘળા પ્રાણીઓ એક સ્થળે ભેગાં થયાં અને ઠરાવ કર્યો કે વનરાજની પાસે જઈ આપણે અરજ કરવી કે જો તમે આ પ્રમાણે અમો સર્વના ઉપર જુલમ ગુજારશો તો અમો સઘળાં બીજા વનમાં જઇ રહીશું પછી તમે કોના ઉપર રાજ્ય કરશો માટે અમો સર્વ એકમત થઇ અરજ ગુજારીએ છીએ કે અમો દરેક જાતના પ્રાણીમાંથી એકેક પ્રાણી દરરોજ તમારા અહાર માટે આપે જઇ શું માટે આપે આજથી બીજા કોઇ જાનવરને મારવું નહીં "આ પ્રમાણે સર્વ પ્રાણીઓ એકત્ર થઇ તે વનરાજ પાસે ગયાં અને સર્વે એકમત થઈ પોતાની હકીગત સિંહને નિવેદન કરી. સિંહે તે વાત કબુલ કરી અને વારા પ્રમાણે જે દરરોજ જાનવર આવતું તેનું માત્ર ભક્ષ કરી વનરાજ બેસી રહેતો. એક દિવસ યોગાનુયોગે એક શીયાળનો વારો આવ્યો એટલે શીયાળ સિંહ પાસે ગયું અને તેને નમ્રતાપુર્વક કહેવા લાગ્યું કે " હે વનરાજ હું તો એક નાનું અને ક્ષુદ્ર પ્રાણી છું જેથી મારાથી આપનું પેટ નહીં ભરાય માટે જો આપ આજ્ઞા કરો તો એક મોટું પ્રાણી આપના ભક્ષસારૂ લેઇ આવું. " આવી શીયાળની વાણી સાંભળી સિંહે વિચાર કર્યો કે બરાબર આટલા નાના જાનવરથી કંઈ મારી ક્ષુધા ઓલવાશે નહીં માટે શીયાળ મોટું જાનવર ભક્ષ માટે લેઈ આવે તો હરકત જેવું નથી. એવો વિચાર કરી શીયાળની વાત તે સિંહે કબુલ રાખી અને તેને મોટું જાનવર લેઇ આવવા કહ્યું એટલે શીયાળ ત્યાંથી વનમાં ગયું. ત્યાં એક ગધેડું ચરતું હતું તેને કહેવા લાગ્યું. ગધેડાભાઈ, ગધેડાભાઇ,

મેં તમારે માટે એક સ્ત્રી શોધી કાઢી છે માટે તમે મારી સાથે ચાલો તો પરણાવી દઉં. ગધેડું આ સાંભળી ઘણુંજ હરખાઇ ગયું અને શીયાળની સાથે ચાલ્યું. દૂરથી સિંહે તેને આવતાં જોયું કે એકદમ તલપ મારી તેનો શીકાર કરવા માટે ગર્જના કરી; ગધેડું તો એકદમ સિંહની ગર્જના સાંભળીતરતજ ત્યાંથી ચારે પગે દોડતું નાસી ગયું. એટલે સિંહે શીયાળ પાસે આવીને કહ્યું કે 'ત મોટું જાનવરતો નાશીગયું માટે તુ ચાલ તૈયાર થા. કારણ કે જો તને હું મુકી દઉં તો તુંએ જાય એટલે બોબડી બે ચુકે તેવી મારી દશા થાય અને હું ભૂખે મરૂં, માટે હવે ચાલ તારોજ ભક્ષ કરી લઉં" શીયાળ કહે છે વનરાજ, તમે અધીરા ન થતાં તમારી પાસે તે ગધેડું બરાબર આવી ઉભું રાખું પછી તમે ખાજો. એકદમ તમે તેના ઉપર ઘુરકીયું કરી તલપ મારવા જાઓ છો તેથી તે નાસી જાય છે માટે એકવાર ફરીથી મને પ્રયત્ન કરી લાવવાદો નહિંતો પછી હું તો છુંજ. સિંહે આ વાત સ્વીકારી ને શીયાળને જવા દીધું. પેલું ગધેડું જ્યાં ચરતું હતું ત્યાં પાછું આવ્યું એટલે ગધેડું શીયાળને કહેવા લાગ્યું કે ' જા જા, ભભાભાઇ તારો સંગ હવે હું નહીં કરૂં તું તો મને મારી નંખાવા લેઇ જાય છે. ' શીયાળ બોલ્યું. અરે ગધેડાભાઈ, પરણવું તે કંઇ સહેલું છે. સાસરામાં જમાઇ જાય ત્યારે તેને બધું પહેલીવારતો સહન કરવું પડે. સાસુ મશ્કરી કરે, નાકતાણે, કાન ઝાલે ઇત્યાદિ અનેક ટોળ કરે અને તે બધું જમાઈ જ્યારે સહન કરે ત્યારે સાસુ કન્યા પરણાવે માટે આમ તમે ભડકી નાસી જાઓ છો તો પછી શીરીતે હું તે ત મને પરણાવું. માટે ફરી ચાલો અને બધું સહન કરો તો તમને કન્યા પરણાવું. આ સાંભળી ગધેડું શીયાળ જોડે લલચાઇ ફરી ગયું અને સિંહ પાસે આવ્યું. એટલે સિંહને અત્યંત ક્ષુધા લાગવાથી તે ગધેડાને તરતજ પકડીને મારી નાખ્યું; સિંહને તે વખતે તરશ પણ ઘણી લાગેલી હોવાથી પેલા મારેલા ગધેડાને શીયાળને સોંપ્યું અને પોતે એક નજદીક આવેલા નાળા ઉપર પાણી

પીવાને ગયો. સિંહના ગયા પછી શીયાળે વિચાર્યું કે હમણાં સિંહ આવી ગધેડાને ખાઇ જશે અને હું ભુખે મરીશ માટે લાવ હું તેમાંથી જરા ખાઈ લઉં. એમ ધારી ગધેડાના નાક તરફનો નરમ પદાર્થ જે તેનાથી ખવાઇ શકયો તે શીયાળે ખાધો અને પછી સ્વસ્થ થઇને ચોકી કરતું બેસી રહ્યું એટલામાં સિંહ પાણી પીને ત્યાં આવ્યો, અને જુએ છે તો તે ગધેડાનું નાક દીઠું નહીં, તેથી તેણે શીયાળને પુછ્યું કે આ ગધેડાનું નાક કયાં ગયું ? ત્યારે શીયાળે ઉત્તર આપ્યો કે એને વળી નાક હતુંજ કયાં તે જતું રહ્યું. ગધેડા જાનવરને નાક હોતુંજ નથી. જો તેને નાક હોય તો એકવાર જે તમારા પંજામાંથી છુટી મરણના મોંમાંથી બચી નાસી ગયું તે ફરીને તમારી પાસે મરવાને આવે ? કદી નહીં. માટે વનરાજ તેને નાક હતુંજ નહિં. એમ કહી શીયાળ રસ્તે પડી ગયું, કર્માબાઇ પોતાના પિતાને કહેવા લાગી કે હે તાત્ આ દૃષ્ટાંત ઉપરથી વિચાર કરો કે તમારે જો નાક હોત તો તમે આ જન્મ ધારણ કરતજ નહિં. ગર્ભવાસમાં ભગવાનને મોઢે કબુલ કર્યું હતું કે એક પણ પળ હવે આપને વિસારીશ નહિં. કારણ કે ચોરાશી લક્ષ યોનિમાં જીવ ભમ્યા પછી આ અમુલ્ય મનુષ્યદેહે નવા અનેક સતકર્મના પરિણામી રૂપ ફલને પામે છે તો તેનો મનુષ્ય દેહ પ્રાપ્ત થયા છતાં તમે આ જન્મે પણ તે તમારી કબુલતને પાળતા નથી માટે તે ગધેડાની પેઠે તમારે પણ નાક કયાં છે. એકવાર ચોરાશી લક્ષ યોનીના અતિક્રમણમાંથી મુકત થઇ મનુષ્યદેહ પામ્યા છતાં પણ વળીવળીને નાક વિનાના ગર્ધવની પેઠે જન્મ મરણના ફેરામાં અટવાવા ધોકાખાવા જાઓછો તો પછી તે ગધેડાના જેવા નક્ટ નહીં તો બીજું શું કહેવાય. આ દૃષ્ટાંત અને આવાં અસંખ્ય અને માર્મિક ઉપદેશના વચનો સાંભળી પછી તેણીનો પિતા એક પણ શબ્દ વધારે બોલ્યા વગર ત્યાંથી ચાલ્યો ગયો. અને તે હકીકત રાજાને જઇ નિવેદન કરી. રાજાએ અભિપ્રાય આપ્યો કે તે તમારી પુત્રિએ સત્ય કહ્યું છે માટે હવે તમે તેને

લગ્ન સંબંધી એક પણ શબ્દ કહેશો નહિં. તમને જે સ્વપ્ન થયું છે તે વાત સાચી છે કે જુઠી પણ તે પર હવે લક્ષ આપો. આમ કરતાં કરતાં વૈશાખ સુદ તૃતિયા જેને અક્ષયત્રીજ કહે છે તેને બે ત્રણ દિવસ બાકી રહ્યા એટલે નગર બહાર એક વિશાળ આંબા વાડીયામાં ઝરકશી તંબુઓ ઠોકાવા માંડયા; રંગ મંડપો અને શામીયાનાના તંબૂઓ ગડાવા લાગ્યા. એટલે રાજાને આ વાતની ખબર થઇ જેથી પુરોહિતને લેઈતે આંબાવાડીયામાં આવી તે તંબુ ઠોકનારાઓને પુછવા લાગ્યો કે 'ભાઇ આ કોના તંબુઓ ઉભા કરો છો અને કીયા રાજાની સ્વારિ મારા પુરમાં પધારે છે ? તંબુ ઠોકનારા ભૃત્ય વર્ગના લોકોએ રાજાને ઉત્તર આપ્યો કે 'છપનકોટિ યાદવો સહિત યદુપતિ શ્રી કૃષ્ણ પરમાત્મા અત્રે પરણવા પધારે છે તેથી આગળથી આ બધી તૈયારીઓ કરીએ છીએ' અને અમે બધા તેમના ભૃત્ય વર્ગના માણસો જાતે યાદવો છીએ. આ સાંભળી પુરોહિત અને રાજા તો દિંગજ બની ગયા અને રાજા વિચાર કરવા લાગ્યો કે છપનકોટિ જાદવોને પુરૂ પડે તેટલું અનાજ અને વસ્ત્રાદિ શી રીતે લાવી શકાશે. ખેર જેમ થવાનું હોય તેમ થશે પણ પ્રભુ તો આ મારી રાજ્ય ભૂમિને પધારિ પાવન કરશે. તેમજ પુરવાસીઓને અને મારે સાક્ષાત તે શ્રી હરિના દર્શનનો અનન્ય લાભ મળશે અને જન્મ મરણનો ફેરો તો ટળશે. પુરોહિત પણ આ પ્રકારનો પોતાના રાજાનો વિચાર જાણી લેઇ તેને અનુકુળ રેહેવા પ્રયત્ન કરવા લાગ્યા અને પછી તો પોતાને પણ ખાત્રી થવાથી પોતાના જામાતૃની સરભરાની સામગ્રીઓ કરવામાં ગુંથાયા. કર્માબાઇએ તો વ્રતજ લીધું હતું કે પ્રભુ પધારી પાણીગ્રહણ કરી અન્ન જળ ખવરાવે તોજ ખાવું તેથી છેવટની ઘડી સુધી પણ પોતાની સમાધીમાંથી ઉત્થાન થયાં ન હતાં; આખું શહેર તથા રાજા કર્માબાઇને રૂક્ષ્મણિ સ્વરૂપ તથા અંબિકા સ્વરૂપ માનીને પગે પડવા લાગ્યા અને અતિશય આનંદ ઓત્સવ કરવા લાગ્યાં. વૈશાખ સુદ ૧ ની મધ્ય રાત્રીએ બાર વાગ્યા પછી ભગવાને

યાદવો સહિત આવી મુકામ કર્યો, અને પ્રાતઃકાળમાં તરતજ વરઘોડાની સર્વ તૈયારીઓ થવા લાગી. રાજા રાણીઓ વીગેરે તથા પુરજનો પોતપોતાની અટારીઓ ઉપર ચડીને શ્રી કૃષ્ણ ભગવાનનો વરઘોડો જોવા માટે બેઠા અને ગરીબોતો વરઘોડો જોવા સારૂ પોતપોતાના છાપરે ચડીને ઉભા રહ્યા. સૂર્યભગવાનનો ઉદય થતાંની સાથે વરઘોડો ચડયો અને સર્વ સૈન્ય રંગ બેરંગી સુંદર પોશાકો પેહેરી વાજીત્ર સાથે આગળ નિશાન ડંકા સહિત ચાલવા લાગ્યું. સર્વ સૈન્યની પાછળ સોળસોળ પટરાણીઓના રથ ઘુઘરમાળ સાથે અવાજ કરતાં ચાલવા લાગ્યા અને સૌથી પાછળ શ્રીકૃષ્ણ પરમાત્મા શ્વેત કરણનામના ઇંદ્રના અશ્વઉપર બેસિ આનંદથી પધાર્યા. મધ્યાન્હ થયા એટલે વરઘોડો પુરોહિતજીને ઘેર ઉતર્યો અને કૃષ્ણ બલભદ્ર, નારદ ઇત્યાદિ પુરૂષ વર્ગને તથા લક્ષ્મી, સત્યભામા, રૂકમણિ, રાધીકા, ઇત્યાદિ પટરાણીઓનું પ્રિતિ પુર્વક પુજન કરી સંપુર્ણ સન્માન પૂર્વક જાની વાસો આપ્યો. ખાવાપિવામાં પકવાન ઇત્યાદ્દિના થાળો મોકલ્યા અને સર્વેની પ્રેમ પુર્વકે સરભરા કરી. એટલામાં ગોરજ મહુરતનો વખત થયો અને ભગવાન લગ્નમંડપમાં આવી પરણુવા સારૂ સુવર્ણના બાજઠ ઉપર પધાર્યા. કન્યા પધરાવવાનો સમય થતાં ગોર કર્માબાઇને બોલાવા ગયો. પણ કર્માબાઇ બોલેશાનાં કારણ કે તેમની પ્રતિજ્ઞા મુજબ શ્રીભગવાન આવી હાથ ઝાલી સમાધીમાંથી ઉત્થાન કરે તો જાગ્રત થવું આ પ્રમાણે તેમનુ અડગ વૃત હતું જેથીતે જાગ્રત થયાં નહીં એટલે ગોરે પાછા આવી તેણીના પિતાને ન કહ્યું કે બ્હેન કર્માબાઇ તો જાગતાં જ નથી. અને હસ્ત મેળાગનો સમય જાય છે. કહો તેમ કરીયે, શ્રીકૃષ્ણ પરમાત્મા પણ આ સાંભળતા હતા. ગોરનું બોલવું સાંભળી કર્માબાઇના પિતા બોલ્યા, કહો ત્યારે ગોર મહરાજ કર્મા જાગતાંજ નથી તો આપણે શું કરીએ. એ જાણે ને શ્રીહરિ જાણે. તેમને જે રીતે કરવું હોય તેમ કરે. કૃષ્ણ પરમાત્મા આ વાકયો સાંભળતાંજ એકદમ બાજઠ ઉપર બેઠા

હતા ત્યાંથી ઉઠી કર્માબાઇ પાસે આવી કહેવા લાગ્યા કે ' હે સતિ હવે જાગ્રત થાઓ અને મન વાંચ્છિત ફલને પ્રાપ્ત થાઓ? તમારૂં વૃત પુર્ણ થયું છે. તમારા ઉગ્ર તપથી અને વિશુધ પ્રેમથી તમારી પ્રતિજ્ઞા પરિપુર્ણ કરવા તમારી સમક્ષ જુઓ હું આવી ઉભેછું'. આવા શ્રીમદ્ વિશ્નુ ભગવાનનાં શબ્દો એક પગે શ્રી હરિની સમાધિમાં તદરૂપ બનેલી સતિ કર્માબાઇના કાને પડતાંજ એકદમ જાગ્રત થઈ પ્રભુને પુર્ણ નિહાળી એકદમ સપ્રેમ સાષ્ટાંગ કર્યા અને ગદગદ કંઠે હાથજોડી કહેવા લાગ્યાં ' હે હરિ હજી મારી પ્રતિજ્ઞામાં કાંઇ અવશેષ બાકી રહ્યું છે મારો હાથ ઝાલી આપ મને લેઇ જાઓ તોજ આ સ્થળેથી ' મારે ખસવું એવું મારૂ અડગ વૃત્ત છે. માટે આપે જ્યાં સુધી તેમ નથી કર્યું ત્યાં સુધી હું એક ડગલું પણ અહીંથી ભરીશ નહીં'. ' આવાં કર્માબાઇના વચન સાંભળી ભગવાને તેમનો જમણો હાથ ઝાલી કહ્યું કે ' સતિ ચાલો. હાથ ઝાલતાંની સાથે કર્માબાઇ ચાલ્યા અને ભગવાનને દોરી તેમને લગ્ન મંડપમાં લાવી પોતાની જોડે બાજઠ ઉપર બેસાડયાં એટલે હસ્તમેળાપનો સમય થએલો હોવાથી તરતજ ગોરે સમે વરવ સાવધાન ઇત્યાદિના હર્ષ નાદની સાથે વર કન્યાનો હસ્ત મેળાપ કરાવી દીધો. લગ્ન ક્રિયા સંપુર્ણ થતાં કર્માબાઇ પિતાને પગે લાગી શ્રી કૃષ્ણ પરમાત્મા સાથે સિધાવ્યાં અને પિતાએ પોતાનું વ્રત સંપુર્ણ રીતે ફલિભુત થવાથી પોતાની પુત્રિ કર્માબાઇ સતિ શક્તિ રૂપ છે એવી ખાત્રી કરી પુત્રિને સાસરવાસો આપી સપ્રેમ વિદાય કરી. ઉપડતાંની આગમચ નારદ અને બલભદ્રજીએ આવી કર્માબાઈના પિતાને તમામ કૃષ્ણ સૈન્યને તથા છપનકોટિ યાદવોને એક જમણવાર આપવાનું ઠરાવ્યું. પણ કર્માબાઇના પિતાએ વિચાર કર્યો કે આટલા બધા અસંખ્ય સૈન્યનું પુરૂં દશ રાજ્યના ખજાના એકઠા કરી ખરચવામાં આવે તોપણ ન થાય તે મારા એકલાથી શી રીતે થઇ શકવાનું હતું માટે એ ઉપાય પુત્રિ બતાવે. માટે કર્માબાઈને પુછી તે કહે તે પ્રમાણે

કરીએ, એવો નિશ્ચય કરી કર્માબાઇના પિતા કર્માપાસે આવી કહેવા લાગ્યાકે ' દિકરી તારા સાસરીયાનેઅને આ સર્વ યાદવોને આપણે એક છેલ્લી વખતે જમણવાર આપવાનું મેં નારદ અને બલભદ્રજીને મોઢે કબુલ કર્યું છે અને આ તારા ગરીબ પિતાનું ગજું તો શ્રી હરિ અને તારાથી અજાણ્યું નથી માટે એનો કોઇ ઉપાય તને સુઝતો હોય તો બતાવ નહિંતો મારે તો આપધાત કર્યા સિવાય છુટકો નથી; કર્માબાઇએ આ સાંભળી શાંતિથી વિચાર કરી જવાબ આપ્યો કે હે પિતાજી શ્રી હરિ આપણું ગજું જાણે છે તો પછી નિડર રહો. આપણા ગજા પ્રમાણે આપણે ખીચડો રાંધી સર્વને જમાડો એટલે પ્રભુ પકવાન તુલ્ય તેને સપ્રેમ ગ્રહણ કરશે. અને આપણે સંપત પ્રમાણે જમાડીશું વિશ્વંભર વિશ્નુ સર્વનુ પુરૂં કરશે. કર્માબાઈના આવાં વચનો સાંભળી ઠીક રસ્તો સુઝાડયાથી પિતા હર્ષભેર ઘરમાંથી જેટલું અનાજ મળી આવ્યું તેટલું સર્વ મિશ્રિત કરી ખીચડો રાંધ્યો અને શ્રી કૃષ્ણ પરમાત્માને તેમના સર્વ સૈન્ય અને યાદવો સહીત જમવા નોતર્યા. પ્રભુતો પ્રથમથી ચેતી ગયા હતા પણ નારદ અને બલભદ્રજીને આ વાતની ખબર નહી હોવાથી પકવાનના જમણની આશામાં હતા તેથીતે મની મશકરી ભગવાન કરતા હતા. સમય થયો એટલે પુરોહીતને ત્યાં સર્વ કોઇ જમવા હાજર થયું અને પંગતો પડી. કર્માબાઈએ એક થાળમાં ખીચડો કાઢી તેમાં ઘી સંપત મુજબ નાંખી પ્રભુને આરોગાવા પ્રભુ પાસે આવ્યાં. શ્રી કૃષ્ણ પરમાત્માએ તરતજ પ્રેમથી કર્માબાઇનો ખીચડો આરોગી લીધો અને એવી કોઈ અજાયબ પોતાની માયા સર્વમાં ફેલાવી દીધી કે દરેક જણ અકેક કોળીઓ ખીચડાનો ખાતાંની સાથે તૃપ્ત થઈ ગયું અને એક બીજા સામું જોવા લાગ્યું કે કર્માબાઇના ખીચડામાં જરૂર કંઇ ચમત્કાર છે. સર્વ કોઈ નાખવાથી છાંડીને ઉઠી ગયું અને જરૂર કંઇ ભગવાને કરામત કરી એમ સમજી સૌ કામે કર્મા-બાઇને પગે પડયા. એ ઉપરથી કર્માબાઇનો ખીચડાએ કહેવત

જગ પ્રસિદ્ધ છે. પશ્ચાત શ્રી હરિ કર્માબાઇને લેઇ વિદાય થઈ ગયા અને કર્માબાઇના અને તેના પિતાના મનોરથો પરિપુર્ણ થયા. આ પ્રમાણે હે બેટા પ્રહર્ષ, પ્રેમલક્ષણાભકિતની અવધિ એ પરાભકિત પ્રાપ્ત થાય છે અને પરાની અવધિએ સાક્ષાત પરમાત્મા તે પ્રાણીને પ્રત્યક્ષ થાય છે. પ્રેમલક્ષણાનું સ્વરૂપ હવે તને યથાર્થ રીતે સમજાયું હશે. આ સર્વ દુઃખની નિવૃત્તિ અર્થે એક ભક્તિના પ્રકારરૂપ ઉપાયને અતિ ટુંકામાં તને કહી સંભળાવ્યો. હવે વિચારપ્રધાન માર્ગમાં કેટલીક બાબત જરૂરની છે તે તને આવતી કાલથી સંપુર્ણ વિસ્તાર પૂર્વક કહેવામાં આવશે માટે તે તરફ પ્રેમપૂર્વક લક્ષ આપી પશ્ચાત તારા પ્રાપ્તકર્મમાં પ્રવૃત થજે ? ” આટલું કહી મુનિ વર્ચસ્તમા પોતાના નિદ્રાને માટે રચીત આસન ઉપર જઇ બેઠા અને પ્રહર્ષસહ સર્વ વિદ્યાર્થી વર્ગ પણ સાષ્ટાંગ કરી વીસર્જન થયો.

प्रकरण ११ मुं.

उपादाता यावन् भवति गुणानां गुणवताम्
असत् कल्पास्तावत्त्रिभुवन महार्घा अपिगुणाः
अपि प्राग्दैत्यारेर्ह्रदय वसतेः कौस्तुभमणिः
स किं नासीदब्धौ श्रुतिरपि न यस्य कचिदभूत्

ગુણવાન માણસોના ગુણોને ગ્રહણ કરનાર જ્યાંસુધી ન હોય ત્યાં સુધી ત્રિભુવનમાં મોટા અમુલ્ય ગુણો પણ તે કઈજ કામના નથી અર્થાત તે ગુણની કશીજ કીમત નથી. કૌસ્તુભમણિ શ્રમદ્ વિશ્નુ ભગવાનના રહૃદયમાં આવ્યો તે પુર્વ શું સમુદ્રમાં ન હતો? હતોજ પણ તેની સમુદ્રમાં કશીજ કીમત ન હતી; અરે કીમ્મત તો શું બલ્કે તેનું નામ પણ દુનિયામાં પ્રકટ થયુ ન હતું. પણ જ્યારે તેને ધારણ કરનાર સાક્ષાત્ શ્રીવિશ્નુ ભગવાન મળ્યા ત્યારે કૌસ્તુભમણિની ઓળખ પડી, માટે ગુણના ગ્રાહક સિવાય ગુણોનું યત્કિંચિત પણ મૂલ્ય થતું નથી.

—તરંગ ૧ લો—

—સર્વત્ર ચિતિશક્તિનીજ ચમત્કૃતિનો ગુણ છે.—

બીજે દીવસે સમય થતાં મુનિ પોતાના કથા કહેવાના આસને બીરાજ્યા એટલે પ્રહર્ષે સર્વ શિષ્યવર્ગ સહીત સાષ્ટાંગ કર્યા. પશ્ચાત મુનિ પ્રહર્ષને સંબોધીને નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

મુનિ વર્ચસ્તમા કહે છે “ હે પ્રહર્ષ, કોઈ દીવસ અવિચારી ગમે તેવું સાહસ કરે છે છતાં તેને લાભ કદી થતો નથી પણ ઉલટું તે સાહસ હાની ઉત્પન્ન કરે છે; વિચારવાન સ્રી પુરૂષોજ પ્રત્યેક પોતાના સાહસિક વિચારોમાં વિજય પ્રાપ્ત કરે છે પણ અવિચારી સ્રી પુરૂષો તો તેથી ગેરલાભનેજ મેળવે છે તે તું નિશ્ચે કરીને જાણ ? હે તાત્, એ બાબત હું તને એક રસિક દૃષ્ટાંત આપું તે પ્રસન્નતાપૂર્વક શ્રવણ કર. ?

હે પ્રહર્ષ, જ્યારે પાંડવકૌરવ વચ્ચેનું કુરૂક્ષેત્રનું યુદ્ધ સમાપ્ત થયું, કૌરવોનો નાશ થયો, તથા ધર્મરાજા રાજસુયજ્ઞ કરી ગાદીએ બેઠા અને શાંતિપૂર્વક રાજ કરવા લાગ્યા; એમ કરતાં કરતાં આશરે વીશેક વર્ષ વિત્યાં તેવામાં એક દીવસે શ્રીકૃષ્ણ પરમાત્માએ વિચાર કર્યો કે " પાંડુકુમાર ભીમની અવિચારીપણાની અને સાહસિકપણાની કુટેવ હવે તે વૃદ્ધ થયો એટલે ગઇ હશે. પણ એકવાર તેની ખાત્રી કરી જોવી પછી તે બાબત અભિપ્રાય બાંધવો. આવો શ્રીકૃષ્ણ પરમાત્મા પોતાના મન સાથે નિશ્ચય કરી ધર્મરાજા પાસે હસ્તિનાપુર આવ્યા. પાંડવોએ શ્રીમદ્ ભગવાનને જોયા કે તેઓ પાંચે તેમને સાષ્ટાંગ કરી ભેટી પડયા, અને અત્યંત સન્માનપૂર્વક ધમરાજા તેમને પોતાને અવાસે લઇ ગયા; શ્રીકૃષ્ણ પરમાત્માનો એવો દૃઢ સંકલ્પ હતો, કે પોતાની [1]બ્હેન દ્રૌપદી તેના વારા મુજબ પાંચે પાંડવોમાંથી જેને મેહેલે હોય તેને ઘેર ઉતરવું; આ વખતે દ્રૌપદિ ધર્મરાજાને મેહેલે હતી, જેથી શ્રીકૃષ્ણ ધર્મને મેહેલે ગયા. ધર્મરાજા તો તેમની અનન્ય સેવા કરે છે અને આનંદ કરે છે. તેમજ પાંચે ભાઇઓ શ્રીકૃષ્ણ પરમાત્માના સંનિધપણાથી મનમાં અત્યંત ખુશી અને ઉમંગ ભેર કાલ વ્યતિત કરે છે; એમ કરતાં કરતાં એક માસ થયો અનેસતિ દ્રૌપદિના વારાને ભીમને મેહેલે જવાના માત્ર બેજ દીવસ બાકી રહ્યા એટલે શ્રીકૃષ્ણ પરમાત્મા પાછા વિચાર કરવા લાગ્યા કે " હવે ભીમની કુટેવોની ખાતરી કરૂં અને કંઇક અંશે હજી તે કુટેવો તેનામાં રહી હોય તો તે પણ સુધારૂં; એ પાંચે મારા પાંડવો છે અને મારે આધારેજ તેઓ પોતાનું જીવન વહન કરે છે; તેથી તે મારા પરમપ્રિય પાંડુપૂત્રોને સર્વ ગુણ સંપન્ન બનાવી પોતાના જીવનને કૃતકૃત્ય કરવા શામાટે હું સામર્થ્યવાન ન કરૂં. માટે લાવો આજે રાત્રે તેને બોલાવી

૧ શ્રીકૃષ્ણ પરમાત્માની, દ્રૌપદી કંઇ સગી બેહેન નોહોતી પણ શ્રીકૃષ્ણની આંગળી વઢાએલી ને તે વખતે સતિએ પોતાનું ચીર ફાડી બાંધેલું જેથી તેવખતથી તેને બેહેન માનેલી માટે બ્હેન દ્રૌપદિ એમ લખવામાં આવ્યું છે.

એકાદ ચમત્કૃતિ દેખાડું પછી જોઉં તે કંઈ અવિચારી પગલું ભરે છે વા કંઇ સાહસ કરે છે.” આવી પ્રકારનો કૃષ્ણ પરમાત્મા નિશ્ચય કરી જ્યાં ધર્મરાજા જોડે રાજકાજની વાતચિત કરે છે તેટલામાં ભીમ આવ્યો, અને ભગવાનના ચરણકમલમાં સાષ્ટાંગ કરી પશ્ચાત તેમની પાસે બેઠો. શ્રીકૃષ્ણ પરમાત્મા અનેક નવા જુની તેને પુછવા લાગ્યા અને પછી ધીરે રહી તેમણે તેને કહ્યું “ભીમસેન, આજે આપણે બધા ભેગા રાત્રે વાળુ કરીશું માટે તમે આજે અત્રેજ જમજો ? ભીમે કહ્યું. “ભગવન્ જેવી ઇચ્છા.” એમ કરતાં કરતાં રાત્રિ પડી અને કૃષ્ણ ભગવાન પાંચે પાંડવોને લેઇ જમવા બેઠા. જમી રહ્યા પછી ભીમે કહ્યું “મહારાજ, જમવાનું આપના ભેગું રાખ્યું તો સુવાનું પણ હું તો આપની જોડેજ આજે તો રાખીશ. કારણ કે આપે એટલું બધું અત્યારે મને ખવડાવ્યું છે કે મારા મહેલ સુધી પણ મારી ચાલીને જવાની ઇચ્છા નથી. માટે હું તો આજની રાત્રિ અત્રે આપની સાથે જ પડી રહીશ. પછી કાલથી તો સતિ મારે મેહેલે આવશે એટલે આપ પણ પધારશો અને આ દાસને આપના સંનિધપણાનો અને આપશ્રીની સેવાનો અનન્ય લાભ મળશે.” શ્રીકૃષ્ણ પરમાત્માએ આ પ્રકારના ભીમના બોલવાને અનુમોદન આપ્યું અને તેની પથારી પોતાની જોડે કરાવી. સમય થયો અને કૃષ્ણ ભીમ વીગેરે સૌ ઉઠયા એટલે ધર્મરાજા પોતાના શયનગૃહમાં ગયા, અને સતિ પણ નિદ્રાવશ થવા અર્થે ગઈ. સતિ હમેશાં, વારો જાણે કાલ બદલવાનો હોય તો આગલી રાત્રિએ એક યજ્ઞનારાયણનો કુંડ કરી, તેમાં અગ્નિ પ્રકટાવી પશ્ચાત તેમાં સ્નાન કરી શુદ્ધ થઇ, પલંગની નીચે વ્યાઘ્રાંબર બિછાવી તે ઉપર સુઈ જતી. શુદ્ધ થયા પછી કોઇ ઠેકાણે તે અડતી ન હતી. આ પ્રમાણે તેનો વારો ભીમને મેહેલે બીજે દીવસે હોવાથી, આ આગલી રાત્રિએ તેણે યજ્ઞનારાયણના અગ્નિમાં સ્નાન કરી, પેલા વ્યાઘ્રાંબર ઉપર શયન કરી નિદ્રા લીધી. જ્યાં સતિ દ્રૌપદિ ઉંઘી ગઇ એટલે ધર્મરાજા મધ્યરાત્રિએ

જાગ્યા અને તેને સુતેલી ભરનિદ્રામાં જોઈ પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યા. હે પ્રહર્ષ ધર્મરાજા મનમાં વિચાર કરે છે કે " ઓહો ! ચિતિશક્તિ એજ પરમાત્માની ચમત્કૃતિ છે. આ સતિ ચિતિશક્તિ સ્વરૂપ છે, અને તેથી કરીને યજ્ઞ નારાયણના અગ્નિમાં સ્નાન કરી શુદ્ધ થઇ પાછી પોતાના સ્વસ્વરૂપમય બની રહે છે. આહા ! અત્યારે તે જાણે સાક્ષાત્ મહામાયા હોય તેવી લાગે છે. જાણે આખા વિશ્વની ઉત્પતિ, સ્થિતિ અને લયના હેતુરૂપ શુદ્ધ સત્વા આદ્યશક્તિ સમાન આખા જગતને ધારણ કરી પોતાની હથેળીમાં નચાવતી હોય તેવી મહાન ઉગ્ર અને પ્રચંડ શક્તિજેવું તેના મુખપર બ્રહ્મતેજ ઝળકે છે. વાહ પ્રભુ જો આ તેના પ્રત્યક્ષ ચિતિશક્તિના સ્વરૂપની કંઇક સેવા થાય તો તેથી અત્યંત શુભ ફલ પ્રાપ્ત થાય એમાં શંશય નથી. જેથી લાવ તે ભરનિદ્રામાં છે તો હું બે ઘડી તે ન જાણે તેમ તેના ચર્ણ દાબી તેની પ્રેમપૂર્વક સેવા કરૂં. " આવો વિચાર કરી ધર્મરાજા તેણીના પગ તળાંસવા બેઠા. અહીંયા ભીમને શ્રીકૃષ્ન બન્ને ઓરડામાં જોડે જોડે સુતા છે. હમેશાં ભીમને એવો નિશ્ચય હતો કે પોતાના શ્રીકૃષ્નની એક મુદ્રિકામાં છબી રાખેલી જેના દર્શન કરીને પશ્ચાત સુઇ જવું. આજે ભીમ તે વિંટી ધર્મરાજાના શયનગ્રહમાં દ્રૌપદીના દર્શન અર્થે ગએલો ત્યાં પોતે કાઢીને રમતો હશે તે ભુલીને આવ્યો હતો, જેથી તેને હાથે વીંટી ન હતી. જ્યાં તેને ઉંઘ આવવાનો સમય થયો એટલે શ્રીકૃષ્ણ પરમાત્મા જો કે સંનિધ હતા છતાં પેલી વિંટીનું તેને સ્મરણ થયું અને તેથી આંગળીએ માલમ નહીં પડવાથી તે વીંટી શોધવા લાગ્યો. શ્રીકૃષ્ણ પરમાત્માએ તેને ખાંખા ખોળા કરતો જોઇ પુછ્યું " ભાઇ ભીમસેન શું ખોળો છો " ભીમે કહ્યું " ભગવન્ મારી આંગળીની મુદ્રીકા ખોવાઇ ગઇ છે તે શોધું છું " શ્રી કૃષ્ણ કહેવા લાગ્યા " ભાઇ તમે તે તમારી મુદ્રિકા કયાં મુકી હતી તે યાદ છે. " ભીમે કહ્યું " હા મહારાજ મને યાદ છે કે હું ધર્મશયનભૂવનમાં સતિને મળવા

ગયો ત્યારે હાથેથી કાઢીને તેને ઉછાળી રમ્યાં કરતો હતો. પણ પછીથી તેને પ્હેરીને હું અહીં લાવ્યો કે નહિં તે મને યાદ નથી.” આ સાંભળી કૃષ્ણે વિચાર્યું “ અત્યારે ભીમ ધર્મશયન-ગૃહમાં જશે ને: ધર્મને સતિના પગ દાબતાં જોશે તો ઠીક તાલ આવશે અને તેથી તેના અવિચારીપણાની પરિક્ષા થશે; એ સતિ દ્રૌપદિ તે ચિતિસ્વરૂપ પરમાત્માની ચમત્કૃતિ શક્તિ છે, તેની પણ તેને ખાત્રી થશે, માટે લાવ તે વીંટી શોધવાને નિમિત્તે તેને ધર્મશયનગૃહમાં મોકલી સઘળો તાલ જમાવું. એવો વિચાર કરી શ્રીકૃષ્ણ પરમાત્માએ ભીમસેનને કહ્યું “ ત્યારે તમે જાઓ અને સતિના શયનગૃહમાં જઇ તે તમારી મુદ્રિકાની ખોળ કરો ? કારણકે તમને તે વગર નિદ્રા આવશે નહિં.” આ વચન સાંભળી ભીમસેન તો ધર્મરાજા જ્યાં સતિ દ્રૌપદિની પગચંપી કરી રહ્યા છે તે શયનગૃહના ઓરડામાં આવ્યો. આવી જુએ છે તો સતિના પગ ધર્મરાજા ધીરે ધીરે દાબ્યા કરે છે અને સતિ નિરામય અને સ્વસ્થ થઇ ઊંઘે છે. આ જોઈ ભીમતો એકદમ ધર્મરાજા ઉપર ગુસ્સે થઈ ગયો અને વીંટી, વીંટીને ઠેકાણે રહી ને તેમને ક્રોધથી કહેવા લાગ્યો “ હે મોટાભાઇ, મારે કહેવું તો ન જોઇએ છતાં મારાથી સહન નથી થઈ શકતું જેથી કહું છું કે છેકજ આ પ્રમાણે સ્રીવશ બની જઇ તેની પગચંપી કરવી એના કરતાં આ જગતમાં બીજી કોઇ કનિષ્ટ વસ્તુ નથી. હે વડીલભ્રાતા, એવું તે વળી આ સ્રિમાં તમે શું જુઓ છો કે આમ તેના પગ દાબો છો અને આટલી બધી શુશ્રુતા કરો છો. હે ભાઈ એ સ્રી જાત તે શું આપણને સ્વર્ગે લઇ જનારી હતી કે છેકજ આટલે દરજ્જે તેની ગુલામગીરી કરવી પડે ? નહિં નહિં આતો આપણા ક્ષત્રિત્વને કલંક લગાડનાર કેવલ આપ અવિ-હિત અને નિષેધ કર્મ કરો :છો એમ મારે શરમ તજી સ્પષ્ટ પણે આપને જણાવવું જોઇયે. વળી આ સ્રિ પણ કેટલી નિષ્ઠુર છે કે પતિપાસે પગ ચંપાવે છે. અરે વળી કેવી અધમમાં

અધમ નિચ છે કે, પતિની સેવા પોતે કરવાને બદલે પતિ પાસે સેવા કરાવે છે. ખરેખર મને અત્યારે તેનાપર એવો ક્રોધ ચડયો છે કે જો કદાચ આપ આજ્ઞા આપો તો આ ક્ષણેજ તેને મારી ગદાથી છુંદી નાંખી યમદ્વાર પોહોચાડી દઉં. હે વડીલ બંધુ, આવી અધમ અને પાતકી સ્રીઓ પરણવા કરતાં કુવારી જીંદગી ગાળવી સારી, પણ છેક આવી રીતે બાયડીની ગુલામગિરી કરવી પડે તે તો મરણ કરતાં પણ ભુંડી દશા સમજવી. વળી સદગુરૂ અને સત્શાસ્રોએ કહ્યું છે કે **द्वारं किमेकं नर्कस्यनारि** । આ સંસારમાં પ્રાણીને નર્કનું દ્વાર માત્ર એક નારી છે તો એવી આ નર્કના દ્વાર સમાન અધમ નીચ સ્રીજાતી તેની આટલી બધી સેવા અને ગુલામગિરી તે પોતાના સત્કર્મનો નાશ કરવારૂપ નિંદ્ય અને દુષ્ટ કર્મ નહિં તો બીજું શું કહેવાય ?" આ સાંભળી ધર્મરાજા કહેવા લાગ્યા. " હે ભાઇ આ સતિ તો જો કે શક્તિરૂપ અને પરમાત્માની વિભુતિરૂપ આપણને પ્રાપ્ત થઇ છે એટલે સેવ્ય છે છતાં પણ જો કોઇ સાધારણ સ્રી હોય અને સતિ હોય તોપણ તેને શક્તિસમાન સમજી તેમાં પૂજ્યબુદ્ધિ રાખવી. સ્રી એ નર્કની ખાણ છે એમ ઘણા જનો કહે છે, પણ તે કુલટા સ્રી હોય તો તેની ગણના એવી થાય છે, પણ સતિ સ્રીઓને તો સત્શાસ્ર અને સત્પુરૂષોએ રત્નની ખાણ ગણેલી છે કારણ કે તેમાંથીજ રામકૃશ્નાદિ ઇશ્વરના અવતારો પેદા થયા છે કે જેણે આ સંસારનો ઉદ્ધાર કર્યો છે, માટે તારો ક્રોધ વૃથા છે. જો કદી મારી આ વાત તારા માનવામાં ન આવતી હોય તો શ્રીકૃશ્ન પરમાત્માને પુછી તારા મનનું સમાધાન કર ?" આટલું સાંભળતાં ભીમસેનની દૃષ્ટિ તેની મુદ્રિકા ત્યાં વચમાં પડેલી હતી તેનાપર પડી, જેથી તેણે તે ઉઠાવી લીધી અને આંગળીએ પ્હેરી પછી શ્રીકૃષ્ણ પરમાત્માની અને પોતાની શૈયા બિછાવી હતી ત્યાં આવ્યો. આવીને જુએ છે તો શ્રીકૃષ્ણ પરમાત્મા ભર ઉંઘમાં હતા જેથી તેમને જાગ્રત નહિં કરતાં, પોતાની વાતનો શ્રીકૃષ્ણ પર-

આત્મા પાસેથી ખુલાસો ન મળે ત્યાં સુધી તેને ઉંઘ આવે તેવો સંભવ ન હતો, જેથી આમતેમ પાસાં ફેરવી ફેરવીને તેણે રાત્રિ વ્યતિત કરી. પ્રાતઃકાળ થયું એટલે શૌચ સ્નાનાદિકથી પરવારી શ્રીકૃષ્ણ પરમાત્માને કહેવા લાગ્યો "હે પરમાત્મન્ ધર્મરાજા દ્રૌપદિની પગચંપી કરે છે અને તે સ્ત્રીને એક આદ્યશક્તિ સમાન પોતાની ઈષ્ટદેવિ જાણે માની તેમની શુશ્રુતા કરતા હોય તેવી રીતે અવિહિત કર્મનું આચરણ કરે છે તો તે શું તેઓ દોષ કરતા નથી?" આ પ્રકારના ભીમના વચન શ્રવણ કરી ભગવાન કહેવા લાગ્યા "હે પાંડુકુમાર ભીમસેન, ધર્મરાજા કોઈ પણ અવિહિત કર્મ કરેજ નહિં એવો મને સંપુર્ણ વિશ્વાસ છે અને જે કંઈ કરતા હશે તે તને જોકે નિષેધ કર્મ લાગતું હશે પણ તે યોગ્યજ હશે એમ મારી પાકી ખાત્રી છે. તેમ છતાં પણ હું વધારે ખાત્રીબંધ તપાસ કરી પશ્ચાત તારા મનનું સમાધાન કરીશ. બાકી જો સતિદ્રૌપદિને તું સાધારણ આ લોકની બીજી સ્ત્રીઓ જેવી સમજતો હોય તો એ તારી મોટી ભુલ છે તે સાક્ષાત્ ચિત્તિસ્વરૂપ પરમાત્માની એક ચમત્કારિક પ્રચંડ શક્તિ છે, કે જેની હથેલીમાં હું તું અને આ અનેક બ્રહ્માંડો નાચી રહ્યાં છીએ. તે ચિતિશક્તિની સત્તાથીજ હું તું અને સમગ્ર જગતના પ્રાણી પદાર્થો, પોત પોતાના પ્રાપ્ત વ્યહવાર અને પરમાર્થ ઉભયને સિદ્ધ કરી પરિણામે પરમપદે સ્થિતિ કરવા સમર્થ થાય છે. તે ચિતિશક્તિને હું તું અને આખું જગત વશ વર્તે છે એ નિઃસંશય જાણ" આવાં ભગવાનનાં વચન શ્રવણ કરી ભીમસેન તો આસોજ બની ગયો અને કહેવા લાગ્યો કે "ભગવાન આપ આ શું કહો છો. શું આ સતિ તે મહામાયા છે શું હું તમે અને આ સર્વ જગત તેને વશ છીએ? શું આ સહુ દેવી દેવતા બ્રહ્મા વિશ્નુ અને રૂદ્ર કરતા પણ તે મોટી છે? ના ના મહારાજ એમ તે હોય, એતો આપ નાહક મારી મશકરી કરોછો; અને ધર્મરાજાને અને મને બનાવો છો. એ તે કંઇ માનવામાં આવે કે આ સતિ મહામાયા શક્તિસ્વરૂપ છે, અને

તેથી કરી સર્વથી મોટી છે; કદી નહીં." આ સાંભળી શ્રીકૃષ્ણ પરમાત્મા કહેવા લાગ્યા "એમ ત્યારે ભીમસેન મારી વાતની ખાતરી કરવી હોય તો કાલે નવરાત્રિની રાત્રિ છે માટે મારી જોડે મધ્ય રાત્રિએ ગંગાએ આવજો." ભીમસેને કહ્યું "બહુ સારૂ મહારાજ ગંગાએ તો શું પણ આપ કહેશો ત્યાં આવીશ પણ મને આ વાતનો ખુલાસો તો કરી આપવો પડશે; તે વિના મારા મનનું સમાધાન થવાનું નથી." ભગવાન બોલ્યા, "બહુ સારૂ ત્યારે કાલે તને એ વાતનું સમાધાન કરી ખાત્રી કરી બતાવીશ. પછી ધર્મ રાજાનું કહેવું સત્ય માની તું તારી પોતાની ભૂલ કબુલ કરી તેને સુધારવા યત્ન કરજે?" આટલું કહી શ્રીકૃષ્ણ પરમાત્મા સ્નાન સંયમાદિ ક્રીયામાં પ્રવૃત થયા, અને ભીમસેન પોતાના હમેશના રાજકાજમાં પડયો. એમ કરતાં કરતાં રાત્રિ પડી. સતિ દ્રૌપદિ પણ આજથી ભીમસેનને મેહેલેજ આવી હતી. આજે નવરાત્રિનો પ્રથમ દીવસ હોવાથી નિત્યનિયમ પ્રમાણે ગંગાની સામે પાર વિશ્વકર્મા એક ભવ્ય મંડપ રચી તેમાં બ્રહ્મા વિશ્નુ રૂદ્ર, ચંદ્ર, સૂર્ય ઈત્યાદિ તમામ દેવો આવી આ મહા માયા શક્તિનું સવિધિ પ્રેમથી પૂજન કરતા; પણ તે બધું કાર્ય મધ્ય રાત્રિથી માંડીને રાતના ત્રણ વાગ્યાની અંદર વિશ્વ જાગે તે પેહેલાં સમેટી લેવામાં આવતું હતું. આ વાતની માત્ર શ્રીકૃષ્ણ પરમાત્મા સર્વજ્ઞ હોવાથી તેમને ખબર હતી બાકી પાંડવો પૈકીમાંથી અગર તો અન્ય કોઇપણ દુનિયામાં જાણતું ન હતું. જ્યાં મધ્યરાત્રિ થઇ એટલે ભીમસેન તૈયાર થઇ ભગવાન પાસ આવ્યો અને કહેવા લાગ્યો "પધારો મહારાજ મધ્ય રાત્રિનો સમય થયો છે." ભગવાને કહ્યું "ચાલો હું તારી કયારનો રાહ જોતો હતો. પણ આ વાતની સતિને તો ખબર નથી ને?" ભીમસેન બોલ્યો "ના મહારાજ સતિ તો ઉંઘી ગયા પછી હું ગુપચુપ શયનગૃહમાંથી નીકળી ચાલ્યો આવ્યો છું, અને શયનગૃહનું દ્વાર પણ બરાબર મેં બંધ કર્યું છે. વળી

તે ઉપરાંત તે દ્વારને તાળું વાસી કુંચી પણ જોડેજ લેતો આ-વ્યો છું. એટલે હવે કશો ભય નથી.” આ સાંભળી ભગવાને કહ્યું “ઠીક ત્યારે હવે ચાલ આપણે આપણું કાર્ય કરીએ” એમ કરી શ્રીકૃષ્ણ પરમાત્મા ભીમસેનને લેઇ ગંગાએ આવ્યા. આ વખતે રાત્રીના બાર ઉપર બરાબર એકનો શુમાર થવા આવ્યો હતો. જ્યાં ગંગાએ તે બન્ને જણા આવ્યા એટલે નદીની સામે પાર એક ભવ્ય વિશાળ મંડપ, તથા તેની અંદર તથા બહાર ચોતરફ દીવ્ય રોશની થએલી ભીમસેનના જોવામાં આવી જેથી વિસ્મય પામી ભગવાનને તે કહેવા લાગ્યો “હે ભગવન, આ નદીની સામે પાર પેલું સ્વર્ગભૂવન જેવું શું દેખાય છે અને વળી અસંખ્ય ચંદ્રસૂર્ય એકઠા કરવામાં આવે તોપણ આવી દીવ્ય રોશની કોઇથી થઇ ન શકે તેવી એ ભવ્ય રોશની કોણે કરી છે?” ભગવાન પ્રત્યુત્તરમાં કહેવા લાગ્યા “ભાઈ જરા ધીરો થા? આપણે ત્યાંજ જવાનું છે અને તેથી ત્યાં હમણાં પોહોચીશું એટલે તને સહુ બાતે ખબર પડશે.” આ સાંભળી ભીમસેન બોલ્યો, “પણ મહારાજ વચમાં આ નદી છે અને તેમાં અથાગ જળ છે. તેમજ અત્રે હોડી કે વહાણ કશું પણ સામીપાર જવાનું સાધન નથી તો ત્યાં આપણે શી રીતે જઇ શકીશું” ભગવાન કહેવા લાગ્યા “ભાઇ એ સતિના નામથીજ જઇ શકાશે બાકી બીજી રીતે જઇ શકાય તેમ નથી. માટે આ ગંગાજી સમક્ષ ઉભા રહી બે હાથ જોડી નમૃતાપૂર્વક એવી યાચના કર કે “જો સતિ દ્રૌપદિ મહામાયા શક્તિ સ્વરૂપ અને સર્વ જગતથી મોટી હોય તો હે ગંગામાતા અમને તે મંડપમાં જવાનો માર્ગ આપજો?” ભીમ તો આ ભગવાનના શબ્દો સાંભળી ચકિત થઇ ગયો અને ભગવાનને કહેવા લાગ્યો “શું ત્યારે મહારાજ હજી મંડપમાં તો ગયા નથી તે પહેલાં અહીંથીજ સતિની શુશ્રુતા કરતા કરતા જવાથી ત્યાં પોહોચી શકાશે, નહિં તો શું નહીં જવાય?” ભગવાને કહ્યું “હા અહીં-થીજ તે શક્તિનું સ્મરણ કરતા કરતા જવું પડશે, નહિં તો

અધવચ ડુબી જવાશે માટે મુખેથી જરા પણ તે સતિયોગ માયાનું સ્મરણ ચુકવું નહિં." ભીમે વિચાર કર્યો કે 'ભગવાન કદી ખોટું બોલે નહિં માટે બરાબર શ્રદ્ધાપૂર્વક ત્યાં પોહોચી ખાત્રી તો કરવી. બાકી ભગવાનશ્રીની ઉપરવટ થઇ તેમ કરવામાં સહજ પણ ખામી લાવું અને ડુબી મરૂં તો બકરૂં કાઢતાં ઉંટ પેઠા જેવું થાય. માટે ભગવાને કહ્યું તે મુજબજ કરૂં જોઇએ શું થાય છે.' એમ વિચાર કરી પેલી ગંગાજી સમીપ આવી બે હાથ જોડી ભીમસેન કહેવા લાગ્યો કે "હે ગંગામાતા જો સતિ દ્રૌપદિ મહામાયા શક્તિ સ્વરૂપ અને તેથી તે સર્વ જગતથી મોટી હોય તો તું તે મંડપમાં જવાનો મને તથા શ્રીકૃષ્ણ પરમાત્માને માર્ગ આપજે" આટલા શબ્દો કહેતાવેંત ગંગાજીએ માર્ગ આપ્યો, જે જોઇ આશ્ચર્યની સાથે ભીમસેનના હૃદયમાં સતિ વિશે ધીરે ધીરે ખાત્રી થવા લાગી. એમ કરતાં બન્ને સામેપાર આવેલા પેલા ભવ્ય મંડપમાં પેઠા એટલે ભગવાને કહ્યું "ભીમસેન લે હવે જોઈ તારા મનનું સમાધાન કર?" આ સાંભળી ભીમસેન તે મંડપમાં બેઠેલા સર્વ દેવી દેવતાઓને તથા તેમાં બેઠેલા પાંચ પાંડવોને અને સહુથી ઉંચા આસનપર બિરાજેલી મહામાયા શક્તિસ્વરૂપ સતિ દ્રૌપદિને જોવા લાગ્યો. તે જોઇને એકદમ વિસ્મય પામી ભગવાન પ્રત્યે કેહેવા લાગ્યો "હે ભગવન્, સતિને તો હું તાળામાં પુરીને આવ્યોછું અને અહીંયા તેને કયાંથી જોઉછું. વળી આ ધર્મરાજા, અર્જુન નિકુળ સહદેવ અને મારૂં પણ બીજું ત્યાં બેઠેલુ સ્વરૂપ દેખાય છે તે શું? ત્યારે હું કોણ અને અને આ બીજો ભીમસેન બેઠો છે તે વળી કોણ છે? હે પ્રભુ આહું શું જોઉ છું કંઇ મને સુઝ પડતી નથી. વળી સતિની બધા ઉભા રહી સ્તુતિ કરે છે અને શુભ આશીશ માગે છે. ખરેખર, પ્રભુ અત્યારે તો આ સતિનું સ્વરૂપ મહામાયા શક્તિ સમાન લાગે છે; ખરેખર સતિ તેજ તેજનો અંબાર છે. વળી તેના રત્નાભૂષણોની અને તેની મુખ મુદ્રાની શોભા એવી

છે, કે વિધિ હરિહર સુદ્ધાં પણ જે આ સહુ તેની સેવામાં ઉભા રહ્યા છે, તે સર્વ જાણે સૂર્ય આગળ દીવા સમાન ઝાંખા પડી ગયા હોય તેમ લાગે છે. ઓહો ભગવાન્, સતિના આ સચરાચર ચિતિસ્વરૂપની આજેજ મને ખબર પડી. ખરેખર વડીલબંધુ ધર્મરાજાએ એની સેવા કરવા રૂપ જે પગલું ભર્યું હતું, તે સર્વથા સત્ય અને સ્તુત્ય હતું એવી આજે મારી ખાત્રી થઇ છે. હું પણ જરૂર હવે આ ક્ષણથીજ તે ચિતિરૂપ ચમત્કારિક શક્તિ સતિ દ્રૌપદિની પ્રેમપૂર્વક સેવા કરીશ, અને શુભ ફલને પ્રાપ્ત કરીશ. ઓહો મહારાજ વિધિ અર્થાત બ્રહ્મા વિશ્નુ અને રૂદ્રાદિ સમસ્ત દેવો, તેમજ ચંદ્રસૂર્ય અને નવલક્ષ તારાગણો આમ ભેગા થઈ વિશુદ્ધ પ્રેમથી તેની સ્તુતિ કરે છે તો હું તે કોણ માત્ર? ખરે પ્રભુ આજે મને આપે એ ચિતિશક્તિના સ્વરૂપનું ભાન કરાવ્યું કે જે શક્તિનાં સેવનથી મારૂં સત્વર શ્રેય થશે.”

આ પ્રકારના ભીમસેનના વચન શ્રવણ કરી, શ્રીકૃષ્ણ પરમાત્મા બોલ્યા, “ હે પાંડુપુત્ર ભીમસેન, પ્રાણીને અનુભવથી જોયા કે જાણ્યાવગર કદી શ્રદ્ધા ઉત્પન્ન થતી નથી. તે ચિતિશક્તિ સ્વરૂપ સતિ દ્રૌપદીની ચમત્કૃતિ જ્યાં સુધી તેં જોઇ ન હતી ત્યાં સુધી તેને સાધારણ સતિ સમજી તેની સાથે તું વર્તન ચલાવતો હતો. હવે આજથી તને ખાત્રી થઇ છે જેથી ધર્મરાજાના આચરણ જોઇ તેનેજ અનુસરવા પ્રયત્નશીલ થઇશ. હે વત્સ, માટે ચાલ હવે જઇયે. અને પોત પોતાના કર્તવ્ય પરાયણ થઇયે. હમેશાં જગતમાં ગૃહસ્થાશ્રમીએ જોઇ જોઇ ચાલવું અને સત્ ચિદ અને આનંદ સ્વરૂપ એ ચિતિશક્તિના સમુદ્રમાંથી, જ્ઞાન ભક્તિ, મોક્ષ, ઐશ્વર્ય, વૈભવ, રિદ્ધિ સિદ્ધિ ઇત્યાદિ જે જોઇયે તે તે તેવો તેવો પ્રયત્ન કરી પ્રાપ્ત કરી લેવું, એજ તે ચિતિશક્તિની ચમત્કૃતિ છે. કારણ કે પ્રાણી જેવી જેવી ઇચ્છા કરે તેવું સત્વર ફલ આ ચિતિશક્તિ આપી શકે છે, તેવો તેનામાં મોટો ચમત્કાર છે.” આટલું કહી પશ્ચાત ભીમસેન અને ભગવાન ઘેર આવ્યા, અને થોડા દિવસ સ્થિતિ કરી શ્રીકૃષ્ણ પરમાત્મા દ્વારિકા વિદાય થઇ ગયા.

હે પ્રહર્ષ, ઉપર પ્રમાણે તે ભાનુદેવને દીગંબર સ્વામીએ શ્રવણ કરાવેલું ચિતિશક્તિની ચમત્કૃતિનું દૃષ્ટાંત સિદ્ધેશ્વરાચાર્યે આટલેથી બંધ કર્યું એટલે શુભ્રકેતુ રાજા સાષ્ટાંગ કરી સપત્નિ વર્તમાન પોતાને સ્થાને ગયો. આપણો પણ આજે સમય થયો છે માટે કથન બંધ કરી સ્વસ્થ નિદ્રાને પ્રાપ્ત કરવા અર્થે જઇશું જેથી જાઓ હવે સર્વ જઇ વિશ્રાંતિ લ્યો ?" આટલું કહી સર્વ શિષ્યવર્ગ સહીત પ્રહર્ષે સાષ્ટાંગ કર્યા એટલે સત્વર મુનિ વિદાય થયા અને સર્વ મંડળ પણ વેરાઇ ગયું.

—તરંગ ૨ જો.—

—શ્રીમુદ્રા જોઇ મુનિવર ચળે—

બીજે દીવસે સમય થતાં પ્રહર્ષસહિત શિષ્યવર્ગે વર્ચસતમા મુનિને સપ્રેમ સાષ્ટાંગ કર્યા એટલે મુનિએ, તે દીગંબર સ્વામિએ ભાનુદેવને 'શ્રી અર્થાત લક્ષ્મી અને મુદ્રા એટલે મોહોર, એ પ્રમાણે લક્ષ્મીરૂપ મોહોર જોઇને મુનિઓના મન પણ ચલાયમાન થઈ જાય છે, અને તેથી કરી તેઓને તેમની સત્યતા અને પ્રમાણીકતાનો ત્યાગ કરવો પડે છે' એ વિષય ઉપર પ્રસંગપરત્વે વીવેચન કરી શ્રવણ કરાવેલું અને જે પશ્ચાત શુભ્રકેતુરાજાને સિદ્ધેશ્વરાચાર્યે કથન કરી સંભળાવેલું તેનું વીવરણ કરવારૂપ કથાનો પ્રારંભ કર્યો.

મુનિવર્ચસૂતમા કહે છે "હે પ્રહર્ષ તે સિદ્ધેશ્વરાચાર્ય, બીજે દીવસે સમય થયો એટલે પોતાને આસને આવી રાજાને કહેવા લાગ્યા "હે રાજન્ પછી બીજે દીવસે દીગંબરે સ્વામી એ ભાનુદેવને કહ્યું "હે ભાનુ, જો લક્ષ્મીનું મૂખ અથવા લક્ષ્મીરૂપ મોહોર જોઇને મુનિવરોએ ચળી જાય છે તો આ મૃત્યુલોકના જીવો તે કોણ માત્ર ? હે વત્સ તને એ વિષય ઉપર આજે એક રસિક દૃષ્ટાંત શ્રવણ કરાવું છું તે પ્રેમપૂર્વક શ્રવણ કર ?"

દીગંબર સ્વામિ કહે છે "હે મુમુક્ષુ દંપતિ, આપણા આ ભર્તખંડમાં આવેલી પવિત્ર નદી રેવા માતાના ઉત્તરતિરે એક કંગાલપરૂં કરીને બે હજાર ઘરની વસ્તીનું ગામ હતું. તેમાં ઘણે ભાગે બ્રાહ્મણોની વસ્તી હતી. શુદ્ર વરણ જુજ હતી. તે ગામથી બાર કોસ છેટે ચાંપાનેર કરીને વિશાળ નગર આવેલું હતું; જેથી ત્યાંની વસ્તી તે નગરમાં જઇ ધંધો રોજગાર કરી દ્રવ્ય કમાતી હતી; આ વખતે ચાંપાનેર શેહર હિંદુસ્તાનમાં સહુથી મોટું અને ધંધા રોજગારને માટે સર્વોપરિ ગણાતું; જેથી આ શેહરને લીધે આ કંગાલપરા ગામનો નિર્વાહ ચાલતો. આ ગામના બ્રાહ્મણોને પણ ચાંપાનેર શેહરમાં યજમાનવૃત્તિ ચાલ્યા કરતી, જેથી આ ગામનો અને ચાંપાનેર નગરનો સંબંધ ઘણો ઘાડો હતો. તેમજ આ ગામ ચાંપાનેર રાજ્યના તાબાનું હતું એટલે તેમાં હકુમત પણ આ રાજ્યની હતી. આ ગામમાં એક તૃષ્ણારામ નામનો પુરાણી વસતો હતો. તેણે ચાંપાનેર નગરમાં પુરાણ ભાગવત ઈત્યાદિ કથાઓનો ધંધો પીસતાળીસ વર્ષ સુધી કરીને ઘણું દ્રવ્ય એકઠું કર્યું હતું. તેને એક સ્ત્રી હતી પણ તે ચાળીસ વર્ષની થઇ સંગ્રહણીના રોગથી ગુજરી ગઇ હતી. છેવટે પછી તે બીજી વાર પરણ્યો પણ છેક સાઠ વર્ષ થવા આવ્યાં અને બે વાર લગ્ન કર્યું છતાં એકે પણ પ્રજા થઇ નહિં અને બીજી વારની સ્ત્રી પણ જયારે ગુજરી ગઈ ત્યારે તે વૃદ્ધ વિપ્ર તૃષ્ણારામ વિચાર કરવા લાગ્યો કે "કે આ યજમાન વૃત્તિથી એક લાખ રૂપીયો ભેગો કર્યો પણ એકે જાત્રા ન થઇ. આગળ પાછળ કોઈ મારી મુડી ખાનાર નથી. તો લાવો આ ક્ષણભંગુર દેહનો શો ભરોસો માટે ખરચું અને આ મનુષ્ય દેહે કંઇક શુભ કર્મ કરૂં. પણ વખત છે કદાચ યાત્રામાંથી પરવારી અને જીવ્યો તો પછી બધી મુડી ખરચી નાંખુ તો પાછો ઘેર આવીને ખાઉં શું. માટે પચાસ હજાર યાત્રામાં જોડે લઇ જાઉં. પણ હવે પચાસ હજાર કોને ત્યાં મુકું. આ ગામનો વાણીઓ પેલો કૃપણદાસ છે તેને ત્યાં મુકું પણ તે

કદાચ મુડી ઘાલી જાય અગર યાત્રામાંજ મારો દેહ છુટી જાય અને મારા પછાડી કંઈ પણ પુન્યદાન ન કરે તો મારી અવગતિ થાય; તેમજ કદાચ મારી યાત્રામાં લીધેલી મુડી ખરચાઈ જાય અને ઘેર આવ્યા પછી તે મારી મુકેલી થાપણ ના આપે અને ના મુકરર જાય વા ફરીજાય તોપણ ભોગની દશા થાય, માટે એટલાબધા પચાસ હજાર યાત્રામાં ન ખરચતાં માત્ર દશ હજાર જ ખરચી બાકીના નેવું હજાર રહ્યા તે ચાંપાનેર નગરના વણીક શેઠ સોમચંદ ઘણા પ્રમાણિક અને સાચા માણસ છે તેમને ત્યાં મુકું, જેથી મારીથાપણને કોઇ વાતે અડચણ ન આવે અને સુખેથી યાત્રા કરીને આવું એટલે તે મારી મુડી મને પાછી મળે; પણ પ્રથમ જઇ તેમને પુછું, નહીંતો બીજો કોઈ પ્રમાણીક શેઠ શોધી તેને સોંપું પણ એજ રસ્તો લઉં." આવો પોતાના મન સાથે નિશ્ચય કરી તૃષ્ણારામ તો દશેક હજાર રૂપીયા યાત્રા અર્થે રાખી, નેવુ હજારની કોથળીઓ ભરી પ્રથમ એક ઠેકાણે ઘરમાં મુકી કોઇ થાપણ રાખે તેવા પ્રમાણીક માણસની શોધ કરવા અર્થેચાંપાનેર તરફ વિદાય થયા. ચાંપાનેર જઇ પેલા સોમચંદ શેઠને ત્યાં ગયા અને થાપણ મુકવાની સર્વ વાત કરી. સોમચંદ શેઠે કહ્યું " શેઠ સુખેથી તમારી મુડી મૂકી જાઓ કોઇ વાતે અડચણ રાખશો નહિં." એટલામાં એક બીજો વણીક પાસે બેઠો હતો તે એબન્નેની વાત સાંભળી ગયો જેથી મનમાં વીચાર કરવા લાગ્યો કે " આ ધાપ ઠીક આવી છે. કદાચ તે મારે ત્યાં તેની થાપણ મુકે તો આપણું તો દળદર નીકળી જાય. પણ હવે તે આ સોમચંદને ત્યાં ન મુકતાં મારે ત્યાં મુકી જાય તેવો કોઇ ઉપાય થાય તો ઠીક; ત્યારે તેનો શો ઉપાય કરવો. થોડી વાર વીચાર કરી પાછો તે વણીક પોતાના મન સાથે કહેવા લાગ્યો " હા રસ્તો તો બરાબર સુઝયો કે સોમચંદના કરતાં હું વધારે પ્રમાણીક છું એમ જ્યારે તેને ખાત્રી થાય ત્યારે તે બ્રાહ્મણ મારે ત્યાં તે પોતાની થાપણ મુકી જાય." આવો પોતાના મન સાથે નિશ્ચય કરી પેલો વણીક

એકાએક પેલા સોમચંદ શેઠ પાસે આવી કહેવા લાગ્યો કે “ શેઠજી મારી દુકાને એક ચોખા લેનાર ઘરાક આવ્યું છે, તેને ગુણ જોખી આપતાં મારી ગુણમાં પાશેર ચોખા ખૂટે છે, એટલા સારૂ વખારે ઘેર જવું પડે છે, માટે તેટલા પાશેર ચોખા મને ઉછીના આપો અને પછી હું ઘેરથી બીજી ચોખાની ગુણો લાવીશ એટલે તેમાંથી તમારા ઉછીના લીધેલા પાશેર ચોખા પાછા આપીશ આતો આવેલું ઘરાક ચાલ્યું ન જાય અને ઘેર એટલા ચોખા માટેજાઉં અને વાર થાય તો ઘરાક બીજે જાય માટે એટલી તસ્દી આપું છું. ” આ સાંભળી સોમચંદ શેઠ કહેવા લાગ્યા ” ઓહો શેઠ એમાં શું, જાઓ પેલી ચોખાની ગુણો પડી છે, તેમાંથી જોઇએ એટલા લઇ જાઓ, એવા પાશેર ચોખામાં પાછુ શું આપવા જેવું હતું. રાત દિવસ ભેગા આપણો બેસીયે ઉઠીએ અને એટલા પાશેર ચોખા જેટલોએ આપણે સ્નેહ નથી. હરકત નહીં સુખેથી લઇ જાઓ અને ઘરાકને પતાવો ” આ સાંભળી પેલા વણીકે તો સોમચંદ શેઠના ઘરમાં ચોખાની કેટલીક ગુણો પડી હતી તે પૈકીની એકમાંથી એક પોશ ચોખાની ભરી લેઇ પોતાની દુકાને ગયો, અને પાંચ મીનીટ થઈ એટલે તે પોશના ચોખામાંથી પાંચ દશ દાણા લેઈ પાછો પેલા સોમચંદ શેઠ પાસે આવી કહેવા લાગ્યો “ શેઠ આટલા દાણા મારી પોશમાં વધારે આવ્યા હતા તે પાછા લ્યો, એકદાણો પણ વધારે મારે ન ખપે. ” આ સાંભળી શેઠે કહ્યું “ અરે શેઠ એવા પાંચ સાત દાણામાં તે શું આપવું હતું. શું એવા પાંચ સાત ચોખાના દાણાનો તે હિસાબ રેહેતો હશે. જાઓ ભલા માણસ એ શું બોલ્યા પાછા લઇ જાઓ કે ચકલાંને નાખી દો પેલા વણીકે પ્રમાણીકપણાનો ડોળ ઘાલી સોમચંદ શેઠને કહ્યુ “ ના શેઠજી, એતો હું નહીં લઉં કારણકે એટલા પાંચ સાત દાણા માટે મારે જન્મ લેવો પડે. તમારી જાતે તમે એ દાણા હાથમાં લઇ ગમે તો ચકલાને નાંખો કે ફેંકી દો પણ મારે હાથે તો હું નહીં કરૂં. મારે અધર્મનું એક તણખલુંએ ના ખપે, માટે

એતો તમારે લેવાજ પડશે. એ વધેલા દાણા મારે ના જોઇએ, " એમ કહી તે વણીક પેલા ચોખાના પાંચ સાત દાણા સોમચંદ શેઠ પાસે મુકી દઈ ચાલતો થયો. પેલા તૃષ્ણારામ મહારાજ આ જોઇ વિચારવા લાગ્યા કે " ખરેખર આ સોમચંદ શેઠ કરતાં આ વણિક વળી વધારે પ્રમાણીક અને ધર્મચુસ્ત જણાય છે માટે લાવ તેને પુછી જોઉં, તે મારી થાપણ રાખે છે. એવો વિચાર કરી તરત તૃષ્ણારામ મહારાજે તો સોમચંદ શેઠની રજા લીધી. અનેપેલા વણિકની દુકાને સોમચંદને ખબર ન પડે તેવી રીતે જઇ બેઠા અને સર્વ પોતાના કાર્યની હકીગત કહેવા લાગ્યા. જ્યાં બધી વાત કહી રહ્યા એટલે પેલા વણિકે કહ્યું " મહારાજ બાપજી લ્યો આ કુંચી અને આ તીજોરી, તમારે હાથે તમે તમારી થાપણ તેમાં મુકી બંદ કરી, આ મારા ત્રીજોરીના ઓરડામાં રાખેલા સંચમાં તમારી મરજીમાં આવે ત્યાં મુકી સુખેથી યાત્રા કરી આવો અને પાછા આવો એટલે તે કુંચી તમે જ્યાં મુકી હોય ત્યાંથી લઈ તે તમારી થાપણ પાછી લઇ જજો. તમે પેલા સોમચંદ શેઠને ત્યાં જોયુંને કે ગમે તો તેના પાંચ સાત ચોખાના દાણા વજનમાં વધારે આવ્યા, તોપણ મેં પાછા આપ્યા. માટે મહારાજ મને તો એ વાતની બહુ ચીડ કે કોઇનું એક તણખલુ પણ કેમ રખાય. ? એને ઘેર બળદ અવતરીને પણ પુરૂ કરવું પડે. શાસ્ત્રમાં કહ્યું છે તે આપતો જાણો છો એટલે એક રજ પણ પારકું કેમ રખાય. " આ પ્રમાણે તે વણિક અને પેલા તૃષ્ણારામ મહારાજ વાતો કરી રહ્યા છે એટલામાં એક સાધુ અને તેનો ચેલો આવી ભીક્ષા માગવા લાગ્યા. જેથી વાણીઆએ મુઠી ચોખા લઇ તેમને આપવા માંડયા. પેલા મહંત ગુરૂ સાધુને આખું સીધું લેવાની ઈચ્છા હતી તેથી તે મુઠી ચોખાનો અનાદર કરવા લાગ્યો એટલે વાણીઓ ચીડાઇને તે બન્ને ગુરૂ ચેલાઓને કહેવા લાગ્યો " મારી બેટા તમારા સાધુઓને ભીખ માગવી ને વળી મીજાજ કરવો. કેમ કાંઈ મુઠી

ચોખા કડવા લાગ્યા. મારા ભાઈ અત્યારે ઘરાકના કામમાં બેઠા હોઇએ ત્યાંથી ઉઠીને તમને સીધું આપવા ઉઠીએ. શું મારા દીકરા આ બન્ને લંગોટા જાણે દીકરાના લગનમાં આવ્યા હોય તેમ સિધા લેંગે. કયાંથી સિધું લેશો. ભાઇ નીકળો જાઓ અત્યારે કામ છે પછી મોડેથી આવજો એટલે આપીશું," આટલું કહેવા છતાં તે ગુરૂ ચેલો બન્ને ત્યાંને ત્યાં ઉભા રહ્યા જેથી થાકીને પછી પેલા તૃષ્ણારામ તરફ ફરીને વાણીયો કહેવા લાગ્યો"માટે,મહારાજ બાપજી સુખેથી લાવો તમારૂં ઘરજ સમજજો. કશો ભો નથી. આપણી વાતે સો મણુ તળાઈની પથારીમાં સુઇ રહેજો" ગુરૂ સાધુ વૃદ્ધ હતો એટલે આ બન્નેની વાતનો ભેદ સમજ્યો ન હતો પણ તેનો ચેલો તો બુદ્ધિવાળો અને વિચિક્ષણ હોવાથી આ બન્નેની વાતનો ભેદ સમજ્યો હતો. જેથી તેણે વિચાર કર્યો કે " આ મહારાજ કંઇ પોતાની મુડી મુકવી ધારે છે. માટે લાવ હું કોઇ એવી યુક્તિ કરૂં કે તે વિપ્ર આ વણિક કરતાં મને અધિક પ્રમાણિક ગણી તેની મુડી લાવી મારે ત્યાં મુકી જાય. અને ગુરૂતો કદી એવા કામમાં ના કહેતાજ નથી ' લોભી ગુરૂ ને લાલચુ ચેલા, દોનું નરકમેં ઠેલં ઠેલા ' એવી તો આજ કાલ અમારા સાધુઓની ગતિ થઇ ગઇ છે. તો પછી હરકત શી છે. " આવો પોતાના મન સાથે નિશ્ચય કરી તે સાધુ ચેલો પેલા વણિકને કહેવા લાગ્યો કે " અરે શેઠજી હમકો જબ એક પૈસેકા મધ તો દે દે મધ. " એમ કહી ઝોળીમાંથી એક પૈસો કાઢી તેના ખોળામાં નાંખ્યો, એટલે તે વણિક પૈસો લેઇ ગલ્લામાં નાંખી પછી દુકાનમાં જઇ મધ કાઢી લાવી તેને તે મધમાંથી એક નાળી એરની કાચલીમાં પૈસાનું મધ જોખી આપ્યું. પેલા ચેલાએ તે લીધું એટલે એક બળેલી દીવાસળીનું તણખલું ભાગી કોઇ ન જાણે તેવી રીતે તેણે મધમાં નાંખી દીધું, અને તરત મધની પરિક્ષા કરતો હોય તેમ મધને જોવા લાગ્યો. પછી તરત પેલું તણખલું બહાર કાઢી પેલા વણિકને કહેવા લાગ્યો કે " લે ભાઈ યે તેરી ચિલિ, યે હમકો ન ચાહીયે. હરામકી ચીજકો હમ સાધુ લોક કભીભી

છુતે. નહિં હમને પેસા દીયા મધકા ઔર મધ લીયા ફિર ઇસમેં તેરી ઇતની સિલિભી કભી આ ગઇ તો હમ નહીં છુવે. હમકો લેના હરામ હય. હમ સાધુ લોક કભી માયાકા પરસ ન કરતે હે જાનત હો. વાસ્તે ભૈયા લેલો તુમ્હારી સિલ્લિ." વાણીઆએ કહ્યું " અરે જાઓ જાઓ મહારાજ એક નાની બળેલી દીવા-સળીનું તણખલું કદાચ આવી ગયું તો તેની શું દુકાનમાં અહીં કઢી કરવીતી, એતો કચરો કહેવાય. એનો તે હીસાબ શ્યો. રસ્તામાં ફેંકી દો. " પેલો ચેલો સાધુ ' ખેંચ પકડ મુજે જોર આતાહે ' એની પેઠે અતિ પ્રમાણીકપણાનો ડોળ ઘાલી તેને કહેવા લાગ્યો " નહિં નહિં હમ ઇસકો કભી ન રખ્ખે, તું લેકે તેરે હાતસે ફેંક દે યા કુવેમેં ડાલ દે, પરંતુ હમ ન છુવે. હમ ન ફેંકેગે. " એમ કહી પેલુ તણખલું તેની પાસે મુકી દઇ તેના પેલા વૃદ્ધ ગુરૂ સાધુને લઇ પોતાના આશ્રમે ચાલ્યો ગયો. આ જોઈ તૃષ્ણારામનું ચિત્ત ફર્યું અને તેથી પાછા વિચાર કરવા લાગ્યા કે " એ બે સાધુઓ તો વળી આ વાણી-યા કરતાં પણ અધિક પ્રમાણિક હોય તેમ લાગે છે. અને સાધુની જાત પ્રમાણિક હોય તેમાં શી નવાઇ, કારણકે ઓછાંજ તેમને બાયડી છોકરાં પાળવાં છે કે લક્ષ્મીની જરૂર પડે; એટલે એ લોકોને લક્ષ્મીની લાલચ હોવીજ સંભવતી નથી, અને આ વણિકને તો બાયડી છોકરાં ઘરબાર વ્યહવાર બધું છે એટલે તેને લક્ષ્મી-ની તૃષ્ણા હોયજ એ દેખીતું છે. માટે લાવ એ સાધુઓને ત્યાંજ મારી થાપણ મુકું એટલે પછી કોઈ વાતની ચિંતાજ નહિં. " એવો નિશ્ચય કરી પેલા તૃષ્ણારામતો પાછા પોતાને ગામ કંગાલ પુરીમાં આવ્યા અને પેલી થાપણ પેલા સાધુઓને ત્યાં મુકવાનો બંદોબસ્ત કરવાની ગડભાંગમાં પડયા. છેવટે સાધુઓને ત્યાં પેલા નેવુ હજાર રૂપીયાની મુડી મુકવાનો નિશ્ચય થતાં તેઓ તે થાપણ ગાડામાં ભરાવી ચાંપાનેર શેહરમાં પેલા ગુરૂ ચેલાના મઠમાં આવી પહોચ્યા અને ગાડું છોડાવામાં પડયા. " એક મોહોર અર્થાત એક મુદ્રા જોઇને સાધુઓ છળી જાય છે તો

આતો થેલીઓથી ભરેલું એક આખું ગાડું જેથી એટલી લક્ષ્મી જોઇ પેલો ગુરૂ સાધુતો દીગમૂઢ બની ગયો, એટલે ચેલાએ કહ્યું " કયૌં ગુરૂ મહારાજ કેસિ યુકિત લગાઇ હય. પરંતુ અબ તુમ બડે પ્રમાણિક, સાત્વીક ઔર સત્યકી રાહપેં ચલનેવાલે હો ઐસા ઢોંગ મચાના. બાદ વો જાય પિછે માલતાલ ઉડાના " ગુરૂએતો ચેલાની વાત સ્વિકારિ મોટો દંભ કરી આસન પર જાણે સહજ સમાધીમાં હોય તેવો ડોળ કર્યો અને ચેલો પણ તેમની પાસે બેસી હાથમાં માળા લેઇ ફેરવવા મંડી પડયો. પેલા તૃષ્ણારામ મહારાજ ગાડું છોડાવી બધી થેલીઓ પેલા ગુરૂ સાધુનું આસન હતું ત્યાં લાવી મુકી પછી ગુરૂ સાધુ પાસે બેસી કહેવા લાગ્યો. " હે બાવાજી, આપની તે દિવસે પ્રમાણીકતા જોઇ પછી આપને ત્યાંજ આ મારી થાપણ મુકવાનો નિશ્ચય કરી, તે અહીં ગાડામાં ભરાવી લાવ્યો છું માટે બાપજી મુકીદો અને યાત્રા કરી જો જીવું અને પાછો આવુંતો મને મારી મુડી પાછી સોંપજો અને મરી જાઉંતો પૂન્યદાન મારી પાછળ કરી દેજો. આપનાથી કોઇ બીજા સતિયા પુરૂષ વધારે મને હવે દેખાતા નથી માટે મારી અરજ સ્વીકારો" આવું તે વણિકનું બોલવું સાંભળી પેલો ચેલો સાધુ કહે છે " દેખો શેઠજી હમારે ગુરૂ સહજ સમાધીમેં હય સો બોલતે નહિ હૈ, વાસ્તે હમ કહતે હય કે વો દેખો ચાવી ઓર તાલા ઓર યે ભંડાર રખદો સબ તુમારી મીલકત. ઓર બંધ કરકે ચાવી ઉધર દીલ ચ્હાય વહાં રખકે ચલે જાઓ જબ જાત્રા પરીપુરનાહો જાય તબ આકેલે લેના યેતો દેવ મંદિર હય ઔર હમ સાધુંલોક લક્ષ્મીકો નહિં છુતે વાસેં રામજીકે આસરે ધરજાઓ કુછ ફિકર નહિં. રામજી સમાલેગેં. " આ પ્રકારની વાણી સાંભળી પેલા તૃષ્ણારામ મહારાજને તો પાકો વિશ્વાસ ચોટયો જેથી બધી થેલીઓ તે સાધૂના ભંડારમાં મુકી તાળું વાસી કુંચી એક ખીંટીએ ભેરવી બહાર આવ્યા અને પેલા ગુરૂચેલાની રજાલેઇ યાત્રા અર્થે ચાલ્યા ગયા. એમ યાત્રામાં એકાદ વર્ષ વ્યતિત કરી પેલા તૃષ્ણારામ મહારાજ

પોતાને ઘેર કંગાલપુરીમાં આવ્યા. પોતાની પાસેના દશ હજાર માંથી એકાદ હજાર બચાવી લાવ્યા હતા પણ પેલી સાધુઓને ત્યાં મુકેલી મુડી પાછી ઘરમાં ન પડે ત્યાં સુધી ઘેર આવ્યા તો ખરા પણ તેમને નિરાંત વળી નહિં. જેથી તે થાપણ પાછી લાવવાના વિચારવમળમાં પડયા, અને છેવટે પોતે જેદીવસે પોતાના ગામ આવ્યા હતા તે દિવસની રાત વીતાવી બીજે દીવસે ચાંપાનેર જઇ પેલા સાધુઓ પાસેથી પોતાની મુકેલી થાપણ પાછી લેવાનો નિશ્ચય કર્યો. હવે ચાંપાનેરમાં સાધુઓ એ તૃષ્ણારામને યાત્રામાં ગએ ચાર પાંચમાસ જ્યાં થયા એટલે ચેલાએ એક એવી યુક્તિ કરી હતી કે પેલા ગુરૂ સાધુને એક આંખમાં સોચો ઘોચી કાણો બનાવી દીધો હતો અને એક પગના ઢીંચણમાં લાકડી મારી એક પગે લંગડો કરી દીધો હતો જેથી પેલા મહંત ગુરૂનું સ્વરૂપ એવુંતો વિરૂપ અને અજબ બની ગયું હતું કે તૃષ્ણારામ યતૃક્િંચિત પણ ઓળખી ન શકે. તે મહંત સાધુએ માત્ર લક્ષ્મીની લાલચે એક આંખ તથા એક પગ એમ બન્ને અવયવો ચેલાની શીખામણથી ગુમાવ્યા હતા. જેથી તૃષ્ણારામ જે સાધુને થાપણ સોંપી ગયા હતા તે પોતે ન્હોય એમ ખાત્રી પૂર્વક તૃષ્ણારામના અંતરમાં ઠસાવી, નામુકરર જવાનો અને તેની મુડી ઓળવવાનો પુર્ણ નિશ્ચય કરી બેઠા હતા. જેથી તૃષ્ણારામ મહારાજનો તે ગુરૂ ચેલાને જરા પણ ભય હતો નહિં. બીજા દીવસનું સહવાર થયું એટલે નાહી ધોઇ પરવારી વૃદ્ધ તૃષ્ણારામે ચાંપાનેર તે સાધુઓના મઠ તરફ પ્રયાણ કરી દીધું. અત્યારે તેઓ યાત્રા કરી બાર માસે ચાંપાનેર જતાહતા. આશરે બપોરના બે વાગે ચાંપાનેર આવ્યા અને સાધુઓના મઠમાં ગયા. ત્યાં પેલા ગુરૂ સાધુને એક આંખે કાણા અને એક પગે લંગડા જોઇ દયા આવવાથી કહેવા લાગ્યા. “ અરે મહંત મહારાજ, આશું થઇ ગયું. આ તમારી એક આંખ અને એક પગ, એવો શો રોગ થયો તે જતાં રહ્યાં. અરેરે મહારાજ એવું શું દર્દ થયું કે આમ અપંગ થઇ ગયા?

અરે બાર માસ મને યાત્રામાં ગયે થયા તેમાં આટલો બધો આપના શરીરમાં ફેરફાર એ શું ? ખરેખર યદ્ ભાવિ તદ્ ભવિષ્યતિ, દૈવ કરે તે કોઈ ન કરે ? લ્યો હવે મને મારી મુંડી સોંપશો ? " આ પ્રકારનું તૃષ્ણારામનું કહેવું સાંભળી એકદમ પેલા મહંતે તો ચીપીઓ ખડખડાવી ધુરકીયાં કરી કહ્યું " અરે ચલબે થાપન લેનેવારો તું કૌન હય. કીસકી થાપન હય હમારે ગુરૂમહારાજકી કસમ, હમતો જાનત ભી નાંહી કે તું કૌન હય ઔર કબ પૈસો રખ ગયોથો. અરે જીસને તેરી મુડી રખ્ખી હોગી વો મહારાજ દુસરો હોગો. યે સાધુ લોકકે અખાડેમેં સેંકડો સાધુ આતે હૈ, સેંકડો જાતે હૈ હમકો ખબર નહિં તેરી મુંડી કૌન લે ગયો. યહાં મુંડી કૂડી કુછ નહિં હૈ, સીધા ચલાજા નહિંતો રામજી કે આસરે ફીર લઠ્ઠકો ઉપયોગ કરનો પડેગો. યહાં વો તેરો મુડી રખને વારો સાધુફાધુ નહીં હય." મહારાજ તૃષ્ણારામતો આવાં વાકય શ્રવણ કરી વીલે મોઢે ચાલ્યા ગયા અને પોતાના કંગાલપુરી ગામે આવીને લક્ષ્મીમાં તેમની અથાગ તૃષ્ણા હોવાથી પોક મુકીને રડવા લાગ્યા છેવટે રડીને થાકયા એટલે સહજ વૃત્તિમાં વૈરાગ્ય પ્રકટવાથી વીચાર કરવા લાગ્યા કે લક્ષ્મી દેખી મુનિવર ચળે એ ઘરડાની કહેવત ખોટી નથી. પણ જા જીવ લક્ષ્મી કોઇની થઇ છે તે તારી થશે. માટે આટલી બધી તેનામાં શામાટે પ્રિતિ અને તૃષ્ણા રાખવી જોઇએ એટલીજ પ્રિતિ જો પ્રભુની સાથે રાખું તો આ ભવસિંધુથી તરીજાઉં; અમર બની જાઉં માટે હવે તો એજ જેમ નરસિંહ મેહેતાએ, મીરાંબાઇ વીગેરેએ ભગવાન સાથે પ્રેમલગની બાંધી હતી તેમ હું પણ બાંધુ, કારણ કે પરમાત્માએ મનુષ્યમાં પ્રિતિની શક્તિ એવી કોઇ ઇશ્વરી મુકેલી છે કે જે શક્તિથી કરોડો વર્ષ તપ કરવા પર્યંત પણ જે મળે નહીં તેવા પરમપદને પ્રાણી પ્રાપ્ત કરવા સમર્થ થઇ શકે છે. તે ઇશ્વરી પ્રેમ શક્તિનો સંપુર્ણ પણે જેનામાં વિકાસ થયેલો છે તેવા પરમાત્માના અનન્ય ભક્ત અને પ્રાસાદિક કવિજનો પ્રિતિના સ્વરૂપને

વર્ણવે છે તે લેશપણ અસત્ય નથી ”—એમ કહી પેલા તૃષ્ણારામ નીચે પ્રમાણે પદ ગાવા લાગ્યાઃ—

—પદ—

જુદાઇ જીવને છે તો, સગાઇ શીદ કીધી છે.
સગાઇથી સવાઇ તો, મતી પ્રિતિની દીધી છે.
સગાઈ દેહની સાથે, પ્રિતિતો પ્રાણ સંગાથે.
મીઠી લાગે સહુ વાતે, પ્રિતિથી તોજ અવધી છે.
સગાઇ જગતની માયા, પ્રિતી સુખ સ્વર્ગની છાયા.
અમર જેથી બને કાયા, સુધાજગ સાર નીધી છે.
સગાઈ સ્વર્ગના મુક્તિ, પ્રિતીતો પ્રાણની ભક્તિ.
જનોમાં ઇશ્વરી શક્તિ, તણો તે એક વીધી છે.
સગાઇ તો તજાયે છે, પ્રિતીતો પ્રાણ આપે છે.
પ્રિતીના દર્દી મર્દીએ, ફકીરી મસ્ત લીધી છે.
સગાઇ:સ્વાર્થને લક્ષ્મી, પિતળ તેની પ્રિતિ ભક્તિ.
સદા પ્રભુ પ્રેમ ગરજી એ, પ્રિતીની પ્યાલી પીધી છે.
પ્રિતી ઘા એવડો ભારે, કરે જે તેજ સુધારે,
બીજા સહુ વૈદ્ય જખ મારે, પ્રિતિ સુખસાર સિદ્ધિ છે.
કરેલા પૂન્યના ભાવે, પ્રભુમાં પ્રિતિ તો આવે
સદા સુખ શાંતિ ઉપજાવે, અમરપુર વાટ સિધી છે.

ઉપર પ્રમાણે તૃષ્ણારામ ગાઈ રહ્યા છે એટલામાં તે ગામમાં એક નટ રમત કરવા આવ્યો તે આ પદ સાંભળી તલ્લીન બની ગયો અને પોતાનો તમાશો કરવાનું મુકી દઇ તેમની પાસે જઈ બેઠો અને કહેવા લાગ્યો “ વાહવાહ મહારાજ બાપજી આપે એ પ્રેમનું ગીતતો ઘણુંજ સરસ ગાયું. પણ હેં મહારાજ આટલો બધો આપને એકદમ વૈરાગ્ય કેમ આવી ગયો તે તો કહો ? ” એ સાંભળી પેલા તૃષ્ણારામ મહારાજે પોતાની હકીકત તે નટને નીવેદન કરી, જેથી તે નટે કહ્યું “ બાપજી હું એ સાધુઓ પાસેથી તમારી થાપણ પાછી લાવી આપું તો મને શું આપો ? ” તૃષ્ણારામે કહ્યું, અરે ભાઈ મને થોડું ઘણું આપી બીજું તું રાખીશ તોપણ મને હરકત નથી. પણ મને તો હવે આશા નથી કે તે સાધુઓ કોઇ રીતે માની, મુકેલી

ાણુ પાછી આપે. જેથી લક્ષ્મી પ્રત્યેની પ્રિતીનો ત્યાગ કરી સાથે પ્રિતી જોડવાનો નિશ્ચય કરી હું તો બેઠો છું માટે જો કંઇ ાથી બની શકે તો પ્રયત્ન કર ?" આ સાંભળી પેલો નટ ા લાગ્યો, "ત્યારે મહારાજ જાઓ મને તે મુડીમાંથી ચોથો ા આપજો અને ચાલો મારી સાથે ચાંપાનેર તે સાધુને ત્યાં, . હું નગરશેઠની દીકરી બની પાંચ સાત લાખ રૂપીયા મુ- આવી છું એમ તેમને કહીશ. એટલે તમે કહેજો કે 'હે ! મારા નેવુ હજાર રૂપીયા આ મહારાજ ઘાલી બેઠા છે ા આપતા નથી તો તમે પાંચ સાત લાખ રૂપીયા મુકશો તે તમારા પાછા મળનાર છે ? નહીંજ. માટે બીજે કોઇ શાહુ- શોધી ત્યાં મુકો' એ સાંભળી મારા પાંચલાખની લાલચમાં સાધુઓ તમારા રૂપીયા આપીદેશે અને એમ તમારી ાણુ પાછી ઘેર આવશે. માટે ચાલો તૈયાર થાઓ ? " નટની યુક્તિ શ્રવણુ કરી તે તૃષ્ણારામ મહારાજની તૃષ્ણા પાછી ાત થઈ જેથી નટની જોડે ચાંપાનેર ગયા. નટે તો એક સોળ- ાની નવ યૌવનાનું રૂપ લીધું અને નગરશેઠની પુત્રીનોવેશ ણુ કરી તે સાધુના મઠમાં ગયો જો કે સાધુ મહંત પેલા આંખે કાણા તથા એક પગે લંગડા હતા તોપણુ તેને તેઓ તો બીલકુલ છળી ગયા ને કહેવા લાગ્યા " કહો ુ તુમ કહાંસે આતે હો," પેલી નગર શેઠની પુત્રીના વેશ ી નટે કહ્યું. "મહારાજ હું અહીંના નગરશેઠની પુત્રી અને મારા ધણી પરદેશ કમાવા ગયા હતા તે ગુજરી જ- ી અને મારે કંઇ પ્રજા ન હોવાથી આપને ત્યાં મારી આ ા સાતેક લાખ રૂપીયાની મુંડી છે તે મુકવા આવી છું તેથી બાપજી તમે મારી મુંડી રાખશો તો હું આપનો ા ઉપકાર માનીશ." આ સાંભળી પેલા તૃષ્ણારામ તે નટના મવ્યા પ્રમાણે કહેવા લાગ્યા કે "હે બાઇ, તું તારી પાંચ ા રૂપીયાની મુંડી આ સાધુઓને ત્યાં રાખે છે પણુ એ ઓ તો દીલ્લીના ઠગ છે, કારણુકે તારી પેઠે હું મારી હજાર રૂપીયાની થાપણુ એમને ત્યાં મુકીને ગયો હતો

પણ યાત્રામાંથી આવ્યો તે વેળા તે લોકોએ મારી મુડી પચાવીને છેક ઇનકાર જઇ ઘાલી બેઠા છે માટે તમને આ ચાંપાનેર નગરમાં બીજો કોઈ શાહુકાર મળતો નથી કે તમે આવા લંગોટાને ઘેર થાપણ મુકવા આવ્યાં છો." આ સાંભળી પેલો ગુરૂ સાધુ તો એકદમ પ્રમાણીકપણાનો ડોળ કરી કહેવા લાગ્યો " અરે એ બમન હમ કહાં ના કહેતે હય તેરી મુડી હોવેસો લેજા ? હમારે રામજીકો લક્ષ્મીકો કયા કરના હય. હમતો છુતે ભી નહીં. લે યે ચાવી ઔર તેરી મુડી હોવે સો નીકાલ લે ? " આટલું કહી તે ગુરૂ સાધુએ ભંડારની કુંચી ફેંકી, એટલે તૃષ્ણારામે ભંડાર ઉઘાડી પોતે પોતાની મુકી હતી તે નેવુ હજારની થેલીઓ પાછી બહાર કાઢી ગાડામાં ભરાવી ઘેર વદાય કરી એટલે નટે કહ્યું, "મહારાજ લક્ષ્મી બક્ષ્મી કુછ નહીં રખનેકી હય. મેં તો દેખતા થા કે શ્રી મુદ્રા જોઈ મુનિવર ચળે યે બાત વૃદ્ધ પ્રજ્ઞ પુરૂષને કહી હય વો કેવલ સત્ય હય. લો હમ અબ જાતે હય." એમ કહી નટ તથા તૃષ્ણારામ મહારાજ પેલી મુકેલી થાપણ લેઈ ચાલતા થયા નગરમાં જઇને તૃષ્ણારામ ચોથો ભાગ તેમાંથી કબુલત પ્રમાણે આપી તે નટને વીદાય કરી પોતે બાકીના નાણાં લેઇ ઘેર ગયા અને સાધુઓ આંખ ચોળી બેસી રહ્યા.

માટે હે પ્રહર્ષ, લક્ષ્મી જોઇને મોટા મુનીવર ચળી જાય છે એમ આ ઉપરથી સમજવું. હે વત્સ્ પશ્ચાત તે દીગંબર સ્વામિ સર્વ કથા સમાપ્ત કરી અને ભાનુદેવને વાનપ્રસ્થાશ્રમનો અંગીકાર કરવા આજ્ઞા કરી પોતાને આશ્રમે વીદાય થયા. તેમજ શુભ્રકેતુ રાજાપ્રતિ તે ભાનુદેવ અને દીગંબર સ્વામીનું વૃતાંત આટલે સુધી શ્રવણ કરાવી પશ્ચાત તે સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિ પોતાનો આબુમાં જ્યાં આશ્રમ હતો ત્યાં ચાલ્યા ગયા. હેવત્સ્, આપણો પણ સમય થઇ ગયો છે માટે જઈ નિદ્રાવશ થવું જરૂરનું છે, તો હવે સર્વે પોતપોતાને સ્થાને જાઓ ?" આવા સદગુરૂના વચન સાંભળી પ્રહર્ષ સહીત શીષ્યવર્ગે સાષ્ટાંગ કર્યા એટલે મુની ચાલ્યા ગયા અને શીષ્યમંડળ પણ વેરાઇ ગયું.

प्रकरण १२ मुं.

क्रियान्तरासक्तिमुपास्यकीटको,
ध्यायन्नलित्वंह्यलिभावमृच्छति;
तथैवयोगी परमात्मतत्त्वम्,
ध्यात्वा समायाति तदेक निष्ठताम्;

(विवेकचुडामणि.)

જેમ કીડ સર્વ અન્યક્રિયાની આસક્તિનો પરિત્યાગ કરીને ભ્રમરનુ ધ્યાન કરતાં કરતાં તદ્વત્ ભ્રમરરૂપ થઇ જાય છે. તેવીજ રીતે યોગિપુરૂષ પરમાત્મતત્વનું, ધ્યાન કરતાં કરતાં તદાકાર તદ્દરૂપ બની જાય છે.

—તરંગ ૧ લો—

—સાક્ષાત્કાર ક્યારે થાય ?—

બીજે દીવસે મુનિ વર્ચસૂતમા કથા કહેવાના સિંહાસન ઉપર બિરાજ્યા એટલે પ્રહર્ષ કહેવા લાગ્યો "હે ગુરો સાક્ષાત્કાર કયારે થાય અને આપ જેવા સમર્થ સદગુરૂ પોતાના અધિકારિ શીષ્યને સાક્ષાત્કાર ક્ષણમાં કરાવે છે એમ વિદ્વાનો કહે છે તે વાત સત્ય હશે કે કેમ તે કૃપા કરીને કહો ? વળી હે ભગવાન્, સત્પુરૂષો અને સત્શાસ્ત્રોએ પરમાત્માના સ્વરૂપનું અનેક પ્રકારે વર્ણન કર્યું છે પરંતુ તે સ્વરૂપનો સાક્ષાત્કાર હૃદયમાં કે નેત્રોવડે કરીને થતો નથી તેનું શું કારણ છે? હે ગુરો, વળી શ્રુતિ કહે છે કે પરમાત્મા સર્વવ્યાપક છે. જેમ વાયુ સર્વત્ર વ્યાપક છે તેમ પરમાત્મા પણ ચરાચર વ્યાપક છે તો એ સર્વવ્યાપક પરમાત્માને એકસ્વરૂપે શી રીતે જોઈશકાય ? જે પરમાત્માને આ સમગ્ર જગત જોવાને એક પગે ટાંપી રહ્યું છે તે પરમાત્મામાં વ્યાપ્ય વ્યાપક ભાવ જોઇને તેની મૂર્તિને આંખોવડે કરીને જો દેખાય તો ઇશ્વર નિરાકાર છે એમ

શીરીતે કહી શકાય ? તો પછી પરમાત્મા સાકાર ઠરે અને આપે તથા સત્શાસ્ત્રોએ જે પ્રતિપાદન કરેલું છે કે પરમાત્મા, નિ-રાકાર છે, અવ્યકત છે, અવયવ વગરના છે, અજર છે, અમર છે ન્યારા છે. તેમજ ચિદાત્મક અને સર્વ ગુણવાળા છતાં ત્રિગુણાતિત છે એ સર્વ ખોટું કરે છે; વળી વેદ ' નેતિનેતિ ' અર્થાત એ નહિં એ નહિ. એમ કહિ સ્વરૂપ માત્રનો અભાવ દર્શાવે છે એ પણ શીરીતે મનાય ? તો એ અવિનાશી અવિકારિ સતચિત્ અને આનંદ સ્વરૂપ પરમાત્માના દર્શન શીરીતે થઇ શકે તે કૃપા કરી સમજાવો અને આ આપના દીન શીશુને કૃતાર્થ કરો ?"

મુનિ વર્ચસૂતમા શિષ્ય પ્રહર્ષના આ પ્રકારના સવિનય નમ્ર વચનો સાંભળી થોડીવાર મૌન્ય ધારણ કરી નેત્રમિંચિ પછી કહેવા લાગ્યા "હે તાત્ તારી શંકાથી હું અતિ પ્રસન્ન થયો છું; તારાજેવી સાક્ષાત્કાર કરવાની ઉત્કંઠા પૂર્વે એક નૃપતિને થઈ હતી તેની કથા તને આ સ્થળે શ્રવણ કરાવી, તારા મનનું સમાધાન કરૂં છું માટે એકાગ્રચિત્તે પ્રેમપૂર્વક શ્રવણ કર ?

પૂર્વે અરૂણાસ્પદ નામના નગરમાં એક વિભવ ઐશ્વર્યાદિષટ સંપતિથી યુક્ત તથા ચતુર્વેદ અને ષટ્શાસ્ત્ર સંપન્ન એક વિરોચન નામનો રાજા રાજ્ય કરતો હતો. તે પરમ પદાર્થને જાણવાની ખાતર તેના નગરમાં આવતા અનેક સંત સાધુ તથા મહાત્માઓની પ્રેમપૂર્વક સેવા કરતો હતો. પૂર્વના શુભ સંસ્કારોવડે કરીને એ રાજાને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા થઇ. જેથી અનેક મહાત્મા વિદ્વાનો પંડિતો તથા શાસ્ત્રવેત્તાઓની સભા ભરી પોતાના મનનું સમાધાન કરવા અર્થે શાસ્ત્રાર્થ ચલાવતો હતો. પણ તેથી કંઇ તેની ઇચ્છા પાર પડી શકી નહિં; કોઇ વિદ્વાન મહાત્મા કિંવા પંડિત જે જે તેના પ્રસંગમાં આવતા તેને એજ પુછતો કે 'ભાઇ તમે ઇશ્વરને ઓળખો છો ? તે છે કે નહિં અને કેવો છે તે મને બતાવો ? અને ન બતાવી શકો તો એમ કહો કે પરમેશ્વર નથી, પાપ પૂન્ય દાન તપ વ્રત પણ સર્વ વૃથા છે તેમજ તે

પરમેશ્વરને પ્રાપ્ત કરવા માટે યજન, ભજન, પુજન ઇત્યાદિ કરવું તે પણ નકામું છે. વિરોચન રાજાનો આ પ્રશ્ન અતિ ગહન હતો. આ જગતમાં વસતા માયાગ્રસ્ત જીવો પોતાના સ્વરૂપનેજ ઓળખતા નથી તો પ્રભુ, પરમેશ્વર, પરમાત્મા, જ્યોતિ સ્વરૂપપર: બ્રહ્મના સ્વરૂપને તે શીરીતે ઓળખી શકે અને બતાવે પણ શી રીતે કે પરમાત્મા આવા છે? અગર કદાચ તેઓ ઇશ્વરના સ્વરૂપને જાણે છે એવો ખોટોડોળ રાખે અગર મિથ્યાભિમાન રાખે તે તેથી વળે પણ શું? કંઈજ નહિં. આમ છતાં તેની સભામાં આવનાર મિથ્યાભિમાની અને દંભી મહાત્માઓ અને વિદ્વાનો તે રાજાને આડુઅવળુ સમજાવી દ્રવ્યપ્રાપ્તિની લાલસાથી એમ વારંવાર કહેતા કે 'અમે ઇશ્વરના સ્વરૂપને સંપુર્ણ રીતે ઓળખીએ છીએ અને તેનો સાક્ષાત્કાર કરાવાને પણ સર્વથા સમર્થ છીએ.' રાજા આ વચનોના પ્રત્યુત્તરમાં તેમને કહેતો કે "તમે સાક્ષાત્કાર કરાવા સમર્થ છો તો મને સત્વર સાક્ષાત્કાર કરાવો?" આ ઉપરથી તે દંભી પૈસાના લાલચુ મહાત્મા અને વિદ્વાનો વિરોચન રાજાના સમાધાન અર્થે સાચું અને ખોટું પણ નહિં તેવું કોઇ વિલક્ષણ સ્વરૂપ બતાવવાનો પ્રયત્ન કરતા હતા. પણ રાજા દ્વૈતઅદ્વૈતના રહસ્યથી અજ્ઞાત ન હતો તેમજ તે ચતુર્વેદ અને ષટશાસ્ત્ર સંપન્ન જ્ઞાની પુરૂષ હોવાથી તેને તેમના પ્રપંચી ભાષણથી પરમાત્માના વાસ્તવિક સ્વરૂપની તથા સત્તાની ખાત્રી થઇ નહિં અને અંતરમાં સમજ્યો કે આ લોકો માત્ર મારી પાસેથી દ્રવ્ય લેવાની લાલસાએજ મને ઉંધુ ચતું સમજાવી મારા મનનું સમાધાન કરવા પ્રયત્ન કરે છે, પણ તેઓ મારા પ્રશ્નનુ કોઈ રીતે સમાધાન કરી શકે તેમ નથી. આ ઉપરથી રાજાએ દેશપરદેશ પત્ર લખી તમામ વિદ્વાનો અને મહાત્માઓને પોતાને ત્યાં બોલાવ્યા. ચોરાશી હજાર સાધુઓ તથા પંડિતો ભેગા થયા અને તેમને એક દિવ્ય અને ગંજાવર મંડપમાં એકત્ર કરી તેમની મોટી સભા રચી પછી તેમાં આ પ્રશ્ન કર્યો કે "ભાઇઓ, આપ સર્વ તત્વવિદ અને વિદ્વશિષ્ટ મહાત્મા અને વિ-

દ્વાનોને અત્રે ભેગા કર્યા છે તે એટલાજ માટે કે આપનામાંથી કોઈપણ મને પ્રભુનો સાક્ષાત્કાર કરાવા સમર્થ છે ?" રાજાનો આ પ્રશ્ન શ્રવણ કરી ચોરાશી હજાર વિદ્વાનો સ્તબ્ધ બની ગયા અને સાક્ષાત્કાર કરાવા કોણ સમર્થ હોય કે રાજાના પ્રશ્નનું સમાધાન કરે. જેથી સર્વ મૌન્ય ધારણ કરી બેસી રહ્યા અને એક બીજાના મ્હો સામું જોવા લાગ્યા; કેટલાક તો નીચુ માથું ઘાલી ભુમિ ખોતરવા લાગ્યા; કેટલાક તણખલાં તોડવા લાગ્યા, અને કેટલાક તો માત્ર લજ્જીત થઇ નીચું જોઈ ચુપચાપ બેસી રહ્યા. રાજા આ જોઇ વિસ્મય પામી સર્વને કહેવા લાગ્યો "અરે આટલા બધામાંથી શું કોઈપણ મને સાક્ષાત્કાર કરાવા સમથ નથી. અરે હું એમ ધારતો હતો કે ભલા ભલી પૃથ્વી છે તો 'बहु रत्नानि वसुंधरा' આ પૃથ્વિ ઉપર સાક્ષાત્કાર કરાવે તેવા અનેક રત્નો પડયાં હશે પણ અરેરે આટલા ચોરાશી હજાર આત્મજ્ઞાની મહાત્માઓ અને પંડીતો મારી સમક્ષ છે છતાં તેમાંથી એક પણ એવો નથી જે અતિ શોચનિય વ ત છે. એમ કહી શંકાશિલ થઇ પોતાના મન સાથે રાજા વિચાર કરવા લાગ્યો, કે પરમાત્માનું કેવું અકળ અને ગહન સ્વરૂપ હોવું જોઇએ કે આ પૃથ્વિ ઉપર તેના સ્વરૂપને માયિક દૃષ્ટિથી બતાવવા કોઇપણ સમર્થ નથી. માટે લાવો આજથી મારે પણ જ્યાં લગી સાક્ષાત્કાર ન થાય ત્યાં લગી જનક વિદેહીની પેઠે કરવું. જેમ જનક રાજા સભા ભરી અનેક મહાત્મા અને વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી જેનો પરાજય થતો તેને સત્વર જળમાં પધરાવતા તેવી રીતે આ ચોરાશી હજાર મહાત્મા અને પંડિતો મારાથી પરાજય પામ્યા છે તો તેમને નજર કચેદ કરૂં અને અન્ય જે જે હવે પછી આવે અને મારા મનનું સમાધાન ન કરી શકે તો તેને પણ તેમની જોડેજ રાખું." આ પ્રમાણે નિશ્ચય કરી પેલા ચોરાશી હજારે પંડીતોને નજરકેદ રાખ્યા. અને જે જે આવતા તેને પ્રશ્નો પૂછી યથાસ્થિત પ્રત્યુતર જેઓ તરફથી ન મળતો તેમને પણ તેમજ કરતો. આ પ્રમાણે હજારો વિદ્વાન,

ગુણજ્ઞ અને તત્વવિદ્ મહાત્માઓ એકઠા–થયા હતા. એ વિદ્વાનો જો કે બ્રહ્મને જણાવનાર શાસ્ત્રો સારી પેઠે જાણતા હતા પણ તેઓ જગત અને માયાના પાશથી બંધાએલા હોવાથી તેમને પરમાત્માના સાકાર કે નિરાકાર સ્વરૂપનો અંતરમાં નિશ્ચયજ થયો ન હતો. જેથી સાક્ષાત્કારને અને તેમને બારગાઉનું છેટું હતું. અન્યને સાક્ષાત્કાર કરાવી શકે તેટલું તેમનામાં યત્કીંચિત્ પણ સામર્થ્ય ન હતું. જેણે આ જગતમાં પ્રથમ પોતાનો સ્વાર્થ સાધી પોતાના દેહનું કલ્યાણ કર્યું હોય તે પારકાનું કરી શકે છે. જે જમ્યો હોય અને તૃપ્ત હોય તે અન્યને જમાડી તૃપ્ત કરી શકે છે. આ કલિકાળમાં સૌ કોઇ કેહેવા તત્પર થાય છે કે અમે સાક્ષાત્કાર કર્યો છે અને અન્યને કરાવવા સમર્થ છીએ પણ તેઓ એમ જાણતા નથી કે તે કહેવા માત્ર છે. ઇશ્વર પરમેશ્વર, નિયંતા બ્રહ્મ, પરમાત્મા, અખંડાનંદ ઈત્યાદિ શબ્દો પોપટની પેઠે માત્ર બોલવાથીજ બ્રહ્મ થવાતુ હોત તો કિર, મેના, હંસ, કાકાકૌઆ જેવા શીખવ્યાથી બોલી શકનારાં પક્ષીઓ ઇશ્વર તુલ્યજ ગણાત, પણ તે કંઇજ નથી માત્ર લટપટ પંખી સિવાય તેમનામાં અન્ય કશુંજ નથી. મુનિ વર્ચસતમા કહે છે, હે પ્રહર્ષ આ કાળમાં સર્વ જીવો માયાગ્રસિત છે માટે ઉદરાર્થે આ સમગ્ર જગતના વિષય ભોગના પદાર્થો પ્રાપ્ત કરવાની સદા આસક્તિવાળા હોવાથી તેઓ વિષય સુખનીજ ઇચ્છા કરનારા છે એટલે જીવ બ્રહ્મના ભેદને જાણતા નથી. અને જ્યાં સુધી તેઓ જીવ બ્રહ્મના જ્ઞાનથી અજ્ઞાત રહે છે ત્યાં સુધી જેમ કમળ જળને સ્પર્શ કરતું નથી તેવીજ રીતે બ્રહ્મસ્વરૂપ પરમાત્મા તેઓને જરી પણ સ્પર્શ કરતા નથી. કારણકે જીવ, પોતે પરિશ્રમથી શિવ બની જીવન મુક્ત જ્યાં સુધી થયો નથી ત્યાં સુધી તેનું મનુષ્ય જીવન સફલ થતું નથી; પછી તે વિદ્વાન ચતુર્વેદ સંપન્ન અને ગુરૂ મુખી થયો હોય તોપણ અંતરબહિર સર્વ પોતાના ઇંદ્રિકરણાદિને અંતર મુખ કર્યા વગર પરઃબ્રહ્મ જ્યોર્તિસ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર

કરી કે કરાવી શકવા તે લેશ પણ સમર્થ થતો નથી. હે પ્રહર્ષ, તે વિરોચન રાજાએ ચોરાશી હજાર સંત સાધુ પંડીતો, વિદ્વાનો અને મહાત્માઓને પોતાને ત્યાં નજર કેદ કરી ભેગા કર્યા હતા તેમાં એક પણ યથાર્થ તત્વવિદ્જ્ઞાની સિદ્ધ પુરૂષ ન હતો. તે ચોરાશી હજારે વ્યહવાર કુશળ હતા અને દ્રવ્ય ઉપારર્જીત કરવા અર્થે અનેક છળ પ્રપંચોમાં પોતાના વિદ્યા ચાતુર્યનો ઉપયોગ કરનારા વિષયાસક્ત જીવો હતા; આથી કરીને તેમાંના એકને પણ સાક્ષાત્કાર યથાર્થ રીતે થયો ન હતો. તેમનું અહંમમત્વ કોઈ રીતે છુટયું ન હતું; તેમની વૃત્તિ માત્ર સ્વાર્થપરાયણજ હતી. જેથી શ્રી ઇષ્ટ પરમાત્માનો સાક્ષાત્કાર કરવા જેટલા અધિકારી તે થયા ન હતા. હે મુમુક્ષુ શિષ્ય આ કાલમાં જે કેવળ અજ્ઞાની થઇ ફરે છે તેજ જ્ઞાની છે, અને જે જ્ઞાની થઇ ફરે છે તેજ અજ્ઞાની જાણવો. કોઇ કહેશે કે હું પરમાત્મ સ્વરૂપને જાણું છું તો એમ સમજવું કે તેજ નથી જાણતો અને જે નથી જાણતો એમ દેખાડે છે તેજ શ્રી પરમેશ્વરના યથાર્થ સ્વરૂપને જાણે છે એમ તું અનુભવે કરીને જાણ ? વેદાભ્યાસિ, ધર્મશાસ્ત્ર જાણનારા, વ્યહવાર તેમ પરમાર્થમાં કુશળ, અતિ ચતુર અને પરાક્રમિ તેમજ દેશ વિદેશે જેણે કિર્તિ અત્યંત સંપાદન કરેલી છે તેવા પુરૂષો પણ માત્ર આ નાશવાન્ જગતના સ્વરૂપનેજ ઓળખવા સમર્થ છે, પરંતુ પરમાત્મ સ્વરૂપની સહજ ઝાંખી કરવાની શક્તિનો પણ તેમનામાં અભાવ હોય છે તે નિશ્ચે કરીને જાણ ? હે તાત, આ જગતના ડાહ્યા અને બુદ્ધિમાન મનુષ્યો માત્ર જગત અર્થેજ ડાહાપણવાળા અને કુશાગ્ર બુદ્ધિવાળા છે પરંતુ તેમનાં ડહાપણ કે બુદ્ધિ પરમાત્મ સ્વરૂપને જાણવા અર્થે બીલકુલ કામ આવતાં નથી. બ્રહ્મસુત્ર ગીતા ઇત્યાદિ ગુરૂ મૂખે જાણ્યા હોય યદ્યપિ આત્મા અનાત્માનું અભિન્નપણું પ્રાપ્ત નથી અને જ્યાં સુધી અતિવર્ણાશ્રમીની સ્થિતિ જીવને પ્રાપ્ત નથી ત્યાં સુધી જીવને સત્ ચિદ્ અને આનંદ સ્વરૂપ પરમાત્માનો વાસ્તવિક સાક્ષાત્કાર

થતોજ નથી. હે પ્રહર્ષ અમૃતનુ ભરેલું પાત્ર જેમાં પોતાનામાં રહેલા અમૃતના સ્વાદને જાણી શકતું નથી તેવીજ રીતે ધર્મ શાસ્ત્રોનો અભ્યાસ કરી શાસ્ત્ર સંપન્ન થયા છતાં પણ ગુરૂ કૃપા અને પરિશ્રમ વગર જીવ પરઃબ્રહ્મના સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકવા કેવલ અસમર્થ છે. પછી તો એ ચોરાશી હજારે મહાત્માઓ ઈત્યાદિને નજર કેદ રાખવાથી વિરોચન રાજાની દેશોદેશમાં નિંદા થવા લાગી; અને અસુર સમાન દુષ્ટાત્મા, બ્રાહ્મણોને પીડાકારી ગણાવા લાગ્યો. પણ તે તેવો ન હતો. દુષ્ટોનેજ માત્ર દુઃખ દેતો હતો. મહાત્માઓને તો અતિ પુજ્યગણી સુખ આપતો હતો બાકી અધર્મીઓને તો દળાવતો તો કોઇની પાસે ગર્ધવ સમાન મજુરી કરાવતો, કોઇને કંઇ પ્રકારે તો કોઇને કંઇ પ્રકારે એમ અત્યંત દુખ આપતો હતો; વળી તેણે દેશ પરદેશ માણસો મોકલી જાહેરાત ઢંઢેરો પીટાવ્યો હતો 'કે કોઇ પણ છદર્શનના ભેખોમાંવા અન્ય બ્રામણ વિદ્વાનોમાંથી કે પછી અતઃપર કોઇપણ પુરૂષ વા સ્ત્રિ અરૂણાસ્પદ નગરીના વિરોચન રાજાને બ્રહ્મ સાક્ષાત્કાર કરાવશે, તો તેના મનની સર્વ વ્યહવારીક ઈચ્છાઓ રાજા પુર્ણ કરશે તે ઉપરાંત પોતાનુ રાજ્ય અર્પણ કરી તેનો દાસવત બની રહેશે; પણ જે કોઇ તેને છેતરવા આવશે તેને તો તે નિશ્ચય પૂર્વક કારાગ્રહમાં નાંખી અત્યંત દુઃખ દેશે'. અનેક ભેખો પ્રથમ તો દ્રવ્યની લાલચે સાક્ષાત્કાર કરાવવાનું કહી તેના રાજ્યમાં આવતા પણ જ્યાં બંદીખાનાની વાત જાણતા કે રાતો રાત ત્યાંથી પલાયમાન્ કરી જતા હતા. વિરોચનરાજા અંતરથી કોઇપણ મહાત્મા, સંત સાધુ કે વિપ્રજન કિંવા વિદ્વાન વીગેરેનો દ્રોહિ કે વૈરિ ન હતો પણ તેને એમ નિશ્ચય પૂર્વક મનમાં સમજાયું હતું કે આમ કરતાં કરતાંજ કોઇ પરમ સમર્થ પુરૂષ મને મળી જશે, અને તેજ કલ્યાણ કરશે. હે પ્રહર્ષ, આમ કરતાં કરતાં બે ત્રણ વર્ષ વિતી ગયાં અને રાજાની શંકાનુ સમાધાન થવાની આશાજ ન રહી. અનેક ત્યાં આગળ નજર કેદમાં પડેલા સંત સાધુઓ અત્યંત દુઃખી

થવા લાગ્યા. ' કલ્પાંતે હરિ ' એ નિયમ પ્રમાણે શ્રી વિશ્નુ ભગવાનને ચિંતા થઇ કે વિરોચન યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી સાક્ષાત્કાર કરતા સુધી તેના દૃઢ નિશ્ચયને તે છોડનારો નથી. તેમજ જ્યાં સુધી તેના મનનું સમાધાન થશે નહિં ત્યાં સુધી આ ભેખ પુરૂષો છુટશે નહિં અને દુ:ખથી મુક્ત થશે નહિં માટે યોગચંદ્રચુડામણિ મુનિ યાજ્ઞવલ્કયને સંતનુસ્વરૂપ ધારણ કરાવી મોકલવામાં આવે તો વિરોચનને યથાર્થ ઉપદેશ દઇ સમાધાનમાં લાવી સર્વને છોડાવે; આ ઇચ્છા થતાં શ્રીમદ્ વિશ્નુ ભગવાને મુની યાજ્ઞવલ્કયનું ધ્યાન ધર્યું. ધ્યાન ધરતાની સાથે મુનિ આવ્યા અને વિશ્નુએ સપ્રેમ પુજન અર્ચન કરી તેમને સર્વસ્વ વાત કરી. વિશ્નુ ભગવાનની ઇચ્છિા અનુસાર મુનિ સંતનુરૂપ ધારણ કરી આજ્ઞામાગી અરૂણાસ્પદ નગરીમાં આવ્યા. અને બીજે દીવસે વિરોચનની સભામાં તેના મનનું સમાધાન કરવા અર્થે મુનીએ જવાનો નિશ્ચય કરી તેમણે તે રાતની રાત તે નગરની ધર્મશાળામાં નિવાસ કર્યો.

મુનિ વર્ચસતમા કહે છે હે પ્રહર્ષ, બીજે દીવસે પ્રાતઃકાળમાં પોતાની નીત્યનૈમિતિક ક્રીયાઓથી પરવારી આપણા વિશ્નુએ મોકલેલા યોગચંદ્રચુડામણિ મુનિ યાજ્ઞવલ્કય એક પરમતેજસ્વી અને તત્વિદ્ સિદ્ધ પુરૂષનો વેશ ધારણ કરી વિરોચનની સભામાં પધાર્યા. મુનિને દુરથી આવતા જોઇ રાજા તેમના બ્રહ્મતેજ અને તપના વર્ચસથી અંાંખો પડી ગયો અને સ્તબ્ધ બની વિચાર કરવા લાગ્યો કે " જરૂર આ સિદ્ધ, કોઇ ઇશ્વરી અવતાર છે અને તે મારા મનનું સમાધાન નિશ્ચય કરી શકશે. માટે આદર સત્કારપૂર્વક ઉચ્ચ અને ઉતમ આસનપર તેમને પધરાવી યથાવિધી તેમનું પુજન કરી પછી મનના સમાધાન અર્થે સર્વ પુછું. " આ પ્રકારનો નિશ્ચય કરી મુનિએ સભામાં પ્રવેશ કર્યો કે તરતજ રાજાએ સામા ઉઠી આદરપૂર્વક તેમને લેઇ આવી ઉચ્ચ અને ઉત્તમ આસન ઉપર સન્માન પૂર્વક બેસાડી, અર્ધપાદ્યથી તેમનું યથાવિધિ પૂજન કરી પશ્ચાત વિનય

પૂર્વક બે હાથ જોડી સપ્રેમ નમ્રતાથી નીચે પ્રમાણે કહેવાલાગ્યો:- "હે મહાત્મન્, આપ મને ઇશ્વર બતાવો. જેને સાક્ષાત્કાર કહે છે તે કરાવો તો હું આ સર્વસ્વ બધું આપનેજ અર્પણ કરી આપનો દાસ બની આપની જીવન પર્યંત સેવા કરીશ. નહીં તો મારા મનનું સમાધાન થાય ત્યાં સુધી આ ને પણ આ સર્વની જોડે મારા મેહેલમાં નજર કેદ રાખવાની મારી પ્રતિજ્ઞા અનુસાર વર્ત્તીશ." આ પ્રકારના વચન શ્રવણ કરી યોગચંદ્ર ચુડામણિ પરમ તત્વવિદ મુનિ, યાજ્ઞાવલ્કય તેના પ્રતિ કહેવા લાગ્યા "હે રાજન્ તને સાક્ષાત્કાર કરાવા અર્થે મારૂં તારે ત્યાં આવવું થયું છે. નહિં તો અમારે યોગિ પુરૂષોને કેદ ખાનું અને દીવાનખાનું, સોનું અને લોઢું, અમૃત અને વિષ, સર્વ સમાન છે. અમે દીવાન ખાનાને કેદખાનુ બનાવવા, લોઢાને સોનું અને સોનાને લોઢું કરી દેવા, અને અમૃતનું વિષ અને વિષનું અમૃત બનાવવા સમર્થ છીએ; રાજા અત્યાર સુધીમાં આટલા બધામાંથી કોઇ પરમ પુરૂષ મળ્યો નહિં જેથી તું આ સેખોને નજર કેદ રાખવા સમર્થ થયો છે, બાકી એકજ પરમ પુરૂષ તને અને તારા સૈન્યને તેમજ તારા આખા રાજ્યને સુદ્ધાં એકજ ક્ષણમાં સ્વાધીન કરી લેવા સર્વ પ્રકારે સમર્થ છે એમ તું નિરભીમાનપણે જાણ ? માટે સાક્ષાત્કાર કરવા અર્થે તારી જે શંકા કે પ્રશ્ન કરવાની ઇચ્છા હોય તેનું મારા પ્રતિ તત્કાળ કથન કર ? એટલે તારા મનનું હું સમાધાન કરી આપી તે સર્વ સેખોને સત્વર છોડાવું." આ સાંભળી વિરોચન બોલ્યો, "હે ભગવાન્ ત્યારે આપ તે પરમાત્મ સ્વરૂપને જાણો છો અને આપ મને પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરાવશો ?" મુનિ કહે છે 'હા' હું તેજ અર્થે અને સર્વ સત્પુરૂષોને મુક્ત કરવાની ખાતર આવ્યો છું એમ નિશ્ચે સમજ ? પણ હું કહું તેટલું પ્રથમ કર ? સર્વ જેટલા સેખો તેં કેદમાં પુર્યા છે તેમને મુકત કરી તારા મહાલયમાં મારી સમક્ષ રાખ, અને એક સપ્તા કર એટલે સાત દિવસ સુધી તારે સર્વનુ પ્રાત કાળમાં બ્રાહ્મમૂહુર્ત્તે ન્હાઇધોઇ પૂજન કરવું, બપોરે

તેઓને પ્રેમપૂર્વક મિષ્ટાન્નનું ભોજન જમાડવું અને રાતે પણ તેઓની પ્રસન્નતા પૂર્વક આરતિ કરવી, અને પ્રસાદ લેવરાવવો. આ પ્રમાણે સપ્તા પુરી થાય કે બીજે દીવસે તમામ ચોરાશી હજાર દેશના રાજાઓ પંડિતો સંતસાધુઓ સર્વની એક સભા ભરવી, પશ્ચાત્ નારદ મુનિને સાક્ષી તરિકે બોલાવી હું તને સર્વની સમક્ષ સાક્ષાત્કાર કરાવીશ. માટે ચાલ જો સાક્ષાત્કાર કરવો હોય તો મારી આજ્ઞાનો સત્વર અમલ કર ?' આ પ્રમાણેના શબ્દો કહેનાર મુની યાજ્ઞવલ્કય જેવા મહાત્મા રાજાને તેની જીંદગીમાં કદી પણ મળ્યા નહતા. તેમ અત્યાર સુધી તેને આ પ્રકારની આજ્ઞા કોઇએ પણ કરી ન હતી તેથી બિસ્મય પામી, મુનિના વચનનો આદર કરીને રાજાએ સપ્તાના સાહિત્યની તૈયારીઓ કરવા માંડી.

મુનિ વર્ચસૂતમા પોતાના પરમપ્રિય શિષ્ય પ્રહર્ષને કહે છે, હે બેટા પ્રહર્ષ ત્યાર પછી આપણા પરમ તત્વવિદ્ યોગચંદ્ર ચુડામણિ મુનિ યાજ્ઞવલ્કયની આજ્ઞાનુસાર વિરોચન રાજાએ તે સર્વ નજરકેદ કરેલા મહાત્માઓને મુક્ત કરી દીધા; અને બીજા દીવસથી તેઓના સેવનની સપ્તાનો યથાવિધિ આરંભ કર્યો. તેમ જ સપ્તાની પૂર્ણાહુતિને દીવસે ચોરાશી હજાર દેશના નૃપતિઓ વિદ્વાનો ઈત્યાદિ સર્વને આમંત્રણ પત્ર લખી સાંઢણી સ્વારોદ્વારા રવાને કરી દીધા. મુનિએ કહ્યું તે પ્રમાણે સાતે દિવસ તે સર્વ ચોરાશી હજારે સત્પુરૂષોનું યથાવિધિ પૂજન અર્ચન ભોજન ઇત્યાદિ રૂડે પ્રકારે સેવન થવાથી રાજાના જ્ઞાનમાં, બૂદ્ધિમાં શ્રદ્ધામાં અત્યંત વધારો થયો અને અંતરશુધિ તથા બહિરશુધિ પણ તેણે પ્રાપ્ત કરી. સાત દિવસ પૂર્ણ થયા પછી આઠમો દિવસ સપ્તાની પૂર્ણાહુતિનો હોવાથી આમંત્રણ કરેલાં ચોરાશી હજાર દેશના રાજાઓ સંત સાધુઓ, પંડિતો, વિદ્વાનો, ફકિરો, બંદીજનો, ભાટ ચારણો કવિઓ, વક્તાઓ, લેખકો ઇત્યાદિ ગુણીજનો સપ્તાના સાતમા દિવસની રાતે આ અરૂણાસ્પદ નગરીમાં ભેગા થયા; અને મુનિ પ્રભાતમાં મોટી

ગંજાવર સભાની સમક્ષ શી રીતે વિરોચન રાજાને સાક્ષાત્કાર કરાવે છે તે જોવાને તેઓ અત્યંત આતુર બની અનેક તર્કવિતર્ક બેઠા બેઠા કરતા હતા. પૂર્ણાહુતિના દિવસનો પ્રાતઃકાળ થયો એટલે સભા માટે રચેલા દિવ્ય અને ગંજાવર મંડપમાં સર્વ એકત્ર થએલા રાજા મહાત્મા ઇત્યાદિ પોતપોતાના સ્થાને બેસી ગયા. મુનિ યાજ્ઞવલ્કય પણ પોતાને માટે રચેલા સૌથી ઉંચા અને સુંદર સિંહાસન ઉપર બિરાજમાન થયા, અને સર્વ સભા ભરાઇ ગઇ એટલે વિરોચન રાજા બે હાથ જોડી મુનિ યાજ્ઞવલ્કયની સમીપ આવીને ઉભો રહ્યો અને બોલ્યો મહારાજ હવે સાક્ષાત્કાર કરાવો? આવું રાજાનું બોલવું સાંભળી મુનિ યાજ્ઞવલ્કય રાજાને કહે છે, "હે રાજન આખા વિશ્વમાં અશ્વવિદ્યાનો તું ખરેખરો અનુભવી ગણાય છે. તો ગઇ કાલે આ તારા શહેર બહાર કેટલાક સોદાગરો અમુલ્ય અશ્વો અહીં વેચવા લાવ્યા છે તે અશ્વોને અત્રે મંગાવ, અને તેની હરેકની કીમત કરી બતાવ એટલે પછી હું તને ઈશ્વર બતાવું." મુનિનું આ વચન સાંભળી વિરોચન રાજાએ સત્વર સેવકોને હુકમ કરી દીધો કે શહેર બહાર જેટલા સોદાગરો અશ્વો લાવ્યા હોય તે સઘળાઓને પોતપોતાના અશ્વોને લેઇ સભા સમક્ષ રજુ કરો એટલે હું અશ્વ પરિક્ષાનો અનુભવી છું તેથી મુનિને હરેક અશ્વની પરિક્ષા કરી, કીમત આંકી ખાત્રી કરી બતાવું એટલે પછી કંઈ બહાનું ન રહે." આ સાંભળી તમામ સભા વિસ્મય પામી અનેમાંહો-માંહી વીચાર કરવા લાગી કે અશ્વની કીંમત રાજા પાસે મુનિ કરાવે છે તેનું શું કારણ હશે? રાજસેવકો અશ્વ લેઇ આવ-વાનો હુકમ મળતાં દોડતા શહેર બહાર જ્યાં તે સોદાગરો ઉતર્યા હતા ત્યાં આવી સોદાગરોને રાજાનો હુકમ સંભળાવા લાગ્યા. સોદાગરોએ તે બીના સાંભળી રાજાનો હુકમ માન્ય ન થાય તો નુકશાન કર્તા થઇ પડે તે ભયથી અને તેઓનો પણ ચોરાશી હજાર રાજાઓને પોતાના અશ્વ દેખાડવાનો અને તેથી કરીને પોતાના ઘોડાઓની ખરીદી થવાનો સ્વાર્થ હોવાથી સૌ કોઈ

પોતપોતાના ઘોડાઓને સાફસુફ કરી સભા સમક્ષ લાવ્યા જ્યાં સોદાગરોએ પોતપોતાના અશ્વો લાવી સભા સમક્ષ રજુ કર્યા એટલે તતરજ મુનિ યાજ્ઞવલ્કય વિરોચન રાજાને કેહેવા લાગ્યા, "રાજન્ પ્રથમ મને ગુપ્ત રીતે આ સોદાગરોની પોતપોતાના અશ્વોની પ્રત્યેકની મુળ કિંમતનો આંક લેઇ લેવાદે, પશ્ચાત તારો આંક જાહેર કરજે ? રાજાએ તેમ કરવા કબુલ કીધું અને મુનિ સોદાગરોને કહેવા લાગ્યા; " અયે સૌદાગરો તુમ સબકોઈ આપઆપકે હરએક ઘોડેકિ કિમતકી અલગ અલગ ચિઠ્ઠી કરકે મુજે દે દો. ઝબાનસે મત કહો ચુપકીસે કિમતકા આંક લિખકે ચીઠ્ઠીયાં મેરે પાસ સબધર દો ફિરજો ઘોડે ઔર ઉસકિ કીમત મંજુર રખેંગે ઉસકી ખરીદી યહાંપર હો જાયગી. " બધા થઇ એકંદર સોદાગરો સાત હતા; તે પ્રત્યેકની પાસે બાર બાર હજાર ઘોડાઓ જુદી જુદી પ્રકારના અને જુદી જુદી કીમતના હતા. એકંદર સાતે સોદાગરો પાસે થઇને ચોરાશી હજાર ઘોડાઓ હતા. ત પ્રત્યેક ઘોડા ઉપર અકેકો ખાજદાર રહેતો અને ચોવીસે કલાક અશ્વની બરદાસ રાખતો. આવા મહાન સાત સોદાગરોએ પોતાના ચોરાશી હજારે ઘોડાની વ્યાજબી કીંમત એક ચિઠીમાં એકંદર લખી તે મુનિના આસન ઊપર એક તરફ મુકી અને બીજી તરફ ચોરાશી હજારે અશ્વની પ્રત્યેકની જુદા જુદી એમ ચોરાશી હજાર ચીઠ્ઠીઓ કરી પ્રત્યેકની વ્યાજબી કીમત લખી ચોરાશી હજારે ચીઠ્ઠીઓનો ઢગલો કર્યો. પશ્ચાત મુનિ રાજાને કહે છે, હે રાજન્ હવે સોદાગરોએ જેમ કર્યું તે તું કાલે કરી બતાવજે. સાક્ષાત્કારનો પ્રયોગ લાંબો છે એટલે આજનો દિવસ સોદાગરોની ચિઠ્ઠીઓમાં વ્યતિત થઇ ગયો છે વળી સર્વ રાજા પ્રજાનો ભોજનનો સમય થયો છે. મધ્યાન્હ થવા આવ્યા છે તેથી મારો પણ મધ્યન્હ સંધ્યાનો સમય જાય છે માટે આમંત્રણ કરેલા સભા વર્ગને મેહેમાન કરી તું સાક્ષાત્કાર કરે ત્યાં સુધી બે ત્રણ દીવસ રાખ અને પ્રસન્નતાથી આવતી કાલઉપર પ્રયોગ કરવાનો નિશ્ચય કરી સુખરૂપ

થા ?" આ પ્રકારના મુનિના વચન સાંભળી સાક્ષાત્કારનો પ્રયોગ કરવાનું કામ આવતી કાલઉપર રાખી સભા બિસર્જન થઇ ગઇ. રાજા પણ અંતઃપુરમાં મુનિને સાષ્ટાંગ કરી વીદાય થયો અને મુનિપણ સ્નાન સંધ્યા ઇત્યાદિ પોતાની સંયમની નિત્યનૈમિતિક મધ્યાન્હ ક્રિયાઓમાં પ્રવૃત થવાને આસન ઉપરથી ઉઠી પોતાના સ્થાને પધારી ગયા.

મુનિવર્ચસૂતમા કહે છે, હે બેટા પ્રહર્ષ, આ વિરોચન રાજાનું વ્યાખ્યાન જરા લાંબુ છે તેથી આજે ને આજે પૂર્ણ કરીએ તો રાત્રિ વિતિ જાય. માટે આજે સમય થઇ ગયો છે તો જાઓ નિરામયનિદ્રાને પ્રાપ્ત થઇ સુખરૂપ થાઓ અને હું પણ હવે મારા શૈયાસનપર જઇ એકાદ ઘડી નિદ્રા લેઈ પછી સંયમમાં પ્રવૃત થઇશ." આટલું કહી મુનિ અચ્યુતં કેશવં કહી ઉભા થયા એટલે પ્રહર્ષ પણ હમેશના રીવાજ મુજબ પોતાના ગુરૂને સાષ્ટાંગ દંડવત્ સહ અભિવંદન કરી પોતાને સ્થાને ગયો.

—તરંગ ૨ જો.—

—સ્વાત્માનુભવ—

બીજે દીવસે રાત્રિ પડી એટલે પોતાની નિત્ય નૈમિતિક ક્રીયાઓથી પરવારી મુનિ વર્ચસૂતમા આસને બિરાજ્યા. પ્રહર્ષ પણ શીષ્ય વર્ગ સહીત શ્રવણ કરવા અર્થે પોતાના શ્રી સદગુરૂને સાષ્ટાંગ દંડવત્ સહ સપ્રેમ અભિવંદન કરી મર્યાદા પૂર્વક પોતાના આસને બેઠો. વિરોચનરાજાનુ આખ્યાન સંપૂર્ણ કરી પછી પ્રહર્ષને વિદાયગીરી આપવાની મુનીની દ્દઢ ઇચ્છા હતી. અને પ્રહર્ષ પણ પોતાના સદગુરૂની અતુલ્ય કૃપાનો ગેરલાભ, ઝાઝો વખત તેઓશ્રીની આજ્ઞાનુ ઉલંઘન કરી ન લેવો અને આ આખ્યાન સમાપ્ત થયા બાદ પ્રસન્નચિત્તે બિદાયગિરી માગી ગૃહસ્થાશ્રમી થવા પોતાને દેશ જવું એમ પોતાના મનસાથે નિશ્ચય કરવા લાગ્યો. '**મનોમનસાક્ષીભૂતાત્મા**' એ શ્રુતિના નિયમ પ્રમાણે જ્યારે મુનિનો દ્દઢ નિશ્ચય તેને મોકલવાનો

થયો ત્યારે પ્રહર્ષ પણ પ્રસન્ન ચિત્તે સદ્દગુરૂની વિદાયગીરી માગી તેમની ઇચ્છા મુજબ વર્તવાના દૃઢ નિશ્ચયને અંતરમાં કરતો હવો. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે, "ગુરૂવર્યસતમાની આજ્ઞા લેઇ હવે પોતાને આશ્રમે જવુ પણ તેઓ સત્ય, શુભ, અને દૃઢ સંકલ્પવાળા હોવાથી મારી રાજીખુશીથી વિદાયગીરી મને આપી મોકલવાનો, તેમણે સંકલ્પ કર્યો છે. એન્ટલે તેમની આજ્ઞાનુસાર વર્તવામાંજ લાભ છે. મીઠાઝાડનું કંઇ મૂળ કઢાય નહીં ? તેમની કૃપાનો કંઈ ગેરલાભ લેઇ તેમની ઇચ્છાને આડે આવી કંઈ અહીં રહેવાય નહીં. એતો મારા શિષ્ય ધર્મને દોષરૂપ થઈ પડે માટે આ વિરોચનનું આખ્યાન પુરૂં થાય એટલે મારા સ્વદેશ જવા વિદાયગીરી માગું." આવો મનસાથે નિશ્ચય કરી પ્રહર્ષ એકદમ બોલી ઉઠયો કે સ્વામિન્, જયારે મને મારા સ્વદેશે મોકલવાની આપની સંપૂર્ણ ઇચ્છા છે તો હે કૃપાળુ આ આખ્યાન સંપુર્ણ કરી આપ કાલે સુખેથી મને જવાની આજ્ઞા આપો. હું આપની ઇચ્છાનુસાર વર્ત્તન ચલાવવામાંજ સદા આનંદ માનું છું આ વચન સાંભળી મુનિવર્યસ્તમા અતિ પ્રસન્ન થઇ કહેવા લાગ્યા, " હે મુમુક્ષુ શિષ્ય આજે તેં પ્રસન્નવદને વિદાયગીરી માગી જવાનો નિશ્ચય જણાવ્યોતો સમયથયે હું તને તારા આશ્રમે વિદાય કરીશ માટે છેવટનો આ સાક્ષાત્કારનો વિષય તારા અંતરમાં સ્પષ્ટ કરી સુખી થજે. વળી કોઈપણ અન્ય શંકાઓ તને થતી હોય તો તે પુછી લેઇ તારાચિત્તનુ સમાધાન કરજે ? પરમશાંતિરૂપ પરઃબ્રહ્મમાંજ તારી વૃત્તિ અને અંતર બહિર કરણો વાળેલાં રાખવા સતત પ્રયત્ન સેવજે ? " પ્રહર્ષ કહે છે હે " ગુરો, આપ રાખશો તેમજ મારે રેહેવું છે અને જે જે ઘટતું આપશો તેજ લેવું છે. હે સ્વામિન્ આપશ્રીની આજ્ઞાનું નિરંતર પાલન કરવા તન મન અને ધનથી પ્રયત્ન શીલ રેહેવું એજ મારા જીવનનું હું સાર્થક સમજું છું અને તેથીજ અંતરમાં નિરંતર સુખી રહું છું. માટે હે ભગવાન્ કઈ

અન્ય શંકાઓ મારા અંતરમાં હવે ઉદ્દભવ થવાનો સંભવ નથી આપ નિશ્ચિંત થઇ વિરોચનનું કાલનું અપૂર્ણ રહેલું વાખ્યાન આગળ શ્રવણ કરાવી શીશુને કૃતાર્થ કરો ?

પ્રહર્ષના આ વચન સાંભળી મુનિએ વાખ્યાનનો આરંભ કર્યો અને કહેવા લાગ્યા. મુનિ વર્ચસતમા કહે છે હે વત્સ બીજેદીવસે પાછી ચોરાશી હજાર નૃપતિ સંત સાધુ અને મહાત્માઓની ગંજાવર સભા પ્રાત:કાળમાં ભરાઇ અને આપણા યોગચંદ્ર ચુડામણિ મુનિ યાજ્ઞવલ્કય પણ પોતાની નિત્ય નૈમિતિક ક્રીયાઓથી પરવારી સભામંડપમાં આવી પોતાના સિંહાસન ઉપર બીરાજમાન થયા અને રાજા વિરોચન પણ રાજ ચિન્હ યુકત થઇ મુનિ યાજ્ઞવલ્કય ની સમીપ આવીને બેહાથ જોડી સાષ્ટાંગ કરી ઉભો રહ્યો એટલે મુનિ તેને કહેવા લાગ્યા “ હે રાજન્ ગઇ કાલે ચોરાશી હજાર ઘોડાની કીમતની જુદીજુદી ચીઠી કરી સોદાગરોએ આપી છે તે મેં એક પેટીમાં ઘાલી તેને તાળું અને સીલ મારી રાખી મુકી છે. વળી તેમણે ચોરાશી હજારે અશ્વોની ઉચક કીમતનો આંક લખી એક બીજી ચીઠી પણ જોડે આપી છે તે પણ તેની જોડે મેં રાખી મુકી છે. આજે તે પ્રમાણે તારે કરવાનુ છે અને મૌન્ય રહી ગુપ્ત પણે ચોરાશી હજારે ઘોડાની જુદીજુદી ચીઠીઓ કરી તેમાં પ્રત્યેક ઘોડાની કીંમતનો આંક લખી, મારા આસન ઉપર મુકીદે અને બીજી ઉચક કીમતના આંકની પણ ચીઠી કરી મુકીદે એટલે તારી અને સોદાગરની ચીઠીઓમાંના અશ્વોની કીમતના આંકડા મળતા આવશે તો તું અશ્વવિદ્યાનો અનુભવી છે એવી મારી સંપુર્ણ ખાતરી થશે. પશ્ચાત ત્રીજે દીવસે તારી ઇચ્છા પરિપુર્ણ કરીશ. ” આ સાંભળી રાજા કહે છે “બહુસારૂ ભગવન્ હ્યો ત્યારે હું પણ સોદાગરની પેઠેજ આ સર્વ અશ્વોની કીમતના આંકની ચીઠીઓ કરી આપના આસન પર મુકી દઉં છું.” આટલું બોલી રાજાતો પ્રત્યેક અશ્વને જોઇ તેની કીમતની ચીઠીઓ કરી મુનિ યાજ્ઞવલ્કયના આસન પર એક પછી એક મુકવા લાગ્યો. એ રીતે ચોરાશી હજારે અશ્વોની

પરિક્ષા કરી તે તેની ચીઠીઓ કરી ચોરાશી હજારે ચીઠીઓ મુનીના આસન ઉપર મુકી દીધી. અને એક ઊચક કીમતના આંકની પણ ચીઠી લખીને મુકી દીધી. એ પ્રમાણે ચીઠીઓ રાજા કરી રહ્યોકે મધ્યાન્હ થયા. હે પ્રહર્ષ ચોરાશી હજાર ચીઠીઓ કરવાની એટલે સભાનો વખત સર્વ એ કાર્યમાંજ વ્યતિત થઇ ગયો હતો. સભા બીજાદીવસના પ્રાતઃકાળ સુધી મુલતવી રાખી વિસર્જન થઈ ગઇ. અને મુનિ યાજ્ઞવલ્કય તથા રાજા બન્ને પોત પોતાને સ્થાને ગયા.

વર્ચસતમા મુનિ કહે છે હે પ્રહર્ષ પછી બીજાદીવસનો પ્રાતઃકાળ થયો એટલે પાછી નિયમીત સમયે સભા ભરાઈ અને આજે મુનિ સાક્ષાત્કાર કરાવશે એ આશાના ઉમંગમાં રાજા વિરોચન પણ અતિ દિવ્ય વસ્ત્રાભૂષણ પ્હેરી સભામાં આવ્યો હતો. મુનિ યાજ્ઞવલ્કય તેને પોતાના સામો ઊભો રાખી સોદાગરની અને તેની ચીઠીઓના આંક મેળવવા લાગ્યા. અને આંકડા સભાની જાણ માટે મોટેથી બોલવા લાગ્યા. સોદાગરોના અને રાજાના આંકડા એક સરખા ઉતરવાથી આખી સભા વિસ્મય પામી અને સર્વ કોઈ કહેવા લાગ્યું કે "ધન્ય છે વિરોચન રાજા તારાં માતપિતાને ધન્ય છે. અશ્વ પરિક્ષક આ અવનિમા તારા જેવો કોઇ પણ નથી ધન્ય છે," મુનિ યાજ્ઞવલ્કય પણ કેહેવા લાગ્યા "રાજા, અશ્વ વિદ્યા અને અશ્વ પરિક્ષા તારા સમાન આ વિશ્વમાં ભાગ્યેજ કોઇ જાણતું હશે એવી આજે મારી ખાત્રી થઇ છે. હવે પરમતત્વનો તને પરિક્ષક બનાવા અને સાક્ષાત્કાર કરાવા હું અત્યંત ખુશી છું. પણ તે પેહેલાં એક મારી ઇચ્છા તારે પાર પાડવાની છે. અને જો તે નહીં પાર પાડે તો તારો મનોરથ સફલ થઇ શકશે નહિં." આ પ્રમાણે મુનિના વચન શ્રવણ કરી વિરોચન રાજા બે હાથ જોડી નમ્રતાથી કેહેવા લાગ્યો કે "હે મુને, હજી પણ જે ઇચ્છા હોય તે આજ્ઞા કરો હું પાર પાડવા સમર્થ છું. પણ ગમે તેમ કરી સાક્ષાત્કાર કર્યા વગર તો આપને છોડનાર નથી.

આપ કહો તો રાજસુયજ્ઞ કરૂં, આપ કહો તો રાજપાટ કૃષ્ણા-ર્પણ કરૂં, આપ કહો તો દશે દિગપાળ ડોલાવું અને આપ કહો તો મારા પ્રાણ સુદ્ધાં અર્પણ કરૂં પણ સાક્ષાત્કાર કરવાની મારી પ્રતિજ્ઞા તેનો તો કદી કાળે ભંગ નહીં કરવાનો મારો દૃઢ નિશ્ચય છે. હે મુનિંદ્ર, આપ જે જે આજ્ઞા કરો છો તે તે આજ્ઞાનુ સર્વંશ પાલન કરૂં છું તે એટલાજ માટે કે આપ રાજી થઈ મારો મનોરથ પરિપૂર્ણ કરો. અને હજી પ-ણ તેજ જીજ્ઞાસા તૃપ્ત કરવા અર્થે આપ જેજે કહેશો તેતે કરીશ. આપ નિશંક રહો." આ પ્રકારના રાજાના વચનો શ્રવણ કરી આપણા યોગચંદ્ર ચુડામણિ મુનિ યાજ્ઞવલ્કય બોલ્યા. "ત્યારે મારી ઇચ્છા છે તે તું સાંભળ ? જેવી તું આ અશ્વ પરિક્ષા જાણે છે તે પ્રમાણે મને પણ એકદમ હમણાં ને હમણાં અશ્વ પરિક્ષા કરતાં શીખવી દે ? પશ્ચાત હું તને સાક્ષાત્કાર કરાવું. અને સોદાગરો તરફ દૃષ્ટિ કરીને સોદાગરોને મુનિ કહે છે કે તમે પણ જેવી બરાબર અશ્વ પરિક્ષા કરો છો તે પ્રમાણે મને પણ હમણાં ને હમણાં શીખવી દ્યો નહિં તો જેમ અહીં સઘળા મહાત્માઓ નજર કેદ થયા છે તેમ તમને પણ કેદ કરવામાં આવશે, અને તમામ અશ્વો જપ્ત થઇ જશે." આટલું સાંભળતાં તમામ સોદાગરો અને રાજા સુદ્ધાં ગભરાઇ ગયા અને એક બીજાના મ્હોં સામું જોઈ વિચાર વમળમાં પડી ગયા કે એકદમ હમણાં ને હમણાં અશ્વ પરિક્ષા શી રીતે મુનિંદ્રને શીખવી શકાય ? અશ્વ, હીરો, સ્ત્રી, મોતી, ઇત્યાદિ વસ્તુઓ ઇશ્વરે આ જગતમાં એવી ઉત્પન્ન કરેલી છે કે જેના યથાર્થ પરિક્ષક થવાને ઓછામાં ઓછો ત્રીસ વર્ષનો નિરંતર અનુભવ જોઇએ. કેટલાકની તો આખી ઉમર જાય છે છતાં પણ વાસ્ત-વિક તે વસ્તુઓની પરિક્ષાશક્તિ તેમનામાં આવતી નથી; આ પ્રમાણે સોદાગરો વિચાર કરે છે દરમ્યાન ફરિથી મુનિંદ્ર બોલી ઉઠયા, કેમ રાજન અને સોદાગરો તમે સૌ અશ્વપરિક્ષા તરત શીખવી શકો એમ છે કે નહિં તેનો હા કે ના સત્વર ઉત્તર આપો નહિં તો

આ સોદાગરોને નજર કેદ કરવા પડશે અને તું સાક્ષાત્કારવિના રહિશ. હે રાજા આમ થતાં તારી પ્રતિજ્ઞાનો ભંગ થશે અને તું મને કેદ કરી નહીં શકે " રાજા હિંમતવાળો હોવાથી બે હાથ જોડી ધૈર્યતાથી યાજ્ઞવલ્કયમુનીને કહેવા લાગ્યો, હે મુનિંદ્ર, હું કિંવા આ સોદાગરો અશ્વની પરિક્ષા એકદમ હમણાંને હમણાં શીખવવા અસમર્થ છીએ. કારણે કે અશ્વનું ઉત્તમ, મધ્યમ, અને અધમપણું જોવા જાણુવાથી પરખી શકાતું નથી. જેવી રીતે ઝવેરાતની પરિક્ષા કરવાને તેમજ સ્ત્રી કુલટા છે કે કુલિન તેની ખાત્રી કરવાને, જેમ ઘણો વખત જોઇએ તેવીજ રીતે અશ્વપરિક્ષા શીખવાને પણ ઘણા વર્ષો જોઇએ. આ સોદાગરો કે જેનો અશ્વપરખવાનો બાપદાદાનો ધંધો છે અને બાલ્યાવસ્થાથી તેઓ અશ્વપરિક્ષાના ધંધામાંજ ટેવાએલા છે છતાં પણ તેઓ હજી અશ્વના પાકા પરિક્ષક થઇ શકયા નથી અને હું અશ્વનો ઘણોજ શોખીન છેક નાનપણથી હોવાથી અશ્વવિદ્યાના રસમાં ને રસમાં અનેક મારે હાથે અશ્વો લેઈ તેઓને કેળવી જોયા, ભોગવી જોયા અને ઉછેરી પણ જાણ્યા જેથી લાંબેકાળે અત્યારે સહજ અશ્વ પરિક્ષા કરી શકું છું અને દેશપરદેશના રાજાઓ મારી મારફતજ અશ્વો મંગાવે છે. તો આપ જેમણે અશ્વોને પ્રસંગાવશાત જોએલા અને કદીપણ સ્વારી કરી જાણુનાર ન હોવાથી અશ્વપરિક્ષા હમણાંને હમણાં એકદમ આપને શીરીતે શીખવી શકાય ? હે ભગવન્ એ તો કેવલ અસંભવિત છે. તેને માટે તો ઘણા વર્ષો અને ઘણો લાંબો અનુભવ જોઇએ." સોદાગરોએ આ પ્રકારના રાજાના કેહેવાને ટેકો આપી કહ્યું "મહારાજ રાજાજી કહે છે તે સર્વથા સત્ય છે. અશ્વપરિક્ષા કરતાં શીખવાને માટે લાંબા વખતનો અનુભવ જોઇએ. બાકી આપ કદાચ અમને બધાને ફાંસીને લાકડે લટકાવી અમારા પ્રાણ લ્યો તોપણ અત્યારે ને અત્યારે એકદમ અશ્વપરિક્ષા કરતાં અમે તો શું પણ હરીહર કે બ્રહ્માપણ શીખવી શકે તેમ નથી. " આ પ્રમાણે રાજા અને સોદાગરોનું બોલવું, સાંભળી મુનિંદ્ર રાજા પ્રત્યે કેહેવા લાગ્યા

" એમ, ત્યારે શું રાજન્ આ એક નજીવી ચીજ, અશ્વપરિક્ષા જેવી બાબત શીખવાને માટે ઘણો કાળ લાગે છે ? રાજા કહે છે ' હા મહારાજ' અશ્વહીરો સ્ત્રી ઇત્યાદિને જોવા, જાણવાને સમજવા માટે ઘણા વર્ષોનો અનુભવ જોઈએ; મુનિ કહે છે, "હે રાજન્ તારા મુખમાંથી મારે એજ વચન કઢાવવું હતું. આ ઉપરથી જો તું વિચિક્ષણ હોય તો સત્વર સમજી લે કે જેમ અશ્વહીરો સ્ત્રી ઇત્યાદિ જોવા જાણુવા અને સમજવા માટે ઘણા વર્ષોનો અનુભવ જોઇએ તેવીજ રીતે સતચિત્ અને આનંદસ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરવાને પણ મનુષ્યને ઘણા વર્ષોનો અનુભવ જોઇએ છીએ. હે રાજા જ્યારે મૃત્યુ લોકમાં ઉત્પન્ન થએલિ એક નામરૂપ વર્ણવાળી આ અશ્વ પશુ જાતિ છે તેની પરિક્ષા એકદમ હમણાં ને હમણાં અન્યને શીખવી કે બતાવી શકાતી નથી તો આ નિરાકાર, સતચિદ્ અને આનંદસ્વરૂપ અદભૂત જ્યોતિર્મય પરમાત્મતત્વનુ સ્વરૂપ તને હમણાં ને હમણાં એકદમ શીખવી શકાય એ કેવલ અસંભવિત છે. તેનેતો નામ રૂપ કે અંગ પણ નથી. તે તો આ નામ રૂપાત્મક જગતથી કેવલ ન્યારો, સ્વતંત્ર, મુક્ત, નિરામય, અને સચ્ચિદાનંદ પરઃબ્રહ્મ છે, તેનો સાક્ષાત્કાર એકદમ કરવાની તને બુદ્ધિ થઈ છે તે કેવલ અનુચિત અને મંદ છે કે નહિં તેની પરિક્ષા તું જાતેજ કરી લે ?" આટલું કહી મુનિ સર્વ કેદ કરેલા મહાત્માઓને કહેવા લાગ્યા, "સંતો આપ સર્વ આપને સ્થાને વિદાય થાઓ; આપ સહુ આજથી છુટા થયા છો. રાજાએ આપ સર્વને તમારી યોગ્યતા પ્રમાણે પ્રસાદ પુજન દક્ષિણા ઇત્યાદિ આપી સંતોષ પમાડયો છે ". મુનિયાજ્ઞવલ્કયના વચનને અનુમોદન આપી રાજા પણ કહેવા લાગ્યો, "સંતો મુનિંદ્ર કહે છે તે સત્ય છે માટે મારા દોષોની ક્ષમા આપી આપ ઈચ્છાનુસાર દ્રવ્ય લેઇ આપને આશ્રમે પધારો આજથી આપ સર્વ મુક્ત છો." પશ્ચાત જામદાર ખાનાના અધિકારીને બોલાવી રાજાએ હુકમ આપ્યો કે ' ઓ સોદાગરોના પ્રત્યેક અશ્વોની ચીઠી મુજબ કીમત

આપી તમામ અશ્વો ઘોડારમાં બંધાવી સોદાગરોને તે ઉપરાંત બે લાખ મોહોરની બક્ષીસ કરી વિદાય કરજો, અને આ ચોરાશી હજારે મહાત્માઓને તેઓની મરજી પ્રમાણે દ્રવ્ય ઈત્યાદિ જે જોઇએ તે આપી સૌસૌની યોગ્યતા પ્રમાણે આ ચોરાશી હજારે અશ્વ વાહન માટે એકેકને આપી અત્યંત સન્માન પૂર્વક વિદાય કરજો'. જામદાર ખાનાનો અધિકારી રાજાની આજ્ઞા પ્રમાણે અમલ કરવા અર્થે સર્વ કેદ કરેલા મહાત્માઓ સોદાગરો અને અશ્વો સર્વેને લેઇ જામદારખાને ગયો અને સર્વને તેમની યોગ્યતા પ્રમાણે સત્કાર કરીને સંતોષ પમાડી પ્રત્યેક મહાત્માઓને વાહન માટે એકેક અશ્વની બક્ષીસ આપી પ્રસન્નતા પૂર્વક વીદાય કર્યા. વિરોચન રાજાએતો આમંત્રણ કરેલા રાજાઓની સભા સુદ્ધાં વિસર્જન કરવા વિજ્ઞપ્તિ કરી પણ યોગચંદ્ર ચુડામણિ યાજ્ઞવલ્કયના વચનામૃતનું પાન કરવાની ઇચ્છાએ સભામાંનું કોઈપણ ઉઠયું નહીં. મુનિયાજ્ઞવલ્કયતો આ વખતે એકાગ્રચિત્તે ઇષ્ટાનુસંધાન પૂર્વક પોતાને આસને સ્થિત થઇ આંખોમીંચી સંયમ કરતા હતા તે જ્યારે સભાવિસરજન થઈ નહીં અને તેમનો પ્રત્યુતર સાંભળવા સર્વ કોઇ અતિ આતુર બેસી રહ્યું છે એવી ખાત્રી થઇ એટલે તરતજ થોડી ક્ષણવાર મૌન્ય ધારણ કરી પશ્ચાત નીચે પ્રમાણે રાજાને કહેવા લાગ્યા.

મુનિયાજ્ઞવલ્કય જેણે પરમસિદ્ધ તત્વવિદ મહાત્માનુ સ્વરૂપ ધારણ કરેલું છે અને વાસ્તવિક રીતે જોતાં જેઓ સ્થિત પ્રજ્ઞ છે તેઓ રાજા વિરોચનને કહેવા લાગ્યા, 'હે રાજન્, મનનો ઘણા લાંબા વખત સુધી આત્મા સાથે સંબંધ થયા વીના આત્મસાક્ષાત્કાર થતો નથી. માટે હે રાજા વિરોચન, તારા મનમાંથી હવે એ વાત કાઢી નાંખ કે આત્માનો સાક્ષાત્કાર સહજમાં અને થોડીવારમાં પ્રાણીને થઇ શકે છે. હે મોક્ષના જીજ્ઞાસુ રાજન્, પરમાત્માનો સાક્ષાત્કાર થવો એ સુલભ વાત નથી. જ્યાં સુધી તારા ચર્મ ચક્ષુ આ માયીક અને દૃશ્ય જગત પ્રતિ રહેલાં છે અને જ્યાં સુધી તારાં તે ચક્ષુનું ચર્મપણું વિલાયમાન

થઈ દીવ્ય પણું તેને પ્રાપ્ત નથી, ત્યાં સુધી તે ઇશ્વરને જોવા કે જાણવા સમર્થ થઇ શકનાર નથી એમ તું નિશ્ચે કરીને જાણ? હે મુમુક્ષુ રાજન્, પરમાત્મા એ કંઇ આ ચર્મ ચક્ષુનો વિષય નથી પણ તે વિશુદ્ધ પ્રેમનો અને જ્ઞાનનો વિષય છે માટે જો પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો તારો દૃઢ નિશ્ચય થયો હોય તો તું વિશુદ્ધ પ્રેમના આવણથી ઉત્પન્ન થએલાં કર્મોનો નાશ કરકે જેનો નાશ માત્ર જ્ઞાનથીજ થશે. તે અજ્ઞાન આવણથી જે કર્મો ઉત્પન્ન થાય છે તેનું કારણ માત્ર તારી બુદ્ધિ, તારૂં મન, અને તારૂં ચિત્ત એ ત્રણે એકત્ર થઇ તે અજ્ઞાન આવણના સંબંધમાં નિરંતર આવવાના અધ્યાસિ છે. અધ્યાસિ એટલે પરમાત્મ તત્વના જ્ઞાનથી કંઇ વ્યતિરેક ભિન્ન જ્ઞાન તે ચિત બુદ્ધિમાં ઉત્પન્ન થયાં છે એમ તું નિશ્ચેકરીને જાણ? અને તેથીજ તે અવિહિત કર્મોને કરે છે એ નિસંશય છે. એક સાધારણ દોરડું છે તેને સાપ માનીએ તે વાસ્તવિક દોરડાના જ્ઞાનથી ભિન્ન વ્યતિરેક જ્ઞાન ગણાય છે. સમુદ્રમાં તરતા કોઇ છીપવાળા કાચબા ઉપર શરદ પૂનમના ચંદ્રની પરમ સૌન્દર્યતાથી ભરપુર અને અમૃત મય કિર્ણના પ્રતિબીંબથી જેમ તેને કોઇ ચાંદીની થાળી માની તેને લેવા ભર સમુદ્રમાં પડીગત થાય એને ચાંદીની થાળી પણ ના મળે અને પોતાનો પણ વિનાશ કરે, એવી રીતે નાશવંત જગત માયા અને દૃશ્ય પદાર્થોને અવિનાશી માની પોતાનો પણ નાશ થવા છતાં પુનઃ પુનઃ આ ભવાટવીમાંજ ભટકાયા કરે છે તેનું નામ અધ્યાસ એ તું અનુભવે.કરી સિદ્ધ કર ? એ અધ્યાસ જીવને થવાનું કારણ અજ્ઞાન છે અને અજ્ઞાનનું મૂળ અહંમમત્વ રૂપ જીવની મિથ્યા ભાવના છે—કલ્પના છે—ખોટું અનુમાન છે માટે ' **તત્ત્વમસિ** ' એક તુંજ છે એ વેદના મહાવાકયને કોઇ સમર્થ સદગુરૂ દ્વારા પ્રાપ્ત કરી તેનું નિરંતર શ્રવણ મનન ઈત્યાદિ ઉપાયોથી ચતુર્વિધ પુરૂષાર્થને કર, એટલે તરતજ જ્ઞાન સ્વરૂપ પરમાત્મા તને તાદૃશ્ય થશે. આટલું થતાં હે રાજન્ તને સત્વર સાક્ષાત્કાર થશે. હે પવિત્ર નૃપતિ, સૂર્યનો ઉદય

થતાંજ જેમ અંધકારનો નાશ થઇ જાય છે તેવીજ રીતે જ્ઞાન સ્વરૂપ સૂર્ય ભગવાન હૃદયકમલમાં જાગ્રત થતાં અજ્ઞાનરૂપિ અંધકાર સત્વર નાશ થઇ જાય છે. માટે પ્રથમ તત્ સત્ આદિ વેદના મહા મંત્રને સદગુરૂ દ્વારા પ્રાપ્ત કરી પશ્ચાત તેનું શ્રવણ મનન અને નિદીધ્યા ન કેટલોક કાળ યથાવિધિ કરી તારો મનોરથ પુર્ણ કર ? બાકી જેમ અશ્વવિદ્યા તેમજ હીરાપન્ના મોતી ઈત્યાદિની પારખ કરવાની વીદ્યા, તે તે વિદ્યાના શાસ્ત્રો જોયા અને જાણ્યા હોય છતાં તે વિદ્યાએ તત્ક્ષણ તેને સિદ્ધ થઈ શકતી નથી તેવીજ રીતે બ્રહ્મવિદ્યા વેદશાસ્ત્રોદ્વારા સંપુર્ણ પ્રાપ્ત કરી હોય છતાં પણ તે બ્રહ્મનો સાક્ષાત્કાર તત્ક્ષણ કરાવી શકવા કેવલ અસમર્થ છે. અશ્વવિદ્યાનું અને મોતી માણેક પરખવાની વિદ્યાનું જ્ઞાન જેમ પ્રાણીનું આખું જીવન જાય તોપણ સંપુર્ણ પ્રાપ્ત થતું નથી તેવીજ રીતે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા રૂપી પરા વિદ્યાનું સંપૂર્ણ જ્ઞાન જે કેવલ મન ઇંદ્રિય કરણો અને શબ્દથી પણ પર છે તે જ્ઞાન પ્રાણીને તત્કાલ શી રીતે પ્રાપ્ત થઇ શકે. હે રાજન્ માત્ર તે પ્રાપ્ત કરવાનો ઉપાય મેં જે તને ઉપર બતાવ્યો તે સત્ય સમજી શ્રવણ મનન નિદિધ્યાસન ઇત્યાદિ રૂપ પુરૂષાર્થ વડે કરી જ્ઞાન સ્વરૂપ પરમાત્માના, જેને તું તાદૃશ્ય કરવા માગે છે તે ઇષ્ટના નિયંતાના તને દર્શન થશે. બાકી પરમાત્માના દર્શન પુરૂષાર્થ વગર તત્કાલ કરવાને વિધિ હરિહર સુદ્ધાં પણ સમર્થ નથી એમ તું નિશ્ચે કરીને જાણ ?

આટલુ કહી મુનિ એકદમ અંતરધ્યાન થઇ ગયા અને સભા એકદમ આશ્ચર્ય પામી વિસરજન થવા લાગી અને રાજા તો બીલકુલ સ્તબ્ધ બની ગયો અને યોગી મુનિના સત્ય સ્વરૂપનું હૃદયમાં તેને ભાન થવા લાગ્યું કે આ સર્વને મેં અત્યાર સુધી કેદ વીગેરે રાખ્યા તે અત્યંત ખોટું કર્યું, જેથી સર્વને વિવેક અને સન્માનથી પોતાની શક્તિ પ્રમાણે દ્રવ્ય આપી ક્ષમા માગી વીદાય કર્યાં. સમર્થ સદગુરૂને પ્રાપ્ત કરી મુનિ યાજ્ઞવલ્કયના સદુપદેશ પ્રમાણેજ પુરૂષાર્થ કરી સાક્ષાત્કાર

કરવાની જાગ્રત થએલી વૃત્તિવાળો રાજા પશ્ચાત થોડા દીવસો ગયા એટલે રાજપાટ પૂત્રને સોંપી સદગુરૂ કરવાની ઈચ્છાએ સદગુરૂની શોધમાં જ્યાં ત્યાં પર્યટન કરવા લાગ્યો અને કેટલેક વર્ષે હિમાલયમાં આવેલા કૈલાસ નામના શીખર ઉપર જઈ એક પર્ણકુટિકા બાંધી સત્પુરૂષોને પૃથ્વિ ઉપર ઉતરવાનું બારૂં બંધ કરી ત્યાં બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય એમ બન્ને જેનામાં હોય અને પરમયોગી પુરૂષ હોય તેને સદગુરૂ કરી તે દ્વારા જ્ઞાન સ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કારવારૂપ પુરૂષાર્થને સાધવો એવો સત્ય, શુભ, અને દૃઢ સંકલ્પ કરી ત્યાં પરમાત્માનુ રદયમાં રટણ કરવા લાગ્યો. અને કેટલેક કાળે તેણે અનેક કષ્ટ સાધ્ય પુરૂષાર્થ વડે કરીને સાક્ષાત્કાર કર્યો. હે વત્સ પ્રહર્ષ હવે કેટલીક કહેવાની બાબતોનું તારા પ્રતિકાલે કથન કરીશ માટે સ્વસ્થ થઇ નિત્યનિયમ પ્રમાણે રાત્રિની સંયમ ક્રિયાઓ કરી નિયમીત નિદ્રાને પ્રાપ્ત થાઓ ! આ પ્રમાણેના વચનો શ્રવણ કરતાંની સાથે પ્રહર્ષે શિષ્ય વર્ગ સહિત પોતાના સદગુરુ વર્ચસતમાને સાષ્ટાંગ દંડવત કર્યા એટલે મુનિ પોતાના શૈયાસન ઉપર પધાર્યા. અને સર્વ પોત પોતાને સ્થાને ગયા.

प्रकरण १३ मु.

जाग्रत्स्वप्नसुषुप्तिषुस्फुटतरा यासंविदुज्जृम्भते
या ब्रह्मादिपिपीलिकान्ततनुषु प्रोताजगत्साक्षिणी ।
सैवाहं न च दृश्यवस्त्विति दृढ प्रज्ञापि यस्यास्तिचे
चांडालोऽस्तु सतुद्विजोऽस्तुगुरुरित्येषामनीषामम ॥

(श्रीमद् भगवान शंकराचार्य)

જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં જે સ્પષ્ટપણે સમાન અને સંવિત્ વિલસિ રહે છે, જે બ્રહ્માથી માંડીને કીડી પર્યંત પ્રાણીમાત્રમાં સુત્રવત્ પરોવાઈ જગતના–સાક્ષીરૂપે રહેલું છે તેજ તત્વ હું છું અન્ય કોઇ દૃશ્ય વસ્તુ નથી એવી જેને દૃઢ બુદ્ધિ રહેલી છે તેઓ પછી દ્વીજ અર્થાત બ્રાહ્મણ હો કીંવા ચાંડાલ હો તોપણ તે જીવનમુક્ત ગુરૂરૂપ છે—

—તરંગ ૧ લો—

—શ્રીમંત કરતાં રંકમાં વીશેષ બુદ્ધિ હોય છે—

બીજે દીવસે મુનિ વર્ચસ્તમા પોતાના કથા કહેવાના આસને બીરાજ્યા એટલે પ્રહર્ષે શિષ્યવર્ગ સહીત આવી સાષ્ટાંગ કર્યા પશ્ચાત મુનિ પ્રહર્ષને નીચે પ્રમાણે કહેવા લાગ્યા 'હે પ્રહર્ષ આ મારો તારો કથા પ્રસંગ, આટલો સમય ચાલ્યો તેમાં તારે તારો ધર્મ જે જાણવાનો હતો તે સંપુર્ણ મેં તને જણાવ્યો છે, જેથી હવે કેટલીક બાબતો ઉપર છેલ્લામાં છેલ્લું વીવેચન કરી પશ્ચાત તને ગૃહી થવા અર્થે તારે સ્વદેશ જવાની આજ્ઞા કરીશ. હે તાત્ તો તે મારી આજ્ઞાનું યથાવિધિ પાલન કરી તારા વ્યહવાર અને પરમાર્થ ઉભયને સિદ્ધ કરી પરીણામે પરમ પદની પ્રાપ્તિથી અજરામરત્વના સુખને ભોગવજે ? હે મુમુક્ષુ શિષ્ય, સંસારમાં પ્રવેશ કર્યા પછી તારા પ્રાપ્તધર્મ કર્મને કરવામાં લેશ પણ પાછો પડીશ

નહીં, તો સર્વ અર્થ સિદ્ધ થશે એનિઃસંશય જાણજે. ગૃહીથયા પછી સર્વ અર્થ સિદ્ધ કરવામાં પાછો એવો પણ ઉદ્દેશ ન સેવીશ કે શ્રીમંત કરતાં ગરીબમાં બૂદ્ધિબળ ઓછું હોય છે; હે વત્સ ગરીબમાં તો શ્રીમંત કરતાં પ્રસંગાવશાત્ અત્યંતબુદ્ધિ હોય છે કે જે બૂદ્ધિ તેને પરીણામે શ્રીમંત બનાવી દારિદ્રાવસ્થાથી દુર કરી તથા મોટા અધિકારને પ્રાપ્ત કરાવી નિરંતર સત્કૃતિમાં પ્રેરે છે. હે મુમુક્ષુ શિષ્ય, તે વિષય ઉપર એક અતિ રસિક દૃષ્ટાંત શ્રવણ કરાવું તે પ્રસન્નતાથી શ્રવણ કર?

પૂર્વે સરસ્વતિ નદીના દક્ષિણ તટ ઉપર કશ્યપનગર નામનું એક વિશાળ નગર હતું. તે નગરમાં કશ્યપસેન કરીને રાજા રાજ્ય કરતો હતો. આ નગરમાં બ્રાહ્મણોની વસ્તી આશરે પોણાભાગની હતી અને તે સરસ્વતિને કીનારે હોવાથી એક યાત્રાનું પવિત્ર સ્થળ ગણાતું હતું. આ કશ્યપસેન રાજા પણ ઘણો ધર્મિષ્ટ અને સદાચારી હતો, અને તેથી દરવર્ષે શ્રાવણ માસમાં ત્રીસે દીવસ પોતાના તમામ સૈન્યસહ હાથીની અંબાડીમાં બેસી સવારી સાથે આવી, તે સરસ્વતિના પવિત્ર તટ ઉપર આવેલા નૃસિંહેશ્વર મહાદેવનું પૂજન કરતો. અને બ્રહ્મભોજન તથા ગરીબોને દાન કરતો. આ નગર મોટું અને ધંધા રોજગારનું પણ તે વખતે એક મુખ્ય સ્થળ હતું, જેથી ઘણા મારવાડીઓ વેપાર કરવા માટે આવીને વસ્યા હતા. એક દીવસના સમાયોગે શ્રાવણ માસ બેસતાંજ એક બુદ્ધિદાસ નામનો મારવાડી વાણીયો મરચુ મીંઠું વીગેરેનો વેપાર કરવા અર્થે આવ્યો; તે ઘણોજ કંગાલ હોવાથી દરરોજ રૂપીયા બે રૂપીયાનો માલ લાવી પરચુરણ વેચતો અને તેમાંથી દરરોજ એક વખત જમે તેટલો નફો પ્રાપ્ત કરી તે વડે પોતાનો નિર્વાહ ચલાવતો હતો; તેણે એક મારવાડીની દુકાન નીચે એક આદમી પણ પુરો બેસી ન શકે તેટલી જગામાં પોતાની દુકાન કરી હતી અને મરચુ મીંઠું વેચતો હતો. તેનામાં બુદ્ધિ જો કે ઘણી હતી પણ યોગાનુયોગે સારી સ્થિતિ પ્રાપ્ત કરવા

અર્થે પ્રમાણીકપણે અને સાચી દાનતથી શુભ પ્રયત્ન કરતો હતો. એમ કરતાં તેને દુકાન કર્યાને બે ત્રણ દીવસ થયા એટલે પેલો કશ્યપસેન રાજા સવારી સાથે હાથીની અંબાડીમાં બેસી તે બુદ્ધિદાસ વાણીઆની દુકાન આગળ આવ્યો એટલે તેની દૃષ્ટિ કંગાલ બુદ્ધિદાસ ઉપર પડી. તેની ગરીબી જોઇ દયા આવવાથી રાજા કશ્યપસેન ઉભો રહી તેને પેહેલી એક આંગળી બતાવી, પછી બે ભેગી દેખાડી, સમશ્યામાં પુછવા લાગ્યો કે, અરે વણીક તને એક વખત અનાજ મળે છે કે બે વખત. "પેલા બુદ્ધિદાસે બોલ્યા ચાલ્યા વગર એક આંગળી બતાવી સમશ્યામાંજ ઉત્તર આપ્યો કે 'એક વખત.' એટલું કહી બે હાથે રાજાને તેણે નમન કર્યું એટલે રાજા તેનો ઉત્તર સમજી જઇ, શ્રાવણ માસ પછી એ કંગાલ વણિકનું દળદર ટાળવું એવો પોતાના મન સાથે નિશ્ચય કરી ચાલ્યો ગયો. સવારીમાં છેક પાછળ હાથી ઉપર સોનાની અંબાડીમાં બે વિભાગ કર્યા હતા જેમાં આગલા વીભાગની બેઠકમાં રાજા કશ્યપસેન બિરાજતો અને પાછલા વીભાગની બેઠકમાં બન્ને બાજુએ પોતાના મુખ્ય બે અમાત્ય હતા તે બેસતા અને એ પ્રમાણે મોટી સવારી સહીત શ્રાવણ માસમાં દરરોજ સાંજે તે શંકરના પૂજન અર્થે જતો હતો. પેલા બુદ્ધિદાસ વાણીયાની જોડે જે દીવસે રાજાએ વાત કરી તે દીવસે પુજનમાંથી પરવારી સવારી રાજાને રાજમેહેલે ઉતારી વેરાઈ ગઇ અને પેલા બે અમાત્ય પણ ઘેર ગયા. પણ તે બન્ને જણાઓમાંથી કોઇને પણ નિદ્રા ન આવી. કારણ કે તેમને રાજાએ મુંગેમોઢે તે વાણીયાસાથે સમશ્યામાં શીવાત કરી તે કયારે સહવાર પડે અને વાણીઆને બોલાવી પુછી વાકેફ થઇએ એવી તિવ્ર જીજ્ઞાસા ઉત્પન્ન થઇ હતી. આ પ્રમાણે તે બન્ને અમાત્યો આતુર બની રહ્યા હતા છતાં એક બીજાની ઇચ્છા એક બીજાને તેમણે જાહેર કરી નહતી. જેથી પરસ્પર એક બીજાની તે શમશ્યાનો ભેદ જાણવાની ઈચ્છાથી અજ્ઞાત હતા. જેથી પેહેલા [1]અમાત્યે રાતના પથારીમાં સુતે સુતે વિચાર કર્યો

કે "કદાચ વાણીઆને અત્રે બોલાવીશું તો સહુએ કોઇ તે વાત જાણી જશે માટે લાવો અત્યારે મધરાત્રિ થવા આવી છે જેથી એકલો અંધારપછેડો ઓઢી ચુપકીથી તે વણિક બુદ્ધિ દાસને મળી તે રાજાની સમસ્યાનો ભેદ જાણી લઉં અને પછી નિરાંતે આવી નિદ્રાલઉં; જ્યાં સુધી એ ભેદની ખબર પડી નથી ત્યાં સુધી જીવને લેશપણ ચેન પડવાનું નથી માટે લાવ સમય અનુકુળ છે તો ભેદ જાણી આવું. બીજા અમાત્યને પણ આ વાતની ખબર પડનાર નથી, અને આપણે ભેદ જાણી લઈશું. શમસ્યાનો ભેદ કંઇક મારોજ ઘાટ ઘડવા ખાતર હોય તો વાતની પ્રથમથી ખબર હોય તો તેનો ઉપાય થાય. હમણાં હમણાં રાજા કશ્યપસેન ઉપર મારી વિરૂદ્ધની સેંકડો અરજીઓ આવી છે કે પહેલો અમાત્ય રૂશવતસિંહજી ઘણીજ લાંચ ખાય છે. એટલે 'ચેતતા નર સદાયે સુખી' એ કહેવત પ્રમાણે ચેતીને બેસવાથી લાભ છે. માટે લાવ તેમજ કરૂં." આવો નિશ્ચય કરી કશ્યપસેનના પેલા પહેલાવર્ગના અમાત્ય રૂશવત સિંહજી તો પથારીમાંથી ઉઠી કપડાં પેહેરી, માથા ઉપર અંધારપછેડો નાંખી તે વાણીયાની દુકાન આગળ આવ્યા. આવીને જુએ છે તો તે ગરિબ બુદ્ધિદાસ વાણીયો દુકાન આગળ એક વહાણુનો છ આનાનો ખાટલો ઢાળી તેમં ફાટેલી એક ગોદડી બિછાવી લસલસાટ ઉંઘતો હતો. રૂશવતસિંહે તેને ધીરે રહી પગના અંગુઠાવડે ઢંઢોળ્યો એટલે તે ચમકીને જાગ્યો અને કહેવા લાગ્યો. "અરે ભાઇ શું છે કેમ છે, કેમ તમારૂં આવવું થયું આપ કોણ છો અને આમ એકાએક આટલી મધરાત્રિએ મને જગાડવાનું શું કારણ?" આ સાંભળી પેલા રૂશવતસિંહ અમાત્યે તેને કાનમાં કહ્યું કે "શેઠ, ધીરે ધીરે કોઈ ન સાંભળે તેમ વાત કરો, હું રાજા કશ્યપસેનનો પ્રથમ દરજ્જાનો અમાત્ય છું. મારૂં નામ રૂશવતસિંહ છે. હું આપને એક વાત પુછવા આવ્યો છું કે આજે સાંજે બજારની વચમાં

૧. અમાત્ય-પ્રધાન-વજીર-દીવાન. Prime minister.

બધી સવારીને થોભાવી રાજા કશ્યપસેને તમારી દુકાન આગળ હાથી ઉભો રાખી શમસ્યામાં મુંગે મોઢે આંગળીઓ હલાવી વાત કરી તે શી વાત અને શી હકીગત હતી.'' અમાત્ય રૂશવતસિંહના આ વચન સાંભળી બુદ્ધિદાસે બૂદ્ધિપૂર્વક વિચાર કર્યો કે " જરૂર આ અમાત્ય નામ પ્રમાણેના ગુણવાળો હોવો જોઇએ, નહિંતો તેને આટલો બધો ભય રહે નહીં. જરૂર તેનાપર લાંચને માટે રાજાની વક્રદૃષ્ટિ હશેજ. હવે આ યોગાનુયોગે લક્ષ્મી કમાવાનો લાગ ઠીક છે જેથી, હવે બરાબર તાલ જમાવીએ. બન્ને અમાત્યોએ લુંટેલા લોકોના હરામના નાણા તેમના ઘરમાંથી ખાલી કરાવું. '' આવો મન સાથે નીશ્ચય કરી બુદ્ધિદાસ તે રૂશવતસિંહ અમાત્યને કહેવા લાગ્યો, " જુઓ રૂશવતસિંહજી એ ભેદ મારાથી તમને ના કહેવાય. પછી તો તમારો રાજા મારામાં આટલો બધો વીશ્વાસ રાખે છે તે પણ ના રાખે ને હું પણ પછી તમારા જેવો નીમકહરામી ગણાઉં. તે ઉપરાંત વળી મારા બાપદાદા કે જેઓએ તમારી પેઠે એજ તમારી પહેલા દરજ્જાના અમાત્યની પદવી ભોગવી રાજ્યના મોટાં મોટાં નીમકહલાલીનાં કામો કર્યાં છે અને તેથી કરીને જે તેઓએ મહાન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે તેને માથે પણ છીની મુકાય માટે દીલગીર છું કે મારાથી તે અમારા બન્નેની ખાનગીવાત આપને નહીં નિવેદન કરી શકાય. આતો મેં સટ્ટાનો ધંધો કર્યો અને તેથી ગરીબ સ્થિતિ ભોગવું છું. રાજાજી ઘણાએ કહે છે કે ચાલ તને અમાત્યના અધિકાર ઉપર નીમું પણ હું એવો સાચો માણસ છું કે વેપાર કરીને મારી ખરી મેહેનતથી જે મારા નસીબ પ્રમાણે પ્રાપ્ત થાય તેથીજ સંતોષ માની બેસી રહું છું અને પ્રભુનું ભજન કરૂં છું. કોઈ કોઇવાર જ્યારે તમારો રાજા સલાહ લેવા કે એવા કોઇ ખાનગી કામ માટે આવે છે ત્યારે ત્યારે મને વ્યાજબી લાગે તે તેતેમને કહું છું માટે રૂશવતસિંહજી એ વાતતો કહેવાય એવી નથી પણ એટલા તમે અહીંસુધી મારી પાસે આવ્યા ત્યારે તે સમસ્યાનો અર્થ સહ-

જ ચેતાવું છુ કે "તમે હવે તમારા જીવનની બધી પેઢી પતાવીને બેસજો કારણ કે રાજાનો હવે તમને દેહાંતદંડની શીક્ષા કરવાનો દૃઢ નિશ્ચય થઇ ગયો છે" આ હકીગત સાંભળી પેલો રૂશવતસિંહ અમાત્યતો ત્યાંને ત્યાં ઠરીજ ગયો. પછી ધીરૂ રહી આજીજીથી તે બુદ્ધિદાસને કેહેવા લાગ્યો "હા શેઠ મને પણ એવોજ વેહેમ આવ્યો કે જરૂર કાંઇ તમે બન્નેએ સમશ્યામાં મારીજ વાત કરી." બુદ્ધિદાસે કહ્યું "હા તમારીજ તે વાત હતી. લ્યોને પ્રગટ કરૂં છું પણ કોઇને કહેશો નહીં. રાજાએ મને બે આંગળી ઉંચી કરીને જે કહ્યું તેમાં એવો ભાવાર્થ હતો, કે બન્ને આમાત્યો લાંચીયા ઘણા થઈ ગયા છે તો તે બન્નેને એકજ દીવસે દેહાંતદંડની શીક્ષા કરવી કે આગળ પાછળ ત્યારે મેં એક આંગળી ઉંચી, કરીને કહ્યું કે હમણા પેહલા એકનેજ ફાંસીએ ચડાવી દો પછી બીજાની વાત. રાજાએ મારૂં કેહેવું સ્વિકાર્યું અને કુચ કરી દીધી, આ વાત છે માટે હવે જે કંઇ ઉપાય કરવો ઘટે તે કરજો તમે જાણો. આ જે હતું તે કહી દીધું." આ સાંભળી રૂશવતસિંહ કહેવા લાગ્યો " બુદ્ધિદાસ શેઠ આપ કહો તેટલું નાણું ખરચું. આપ કહો તો બધી મારી જમીન જાગીર લખી આપું પણ કોઇ રીતે મારા પ્રાણ ઉગરે તેવો ઉપાય કરો ? "બુદ્ધિદાસ બોલ્યો " રૂશવતસિંહજી જ્યારે તમે પૈસાની વાત કરી તો પછી તમારા પ્રાણ બચાવાને કોઇ રીતે અડચણ નથી. જર કરે પાણીમાં ઘર પૈસો હોય તો શું ન થાય. સઘળું થઈ શકે." રૂશવતસિંહે કહ્યું "શેઠ તમારી મરજીમાં આવે તે લ્યો પણ ગમે તે કરીને રાજાને તેમ કરતાં અટકાવી મને જીવતદાન આપો ?" બુદ્ધિદાસ બોલ્યો "જાઓ ત્યારે રૂશવતસિંહ જો તમે પાંચ લાખ સોના મોહોર તથા તમારો નગર બહારનો બગીચો બંગલો અને આ બજારમાં છે તે તમારી હવેલી મને આપતા હોતો તે પ્રમાણે તમારો જીવ બચાવવા હું તૈયાર છું" રૂશવતસિંહે કહ્યું "હા હા લાવો તેમ કરૂં. લાવો દસ્તાવેજનો કાગળ તો

બગીચો બંગલો આ હવેલી સર્વે તમને લખી આપું અને પાંચ લાખ મોહોરો હમણાં ને હમણાં ઘેર જઈ મોકલી આપું છું પછી શું પણ 'જીવતો નરભદ્રા પામે' જીંદગી હશે તો બધું એ પાછું આવી મળશે." આ સાંભળી બુદ્ધિદાસે તો તેં પોતાની દુકાન ઉઘાડી તેમાંથી દસ્તાવેજનો કાગળ કાઢી રૂશવતસિંહ પાસે તેપર સર્વ જમીન જાગીર લખાવી લીધી. અને પાંચ લાખ મોહોર આપવાનું ખાતું પડાવી લેઇ બંગલો બગીચો અને પેલી બજારવચમાં આવેલી તેની હવેલીનો કબજો આપી દેવા પણ કહ્યું. રૂશવતસિંહે તે મુજબ લખી આપી ઘેર આવી પાંચ લાખ સુવર્ણ મોહોર તથા પેલાં સર્વ મકાનની કુચીઓ વીગેરે તરતને તરત મોકલાવી દીધું અને બુદ્ધિદાસે પણ હવેલી ઉઘાડી તરતને તરત તેમાં પાંચ લાખ સુવર્ણ મોહોરની થેલીઓ તીજોરીમાં ગોઠવાવી દીધી. અને પોતે ત્યાં જઇ સર્વ લખાવેલી મીલકત હસ્તગત કરી તેજ પેલા ખાટલામાં જઇને સુઈ રહ્યો, અને રૂશવતસિંહ પણ બધા કામથી પરવારી છેક સહવારના પાંચ વાગે જઇ સુઇ રહ્યો. સહવાર થયું નાહી ધોઇ બુદ્ધિદાસ પેલી પોતાની નાની દુકાન ઉઘાડી નિત્યનિયમ પ્રમાણે પરચુરણ મીઠું મરચું વેચવા બેઠો. એટલામાં પેલો બીજા અમાત્ય દુર્જનસિંહે આવી તેણે પણ એજ રીતે કહ્યું. બુદ્ધિદાસે તેને પણ એ પ્રમાણેજ શીશામાં ઉતારી તેની પાસેથી પણ પાંચ લાખ સુવર્ણમોહોર તથા બગીચો બંગલો અને કેટલીક બજારમાં તેની આઠ દશ દુકાનો હતી તે સઘળી લખાવી લેઇ સર્વનો કબજો લેઇ તેને પણ ઘેર વીદાય કર્યો. જે દુકાન નીચે તે બેસતો હતો તે દુકાન દુર્જનસિંહની હતી તે પણ તેના કબજામાં આવી જેથી તેમાંના ભાડુઆતને તરતને તરત ખાલી કરાવી પોતે દુકાન કરી તેમાં મોટા શેઠ જેવા ઉત્તમ વસ્ત્રાભૂષણો પેહેરી એક હાથ ઉંચી રૂની મોટી ગાદી ઉપર બેઠો, અને નોકર ચાકર ગાડી ઘોડા વીગેરે તેજ દીવસે ખરીદી લીધા. તે દીવસની સાંજ સુધીમાં તો આવી રીતે કરીને બુદ્ધિદાસ તો મહાન શેઠીઓ થઇ બેઠો હતો. પાન

અત્તર વીગેરેથી યુક્ત બની ગુમાસ્તાઓને કરીયાણાના અને કોથળાઓ જે ખરીદીને તેણે દુકાનમાં ગોઠવી દીધા હતા, તેને વેચવાના ભાવો બતાવતો હતો. દરમ્યાન નિત્યનિયમ પ્રમાણે સંધ્યાકાળનો સમય થઇ જવાથી રાજા કશ્યપસેનની સવારી મહાદેવના પૂજન અર્થે જતી હતી તે તેની દુકાન આગળ આવી પોહોચી અને રાજા પણ હાથીના હોદ્દામાં ત્યાં આવી પોહોચ્યો રાજાએ તો પેલા બુદ્ધિદાસ વણિકને એક મહાન શેઠીયા જેવો બનેલો જોઇ એકજ રાતમાં એકાએક આવો શ્રીમંત તે શી રીતે થઇ ગયો તે વાતનો તેને સંદેહ ઉત્પન્ન થયો જેથી હાથી ઉભો રાખી તેને કહ્યું "અરે વણીક શેઠ તમે કાલે સહવારે મારે મેહેલે આવી મને મળજો, મારે જરા મારા મનનો સંદેહ દુર કરવો છે" વાણીઆએ કહ્યું "બહુસારૂ અન્નદાતા, જરૂર આવીને સંદેહ આપનો દુર કરીશ." આ સાંભળી રાજાતો સ્વારીસહીત નિત્યનિયમ પ્રમાણે તે શ્રીનૃસિંહેશ્વર મહાદેવના મહાપૂજન અર્થે ચાલ્યો ગયો. પેલા બે અમાત્યોને પણ આથી મનમાં વિશ્વાસ ચોટયો કે 'જરૂર હવે પ્રાણ બચશે અને બુદ્ધિદાસ રાજાને તેમ કરતાં જરૂર અટકાવશે.' આથી તેઓ પણ પ્રસન્ન થઇ સ્વારી ઉતરી એટલે ઘેર ગયા. બીજે દીવસે પ્રાતઃકાળ થયો એટલે બુદ્ધિદાસ મ્યાનામાં બેસી રાજા કશ્યપસેનને મેહેલે આવ્યો. રાજાએ તેને સન્માન આપી બેસાડયો પશ્ચાત પુછયું કે "એકાએક એકજ રાતની અંદર શેઠજી તમને આટલી બધી સંપતિ કયાંથી મળી ?" બુદ્ધિદાસે કહ્યું. "અન્નદાતા, એ સૌ મારી બુદ્ધિનો પ્રતાપ છે. પણ પ્રથમ એ વચન આપો કે, એ મારી બુદ્ધિનો ઉપયોગ સાચો માલમ પડે તો મને કશું પણ કરવું નહિં તેમજ જે બે લાંચીયા અધિકારી ગુન્હાને પાત્ર જણાય તેને ફાંસી વીગેરે દેહાંતદંડની શીક્ષા સુધી સજા કરવી નહિં અન્ય જે સજા કરવી હોય તે કરવા આપ મુખ્તીયાર છો." આ સાંભળી રાજાએ વચન આપી તેમ કરવા કહ્યું એટલે પેલા બે અમાત્યોની અને પોતાની બુદ્ધિના ઉપ-

યોગથી લક્ષ્મી વીગેરે મેળવ્યાની સવિસ્તર હકીકત નીવેદન કરી. રાજાએ પ્રસન્ન થઇ તે બન્ને અમાત્યોની પદવી બુદ્ધિદાસને આપી અને તેઓ બન્નેને અધિકાર ઉપરથી દુર કર્યા એટલીજ માત્ર સજા કરી. એ રીતે બુદ્ધિદાસની બુદ્ધિથી કશ્યપસેન રાજાએ જાહોજલાલીથી રાજ કર્યું.

માટે હે વત્સ્ પ્રહર્ષ એમ ન સમજવું કે શ્રીમંત કરતા ગરીબમાં બુદ્ધિ ઓછી હોય છે. લક્ષ્મીવાન બધા બુદ્ધિવાનજ હોય છે એમ નથી. તેમજ જ્યાં લક્ષ્મી હોય છે ત્યાં બુદ્ધિ હોય છે એમ પણ નથી. લક્ષ્મીથી બુદ્ધિ આવતી નથી પણ બુદ્ધિથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે એમ સત્શાસ્ત્રો અને સત્પુરૂષો પણ કહે છે.. એક ઠેકાણે લક્ષ્મીએ, બ્રહ્મા ભગવાનને કહ્યું છે કે 'मुर्खस्य मे वल्लभाः હું તો મુર્ખજનોની વલ્લભા અર્થાત સ્ત્રી છું માટે બધા શ્રીમંતો બુદ્ધિમાન હોય છે અને ગરીબોમાં બુ-દ્ધિ શ્રીમંત કરતાં ઓછી હોય છે એમ તું લેશપણ ધારીશ નહિં. ચાલો હવે રાત્રિ ઘણી વીતી ગઇ છે માટે પોતપોતાને સ્થાને જઈ સર્વે નિદ્રાવશ થાઓ.” આટલું કહી પ્રહર્ષ સહિત સર્વ શિષ્ય મંડળે પોતાના સદ્દગુરૂ વર્ચસ્તમાને સપ્રેમ સાષ્ટાંગ કર્યા અને મુનિ પોતાના શૈયાસનના ઓરડામાં સિધાવ્યા તમજ સર્વ શિષ્યવર્ગ પણ વીદાય થયો.

—તરંગ ૨ જો—

—જગત એજ હરિ છે—

બીજે દીવસે રાત્રીએ સમય થતાં મુનિ વર્ચસતમાએ પ્રહર્ષને કહ્યું હે વત્સ હવે તારી જેજે શંકાઓ હોય તેનું તું મારા સમીપ છે ત્યાં સુધી સમાધાન કરીલે ? કારણ કે તારે હવે ગૃહસ્થાશ્રમ સ્વીકારિ ક્રમેક્રમે ચારે આશ્રમોને સિદ્ધ કરી પરમ પદે સ્થિત થવાનું છે અને તેમ કરવામાં જેટલા કાળની અને પુરૂષાર્થની આવશ્યકતા છે તે આવશ્ય તને પ્રાપ્ત થશે માટે હવે નિર્ભય થઇ જે પ્રશ્નો પૂછવા હોય તે સુખેથી પૂછીલે ?

આ વચન સાંભળી પ્રહર્ષ બોલ્યો “ હે ભગવાન્ જે વેદ શાસ્ત્ર અને સત્પુરૂષો જગદેવ હરિ અને હરિરેવ જગત’ એ વા કયનું કથન કરે છે તે કેવીરીતે તે કૃપા કરી સમજાવો ?” મુનિ વર્ચસતમા કહે છે “હે પ્રહર્ષ તે સર્વથા સત્ય છે; હરિ એ જગત અને જગત એજ હરિ છે. કારણ કે જગત ચિદાકાશ રૂપ છે જાગ્રતમાં તેમજ સ્વપ્નમાં જે દૃશ્ય જણાય છે તે દૃશ્ય રૂપાત્મક જગત છે અને તેનો આધાર મૂલ શુન્ય ચિદાકાશ છે. તે ચિદાકાશનું સ્વરૂપ ચિદાકાશમાંથીજ પ્રકટ થએલું છે. હે મુમુક્ષુ શિષ્ય, બ્રહ્મ સ્વરૂપ ચિદાકાશથી જુદુ નથી. હે પ્રહર્ષ આ જગતના આરંભમાં કોઇપણ કારણ નહતાં તેથી પ્રાણીઓ તથા મહાભુતો વાસ્તવિક પણ ન હતાં. એટલે પૃથ્વી ઇત્યાદિથી બનેલું શરિર પણ હતુંજ નહિં અર્થાત કશું હતુંજ નહિં. માત્ર એક ચિદાકાશ સ્વપ્ન તુલ્ય દૃશ્યને જોયાં કરે છે કે જે ચિદાકાશ પોતાના સ્વરૂપનોજ એક વિર્વત છે. જ્યારે ત્રણ ગુણવાળી પ્રકૃતિને માયાનો સંબંધ થાય છે ત્યારે તે ચિદાકાશરૂપ વિર્વત આકૃતિમાં દેખાય છે. કારણકે પ્રકૃતિને માયાના સંગથી ક્ષોભ અને ગ્લાની ઉપજે છે. હે વત્સ, આકાશરૂપ ચિદાત્માનો આભાસ જે જણાય છે તે ચિદાભાસ સ્વપ્નવત્ જગતને નામે ઓળખાય છે. સ્વપ્ન જેમ મિથ્યા છે તેવી જ રીતે જગત એ મિથ્યા છે. કારણ કે વાસ્તવિક રીતે તો તે માત્ર ચિદાત્માનો આકાશરૂપ આભાસ અર્થાત ચિદાભાસ છે. આટલા માટે હે પ્રહર્ષ શ્રીસદગુરૂ અને સત્શાસ્ત્રો આ જગત એજ હરિ છે એમ કહે છે તે તું અનુભવે કરીને જાણ ? આ સર્વ વિશ્વ પરમાત્માનોજ વિર્વત હોવાથી તેમાં સર્વત્ર ચિદાત્માનોજ વિસ્તાર છે. અને ચિદાત્મારૂપ વિવર્તમાં પૃથિવ પાણી જળ વાયુ ઈત્યાદિ સર્વ નામ રૂપાત્મક સંજ્ઞાઓ પણ તે ચિદાત્માએજ કલ્પી કાઢી છે. ચિદાકાશરૂપ વિવર્તનેજ જગત સ્વપ્ન ભ્રાંતિ ઈત્યાદિ શબ્દોથી આપણે કહીયે છીએ. આ નામરૂપાત્મક જગત સંબંધી અનેક દૃષ્ટિઓ છે પણ તે સર્વ આકાશમાં જેમ શુન્યતા રહેલી છે તેવીજ રીતે બ્રહ્મસ્વરૂપ

ચિદાત્મામાં પણ શુન્યતારૂપ અનેક દૃષ્ટિઓનો પ્રવેશ તથા સ્થિતિ વારંવાર થયાં કરે છે. હે પ્રહર્ષ જગતનું અને હરિનું સ્વરૂપ એક છે તેનું કારણ કે ચિદાકાશ જેમ નિરાકાર, શુન્ય, અનહદ, અનાદિ અને અનંત છે, તેવીજ રીતે પરઃબ્રહ્મ પણ નીરાકાર, શુન્ય, અનહદ, અનાદિ અને અનંત છે. જેમ ગરીબને સ્વપ્નમાં લક્ષ્મી પ્રાપ્ત થાય છે અને ધનને પ્રત્યક્ષ જુએ છે તેવીજ રીતે આ ચિદાત્માથી ભરપુર એવા આ ચિદાકાશને જગત જણાવું એ પણ જીવની મિથ્યા ભ્રાંતિ છે. એ ચિદાકાશ તો આકાર રહિત શુદ્ધ સાત્વીક ચૈતન્ય સિવાય અન્ય કશુંજ નથી એમ તું નિશ્ચે કરીને જાણ ? માટે હે પ્રહર્ષ આ જગત હરિથી ભિન્ન નથી પણ તેજહરિ છે. જેમ ચિદાકાશમાં રહેલી શુન્યતા જેમ ચિદાકાશથી કોઈ ભિન્ન વસ્તુ નથી તેવીજ રીતે બ્રહ્મમાં રહેલું જગત બ્રહ્મસ્વરૂપથી યતકિંચિત પણ ભિન્ન નથી. તેથી તે બ્રહ્મસ્વરૂપ સમસર્વત્ર વ્યાપ્ત, શાંત, નિરાલંબ, નિર્વિકાર અને જ્ઞાનમય ચૈતન્ય રૂપ બ્રહ્મ વિલાસ સિવાય અન્ય કશુંજ નથી. તે ચૈતન્ય સ્વરૂપેજ પોતાને હાથે પોતાનો વિસ્તાર કરેલો છે. અને તેથીજ "એક બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે તેમજ હરીએ જગત અને જગત એ હરી છે" એ મહાન વેદવાક્યો જેને શ્રી સમર્થ સદગુરૂઓ અને સત્શાસ્ત્રો કથન કરે છે એ તું નિશ્ચે કરીને જાણ ? પણ એ મહાન વેદ વાક્યોનું શ્રવણ મનન ઇત્યાદિ કષ્ટસાધ્ય સદ્પુરૂષાર્થદ્વારા કરી સ્વસ્વરૂપનું જ્ઞાન યથાર્થ રીતે પ્રાપ્ત કરવા અર્થેજ ચતુર્વિધ પુરૂષાર્થ સિદ્ધ કરવાની પ્રાણીને માથે ફરજ રહેલી છે. એજ મનુષ્યત્વ છે. પ્રાણીએ પોતાના મનુષ્યત્વને પ્રાપ્ત કરવારૂપ લીધેલો વેશ ત્યારેજ ભજવ્યો ગણાય છે. હે પ્રહર્ષ, અને એ વાર્ત્તા તો સિદ્ધ છે કે સદ્પ્રયત્નવાનજ મોક્ષરૂપ તેની જીજ્ઞાસાને ફલિભૂત કરે છે. હે બેટા, વેદશાસ્ત્ર એમ વિધાન કરે છે કે આંતર મનમાં શુભ સંસ્કારરૂપ બીજ વાવતી વખતે બાહ્ય મનને અત્યંત બલવાન સદૃઢ અને નિરંતર સદ્પ્રયત્નવાન રા-

ખવું ઘટે છે. અને તે બીજમાંથી મોટું વૃક્ષ થઇ પરિણામે એની મેળેજ ફળ પ્રકટાવે છે. માટે હે વત્સ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, શોક, ઇત્યાદિ દુર્ગુણોનો નાશ કરવા અર્થે અને ચતુર્વિધ પુરૂષાર્થને સિદ્ધ કરી સ્વવર્ણાશ્રમ ધર્મના યથાવિધિ પાલન પૂર્વકપરિણામે પરમપદે: સ્થિત થવાની નિશ્ચયાત્મક વૃત્તિને ધારણ કર ? અને તારે સ્વદેશ જઇ પ્રથમનો આશ્રમ જે ગૃહસ્થાશ્રમ તેનો અંગિકાર કર ? ભાનુદેવે ચતુર્થાશ્રમને સિદ્ધ કરી પરીણામે કેવું જીવનમુકતીના પદને પ્રાપ્ત કર્યું તે તને ઉપર કહેલા તેના વૃત્તાંતરૂપ દૃષ્ટાંતથી સમજાયું હશે માટે એકવાર તું ગૃહસ્થાશ્રમને સિદ્ધ કર પશ્ચાત અન્ય આશ્રમોના ધર્મો અને કેટલીક રસિક અને જ્ઞાનોપદેશની પવિત્ર કથાઓ દ્વારા તને શ્રવણ મનનાદિની સિદ્ધી અર્થે અને તારા કલ્યાણની ખાતર અવશ્ય તારા પ્રતિ આવી સવિસ્તર સંભળાવીશ, માટે પ્રસન્ન ચિત્તે તારામનનું યથાર્થ રીતે સમાધાન કરી પશ્ચાત તું પ્રયાણ કર; અને जगद्देवहरिः हरिरेवजगत એ મહાવાકયને સ્મરણમાં રાખી નિર્વિઘ્ને તારૂં હિતસાધવા પ્રયત્નવાન થા ? કારણ કે આ જગતની કહેવત છે કે સાધે તે વાધે; સાધન જો બરાબર આગ્રહપૂર્વક સિદ્ધ કરવામાં આવે છે તો અવશ્ય ફલને આપે છે. પછી જેટલો આગ્રહ તથા પુરૂષાર્થ કમી હોય છે તેટલું ઓછું ફલ મળે છે. નિરંતર સત્કાર અને આગ્રહપૂર્વક સેવાયલો સદ્પુરૂષાર્થ તે વિહિત પુરૂષાર્થ ગણાય છે. અને તેજ પરિણામે વિહિત ફલને પ્રાપ્ત કરાવે છે. માટે તને પ્રાપ્ત થએલાં સાધનોવડે સર્વ આશ્રમોના ધર્મોનું યથાવિધિ પાલન કરવા સંતત લક્ષ આપજે ? અત્યાર સુધી મારા ગુરૂપણાના ધર્મને અનુસરીને તને કર્મ ભક્તિ અને જ્ઞાન એ ત્રણેના સ્વરૂપનું વાસ્તવિક સદુપદેશ દ્વારા ભાન કરાવ્યું છે. તેથી એત્રણેના સ્વરૂપને તું હવે સંપુર્ણ સમજયો છું એવી મારી ખાત્રી થવાથી તને હવે ગૃહીના કર્મો કરવા આગ્રહ કરવામાં આવે છે એમ તું નિશ્ચે કરીને જાણજે ? જે મનુષ્યને બ્રહ્મનિષ્ઠ તેમજ શ્રોત્રિય એવા ઉભય સંપન્ન સ-

મર્થ સદગુરૂનું શરણુ પ્રાપ્ત થએલું છે તેના અંતઃકરણમાં કોઇ પ્રકારની શંકા રહેવાનો અવકાશ નથી; માટે હે મુમુક્ષુ શિષ્ય તારા હૃદયમાં હવે કોઇ પ્રકારની શંકા તો રહી ગઇ નહીં હોય છતાં હજી પણ પુનઃ પુનઃ તને કહું છું કે સ્વલ્પ પણ શંકા રહી ગઇ હોય તો મને નિવેદન કરજે; કારણકે સ્વલ્પ શંકાપણ અણીની વખતે સઘળો શ્રમ વ્યર્થ કરે છે. જો સ્વલ્પ શંકા પણ હૃદયાકાશના કોઇ પણ ભાગમાં રહી જાય છે તો કાર્યસિદ્ધિ થતી નથી. સાધે એ વાધે એ કહેવતનું વ્યહવારિક દૃષ્ટિનું એક દૃષ્ટાંત તને આ સ્થળે શ્રવણ કરાવું જે પરથી તને એમ સ્પષ્ટ થશે કે શ્રદ્ધા અને આગ્રહપૂર્વક યથાવિધિ સર્વ સાધનો સિદ્ધ કરવામાં આવે છે તોજ અવશ્ય શુભ ફલને પ્રાપ્ત કરાવે છે.

હે મહર્ષ, આ સૃષ્ટિના એક નગરના રાજાને ત્યાં અનેક મલ્લ પુરૂષો હમેશ કુસ્તી, કસરત ઇત્યાદિ કરી રાજાને રીઝવતા અને દેશ પરદેશથી અનેક મલ્લો, તે રાજા કુસ્તીનો અને કસરતનો ઘણોજ શોખીન છે એમ સમજી તેના રાજમહાલયમાં આવી ઉતમ પ્રકારની કસરતની કળાઓ રાજાને દેખાડતા ઇનામ ઈત્યાદિ પ્રાપ્ત કરતા, અને માલ મશાલા ખાતા. આમ કરતાં કરતાં એક દીવસે એક મલ્લે ઘણીજ ઉત્તમ પ્રકારની કસરત કરી જેથી રાજા પ્રસન્ન થયો અને તે મલ્લને બક્ષીસ પોશાક ઈત્યાદિ આપી અંતઃપુરમાં આવી રાણીની પાસે તે મલ્લની કસરતની પ્રસંશા કરવા બેઠો. રાણીએ પ્રત્યુત્તરમાં તેની વાત આશ્ચર્યવિનાની અને સાધારણ જેવી ગણી કાઢી કહ્યું " ઓહો રાજાજી એમાં તમે શી મોટી વાત કરી એતો હમેશ સાધે તે વાધેજ એવો સૃષ્ટિનો નિયમ છે. સાધન એવી વસ્તુ છે કે તેને શ્રદ્ધા અને આગ્રહપૂર્વક સાધનારો પુરૂષ તેને સિદ્ધ કરી શકે છે." રાજા ક્રોધથી આ સાંભળી રાણીને કહેવા લાગ્યો "હે રાણી એટલું બધું જ્ઞાન ધરાવો છો, તો સાધે તે વાધે એ તમારી કહેવત ને અમલમાં મુકી બતાવો અને અસાધ્ય વસ્તુ સાધ્ય કરી બતાવો તો તો એમ જાણું કે તમારૂં કહેવું

સત્ય છે બાકી ત્યાં સુધી હું એમજ સમજીશ કે તમે મારી વાત તોડી પાડી મને અપમાનને પ્રાપ્ત કર્યો જેથી તમને આજની તિથી દીવસથી માંડીને ત્રણ વર્ષ પુર્ણ થએ જો તમારી કહેવત ખરી કરી નહીં બતાવો તો તોપને મ્હોડે બાંધી ઉડાડી દેવામાં આવશે.” આટલું કહી રાજા ચાલ્યો ગયો અને રાણી પોતાના મન સાથે નીચે પ્રમાણે નીશ્ચય કરવા લાગી–“ ઓહો અભ્યાસ એવી વસ્તુ છે કે તે ન કરવાનું કરી શકે છે–પરમપદ જે મહાન યોગિ મુનિઓને પણ દુર્લભ છે તે પણ અભ્યાસથી પ્રાપ્ત થાય છે તો આ જગતમાં એવી પરમાત્મ તત્વથી અન્ય કોઈ પણ ચડીઆતી વસ્તુ નથી કે જે અભ્યાસથી પ્રાપ્ત ન થાય. માટે ખરેખર અભ્યાસ એવો પદાર્થ છે કે સાધકને કાર્ય સિદ્ધિ કરાવ્યા વગર રહેતો જ નથી. માટે લાવ એક મારી મંદાકિની નામની દાસિ છે તેને દરરોજ ગાયનું દુધ પાઉં અને તે ગાયનો વાછડો એકાદ બેદીવસનો છે તેને ઉચકી દરરોજ બહારની સીડીએથી રાજ મહાલયની અગાશી ઉપર લવરાવી નિરંતર ચ્હડ ઉતરની તેણીને અભ્યાસિ બનાવું.” આવો નિશ્ચય કરી તે રાણી પોતાની મંદાકિની નામની દાસિને વાછડાને લેઇ અગાશીએ ચ્હડ ઉતર કરવાની અતિ ઉતમ અભ્યાસિ બનાવા લાગી; દીવસે દીવસે તે વાછડો મોટો નંદી થયો અને દાસિપણ દરરોજ ગાય તથા ભેંશોનું દુધ પી પીને અત્યંત બલવાન બની. એમ કરતાં કરતાં આશરે અઢી વરસ વિતિ ગયાં અને પેલો વાછડો અઢી વરસનો મોટો આખલો થયો તોપણ મંદાકિની દાસી તેને ઉઠાવી ચ્હડ ઉતર કરવાના અભ્યાસમાંથી એક દીવસ પણ બંધ રહી નહતી તેતો એવડા મોટા આખલાને પણ રબારીની પેઠે ખાંધે મુકી સપાટાબંધ અગાશી ઉપર જતી અને ત્યાંથી ઉતરતી. એમ દીવસમાં સવાર સાંજ બન્ને વખત બરાબર અભ્યાસ કરતાં ત્રણ વર્ષ પુરાં થવાને એક દીવસ રહ્યો એટલે રાજાએ કહ્યું “રાણી કાલે તમારૂં મૃત્યુ થશે કારણકે ત્રણ વર્ષ પુરાં થશે અને તે દરમ્યાન તમે મને તમારી કહેવત ખરી કરી ન બતાવી

તેટલા માટે મારી પ્રતિજ્ઞાનો મારે અમલ કર્યા સીવાય છુટકો નથી " આ સાંભળી રાણી બોલી " રાજાજી આજે તમારા જેટલા મલ્લ લોકો હોય તે સર્વને બોલાવો અને હું તે મારી કહેવત ખરી કરી આપવા તૈયાર છું. "આ સાંભળી રાજાએ દ્વાર પાળને એકદમ હુકમ કર્યો કે સર્વમલ્લ લોકોને મારી સમક્ષ રજુ કરો ?" આ સાંભળી દ્વારપાળ પોહોચ્યો તે સર્વ મલ્લ લોકોને બોલાવી લાવ્યો. સર્વ મલ્લ લોકો એકઠા થયા એટલે રાણી પણ ઓઝલ પડદે આવી એક ઠેકાણે બેઠી અને પેલા આખલાને લેઇ મંદાકિનીને સભા સમક્ષ આવવા આજ્ઞા કરી. મંદાકિની આખલાને લેઈ ત્યાં આવી ઉભીરહી એટલે રાણીએ સર્વ મલ્લ લોકોને પ્રશ્ન કર્યા કે " તમે સર્વ મલ્લો રાજ્યના માલમશાલા ખાઈ ઘણા બલવાન થયા છો અને ઉત્તમ પ્રકારની કસરતો કરી રાજાજીને પ્રસન્ન કરો છો પણ આજે તમારા બલની તથા તમારી કસરતની કસોટી કરવાની છે; માટે આ જે આખલો છે તેને ખાંધ ઉપર ઉઠાવી રાજમહાલયની બહારની છો બંધ સીડી ઉપરથી થઈ અગાશીમાં જે કોઇ જાય અને એમ સાતવાર ચડ ઉતર કરે તેને અડધું રાજ્ય પાટ બક્ષીસ કરવામાં આવશે. " આ સાંભળી સર્વ મલ્લો સ્તબ્ધ થઇ ગયા અને માંહો માંહી વીચાર કરવા લાગ્યા કે આવો મોટો જબરદસ્ત આખલો કોણ ઉપાડી શકે અને વળી તેને ખાંધે નાંખીને સાતવાર આગાશી ઉપર જવા આવવાની ચ્હડ ઉતર કરવી તે પણ શી રીતે બને ? અને એતો કેવલ અસંભવિત વાત છે. અસાધ્ય વસ્તુ શી રીતે સાધ્ય થઇ શકે. માટે રાણીજીએ કહ્યું તે પ્રમાણે કરનાર માઇનો પૂત આ દુનિયામાં એક પણ નથી કે તે અસંભવિત વાત કરી શકે' આવો વિચાર કરી તે સર્વ મલ્લોએ રાજાને નમ્રતાથી બે હાથ જોડી કહ્યુ કે 'હે રાજન્ રાણીજીની વાત કેવળ અસંભવીત છે. એટલે ન બનવાની વસ્તુ કદી બની શકતી નથી માટે એ તો અમારાથી થઇ શકે તેમ નથી બીજું થઇ શકે તેવું કાર્ય હોય તો બતાવો તો અમે ક-

રવા તૈયાર છીએ. "રાજા આ સાંભળી રાણીને કહેવા લાગ્યો " રાણીજી આતો કેવળ ન બનવાની વાત તે તમે બનાવા માગોછો તે કેમ બને ? એવો તો કોઇપણ અવનિમાં પુરૂષ નથી કે તમે કહો છો તેમ કરે ?" રાણી કહેવા લાગી "રાજાજી ત્યારે મારી કહેવત સાધે તે વાધે તે આ સ્થળે આ સર્વ સભા સમક્ષ ખરી કરી બતાવું છું" એમ કહી તરત તેણે મંદાકિનીને તેમ કરવાની આજ્ઞા આપી. મંદાકિની તો દરરોજની અભ્યાસી હતી અને તેથી સહેલાઇથી તે આખલાને ખાંધે મુકી અગાશી ઉપરથી સાતવાર ચ્હડ ઉતર કરી આખલાને મુકી સર્વને સલામ કરી ઉભી રહી. સર્વ મલ્લ લોકો, રાજા, તથા પ્રેક્ષક વર્ગ તો આશ્ચર્યની સાથે સ્તબ્ધ થઈ ગયા અને શાબાશીના પોકારો પાડવા લાગ્યા રાજાએ પોતાનો કાન પકડી રાણીએ કહેલી કહેવતનો સ્વિકાર કર્યો અને તે દીવસથી દરેક કાર્યમાં રાણીની યોગ્ય સલાહ લેવા લાગ્યો.

મુનિવર્ચસતમા કહે છે "હે વત્સ માટે સાધે તેજ વાધે શ્રદ્ધા અને આગ્રહ પૂર્વક જગત એજ હરિ તે એ મારા વાક્યનું નિરંતર મનન કરી તે પ્રમાણે તારા પ્રાપ્ત કર્મોને કરતો રહીશ તો પરીણામે એ વાક્ય તારા અંતરમાં સિદ્ધ થશે અને સિદ્ધ થતાં તને તેનું અત્યંત શુભ ફલ પ્રાપ્ત થશે એમ તું નિશ્ચે કરીને જાણ? જગત એ તારી દૃષ્ટિમાં પછી બ્રહ્મસ્વરૂપ, હરિરૂપ, દેખાશે અને તારી સર્વ અજ્ઞાના વરણની મિથ્યા ભ્રાંતિ, કલ્પના ઈત્યાદિ માયિક દૃષ્ટિ દુર થઇ જશે. આગ્રહ અને શ્રદ્ધા પૂર્વક સાધેલું અસાધ્ય કાર્યપણ એક વખતે સિદ્ધ થએલું તારી નજરે તું જોઈશ. હે પ્રહર્ષ, ભોગો ભોગવ્યા વિના કર્મોનો નાશ થતો નથી. સંચિત પ્રારબ્ધ, અને ક્રિયમાણ એમ ત્રણ પ્રકારના કર્મો કિટથી તે કુંજર પર્યંત સર્વ જીવને લાગુ છે. હે તાત જેમ સ્વપ્નાવસ્થામાં કરેલા કર્મો જાગ્રત અવસ્થામાં નાશ પામે છે તેવીજ રીતે અજ્ઞાનાવસ્થામાં કરેલાં કર્મો જ્ઞાન રવી પ્રકટયા પછી નાશ

થઈ જાય છે. પણ શ્રી સદગુરૂ અને સત્શાસ્ત્રોના વચનોના શ્રવણ મનન અને નિદિધ્યાસનથી જ્ઞાન ઉત્પન્ન થાય છે અન્ય ઉપાયોથી કદી પણ થતું નથી. હે પ્રહર્ષ, તે સદગુરૂ અને સત્શાસ્ત્રોનું રહસ્ય પણ એકાએક સત્સંગ વિના પ્રાણીને સમજી શકાતું નથી એ પણ તું નિશ્ચે કરીને જાણ ? સત્સંગ પણ એક કલ્યાણનો હેતુ ગણાય છે. એ બાબત પણ આવતી કાલે તને એક દૃષ્ટાંત આપી સમજાવીશ. આજે તો હવે રાત્રિ ઘણી વીતી ગઇ છે માટે સ્વસ્થ થઈ નિદ્રાને પ્રાપ્ત થાઓ." મુનિના આ પ્રકારના વચનો શ્રવણ કરી શીષ્ય સહીત પ્રહર્ષે સાષ્ટાંગ કર્યા એટલે મુનિ પોતાને આસને પધાર્યા અને શીષ્ય વર્ગ પણ વિસરજન થયો.

—તરંગ ૩ જો

—સરદય સત્સંગ ક્ષણમાં તારે છે—

બીજે દીવસે સમય થતાં મુનિવર્યસતમા પ્રહર્ષને બોલાવી રાત્રિએ પુછવા લાગ્યા કે " હે વત્સ, તારી જે જે શંકાઓ હોય તે મને સર્વ નિવેદન કરજે ? કારણકે તારે હવે એકાદ બે દીવસમાં તારે સ્થાને જવું પડશે અને પ્રાપ્ત કર્મોને કરી પ્રાપ્ત સુખદુઃખના ભોગો ભોગવવા પડશે અને એ રીતે લાંબે ગાળે ચતુર્થાશ્રમને સિદ્ધ કરી પરમપદે સ્થિત થવું પડશે માટે મારા સંનિદ્ધપણાના લાભનો દીર્ઘ વિચાર કરી જે જે પ્રકારે તારૂં ચિત્ત સમાધાન માગતું હોય તે તે પ્રકારે સમાધાનમાં તેને લાવવા પ્રયત્નશીલ થજે ? હે મુમુક્ષુ શિષ્ય, સદગુરૂ જ્યારે સમિપ હોય ત્યારે સુશિષ્યે જે જે લાભ લેવા ઉચિત હોય તે તે લેવા ઘટે છે. નહિતો પછી ઘેર ગંગા છતા સ્નાનાદિકનો લાભ નહીં લેનાર પ્રમાદી અને મંદમંતિ જેવો તું ગણાઇશ એમાં કંઈ આશ્ચર્ય સરખું નથી. આજે તો તને સરદય સત્સંગ ક્ષણમાં જીવને તારવા સમર્થ છે એ વાતને દૃષ્ટાંતથી સિદ્ધ તને કરી આ સ્થળે સમજાવું છું.

પણ અન્ય તારા મનના કંઇપણ શંકાયુક્ત વિચારો તારા રદયમાં સમાધાનાર્થે ઉદભવ થતા હોયતો તે સુખેથી નિ-વેદન કરી શંકારહિત બની નિર્ભય અને પ્રસન્ન રહી સર્વ કાલમાં સર્વેશ્વરના સ્વરૂપને સ્વસ્વરૂપાનુસંધાન પૂર્વક અનુભવી જીવનમુક્તિના પદે વિરામને પામવા પ્રયત્નશીલ થજે ? સત્સં-ગના ફલનું એક ટુંક દષ્ટાંત નિચે પ્રમાણે આસ્થળે તને કહું છું તેનું એકાગ્ર ચિત્તે શ્રવણ કર ?

મુનિવર્યસતમા બોલ્યા "હે પ્રહર્ષ એક સમયે પરમપુજ્ય શ્રી સાક્ષાત વિશ્નુ ભગવાન વૈકુંઠમાં પોતાનો દરબાર ભરિ બીરાજેલા છે તે વખતે જેણે સાક્ષાત્કાર કરેલો છે એવા તત્વ વિદ્વરિષ્ઠ પરમ યોગિ પુરૂષ શ્રીમદ ભગવાન રામચંદ્રજીના સદ-ગુરૂ વસિષ્ઠ મુનિ આવીં દંડ પ્રણામ કરી પોતાના દરજ્જાને ઉચિત એવા સિંહાસન ઉપર બેસી વિશ્નુને પ્રશ્ન પૂછવા લાગ્યા કે "હે ભગવન્ આ સૃષ્ટિમાં સત્સંગનું ફલ શું ? આવો મોટો હરિશ્ચંદ્ર રાજા જે સત્યથી કદી પણ ડગતો નથી અને સદાસ-ર્વદા સત્સંગ કરી પરમ પુરૂષાર્થને સાધનારો છે છતાં વિશ્વા-મિત્ર જેવા મોટા રાજર્ષિ મહાત્માના સંગથી પણ તેના ભાવી દુઃખની અવધિ આવતી નથી તો પછી હે મહારાજ આ સત્સંગનું ફળ શું ? તે સત્સંગને સદગુરૂ અને વેદશાસ્ત્ર આટલો બધો વખાણે છે તે સર્વ મિથ્યા ગણાય કે નહિ અને આ જોતાં શ્રવણ મનનાદિ સાધનોજ માત્ર કાર્ય સિદ્ધિમાં કામ આવે છે બાકી સત્સંગથી કશુંજ ફલ નથી એમ સ્પષ્ટ કહી શકાય કે નહિ ? માટે 'હે ભગવન્ સત્સંગનું ફલ શું તે મને સમજાવા કૃપા કરો ? હું આપનું બાળક છું."

ઉપર પ્રમાણેના વચનો શ્રવણ કરી વિશ્નુ ભગવાન સ્મિત હાસ્યથી તત્વવિદ મૂનિ વસિષ્ઠ પ્રતિ નીચે પ્રમાણે કહેવા લાગ્યા. "હે મુને, સહ્રદય એટલે શુદ્ધ રદયવાળા સત્પુરૂષનો સ-ત્સંગ પ્રાણીને ક્ષણમાં તારે છે એ વાત ખોટી નથી. અને તેથીજ સત્સંગનું ફલ વેદશાસ્ત્રે પ્રાધાન્ય ગણ્યું છે.

માટે આપ વિશ્વામિત્રના તપોબલથી ગભરાઇ આદૃષ્ય પ્રપંચને આધિન થઇ બોલોછો એટલે આપ પણ સરદય નથી તેમ હુ પણ આ જગતને સ્થિતિસ્થાપક અવસ્થામાં રાખવાનો સતત પ્રયત્નશીલ હોવાથી દૃશ્ય પ્રપંચને રચુછું જેથી હું પણ સરદય નથી માટે સર્વમાં આ નારદ મુનિ જે મન વચ કાયથી સમદૃષ્ટિથી મને ભજે છે તેજ સરદય છે અને તેથી તેમની જોડે જઈ સત્સંગનું મહાત્મ જુઓ ? અને અનુભવ કરી પછી મને આપ કહેજો ? " આવું શ્રીમદ ભગવાન્ સાક્ષાત વિશ્નુ વિભૂતિ કૃષ્ણ પરમાત્માનું કહેવું સાંભળી વસિષ્ઠ મુનિ નારદ જોડે સત્સંગનું ફલ જોવાને મૃત્યુ લોકમાં આવ્યા. એક ગામને ગાંદરે બને જણા આવી ઉભા રહ્યા એટલે નારદ મુનિ વસિષ્ઠ મુનિને કહેવા લાગ્યા" હે બ્રહ્મર્ષિ ગામમાં જવા કરતાં આ ગામને ગાંદરેજ તમને તમારા પ્રશ્નનો ખુલાસો મળશે માટે કૃપા કરી અહીંજ આપને પ્રભુઆજ્ઞા મુજબ બતાવવામાં આવે તો તેથી કશીજ હરકત નથી. " આવું મુનિ નારદનું બોલવું સાંભળી વસિષ્ઠ મુનિ બોલ્યા " હે મુનિંદ્ર આપનો ટોળ કરવાનો સ્વભાવ છે માટે પ્રથમથીજ કેહેજો. બાકી આપે કહી તે યુક્તિ મને સર્વથા માન્ય છે. ગામમાં જઇ આ મૃત્યુ લોકના જીવના સંબંધમાં આવવું તેવાત જરા મારાજેને ઉપાધીરૂપ લાગે છે માટે અત્રેજ તેવાતનો પ્રભુઇચ્છાથી નિકાલ કરતા હો તો મારે કાંઇ વાંધો નથી. " પછી ગામને ગાંદરે એક મોટો ઉકરડો હતો કે જયાં સર્વ ગામના લોકો મળોત્સર્ગ કરવા આવતા હતા. અને ઢોર ઢાંખરના રાડાં અને છાણ વીગેરે પણ તે ઉકરડામાંજ નાંખતા હતા. ગામની આસપાસ કેવલ જંગલ હતું અને તેની પાંચ પાંચ કોસની હદમાં અન્ય નગર કે ગામ પણ ન હતું. તે ઉકરડા પાસે આવિ નારદજીએ કહ્યું " મુનિ વિસિષ્ઠજી, આપ આ છાણમાં પડેલા કિટ પૈકીના એકાદ મોટા કિટને મારી સન્મુખ રાખી આપના પ્રશ્નનો ઉત્તર પુછી જુઓ એટલે તરત ખુલાસો થશે. " વસિષ્ઠ મુનિતો એકદમ આશ્ચર્યતાની સાથે હ-

સ્રી પડયા અને મશકરી માની ફરી નારદને કહેવા લાગ્યા 'હે પવિત્ર મુનિ, આપ કૃપા કરી મારૂં હાસ્ય કર્યા વગર મને વાસ્તવિક ખુલાસો પ્રાપ્ત કરવાઅર્થે કીટને પ્રશ્ન કરવા કહોછો કે નાહક મારો ટોળ કરી કૃષ્ણ ભગવાનને અને મને બન્નેને લઢાવવાની ખાતર આ બધી રચના રચો છો ? " નારદ બોલ્યા " નહિ મૂનિંદ્ર હું કદીપણ અસત્ય વાત કહીશ નહિં. પ્રભુ ઇચ્છાથી જે રસ્તો લેવો યોગ્ય હતો તે રસ્તો તમારા ખુલાસાને માટે લીધો છે. માટે સુખેથી તે કિટને એક સળી વડે તે છાણુ-માંથી બહાર કાઢી મારા તરફ તેનુ મ્હોં રાખી પ્રશ્ન કરજો એટલે તે વાસ્તવિક ખુલાસો આપશે. " આ સાંભળી વસિષ્ઠ મુનિ તો શિવોહં શિવોહં કરતા પોતાની શ્વેત કાંબલની કફની ની આંહ્યો ચ્હડાવી સત્વર એક તણુખલું લેઇ છાણુમાંના કિટને સળી ઉપર ચહડાવ્યો અને નારદના સન્મુખ તેનું મ્હોં રાખીને પ્રશ્ન કર્યો કે હે કીટ, સત્સંગનું ફલ શું ' ? આ પ્રશ્ન થતાં-નીસાથે તે કીટના પ્રાણુ જતા રહ્યા. આ જોઇ વસિષ્ઠ મુનિ તો રામ રામ શબ્દની સાથે તે કીટના દેહને એક પાસે કુવો હતો તેમાં તણુખલા સહિત પધરાવી દીધો અને નારદ અને વિશ્નુ ઉપર સહજ ક્રોધ આવ્યો હોય તેવી રીતે નારદને કહેવા લાગ્યા " શું મહારાજ આમ કરી મારે હાથે જીવહત્યા કરાવી ? આવી રીતે કિટયોનિના જીવદ્વારા તે વળી ખુલાસો મળ-તો હોત તો પછી ઠેઠ વિશ્નુના દ્વાર સુધી આવવાનો શ્રમ વૃથા હું શા માટે લેત ? વાહ મુનિંદ્ર સર્વ ઠેકાણે આવું ટીંખળ કરી તકરારનું ઘર ઉત્પન્ન કરો છો હવે એ કીટનો મારે હાથે પ્રાણુ ગયો તેથી અવશ્ય તે હત્યાના નિવારણુ માટે મારે પ્રાય-શ્ચિત કરવું પડશે. માટે ટીંખળ કરવું ત્યજી દેઇ યથાર્થ રીતે મારા પ્રશ્નનો ખુલાસો કરવા પ્રવૃત થાઓ ? વિશ્નુ ભગવાને તો આપને સરહય સમજી મારી જોડે મોકલ્યા છે. કંઇ હાસ્ય કરી વ્યર્થ કાલ ખોવા આપણું અહીં આવવું થયું નથી. વાસ્તવિક રીતે જે કાર્ય કરવા આવ્યા છીએ તે કાર્ય કરી પછી

આનંદને માટે બે ઘડી હાસ્ય કરવામાં આવશે તો મને હરકત નથી." આવી વસિષ્ઠ મુનિની વિનયયુક્ત વાણી સાંભળી નારદમુનિ અંતરમા સત્યની સાથે જરા ટોળ અને બહારથી ગાંભિર્યતાનો ડોળ રાખી કહેવા લાગ્યા .' કે હે મુનિંદ્ર, હશે ત્યારે કીટની વાત જવા દેઇ પેલા સામેના વૃક્ષમાં એક મેનાનું બચ્ચું છે તેને માળામાંથી બહાર કાઢી મારા સન્મુખ તેનું મુખ કરી પછી તેને પ્રશ્ન કરો એટલે તરત ખુલાસો મળશે.' નારદ મુનિનું મ્હોં ઠેકાણે જાણી તેમને લાગ્યું કે હવે યથાર્થ મારા પ્રશ્નનો ખુલાસો થશે માટે માળામાંથી તે બચ્ચાને કાઢી લાવી નારદના કહેવા પ્રમાણે કરી જોઉં ? ' એવો નિશ્ચય કરી વસિષ્ઠ મુનિએ ઝાડપર ચડી મેનાના માળામાંથી પેલા મેનાના તરતના જન્મેલા બચ્ચાને હાથમાં લેઇ ઝાડ પરથી નીચે ઉતરી નારદના તરફ તેનું મ્હોં રાખી પ્રશ્ન કરવા લાગ્યા કે ' હે મેનાના બચ્ચા બોલ સત્સંગનું ફલ શું હશે ? ' આ પ્રશ્નના શબ્દ વસિષ્ઠના મ્હોડામાંથી નીકળતાંજ પેલું મેનાનું બચ્ચું મરણ પામ્યું જેથી વસિષ્ઠ મુનિ ભયભિત થઈ નારદને ક્રોધથી કહેવા લાગ્યા " હે મુનિ, આવો ગજબ કરવા તમને શ્રીમદ્ વિષ્નુ ભગવાને મારી સાથે મોકલ્યા છે ! આશું ? જેને પ્રશ્ન કરવામાં આવે છે તેનું તત્કાલ મરણ નીપજે છે. આ શો જુલમ ? ત્યારે શું સત્સંગનું ફલ શું વિનાશ છે ? કે તમારા સામું તેનું મુખ થયું એટલે તમારો તેને દર્શન રૂપી સત્સંગ થયો કારણ કે આપને ભગવાને સર્વ કરતાં સરદય ગણ્યા છે અને તેથી સરદય સત્સંગ ક્ષણુમાં તારે છે એટલે તમે સરદય છો તેનો સંત્સંગ થતાં આમ તત્કાલ પ્રાણીનો વિનાશ થાય છે. એટલે શું આ ભવસાગરથી તે જીવ તર્યો ગણાય ? નહિં નહિં આપ મારા પ્રશ્નનો ખુલાસો કરી શકનાર નથી એ તો એ જ સાક્ષાત વિશ્નુ મૂર્તિ જાતેજ કરશે; માટે ચાલો તેમની પાસે અને આ સર્વ વાત નિવેદન કરી તેમના મુખેથી સમાધાન પ્રાપ્ત કરીએ." આ પ્રકારનું વિદ્વરિષ્ઠ મુનિ વસિષ્ઠનું કહેવું સાંભળી

નારદ બોલ્યા " ત્યારે પધારો મુનિંદ્ર, વિશ્નુ પાસે મારા ખુલાસાથી અસંતોષ છે તો પ્રભુ આપને ખુલાસો આપશે " એમ કરી બન્ને પાછા વૈકુંઠમાં આવ્યા અને વિશ્નુ ભગવાનની સન્મુખ આવી બે હાથ જોડી અભિવંદન કરી વસિષ્ઠ મુનિ તેમને કહેવા લાગ્યા કે " હે ભગવન્ શું સત્સંગનું ફલ વિનાશ હશે કે જેને પ્રશ્ન કરવામાં આવે છે તે જીવ તરતજ મરણુ પામે છે ? પ્રશ્ન પૂછવા જતાં તો ઉલટી હત્યા ચોટે છે માટે આપ ખુલાસો ન કરતા હો તો કંઈ નહિં પણ કંઈ વારેવારે હત્યા લેવાય છે. હવે તો નારદજી દ્વારા મારે ખુલાસો લેવો નથી તો આપ મારા પ્રશ્નનું સમાધાન કરતા હોતો ભલે નહિં તો હું મારે સ્થાને પાછો જાઉં છું. " આ વચનો શ્રવણુ કરી ભગવાન બોલ્યા "ચાલો ત્યારે મુનિંદ્ર હું તમને બતાવું. " એમ કહી મૃત્યુ લોકમાં એક નગરને વિશે નારદને લેઇ બન્ને આવી પોહોચ્યા. એટલામાં સામેથી ગાયની વાછડી આવતી જોઇ ભગવાન વસિષ્ઠ મુનિને કહેવા લાગ્યા કે "મહારાજ આ ગાયની વાછડી છે તેને પ્રશ્ન કરો એટલે ખુલાસો થશે. " આ સાંભળી વસિષ્ઠ મુનિએ તે ગાયની વાછડીને પ્રશ્ન કર્યો કે " હે વત્સે, કેમ સત્સંગનું ફલ શું ?" આ પ્રશ્ન થતાંજ વાછડીની દૃષ્ટિ ભગવાન ઉપર પડી અને પડતાંવેંત તરતજ મૃત્યુ પામી. આ જોઇ વસિષ્ઠ મુનિ તો ગાયની હત્યા ચોટી એમ સમજી ભગવાનપર-ક્રોધ કરી કહેવા લાગ્યા " હે ભગવાન્ આપે પણુ નાદરજીની પેઠે મને બનાવ્યો અને આ ગૌહત્યા મને ચોટાડી હવે મારે પ્રશ્ન કંઇ નથી પુછવો. સમાધાન ન કરતા હોતો સ્પષ્ટ કહી દો એટલે હું ચાલ્યો જાઉં. આપને મન હતવું છે અને મને હત્યા લેઈ લેઈને ત્રાસ થાય છે. " આ વચન સાંભળી ભગવાને વિચાર કર્યો કે હવે ખરેખર વસિષ્ઠ મુનિ ગભરાયા માટે તેમના પ્રશ્નનું સમાધાન હવે કરવા દે; એવો નિશ્ચય કરી નારદમુનિને ભગવાન્ કહેવા લાગ્યા કે હે નારદ તમે મુનિવસિષ્ઠને આ નગરના રાજા પાસે લેઇ જાઓ ? અને

તેની રાણીને હમણાં તરતમાંજ બાળકજ નમ્યોછે તે બાળકને વસિષ્ઠ પાસે પ્રશ્ન કરાવજો એટલે તે બાળક મુનિના પ્રશ્નનું સમાધાન કરશે.' આ સાંભળી વસિષ્ઠ કહેવા લાગ્યા 'મહારાજ એ ઠીક બતાવ્યું કે બાળહત્યા એક બાકી હતી તે પણ લાગે ? મહારાજ હું તો હવે પ્રશ્ન કરનાર નથી. નારદજી પાસે પ્રશ્ન કરાવો અને હું તટસ્થ દ્રષ્ટા રહી જે થશે કે તે જે કહેશે તે સર્વ જોઇશ અને શ્રવણ કરીશ. હુંતો પ્રશ્ન કરી કરીને થાકયો છું.' ભગવાન્ કહેવા લાગ્યા 'હશે ત્યારે તમે બ્હીતા હો તો નારદજી પ્રશ્ન કરશે તમે ઉભા રહી સર્વ જોજો અને શ્રવણ કરજો ? નારદ કહેવા લાગ્યા "હે વસિષ્ટજી આપને હત્યાનો ભય લાગતો હશે તો હું તે બા ળકને પ્રશ્ન કરીશ, ગભરાશો નહિં. " એમ કહી ભગવાન્ તો તે નગરની ભાગોળે એક વડવૃક્ષતળે બેઠા અને નારદ તથા વસિષ્ઠ બન્ને રાજમહાલયમાં આવ્યા અને રાજાને કહેવા લાગ્યા 'હે રાજા તારી રાણીને તરતમાં બાળક જનમ્યો છે તેને અમારી સમીપ લાવ કારણકે તેને એક અમારે પ્રશ્ન કરવો છે ?" રાજા આશ્ચર્ય પામી પ્રત્યુતરમાં કહેવા લાગ્યો. "હે મુનિંદ્ર તે બાળકને અવતરે માત્ર બેજ દીવસ થયા છે તો એ બે દીવસનું બાળક આપના પ્રશ્નનો ઉત્તર શું આપી શકશે ? માટે એવી અસભવિત આજ્ઞા કરવાની મુકી દેઇ જે વાત સંભવિત હોય તે કૃપા કરીને કહો તો હું તે વાતનો અમલ કરવાને તૈયાર છું. નારદ કહેવા લાગ્યા "હે રાજન્ તારા મનથી તને અસંભવિત લાગે છે પણ અમને તેમ લાગતું નથી. અમે બરાબર વિચાર કરીનેજ તને આજ્ઞા કરી છે માટે તું તે બાળકને અમારી સમક્ષ રજુ કર અને પછી જો કે અમે પુછીએ છીએ તેનો ઉત્તર તે આપે છે કે નહિં. " રાજા આ સાંભળી વિચાર કરવા લાગ્યો કે વખત છે આ રૂષિઓ પોતાના તપોબલ વડે કદાચ તે બાળકને વાચા આપે અને કદાચ બોલાવે માટે બાળકને લાવી તેમના સમક્ષ રજુ તો કરૂં પછી જોઉં કે શું થાય છે. આવો નિશ્ચય કરી રાજા જનાનખાનામાં જઇ બાલકને લેઇ આવ્યો અને તે બન્ને

ઋષિઓ બેઠા હતા ત્યાં લાવી તેમની સમક્ષ મુકી દીધો. એટલે બાળકને ખોળામાં લેઇ નારદમુનિ તેને પ્રશ્ન કરવા લાગ્યા કે ' હે બાળ બોલ સત્સંગનું ફલ શું ? ' આ પ્રશ્ન ઉપર બાળકની દ્રષ્ટિ પડતાંજ તેને વાચા થઇ અને નિચે પ્રમાણે નારદના પ્રશ્નનું સમાધાન કરવા લાગ્યું કે જે જોઇ રાજા અને આખો રાજ દરબાર સહુસ્તબ્ધ બની ગયા અને બાળકનો ઉત્તર લક્ષપૂર્વક વસિષ્ઠ પણ શ્રવણ કરવા લાગ્યા.

બાળક કહે છે " હે મુનિંદ્ર, સત્સંગનું ફલ જુઓ પ્રત્યક્ષ છે. પ્રથમ હું છાણુનો કીડો હતો ત્યાં મને આપે છાણુમાંથી બહાર કાઢી દર્શન દીધાં કે તરતજ કીટ યોનિમાંથી હું મુક્ત થઇ ગયો અને મેનાને પેટ શુકયોનિમાં જનમ્યો, ત્યાં પણ પુનઃ આપે આવી દર્શન દીધાં એટલે પક્ષીની યોનિમાંથી મુક્ત થઇ પશું યોનિમાં ગાયને પેટ વાછડીનો જન્મ લીધો અને પશુ યોનિમાં પુન. આપના દર્શન થયાં જેથી પશુ યોનિમાંથી મુક્ત થઇ આ રાજાને ઘેર મનુષ્ય યોનિમાં મારો જન્મ થયો. અહીં પણ આપનાં મને દર્શન થવાથી હું ચક્રવર્તિ રાજા થઇ સુખ ને પ્રાપ્ત કરીશ. અને પુન. દર્શનનો લાભ કદાચ મારા મૃત્યુ વખતે મને આપશો તો આ સંસારસાગરને તરી જન્મમરણ થી મુકત થઇશ. કહો મહારાજ સંત પુરૂષોના ક્ષણ ભરના સમાગમે મને કેટલું બધું ફળ આપ્યું તે હવે આપની બૂદ્ધિ થીજ વિચાર કરો ? જ્યારે સત્પુરૂષોના સહજ દર્શનથી આટલો બધો મને લાભ થયો તો કદાચ આપના જેવા સંત પુરૂષોને મને નિરંતરનો સમાગમ હોય તો પછી મારો સહજમાં મોક્ષ થાય એમાં કશુંજ આશ્ચર્ય જેવું નથી. " આટલું કહી તે બાળક બોલતું બંધ થઈ ગયું અને બન્ને ઋષિઓ પાછા ભગવાન્ હતા ત્યાં આવી પોહોચ્યા. વસિષ્ઠ હાથ જોડી પશ્ચાત કહેવા લાગ્યા ' હે ભગવાન્ આજે મારા પ્રશ્નનું સમાધાન થયું. હવે મારી શંકા ન રહી; મને હવે ખાત્રિ થઇ કે સરદય સત્સંગ જીવને ક્ષણમાં તારવા સમર્થ છે હયો હવે મારે સ્થાને જઇશ

એમ કહી વસિષ્ઠ મુનિ પોતાને સ્થાને સિધાવ્યા અને વિશ્નુ તથા નારદ પણ પોત પોતાને સ્થળે વિદાય થયા.

મુનિ વર્ચસતમા કહે છે " હે પ્રહર્ષ, માટે સત્સંગ એતો જીવને કૈવલ્ય પદ પ્રાપ્ત કરવાનું પરમ સાધન છે. હે તાત્ સત્સંગ કેવો કરવો તે બાબત આ સ્થાને એક ટુંકા દૃષ્ટાંતથી સમજાવું તે તરફ એકાગ્ર થઈ પ્રસન્નતાપૂર્વક લક્ષ દેજે ?

ભાનુદેવ અને દીગંબર સ્વામિનું વૃત્તાંત કહી, પોતાના શિષ્ય અને શીવપુરના રાજા શુભ્રકેતુ ને ત્યાંથી તેના ગુરૂ પેલા સિદ્ધેશ્વરાચાર્ય ત્રિવેણીના ઘાટ ઉપર રચેલી પોતાની પર્ણકુટિકાએ આવી નિવાસ કરી રહ્યા હતા. શુભ્રકેતુ અને તેના પુત્રનો પુત્ર ગાદીએ બેઠો તેટલો લાંબો કાળ આ વખતે વ્યતિત થયો હતો. છતાં પણ સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિ પરમયોગિ અને સ્વેચ્છાથી શરીર છોડવાના તપોબલવાળા હોવાથી જીવનમુક્ત પદે બિરાજી પરમાનંદના સુખપૂર્વક હજી સુધી આયુષ્યને ભોગવતા જગતમાં પ્રત્યક્ષ રહ્યા હતા. તેમને ઘણા મોટા મહાત્મા જાણી લોકોના ટોળે ટોળાં ચારે દીશાએથી તેમનું દર્શન કરવા આવતાં હતાં. શુભ્રકેતુના વખતથી તાંબાપત્ર ઉપર જે તેમનું વર્ષાસન બંધાએલું હતું તેમાં શુભ્રકેતુના પુત્રો અને પુત્રના પુત્રો અને એક પછી એક જે ગાદીએ બેઠા તેમણે પોતપોતાના સમયમાં તેમાં વધારો કરી આપ્યો હતો. જેથી દરરોજ પર્ણકુટીમાં આશરે પાંચશો મૂર્તિને ભોજન પ્રાપ્ત થતું હતું, પર્ણકુટિકાની આસપાસ ચોમેર અકેક યોજન જેટલી ભુમિ રાજાએ આપિ દીધી હતી અને એની અંદર વન ઉપવન સરોવર સુગંધી પુષ્પના વૃક્ષો ઈત્યાદિ રાજના માળી પાસે ઉછેરાવ્યાં હતાં જેથી મુનિની પર્ણકુટીની આસપાસ ઉદ્યાન અને લતામંડપની શોભા ઇંદ્રલોકને પણ કોરાણે મુકે તેવી થઇ રહી હતી. આવી મનહર પર્ણકુટિકામાં સિદ્ધેશ્વરાચાર્યજી નિવાસ કરી રહેતા હતા. તે વખતે તેમને સવાસો વર્ષની વયનો આશરો થવા આવ્યો હતો એક સમયે શીવપુરનગરના વાણીઆઓનું

ટોળું સત્સંગ કરવાની ઇચ્છાએ તેમની પર્ણકુટિકાએ આવ્યું સિદ્ધેશ્વરાચાર્ય તપસ્વિ આ સમયે પોતે પોતાની પર્ણકુટિની ચોતરફ આવી રહેલી મોગરાની વેલનું જુથ કયારાઓમાં થઇ ગએલું તેથી જીવજંત તેના જાળામાં ભરાઇ ન રહે તેટલા માટે તે મોગરાની વેલના જુથ્થને પાળીથી કલમ કરી કરી બીજે સ્થળે રોપવાની પ્રવૃતિ કરી રહ્યા હતા. જેથી પેલા સત્સંગ કરવા આવેલા વાણીઆના ટોળાએ દુરથી જોઇ વીચાર કર્યો કે "મહારાજ અત્યારે કંઇ કામમાં છે માટે ચાલો વળી બીજી વખત સત્સંગ કરવા આવીશું. એમ કહી પર્ણકુટીકા આગળ પુરેપુરા ન આવતાં છેક નજદીક આવી પાછા વળ્યા. આ જોઇ શાંત અને કરૂણાળુ જેનો સ્વભાવ છે એવા મુનિ સિદ્ધેશ્વરાચાર્ય રોપવાનું કામ પડતું મુકી તે ટોળાને ઉભા થઈ જોરથી હાંક મારી. બોલાવે તેનો અનાદર કરવો એ પાપ છે તેમજ વળી આ મહારાજ તો રાજાના ગુરૂ એટલે તેમનું જરા પણ અપમાન થાય અને શીવપુરનો રાજા તે વાત જાણે તો તરત શુળી દઇ દે માટે મહારાજ બોલાવે તો પાછા વળવું જોઇએ એમ ધારી તે વણીક ટોળાના આગેવાને કહ્યું "ભાઇયો વળો અને ચાલો જોઇએ મહારાજ શું કહે છે?" વાણીયાની જાત શાણી હોય છે જેથી પેલું ટોળું પાછું વળી મુનિ પાસે આવ્યું એટલે સિદ્ધેશ્વરાચાર્ય હાથ જોડી અતિનમ્રતા વાળી અને અભિમાન રહિત વીવેકી વાણીથી તેમને પુછવા લાગ્યા કે "કેમ ભાઇઓ, શું પડીએ આવતાં પાછા વળી ગયા? આ સેવકનું કંઇ કામ હોય તે સુખેથી નિવેદન કરો ?" પેલું ટોળું કહેવા લાગ્યું કે "મહારાજ અમે તો ઘડી બે ઘડી આપનો સત્સંગ કરવાની ઇચ્છાએ આવ્યા હતા પણ આપને આ વાડીનું કામ કરતા જોયા એટલે અમે ધાર્યું મહારાજ કંઈ કામમાં છે માટે વળી બીજે સમયે આવીશું એમ કરી અમે પાછા વળ્યા. આ-સાંભળી સિદ્ધેશ્વરાચાર્યજી તેઓને કહેવા લાગ્યા "હે વિચિક્ષણ વણીક પુત્રો, સત્સંગ એ સામાન્ય વાત નથી. સત્સંગતો અતિ

દુર્લભ છે. સત્સંગ કરનાર તો જેનો સંગ કરે છે તેની પ્રત્યેક ક્રીયામાંથી સાર ગ્રહણ કરે છે. અને નિરંતર સત્યવસ્તુનેજ સ્વીકારે છે. જો તમને બરોબર સત્સંગનો અનુભવ થયો હોત તો તમો સઘળા પાછા ન વળતાં આવીને વીવેક પૂર્વક મારી પાસે બેસત અને મારી પ્રત્યેક ક્રીયાઓને જોઇ તેમાંથી સાર વસ્તુને ગ્રહણ કરત પણ તમે પાછા ફર્યા તેથીજ જણાય છે કે સત્સંગ એ શી વસ્તુ છે તેની તમને હજી બરાબર માહીતી નથી માટે તમને આ સ્થળે એક લક્ષણુ આપી સત્સંગનું સ્વરૂપ સમજાવું છું. કહો તમો સર્વે આવ્યા ત્યારે હું શું કરતો હતો? પેલા વણીકના ટોળાના આગેવાને પ્રત્યુત્તરમાં કહ્યું “મહારાજ તમે પેલી મોગરાના વેલના કયારા પાસે બેસીને કલમ કરી કરી મોગરાની વેલને બીજે સ્થળે રોપતા હતા, એમ અમે તો જોયું; કહો ત્યારે તે વાતમાં તમે શો સાર લીધો? મુનિએ હાસ્યથી કહ્યું. પેલા ટોળાનો આગેવાન બોલ્યો “એમાં મહારાજ સાર શો લેવાનો હતો? વળી આપ માળીનું કામ કરતા હતા; માળીના કામમાં વૃક્ષ રોપવા ને ઉછેરવા સીવાય અન્ય બીજું શું હોય? અરે તેમાં બીજો સાર શો ગ્રહણ કરવાનો હતો બાપજી.? આ સાંભળી સિદ્ધેશ્વરાચાર્યજી ખડખડ હસિ પડયા અને તે ટોળા પ્રતિ દયામય થઇ કહેવા લાગ્યા “હે વણિક પૂત્રો, વૃક્ષ ઉછેરવાના અને રોપવાના ઇત્યાદિ એ માળીના કાર્યમાંથી તો અતિ ઉત્તમ લક્ષ લેવાનું છે; જુઓ જેમ આ કયારામાંથી આ મોગરાની વેલની જડોને કલમ કરી કરી તેના રોપા બનાવી તેને બીજી ભુમિમાં રોપ્યા છે તેવીજ રીતે સત્સંગ કરવાની ઇચ્છાવાળા પુરૂષ કિંવા સ્ત્રીઓ આ મનરૂપી મોગરાની વેલના જુથ્થમાંથી અનેક વૃતિઓ રૂપી તેની જડોને જ્ઞાનરૂપિ દાતરડાથી કલમ કરી કરીને પરમતત્વરૂપિ બીજી ભુમિમાં વાવ્યા કરે છે કે જે પરિણામે વેલવૃક્ષરૂપ બની તેમને ત્રિતાપથી મુક્ત કરી ચોગરદમ પરમશાંતિરૂપ છાયા આપે છે. માટે તમારે જો સત્સંગનું સંપુર્ણ ફલ જોઈતું હોય તો તે પ્રમાણે કરજો? પછી તમારા મનના

મુખ્તીયાર તમે છો ? હવે જઇ જરા ગંગાએ સ્નાન કરીશ. આપ અન્ય અનુકુળ સમયે પધારવા કૃપા કરશો.” આટલું કહી તે નિસ્પૃહિ અને સિદ્ધ મહાત્મા ગંગાએ સ્નાન કરવા ચાલ્યા ગયા. અને પેલું ટોળું પણ વિદાય થયું.

મુનિવર્ચ્યસૂતમા કહે છે ‘ હે પ્રહર્ષ તેટલા માટે કહ્યું છે કે સત્સંગ કરનારે પુર્ણ શ્રદ્ધા, ધૈર્ય, અને શાંતિ રાખી મહાત્માઓની દરેક કૃતિમાંથી શુભલક્ષ લેવું ઘટે છે અને તોજ તેને સત્સંગનું વાસ્તવિક ફળ મળે છે. મહાત્માની ઉપરની કૃતિ પ્રતિજ માત્ર લક્ષ આપનારાઓને સત્સંગનું વાસ્તવિક ફલ મળતું નથી. તેઓ મહાત્માઓના ભીતરની કૃતિને જાણી શકવા સમર્થ થઇ શકતા નથી. હે વત્સ્ જાઓ આજે વિશ્રાંતિ લ્યો અને આવતી કાલે એકાદ પ્રસંગ છેલ્લો સમજાવી પશ્ચાત તને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવા અર્થે તારી વતનભૂમિ તરફ પ્રયાણ કરવા પરમ દિવસે આજ્ઞા કરીશ. આ સાંભળી પ્રહર્ષ સાષ્ટાંગ કરી ગુરૂ આજ્ઞા માગી શિષ્ય સહિત પોતાને સ્થાને ગયો અને મુનિ પણ પોતાને આસને પધાર્યા.

—તરંગ ૪ થો.—

— ચિતિ દર્શન.—

બીજે દીવસે મુનિવર્ચ્યસતમા પોતાના નિયમિત સમયે પ્રહર્ષ પ્રતિ પ્રસન્ન ચિત રાખી કહેવા લાગ્યા કે “ હે પ્રહર્ષ હવે આજે મારા તારા કથન શ્રવણનો છેલ્લો દિવસ છે. તેમાં તને આજે ટૂંકાણુમાં કેટલીક બાબતો વીશે કહી પશ્ચાત આવતી કાલે પ્રાતઃકાળમાં ગૃહી થવા અર્થે તને વિદાયગીરી આપવાના મારા સંકેતથી તું અજ્ઞાત નથી. માટે પ્રસન્ન ચિત્તે મારી થએલી આજ્ઞાનું પાલન કરવા તત્પર થા ? હે બાપ તારા પ્રતિ જેજે વિવેકી અને સદુપદેશની વાણીનું કથન કરવા યોગ્ય હતું તે તે સઘળું કથન કરી તારો અને તારા શરીરનો ધર્મ શું છે, ફરજ શું છે અને તારે ચતુ-

ર્થાશ્રમ સિદ્ધ કરી પરમપદના કૈવલ્ય ધામને કેવી પ્રકારનો પુરૂ-
ષાર્થ કરી પ્રાપ્ત કરવાનું છે એ સઘળું અનેક દ્રષ્ટાંતો દ્વારા
ઉપદેશના રૂપમાં આ શરીરે તને સમજાવ્યું છે. હવે તે તે
વચનો અનુસાર વર્ત્તન ચલાવવું કે ન ચલાવવું એ વીશે તારી
બુદ્ધિ જે કહે તે કરવા મારી જરા પણ આનાકાની નથી.
પણ અત્યારે તારી પચીસ વર્ષની વય જોતાં અને બીજી બધી
રીતે વિચાર કરી જોતાં જે મેં તને ગૃહિ થવા આજ્ઞા કરી છે
તેજ ઉચિત લાગે છે અને જેથી જોતું તે આજ્ઞાનું સર્વશઃ પાલન
કરી શતો આ સંસારસમુદ્રને તરી જઇશ એમ તું નિશ્ચે કરીને
જાણ ? હે તાત, તારૂં બ્રહ્મચર્ય, તારૂં સત્ય, તારૂં તપ, અને
તારી ગુરૂભક્તિ એટલી બધી છે કે તને ષટ્ સંપતિઓ સ્ત્રીરૂપે
પ્રાપ્ત થઇ સર્વ આશ્રમને સિદ્ધ કરવામાં સાધનભુત થશે અને
તેઓ તને ચારે પદાર્થોની પ્રાપ્તી કરાવશે. આમ છતાં પણ તું તેમાં
ન થતાં લુબ્ધ યોગતત્વ વિદ્ધરિષ્ઠ મહાત્માના જેવો જળમાં કમળવત્
નિર્લેપ રેહેજે. જો લુબ્ધ થઇશ તો આરે આવેલું વહાણ ડુબાડીશ ?
અને પાછો જન્મ મરણને પ્રાપ્ત થઇ ભવાટવીમાં ભટકીશ.
એમ થતાં સર્વ અત્યાર સુધી તારી સદબૂદ્ધિ અને શ્રદ્ધા ભક્તિ
ઇત્યાદિ નાશ થઈ જશે. માટે હે બાપ, ભવિષ્યમાં તું ગૃહી–
સંસારી–ગૃહસ્થાશ્રમિ થયા પછી સંસારથી સરસો રહીને તારૂં
અંતર લક્ષ, સત ચિદ અને આનંદસ્વરૂપ પરમાત્માના વાસ્ત-
વિક સ્વરૂપમાં રાખી, પ્રસન્નતાપૂર્વક વ્યહવાર અને પરમાર્થ ઉ-
ભયને સિદ્ધ કરવા સતત તત્પર રહેજે ? હે પરમપ્રિય મુમુક્ષુ
શિષ્ય, અષ્ટ પ્રહરવા ચોસઠે ઘડી તારા પ્રાપ્ત કર્મોને કરતાં કરતાં
પણ મનમાં નિરંતર સ્વસ્વરૂપનો નિચે પ્રમાણે નિર્ણય કરી સદા
સમદ્રષ્ટિથી તારા ચિતને સમાધાનમાં અને પ્રસન્ન રાખી ઇષ્ટા-
નુસંધાન પૂર્વક કાલ વ્યતિત કરજે ? પૂર્વે પણ આપણે બન્ને
ગુરૂશિષ્ય હતા અને આ ઉપર કહેવામાં આવ્યું તેટલું સઘળું
જ્ઞાનામૃત તને મેં પાયું હતું. અને તને આ જન્મે પણ કથન કરી
સંકેતાનુસાર શ્રવણ કરાવ્યું છે. હે વત્સ, માટે સ્વસ્વરૂપનો નિર્ણય

નીચે પ્રમાણે નિરંતર કરી ચિત્તમાં શાંતિ અને સમાધાન રાખજેઃ–

હે પ્રહર્ષ, શ્રીમદ ભગવાન્ રામચંદ્રજી વનવાસમાં મુનિ વાલ્મીકના આશ્રમમાં થોડોક સમય આવી રહ્યા હતા તે વખતે એક સમયે ભગવાને મુનિને શંકા કરી પ્રશ્ન કર્યો કે “ હે મુનિંદ્ર, આ સઘળું જગત અને સર્વ ચૈતન્ય, ચિદાકાશ, ઘટાકાશ, પટાકાશ સર્વ દૃષ્ય અવિનાશી ચિતિ સ્વરૂપ છે તો મહાપ્રલય વખતે નાશ પામવાની વસ્તુ કોઇજ રહેતી નથી માટે હે મહારાજ મહાપ્રલય કોનો નાશ કરે છે એ સમજાતું નથી માટે કૃપા કરી સમજાવો કારણ કે મારે ચિતી ચંદ્રના સ્વરૂપનો નિર્ણય કરવો છે. ” યોગિઓમાં શ્રેષ્ટ એવા વાલ્મિકે શ્રીમદ્ ભગવાન્ રામ ચંદ્રજીની શંકા યુકત વીવેકી વાણી સાંભળી પ્રસન્નચિત્તે તેમનું નીચે પ્રમાણે સમાધાન કર્યું.

મુનિ વર્ચસૂતમા કહે છે ‘ હે પ્રહર્ષ, પછી વાલ્મીક મુનિ રામચંદ્રજી પ્રતિ કહેવા લાગ્યા કે ” હે ભગવાન્ આપ સચરાચાર સર્વજ્ઞ છતાં મને બાળચેષ્ટા કરી ગુરૂભાવથી શંકા કરી પુછોછો તો મને કહેવાને યતકિંચિંત પણ વાંધાજેવું નથી. હે સર્વાંતરયામિ રામ, જેમ કોઇ ભીખારીને સ્વપ્નમાં રાજ્ય પ્રાપ્ત થાય અને તેથી તે મોટો રાજા બની જાય અને જાગ્રતમાં જુએ ત્યારે જેમ રાજ્ય અને અને તેનું રાજ્ઞત્વ વિલાયમાન થઇ જાય તેવીજ રીતે આ સર્વ દ્રશ્યસમુહ પ્રલયકાળ વખતે નાશ પામે છે. પૃથિવ ઈત્યાદિ પંચ તત્વનો સમુહ દેશ, કાળ, વસ્તુ, ક્રિયા, કે ક્રમ કશુંજ રહી શકતું નથી. સર્વ પ્રાણીઓનો સમૂહ, સર્વ લોક અને તે તેના અધિપતિઓ, વીધિ અર્થાત બ્રહ્મા વિશ્નુ રૂદ્ર, અને કારણના કારણનો પણ પ્રલય કાલે નાશ થાય છે. હે રઘુકુલમણિ તાત્પર્યમાં એટલુંજ છે કે પ્રલય કાલ વખતે ચિદાકાશનો વિવર્ત નાશપામિ એક માત્ર અવિનાશી ચિદાકાશજ વિદ્યમાન રહે છે. પ્રલયકાળનું શેષ માત્ર શુન્યજ છે અને તેજ આ વિશ્વના કારણમાં ચિદાત્મારૂપ છે. ચિદાકાશના વિવર્ત રૂપ જગત એ મિથ્યા છે અને મિથ્યામાં

કોઇ પ્રકારની સત્તા રહેલી નથી. તેમજ તે સત્ય છે તેનો હે રામ કદી કાળે પણ નાશ નથી. મિથ્યા છે તે ભ્રાંતિરૂપ છે અસત્ય છે, નાશવાન છે, એટલે પ્રલયકાળે મિથ્યાવસ્તુ નાશ પામી સત્યવસ્તુજ રહે છે કે જે શુદ્ધ ચૈતન્ય છે તેટલા માટે દ્રશ્ય વસ્તુ નાશવાન અને મિથ્યા છે એમ સદગુરૂ અને સત્શાસ્ત્રોએ વિધાન કરેલું છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી જીવનને આદ્રશ્ય જગત ભ્રાંતિવાળુ અને મિથ્યા જણાય છે. જેમ સ્વપ્નુ જાગ્રત થયા પછી કયાંએ ચાલ્યું જાય છે તેવીજ રીતે જ્ઞાન થયા પછી આ અજ્ઞાનાત્મણુ રૂપ જગત અને તેમાં હેના સઘળા દ્રષ્ય પદાર્થો જીવના આંતર મનમાંથી ક્ષણમાં કયાં ચાલ્યાં જાય છે તે ખબર પડતી નથી. જ્યોર્તિમય સ્વરૂપ અવિનાશી ચિદાકાશ પોતાની સત્તાથી આ સઘળો વિર્વત રચે છે. ઉત્પન્ન કરે છે. કે જે દ્રષ્ય જગતરૂપે મનાય છે હે પરમ વિશ્નુ મૂર્તિ રઘુનાથ જેમ એકજ આપણા શરીરના અવયવો પરની ચામડીનો રંગ એક ઠેકાણે કાળો હોય છે તો એક ઠેકાણે ધોળો તેમાં હોય છે તેવી રીતે અવિનાશી બ્રહ્મ સ્વરૂપના ચિકાશનું શરીર પણ ઉત્પતિ અને લય એ બે ગુણનારૂપે રહેલું છે. હે રઘુકુલદીપક, આપણે પાણીમાં આપણું મ્હોં જોઈએ છીએ ત્યારે તેનાં પ્રતિબિંબ રૂપ આપણે બીજા આપણને જોઇએ છીએ. દર્પણમાં જોઇએ છીએ ત્યારે પણ આપણને અન્ય પ્રતિબીંબરૂપ આપણું શરીર જણાય છે પણ પાણી કે દર્પણ જયાં દુર થયું કે આપણે પાછા એકના એક થઇ જઇએ છીએ તેવીજ રીતે આચિદાકાશ રૂપ પરમાત્મા, જે અવિકારી અને અવિનાશી ગણાય છે તે સૃષ્ટિ અને પ્રલયના ગુણને ધારણ કરી અનંત આકારમાં વિસ્તારને પામે છે પણ મહાપ્રલય વખતે એટલે વિવર્તના નાશ કાલે નિત્ય મુક્ત અને નિસંગ એક સર્વત્ર સમાન પણે એકના એક તત્વરૂપેજ તે ચિતિચંદ્ર વ્યાપ્ત થઈ રહે છે. હે રામ તે સમ સર્વત્ર વ્યાપ્ત એવા અવિનાશી ચિદાકાશ સ્વરૂપ તે ચિતિ ચંદ્રનો અસ્ત કે ઉદય થતો જ નથી. તે તો અવિનાશી સ્વરૂપ

અર્થાત નાશથી કેવલ રહિત સ્વતંત્ર અને નિત્ય મુક્ત છે; ઉત્પતિ સમયે અને લયની વખતે એક સત્ ચિત અને આનંદ સ્વરૂપ તે ચિતિચંદ્ર ચિદાત્માજ અવિકારી રહેલા છે. અને સૃષ્ટિ તથા પ્રલય એ તેમના બે રૂપો છે. તેના વાસ્તવિક સ્વરૂપના જાણુ-નારાઓના અંતરમાં પરમ શાંતિ, અને સાત્વીક પણું નિવાસ કરી રહે છે અને વાસ્તવિક સ્વરૂપ નહિં જાણુનારા અત્યંત દુઃખી રહે છે, સત્ ચિદ અને આનંદ સ્વરૂપ ચિતિચંદ્ર પર-માત્મા સર્વદા સમસર્વત્ર હોવાથી તેમના ચૈતન્યતત્વ સિવાય અન્ય કોઈ ઠેકાણે કશું છે જ નહિં. હે રામ, તે ચિતિચંદ્ર રષિકેશ એવા છે કે છે અને નથી, સર્વ રૂપ છે તેમજ શુન્ય રૂપ પણ છે. ક્રિયા રૂપ છે તેમજ કાલરૂપ પણ છે, પંચતત્વરૂપ છે તેમજ ભાવ અભાવ રૂપ, શુભા શુભ અને પાપ પૂણ્ય રૂપ પણ છે, ઘટ, પટ, પર્વત તૃણુ, મેરૂ, તટ ઇત્યાદિ અનેક રૂપે પણ છે માટે ચિદાકાશ કે તેનું વિવર્તરૂપ આ દૃશ્ય જગત તેમનાથી યતકિં-ચિત પણ ભિન્ન નથી. તે આદી મધ્ય અને અંતથી રહિત છે અને તેજ ધ્યાતા અને તેજ ધ્યેય સ્વરૂપ છે. પ્રત્યેક ચૈતન્ય રૂપ હોવાથી પોતાના અનુભવ પ્રમાણે જગતના સ્વરૂપનો વેશ ધારણ કરી રહેલું છે. હે રામ માટે જે આપનું સમર્થ જયોતિર્મય ચૈતન્ય સ્વરૂપ આ દૃષ્ય સંસારમાં અને તેના પ્રત્યેક પદાર્થોના આકારમાં અતિમહાન વિસ્તારને પામેલું છે. બાકી તે સિવાય અન્ય કશુંજ નથી. એક માત્ર અવિનાશી ચિદાકાશ જે સત્ ચિદ અને આનંદ સ્વરૂપ પરમાત્મા ચિતિચંદ્ર પોતે છે અને તે ચિદાકાશનો જગરૂપ આ વિર્વત માત્ર બ્રહ્મ વિલાસ છે એમ નિશ્ચે કરીને જાણજો ? હે ભગવાન રામચંદ્ર રઘુકુલ મણિ, હવે આપ આપની મેળે તે ચિતિચંદ્રના સ્વરૂપનો વિચાર કરી ધીરે ધીરે છેક હૃદયના ઉંડાણુમાં ઉતરી ત્યાં બીરાજી રહેલા સત્ ચિદ અને આનંદ સ્વરૂપ ચિતિચંદ્ર રષિકેશના દર્શન કરો ? પશ્ચાત ખાત્રી કરી મને કહો કે તે જયોતિર્મય અંતરયામી ચિતિચંદ્ર

નો આપના નેત્રોને સ્પર્શ થયા પછી આપના ચિત્તમાં કેટલી શાંતિ, કેટલી નિર્ભયતા કેટલી નિરામયતા, પ્રકટે છે. " આ સાંભળી ભગવાન રામચંદ્રજીએ આસન વાળી તરત મનને, તમામ અંતર બહિર ઇંદ્રિયોને તથા કરણોને અંતરમાં ઉંડા ઉતારી જોયું તો સત્વર હૃદય કમલમાં બીરાજી રહેલા તે ચિતિચંદ્ર હૃષિકેશના દર્શન થયાં જેથી અતિ પ્રસન્નથઇ શ્રીમદ રામચંદ્રજીએ વાલ્મિક રૂષિને પોતાના અંતરની હકીકત [1]પદ્યમાં કહી પોતાના મનનું સમાધાન કર્યું.

પદ.

૧રાખ્યું ચિત્ત મેં તો કંઇક કાળ થકી, ચિતિચંદ્ર માગ માંહી પ્રેમ ધરી.
જડયો આખર શોધતાં ઉર વિષે, જોયું જ્યારે ધ્યાને મેં ઉંડે ઉતરી,
ન તો કોઇની મેં દરકાર રાખી ત્યાં, એક શ્રી ઇષ્ટ ગુરૂને સ્મરી;
ગણ્યું જગતનું સુખના લેશ મેં ત્યાં, તવ બાજી તો મારી ગઇ સુધરી,
રતિ એકના ચિત્ત જવા મેં દીધું, કર્યું દૃશ્ય પ્રપંચને માયામાંહી;
નિરખ્યું તવ ચારૂએ ચંદ્ર ચિતિ, મુજરૂપ મેં ખુબ પ્રસન્ન થઇ;
વાધ્યું જ્ઞાન પછી અદ્‌ભુત ઉરે, હતું જેહ તિમીર તે સહેજે ટળ્યું.
સાધી રાહ ચિતિચંદ્ર સ્પર્શ તણી, રાખી ત્યારે મેં માહરૂં રૂપ કળ્યું,
કંઇક કાળથી વાટ હું જોઇ રહ્યો, હતો શ્રીહૃષિકેશની ઝાંખી થવા.
વિનતિ પછી નમ્ર ધરી ઉર તેમણું, જ્યારે રહ્યા બાકી પ્રાણ જવા,
ભ્રાંતિ સત્વર ભાગી ગઇ પછી માહરી, લાગ્યું ન હું ભવજાળને કુંડે,
મને આપી અભયવર એમ વદ્યા, 'ચિતિચંદ્ર પ્રદેશે તું આવ્યો ઉંડે,
રાખ નિર્ભયતાને પ્રસન્નતા સર્વદા, મારો છું તું એવો વર ત્યાં દીધો,
વળી શ્રી ગુરૂ ઇષ્ટ ઉપેંદ્રરૂપે, આવી તુર્ત મને ઉછરંગે લીધો,
મારા ઇષ્ટ વિના ચિતિચંદ્ર તણારૂપ, અન્ય કદી ના ગમેજ મને,
ધરી તે વિનતી મુજ તેમણે ત્યાં પછી, નરહરિરૂપ બતાવ્યું મને,
વળી વારેવારે કરૂં દર્શ છતાં પણ, તૃપ્ત થઇ મુજ વૃત્તિ નહીં,
લાવી રહેમ પછી ચિતિચંદ્રે કહ્યું, તુજ ઇષ્ટને હું નવ ભિન્ન કંઇ;
લહી ઇષ્ટ અને મને એક સદા, જો ભજીશ તો ભાઇ તરીશ નકી,
સ્પર્શ આજે થયો તને માહરો જેથી, ન ભ્રાંતિની છે જે તારામાં વકી.
કાન્ત શોધતાં કલાન્ત થયો પણ, ધૈર્ય ધરી મુજ પાસ જે આવી ગયો,

વર્ચસ્તમા કહે છે " હે પ્રહર્ષ, હવે જઈ નિદ્રાને પ્રાપ્ત થા કારણ કે તારે કાલે પ્રાતઃકાળમાં ગૃહી થવા માટે સ્વદેશ જવાનું છે. હે વત્સ તુ પણ રામચંદ્રજીની પેઠે તારા ચિતિસ્વરૂપ નો તને પ્રાપ્ત થયેલા જ્ઞાન વડે વીચાર કરીશ અને હૃદયમાં ચિતિદર્શન કરવાની અનન્ય પ્રેમભાવથી ઉંડા ઉતરી ઇચ્છા કરીશ તો તે ચિતિચંદ્રનો તારા અંતરમાં તું પણ સદ્પ્રયત્ને સાક્ષાત્કાર કરવા સમર્થ થઇ શકીશ એ નિશ્ચય કરીને માનજે." આ વચનો શ્રવણ કરી ગુરૂ આજ્ઞાનુસાર પ્રહર્ષ વ્હેલો જઇ નિદ્રાવશ થયો. સર્વ શિષ્ય અને મુનિ પણ નિદ્રાવશ થયા. રાત્રિના ત્રણ વાગ્યા એટલે મુનિ જાગ્રત થયા અને પ્રહર્ષ પણ જાગ્યો. પ્રહર્ષ મળશૌચ, સ્નાન સંધ્યા ગુરૂપૂજન ઇત્યાદિથી પરવાર્યો એટલે મુનિ પાસે આવી વિવેક પૂર્વક બેસી અતિ નમ્ર વાણીથી નિચે પ્રમાણે કહેવા લાગ્યો કે " હે સદગુરો આ પચીસ વર્ષની વય પર્યંત આપને ત્યાં રહી પરિશીલન પુર્વક વિદ્યા મેં સંપાદન કરી; અને તેમાં આપશ્રીના મુખેથી જાણવા યોગ્ય સદુપદેશને શ્રવણ કરવાથી અજ્ઞાનનો મારામાંથી નાશ થયો છે. હે ભગવાન્ જેમ રંગભૂમિ ઉપર વેશ ભજવનાર પાત્રની સર્વ ક્રિયાઓ રોશનીના પ્રકાશથી અવિચ્છિન્ન ચાલ્યા કરે છે તેવીજ રીતે આ સત્ ચિદ આનંદ સ્વરૂપ ચિતિચંદ્ર પરમાત્માના સંપુર્ણ શુદ્ધ અને સ્વચ્છ પ્રકાશથી આ જગત અને તેના જીવોની કૃતિ ગતિ, લૌકિક અને પરમાર્થિક ક્રિયાઓ એક તંત્રની માફક ચાલ્યા કરે છે. માટીમાંથી, કુંભ, માટલાં, રમકડાં ઇત્યાદિ અનેક વસ્તુઓ બને છે. સુવર્ણમાંથી અનેક દાગીના બને છે અને સમુદ્રમાંથી જેમ અનેક વિચિત્ર આકૃતિ વાળા તરંગો ઉત્પન્ન થાય છે છતાં જેમ અંતે માટી, સુવર્ણ અને જળ તેનું તેજ છે તેવીજ રીતે આ જગત, માયા, રૂપ ત્રણ ગુણ, ક્રીયા, કારણ,

---

લે તો ભેટું હું તુજને પ્રેમધરી, હવે આજથી જગ્તમાં મારો થયો.
ખરે ખાત તું જેને તો દુર્લભ જાણુતો, તેને સેહેજે તુજ પાસતું જો ?
કર્યે કોટિ ઉપાય જે પ્રાપ્ત ન થાય, તેને કરિ પ્રાપ્ત તું ભ્રાંતિને ખો" ?

ક્રિયમાણ, ભાવ અભાવ, ઇત્યાદિ સર્વ જોવામાં ભ્રાંતિરૂપ છે પણ પરિણામે તે એનું એ જ્યોતિર્મય શુદ્ધ સાત્વીક ચિતિચંદ્રનું ચૈતન્ય સિવાય અન્ય કશુંજ નથી; અર્થાત એ બધાં બ્રહ્મસ્વરૂપ છે. અને તે બ્રહ્મસ્વરૂપ પોતાનામાં સમ સર્વત્ર સંપુર્ણ રીતે રહેલું છે એમ હવે મારા અંતરમાં સ્પષ્ટ રીતે સિદ્ધ થયું છે. હે ગુરો, જાણવા લાયક સર્વ મારો ધર્મ આપશ્રીના મુખેથી આપશ્રીની કૃપાથી જાણ્યો છે જેથી હવે આ જીવન આનંદમાંજ વ્યતિત થશે એવો મને પુર્ણ વિશ્વાસ છે. હે ગુરો હું આપની કૃપાથી પરિશીલન કરી કૃતાર્થ થયો છું. હું અધમ શીષ્ય આપ સમર્થ ગુરૂના ઉપકારનો બદલો કીયે પ્રકારે વાળી શકું એમ છું. હે સદગુરૂ, આ મન વાણી અને કાયાથી મારી પચીસ વર્ષની વય પર્યંત આત્મનિવેદન સેવા કરી સર્વ વિદ્યાની પ્રાપ્તિ કરી છે તે વિદ્યા વ્યહવાર અને પરમાર્થના સાધન ભુત નીવડી મારા પુરૂષાર્થને સિદ્ધ કરે એજ અંતિમ પ્રાર્થના કરૂં છું. હે ગુરૂ મારી સર્વ શંકાઓ દુર થઇ છે. હવે હું મને અને આ સર્વ જગતને પરમાનંદ સ્વરૂપ જોઉં છુ, અનેજે ઉત્પતિ સ્થિતિ તથા લયના હેતુ છે તેના વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા, ચતુર્વિધ પુરૂષાર્થને સાધી આપ સદગુરૂની આજ્ઞાનુસાર હવે સંસારમાં પ્રવેશ કરૂં છું. માટે સર્વત્ર સ્થળે સર્વકાળે નિર્ભયતાથી વહન કરાવનાર અને સર્વ કાર્યોને સધાવનાર આપ શ્રી પોતે સમર્થ છો એટલે પ્રસન્ન ચિત્તે આપની આજ્ઞાનું યથાવિધિ પાલન કરવામાં કોઇ વિઘ્ન નડવાનો સંભવ નથી. પણ એક બાબત ખુલાસા અર્થે પુછવાની સ્મરણમાં આવવાથી નમ્રતા પુર્વક નિવેદન કરૂં છું કે આપે જે કહ્યું કે 'ષટ્ સંપતિઓ તારી સ્ત્રી રૂપે થશે અર્થાત શું મારે છપત્નિઓ થશે ? એ બાબતની શંકાનું સમાધાન કરવા કૃપા કરો ? મુનિ વર્ચસૂતમા, જેઓ પરમયોગિ અને તત્વવિદ્વરિષ્ઠ જેને સાક્ષાત્કાર થયો છે તેવા સિદ્ધ મહાત્મા હતા તેમણે પોતાના યોગ બલવડે અંતર લક્ષથી પ્રહર્ષનું ભવિષ્ય જાણી લેઇ પશ્ચાત તેની મેળેજ અનુભવથી અને સમય આવે જાણવા ઉપર તે વાતને રાખી, હમણાં તેનું ભવિષ્ય તેને નહિં જણાવવાનો નિશ્ચય કરી,

કેટલીક જણાવા લાયક ઉપર ઉપરની બાબતો નીચે પ્રમાણે તેને કહેવા લાગ્યા.

મુનિ વર્ચસતમા કહે છે “ હે પ્રહર્ષ હા તને છઓ પ્રાપ્ત થશે તેમાં બે મરણ પામશે અને ચાર હયાત રહેશે એમ તારા ગ્રહો જોતાં જણાય છે. તે ચારેનું તું સંપુર્ણ રીતે પાલન કરીશ તેટલી તને સમૃદ્ધિ મળવી પણ સંભવે છે. ગૃહીમાંથી અયોગ્ય વયે તું વની થઇશ પણ ચોથી એક સ્ત્રી આવી તને સમજાવી પાછો લાવશે; પશ્ચાત કેટલોક સમય વ્યતિત થતાં અને યોગ્ય સમય આવતાં એ ચારેનો ત્યાગ કરી તું વની થઇ જઇશ અને પછી વનિનો ધર્મ યથાવિધિ પાળી તે આશ્રમને સિદ્ધ કરી ત્યાગાશ્રમને ગૃહણ કરીશ. તે વખતે તારી પાસે એક પત્નિ રહેશે અને હું તને પાછો મળી તે આશ્રમને સિદ્ધ કરાવા રૂપ ઉપાયોમાં યોજીશ, પશ્ચાત એ ક્રમપૂર્વક તને મોક્ષ પ્રાપ્ત થશે. હે તાત તારૂં જીવન સુખમાં જશે હે વત્સ, તને તારી બાર વર્ષની વયે તારા માત પિતા મારી પાસે સર્વ શાસ્ત્ર સંપન્ન કરવા અર્થે મુકી ગયાં હતાં અને તેમણે મને ખાસ ભલામણ કરી હતી કે ” મહારાજ મનુસ્મૃતિમાં કહ્યું છે કે **प्रतिवेदं ब्रह्मचर्यं द्वादशाब्दानि** તે નિયમાનુસાર બારવર્ષ વેદાધ્યયન કરાવો અને તેની પચીસ વર્ષની વયે અમે હયાત હઇએ કિંવા ન હઇએ તોપણ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી ચતુર્થાશ્રમ સિદ્ધ કરી ઉભય કુલને તારે તેવો સમર્થ બનાવી મોકલજો. અને સર્વ ગુણ સંપન્ન બનાવજો ? “ મેં કહ્યું ‘ હા ’ અને તેપ્રમાણે તેટલો કાળ તને યથાવિધિ સર્વ વિદ્યા સંપન્ન કરાવી પારંગત કર્યા બાદ મારી અને તારા માતપિતાની ઇચ્છાનુસાર સંસારમાં પ્રવેશ કરવા અર્થે હવે આજ્ઞા કરૂં છું. તારી જન્મ ભુમિની તને ખબર નથી પણ મને છે. તારાં માતપિતાકે કોઇ હયાત નહીં હોય, માટે તારે એકલાએ સર્વ પુરૂષાર્થ કરવાનો છે. તારી વતન ભુમિ મંદરાચળ પર્વત સમીપ આવેલા મંદાર વનની નજીક વસેલા શ્રીનગરમાં છે. ત્યાં જઇ પ્રથમ તો તારા

માત પિતાનુઘર કયાં છે તેનો તપાસ કર અને તેનું અસ્તિત્વ હોય અને તને નિવાસ કરવામાં તે શ્રીનગરના રાજ્ય તરફથી વિઘ્ન સરખું ન જણાયતો, તેમાં નિવાસ કરી ન્યાતજાતના પ્રાપ્ત વ્યહવાર કરી સુખીથા અને તારા માતપિતાનું ઘર ન હોય તો અન્ય સગાં સહોદરને ત્યાં તેમને ભાર રૂપ નહીં થતાં નિવાસ કરી તારી વિદ્યાદ્વારા દ્રવ્યાદિ પ્રાપ્ત કર, અને પશ્ચાત તેમાંથી સર્વ ઘરબાર અને સ્ત્રી ઈત્યાદિ તને પ્રાપ્ત થશે. તે શ્રીનગરનો રાજા ધર્મિષ્ઠ અને વિદ્વાનોનો સ્વીકાર કરી તેમનું રૂડી રીતે પાલન કરનારો છે અને તેથી તારી વિદ્યાનું રૂડી રીતે ત્યાં સન્માન થશે અને દ્રવ્યાદિક પ્રાપ્ત થવાનો યત્ કિંચિત પણ વિલંબ લાગશે નહિં. પણ હે પ્રહર્ષ, તારે પ્રાપ્ત પુરૂષાર્થ કરી એ બધું કરવું પડશે એ નિઃસંશય છે. માટે આ સંસાર રૂપિ રંગ ભુમિ ઉપર સંસારિનો વેશ લીધા પછી તે વેશ પુરે પુરો ભજવવો એજ વેશ ધારણ કરનારનું કર્ત્તવ્ય છે. તે અંર્થે તને એકાદ ટુંકું વ્યહવારિક દ્રષ્ટાંત આ સ્થળે આપી સમજાવું તે પ્રતિ લક્ષ આપજે ?

હે પ્રહર્ષ, એક નગરને વીશે એક શુચિદેવ નામનો બ્રાહ્મણ નિવાસ કરતો હતો. તે સર્વશાસ્ત્ર, તથા યંત્ર તંત્ર અને મંત્ર વિદ્યાનો પણ જાણ હતો. તે સિવાય તેણે ચિત્રકળા સંગીત અને સાહિત્ય ઇત્યાદિ પણ સંપુર્ણ રીતે સિદ્ધ કર્યાં હતાં. વેદશાસ્ત્રનો પણ તેણે સારી રીતે અભ્યાસ કર્યો હતો. આવો સર્વ વિદ્યા ગુણ જાણ અને મહાન વિદ્વાન ચર્તુવેદ સંપન્ન છતાં તે અત્યંત દરિદ્રાવસ્થામાં ગૃહસ્થાશ્રમને ભોગવતો હતો. જાતે વિચિક્ષણ છતાં આલસ્ય પ્રમાદને સેવી ઘરમાંને ઘરમાં નિરંતર આખો દીવસ પડી રહેતો. દીવસનો ઘણો ખરો ભાગ નિત્ય કર્મમાં, પઠન પાઠનમાં, અનેક ચિત્ર વિચિત્ર કૃતિઓ કરવામાં ગાળતો, અને નિરૂદ્યમિ બની ઘરમાંજ રાંડીરાંડની પેઠે બેસી રેહેતો. તેની સ્ત્રી દરરોજ તેને ઠપકો આપતી અને સ્ત્રીઓના કુદરતી સ્વભાવ પ્રમાણે તેને મ્હેણાં ટુણાં માર્યા કરતી

હતી. પણ આ શુચિદેવ મહારાજ ભિંત આગળ ભાગવત જેવું માની સર્વ તેની વાતો હસિકાઢતા અને પોતાનું કરતા હોય તે કર્યે જતા હતા. આ પ્રમાણે કેટલોક વખત દરિદ્રાવસ્થામાં ગુજાર્યા પછી એક દીવસના સમાયોગે તેની સ્ત્રી તેને કહેવા લાગી કે " હે સ્વામી કોઇ યુક્તિથી આપણા નગરના રાજા પાસે જઇ તમારી ચાતુર્યતા, વિદ્વતા ઇત્યાદિ સર્વ ચમત્કારિક વિદ્યા તેને બતાવી દ્રવ્ય ઉપારજીત કરવા જેટલે પુરૂષાર્થ કરો તો પછી પ્રારબ્ધમાં હશે તેમ થશે. કંઇ બે હાથ જોડી આમને આમ આખી ઉમર ઘરમાં બેસી રહીને ગાળવાથી પ્રારબ્ધ પગ કરી તમને આધણમાં ઓરવા જેટલુંએ અનાજ આપી જવાનું નથી. માટે હે પતિ જરા પાછું વાળી જુઓ અને પુરૂષાર્થ કરવા તત્પર થાઓ. ઇશ્વરપણ ધૈર્ય રાખી ઉત્સાહ પુર્વક પુરૂષાર્થ કરનારને મદદ કરે છે. માટે સમજો અને કંઇ કરો " ? આ પ્રકારની સહજ વિનય યુક્ત વાણી શ્રવણ કરી પેલા શુચિદેવે કહ્યું "જા તારે હું આજથી કોઇની કોઇ યુકિત ઓ કરતો રહીશ. પછી પ્રારબ્ધમાં હશે તેટલું દ્રવ્ય પ્રાપ્ત થશે." આ પ્રમાણે કહી તે દીવસે રાતપડી એટલે શુચિદેવે તો સાક્ષાત શંકરનો વેશ લીધો. એક મદારી પાસે જઇને દાંત પાડી નાંખેલા સર્પોલાવી ગળે અને હાથે લપેટી દીધા, એક નાગા બાબાને મઠ હતો ત્યાંથી મોટી બીંડીની ઠેઠ પગની એડીએ પોહોચે તેવી જટા લઇ મસ્તક ઉપર સર્પાકારમાં પણ લપેટી દીધી. હાથમાં ખપ્પર ડમરૂ ત્રિશુલ ઇત્યાદિ પણ ધારણ કરી દીધાં અને એક માત્ર લંગોટી રાખી સ્મશાનમાં જઇ શબની પડેલી ભસ્મ આખા શરીરે લગાવી દઇ એક વટવૃક્ષતળે પદ્માસનવાળી સમાધિ લગાવી બેસી ગયા. શુચિદેવ શરિરે જરા ગૌરવર્ણના હતા અને શંકરનો વેશ ધારણ કર્યો હતો જેથી તમામ શંકર ભગવાન જેવીજ મુખમુદ્રા અને કૃતિં કરવા લાગ્યા. સ્મશાનમાં જે કોઇ આવતું તે તેમને કોઇ મહાન સિદ્ધ મહાત્મા છે એમ વિચાર કરતું અને પછી જ્યારે તેમના ગળામાં પેલા સર્પો દેખા-

તા ત્યારે તો સાક્ષાત શંકર આવીને સ્મશાનમાં રહ્યા છે તેમ માનતું; આમ કરતે કરતે આખા નગરમાં અને ઠેઠ રાજા સુધી વાત જઇ પોહોચી કે આપણા નગર બહાર સ્મશાનભુમિમાં સાક્ષાત શંકર ભગવાને આવી સમાધી લગાવી છે. આ વાત કાને પડતાં લોકોના ટોળે ટોળાં દર્શન કરવા આવવા લાગ્યાં અને તે નગરનો રાજા સુદ્ધાં પણ આવી તેમને બે હાથે નમસ્કાર કરી નમૃતાથી કહેવા લાગ્યો કે "મહારાજ મારા રાજ મેહેલમાં પધારી તેને પાવન કરો અને સ્ત્રી વર્ગને પણ દર્શન આપો ? ઓહો અમારાં ભાગ્ય ક્યાંથી કે આપ સાક્ષાત આ ભુમિમાં પધાર્યા." રાજાએ આ પ્રમાણે કહેવા છતાં શંકરનો પુર્ણ વેશ ધારણ કરેલો છે એવો શુચિદેવ કેટલીક વાર તો મૌન્ય રહ્યા અને પશ્ચાત જાણે સમાધીમાંથી જાગ્રત થયો હોય એવો ડોળ કરી તેને કહેવા લાગ્યો 'હે રાજા, હું શંકર એક માત્ર ભસ્મનો જ સ્વીકાર કરૂં છું. તારા રાજ મહાલય અને વૈભવો મારે નકામા છે. માટે અમે યોગિલોકો એવી દુનિયાની ઉપાધિમાં પડતા નથી. જો તારી રાણીઓને દર્શન કરવાં હોય તો આ સ્થળે મોકલ નહિંતો હું આસન છોડી કંઇપણ આવી શકીશ નહિં. માટે જો હવે મને લેઇ જવાનો દુરાગ્રહ કરીશ તો શાપને આધીન થઇશ." આ સાંભળી રાજા તો ફુલ પુલ હીરા રત્ન માણેક સુવર્ણ ઈત્યાદિ નજરાણા તરીકે તે શંકર આગળ મુકી ચાલતો થયો અને મહેલે જઇ રાણીઓને પણ દર્શન કરવા અર્થે મ્યાનામાં બેસાડી મોકલી દીધી. રાણીઓ પણ આવીને દર્શન કરી અનેક દ્રવ્યાદિની ભેટ મુકી ચાલતી થઇ; રાણીઓ સાક્ષાત શંકર સમજી દર્શનથી કૃતાર્થ થએલી પોતાનેમાની પ્રસન્ન ચિત્તે પાછી આવી રાજા આગળ તે શંકરના વખાણ કરવા લાગી. રાજા પણ અતિ પ્રસન્ન થયો હતો. જ્યાં પાછી રાત્રિ પડી એટલે શુચિદેવે વિચાર કર્યો કે વેશતો બરાબર ભજવાયો અને દ્રવ્ય પણ અનર્ગળ પ્રાપ્ત થયું માટે હવે આ સર્વ લેઇ ઘેર ચાલ્યા જવું નહિંતો રાજ્યનું માણસ મને ઓળખશે

અને જાણુશે કે શુચિદેવે આ શંકરનો વેશ દ્રવ્ય ઉપાર્જીત કરવા અર્થે લીધો હતો તો રાજાને જાહેર કરશે અને તેથી રાજા શીક્ષા કરશે." આવો વિચાર કરી શુચિદેવ તો પેલા દ્રવ્યનો મોટો ગાંઠડો બાંધી ઘેર આવ્યો અને તેની સ્ત્રી આગળ તે મુકી દીધો. સ્ત્રી તો અત્યંત ખુશી થઇ અને કહેવા લાગી કે 'હે સ્વામિન્ જુઓ તમે વેશ બરાબર ભજવ્યો તો આ અનર્ગળ દ્રવ્ય પ્રાપ્ત થયું અને આપણું દળદર ગયું માટે જે વેશ લેવો તે બરાબર ભજવવાથી કાંઇ પણ લાભ થાય. બીજે દીવસે સ્મશાનમાં કોઇએ શંકર ન દીઠા અને તેથી વાત ચાલી કે શંકરતો અલોપ થઇ ગયા. એમ કરતે કેટલાક દીવસ વિત્યા પછી રાજાને ખબર પડી કે આ શુચિદેવ આટલો બધો દરિદ્રિ હતો અને એકદમ એકાએક આટલો બધો ધનાઢય શી રીતે થઇ ગયો માટે લાવ તેને તેનું કારણ પુછી જોઉં; રાજાએ શુચિદેવને બોલાવ્યો અને કારણ પુછ્યું. શુચિદેવ પવિત્ર અને સત્ય બોલવાના અભ્યાસ વાળો હતો જેથી રાજાની ક્ષમા માગી તેણે સર્વ હકીગત કહી. રાજા તેની ચાતુર્યતા અને લીધેલો વેશ બરાબર ભજવેલો જોઈ અતિ પ્રસન્ન થયો, અને તેથી તેને એક હજાર મોહોરોનો દરમાયો બાંધી આપી રાજ્ય પંડીતત રીકે તેને પોતાની પાસે રાખ્યો અને પરિણામે સુખી થયો.

મુનિ વર્ચસ્તમા કહે છે, "હે પ્રહર્ષ માટે આદ્દષ્ટાંતનું તાત્પર્ય એટલુંજ છે કે જે વેશ લેવો તે સંપુર્ણ રીતે ભજવવામાં આવે તોજ તેમાંથી પરિણામે શુભ ફલ પ્રાપ્ત થાય છે." આ સાંભળી પ્રહર્ષ અત્યંત પ્રસન્ન થઇ કહેવા લાગ્યો "હે ભગવાન, આપની આજ્ઞા અનુસાર હું પણ આજથી સંસારીનો વેશ લઇશ અને તેને યથાર્થ રીતે ભજવીશ. પણ હે સદ્ગુરો, આપે જે કહ્યું 'કે મને યોગાનુયોગે છસ્રી પ્રાપ્ત થશે, તેમાંથી બે મરણ પામશે અને ચાર રહેશે અને તે છએ ષટસંપતિ રૂપ હોવાથી મને ષટસંપતિ તેઓ પ્રાપ્ત કરાવશે તે શું તેમને કૃપા કરીને સમજાવો ?" વર્ચસ્તમા મુનિ બોલ્યા "હે વત્સ, એ

ષટ્સંપતિરૂપ છ સ્ત્રિઓમાંથી જે ચાર સ્ત્રીઓ રેહેશે તેઓ સિદ્ધિઓના સ્વરૂપ હોવાથી તને સિદ્ધિઓ પ્રાપ્ત કરાવશે અને તેઓને તું અનાયાસે તથા ઘણી અજાયબરીતે પ્રાપ્ત કરીશ. એ ચાર પૈકીની પ્રથમ રત્નમાલા નામની સિદ્ધિ પ્રાપ્ત થશે કે જેના મુખમાંથી પ્રત્યેક શબ્દનો ઘોષ થતી વખતે રત્ન ખરશે, અને તેથી તું લક્ષ્મીવાન બનીશ. બીજી સિદ્ધિરૂપ સ્ત્રિ પુષ્પમાલા નામે તને પ્રાપ્ત થશે કે જેના મુખમાંથી પ્રત્યેક શબ્દનો ઉચ્ચાર થતાં પુષ્પો ખરશે જેથી તું સુવાસિત પુષ્પોની શૈયામાં ઉંઘીશ અને અનેક સુખોને ભોગવીશ. ત્રીજી સિદ્ધિરૂપ સ્ત્રિ દીવ્યમાલા નામની તને પ્રાપ્ત થશે કે જેથી તું દીવ્યવર્ચસ્‌ને પ્રાપ્ત કરી, દીવ્ય કર્મોને કરી ઉત્તમ યશને મેળવીશ. અને ચોથી સિદ્ધિરૂપ સ્ત્રી યોગમાલા નામની તને વરશે કે જે તને અષ્ટાંગયોગ સિદ્ધ કરાવવામાં સહાય કરશે અને તે ઠેઠ તારી મોક્ષ પ્રાપ્તિ સુધી સાથે રહી પ્રાપ્ત વિહિત કર્મધર્મનું તથા વર્ણાશ્રમનું રૂડીરીતે પાલન કરશે. એ યોગમાલા સિદ્ધિના બલવડેકરીને તથા તારા કષ્ટ સાધ્ય તપવડેકરીને તું પરિણામે પરમાત્માનો સાક્ષાત્કાર કરી જીવનમુક્તિના સુખને અનુભવીશ. એ પ્રમાણે ચારે સિદ્ધિઓરૂપ ચાર સ્ત્રિદ્વારા તું ચતુર્વિધપુરૂષાર્થને સિદ્ધ કરી અંતે જન્મમરણના બંધનથી મુક્તથઈ આ ભવસેતુને તરી જઇશ એ નિઃસંશય જાણજે. હે વત્સ, માટે તું તારા સર્વ ધર્મકર્મની સિદ્ધિઅર્થે તારે સ્વદેશજવાને હવે તૈયાર થા ? હું તને ભવિષ્યમાં તારા ગૃહસ્થાશ્રમમાં તથા અન્યઆશ્રમોમાં પ્રસંગાવશાત્ મળીશ; માટે હવે તું તારે સ્વદેશ જઈ ગૃહી થઇ સર્વ પ્રાપ્તકર્મોને કરી સુખી થા, એજ મારી તને અંતરની આશીશ છે. ” આટલું કહી મુનીએ પ્રહર્ષને તેના પ્રયાણ સમયે શ્રીફળ આપી અભયવરદાનનો માથે કર મુકયો, એટલે પ્રહર્ષે ગુરૂઆજ્ઞાનુસાર ગૃહી થવાઅર્થે પોતાના સ્વદેશતરફ સપ્રેમ સાષ્ટાંગ કરી વિદાયગીરી લીધી. મુનિ વર્ચસ્‌તમા શિષ્યવર્ગસહિત થોડે સુધી તેને વળાવી પાછા આવીપોતાના કર્તવ્યમાં પ્રવૃત થયા.

મારા પ્રિય મુમુક્ષુ વાંચકવૃંદ, આ **સ્પર્શકાન્તના ધર્મ** નામના પ્રથમ ધ્વનિરૂપ પેહેલા ગ્રંથની અહીંથીજ પુર્ણાહુતિ થાય છે, માટે તેમાં ભુલચુક થએલી આપની દૃષ્ટિએ પડેતો, આ મારો પ્રથમ પ્રયાસ સમજી ક્ષમા આપશો. હવે પ્રહર્ષે સ્વદેશ જઇ કેવીરીતે સંસારમાં પ્રવેશ કર્યો, તથા તે છ સિદ્ધિરૂપ છએ સ્ત્રીઓ તેને અનાયાસે કેવીરીતે પ્રાપ્ત થઇ, તથા તેણે સંસારીની સ્થિતિમાં અનેક આવીપડતાં સુખદુખને ભોગવી પોતાનો ધર્મ પાળી, પોતાનો પરમ જીવનનો હેતુ જે પોતાનો અર્થ, તેનેકેવી રીતે સિદ્ધ કર્યો, તે હકીગત હવે પછીના સ્પર્શકાન્તના **અર્થ** નામના દ્વિતિય ધ્વનિરૂપ બીજા ગ્રંથમાં પ્રકટ કરવામાં આવશે. ત્યાર બાદ **કામ** નામનો સ્પર્શકાન્તનો તૃતિય ધ્વનિરૂપ ત્રીજો ગ્રંથ, પ્રહર્ષના ત્યાગાશ્રમની તથા વાસનાત્યાગની હકીગત પ્રગટ કરી છેવટે **મોક્ષ** નામનો સ્પર્શકાન્તનો ચતુર્થ ધ્વનિરૂપ ચોથો ગ્રંથ, સદગુરૂકૃપાથી પ્રહર્ષેકેવી રીતે અને કેવા ઉપાયે મુકિત પ્રાપ્ત કરી તે હકીગતને પ્રગટ કરશે; માટે આ પ્રથમ ગ્રંથની અત્રેજ સમાપ્તિ કરી, તમારી હવે પછી અંતરજીજ્ઞાસા જાગ્રત થએથી તે બીજો ગ્રંથ પ્રકટ કરવા આગળ ઉપર પ્રવૃતિ સેવીશ, માટે હમણાં આટલાથીજ સંતોષ પામી પ્રસન્ન થજો. **શાંતિ શાંતિ શાંતિ.**

(અપૂર્ણ.)

अनन्याश्चिंतयतोमाम् येजनापर्युपासते
तेषांनित्याभि युक्तानाम् योगक्षेमवहाम्यहम्

(श्री. भ गी.)